Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૫)

(ગાથા-૩૬૬ થી ૩૮૯, શ્લોક-૨૧૬ થી ૨૩૦,
પ્રવચન-૪૨૦ થી ૪૪૭)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

| | | |
|---|---|---|
| વિક્રમ સંવંત ૨૦૭૪ | વીર સંવંત ૨૫૪૪ | ઈ. સન ૨૦૧૮ |

**પ્રકાશન**

**શ્રાવણ વદ ૨, તા.૨૮-૮-૨૦૧૮, મંગળવાર**

**પૂજ્ય બહેનશ્રીની ૧૦૫મી જન્મજયંતિ**

**પ્રાપ્તિ સ્થાન**

**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**

**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org





ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર

આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૫ પૂજ્ય બહેનશ્રીના જન્મજયંતિ દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૨૦ | ૦૮-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૧૬-૨૧૭ | ૦૦૧ |
| ૪૨૧ | ૦૯-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૧૭, ગાથા-૩૬૬ થી ૩૭૧ | ૦૧૮ |
| ૪૨૨ | ૧૦-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૧૮, ગાથા-૩૬૬ થી ૩૭૧ | ૦૩૩ |
| ૪૨૩ | ૧૧-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૧૮-૨૧૯, ગાથા-૩૭૨ | ૦૪૮ |
| ૪૨૪ | ૧૨-૧૨-૧૯૬૭ | ગાથા-૩૭૨ | ૦૬૪ |
| ૪૨૫ | ૧૩-૧૨-૧૯૬૭ | ગાથા-૩૭૨ | ૦૮૨ |
| ૪૨૬ | ૧૪-૧૨-૧૯૬૭ | ગાથા-૩૭૨ | ૦૯૯ |
| ૪૨૭ | ૧૫-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૦-૨૨૧, ગાથા-૩૭૨ | ૧૧૬ |
| ૪૨૮ | ૧૬-૧૨-૧૯૬૭ | ગાથા-૩૭૩ થી ૩૮૨ | ૧૩૫ |
| ૪૨૯ | ૧૭-૧૨-૧૯૬૭ | ગાથા-૩૭૩ થી ૩૮૨ | ૧૫૨ |
| ૪૩૦ | ૧૮-૧૨-૧૯૬૭ | ગાથા-૩૭૩ થી ૩૮૨ | ૧૭૦ |
| ૪૩૧ | ૧૯-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૨-૨૨૩ | ૧૮૭ |
| ૪૩૨ | ૨૦-૧૨-૧૯૬૭ | ગાથા-૩૮૩ થી ૩૮૬ | ૨૦૩ |
| ૪૩૩ | ૨૧-૧૨-૧૯૬૭ | ગાથા-૩૮૩ થી ૩૮૬ | ૨૧૯ |
| ૪૩૪ | ૨૨-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૪, ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૨૩૪ |
| ૪૩૫ | ૨૩-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૫, ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૨૪૯ |
| ૪૩૬ | ૨૪-૧૨-૧૯૬૭ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૨૬૪ |
| ૪૩૭ | ૨૫-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૫-૨૨૬,ગાથા-૩૮૭થી૩૮૯ | ૨૮૩ |
| ૪૩૮ | ૨૬-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૭ | ૨૯૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૩૯ | ૨૭-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૨૮-૨૨૯ | ૩૧૭ |
| ૪૪૦ | ૨૯-૧૨-૧૯૬૭ | શ્લોક-૨૩૦ | ૩૩૪ |
| ૪૪૧ | ૩૦-૧૨-૧૯૬૭ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૩૪૭ |
| ૪૪૨ | ૩૧-૧૨-૧૯૬૭ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૩૬૧ |
| ૪૪૩ | ૦૧-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૩૭૬ |
| ૪૪૪ | ૦૨-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૩૯૧ |
| ૪૪૫ | ૦૩-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૪૦૬ |
| ૪૪૬ | ૦૪-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૪૨૩ |
| ૪૪૭ | ૦૫-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૪૩૯ |

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવકૂલાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

(ભાગ-૧૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)

**માગશર સુદ ૭, શુક્રવાર તા. ૮-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૧૬-૨૧૭, પ્રવચન-૪૨૦**

૨૧૬ કળશ. સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર.

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-**
**मन्यद्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।।२१६।।**

શું કહે છે? '**શ્લોકાર્થ :- શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે...**' આત્મા આદિ પદાર્થ બધા ભલે લીધા પણ '**શુદ્ધ દ્રવ્યનું નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...**' શું કહે છે? કે આત્મા તો જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવે તેનું પરિણમન જ્ઞાનસ્વભાવે હોય છે. પરને જાણતાં પરસ્વભાવે પરિણમન હોતું નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધ દ્રવ્યનું નિજરસરૂપે...**' નિજશક્તિરૂપે એટલે જ્ઞાનસ્વભાવ. એ તો જ્ઞાનસ્વભાવ વસ્તુ છે એ નિજસ્વભાવ છે, નિજશક્તિનું સામર્થ્ય એ છે. એમાં જ્ઞાનનું પરિણમન થતાં તે '**બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે સ્વભાવનું થઈ શકે?**' કહો, કાલે પ્રશ્ન હતો ને ભાઈનો. નથી આવ્યા.

આ તીખું જણાય એટલે તીખું જ્ઞાનમાં આવી જાય તો જ્ઞાન જાણે ને તીખાને? તીખું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી થઈ જતું? તીખો આત્મા નથી થાતો? તીખો થઈ જાય. મોઢું તીખું થઈ જાય. આ તો તીખો. તીખું તો જડ છે. તીખાને જાણતા તીખું જ્ઞાનરૂપે થઈ ગયું? અને તીખાને જાણતા જ્ઞાન તીખારૂપે થઈ ગયું? એ જુદું છે. સમજાય છે કાંઈ? શુદ્ધ દ્રવ્યનું પરિણમન, ચૈતન્યનું પરિણમવું (થયું) તો રાગાદિને જાણતા શું રાગ જ્ઞાનરૂપે પરિણમી ગયો? એ જ્ઞેયમાં. બાકીનું અન્ય દ્રવ્ય એટલે બધું રાગાદિ બધું આવ્યું એમાં. જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છે જ્યાં પ્રધાનગુણથી જ્યાં પરિણમનથી ભરેલો, એવો જ્ઞાનગુણ જ્ઞાનગુણ પરિણમતા રાગને જાણતા એ રાગ જ્ઞાનની પર્યાયરૂપ થઈ ગયો? અને જ્ઞાનની પર્યાય શું રાગરૂપ થઈ ગઈ? સમજાણું કાંઈ?

'**બાકીનું કોઈ અન્યદ્રવ્ય...**' '**શેષ**' '**શેષ**'નો અર્થ છે ને એ? '**શેષ**'. '**શુદ્ધ દ્રવ્યનું નિજરસરૂપે પરિણમન થતું હોવાથી,...**' બાકીનું એટલે શેષ. '**બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે સ્વભાવનું થઈ શકે?**' આ શરીર ને આ જીભ આદિ જ્ઞાનમાં જણાય. શું જણાય? એ છે એમ જણાય જ્ઞાનમાં. તો શું આ જીભ અને શરીર જાણતાં જ્ઞાનરૂપે જીભ અને શરીર થઈ ગયા? અહીં નજીકનો આ તો દાખલો લીધો. ઓલો વળી રાગનો અંદર જરી ઝીણો પડે. કહો, આ જીભને જાણે છે ને જ્ઞાન? તો કહે છે કે જીભને જાણતા જ્ઞાન, જીભરૂપ જે જ્ઞેય છે એ જ્ઞાનમાં આવી ગયું? શેષ અહીં આવી ગયું? અહીં આવી ગયું તો ત્યાં બાકી શું રહ્યું? સમજાણું કાંઈ? જ્ઞાન જ્ઞેયને જાણતા જો જ્ઞેય જ્ઞાનમાં આવી જાય તો જ્ઞેયનું જે સ્વરૂપ છે એમાં બાકી શું રહ્યું? અહીં આવી ગયું એમાં બાકી શું રહ્યું? એમ તો હોતું નથી. અને આત્મા એને જાણતા જો પરરૂપે થાય તો એ પોતાની સત્તા જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે એમાં શું રહ્યું? એમાં બાકી શું રહ્યું? એ તો પર થઈ ગયું. સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વભાવ એ જ્ઞાન પોતે જાણવા (રૂપ પરિણમ્યો). અહીં તો પર્યાયની વાત છે અત્યારે. દ્રવ્ય છે, ગુણ છે એ જ્ઞાનથી ભરેલું તત્ત્વ છે. હવે એનું પરિણમન થાય છે પરને જાણવાના કાળમાં. તો કહે છે કે પરને જાણવાના કાળમાં એ જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું? તો અહીં સ્વસત્તા સિદ્ધ કરી છે એમાં બાકી શું રહ્યું જો પરનું થઈ જાય તો? એક ભાગ પરનો થાય અને એક સ્વનો એમ ભાગ હશે અંદર? સમજાણું કાંઈ? અને જ્ઞેય જો જ્ઞાનનું થઈ જાય તો જ્ઞેયનો ભાગ થોડો જ્ઞેયમાં રહ્યો અને થોડોક આમાં આવી ગયો. એમ જ્ઞેયના ભાગ હશે અંદર? જ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અભેદપણું છે એનો ભાગ કોઈ થઈ ગયો? કે જે ભાગ અહીં જ્ઞાનની પર્યાયમાં આવી ગયો? સમજાય છે કાંઈ? શું થયું આ બધું? દીકરા ને પૈસા ને શરીર આ બધું જણાય એમાં શું થયું? કહે છે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- જીભ જે છે એ પોતે રજકણ છે, એના ગુણ છે અને એની પર્યાય છે. એ તો એની સત્તાનું સ્વસિદ્ધપણું છે. જીભના રજકણો છે, એનો ગુણ છે વર્ણ-ગંધ અને એની પર્યાય છે. એ સ્વસત્તાનું સમાપ્તપણું ત્યાં થાય છે. હવે એમાંથી આત્મા જ્ઞાન એને જાણતાં એનો ભાગ અહીં આવી ગયો કાંઈ? તો ક્યો ભાગ આવ્યો? ક્યો પર્યાયનો ભાગ આવ્યો? ગુણનો-દ્રવ્યનો કદાચ ન આવે એમ કહે. પર્યાયનો ભાગ આવ્યો તો એ તો સ્વતઃસિદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય છે અભેદ વસ્તુ છે. એમાંથી ક્યો ભાગ અહીં આવે? કહો, વીરચંદભાઈ! તો આ છોકરાનું શું બધું ત્યારે આ? જીભ અહીં નહિ તો છોકરો ક્યાંનો રહ્યો? ભારે!

મુમુક્ષુ :- એ એનું સ્થાન ન રહ્યું.

ઉત્તર :- એ વસ્તુ છે કે નહિ? એ સામી પણ એક વસ્તુ છે ને? તો વસ્તુના ત્રણ ભાગ. એક પ્રદેશી હોય કોઈ પરમાણુ કે અસંખ્ય પ્રદેશી પરમાણુનો સ્કંધ કે અસંખ્ય પ્રદેશી જીવ. જે રીતે એ વસ્તુ છે એ રીતે જ્ઞાન જાણે એ પોતામાં રહીને, પોતામાંથી, પોતા વડે એને જાણે. એ વડે નહિ. હવે એ વડે નહિ, પોતે પોતાના જ્ઞાન વડે જ્ઞાન જાણતું તેને આ જાણ્યું એમાં એ જ્ઞાન એનું થઈ ગયું? જો એનું થઈ જાય તો અહીં સ્વસત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયની જે સમાપ્ત છે એનો ભાગ ક્યો ગયો ત્યાં? તીખાનું જ્ઞાન થઈ ગયું?

તીખું લાગ્યું મરચું તીખું. એમાં જ્ઞાનમાં જણાણું. હવે એ તીખાશનો ભાગ અહીં જ્ઞાનમાં આવ્યો? તો તીખાશની પર્યાય એનો ગુણ અને દ્રવ્ય જે એનાથી તો દ્રવ્ય છે પોતે. તો એક ભાગ અહીં આવે અને બે ભાગ ત્યાં રહી જાય એમ બને નિર્ભાગ વસ્તુમાં? સમજાણું કાંઈ? એ તો નિર્વિભાગ પદાર્થ છે. એમાં કોઈ ભાગ ખંડ પડે એવું છે? તો આત્મા પરને જાણતા પોતાનો પર્યાય શું રાગરૂપ થઈ ગયો? શું શરીરને, જીભને જાણતા જીભરૂપ થઈ ગયો? થઈ ગયો હોય તો પછી આ દ્રવ્ય-ગુણ અને પર્યાય એ તો સ્વસત્તા પોતાની, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સત્ એ સત્તાનું અસ્તિત્વ છે. એનો એક ભાગ રાગનો થઈ જાય, એક ભાગ પર્યાયનો ભાગ જીભનો થઈ જાય તો નિર્વિભાગ વસ્તુમાં એક ભાગ અહીં અને એક ભાગ અહીં એમ થાતું હશે? સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયની વાત માંડી છે. જેવી વસ્તુ છે તેવું જ જ્ઞાન થાય. તેવું જ જ્ઞાન થાય એટલે કાંઈ એનું જ્ઞાન છે ઈ? સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધ અધિકાર છે આ તો. શુદ્ધ દ્રવ્યનું પરિણમન થતું હોવાથી. '**બાકીનું કાંઈ...**' કાંઈ એમ પાછું છે ને? કાંઈ આવ્યું '**त्किं**' એ? '**त्किं स्वभावस्य**' એ '**त्किं**' બીજી લીટી. '**त्किं स्वभावस्य**' ભગવાન આત્મા... આ તો ધીમેથી સમજવા જેવી વાત છે. આ તો વસ્તુ જ પોતે આત્મા છે. તે દ્રવ્ય છે. એનો અહીં જ્ઞાનગુણ છે, બસ. સત્. હવે એનું વર્તમાનમાં પરને જાણવા કાળમાં એ જ્ઞાનનું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણમન થયું, જ્ઞાનનું પરિણમન થયું એ પરને લઈને થયું? પરરૂપ થઈને થયું? એ છે એ આ રૂપ થઈને જણાણું? આ જ્ઞાનની પર્યાયમાં થઈને એ જણાણું? એમ તો હોઈ શકે નહિ. કહો, ભગવાનજીભાઈ! બરાબર છે આ? એના થઈને જણાય છે? એનું થઈને જાણે છે? કે પોતામાં રહીને જાણે છે? એ પણ અહીં જણાય છે એનો થઈને, રહીને જણાય છે કે આનો થઈને એ જણાય છે? જાધવજીભાઈ! આ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- પોતાનું હોય એમ જ જણાય ને.

ઉત્તર :- પોતાનું નહિ, એ સત્ વસ્તુ છે એ તો. કહો, વજુભાઈ!

અહીં વસ્તુને... અહીં તો પર્યાયને સિદ્ધ કરવી છે કે વસ્તુ જે છે એ પોતે સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. તો એ વસ્તુ તો દ્રવ્યમાં વ્યાપ્યું છે, ગુણમાં વ્યાપ્યું છે, પર્યાયમાં વ્યાપ્યું. પર્યાયમાં-અવસ્થામાં સ્વપરને જાણવારૂપે પરિણમ્યું. તો પરને જાણવારૂપે પરિણમ્યું તો પર થઈને પરિણમ્યું છે? કે સ્વમાં રહીને પરિણમ્યું છે? એ તો સ્વમાં રહીને સ્વપરનું પરિણમન પોતાથી પોતાને કારણે થયું છે. એમાં પરની સાથે કાંઈ સંબંધ નથી. પર છે એવું કેમ જ્ઞાન થયું? પણ જ્ઞાન તો યથાર્થ થાય કે વિપરીત થાય? સમજાય છે કાંઈ? પર જેવું છે-આ શરીર આવું છે તો જ્ઞાન એમ થાય. તો એમ થાય શું કરવા? અંદર એવું કાંઈક થતું હશે ત્યારે આમ જણાય છે કે નહિ? આ જ કેમ જણાણું? બરાબર આવું છે એમ જણાણું, લ્યો! આવું જ્ઞાનમાં જણાયું. તો આવું જ્ઞાનમાં જણાય તો જ્ઞાનમાં એનો કોઈ અંશ આવ્યા વિના આવું કેમ જણાય? બીજી રીતે કેમ ન જણાણું? પણ કહે છે કે એ આવું જણાણું એમાં એ વસ્તુ જે છે એ અહીં આવી ગઈ છે એનો ભાગ? એ પર્યાયનો ભાગ આ જ્ઞાનના પરિણમનમાં આવ્યો છે? જ્ઞાનનું પરિણમન એને અડ્યું છે? એનારૂપે થયું છે? આનો અંશ ત્યાં ગયો છે? પોતાની સ્વ સત્તામાં રહીને પરને જાણે એ તો જ્ઞાનનું પરિણમન પોતાનો સ્વભાવ છે. સુમનભાઈ! ભારે વાત, ભાઈ! જુઓ! આ ધર્મ. એમ કહે છે. એનો ધર્મ જે જાણવું એ જાણવાપણે પરિણમે એ તો સ્વલક્ષી થઈને, પરપણે થયા વિના, પરને પોતાપણે કર્યા વિના પોતે પોતાને જાણતા એ પરને જાણે એવો એનો પરિણમન સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? જુઓ!

સામાયિક કરવા બેસે એક ધારો. ... હવે કહે છે કે હાથ આમ થયો એમ જે જ્ઞાને જાણ્યું એ જ્ઞાને જાણ્યું એ જ્ઞાન હાથ આમ થયો એને કારણે જાણ્યું? આ હાથ આમ થયો એનું અસ્તિત્વ જ્ઞાનમાં આવી ગયું છે કાંઈ? અને જ્ઞાને જાણ્યું તો જ્ઞાનનો પર્યાય આમ આના અસ્તિત્વના કોઈ અંશમાં આવી ગયો છે? સમજાણું કાંઈ? એ અહીં કહે છે કે ભ્રમ મોટો છે તને એ કાઢ. સમજાણું કાંઈ? જ્ઞાનમાં એવું જણાણું બરાબર કે શરીર આમ થયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ જ્ઞાનમાં જણાણું. તો જ્ઞાનનો પર્યાય એનો અંશ જે છે એ આ જે અંશ થયો આ શરીરનો, એના રૂપે થઈને જાણ્યું? એના રૂપે થઈને જાણ્યું તો પોતાનો પર્યાયનો ભાગ ત્યાં ગયો અને અહીં ભાગ રહ્યો નહિ. એક ભાગ આખો બીજો રહી ગયો. લ્યોને, દ્રવ્ય-ગુણનો ભાગ રહી ગયો અને થોડો અહીં ગયો. એમ ભાગ પડતો હશે? સમજાણું કાંઈ? અને આ શરીરની ક્રિયા આમ થઈ, એની પર્યાયને એવી રીતે જાણી કે આ શરીરની પર્યાય જ્ઞાનમાં આવી ગઈ છે? એય..! ... તમારું. .... ... એય..!

મુમુક્ષુ :- શરીરને હલાવવું નહિ.

ઉત્તર :- હલાવવું નહિ. એ બધું કર્યું હતું ને ત્યાં તમે બધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કીધું? આવે છે ને કંઈ? ... ... ... આ કર્યું. પણ તું કરી કે દિ' શકે છે? એમ અહીં કહે છે. અહીં તો ઈ વાત ચાલે છે આ. ... આવે છે ને ઈ? શું કહેવાય ઈ? ... .... જરીક આમ આમ કર્યું. પણ એ થાય ક્યાં? એમ કહે છે અહીં. એય..! ભગવાનભાઈ! આ સામાયિક, પોષા અમારે બહુ કરનારા છે ભાઈ. તમે તો પરદેશમાં રહેનારા. એ બહુ જૂના માણસ છે. સામાયિક, પોષા, પડિક્કમણા ખૂબ કરતા. એ તો માંડ માંડ આવી ગયા. બહેનને લઈને આવી ગયા એટલે હવે... કહો, સમજાણું? શું કીધું?

... આ અંગ સૂક્ષ્મ હલી ગયું હોય. હલી ગયું હોય એટલે કહે છે, હલ્યું એની અવસ્થા જડમાં થઈ. એને જ્ઞાને જાણ્યું કે આમ છે. એ જ્ઞાનનું પરિણમન એના હલવાની પર્યાયને અડી ગયું છે? એના અસ્તિત્વનો અંશ એમાં હલવાની પર્યાયમાં ગયો છે? આ હલવાની પર્યાય છે એને અહીં જાણતા હલવાની પર્યાય અહીં આવી ગઈ છે? જ્ઞાનના પરિણમનમાં હલવાની પર્યાય આવી ગઈ છે? હલવાની એટલે આ હલવાની. ઓલો હલવો નહિ. એમ કહે છે ને? હલવો-હલવો. શું કહે? શિરો. કહો, ... ત્યાં તો એમ જ માને. નહિ? કે આ અંગ મારાથી ચાલ્યું. કહે છે કે એ તો પરમાણુની પર્યાયનો વર્તમાન સ્વભાવકાળ છે એ. હવે એમાં તારો સ્વભાવકાળ તેને જાણવાનો છે. અહીં એમ કીધું ને? જુઓને! સ્વભાવથી.. સમજ્યાને?

'**નિજસ્વરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...**' લ્યો! એ તો જાણવાપણે, શ્રદ્ધવાપણે, ઠરવાપણે જ્ઞાનનું પરિણમન થાય. એમ થતાં '**બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે સ્વભાવનું થઈ શકે?**' દેહની સ્થિતિ આમ જણાણી કે આમ થયું. મેં કર્યું એ તો તારું ગયું કહે છે. મારાથી થયું એ તો રહેવા દે હવે. આ આમ થયું મારાથી એ તો વાત છે નહિ. પણ એને જાણતાં એ પર્યાયરૂપે થઈને જાણ્યું છે? કે એને જાણતાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ અવસ્થા બરાબર જણાણી માટે એ અવસ્થા અહીં આવીને જણાણું છે, જ્ઞાનની પર્યાયમાં આવીને જણાણું છે એમ છે? ન્યાય સમજાય છે ને? આ તો બહાર સ્થૂળ વાત છે. આમાં કાંઈ બહુ ગડીયા ભણવા જેવા નથી.

મેં આમ કર્યું. એ તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ મૂઢ માને છે. કારણ કે એ તો જડની પર્યાય છે. એ જડની પર્યાય આમ થવી એ કાંઈ તારા અધિકારની વાત નથી. એ તો પરમાણુનો તે પ્રકારના સંકોચ વિકાસનો પર્યાય આદિ જે પ્રકારે ત્યાં બને છે તે એનાથી બને છે. એનો તું કર્તા નથી અને તારાથી તે થયું નથી. અને તું તેને જાણ તો ત્યાં તે પ્રમાણે થાય એમ પણ નથી એમાં. એમ કહે છે અહીં, ભાઈ! તું કર તો થાય એ તો નહિ, પણ તું એને જાણ તો ત્યાં થાય એમ પણ નથી. એ તો એને કારણે થાય છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત લીધી છે, ઓહો..!

કર્તાપણું તો નથી, આ દેહની ક્રિયાનું આ આમ થાય એ તો જડની પર્યાય છે. આ તો શરીર માટી (છે). એને કરી શકવાનું તો છે નહિ અને તું એને જાણે છો માટે ત્યાં થાય છે એમ પણ નથી. એમ તો નથી પણ તું એને જાણતા તેની પર્યાય જેવી છે તેવી જણાય, માટે તે પર્યાય અહીં આવીને જણાય છે એમ પણ નથી. એ તો પર્યાય ત્યાં રહીને તારામાં રહીને તને જણાય છે. તારો પર્યાય જાણવાનો તે તેનારૂપે થઈને જાણતો નથી, તે જણાય છે તે આના રૂપે થઈને તે રહેતું નથી. જણાતું નથી. ભારે વાતું ભાઈ આવી!

આ બધા તો અત્યારે એમ કહે, એઈ..! વ્યવહાર ઉથાપે છે, વ્યવહાર ઉથાપે છે. પણ એ વ્યવહાર જ નથી. વ્યવહાર તો પરને જાણવું કહેવું એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? આને કરે એ વ્યવહારથી એ તો વ્યવહાર છે જ નહિ. એ તો અસદ્ભુત વ્યવહાર જૂઠા વ્યવહારથી કહેવામાં આવે છે. આ તો આને શરીર આમ થયું તે કાળે આમ થાય, બોલવાની ક્રિયા થઈ. એ અવસ્થાને જાણે છે, એ અવસ્થા એને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. અને છતાં એને જાણતાં એવો વ્યવહાર થયો તો કહે છે કે શું જ્ઞાનની પર્યાય એ રૂપે થઈને એને જાણી છે? એ અવસ્થા આ રૂપે થઈને અહીં જણાઈ ગઈ છે? તો જ્ઞેયનો અંશ ત્યાંથી અહીં આવી ગયો? જ્ઞાનનો અંશ ત્યાં ગયો? શું થયું? સૌ સૌની સત્તામાં પોતે પોતાનું પરિણમન કરી રહ્યા છે. સમજાણું કાંઈ? એ ભ્રમ મોટો.

એમ જ કેમ જણાય? લાડવો સામે ગળ્યો છે એ ગળ્યો કેમ જણાય? જ્ઞાનમાં ગળ્યાપણું કેમ જણાણું? માટે નક્કી કાંઈક જ્ઞાન ગળ્યા અવસ્થારૂપે થયું લાગે છે. તીખા સામે ગળ્યું નાખ્યું. નથી આવ્યા અત્યારે. એને શરીરને ઠીક રહેતું નથી. શરદી-બરદી રહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- સવારે આવ્યા હતા.

ઉત્તર :- સવારે આવ્યા હતા. ખબર છે ને. સવારે ખબર છે ને, આવ્યા છે ને. આ તો અત્યારે નથી આવ્યા. સવારે તો ઓલા મહેમાન પાલનપુરવાળા હતા ને એ .. આવ્યા. કહો, સમજાણું આમાં? ભારે વાત પણ ભાઈ.

કહે છે, લાડવો આવ્યો ચુરમાનો. એ ચુરમાનો લાડવો આમ ભુક્કો થયો, ફટ. સમજાય છે? હવે એ ભુક્કાની પર્યાયપણે પરિણમ્યો છે એ લાડવો. આત્માએ એને જાણ્યું છે કે આમ થાય છે. પણ એ થઈ છે અવસ્થા એને લઈને અહીં જાણ્યું છે? આ જ્ઞાનની અવસ્થા ત્યાં જાણવા એનામાં પેઠી હતી? એ અવસ્થા થઈ એ જ્ઞાનની અવસ્થા આમ અડી હતી? છે જ નહિ. ત્યાંથી થયું, અહીંથી થયું, સૌનો કોઈ કર્તા નહિ પણ એનું જાણવું અહીંથી થયું છે. ત્યાંથી થયું નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એનું થયું એ જ્ઞાનને લઈને થવું થયું નથી. એને લઈને એ તો થયું છે. અહીં આવીને થયું છે? ગળ્યું એને અડ્યું છે જ્ઞાનને? ત્યારે જ્ઞાન થયું છે? જ્ઞાન ગળ્યાને અડવા ગયું હતું? શું હશે આમાં? વજુભાઈ! આ બધો આવો ધર્મ ચાલતો હશે? આમ ને આમ અનાદિથી ભ્રમ સેવે છે.

જે રીતે જાણવાને યોગ્ય છે એવો પર્યાય પોતાના સ્વભાવથી પરિણમે છે એમ કહે છે. જે રીતે તે સમયમાં જે જણાવું (થાય), સ્વપર જણાય તેની પર્યાયપણે જ્ઞાન પોતે પરિણમે છે. એ પરિણમનમાં પરની અવસ્થા જે રીતે છે તેમ જણાય. પણ એ જણાય પણ એ અવસ્થા નહિ પણ અવસ્થા સંબંધીનું પોતાનું જ્ઞાન (જણાય છે). પણ ત્યારે કહે, આ તીખું છે એમ જણાણું. પણ તીખું છે એનું જ્ઞાન થયું અહીં. તીખારૂપે અહીં જ્ઞાન થયું છે? તીખારૂપ (થાય) તો જડરૂપ થઈ જાય. સમજાણું કાંઈ? ગળ્યારૂપ જ્ઞાન થયું છે? જ્ઞાન છે તો અરૂપી છે જ્ઞાનસ્વભાવ, એ ગળ્યારૂપ થયું છે? જો ગળ્યાપણાનું અહીં થાય તો આનો અભાવ થઈ જાય. આ પર્યાય આનો અભાવ થાય. હવે એનું ગળ્યાપણું જો અહીં આવી જાય તો એનો અભાવ થાય. વાત સમજાય છે? જો અહીં ગળ્યાપણું જ્ઞાનમાં આવી જાય તો આનો અભાવ થઈ જાય. અરૂપી છે ચૈતન્ય તે જડ થઈ જાય. અને ગળ્યાપણું અહીં આવી જાય તો ગળ્યાનો જે અસ્તિત્વ છે એનો અભાવ જડનો થઈ જાય. ભારે વાતું. આવી બધી ધડ કરતા હતા ને એક ફેરી. માથાકૂટ કરતા હતા. પૂજા, ભક્તિ કરે, દયા કરે, થઈ રહ્યું જાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એનું કાંઈ નથી. મહા મિથ્યા ભ્રમમાં માની રહ્યો છે. આહાહા..! ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે ને, કહે છે. ભાઈ! તારા સ્વભાવનું પરિણમન તો જાણવું એવું હોય.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ જાણવામાં પરને જાણ માટે પરરૂપ થઈને જણાય અને પર તારારૂપ થઈને આવી જાય એમ કાંઈ બનતું નથી. એવી રીતે ભિન્નતા અંદરમાં પરથી, જ્ઞેયથી ભિન્નતા પોતાની ભાસે અને પોતાના પરિણમનની પોતાના દ્રવ્ય સાથે અભિન્નતા ભાસે. એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

'**અથવા શું તે (જ્ઞાનાદિ) સ્વભાવ કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે?**' એમ કહે છે. પહેલું અહીંથી લીધું હવે અન્યથી લીધું. બાકીનું અન્ય દ્રવ્ય શું આત્માના સ્વભાવનું થઈ શકે? ન જ થઈ શકે. અથવા શું તે જ્ઞાનાદિ, જ્ઞાનનો ભાવ પોતાનો. જાણવાની પર્યાય છે જાણવું એ તો સ્વભાવ છે. એ જાણવું... જાણવું... જાણવું... એ તો સ્વભાવ છે. એ '**કોઈ અન્ય દ્રવ્યનો થઈ શકે?**' એ તીખાનો થઈ જાય? ગળ્યાનો થઈ જાય? શરીરનો થઈ જાય? જીભનું થઈ જાય જ્ઞાન? સમજાણું કાંઈ? '**(ન જ થઈ શકે.**' ખલાસ. બેયનું અરસપરસ કરી દીધું.

'**પરમાર્થે...**' ખરેખર તો '**એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.**' આહાહા..! જુઓ! કહે છે, આ અક્ષર જણાય છે ને અક્ષર? અક્ષર જણાય છે ને જ્ઞાનમાં? એ અક્ષર જણાય છે? અક્ષર જણાય છે એમ કહો. તો એ તો જ્ઞાનનો પર્યાય આને જાણે છે કે આમ છે. એ જ્ઞાનનો પર્યાય અક્ષરરૂપ થઈને જાણે છે? અક્ષર જ્ઞાનની પર્યાય થઈને જણાવા દે છે? એમ તો છે નહિ. અક્ષરની પર્યાય અક્ષરરૂપે છે, જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપે છે. કહો, બરાબર છે? દેવશીભાઈ! આમાં આફ્રિકામાં પણ મળે એવું નથી આવું કાંઈ. ખેતશીભાઈ! જામનગરમાં પણ નથી કાંઈ. રખડતા-રખડતા. અરે.. ભગવાન! તારો પર્યાય સ્વતંત્ર તે કાળે છે. દ્રવ્યને આશ્રયે થાય છે એમ નક્કી કર. પરને આશ્રયે નહિ.

પરનું જ્ઞાન હોવા છતાં એ પરના આશ્રયનું જ્ઞાન નથી. સ્વ આશ્રયનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? પરની શ્રદ્ધા કરતા પણ એ શ્રદ્ધા સ્વ આશ્રયની શ્રદ્ધા છે, પરની શ્રદ્ધા નથી. વાત આવી ગઈ હતી ને. એના જ આ શ્લોકો છે આ બધા. સમજાણું કાંઈ? સેટીકાના. આ એના જ બધા શ્લોકો છે. ત્રણ પર્યાયની વાત કરી એ બધી પર્યાયો લઈ લેવી. આહાહા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં નિમિત્ત-નૈમિત્તિક થઈને પરિણમતું નથી, નૈમિત્તિક પર્યાય નિમિત્તની થઈને રહેતી નથી. નૈમિત્તિક-નૈમિત્તિકની, નિમિત્તિ નિમિત્તની છે. ત્યારે તેને નિમિત્ત નૈમિત્તિક કહેવામાં (આવે છે), વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એવું નથી કે નિમિત્તના કાળમાં નિમિત્તને અનુકૂળે આને-નૈમિત્તિકને પરિણમવું જ જોઈએ. તો તો પછી તીખું છે તો તીખારૂપે અહીં જ્ઞાન થવું જ જોઈએ. તીખું થઈ જવું જોઈએ. એમ થાતું નથી. એ તીખા સંબંધીનું જ્ઞાનરૂપે જ્ઞાન પોતાને કારણે પરિણમે છે. માટે તીખું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે માટે જ્ઞાન પરિણમ્યું છે એમ પણ નથી અને જ્ઞાન પરિણમ્યું છે એને જાણવા માટે ત્યાં તીખાની અવસ્થા તે રૂપે સામે હાજર થઈ ગઈ છે (એમ પણ નથી). સોનગઢનું પણ આવે ને પાછું. હાજર એટલે શું? છે. કહો, વજુભાઈ! સોનગઢની ચર્ચા થાય છે-ટીકા. સોનગઢીયા કહે છે કે હાજર થાય. નિમિત્ત હાજર થાય. પણ કોણે કીધું? તારી મેળાએ ઊંધું (સમજી લીધું). હાજર થાય નહિ, હાજર હોય. મોટો વાંધો. હાજર એટલે છે. છોકરાને નથી કહેતા ફલાણા? હાજર. હાજર એટલે આવ્યો છું એમ કહે? છું. આ બેઠો છું.

એમ જ્ઞાનની પર્યાય પોતાથી થાય ત્યારે સામું નિમિત્ત નિમિત્તના અસ્તિત્વમાં હોય. નિમિત્તના અસ્તિત્વમાં હોય. એના અસ્તિત્વમાં હોવા છતાં આણે જ્ઞાન કર્યું છે એ પોતા વડે કર્યું છે. એનું થઈને નહિ, નિમિત્ત આનું થઈને નહિ. આહાહા..! જ્ઞાનમાં આનું થઈને નહિ તો હવે મારું થઈને ક્યાં આવ્યું એમાં? એમ કહે છે. આ બાયડી, આ છોકરા, શરીર, રાગ, કર્મ મારા-મારા. શરીર મારું, કર્મ મારા, ફલાણા મારા. કે દિ' તારા હતા પણ? તારા હોય તો જુદા પડે કેમ અને જુદા રહે કેમ? જુદા પડે કેમ અને જુદા રહે કેમ? તારા ભેગા ભળી જાય નહિ તારા હોય તો? સમજાય છે? અને તું એનો હોય તો એના ભેગો ભળી જા. તારું જુદાપણું રહે નહિ. નથી તું એનો, નથી તે તારા. તે તે તત્ત્વો પોતપોતાના ક્ષેત્રના કાળમાં અને ભાવમાં પરિણમીને સ્વતઃસિદ્ધ રહ્યા છે. સમજાણું કાંઈ? આવો નિર્ણય કરે તો સ્વસન્મુખતામાં એને શ્રદ્ધા ને જ્ઞાન ને શાંતિ વળે. કહો, સમજાય છે? ખદબદાટ બધો મટી જાય. આહાહા..!

આ સુખ અમને થયું એમ કહે. અહીં તો છે નિર્મળતાની વાત. પણ આ પૈસા, શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા બધું છે તેથી અમને સુખ થયું. એથી સુખ થયું? તારી કલ્પનાનું સુખનું પરિણમન એ એને લઈને થયું? એનો ભાગ અહીં આવ્યો હતો? ભગવાનજીભાઈ! સમજાય છે આમાં? તું કહે કે અમને આને લઈને સુખ થાય છે. શરીર સુંદર, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ આ હામ, દામ, ઠામ. ભગવાન પૂછે છે કે ભાઈ! એ જે હોવાપણે છે પદાર્થ હામ દામ ઠામ અને તું તેનો જાણનાર. હવે જાણનારને આનાથી સુખ થયું તું કહે, તો એનો ક્યો ભાગ અહીં આવ્યો કે તને સુખ થયું એને લઈને? સમજાય છે? અને તારી સુખની કલ્પના ભ્રાંતિ એ સુખની કલ્પના ક્યાં એનામાં ગઈ? ગઈ છે એનામાં? ચીમનભાઈ! બરાબર છે આ? શું કહે છે આ? લાખની લોન મળી તો સુખી થયો. ક્યાંથી થયો? તું એમ કહે છે. લાખની લોન મળી ને લોન. શું કાંઈક મળ્યું ને એને? ...

કહો, અહીં કહે છે કે લાખ આદિની વસ્તુ રાખમાં રહી. લાખમાં. લાખ એ રાખ છે કે નહિ? પૈસા શું છે? રાખ છે કે શું? એમાં રહી. હવે અહીં કલ્પના કરી કે મને આને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લઈને ઠીક પડ્યું. સાંભળ કહે છે. એ ચીજનો અંશ કોઈ અહીં આવીને ઠીક પડ્યું એમ તને કહેવરાવ્યું છે? કે તારી પર્યાયમાં ઠીકપણું ત્યાં ગરીને માન્યું છે? કહો, ચીમનભાઈ! આ તો ન્યાય-લોજિકથી પણ સમજાય છે કે નહિ? વીતરાગનો માર્ગ ન્યાય માર્ગ છે. ન્યાય-ની ધાતુ. જેવું જ્ઞાનનું સ્વરૂપ અને વસ્તુનું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને દોરી જાય છે એ રીતે જ્ઞાનને યથાર્થરૂપે પરિણમાવવું એનું નામ ન્યાય છે.

કહે છે કે ભાઈ! તને આ ઈન્દ્રાણી દેખાણી. એ ઈન્દ્રાણી દેખાણી એ તો જ્ઞાનનો સ્વભાવ છે અને એનો પર્યાય તે રીતે પરિણમેલો છે ત્યાં. હવે એ મને સુખરૂપ છે, એ મને સુખરૂપ છે. તો શી રીતે? એ પર્યાય અહીં આવી છે? એ પર્યાય આકૃતિ આદિની પર્યાય અહીં આવી છે જ્ઞાનમાં કે તને સુખરૂપ થઈ? અને તેં કલ્પના કરી સુખરૂપની એ કલ્પના તેને અડી છે તે પર્યાયને? ત્યાં ગઈ છે? બે ભિન્ને ભિન્ન છે. કલ્પનાના અસ્તિત્વમાં કલ્પના અને એના અસ્તિત્વમાં તે. આ તો ભ્રાંતિપણે સુખ માન્યું એની ભૂલ પણ પરમાં જાતી નથી અને એ અહીં આવતી નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? ભ્રમણા ઉઠાવે છે અંદરથી.

હવે કહે છે કે રાગનું જ્ઞાન થતાં શું રાગરૂપે જ્ઞાન થયું? તો જ્ઞાન નિર્મળ છે. જાણવાનો સ્વભાવ એ મેલો થઈ જાય. એમ છે નહિ. અને રાગે જ્ઞાનમાં આવીને જ્ઞાન કરાવ્યું છે? તો રાગનું અસ્તિત્વ ભિન્ન છે એ રહી શકતું નથી. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ!

‘**પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.**’ ખરેખર એક દ્રવ્યની વર્તમાન પર્યાયને અને બીજા દ્રવ્યની વર્તમાન પર્યાયને સંબંધ નથી એમ કહેવું છે હોં! દ્રવ્ય એટલે આખું આખું એમ નહિ. દૃષ્ટાંત આપે છે. શ્રીમદ્દે આ મૂક્યો છે આ શ્લોક, પુસ્તકમાં છે. ‘**ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે...**’ લ્યો! હવે આવ્યું. આ ચંદ્રમા છે ને? ધોળું આમ ઉજ્જ્વળ કરે છે. ‘**ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે...**’ સાંભળો, કહે છે. ‘**તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...**’ ચાંદનીના પ્રકાશની ધોળાશ-સફેદના અસ્તિત્વમાં એ કાંઈ પૃથ્વી આવી જાય છે? પૃથ્વી એની થઈ જાય છે? જુઓ! સફેદાઈનો દાખલો આપ્યો હતો ને ખડીનો? એનો આ દાખલો આપ્યો છે. કુદરતનો આપ્યો આ. ઓલો ખડીનો હતો, આ કુદરતનો. આમ ચંદ્ર આવ્યો તો પ્રકાશ (થયો). હવે એ પ્રકાશની પૃથ્વી થઈ ગઈ? કે પૃથ્વી પૃથ્વીની રહીને પ્રકાશ માથે દેખાય છે? જો પૃથ્વી પ્રકાશની થઈ ગઈ તો પ્રકાશ ચાલ્યો જાય તો પૃથ્વી પણ ભેગી ચાલી જવી જોઈએ. ભારે ભ્રમ ભાઈ. ભર્યા ઘર અને બધા સરખા દેખાય ને આમ ચારે કોર.. સમજ્યાને? હામ હામ થાય. બાયડ્યું રોવે પછી અરે..! ભર્યા ઘરમાંથી નીકળવું કેમ પાલવ્યું? એમ રોવે છે ને? એને કે દિ’ જાવું હતું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એને તો અહીં રહેવાનો ભાવ હતો ઘણો. રોવે પછી ઓલા. શેની માંડી છે? રોનારા કે દિ' રહેનારા છે? રોનારા કે દિ' રહેનારા છે? એ પણ આમ ને આમ જવાના છે. ત્યારે શું શેની માંડી તેં પણ આ? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, જે ચીજ બની તેનું અહીં જ્ઞાન થાય છે એ જ્ઞાનની પોતાની પર્યાયના તાબે કારણે થાય છે. અને તે જ્ઞાનનો પર્યાય જેમ ચાંદનીનો પ્રકાશ પૃથ્વીનો થતો નથી. અથવા પૃથ્વી ચાંદનીની થતી નથી. એમ જ્ઞાનનો પ્રકાશ આમ પર ઉપર પડે. આ જાણે. જાણે આને. તેથી પરવસ્તુ શું આની થઈ જાય? શરીર, વાણી, રાગ, કર્મ એ જણાય એ કાંઈ આના થઈ જાય? ચાંદનીની પૃથ્વી થઈ જાય? આહાહા..! આવું બધું ભેદજ્ઞાન કરવાની વાત છે આ, હોં! એને ખબર ન મળે. સમજાય છે?

ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બુરો અજ્ઞાન.
ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.

ભેદજ્ઞાન તે જ્ઞાન. રાગ ને શરીર ને વાણી ને આમ દુનિયાનું જ્ઞાન આમ જણાય-ખ્યાલ આવે, કહે છે કે જ્ઞેયો તારા જ્ઞાનમાં જણાય છે એ જ્ઞેયો શું અહીં આવી ગયા છે? અને જ્ઞાનનો પર્યાય શું જ્ઞેયરૂપે થઈને જ્ઞેયને જાણે છે? એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે તોપણ...'** જુઓ! પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે. ભાષા એમ આવે ને? વ્યવહાર તો શું આવે? વ્યવહાર ભાષા છે એ. **'તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...'** એ ચંદ્રના પ્રકાશની પૃથ્વી થઈ જ નથી, થતી નથી. ચંદ્રના પ્રકાશની પૃથ્વી થઈ નથી, થતી નથી. **'તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે...'** ભગવાન આત્માનું જ્ઞાન સદા-સદા પરને જાણે છે. છતાં તે પર જ્ઞાનરૂપે થયું નથી. આહાહા..! સદા છે ને? સદા શબ્દ. જુઓ! **'ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।'** સદા શબ્દ પડ્યો છે. ૨૧૬. બહુ સરસ દાખલો. ચાંદનીનો પ્રકાશ આમ ફેલાણો પૃથ્વી ઉપર આમ. ઓહોહો..! ધોળી.. ધોળી... ધોળી. પૃથ્વી ધોળી થઈ છે? એ તો પૃથ્વી ઉપર ધોળો પટ દેખાય છે પ્રકાશનો. એ પૃથ્વી ધોળીની થઈ ગઈ છે? કાળા કોલસા હોય એના ઉપર પ્રકાશ પડે ને ચંદ્રનો? તો કાળા કોલસા પ્રકાશના થઈ ગયા છે? કોલસાની ખાણ હોય ને મોટી? .. આ વળી ક્યાંક ઊંડી ગરી ગયેલી છે અહીં તો. ધનબાદ ને. ત્યાં બેટરી-બેટરી નાખીને, ફાનસ નાખીને જોતા. ઓલા જોવા ગયા હતા ને એક ફેરી? તે દિ'. લ્યો આમ કરે. એવી ખાણુ ઊંડી ઊંડી. ઓલા કામ કરતા હતા બિચારા ઉભા રહે થોડા. આમ બેટરીથી જોવે. એ પ્રકાશ ત્યાં ગયો. એ કાળપપણું અહીં પ્રકાશમાં આવી ગયું છે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- જ્ઞાનમાં તો આવી ગયું હશે ને?

ઉત્તર :- એ તો અહીં દાખલો આપીને એ સિદ્ધ કરે છે. આમ પ્રકાશ બેટરી મારી. ધનબાદમાં આવે છે ને કોલસાની ખાણ. તે દિ' ગયા હતા જોવા. (સંવત) ૨૦૧૩ની સાલ. અત્યારે તો બધું .. હતું. અત્યારે તો તો થોડું થોડું ...

મુમુક્ષુ :- ત્યારે તબિયત બરાબર નહોતી.

ઉત્તર :- શરીર પણ ઠીક નહોતું. ત્યાં તો ઠીક હતું. પહેલા ઠીક હતું. ફરીને ઠીક નહોતું. પહેલા ઠીક હતું. પણ વખત એક દી અને ત્યાં કાંઈ જાવું નહોતું. આ તો જયપુરનું હતું તો નીકળ્યા હતા. નહિતર કોણ (જાય)? હવે આપણો ભાવ નહોતો. કહો, સમજાણું આમાં?

અહીં કહે છે, '**ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...**' અને તે ચાંદની પણ પૃથ્વીની થતી જ નથી. એમ બેય લઈ લેવું અરસપરસ. '**તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે...**' ભગવાન આત્મા જ્ઞાનના સ્વભાવથી ભરેલો પ્રભુ. તેની વર્તમાન પર્યાયમાં જ્ઞાન જ્ઞેયને જાણે છે છતાં તે જ્ઞેય જ્ઞાનનું થતું નથી. જ્ઞેય જ્ઞેયપણે રહી, જ્ઞાન જ્ઞાનપણે રહી, જ્ઞાન એને જાણે એટલો વ્યવહાર સંબંધ કહેવામાં આવે છે. આ તો કહે, એ મારા થઈ ગયા અને હું એનો થઈ ગયો. ભારે ગડબડ કરી તેં. શું તું એનો થઈ ગયો તો તારી સત્તાનો અભાવ થઈ ગયો? એ તારા થઈ ગયા તો એના હોવાપણાનો અભાવ (થયો તો) બાકી શું રહ્યું હવે? એ જો તારો થાય તો જ્ઞાન બાકી શું રહ્યું? અને તું એનો થાય તો તારામાં બાકી શું રહ્યું? શેષમાં એમ નાખ્યું હતું. આ કળશમાં નાખ્યું છે. નિર્વિભાગ. શેષનો અર્થ એવો કર્યો. વસ્તુ નિર્વિભાગ છે એમાં ભાગ ક્યાંથી પાડ્યા? થોડો ભાગ ત્યાં ગયો અને થોડો ભાગ (અહીં રહ્યો), એવા ભાગ ક્યાંથી પાડ્યા તેં આ? શું કર્યું તેં? શું બચ્યું? એમ લખ્યું છે ત્યાં. શેષ શું? શેષના અર્થમાં. સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન જ્ઞાનમાં જ્ઞેયને જાણે. એ જ્ઞેય અહીં આવી જાય તો ત્યાં બચ્યું શું? અને જ્ઞાનનો પર્યાય જ્ઞેયમાં જાય તો અહીં બચ્યું શું? બાકી રહ્યું શું અહીં? સમજાણું કાંઈ? જુઓને! નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ પણ વિકાસ છે. એટલો ન હોય તો પર્યાય ન રહી તો પછી વસ્તુ ન રહી. નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ (વિકાસ છે). એક શરીરમાં અનંતા જીવ, દરેકને ઉઘાડ થોડો છે. એના અસ્તિત્વમાં એ છે એટલું. એ જાય ક્ષયોપશમ ભાવ જાય તો પછી રહે શું? સમજાણું કાંઈ? એના દ્વારા તો આ પારિણામિકભાવ ત્રિકાળ છે એમ જણાય એવી ચીજ છે. એના દ્વારા. એ જાય તો રહે શું પછી? આખી ચીજ પારિણામિકભાવ વસ્તુ છે એ તો વર્તમાન વિકાસ દ્વારા જણાય. વિકાસનો અંશ જાય તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રહ્યું શું? થઈ રહ્યું. એ તો સત્તાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એમ કહે છે કે તારા જાણવાના પર્યાયકાળમાં જો તું એનો થઈ જા તો પર્યાય, તો એ પર્યાયથી તો આ આત્મા છે એમ નક્કી થાય. એમાં રહ્યું શું પછી તું ન્યાં ગયો તો? અને એ ચીજ પણ એના પર્યાય દ્વારા નક્કી થાય છે. દ્રવ્ય-ગુણ દ્વારા નક્કી થતી નથી. આ પર્યાય જડની છે, રંગની છે, ગંધની છે, રસની, સ્પર્શની. એ દ્વારા આ .. છે. એ રંગ, સ્પર્શ તારો થઈ જાય તો એનો પર્યાય ગયો. તો એનું નક્કી કરવાનું તો એનામાં રહ્યું નહિ. એ વસ્તુનો જ અભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? આવો માર્ગ છે વીતરાગનો. એટલે આત્માનો. કાયરના કામ નહિ આ. સમજાણું કાંઈ?

'**તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.**' લ્યો! અહીં એટલું લીધું. ઓલામાં બેય લીધું હતું. પરિણમન થતું હોય તો બાકીનું અન્ય દ્રવ્ય શું? જ્ઞાનનું કે સ્વભાવનું થઈ શક્યું? અથવા શું તે જ્ઞાન અન્ય દ્રવ્યનું થઈ શકે? એમ બેય વાત લીધી. પછી આ એક સરવાળો કર્યો. પરને જાણતા શું જ્ઞેય આનું થઈ ગયું? બસ, એટલું. આહાહા..! આવું નક્કી કરે તો એને શાંતિ થાય અને સમાધાન થાય અને સંતોષ થાય અને પરપણું માન્યું એ અટકી જાય. આહાહા..! ઊભા કરે છે ને લાકડા જ્યાં ત્યાં સરખાઈના. સખ આવતું નથી.

'**ભાવાર્થ :- શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે...**' એટલે વાસ્તવિક ચૈતન્યનો સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ છે એમ જોવામાં આવે '**તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી,...**' જરા પણ પૃથ્વીનો અંશ પ્રકાશપણે થાય એમ બનતું નથી. '**તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે...**' એ તો એનો સ્વભાવ છે જાણવું એ. પોતાપણે રહી, પરપણે ન થઈ, પરનો જેવો સ્વભાવ તેવું પોતામાં રહીને જાણવાનો સ્વભાવ છે.

'**પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાન સ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે,...**' સ્વયમેવ ઝળકે એટલે જેવું છે તેવું જ્ઞાન (થાય છે). એ પાછો દાખલો આપ્યો તમારો. એય..! જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેય શેનું? પણ જ્ઞેય જણાય પણ જ્ઞેયરૂપે થઈ જાય એવો જ્ઞેયનો સ્વભાવ છે? આવે છે ને પ્રવચનસારમાં? જ્ઞાન પરને ન જાણે તો એ જ્ઞાન શેનું? જ્ઞાનનું જ્ઞાનત્વ-પણું. અને જ્ઞેય ન જણાય આમાં તો એ જ્ઞેયનું જ્ઞેયત્વ શું? પણ જણાણું એટલે? કે તીખું થઈને જણાણું? પરનું થઈને જણાણું? અને જ્ઞાન પરનું થઈને જાણે? એમ ક્યાંથી આવ્યું?

'**સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી.**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહાહા..! જાણનાર ભગવાન જાણે છતાં તેમાં રાગ જણાય છતાં રાગનો જ્ઞાનમાં પ્રવેશ નથી. શરીરને જાણે જ્ઞાન છતાં જ્ઞાનમાં શરીરનો પ્રવેશ નથી. આઠ કર્મ છે એમ જ્ઞાન જાણે, છતાં કર્મનો જ્ઞાનમાં પ્રવેશ નથી. કહો, સમજાણું કાંઈ? એમ મકાન, સ્ત્રી, પુત્ર, દીકરાઓ, આ છે એમ જ્ઞાન જાણે. છતાં એ જ્ઞેયનો પ્રવેશ જ્ઞાનમાં નથી. છતાં અદ્ધરથી માની બેસે એ મારા, એ મિથ્યાત્વ ભ્રમ અને અજ્ઞાન છે, એમ કહે છે. આહાહા..! દુઃખને વ્હોરે છે. પથરો ઉપાડીને માથા ફોડે છે.

એક ફેરી અમારે પાલેજમાં જોડે હતો ઘાંચી. ઘાંચી આ નહિ હોં મુસલમાન નહિ, હિન્દુ. હિન્દુ ઘાંચી ત્યાં થાય છે ને? સુરત અને ભરૂચમાં હિન્દુ થાય છે. પછી કીધું તો લેતી જા.. લેતી જા... એમ કરે. અમે છોકરાઓ. અમે બહાર રમતા હતા. કીધું, લેતી જા તો મારતા હશે? પાટીયા હોય. આ બારણા ન હોય ત્યાં. પાટીયા આવડા હોય આડા. વચ્ચે કાણા હોય. લેતી જા. લેતી જા. પોતે માથા ફોડતો હતો. કહે, લેતી જા... લેતી જા. ગોવર્ધન ગાંધી હતો ઘાંચી. એમ આ લેતી જા.. લેતી જા... પોતે માથા ફોડે છે મફતનો એમ કહે છે. એ જ્ઞેય આનું થાતું નથી, જ્ઞાન એનું થાતું નથી. છતાં મારા.. મારા.. માથા ફોડે છે એમ કહે છે. પથરા ફૂટે છે. અમુલખભાઈ! એમ છે?

'**હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :-**' એ પૂર્વની ગાથાની વાત કરી. સેટિકાની વાત થઈ. '**હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :**'

**रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्**
**ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां याति बोध्यम्।**
**ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं**
**भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः।।२१७।।**

આહાહા..!

'**શ્લોકાર્થ :- ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે.**' જુઓ! શું કહે છે? જ્ઞાનમાં જ્ઞેયપણું જાણવું એ તો જ્ઞેયપણું જ્ઞેયપણું રહીને અને જ્ઞાન જ્ઞાન થઈને. પણ જ્ઞાન જ્ઞેયને જાણતા આ ઠીક અને અઠીક એવી રાગ-દ્વેષની ઉત્પત્તિ કરે છે એ જ્ઞેયને જ્ઞેયપણે રાખતો નથી અને જ્ઞાનને જ્ઞાનપણે રાખતો નથી. સમજાણું કાંઈ? '**ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે (-ઉત્પન્ન થાય છે) કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય...**' જ્ઞાન જ્ઞાનરૂપ જાણવા-દેખવાપણે અંતરમાં સ્વભાવપણે ન પરિણમે '**અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે.**' એટલે જ્ઞેય મારું છે એમ છૂટી અને જ્ઞેય જ્ઞેયપણે રહી જાય ત્યારે તેને રાગ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દ્વેષ ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ?

**'ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ...'** આ તો જ્ઞાતા-દૃષ્ટા છે આત્મા તો. એમ કહે છે. અને જ્ઞેય જ્ઞેયરૂપે છે. પણ જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાતા-દૃષ્ટાપણે રહે અને જ્ઞેય જ્ઞેયપણે થાય, (એમ) ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય. એમ કહે છે. જ્ઞાતા જ્ઞાતાપણે રહે, જ્ઞેય જ્ઞેયપણે રહે તો રાગ-દ્વેષની ઉત્પત્તિ નથી. પણ જ્ઞાતા જ્ઞાતાપણે ન રહે અને જ્ઞેયપણાને રાખે નહિ, આ મારું અને આ તારું એમ કલ્પના કરે ત્યાં સુધી જ્ઞેયને જ્ઞેયપણે રાખ્યું નથી, જ્ઞાનને જ્ઞાનપણે રાખ્યું નથી. ભાગલા પાડે છે. જ્ઞેય છે એક જ રૂપે છે-જણાવાયોગ્ય. એમ કહે છે. અને જ્ઞાન એક જ છે-જાણવાયોગ્ય. એવું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એને આ જ્ઞેય મારું અને આ જ્ઞેય તારું. આ મારું અને આ મારું નહિ. એવો અજ્ઞાની રાગ-દ્વેષનો દ્વંદ્વ ઊભો કરે છે. સમજાણું કાંઈ?

ખરેખર તો આત્મા જાણનાર-દેખનાર જાણનાર-દેખનારપણે ન થાય અને જ્ઞેયને જ્ઞેયપણે એકરૂપે જ્ઞેયને ન રાખે ત્યાં સુધી એને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય. એમ કહે છે. પણ જ્ઞાન જાણવાપણે ન રહે અને જ્ઞેયના ભાગલા પાડે. આ ઠીક.. આ અઠીક.. આ ઠીક.. આ અઠીક. ત્યાં તો ઠીક-અઠીક છે નહિ કાંઈ જ્ઞેયમાં. સમજાણું? જ્ઞાનમાં એવું નથી ઠીક-અઠીક કરવું એવું જ્ઞાનમાં પણ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન સ્વરૂપમાં ઠીક-અઠીકપણું થાય એવું જ્ઞાનમાં નથી. જ્ઞેયમાં ઠીક-અઠીકપણું નથી. પણ વચ્ચે ઊભો કરે છે જાણતાં કે આ મારા અને આ નહિ. એવા જ્ઞેયના ભાગ પાડતા ત્યાં રાગ-દ્વેષ થઈને ત્યાં જ્ઞાનમાં ખંડ થઈ જાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! કઈ શૈલીએ વાત કરે છે, જુઓ!

કહે છે, **'ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે.'** એટલે જ્ઞાનમાં જાણવાપણું ન કરે અને જ્ઞેયમાં જણાવાપણું છે એટલું ન રાખે ત્યાં સુધી આ જ્ઞેય મારું અને આમાં સુખ છે ને આમાં દુઃખ છે, આ ઠીક છે, આ અઠીક છે એવી ભ્રાંતિથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય. આ એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આટલાના તો મારે કરવા જોઈએ, એટલા અમારા છે એના કામ. ફલાણાના ન થાય તો કાંઈ વાંધો નહિ. એવા જાણવા યોગ્યના બે ભાગ પાડે છે, કહે છે. નેમિદાસભાઈ! સગાવ્હાલાનું હોય ત્યાં સુધી તો કરવું પડે કે નહિ? ગમે તે બગડે આપણું પોતાનું, કાળ ગમે એટલો જાય. પણ દાખલો આપે તો સહેલો પડે કે નહિ સમજવામાં? ન્યાલચંદભાઈ!

કહે છે કે એ ભાગલા પાડે છે ને આટલાનું કરવું જોઈએ, આટલાનું. એ તો જાણવા યોગ્ય જ છે. એમાં કોઈ બે ભાગ છે નહિ. આ મારા અને તારા એમાં છે નહિ. છે રજિસ્ટર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અંદર? કે આ ચીજ આની અને આ ચીજ નહિ, એવું છે એમાં? એ તો જાણવાયોગ્ય વસ્તુ છે બધી. શરીર, બાયડી, છોકરા, કુટુંબ, રાગ આદિ બધી ચીજો ફક્ત જાણવાયોગ્ય છે. એના જ્ઞાનને જ્ઞાનરૂપ રાખતો નથી એટલે? જાણનાર જ છું. આ બે ભાગ પાડવા એ જ્ઞેયમાં નથી અને બે ભાગ પાડીને ઠીક-અઠીક થવું એવું જ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ?

'**ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ...**' જુઓ! એકપણું જ્ઞાનનું ન કરે. જ્ઞેયને એકપણે જાણવાનો ભાવ ન રાખે ત્યાં સુધી દ્વંદ્વ ઉત્પન્ન થાય છે. દ્વંદ્વ નામ રાગ અને દ્વેષ. મિથ્યાત્વના રાગ-દ્વેષ લીધા છે હોં અહીંયાં. ભ્રાંતિના રાગ-દ્વેષ. જ્ઞાન જ્ઞાન છે એને જાણવાપણે ન રાખે, જ્ઞેય જ્ઞેય છે એમ આખો ઢગલો જ્ઞેયપણે ન રાખે. એમાં ભાગલા પાડી દે છે કે આ ઉપર બરાબર નજર કરવા જેવી છે, મારા છે. આ ઉપરનું કાંઈ નહિ. એમ ભાગ પાડે છે તો અંદર જ્ઞાનમાં એકરૂપે જાણવાનો સ્વભાવ તેના ભાગ પાડીને મિથ્યાત્વ થઈ ગયું. અને મિથ્યાત્વ થતાં જ્ઞેય જણાવા એકલા છે એના બે ભાગ પાડી દીધા. જેઠાલાલભાઈ! આહાહા..! સમજાણું આમાં? કહો, ભારે વાત કરે છે. આ દયા પાળવા જેવું છે અને મારવા જેવું છે, એ બધું નથી આમાં, અહીં તો એમ કહે છે. એ તો કહે છે, જ્ઞેય છે એમ કહે છે. જ્ઞેયમાં બે ભાગલા પાડે છે ને ત્યાં સુધી મિથ્યાત્વથી રાગ-દ્વેષ થયા વિના (રહે નહિ). ત્યાં સુધી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય. એવી ઝીણી વાત. વસ્તુમાં એ નથી એનામાં અને તારામાં એ નથી. પણ જ્યાં સુધી જ્ઞાનને જ્ઞાનરૂપે રાખતો નથી, જ્ઞેયને જ્ઞેયરૂપે જે રીતે રાખતો નથી ત્યાં સુધી દ્વંદ્વ ઉત્પન્ન થાય અંદરથી રાગ-દ્વેષનું. વજુભાઈ! આહાહા..!

'**માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને,...**' જુઓ! ઓલો અજ્ઞાનભાવ. અહીં અજ્ઞાનની જ વાત છે. જ્ઞાન જાણવું તરીકે એક જ કામ છે એનું, બસ. અને જ્ઞેય જણાય એવું કામ એનું છે. એને ઠેકાણે બે ભાગલા પાડી દે કે આ મારે સેવવા યોગ્ય છે અને આ મારે સેવવા યોગ્ય નથી. આ મારે દયા પાળવા જેવું છે અને આ દયા પાળવા જેવું નથી. આ મારા કહેવાય દેવ-ગુરુ અને આ બાયડી-છોકરા મારા ન કહેવાય. એમ જ્ઞેયમાં ભાગલા પાડે છે ત્યાં સુધી મિથ્યાત્વનો અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય છે. ભારે વાત ભાઈ! કઈ રીતથી બતાવે છે?

'**માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ-કે જેથી ભાવ-અભાવને (રાગ-દ્વેષને) અટકાવી દે તો પૂર્ણસ્વભાવ (પ્રગટ) થાય.**' એટલે ઉત્પાદ-વ્યય જે રાગ-દ્વેષ થાય છે તે મટે. હું જ્ઞાન જ્ઞાન જ છું, જ્ઞેય જ્ઞેય જ છે. એ તો જાણવા લાયક જાણવા લાયકમાં. ક્યાંય જાણવા લાયકમાં ફેર એમાં પણ નથી. મારે જાણનાર-જાણનારમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારામાં ખંડ અને ફેર કાંઈ નથી. એમ જાણનાર-જાણનાર રહે અને અજ્ઞાન દૂર કરીને જ્ઞેયને જ્ઞેય તરીકે રાખે તો તેને રાગ-દ્વેષ ઉત્પન્ન ન થતાં જ્ઞાન પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૮, શનિવાર તા. ૯-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૧૭, ગાથા-૩૬૬ થી ૩૭૧, પ્રવચન-૪૨૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૧૭ કળશનો ભાવાર્થ છે થોડો.

'**ભાવાર્થ :- જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય, જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય, ત્યાં સુધી રાગદ્વેષ ઊપજે છે;...**' એ વાત આવી ગઈ છે બધી. એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્મા રાગાદિ પરપદાર્થને જ્ઞેય તરીકે જાણતાં જ્ઞેય થઈને જાણતું નથી. સમજાય છે કાંઈ? જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ આત્મા એ જ્ઞાન જ્ઞેયને એટલે પુણ્ય-પાપના રાગને, શરીર-વાણી આદિને જાણતાં જ્ઞાન જ્ઞાનમાં રહીને રાગરૂપે નહિ થઈને, ભિન્ન રૂપે રહીને જ્ઞાન જાણે છે. અને જ્ઞેય જ્ઞેયરૂપ, જ્ઞેય છે રાગાદિ શરીરાદિ જાણવાયોગ્ય પદાર્થ છે. એ કાંઈ જ્ઞાનમાં જણાતા એ જ્ઞેય જ્ઞાનરૂપ થઈને જણાતા નથી. સમજાણું કાંઈ?

જ્ઞાન જાણતાં જ્ઞેયરૂપ થઈને જાણતું નથી, તેમ જ્ઞેય જણાતા જ્ઞાનરૂપ થઈને જણાતા નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના ગુણથી ભરેલો આત્મા છે એનું જ્ઞાન વર્તમાનમાં પરિણમતા પરને જાણતાં એમ કહેવું એ વ્યવહાર છે. પણ પરને જાણતાં પરરૂપ થઈને જાણે છે? પરરૂપ થઈને જાણે તો આત્મા રાગમય, શરીરમય, જડમય થઈ જાય. સમજાય છે કાંઈ? અને જ્ઞેય શું ચૈતન્યના જ્ઞાનમાં આવે છે કે જે જ્ઞેય અહીં જણાણા તો એ જ્ઞેય અહીં આવ્યું છે? નથી આવ્યા ને? ઠીક! કહો, સમજાણું આમાં? આ તો ચીમનભાઈ યાદ આવ્યા.

તીખું તીખું જાણતાં તીખું જાણતાં જ્ઞાન (તીખું થઈ જાય છે?) એ તમારો જ દાખલો આપ્યો હતો. એમ કે જ્ઞેય ન જણાય તો એ જ્ઞેય શેનું? પણ જ્ઞેય ન જણાય એનો અર્થ શું? પ્રવચનસારમાં આવે છે ને? જ્ઞાનનું જ્ઞાનત્વ જ્ઞાન ક્યારે? જ્ઞાન ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું? અને જ્ઞેય ન જણાવે તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું? પણ એનો અર્થ કાંઈ એવો નથી કે જે તીખું અને ગળ્યું જાણતાં તીખા-ગળ્યા સંબંધીનું પોતાના જ્ઞાનને જાણતા તેનું જ્ઞાન થયું એ કાંઈ ગળ્યું અને તીખારૂપ થયું નથી જ્ઞાન. સમજાણું કાંઈ? આ તીખું છે એવું જે જ્ઞાન તીખાને અડ્યા વિના પોતાના જ્ઞાનને સ્પર્શીને જે જ્ઞાન પરિણમે છે એ તો તીખા સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન છે. એ તીખું છે માટે અહીં જ્ઞાન છે, જ્ઞેય છે માટે જ્ઞાન છે એમ નથી. અને જ્ઞાન છે માટે ત્યાં જ્ઞેયને ઉપસ્થિતપણું આવવું પડ્યું, ટકવું પડ્યું, રહેવું પડ્યું એમ પણ નથી. સમજાય છે કાંઈ?

'**જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય,...**' એટલે કે પરને જાણતાં છતાં જ્ઞાન જ્ઞાનરૂપ થઈને જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. પણ જ્યારે એમ માને કે હું આ તો... પરને જાણતા રાગ-દ્વેષ કરીને, રાગ-દ્વેષમાં એકત્વ કરીને જાણે છે એ જ્ઞાન જ્ઞાનરૂપ ન થયું. સમજાણું કાંઈ? રાગમાં એકત્વ થઈને અને આ આમાં પર્યાયદૃષ્ટિમાં રહીને, પરના લક્ષે રહીને જે જાણે છે એ જ્ઞાન જ્ઞાનરૂપે ન થયું. એ તો જ્ઞાન પોતાના સ્વરૂપથી ખસી અને રાગ અને પરની એકત્વબુદ્ધિમાં ભ્રમણાપણે પરિણમ્યું છે એ. અને જ્ઞેય જ્ઞેયરૂપે ન થાય એમ કહ્યું ને? જ્ઞેય જ્ઞેયરૂપે ન થાય. એટલે કે રાગ અને શરીરાદિ છે તે તે રૂપે છે. એને એ રૂપે ન થાય અને જ્ઞેયને મારું છે અને જ્ઞેય છે તો હું જ્ઞાન કરું છું એમ થાય ત્યાં સુધી જ્ઞેયને જ્ઞેયરૂપે રાખ્યું નથી. ઝીણું ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**ત્યાં સુધી રાગદ્વેષ ઊપજે છે;...**' એટલે જ્ઞેય અને જ્ઞાન ભિન્ન છે અને ચૈતન્યની સ્વદૃષ્ટિએ થતાં સ્વપરનું જ્ઞાન પોતાના અસ્તિત્વમાં થાય છે. પરને કારણે નહિ. એમ જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી રાગ-દ્વેષ ઊપજે છે. સમજાય છે કાંઈ? આ મને ઠીક છે. જ્ઞેયના ભાગ પાડે છે એમ કહે છે. જ્ઞેય તો જ્ઞેયરૂપ છે. એમાં ભાગ પાડે કે આ ઠીક-અઠીક એ જ્ઞેયરૂપે ન રાખ્યું એને. અને જ્ઞાનને જ્ઞાનરૂપે ન રાખ્યું. જ્ઞાન તો જાણે જ છે અખંડપણે. જાણવું એટલું જ એનું કામ છે. જ્ઞેયને આખા જ્ઞેયની એકરૂપતા છે. એમાં બેરૂપતા નથી. આ ઠીક અને આ અઠીક એવું જ્ઞેયમાં છે? તો કહે છે કે ઠીક-અઠીક જ્યાં સુધી કલ્પે છે ત્યાં સુધી જ્ઞાનને જ્ઞાનરૂપે ન રાખ્યું અને જ્ઞેય જ્ઞેયરૂપે છે એને જ્ઞેયરૂપે ન રાખ્યું. સમજાણું કાંઈ?

'**માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને,...**' પોતે જે પરને જાણતા જાણે હું પરરૂપ થયો અથવા પર જાણતા એ પર મારારૂપ થયા એવું જે અજ્ઞાન માનેલું છે એને દૂર કરી '**જ્ઞાનરૂપ થાઓ,...**' એ તો ચૈતન્ય જાણનાર... જાણનાર... જાણનાર... એ રૂપે થાઓ અને એ રૂપે છે '**કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ...**' એટલે રાગ-દ્વેષ '**બે અવસ્થાઓ થાય છે...**' ખંડ ખંડ '**તે મટી જાય અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય. એ પ્રાર્થના છે.**' આચાર્યની પણ એ પ્રાર્થના છે. સમજાણું કાંઈ?

હવે '**જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે,...**' જરી બીજી વાત લે છે. અજ્ઞાની શબ્દરૂપ, રસ, ગંધ, સ્પર્શ, કર્મ અને કાયા તે વિકારમાં નિમિત્ત છે તેને દૂર કરવા, હણવા, એને મૂકવા માગે છે. પણ એ નિમિત્તનો દોષ નથી. દોષ તો પોતે પર્યાયદૃષ્ટિએ ઉત્પન્ન કરેલો છે. એને ઠેકાણે નિમિત્તને હણું, નિમિત્તને દૂર કરું, આને દૂર કરું. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, કર્મ અને કાયા. ત્રણ બોલ લેશે. સમજાય છે કાંઈ? એ ત્રણને દૂર કરું એટલે કે એને ઘાત કરું એટલે એને વેગળા કરું તો મારા દોષ ટળે. એમ છે નહિ, કહે છે. દોષ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં નથી. તેમ ગુણ ત્યાં નથી પરમાં. જ્યાં ગુણ હોય ત્યાં દોષ હોય. ત્યાં ગુણ નથી કે ત્યાં હણાય તારા દોષરૂપ ભાવ થઈને. સમજાય છે કાંઈ? ઝીણી અટપટી વાત છે થોડી આ.

**'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી...'** કહો, જ્ઞાન-દર્શન અને આનંદ એ કોઈ રાગમાં, દેહની ક્રિયામાં, શરીરની ક્રિયામાં, શરીરની પર્યાયમાં, કાયાની પર્યાય, કર્મની પર્યાયમાં કે વિષયની પર્યાયમાં એ છે નહિ. **'એમ જાણતો હોવાથી સમ્યગ્દષ્ટિને...'** ધર્મીને **'વિષયો પ્રત્યે રાગ થતો નથી;...'** કારણ કે જ્યાં આત્મા આનંદ ગુણ સ્વરૂપ છે ત્યાં પ્રેમ છે, ત્યાં દૃષ્ટિ છે તેથી તેને વિષયો પ્રત્યે રાગ થતો નથી. કેમ કે ત્યાં ગુણ નથી. સમજાય છે કાંઈ?

એ **'કોઈ ગુણ પરદ્રવ્યોમાં નથી એમ જાણતો હોવાથી સમ્યગ્દષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી;...'** શબ્દો, રૂપ આદિ રસ ગંધ અને કર્મ કે કાયામાં કાંઈ રાગદ્વેષ નથી. સમજાણું કાંઈ? **'તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.'** નિમિત્તો ગમે તે સ્થિતિમાં હોય તો નિમિત્તને દૂર કરવાથી કાંઈ અજ્ઞાનપણું ટળતું નથી. સમજાણું કાંઈ? અજ્ઞાન તો પોતાનો ચૈતન્ય શુદ્ધ ધ્રુવ સ્વરૂપ એના આશ્રયનો અભાવ અને પર્યાયબુદ્ધિનો ભાવ એને લઈને રાગદ્વેષ થાય છે. અહીં રાગદ્વેષ અજ્ઞાનથી થાય એ સિદ્ધ કરવું છે. પછી જ્ઞાનીને રાગદ્વેષ થતાં નથી. સમજાણું કાંઈ?

**'માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.-આવા અર્થની ગાથાઓ કહે છે :'** લ્યો!

**दंसणणाणचरित्तं किंचि वि णित्थि दु अचेदणे विसए।**
**तम्हा किं घादयदे चेदयिदा तेसु विसएसु।।३६६।।**
**दंसणणाणचरित्तं किंचि वि णित्थि दु अचेदणे कम्मे।**
**तम्हा किं घादयदे चेदयिदा तेसु कम्मम्हि।।३६७।।**
**दंसणणाणचरित्तं किंचि वि णित्थि दु अचेदणे काए।**
**तम्हा किं घादयदे चेदयिदा तेसु काएसु।।३६८।।**
**णाणस्स दंसणस्स च भणिदो घादो तहा चरित्तस्स।**
**ण वि तहिं पोग्गलदव्वस्स को वि घादो दु णिद्दिट्ठो।।३६९।।**
**जीवस्स जे गुणे केइ णत्थि खलु ते परेसु दव्वेसु।**
**तम्हा सम्मादिट्ठिस्स णत्थि रागो दु विसएसु।।३७०।।**
**रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**एदेण कारणेण दु सद्दादिसु णत्थि रागादी।।३७१।।**

નીચે હરિગીત.

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.**
**છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,**
**ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્‌ગલદ્રવ્યનો. ૩૬૯.**
**જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,**
**તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.**
**વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,**
**તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.**

એ ટીકાનો જરી કૌંસ છે માથે. દોઢ-બે લીટીનો. '**(રાગદ્વેષાદિ સમ્યગ્દષ્ટિ આત્મામાં નથી...**' કેમ કે સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ અનંત આનંદ આદિ ગુણ ઉપર છે. સમજાય છે કાંઈ? અનંત શાંતિ, આનંદ આદિ આત્મા એના ઉપર દૃષ્ટિ હોવાથી સમ્યગ્દષ્ટિને રાગદ્વેષ નથી. સમજાણું કાંઈ? '**તેમ જ જડ વિષયોમાં નથી,...**' ત્યાં કાંઈ ગુણ નથી જડમાં કે જેની ઊલટી અવસ્થા જડમાં હોય. સમજાય છે કાંઈ? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, કાયા ને કર્મ ત્રણ અહીં તો લીધા છે. એમાં કાંઈ ગુણ નથી કે જેથી વિપરીત અવસ્થા ત્યાં હોય. જ્યાં ગુણ હોય ત્યાં પર્યાયબુદ્ધિએ વિપરીત અવસ્થા ઉત્પન્ન થાય. જ્યાં ગુણદૃષ્ટિ નથી, દ્રવ્ય વસ્તુદૃષ્ટિ નથી, ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ છે એવી દૃષ્ટિ નથી ત્યાં અવગુણ થઈને ગુણનો ઘાત થાય. પરમાં તો ગુણ નથી તો ઘાત પરમાં ક્યાં થાય?

'**માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.**' નિમિત્તમાં નથી, સમ્યગ્દષ્ટિને નથી. સમજાય છે કાંઈ? એ અજ્ઞાન, મિથ્યા રાગદ્વેષ ભાવ એ પાંચ વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં નથી, કર્મમાં નથી, કાયામાં નથી. એ રાગદ્વેષ ત્યાં નથી. કારણ કે ગુણ હોય ત્યાં વિપરીત અવસ્થા હોય. તેમ સમ્યગ્દષ્ટિને નથી. કેમ કે સમ્યગ્દષ્ટિનો વિષય તો ગુણ, દ્રવ્ય સ્વભાવ છે. એમાં નથી. એટલે સમ્યગ્દષ્ટિને વિષય પ્રત્યે રાગ નથી અને જ્યાં પ્રેમ છે ત્યાં દોષ નથી. સમજાણું કાંઈ? ત્રણ સિદ્ધાંત આમાં તો સિદ્ધ કરે છે આ શ્લોકોમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**રાગદ્વેષાદિ સમ્યગ્દષ્ટિ આત્મામાં નથી...**' એટલે? આત્મા જે છે એ તો જ્ઞાનાનંદ મૂર્તિ છે એવી દૃષ્ટિ છે ધર્મીની. એટલે ધર્મીના વિષયમાં, વિષય દ્રવ્ય છે. એમાં દોષ છે નહિ. એને તો ગુણની જ ઉત્પત્તિ છે. દોષ તો છે જ નહિ. અને એ દોષ જડમાં નથી. કારણ કે ત્યાં ગુણ નથી તો વિપરીત અવસ્થા નથી. એ તો દોષમાં નિમિત્ત હતા ફક્ત. નૈમિત્તિકપણે આત્માનો સ્વભાવ ભૂલી અને પર્યાય રાગાદિ બુદ્ધિ કરી અને જે અજ્ઞાનપણે ઉત્પન્ન થતાં ત્યારે તો ઓલી ચીજને નિમિત્ત કહેવાતી. એટલે એમાં કાંઈ દોષ છે નહિ. દોષ નથી વસ્તુમાં, દોષ નથી પરમાં. સમજાણું કાંઈ? દોષ નથી સ્વદ્રવ્યમાં, દોષ નથી પરદ્રવ્યમાં. એમ કહે છે અહીં. આહાહા..! દોષ છે ક્યાં? કે પોતાનો જ્ઞાયકભાવ ભૂલીને અજ્ઞાનભાવે ઉત્પન્ન કરેલા રાગદ્વેષ ત્યાં દોષ છે. કહો, સમજાય છે કાંઈ આમાં? એની ટીકા. પાઠનો ન્યાય પછી આપશે. અમૃતચંદ્રાચાર્ય જરી સિદ્ધાંત હળવો અને સહેલો થવા માટે દાખલો આપે છે.

'**ટીકા :- ખરેખર જે જેમાં હોય...**' જે જેમાં. જેમાં એ આધાર છે અને જે તે આધેય છે. જે જેમાં. જે જેમાં હોય. જે એટલે આધેય, જેમાં (એટલે) આધાર. '**તે તેનો ઘાત થતાં...**' તે તેનો ઘાત થતાં '**હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે),...**' છે ને? '**જે જેમાં હોય તે...**' તે એટલે ઓલો આધેય. '**તેનો ઘાત થતાં...**' એટલે આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ. આવા દાખલા ભારે ભાઈ! કહો, સમજાણું કાંઈ? દાખલો આપે છે હવે સહેલો થવા માટે.

'**જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે;...**' દીવાનો ઘાત થતાં દીવામાં રહેલો પ્રકાશ (પણ હણાય છે). કારણ કે દીવો છે આધાર. પ્રકાશ છે એ આધેય. જો દીવો હણાય તો પ્રકાશ હણાય. કહો, બરાબર છે? '**દીવાનો ઘાત થતાં પ્રકાશ હણાય છે; તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે...**' હવે જેમાં જે હોય. એવા અહીં આધેયથી આવ્યું પાછું. '**જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે),...**' પહેલો આધારનો ઘાત થતાં આધેયનો કીધો. હવે આધેયનો ઘાત થતાં આધારનો કીધો.

'**જેમ દીવાનો ઘાત થતાં પ્રકાશ હણાય છે;...**' એ આધારનો ઘાત થતાં આધેયનો કીધો. '**પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે.**' એ આધેયનો ઘાત થતાં આધારનો (ઘાત) થયો. આધેય ને આધાર ને ક્યાં હશે આ બધું? જાધવજીભાઈ! આવું બધું સાંભળ્યું પણ નહિ હોય વાડામાં. વાત બરાબર છે. કહો, સમજાણું આમાં? જેમાં જે હોય. એટલે જેમાં એટલે દીવામાં પ્રકાશ હોય. તો દીવો હણાતા પ્રકાશ હણાઈ. અને જે જેમાં હોય, પ્રકાશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેમાં હોય, તો પ્રકાશ હણાતા આધાર પણ-દીવો પણ હણાય જાય. કહો, સમજાય છે આમાં ન્યાય?

'**જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે.**' પ્રકાશ આધેય હતો ને? '**વળી જે જેમાં ન હોય...**' નકારથી આવે છે હવે. '**તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટનો ઘાત થતાં ઘટ-પ્રદીપ હણાતો નથી;...**' ગરબો-ગરબો નથી થાતો? આસો મહિનામાં ગરબા થાય છે કે નહિ? કાણા પાડીને. ચંદુભાઈ! જોયા છે કે નહિ? કાણાવાળો ગરબો હોય છે ને? '**જેમ ઘટનો ઘાત થતાં...**' એ ઘડો ફૂટી ગયો. લ્યો. પણ વચ્ચે ઓલો દીવો હોય તે એમ ને એમ રહી જાય. '**ઘટનો ઘાત થતાં ઘટ-પ્રદીપ હણાતો નથી;...**' ઘટમાં રહેલો કાંઈ દીવો હણાતો નથી. બરાબર છે? ઘટ હણાતા ઘટમાં રહેલો દીવો હણાતો નથી.

'**તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી,...**' એટલે ઘટપ્રદીપનો ઘાત થતાં ઘડામાં રહેલા દીવાનો ઘાત થતાં ઘડો હણાતો નથી. દીવો ઓલવાઈ જાય અને ઘડો એવો ને એવો રહે. ઘડો ફૂટી જાય અને દીવો એવો ને એવો રહે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. આ તો બધી પંડિતાઈની વાતું, કોઈ કહે છે. લોકોને સહેલું પડે એ અપેક્ષાએ વાત કરી છે. '**જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં...**' ઘટ-પ્રદીપ એટલે ઘડામાં રહેલા દીવાનો ઘાત થતાં ઘડો હણાતો નથી. '**(એ પ્રમાણે ન્યાય કહ્યો.)**' હવે સિદ્ધાંત.

'**હવે, આત્માના ધર્મો-**' જુઓ! અહીં ધર્મ શબ્દ વાપર્યો છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. સમજાણું? પાઠમાં તો છે દર્શન, જ્ઞાન, ચારિત્રાણી. અહીં શબ્દ આડોઅવળો કેમ નાખ્યો? '**આત્માના ધર્મો-દર્શન, જ્ઞાન અન ચારિત્ર-**' એમ છે ને? બરાબર છે. આત્માના ધર્મો.. છે દર્શન-જ્ઞાન-ચારિત્ર. '**દર્શન, જ્ઞાન અને ચારિત્ર-પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી...**' શું કહે છે? આ શરીર જીર્ણ થઈ જાય... સમજ્યા ને? વાણી બંધ થઈ જાય. એથી પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં અંદર ગુણ હણાતા નથી. કહો, સમજાણું કાંઈ? રાગાદિનો વ્યવહાર પણ બંધ થતાં, શરીરની ક્રિયા બંધ થતાં, વાણી આદિની ક્રિયા બંધ થતાં કાંઈ ગુણ ઘાત થતો નથી. શું કહ્યું? હવે આ સિદ્ધાંત જરી (કહે છે).

દર્શન અને જ્ઞાન, ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે. ધર્મ એટલે આત્માનો સ્વભાવ. એ આત્માનો સ્વભાવ. સ્વભાવવાન અને આ સ્વભાવ. એ '**પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં...**' શરીર જીર્ણ થઈ જાય, મન મોળું પડી જાય, વાણી રહે નહિ. સમજાણું? અને રાગનો પણ અભાવ થઈ જાય. છતાં કાંઈ દર્શન-જ્ઞાનનો ઘાત થતો નથી. કારણ કે એમાં ગુણ નથી. એમાં આત્મા નથી અને એમાં ગુણ નથી. ગુણ તો આત્મામાં છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? પંચેન્દ્રિયના વિષયની અભિલાષ, કર્મની મમતા અને કાયાની મમતા. હવે ઓલી ચીજ ખસી જાય એથી કાંઈ દોષ નાશ થઈ જાય છે? અથવા આત્માના ગુણોનો ઘાત થાય છે? સમજાય છે?

'**દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી...**' એમ. એ મોળા પડી જાય છતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતા નથી. કેમ કે જ્ઞાન-દર્શન-ચારિત્ર જે આત્માનો સ્વભાવ છે, ત્યાં જેની દૃષ્ટિ છે આત્મા ઉપર એને આ બધું મોળું પડવા છતાં એ હણાતા નથી. કહો, બરાબર છે આ? ભગવાન આત્મા એના દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવ છે. કહે છે કે પુદ્‌ગલદ્રવ્યને તું દૂર કરી દે, હઠાવી દે કે ઘાત થાય કે સળવળાટ થાય એથી કાંઈ તારા ગુણનો ઘાત થતો નથી. '**ઘાત થવા છતાં હણાતા નથી...**' પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવાં છતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતા નથી. શું કીધું સમજાણું કાંઈ? શરીર મંદ પડી જાય, ક્રિયા શરીરની ઓછી થઈ જાય, વાણી બંધ થઈ જાય. કહો, કર્મ કાંઈક કર્મ પણ પાતળા પડી જાય, એથી કાંઈ ગુણ ઘાત થાય છે? સમજાય છે? ગુણનો ઘાત તો જ્યાં ગુણ છે તેની દૃષ્ટિ ન રહે તો ઘાત થાય છે. સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી...**' ઓહોહો..! કેવી શૈલી મૂકી જુઓ! ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રના ધર્મ સ્વભાવવાળો છે અને એવી જ્યાં અંતર દૃષ્ટિ પડી છે એવા જીવને... સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ નથી ને હણાય છે જ્યાં. '**છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી...**' શરીર ને વાણી ને મનને એવી ને એવી ક્રિયા ઊભી હોય એની, એમ કહે છે. આ કહે છે... બીજી વાત કહેવા માગે છે. પંચ મહાવ્રતના પરિણામ હોય, દેહની ક્રિયા એવી હોય એ બધું ભલે ઊભું હોય. સમજાય છે? પણ દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં આ પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી. કીધું ને? '**દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી...**' એમ ને એમ રહે બધા. પંચ મહાવ્રતના પરિણામ, દેહની ક્રિયા એવું ને એવું ઊભું હોય. પણ દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થાય છે. અંદર વસ્તુની દૃષ્ટિમાંથી દૃષ્ટિ ખસી ગઈ છે. જ્ઞાયક સ્વરૂપમાંથી દૃષ્ટિ ખસી ગઈ છે. બીજી ક્રિયાઓ અને શુભ પરિણામ અને દેહની ક્રિયા એવી ને એવી ઊભી હોય ભલે. સમજાણું કાંઈ?

'**દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં...**' એટલે કે આત્મા જ્ઞાયકમૂર્તિ છે એવી દૃષ્ટિ ખસી જવા છતાં, જ્યાં ગુણ સ્વભાવ, ધર્મ સ્વભાવ ભર્યો છે એવો આત્મા એની દૃષ્ટિ ખસી જવા છતાં '**પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી...**' એ શરીર ને એવા ને એવા રહે છે. વાણી... કહો, સમજાય છે? '**(એ તો સ્પષ્ટ છે); માટે એ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પુદ્‌ગલદ્રવ્યમાં નથી...**' ત્યાં એમ ને એમ છે છતાં ત્યાં હણાતા નથી. અહીં હણાતું નથી. કારણ કે એમાં એ છે નહિ. **'એમ ફલિત (સિદ્ધ) થાય છે.;...**' સમજાણું આમાં?

ફરીને. આત્માના ધર્મો દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવા છતાં, શરીર, વાણી આદિ મનની પર્યાય મંદ પડવા છતાં હણાતા નથી. પોતાના ગુણો હણાતા નથી. કેમ કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. ઓલું ભલે મંદ પડી જાય બધું તોપણ અહીં હણાતું નથી. અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પર્યાયબુદ્ધિ થઈ, દ્રવ્યદૃષ્ટિ ગઈ. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયના વિષયો તરફની અભિલાષાની વૃત્તિ ઊભી થઈ. નિર્વિષય એવો ભગવાન આત્મા દૃષ્ટિમાંથી ખસી ગયો. પુણ્યાદિ પાપના વિકલ્પનો પ્રેમ જામ્યો. કહે છે, ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થયો. છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી. બહારની ક્રિયા એવી ને એવી બહારમાં દેખાય. શરીરની, વાણીની. કહો. એ સ્વાધ્યાય કરતો હોય એની. એય..! ભારે વાત ભાઈ! પંચ મહાવ્રતના પરિણામની, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પની એવી દેખાય. એ બધા પુદ્‌ગલ. અહીં હણાણું છતાં ત્યાં ન હણાણું. અહીં હણાય છતાં અહીં ન હણાણું. એ પહેલો સિદ્ધાંત કીધો. સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયબુદ્ધિમાં દોષ છે અને દ્રવ્યબુદ્ધિમાં વસ્તુમાં ધર્મમાં ગુણ ભર્યા છે એકલા. એથી નિમિત્તને દૂર કરવા માગે તો દોષ દૂર થાય એમ નથી. એ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આત્માના ધર્મો દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવાં છતાં હણાતા નથી. મન, વાણી, દેહ મંદ પડી ગયા, પુદ્‌ગલો મંદ પડી ગયા છતાં આત્માની દૃષ્ટિ ઊભી છે તો ત્યાં આત્માના ગુણનો ઘાત થતો નથી. (પુદ્‌ગલનો) ઘાત થવા છતાં દર્શન-જ્ઞાન હણાતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં...**' જેના સ્વભાવ છે તેની દૃષ્ટિ ખસી જવા છતાં બહારનું હણાતું નથી. વાણી, શરીર, એવી ક્રિયા રાગની મંદતા, પંચ મહાવ્રતાદિ કે જેને જે (હોય ઈ), એ પરિણામ બધું ઊભું હોય. દૃષ્ટિ ખસી ગઈ છે અંદર. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એવી અંતરથી દૃષ્ટિ ખસી ગઈ. એટલે ગુણનો ઘાત થયો. ગુણનો ઘાત થયો. છતાં બહારની ક્રિયા તો એવી ને એવી ઊભી હોય છે. પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી. પર્યાયબુદ્ધિએ દોષ અને દ્રવ્યબુદ્ધિએ ગુણ એમ સિદ્ધ કરવું છે અહીં, ભાઈ! કેવી શૈલી છે! ઓલા બેયને પહેલા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કર્યો ને? ત્યારે કહે, નિમિત્તને .. તો આમ થાય? કહે, ના. દોષ કાંઈ નિમિત્તને લઈને નથી. દોષ તો તારી પર્યાયબુદ્ધિને લઈને છે. અંશમાં ને રાગમાં ને દ્વેષના પ્રેમમાં પડ્યો છે તેથી અજ્ઞાનથી રાગદ્વેષ ઉત્પન્ન થયા. સમજાય છે કાંઈ? એવા દોષો ઉત્પન્ન થતાં, ગુણો હણાતા છતાં બહારનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સરખું ઊભું હોય શરીર, વાણી, મન, સ્વાધ્યાય આદિ બધું ઊભું હોય. હો. અંતર દ્રવ્યદષ્ટિ ખસી ગઈ છે, દોષ ઉત્પન્ન થયાં છે, ગુણનો ઘાત થયો છે અને છતાં બહારનો ઘાત થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ચંદુભાઈ!

આમ વસ્તુ એક સમયમાં અખંડ પરિપૂર્ણ પ્રભુ, એના ધર્મો એમાં રહ્યા છે. આત્મામાં એ છે. આત્માની જ્યાં દષ્ટિ છે ત્યાં આગળ પુદ્ગલાદિ મંદ હોય અને ક્રિયા આદિ બીજી જાતની હો છતાં એના ગુણ ઘાત થતાં નથી. પણ વસ્તુદષ્ટિ જ્યાં અંતર દ્રવ્ય જેમાં ધર્મો છે તેની દષ્ટિ ખસી ગઈ છે. ગુણનો ઘાત પર્યાયમાં પર્યાયબુદ્ધિથી થાય છે. તેને બહારના ભલે એવા ને એવા પુદ્ગલો અને સાધન, વેશ-ભેખ નગ્નપણું આદિ, જે હોય તે ભલે ઊભા હોય. કહો, સમજાણું કાંઈ? એ પ્રરૂપણા કરતો હોય, શાસ્ત્ર હાથમાં હોય અને વાત કરતો હોય બધી એવી ને એવી એમ કહે છે. શાસ્ત્રની. શાસ્ત્રની વાત છે આ હોં! ભલે ઊભો હોય. પણ અંતરમાં જ્ઞાન ચૈતન્ય ભગવાન તેની દષ્ટિ ખસી અને પર્યાયદષ્ટિ વડે ગુણનો ઘાત થાય છે. એથી આ ઘાત થઈ જાય એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

'**માટે એ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્ગલદ્રવ્યમાં નથી...**' કારણ કે એનો ઘાત થતાં એ હણાતું નથી અને અહીં હણાતા ત્યાં ઘટતું નથી. માટે એ જ્ઞેયમાં ગુણો નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્ગલદ્રવ્યમાં નથી એમ ફલિત (સિદ્ધ) થાય છે;...**' આહા..હા..! સાધુ હોય, શ્રાવક હોય. બહારના આચરણો એવા ને એવા ઊભા હોય સાથે સરખા. પણ વસ્તુની દષ્ટિથી દષ્ટિ ખસી ગઈ છે અને રાગની રુચિ નામ પ્રેમમાં પડ્યો છે. કહે છે, ગુણનો ઘાત થાય છે. છતાં બહારનું ભલે એવું ને એવું ઊભું હોય. પરનો ઘાત ન થાય. સમજાણું કાંઈ? અને બહારના ઘાત નામ બધું મંદ પડી ગયું હોય, સ્વાધ્યાય કરી શકતો ન હોય, વાણી ન હોય, કાંઈ ન હોય. અંતરના ગુણ જેમાં પડ્યા છે તેની દષ્ટિ અંતરમાં ખસી નથી, તેથી બહારનું હણાવા છતાં તેના ગુણો પર્યાયમાં હણાતા નથી. રતિભાઈ! ભારે ગાથામાં આવ્યા તમે બરાબર, હોં!

અહીં તો એમ જ કહે છે, નિમિત્તમાં દોષ નથી. દ્રવ્યદષ્ટિમાં દ્રવ્યમાં દોષ નથી. ફક્ત નિમિત્તની અને રાગની પ્રેમ-રુચિ છે ત્યાં અજ્ઞાનભાવમાં દોષ છે. અને દ્રવ્ય સ્વભાવની દષ્ટિએ જોતાં દ્રવ્યદષ્ટિમાં દોષ નથી તેથી સમકિતીને દોષ છે નહિ. તેમ પરમાં દોષ નથી. કારણ કે ગુણરૂપ દશા, ગુણ જ્યાં નથી તો ગુણની વિપરીતતા નથી એટલે ગુણ ત્યાં નથી. અને સમકિતીને વિષયમાં પ્રેમ નથી. જ્યાં પ્રેમ પડ્યો છે ત્યાં ગુણ છે. જ્યાં પ્રેમ નથી ત્યાં હવે વિષયમાં પ્રેમ રહેતો નથી. આ ઠીક હોય, આ રાગ આવો હોય તો આ ઠીક હોય કે આ ઠીક હોય એવું જ્ઞાનીને રહેતું નથી. એમ કહે છે. કહો, રતિભાઈ! ભારે વાતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ!

**'કારણ કે, જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત,...'** સમજાય છે કાંઈ? અંતરની વસ્તુદષ્ટિનો અભાવ થતાં અહીં બહારના પુદ્ગલો શરીરની જે પ્રવૃત્તિ છે તે બીજી રીતે થઈ જાય. એમ .. પ્રવૃત્તિ ઊભી હોય. **'દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ).'** પણ એમ તો બનતું નથી. બહુ ઝીણું પણ એની મેળાએ (સમજાય એવું નથી). સમજાણું કાંઈ?

અહીં તો જે કોઈ નિમિત્તોને દૂર કરવા હઠે છે અને મને દોષ થાય છે એમ કહે છે એને કહે છે કે સાંભળને. એમાં ક્યાં ગુણ હતા તે એ વિપરીતતા હતી તે એને તું દૂર કરે છો. દૂર તો તારી પર્યાયબુદ્ધિમાં રાગ-દ્વેષ અને અજ્ઞાનને કારણે ઉત્પન્ન થાય છે. એને અંતરદષ્ટિના નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા તેનો નાશ કરવાના છે. એને ઠેકાણે તું બહારને નાશ કરવા (જાય છે). બાયડી છોડી દઉં, છોકરા છોડી દઉં, આ છોડી દઉં, શરીરને જીર્ણ કરી દઉં. શું છે પણ? ત્યાં શું છે એમાં? સમજાણું કાંઈ? આ મૌન રહી જાઉં તો દોષ ટળે. લ્યો ચાલો. ભ્રમણા છે, કહે છે, તારી. કારણ કે મૌનપણું કે ભાષાપણું એમાં ક્યાં ગુણ હતો તે એમાં વિપરીતતા હતી? સમજાણું કાંઈ? અને બોલતા મને દોષ થાય છે. બોલવું એ તો જડની પર્યાય, એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? એથી દોષ થાય છે? ત્યાં ગુણ છે બોલવામાં? અને એમાં ગુણ છે? બોલવામાં ગુણ છે? કે હું બોલું, બહુ કહું તો મને ગુણ થાય. કહો, એ બરાબર હશે? પ્રરૂપણા ખુબ કરું તો મને લાભ થાય એમ કહે છે. પ્રરૂપણા સાચી કરે તો લાભ થાય કે નહિ? પ્રરૂપણા તો ભાષા છે. એ ખુબ થાય તેથી તને લાભ ત્યાં શું થઈ ગયો? સમજાય છે? અને એ ન હોય એથી દોષ શું થઈ ગયો અંદર? આહાહા..!

**'એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં...'** મોક્ષમાર્ગનો ઘાત થતાં **'પુદ્ગલદ્રવ્યનો ઘાત,...'** અનિવાર્ય થાય. તો તો શરીરાદિ બધું ઘાત થઈ જાય. એમ થતું નથી. **'અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં...'** વાણી આદિ બધું મંદ પડી જતાં **'દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય...'** એમ છે નહિ. સમજાણું કાંઈ? **'પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં...'** વાણી બંધ થઈ ગઈ, શરીર મોળું પડી ગયું. દર્શન-જ્ઞાનનો ઘાત થઈ જાય. ના. એમાં ક્યાં ઘાત છે? ના. એમાં ક્યાં ઘાત છે? વસ્તુની ઉપર-દ્રવ્ય ઉપર દષ્ટિ પડી છે. એને ભલે મૌન થઈ જાય, વાણી ન હોય, બધું જીર્ણ થઈ જાય. કાંઈ નહિ. હાલવા-ચાલવાની, વંદનની ક્રિયા, ગુરુને, શાસ્ત્રને વંદન આમ જય.. જય... ... કહો, સમજાણું કાંઈ? એ બધું અટકી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયું કહે છે. અટકી ગયું તો શું દોષ થઈ ગયો? સમજાણું કાંઈ? ભીખાભાઈ! કહો, અજર પ્યાલા છે આ.

**‘પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ).’** પણ એમ થાતું નથી. આમ થાતું નથી એમ સિદ્ધ કર્યું ને? એમ થાતું નથી. સમજાણું કાંઈ? **‘આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી...’** લ્યો. આમ છે તેથી ભગવાન આત્મામાં જે દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ આદિ છે એ કોઈ પરદ્રવ્ય એટલે રાગ, શરીર, વાણીમાં ક્યાંય છે નહિ. **‘એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ...’** આહાહા..! **‘(-માનીએ છીએ);...’** જેટલા જીવના ગુણો (છે) તે બધાય રાગ, પુણ્ય, વિકલ્પ, શરીર, વાણી, મન ક્યાંય નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્માના જે ગુણો છે એ અમે પ્રત્યક્ષ દેખીએ છીએ. રાગ ને શરીર ને વાણી ને મનની ક્રિયામાં ક્યાંય છે નહિ. સમ્યક્ પ્રકારે માનીએ છીએ. **‘કારણ કે, જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત,...’** જીવની દૃષ્ટિ થઈને અવગુણ થયાં છતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવો જોઈએ અને પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત થતાં વાણી આદિ મંદ પડી જતાં કે શરીર મંદ પડતા જીવના ગુણનો ઘાત અનિવાર્ય થાય. **‘(આ રીતે સિદ્ધ થયું કે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી.)’** એથી ગુણો નથી પરમાં. તેથી પરને કારણે દોષ પણ નથી. સમજાણું કાંઈ?

ત્રણ બોલ લીધા. વિષયો, કર્મ અને કાયા. વિષયની અભિલાષ, વિષયો છૂટતા અભિલાષ છૂટે એમ નથી. કર્મ કાંઈક ઘટતાં અહીં કાંઈ કર્મની મમતા ઘટે છે એમ નથી. કાયા અપવાસ કરીને જીર્ણ થાય તેથી તેની કાયા પ્રત્યેની એક્તાબુદ્ધિ કે મમતા ઘટે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ તો અંતર દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરતાં ગુણની ઉત્પત્તિ થાય ત્યારે દોષ ટળી જાય. ત્યારે નિમિત્તો ગમે તે પ્રકારના હોય એની સાથે આને કાંઈ સંબંધ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આમ છ-છ મહિના અપવાસ કરીને શરીર જીર્ણ થઈ જાય, લ્યો. સમજાણું? ભાષા નીકળે નહિ. તો કહે છે કે ત્યાં કાંઈ આત્માને લાભ થાય કે નહિ એને લઈને? ત્યારે ન કરવા ને? કરવા, ન કરવાનો પ્રશ્ન ક્યાં છે? આ તો થાય છે આવું, છતાં જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી એને દોષ થાય છે. આવું બધું ઊભું હોય છતાં એ દોષ થાય છે. અને એવું બધું કાંઈ ન હોય અને જેવું જેવું શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ જેવા એના યોગે અઘાતિને કારણે આવવાના હોય એ આવે, શરીર એવું રહે છતાં દ્રવ્યદૃષ્ટિ થઈ છે તો દોષ થતો નથી. એમ કહે છે. છ ખંડનું રાજ રહે અને દોષ ન થાય એમ કહે છે. અને બધા લૂગડા-બુગડા છોડીને નગ્ન થાય તોય દોષ ટળતો નથી એમ કહે છે. કહો, ચીમનભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? દોષ ટળે છે નિર્વિકલ્પ શાંતિની દૃષ્ટિ દ્વારા અને ઉત્પન્ન થાય છે રાગની અને વર્તમાન પર્યાયની બુદ્ધિ દ્વારા. બસ, આ સિદ્ધ કર્યું. કહો, રતિભાઈ! સમજાણું આમાં?

ત્યારે હવે પ્રશ્ન થાય કે આ પ્રશ્ન કેમ ઉઠ્યો? એય..! પંડિતજી! આ પ્રશ્ન કેમ ઉઠ્યો? **'જો આમ છે તો સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે?'** ઓલો કહે પણ આમ દેખાય છે ને આ? વિષયોમાં ઊભો હોય અને ફલાણામાં ઊભો હોય એમ દેખાય છે ને? દુકાનમાં બેઠો હોય છે, જુઓને. સાંભળને! જ્ઞાનીને રાગ છે જ નહિ. ઓલાને પ્રશ્ન ઉઠ્યો કે તમે તો કહો છો, નથી પરમાં દોષ અને ગુણ કે દોષ ત્યાં નથી. નથી અહીં આત્માના સ્વભાવમાં દોષ અને આત્માના સ્વભાવદૃષ્ટિવાળાને દોષ નથી. તો આ સમ્યગ્દૃષ્ટિ આ બધા પડ્યા છે શું બધું? વેપાર-ધંધા, ધંધા મોટા વહાણના અને આગબોટના ફલાણું-ઢીંકણું. લડાઈમાં ઊભા હોય આ બધું શું છે? આ બધું છે ને કાંઈક? કાંઈ નથી, સાંભળ. એય..! ચંદુભાઈ! પણ આ પ્રશ્ન ઊભો કેમ થયો? કો'ક એમ કહેતું હશે. એકવાર વાત થઈ હતી હોં! પહેલા. પહેલા થઈ હતી. યાદ છે ભાઈ? રામજીભાઈ! નહિ. થઈ હતી. એ થઈ હતી ત્યાં પ્રશ્ન થયો. પણ આ પ્રશ્ન ઊભો ક્યાંથી થયો આમાંથી? આ ચાલે છે એ વાતમાંથી આ પ્રશ્ન કેમ ઊભો થયો? એમ પ્રશ્ન થયો હતો અહીં. સમજાણું કાંઈ?

પ્રશ્ન એમ ઊભો થયો કે જ્યારે સમ્યગ્દૃષ્ટિને તમે તો એમ જ કહો છો કે એને રાગ છે જ નહિ. પણ આ રાગ તો દેખાય છે ને? ચક્રવર્તીનું રાજ પડ્યું હોય, ઈન્દ્રના ઈન્દ્રાસનમાં બેઠો હોય, નથી રાગ? ના. કોણ કહે છે રાગ છે? કેમ કે ધર્મીની દૃષ્ટિ જ્યાં પડી છે ત્યાં દોષની ઉત્પત્તિનું એ સ્થાન નથી. અને નિમિત્તનો સંયોગ છે એને કારણે દોષ નથી. કારણ કે એમાં ગુણ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

જુઓ! આમ છે એ પોતે કાઢ્યું છે એમાંથી. અમૃતચંદ્રાચાર્યે. **'સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે?'** આ વિષયો પડ્યા હોય, સ્ત્રી હોય, કુટુંબ હોય, મા-બાપ હોય, વેપાર હોય, ધંધા હોય ત્યાં પડ્યો હોય. રાગ વિના પડ્યો છે ત્યાં? **'(ઉત્તર :-) કોઈ પણ કારણે થતો નથી.'** કોણે કીધું તને? કહો, રતિભાઈ! કોઈપણ કારણે થતો નથી. સમ્યગ્દૃષ્ટિને રાગ છે જ નહિ. સમજાય છે કાંઈ? નથી વિષયોમાં, નથી સમ્યગ્દૃષ્ટિને. ત્યારે શું છે આ? એ તો વચ્ચે અજ્ઞાન દ્વારા ઉત્પન્ન થતું એનો સ્વભાવ દ્વારા નાશ કર્યો છે. જ્ઞાનીને રાગ છે નહિ. ચીમનભાઈ! ભારે વાતું ભાઈ! આમ છે તો સમ્યગ્દૃષ્ટિને આવું તમે સિદ્ધ કર્યું આ તો. વિષયોમાં રાગની તમે તો ના પાડો છે. એને નથી. કારણ કે ત્યાં ગુણ નથી તો વિપરીતતા એમાં નથી તો એમાં રાગ જ નથી ત્યાં. એના ઉપર ત્યાં રાગ જ નથી. પ્રેમ અહીં વળગ્યો છે. રાગ થાય છે ને દેખાય છે ને આ? કોણ કહે છે કે દેખાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? ધર્મીની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર પડી છે. સમજાય છે? રાગ ઉત્પન્ન થાય એ એનો નથી. એ તો જ્ઞેય છે. એનામાં નથી. એને ઉત્પન્ન થતા નથી. અજ્ઞાનથી ઉત્પન્ન થતાં તે જ્ઞાન, ભાન દ્વારા ટાળ્યા છે એટલી જ વાત છે. ચંદુભાઈ! આહાહા..!

એ વિષયો દૂર કરવાથી ટળતા નથી. વિષયો એમ ને એમ રહેવાથી દોષ થતાં નથી એમ કહે છે. એય..! છ ખંડના રાજ છૂટવાથી દોષ ટળે છે એમ નથી. છ ખંડનું રાજ રહે છે માટે દોષ થાય છે એમ નથી. કહો, ચીમનભાઈ! આકરી વાત છે થોડી. એય..! ધર્મીનો જ્યાં પ્રેમ છે ત્યાં દોષ નથી. જ્યાં પ્રેમ છે ત્યાં તો આનંદનો ભંડાર સાગર આત્મા છે. ત્યાં એકત્વબુદ્ધિ પડી છે. એને પરમાં પ્રેમ નથી. કેમ કે પરમાં ગુણ નથી. જ્યાં ગુણ હોય ત્યાં પ્રેમ હોય. પરમાં ગુણ નથી એટલે ધર્મીને પરમાં પ્રેમ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! નવમી ગ્રૈવેયકે ગયો સાધુ, અગિયાર અંગ અને નવ પૂર્વનું ભણતર અને બધું સ્વાધ્યાયમાં લીન રહે, આ કરે, જંગલમાં રહે, બાવળ તળે નીચે બેસે. કહે છે પણ ભાઈ! એ ચીજો પુદ્‌ગલો ઓછા થયા. એમાં પર્યાયબુદ્ધિ ક્યાં ટળી છે? પર્યાયબુદ્ધિ ટળ્યા વિના દોષ ક્યાંથી ટળે? સમજાણું કાંઈ? સંયોગ તો આવે એમ કહે છે. સમજાણું? પણ સંયોગ આવે એ કાંઈ દોષનું કારણ નથી. એ તો પુણ્યનો પ્રકાર હોય તો સંયોગ દેખે. દેખતાં કાંઈ પર્યાય એ રૂપે થઈને દેખતી નથી. જ્ઞેય અહીં રૂપે આવીને આવતો નથી. જાણે છે કે છે. સમજાણું કાંઈ?

'**કોઈ પણ કારણે થતો નથી.**' લ્યો! ઊડાવે છે. ઓલા કહે છે, એ તો વીતરાગી સમકિત નથી. વીતરાગી સમકિત જ છે, સાંભળને. સમકિત રાગવાળું હોય નહિ. ચૈતન્ય ભગવાન ચૈતન્યમૂર્તિ પૂર્ણ, એવી જ્યાં અંતરદૃષ્ટિ થઈ એ તો દૃષ્ટિ પોતે વીતરાગ છે. કારણ કે વસ્તુ પોતે વીતરાગ છે. વસ્તુ વીતરાગ ગુણવાળું તત્ત્વ છે એ. એ તો કીધું ને? દર્શન-જ્ઞાન-ચારિત્રમાં શું આવ્યું? ચારિત્ર કહો કે વીતરાગતા કહો. આ તો પર્યાય લીધી. પણ એમાં ચારિત્ર વીતરાગભાવથી ભરેલો જિનસ્વરૂપ જ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા સ્વરૂપની દૃષ્ટિમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ ત્યાંથી થાય છે. બહારના નિમિત્તોથી થતી નથી. અને દોષ થાય છે અજ્ઞાનીને તો નિમિત્તોથી થતાં નથી. એક અંશ અને રાગની રુચિના પ્રેમમાં પડ્યો ત્યાંથી એને દોષ ઉત્પન્ન થાય છે. દોષની ઉત્પત્તિનું સ્થાન અજ્ઞાન છે એમ સિદ્ધ કરવું છે. અને ગુણની ઉત્પત્તિનું સ્થાન દ્રવ્ય આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન આનંદ સમ્યગ્દર્શન આદિની ખાણ તો ભગવાન આત્મા છે.

'**તો પછી રાગની કઈ ખાણ છે?**' જુઓ! આવો પ્રશ્ન આવ્યો. '**કોઈ પણ કારણે થતો નથી?**' ના. તો પછી આ રાગ-દ્વેષ દેખાય એ કોની ખાણ છે? '**રાગ-દ્વેષ-મોહ,**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...**' એ પોતાનો ન્યાય ચૈતન્ય આનંદ દ્રવ્ય સ્વભાવ ભૂલીને અંશબુદ્ધિમાં પ્રેમમાં પડ્યો એવો અજ્ઞાનીને '**રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય...**' જોયું! અજ્ઞાનમય. જીવનું અજ્ઞાન જ રાગાદિ ઊપજવાની ખાણ છે. એક જ વાત છે.

ભગવાન આત્મા પરમ શાંત, આનંદ સ્વરૂપ એની દૃષ્ટિનો અભાવ, એવો જે અજ્ઞાનભાવ. આ તો જ્ઞાનભાવ છે આત્મા. જ્ઞાનભાવની દૃષ્ટિમાં તો ગુણની ઉત્પત્તિ (થાય). કેમ કે એ ગુણની ખાણ આત્મા છે. અજ્ઞાન તે રાગ-દ્વેષની ખાણ છે એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પની પ્રીતિ ને રુચિમાં એકત્વતા એવું જે અજ્ઞાન તેની ઉત્પત્તિ એમાંથી ખાણમાંથી (થાય છે), અજ્ઞાનની ખાણમાંથી રાગ-દ્વેષ ઉદ્ભવે છે. રાગ-દ્વેષની ઉત્પત્તિ નથી નિમિત્તમાંથી, નથી દ્રવ્ય સ્વભાવમાંથી. સમજાણું કાંઈ? વજુભાઈ! કીધું ને? એ કહે છે હમણાં મકરાણામાં ખાણમાં આવશે. મકરાણાના ખાણમાંથી પથરા નીકળે છે કહે છે. એના માટે આવ્યા છે ને. રતિભાઈ એના માટે આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? એ કાલે કો'ક કહેતું હતું. બધી વાત આવી જાય ને. મિસ્ત્રી કહેતા હતા. રતિભાઈનો ફોન આવ્યો હતો કે આવવાના છે. કો'ક આવ્યા છે ને મકરાણાના? સમજાણું કાંઈ?

આ કહે છે કે રાગ-દ્વેષની ઉત્પત્તિની ખાણ ક્યાં છે? શેમાંથી કાઢવા એ પથરા રાગ-દ્વેષના? ભગવાન આત્માને ભૂલ્યો એવું જે અજ્ઞાન, બસ! અજ્ઞાન જ ખાણ છે રાગ-દ્વેષની. બહારની વાતું ઘટી જાય ને સ્વાધ્યાયમાં પડ્યો હોય ને આ કર્યો ને તે કર્યો હોય. બધું કરતો હોય કહે છે. સમજાણું? આહાહા..! '**રાગ-દ્વેષ-મોહ,...**' જુઓ! બધું લીધું હોં હવે. રાગ-દ્વેષ-મોહ અને મિથ્યાત્વ. '**જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...**' ભગવાન ચૈતન્યપ્રભુ પોતાના અનંત આનંદને ભૂલી અને વિકલ્પની મંદતાનો રાગના પ્રેમમાં પડ્યો, બસ! એ અજ્ઞાન જ ખાણ છે રાગ-દ્વેષની. કહો, રતિભાઈ!

એક ફેરી કહ્યું હતું. ઘણાં વર્ષ પહેલાની વાત છે. કે આ બધા સંયોગો આવે ને? સંયોગો શું કરે? ઓલા ત્રિભુવનભાઈ હતા ને ત્રિભુવન... (સંવત) ૨૦૦૦માં આવ્યા ને ત્યારે લાઠી આવ્યા હતા. એ કાંઈક વાત નીકળતા કીધું. અઘાતિના સંયોગ ફેરવ્યા ફરે નહિ, ઘાતિ ઉપર ઘા ફેર અઘાતિ આવે નહિ. આ અજ્ઞાનમાં ઘા મારતા પછી સંયોગ પ્રતિકૂળ હોય છે અને અનુકૂળ સંયોગ હોય છતાં એ કાંઈ આત્માને લાભનું કારણ નથી. સંયોગ આવે. એ કાંઈ ફેરવ્યા ફરે છે? તું ફરી જા દૃષ્ટિમાંથી. ખલાસ. જેમ છે એમ છે બધું. એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને જ્ઞેય જાણવાના ઓછા જ હોય તો અજ્ઞાન કહેવાય એમ છે નહિ. એમ કહે છે. સમજાય છે? અજ્ઞાનીને બહારનો ત્યાગ બધું દેખાય. છતાં અજ્ઞાન એને કારણે નથી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની દૃષ્ટિમાં ફેર છે માટે અજ્ઞાન છે. સમજાણું કાંઈ? બધું ભલે ઊભો હોય ત્યાગ-વ્રતાદિ. અજ્ઞાન છે એ તો. વસ્તુનું ભાન નથી. આહાહા..!

'**(અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે);...**' પર્યાયબુદ્ધિમાં પ્રેમમાં અંશબુદ્ધિ અને રાગમાં પડ્યો એવું અજ્ઞાન જ વિકારની ઉત્પત્તિની ખાણ છે. દ્રવ્ય-ગુણ ખાણ નથી, નિમિત્ત ખાણ નથી. કહો, સમજાણું આમાં? ભારે ગાથાઓ આવી છે. રતિભાઈ! તમે આવ્યા ત્યારે આવી લ્યો તાકડે. '**માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી...**' હવે એનો જરી ખુલાસો થોડો બાકી રહેશે. પછી શું આવવું એ બાકી. વિશેષ કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૯, રવિવાર તા. ૧૦-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૧૮, ગાથા-૩૬૬ થી ૩૭૧, પ્રવચન-૪૨૨**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૭૧ ચાલે છે. ટીકા ચાલે છે ટીકા.

ફરીને. પ્રશ્ન છે ને પ્રશ્ન? માથે એમ કહ્યું કે આત્માના જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો જે આત્મામાં છે, એ ગુણો પુદ્ગલમાં પરમાં નથી. અને પુદ્ગલ હણાતા એટલે પરપદાર્થમાં ફેરફાર થતાં કાંઈ આત્માના ગુણો હણાતા નથી. અને આત્માના ગુણ જે હણાય છે એથી કાંઈ અંદર પુદ્ગલો હણાઈ જાય છે એમ પણ નથી. કેમ કે બે તત્ત્વ જુદાં (છે). ત્યારે ધર્મીને પ્રશ્ન એમ થયો કે જ્યારે વસ્તુમાં અવગુણ નથી એટલે ગુણ નથી એટલે અવગુણ નથી અને જ્ઞાનીને ગુણદૃષ્ટિ છે તો ત્યાં અવગુણ નથી. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ આત્મતત્ત્વ ઉપર ચૈતન્ય વસ્તુ ઉપર હોવાથી એને રાગદ્વેષ નથી. અને વિષયોમાં રાગ-દ્વેષ નથી. કેમ કે ત્યાં ગુણ નથી એટલે ગુણની ઊલટી અવસ્થા ત્યાં નથી. સમજાય છે કાંઈ?

ત્યારે પ્રશ્ન થયો કે **'જો આમ છે તો સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે?'** કહો, અમને દેખાય છે ને આમાં? વિષયોના રાજપાટના સંબંધમાં સમકિતીને રાગ થાય એવું તો અમને દેખાય છે. તમે કહો છો કે સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ-મોહ નથી. વસ્તુ પરદ્રવ્યમાં પણ ગુણ નથી તેથી દોષ નથી. ત્યારે હવે આ સમકિતીને અમે જોઈએ છીએ. રાજ છે, રાજપાટમાં પડ્યા હોય છે, ગૃહસ્થાશ્રમમાં એને રાગાદિ નથી? કહે છે, ક્યા કારણે રાગ થાય છે? **'કોઈ પણ કારણે થતો નથી.'** કેમ કે ધર્મીની દૃષ્ટિ જ્યાં દોષ નથી ત્યાં ગુણ ઉપર પડી છે. સમજાય છે કાંઈ? ધર્મીની એટલે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ જે ધ્રુવ એમાં દોષ નથી. એ તો એકલો ગુણ આનંદ અને સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ એ વસ્તુ ઉપર દૃષ્ટિ છે. એ દૃષ્ટિને કારણે ધર્મીને રાગ નથી. વસ્તુમાં તો રાગ, પરમાં તો છે નહિ કારણ કે ત્યાં ગુણ નથી તો ઊલટી દશા નથી. અહીં ઊલટી દશા નથી, સુલટી દૃષ્ટિ થઈ છે માટે ઊલટી દશા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કોઈપણ કારણે થતો નથી તો પછી રાગની કઈ ખાણ છે?'** દેખાય છે ને આ રાગ-દ્વેષ આદિ વિષય-વાસના આદિ? કઈ ખાણ એની ઉત્પત્તિનું સ્થાન શું છે? **'રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...'** ભગવાન આત્મા પોતાના ધ્રુવ ચૈતન્ય આનંદ સ્વભાવને ભૂલે છે અને રાગના વિકલ્પની એકત્વબુદ્ધિ તો કરે છે એવા અજ્ઞાનભાવ જ રાગ-દ્વેષ અને મોહની ખાણ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિનું સ્થાન, રાગનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિકલ્પ એને પોતાપણે માને છે એવો જે અજ્ઞાનભાવ, જે જ્ઞાનભાવ છે એનાથી ઊલટો અજ્ઞાનભાવ. રાગનો વિકલ્પ જે છે એના એકપણાનું જે અજ્ઞાન, એ જ અજ્ઞાન, રાગ-દ્વેષ-મોહની ઉત્પત્તિની ખાણ છે. સમજાય છે કાંઈ આમાં?

**'જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે);...'** જુઓ! પરવસ્તુમાં ગુણ નથી તો ઊલટી દશા નથી. ધર્મીને ઊલટી દૃષ્ટિ નથી. સુલટી ચૈતન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. તેથી તેને વિકાર નથી. ત્યારે આ વિકાર થાય દેખાય છે એનું શું? કે એનું એ કે જેને અંદરમાં પુણ્યના વિકલ્પના અંદરમાં રાગ છે તેમાં, તે અંશ વર્તમાન વિકાસના અંશ ઉપર જેની દૃષ્ટિ છે એવો જે અજ્ઞાનભાવ એ અજ્ઞાનભાવ જ મોહ અને રાગ-દ્વેષની ઉત્પત્તિની ખાણ છે. કહો, સમજાય છે કાંઈ?

વિકાર નથી પરમાં, ગુણ નથી માટે. વિકાર નથી સમ્યગ્દૃષ્ટિને, ગુણીની દૃષ્ટિ છે માટે. ત્યારે હવે વિકારની ઉત્પત્તિ થાય છે મિથ્યાત્વાદિની એનું શું પણ? ક્યાં નાખવું? કે એ વસ્તુ ચૈતન્ય ભગવાન આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે એની જ્યાં દૃષ્ટિ નથી અને પર્યાયના અંશ ઉપર અને રાગ ઉપર જેની રુચિનો પ્રેમ છે એવો એ પર્યાયનો અજ્ઞાનભાવ જ મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ખાણ છે ઉત્પન્ન થવાનું. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં?

'**માટે...**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. '**તે રાગદ્વેષમોહ,...**' અહીં તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધીના રાગદ્વેષ એને જ રાગદ્વેષ ગણવામાં આવ્યા છે. ત્રણ કષાયના રાગદ્વેષ એને અહીં ગણવામાં આવ્યા નથી. એ તો બધા જ્ઞાનમાં જ્ઞેય જાત થઈ ગયા. આમ વસ્તુ જે અંતર્મુખ થઈ અને વસ્તુનું પરિણમન જ્યાં સમ્યક્ થયું, એથી તેને જે કાંઈ રાગ-દ્વેષ થાય એ એની પર્યાયમાં નથી, દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, પર્યાયમાં પણ નથી. એ પરમાં છે તેનો એ જ્ઞાતાદૃષ્ટા જ્ઞાની છે. સમજાય છે કાંઈ? તેથી કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ જ્ઞાનમૂર્તિ જ્ઞાયકભાવ, એની અંતર દૃષ્ટિ હોવાથી, દૃષ્ટિ હોવાથી દ્રવ્ય અને ગુણમાં દોષ નથી અને દૃષ્ટિમાં નથી. અને જે અજ્ઞાન છે રાગ-દ્વેષની ઉત્પત્તિની ખાણ એ અજ્ઞાન નથી. માટે સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ-મોહ નથી. તો રાગ-દ્વેષ અને મોહ વિષયોમાં નથી. સરવાળો લે છે હવે. તો રાગ અને દ્વેષ અને મિથ્યાત્વ તે વિષયોમાં નથી. કારણ કે ત્યાં ગુણ નથી તેથી ઊલટી અવસ્થા નથી. એમ.

**'કારણ કે વિષયો પરદ્રવ્ય છે,...'** એમ. વિષયો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? ત્રણ બોલ અર્થમાં લીધા છે. ટીકામાં નથી નાખ્યા. સમજાણું? એથી તે દિ' વાંચ્યું હતું. મૂળ ટીકામાં સમ્મુચય વાત લીધી છે. પાઠમાં લીધું. શબ્દાદિ વિષયો, કર્મ અને કાયા. ત્રણ. ટીકામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સામાન્ય વાત લઈ લીધી કે આત્મા સિવાય જેટલા પદાર્થ વિષયો, કર્મ અને કાયા.. સમજાય છે? એમાં દોષ નથી. વસ્તુ જ્ઞાનાનંદ ચૈતન્ય છે એવી દૃષ્ટિ થઈ માટે ધર્મીને દોષ નથી. હવે દોષ છે શું ત્યારે આ કહ્યું એ? વસ્તુની દૃષ્ટિએ જોતાં દોષ નથી. વસ્તુમાં પરમાં દોષ નથી. નથી કર્મમાં, નથી કાયામાં, નથી શબ્દ, રૂપ, રસ, ગંધમાં. એ ત્રણેનું સામાન્ય રૂપ પર લઈ લીધું છે. સમજાણું કાંઈ? ટીકામાં વિસ્તાર જુદા નથી પાડ્યા.

ત્યારે કહે છે, રાગ-દ્વેષ-મોહ નથી વિષયોમાં. ત્યાં ક્યાં ગુણ છે કે જેમાં ઊલટી દશા હોય? એમ કહે છે મૂળ તો. ભગવાન આત્માના જ્ઞાન-દર્શન-આનંદ ગુણો એ કાંઈ વિષયોમાં, કાયામાં, કર્મમાં નથી. જ્યાં ગુણ નથી ત્યાં એની ઊલટી દશા કેમ હોય? સમજાણું કાંઈ? **'કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દૃષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે;...'** લ્યો! સ્વદ્રવ્યમાં નથી, પરદ્રવ્યમાં નથી. પરદ્રવ્યમાં નથી કેમ કે ગુણ નથી માટે નથી. સ્વદ્રવ્યમાં નથી કેમ કે દ્રવ્યદૃષ્ટિ થતાં સ્વદ્રવ્યમાં નથી તો દૃષ્ટિવંતને પણ નથી. એમ કહેવું છે. સમજાણું કાંઈ? આજે જ આવ્યા. કાલે નથી આવ્યા, નહિ? કાલે નહોતા. દાસ!

**'સમ્યગ્દૃષ્ટિને (પણ) નહિ હોવાથી,...'** કેમ કે તેને અજ્ઞાનનો અભાવ છે. સ્વદ્રવ્ય દૃષ્ટિવંતને નથી, પરદ્રવ્યમાં નથી. કેમ કે સ્વદ્રવ્ય દૃષ્ટિવંતને અજ્ઞાન નથી. સમજાણું કાંઈ? દોષ કેમ થાય છે એની વાત કરે છે. ભગવાન આત્મા તો આનંદ અને કેવળજ્ઞાનની ખાણ છે. ત્યાં કાંઈ વિકારની ખાણ આત્મા નથી. ભગવાન આત્મા તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન વસ્તુમાં જે છે એની એકાગ્રતા થતાં એ પોતે જ્ઞાન, દર્શન આદિ ખીલે છે. એટલે અનંતતાની પર્યાયને પામે છે એની એ ખાણ છે. સમજાય છે? તેમ દોષની ખાણ પરદ્રવ્ય નથી. પરદ્રવ્ય ક્યાં છે? એમાં ગુણ ક્યાં હતા તે ઊલટી દશા હોય? તેથી વિષયોમાં રાગ નથી સમકિતીને. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દૃષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.'** તો એ રાગદ્વેષ ને મોહ કોઈ વસ્તુ જ નથી. એ તો અજ્ઞાનભાવે ઉત્પન્ન કરેલી કૃત્રિમ દશા હતી. વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ જોતાં ધર્મીને નથી, પરદ્રવ્યમાં નથી. અજ્ઞાનભાવની પર્યાયબુદ્ધિમાં ઉત્પન્ન કરેલો ભાવ વસ્તુ જોતાં, વસ્તુ આમ જોતાં ને આમ જોતાં ક્યાંય છે નહિ. એમ કહે છે. આમ જોતાં એટલે સ્વદ્રવ્યમાં જોતાં અને આમ જોતાં પરદ્રવ્યમાં જોતાં. રાગદ્વેષમોહ છે નહિ. સમજાણું કાંઈ? શું કહે છે આમાં કાંઈ સમજણ પડે નહિ. અભ્યાસ ન હોય એને તો એમ લાગે શું કહે છે આ?

એમ કહે છે કે આ આત્મા જે છે એ અનંત ગુણની ખાણ છે. એ કાંઈ અવગુણની

ખાણ નથી. એવા આત્માની જે અંતરદૃષ્ટિ થઈ, ધ્રુવને પકડીને જે ચૈતન્ય અનુભવ થયો એને દોષ છે જ નહિ. અજ્ઞાન નથી. કારણ કે વસ્તુ દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. દોષ છે નહિ. દોષ તો પર્યાયમાં ઊલટી અજ્ઞાનદશાથી ઉત્પન્ન કરતો ભાવ હતો. એ નથી વસ્તુમાં-સ્વમા (કે) નથી પરમાં. અજ્ઞાનભાવ હતો એ પોતાના સ્વરૂપનું ભાન નહિ તેથી આ ઠીક, અઠીક માનીને રાગને એકપણે માનીને મિથ્યાત્વને અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરતો. કહો, સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ? પ્રવિણભાઈ! ભારે ઝીણું ભાઈ આવું.

અહીં તો કહે છે, જેને વસ્તુ-દ્રવ્યદૃષ્ટિ થઈ, વસ્તુદૃષ્ટિ. દૃષ્ટિ એટલે સમ્યક્ વસ્તુ. એને વિકાર જ નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના વિકાર છે જ નહિ. બસ. પરમાં નથી. ત્યારે હવે શું છે? થયા દેખાય છે ને? એ તો અજ્ઞાનપણાને કારણે દેખાય છે. અજ્ઞાન પર્યાયમાં, રાગમાં, વર્તમાન અંશમાં એકત્વબુદ્ધિ છે. વસ્તુનો અભાવ કરે છે, પરમાં નથી, આમાં નથી. પણ વસ્તુનો અભાવ દૃષ્ટિમાં કરે છે અને રાગ-દ્વેષનો, પુણ્યનો વિકલ્પ તેને પોતાના માનીને ત્યાં એકત્વ થાય છે એવું અજ્ઞાન તે મોહની ઉત્પત્તિનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? '**વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દૃષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.**' જાઓ. એ દોષ છે જ નહિ. ચંદુભાઈ!

'**ભાવાર્થ :- આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં...**' આત્માને અજ્ઞાનમય પરિણામ એટલે રાગ-દ્વેષમય અજ્ઞાનમય પરિણામ છે. વિકલ્પ દયા, દાન, રાગ અને એ મારા એ મિથ્યાત્વભાવ એ બધો અજ્ઞાનભાવ છે. એ કાંઈ આત્માનો જ્ઞાનભાવ નથી. જ્ઞાનભાવ નથી. જ્ઞાનભાવ નથી. એ રાગ-દ્વેષ અને મોહભાવ તે અજ્ઞાનભાવ છે. એક બાજુ ભગવાન જ્ઞાનમય અને એક બાજુ આ પર્યાયમાં અજ્ઞાનમય. એ '**ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે,...**' જુઓ! આ અજ્ઞાન પર્યાયબુદ્ધિ દ્વારા આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયો હણાય છે. ગુણો હણાય એટલે પર્યાય હણાય છે. એની પર્યાય ઉત્પન્ન થતી નથી.

'**આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ...**' અજ્ઞાનમય પરિણામ પર્યાયરૂપ '**રાગદ્વેષમોહ...**' મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ, ભ્રમણા સહિતના રાગદ્વેષ ઉત્પન્ન થતાં, એ '**ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે,...**' એ પર્યાય હણાય છે એટલે પર્યાય સમ્યક્ આદિ ઉત્પન્ન થતી નથી. એ હણાય છે. ગુણ તો ગુણ જ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અસલી અમલી સ્વભાવ-મળ વિનાનું ચૈતન્ય દ્રવ્ય એને ભૂલી અને જે રાગદ્વેષ અજ્ઞાનમય પરિણામ હતા ત્યારે જ્ઞાન-દર્શન-ચારિત્રગુણો પર્યાયથી હણાતા. કહો, સમજાય છે આમાં કાંઈ? ત્યારે મિથ્યાત્વ અને રાગ-દ્વેષને કારણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમ્યગ્દર્શનની ઉત્પત્તિ ન થતી (તેથી) તે હણાતા એમ કહે છે.

**'પરંતુ તે ગુણો હોતા છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી;...'** શરીર, વાણી, મન એમ ને એમ રહે બધું. સમજાય છે? એમાં કાંઈ ફેરફાર નથી. અંદર પર્યાયબુદ્ધિએ ગુણો હણાણા. શરીર, વાણી, ક્રિયા એવી ને એવી રહે. જૈન સાધુ હોય દ્રવ્યલિંગી. પંચ મહાવ્રતના પરિણામ, દેહની ક્રિયા, ભક્તિ, પૂજા બધું એવી જાતનું એવા જ પુદ્‌ગલના પરિણામ જે સ્થિતિ (હોય તે) એમ ને એમ ઊભી રહે. પણ અંદરમાં વસ્તુદૃષ્ટિને ભૂલીને રાગની એકતાબુદ્ધિમાં જે અજ્ઞાનભાવથી ગુણ હણાણા, એથી કાંઈ બહારનું હણાઈ જાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'પરંતુ તે ગુણો હણાતા છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં...'** શરીર, વાણી, મન, રાગાદિ ઘટતાં કે રાગાદિનો અભાવ થતાં કાંઈ **'દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી;...'** શરીર, વાણી, મનની ક્રિયા ઘટતાં, વિપરીત થતાં,.. સમજાય છે? વિપરીત એટલે એમાં હણાતાં જે જોઈએ એ ક્રિયા ન હોય ત્યાં. એમ. છતાં **'પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી;...'** શરીરની ક્રિયા મંદ પડી ગઈ, રાગ ઘટી ગયો, પુદ્‌ગલ ઘટી ગયું. છતાં અહીં કાંઈ હણાતું નથી. કેમ કે આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ છે માટે તેની પર્યાયમાં ગુણ હણાતા નથી. ભારે!

**'વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી;...'** બહારમાં તો હણાઈ ગયું, અંદરથી કાંઈ વસ્તુની પર્યાય હણાતી નથી. **'માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી.'** લ્યો! માટે ભગવાન આત્માની પર્યાય નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણો તે પરવસ્તુમાં નથી. રાગમાં નથી, શરીરમાં નથી, વાણીમાં નથી, કર્મમાં નથી, શબ્દ વિષયોમાં નથી અને શરીરમાં નથી. સમજાણું કાંઈ? **'પુદ્‌ગલદ્રવ્ય દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દૃષ્ટિને...'** આવું જાણતા ધર્મીને. સમજાય છે કાંઈ? **'સમ્યગ્દૃષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી.'** અચેતન વિષયો છે તેને જાણવાના-દેખવાના ભાવથી જાણે-દેખે છે. કારણ કે એમાં અચેતન વિષયોમાં રાગાદિ એટલે એનો પ્રેમ છે નહિ. પ્રેમ તો અહીં દ્રવ્યની દૃષ્ટિ ઉપર છે. ગુણી ઉપર એકતા છે એટલે એને અચેતન વિષયોમાં એકતા થતી નથી. એટલે જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણે છે પણ એ અચેતન વિષયોમાં આ ઠીક-અઠીક છે એવું જ્ઞાનીને થાતું નથી. સમજાણું કાંઈ?

**'અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગ-દ્વેષમોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી,...'** કહો, રાગ-દ્વેષ-મોહ પુદ્‌ગલમાં છે? શરીર, વાણી, મન, કર્મમાં છે? **'જીવના જ અસ્તિત્વમાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અજ્ઞાનથી ઊપજે છે;...**' ભગવાન આત્મા પોતાને ભૂલે છે અને અજ્ઞાનભાવથી જ રાગદ્વેષમોહને ઉત્પન્ન કરે છે. બસ. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.' કહો, સમજાણું આમાં? '**જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી...**' જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે. ભાષા જુઓ! શરીર, કર્મ અને એની પર્યાયના અસ્તિત્વમાં એ ઊપજતા નથી. એની વર્તમાન સ્વભાવની ભૂલની દૃષ્ટિ થતાં એની પર્યાયના અસ્તિમાં, સત્તામાં મિથ્યાત્વ અને રાગદ્વેષ થાય છે. એનું અસ્તિત્વ નથી પરમાં, એનું અસ્તિત્વ નથી દ્રવ્ય-ગુણમાં. એની પર્યાયના અસ્તિત્વમાં એ ઊભું થાય છે.

'**જ્યારે અજ્ઞાનનો અભાવ થાય...**' જ્યારે અજ્ઞાનનો અભાવ કરે. એમ. '**અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી.**' અહીં તો અજ્ઞાનભાવના જ મોહ અને રાગદ્વેષ લીધા છે. અનંતાનુબંધીનો રાગદ્વેષ એ અજ્ઞાનભાવથી ઉત્પન્ન થતો. અજ્ઞાનનો નાશ થતાં, સમ્યગ્દૃષ્ટિ થતાં ત્યારે તે ઊપજતા નથી. '**આ રીતે રાગદ્વેષમોહ પુદ્ગલમાં નથી તેમ જ સમ્યગ્દૃષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જોતાં...**' ચૈતન્યના શુદ્ધ દ્રવ્યના સ્વભાવને, પવિત્ર સ્વભાવને જોતાં '**તેઓ છે જ નહિ.**' સંસાર છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**પર્યાયદૃષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે.**' જુઓ ભાઈ! પરમાં નથી, દ્રવ્યદૃષ્ટિએ જોતાં વસ્તુમાં નથી. અવસ્થાના લક્ષની દૃષ્ટિથી જોતાં અવસ્થાદૃષ્ટિવંતને અજ્ઞાન અવસ્થામાં તેઓ છે. '**એ પ્રમાણે જાણવું.**' લ્યો! કહો, સમજાણું આમાં? મિથ્યાત્વ-મોહ પરદ્રવ્ય કરાવતા નથી, પરદ્રવ્યમાં નથી. દ્રવ્ય-ગુણ કરાવતા નથી, દ્રવ્ય-ગુણમાં નથી. પર્યાયના અંશબુદ્ધિમાં, વર્તમાન અંશમાં એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ કે અંશ જે વિકાસ છે એમાં જે એકપણાની દૃષ્ટિ પડી છે એવો જે અજ્ઞાનભાવ, બસ! એ જ મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિની ખાણ છે. એ જીવની પર્યાયના અસ્તિત્વમાં છે. કહો, સમજાય છે કાંઈ? કર્મને લઈને છે એમ પણ અહીં કહ્યું નથી. કર્મમાં નથી એમ કહ્યું છે. કર્મમાં નથી એમ કહ્યું છે. કર્મને લઈને છે એમ કહ્યું નથી. અહીં તો અજ્ઞાનભાવને લઈને મિથ્યાત્વ અને રાગદ્વેષ છે. જ્ઞાન-ભાન થતાં ત્યાં મિથ્યાત્વ અને રાગદ્વેષ હોતાં નથી. કહો, સમજાણું આમાં?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्**
**तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किञ्चित्।**
**सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्टया स्फुटं तौ**
**ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः।।२१८।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લ્યો વળી સમ્યગ્દૃષ્ટિને નથી અને સમ્યગ્દૃષ્ટિ ખપાવો. એય..! એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિને નથી પણ જ્યાં તત્ત્વની દૃષ્ટિ ઉપર દૃષ્ટિ પડતાં એ રાગદ્વેષ ઉત્પન્ન થતાં નથી. તે રીતે તેને ખપાવો એમ કહે છે. પહેલું તો કીધું કે નથી. ત્યાં વળી ખપાવવું પાછું ક્યાંથી આવ્યું? છે અને નથી. અજ્ઞાનભાવે છે. સમ્યગ્દૃષ્ટિભાવે નથી. શું કહે છે? જુઓ!

'**શ્લોકાર્થ :- આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે;...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ પોતાનું ત્રિકાળ છે એ જ જ્ઞાન વર્તમાન પર્યાયમાં પર્યાયબુદ્ધિથી, અજ્ઞાનભાવથી, અજ્ઞાનભાવથી રાગ-દ્વેષરૂપે પરિણમે છે. જોયું! કર્મને, કાયાને લઈને કાંઈ છે નહિ. શબ્દ, રસ, રૂપને લઈને છે નહિ. એટલે એને દૂર કરું તો મારા રાગદ્વેષ ટળે એમ નથી. '**આ જગતમાં જ્ઞાન...**' ભગવાન ચૈતન્ય અસ્તિ તત્ત્વ એ જ પોતાના સ્વભાવને ભૂલી અજ્ઞાનભાવથી સ્વરૂપના સ્વભાવનો પડદો આડો નાખી અને એક જ રાગાદિ પર્યાયબુદ્ધિથી ઉત્પન્ન કરેલો અજ્ઞાનભાવ એનાથી રાગદ્વેષરૂપે પરિણમે છે. કહો, સમજાણું? રાગદ્વેષ.. શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમ ને? એટલે? રાગદ્વેષ? એટલું જ તે?

મુમુક્ષુ :- આ જગતમાં..

ઉત્તર :- એ તો ઠીક છે. એમ કે ત્યાં એમાં મોહ નથી આવ્યો. એમ. એટલું. બે શબ્દ પડ્યા છે. સમજાણું કાંઈ? '**रागद्वेषाविह**' એ. પહેલો શબ્દ છે ને એ. '**भवति ज्ञानमज्ञानभावात्**'. શું કહે છે?

ભગવાન આત્મા જ્ઞાનનો સૂર્ય ચૈતન્ય પ્રભુ છે. એ અજ્ઞાનભાવથી સ્વરૂપની દૃષ્ટિ છોડીને અનાદિથી વર્તમાન ચૈતન્યના અભાનમાં રાગ ને પુણ્યની વિકલ્પની ક્રિયા મારી એવા અજ્ઞાનભાવથી એને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. એ રાગદ્વેષે પરિણમે છે એમ કહે છે. જે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, એની દૃષ્ટિ થતાં આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદરૂપે પરિણમે. સમજાણું કાંઈ? આ બધો અભ્યાસ કરવો પડે. ધીરૂભાઈ! ઉપર ઉપરથી એમ ત્યાં શીંગુની જેમ નથી સમજાય એવું. લાઠીમાં બધા અભ્યાસ ન મળે. માંડ દેરું કર્યું તો કહે છે, ત્યાં દર્શન કરવા પણ ન જાય કેટલાક તો. હવે એમાં આ ક્યાં સમજે? આ સમજ્યા વિના ક્યાંય નિવેડો નથી. નરકગતિ અને નિગોદગતિ નહિ મટે એમ કહે છે. જેમાં ગતિ અને ગતિનો ભાવ નથી એવી દૃષ્ટિ થયા વિના ભાવ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ અને ભાવના ફળ તરીકે ચાર ગતિ મળ્યા વિના રહેશે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- .. અનુયાયી થયો તો થાય ને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- કોનો અનુયાયી છે અહીં? આત્માનો અનુયાયી થવાનું છે કે કો'કનો અનુયાયી છે અહીં? કહો, સમજાણું? આ આત્મા પોતે છે જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એને અનુસરીને અનુયાયી થવું એનું નામ અનુયાયી છે. કોનો અનુયાયી હોય આમાં? અનુ-અનુસરીને યાયી ન્યાય અનુયાયી શું થાય?

મુમુક્ષુ :- ગમન કરવું.

ઉત્તર :- ગમન કરવું એ યાયી. અમારે પંડિત... ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ છે એને અનુસરીને થવું તે આત્માનો અનુયાયી છે. આત્માનો અનુયાયી તે પરમાત્માનો ભગવાનનો જિનેશ્વરનો અનુયાયી છે. સમજાણું કાંઈ?

કહે છે, **'આ જગતમાં...'** ભગવાન આત્મા ચૈતન્યદ્રવ્ય પોતે જ્ઞાનસૂર્ય રૂપે હોવા છતાં અજ્ઞાનભાવથી પોતાના શુદ્ધ ચૈતન્યના ભાન વિના રાગને પોતાનો માનીને જે રાગ અજ્ઞાનભાવ છે, એ કાંઈ આત્મભાવ નથી. એવા રાગને અજ્ઞાનભાવે પોતાથી માની રાગદ્વેષરૂપે પરિણમે છે. બસ! આ રાગદ્વેષ મિથ્યાત્વસંબંધીના રાગદ્વેષની વાત છે. સમજાણું કાંઈ?

**'વસ્તુત્વમાં મૂકેલી દૃષ્ટિ વડે...'** વસ્તુત્વ. સમજાણું કાંઈ? વસ્તુત્વ. ન સમજાય તો શું કરે? ઝોલા આવે ને. કહો! વસ્તુત્વ-વસ્તુપણું. ભગવાન આત્માનું આનંદપણું, જ્ઞાનપણું, શ્રદ્ધાપણું, શાંતિપણું એવું જે વસ્તુત્વમાં મૂકેલી દૃષ્ટિ વડે. એમાં દૃષ્ટિ મૂકતાં, જોતાં. દ્રવ્યદૃષ્ટિથી જોતાં. એમ. વસ્તુત્વમાં મૂકેલી દૃષ્ટિ જોડે અંતરદૃષ્ટિએ જોતાં તે રાગ-દ્વેષ કાંઈ નથી. એ મોહ ને રાગદ્વેષ જગતમાં કાંઈ છે નહિ. કઈ દૃષ્ટિએ? ભગવાન આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપની દૃષ્ટિએ જોતાં મોહ અને રાગ-દ્વેષ આ જગતમાં છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવ્યા છે. કહો, સમજાય છે આમાં?

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આ જોયો એવો એ છે. એટલે કે શરીર, કર્મ અજીવ અને પુણ્ય-પાપના આસ્રવતત્ત્વ રહિત છે. એવું તત્ત્વ દૃષ્ટિ ઉપર દૃષ્ટિ મૂકતા, વસ્તુત્વમાં દૃષ્ટિ મૂકતાં રાગદ્વેષ તો જગતમાં છે જ નહિ. અજ્ઞાનભાવથી ઉત્પન્ન થતાં તે જ્ઞાન-ભાનમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,<br>
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

લ્યો, એક શબ્દમાં .. વિભાવ એટલે મિથ્યાત્વ. સમજાણું કાંઈ? કરોડ વર્ષનું સ્વપ્ન અંદર જ્યાં આવ્યું પણ આમ જાગ્યો ત્યાં ખલાસ. સ્વપ્ન ન મળે. એમ ભગવાન આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાના સ્વભાવને ભૂલીને અજ્ઞાનભાવે મિથ્યાત્વ અને રાગદ્વેષને ઉત્પન્ન કરતો. એ જ્યાં વસ્તુદૃષ્ટિએ જોતાં એ છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યક્ દૃષ્ટિથી આત્માને જોતાં, વસ્તુ દૃષ્ટિથી જોતાં, દ્રવ્યદૃષ્ટિથી જોતાં વસ્તુમાં સ્થાપેલી દૃષ્ટિથી જોતાં રાગદ્વેષ અને અજ્ઞાન વસ્તુમાં નથી. પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? આમાં શું કરવું શું પણ આ બધું સાંભળીને? બધું સાંભળીએ લ્યો ભાઈ, આમ થાય ને આમ થાય. પણ અમારે શું કરવું આમાં?

મુમુક્ષુ :- જેવો છે તેવો જોવો.

ઉત્તર :- જોવો. એ ઠીક કહ્યું હોં ભગવાનભાઈ! જેવો ભગવાન આત્મા છે એવી દૃષ્ટિ કરવી. એમ કરવાનું છે આમાં. કહો, સમજાણું આમાં? ... પર્યાયદૃષ્ટિએ અજ્ઞાનભાવે ઉત્પન્ન થાય અને વસ્તુમાં નથી અને પરવસ્તુમાં નથી (સમજી લીધું), હવે એમાં અમારે કરવું શું? અમારે શું કરવું? કહો, ચંદુભાઈ! કહે છે, વસ્તુમાં નથી. અજ્ઞાનભાવે ઉત્પન્ન થાય છે. વસ્તુદૃષ્ટિએ જોતાં એ છે જ નહિ. પરમાં તો છે જ નહિ. ઠીક લ્યો હવે સાંભળ્યું. પણ હવે અમારે શું કરવું આમાં?

કરવું ઈ કે વર્તમાન અંશ ઉપર જે દૃષ્ટિના રાગના પ્રેમમાં, પુણ્યના વિકલ્પના પ્રેમમાં પડ્યો છો એ દૃષ્ટિ વસ્તુ ઉપર કરવી એ એને કરવાનું છે. '**णियमेण य जं कज्जं**' આવે છે ને? નિયમસારમાં (ગાથા-૩). '**णियमेण य जं कज्जं**' (અર્થાત્) નિશ્ચયથી કરવા લાયક હોય તો વસ્તુ ભગવાન આ એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદ છે, એ ઉપર દૃષ્ટિ કરવા લાયક છે. એ દૃષ્ટિ થતાં તેને સમ્યગ્દર્શન થાય અને તેનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? ધર્મીની ધર્મદૃષ્ટિ થતાં ધર્મમાં અધર્મ રાગ-દ્વેષ અને મોહ હોતા નથી. એમ કહે છે. અને અંતર અજ્ઞાનદૃષ્ટિ હોતાં પંચ મહાવ્રતને પાળતો હોય, સાધુપણાની ક્રિયા હોય, એવી બરાબર (પાળે), આમ નગ્ન મુનિ હોય દિગંબર, જંગલમાં રહેતો હોય, સમજાય છે? પણ જ્યાં આગળ એને રાગના વિકલ્પથી એક અંશથી પણ લાભ છે એવી દૃષ્ટિ પડી છે, એ અજ્ઞાનથી ત્યાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય. બહારમાં ખોખા દેખાય સાધુના. સાધુ છે, નગ્ન છે, મુનિ છે. એમ દેખાય. અજ્ઞાનને કારણે ત્યાં મિથ્યાત્વ અને રાગદ્વેષ સમયે સમયે ઉત્પન્ન થાય છે. કહો, સમજાય છે કાંઈ?

અને એક કોર ચક્રવર્તીનું રાજ માથેથી દેખાય ઉપર, ઓલાને ઉપર આવો દેખાય એમ કીધું. એક કોર છ ખંડનું રાજ બહાર દેખાય, સિંહાસન હીરાના દેખાય, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠો દેખાય, પણ જ્યાં વસ્તુ ભગવાન આત્મા ઉપર અંતરદૃષ્ટિ પડી છે તો કહે છે કે મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ એને છે નહિ. કહો, સમજાણું કાંઈ? સવારમાં ઓલો કઢાવ્યો હતો ને? એ ઉપરથી ઓલી સજ્ઝાય યાદ આવી ગઈ. ઓલી સજ્ઝાય આવે છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અબ હમ કબહું ન નિજ ઘર આયે,

પરઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે.

એ ઘર નાખે છે ખરા. ક્યાંક ક્યાંક શબ્દો પડ્યા એ દે છે લોકો. ઘરનું નથી નાખતા. આવ્યું હતું ને સવારમાં? ભવન-ભવન. થવું અને ભવન. બે. સ્થાન ને ભવન ને થવું બધું. એવો અર્થ થાય એમાં. એય..! વજુભાઈ! આવ્યું હતું સવારમાં?

ભગવાન આત્મા નિજઘરમાં તો આનંદ ને શાંતિ ને જ્ઞાનાનંદ છે. એ નિજઘરમાં દૃષ્ટિ મૂકતાં.. ખલાસ! કહે છે કે અજ્ઞાન રહેતું નથી, તેથી તેને રાગદ્વેષ અને મોહ ઉત્પન્ન થતાં નથી. આટલા વૃંદમાં પડ્યો છતાં કહે છે, તેનો જ્ઞાતા અને દૃષ્ટા છે. કહો, ચીમનભાઈ! અને આટલો ત્યાગી થવા છતાં હજારો રાણીને છોડી જંગલમાં રહેતો હોય. અંદરમાં ભગવાન ચિદાનંદ મૂર્તિ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ નથી. અને આ હું કરું છું, દયા પાળુ છું, ભક્તિ કરું છું, આ ભગવાનનો ભગત છું. એવો જે વિકલ્પમાં એકાકાર છે એને ક્ષણે ક્ષણે પંચ મહાવ્રતના પરિણામ કાળમાં, નગ્ન દશાના કાળમાં પણ મિથ્યાત્વની જ ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? અને છ ખંડના રાજમાં પડ્યો, દ્રવ્યદૃષ્ટિના અનુભવમાં પડ્યો છે (તો) ક્ષણે ક્ષણે શાંતિ ને શ્રદ્ધા ને જ્ઞાનની નિર્મળતા ઉત્પન્ન થાય છે. આહા..હા..!

**'વસ્તુત્વમાં મૂકેલી દૃષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી).'** દ્રવ્ય કોઈ જુદી ચીજ નથી કે આ ચીજ છે આ. એ તો અજ્ઞાનભાવથી ઉત્પન્ન કરેલો ભાવ, વસ્તુદૃષ્ટિથી જોતાં એમાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? બાહ્યનો મહા ત્યાગી વર્તતો હોય, ભોગ છોડ્યા હોય, નગ્ન દિગંબર હો કે શ્રાવક-ક્ષુલ્લક આદિ હોય, અંતરમાં સ્વભાવની દૃષ્ટિનો અભાવ છે અને રાગના પુણ્ય પરિણામના કે વર્તમાન અંશ ઉપર જેની બુદ્ધિ અને રુચિ પડી છે એને અજ્ઞાનપણે તે ક્ષણે ક્ષણે મિથ્યાત્વ અને રાગદ્વેષ અનંતાનુબંધીના ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? કહો, દૃષ્ટિએ દૌલત છે. ભગવાન આત્મા ચિદાનંદની ખાણ, એવી અંતરમાં દૃષ્ટિ ધ્રુવ ઉપર જતાં, બસ! અજ્ઞાન રહેતું નથી અને એને કારણે ઉત્પન્ન થતાં અનંત સંસારના કારણભૂત રાગદ્વેષ અને મોહ ઉત્પન્ન થતાં નથી. કહો, સમજાણું આમાં?

**'માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે)...'** જુઓ! આ કરવાનું કહે છે હવે. શું કરવાનું આવ્યું. **'સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,...'** એ તો પહેલું કહ્યું હતું મેં કે હવે એનો વિસ્તાર કરવો પડશે ને? કે સમ્યગ્દૃષ્ટિને નથી તો વળી ક્ષય કરવો ક્યાંથી આવ્યો આ? એનો અર્થ છે કે તું દૃષ્ટિ સ્વભાવ ઉપર કર તેથી તને રાગ-દ્વેષ અને અજ્ઞાન ઉત્પન્ન થતાં ક્ષય થઈ જશે એમ કહે છે. અને પછીના પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થોડા રાગદ્વેષ હશે એ પણ સ્વભાવની દષ્ટિમાં સ્થિરતા કરતા એ પણ ક્ષય થઈ જશે. આ એની રીત છે ક્ષય કરવાની. બીજી કોઈ રીત નથી એમ કહે છે. કોઈ ક્રિયાકાંડ કરીએ ને રાગદ્વેષ ઘટે, મિથ્યાત્વ ટળે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા...! કહે છે કે તત્ત્વદષ્ટિ વડે. જુઓ! છે ને? '**सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदष्टया स्फुटं**' માટે સ્વરૂપની અંતર દષ્ટિ કરીને તત્ત્વદષ્ટિ વડે એટલે વસ્તુની દષ્ટિ વડે, વસ્તુની દષ્ટિ વડે. લ્યો! સમજાણું કાંઈ? કોઈ પુણ્યાદિની ક્રિયા વડે રાગને ખપાવવું એમ છે નહિ. એમ કહે છે મૂળ તો. વસ્તુની તત્ત્વદષ્ટિ વડે પૂર્ણાનંદ પ્રભુ એવી એવી અંતર્મુખ દષ્ટિ વડે '**(રાગદ્વેષને) પ્રગટ રીતે...**' કહો! '**स्फुटं**' છે ને? '**ક્ષય કરો,...**' ભાષા છે. '**क्षपयतु**' એનો અર્થ, નાશ કરવો. સમજાણું? કોઈ એમ કહે, જુઓ! આમાં મોહનો નાશ થઈ શકે છે ત્યારે. એય..! '**क्षपयतु**' શબ્દ પડ્યો છે ને? પણ એનો અર્થ છે કે નાશ કર. એટલો જ અર્થ. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! આ શબ્દના વાંધા કરે છે પાછા. કહો, હુશિયાર માણસ કહે છે.

ભગવાન આત્મા..! એનો અર્થ એ છે. એ તો ક્ષય શબ્દ જ વાપરે છે ને. ઓલામાં નહિ? '**जो जाणदि अरहंतं**' ભાઈ! આવે છે ને? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं... मोहो खलु जादि तस्स लयं**' નાશ જ થાય છે. સાંભળને હવે. આહાહા..! એ તો એ જોર છે. કુંદકુંદાચાર્યનું તો ક્ષયનું જ જોર છે. ભલે અપ્રતિહત છે સમજ્યાને? પણ જોર જ એવું છે. એ ફરીને ઉત્પન્ન થાય નહિ.

ભગવાન આત્મા જ્યાં નિધાન ચૈતન્ય પડ્યું છે ત્યાં દષ્ટિ દે ને, કહે છે. જેમાં નથી એમાં દષ્ટિ મૂક (તો) એમાં નીકળશે શું તને? સમજાય છે કાંઈ? વર્તમાનના એક અંશમાં ગુણનું ગુણપણું નથી અને રાગમાં ગુણપણું નથી, પરમાં નથી. હવે અહીં દષ્ટિ આપતાં તને લાભ શું થાય છે? અજ્ઞાનથી રાગ અને મોહની ઉત્પત્તિ થાય છે, એમ કહે છે. આહાહા..! કેટલી વસ્તુની દષ્ટિ તરફના વલણની આ વાત કરી છે આખી! ચૈતન્ય હીરો ભગવાન છે ને આખો. કહે છે કે એની દષ્ટિ થતાં તો રાગદ્વેષની ઉત્પત્તિ થતી નથી. તેને ક્ષય જ થઈ જાય છે. સમજાણું કાંઈ? અને એ રીતે ક્ષય કરો. જેને દષ્ટિ નથી તેને દષ્ટિ વડે ક્ષય કરો, આ દષ્ટિ થઈ છે એને સ્થિરતા વડે પણ એને ઉત્પન્ન થવા દ્યો નહિ. કહો, સમજાણું કાંઈ? પૂર્ણ કહે છે ને? પૂર્ણ. આહાહા..!

ચોથે, પાંચમે, છઠ્ઠે બધા સમ્યગ્દષ્ટિ છે કે નહિ? એ વડે, તત્ત્વદષ્ટિ વડે દ્રવ્યનો આશ્રય લઈને બસ, રાગદ્વેષને પ્રગટ એટલે '**स्फुटं**' ક્ષય કરો. ઉત્પન્ન ન થાય એટલે ક્ષય કરોનો અર્થ અહીં આશ્રય ઉગ્રપણે કરો એટલે ત્યાં ઉત્પન્ન થશે નહિ. ઉત્પન્ન થશે નહિ એ ક્ષય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્યું કહેવામાં આવે છે. કહો, સમજાણું? કે આ રાગ થયો, લ્યો નાશ કરું. એમ છે? લ્યો આ રાગ થયો એ નાશ કરું. પણ ક્યાં કરીશ? એ તો પર્યાયમાં રાગ છે. અને પર્યાયબુદ્ધિ તો છોડાવવાની વાત છે. આ રાગ છે. શું પણ રાગ છે? રાગ છે, રાગ છે. શું થયું? એ તો ઉત્પન્ન થઈ ગયો રાગ. અહીંયાં તત્ત્વદૃષ્ટિએ જોતાં તે રાગની ઉત્પત્તિ ન થાય અને અજ્ઞાન અને રાગદ્વેષની ઉત્પત્તિ ન થવું તેનું નામ ક્ષય કરવું છે. ક્ષય કરો, ભગવાન આત્માની દૃષ્ટિ કરીને ક્ષય થાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. એમ કહે છે. આહાહા..! કહો, દાસ! એ ભગવાન આત્મા એની દૃષ્ટિ વડે આ રાગદ્વેષમોહનો ક્ષય થાય. બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! આમ સાધુ થઈ ગયા ને ત્યાગી થઈ ગયા ને મહાવ્રત લીધા ને આ કર્યું માટે થઈ ગયા. ધૂળેય નહિ થાય, સાંભળ! ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ આ.

આ વસ્તુ છે એને બરાબર ખ્યાલમાં લઈને દૃષ્ટિ ત્યાં સ્થાપ. બસ, ખલાસ થઈ ગયું. એ કરવાનું તારે અને એનાથી તારી મુક્તિ અને એમાંથી રાગદ્વેષનો નાશ છે. બાકી કાંઈ છે નહિ. આહાહા..! સમજાય પણ ધ્યાન ક્યાં રાખે છે? અંદર ધ્યાન રાખે ને. કેટલાકને એમ થઈ જાય કે આપણને સમજાઈ ગયું. ન સમજાય (એમ) હોય? કેવળજ્ઞાન લેવાની તાકાત ક્ષણમાં છે એ ન સમજાય એવું કહે તો કલંક છે કે નહિ? ચીમનભાઈ! આહાહા..! શક્તિમાં ક્યાં ખામી છે? ખજાનામાં ક્યાં ખોટ છે? પૂર્ણ ખજાનો પડ્યો છે. અનંત દર્શન, આનંદ સ્વભાવ, જેને જોરે એકાગ્ર (થા તો) ફૂવારો ફૂટશે. એમ કહે છે. એમ ફૂવારો ફૂટતા ઓલો રાગદ્વેષનો નાશ થશે. એ જ રસ્તો (છે), બીજો કોઈ રસ્તો છે નહિ. આહાહા..! કેટલાકને એમ થાય, અમે બાળક છીએ, અમે નાની ઉંમરના છીએ. અમને બહુ વેપારનું .. થઈ જાય, અમને એ મગજમાં બેસે નહિ ઝટ. એમ કહે છે. બીજું કાંઈ છે હળવું-હળવું? કે ભાઈ! આ ભક્તિ તમારી કરીએ અને તમને વહોરાવીએ સારી રીતે આ લાડવા જમાડીએ. એમાંથી કાંઈ થાય એવું છે? કહો! તમારે નથી આવ્યા જયંતિભાઈ? કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ ભગવાન પાસે આખો દિ' બેસી રહીએ હે ભગવાન! હે ભગવાન! તો પર સામું જોયે કાંઈક સ્વ સામું જોવાનું થાશે કે નહિ? અહીં તો કહે છે કે સ્વ સામું જોયા વિના પર સામું જોયેલા રાગદ્વેષ અને મિથ્યાત્વનો નાશ થશે નહિ. પર સામું જોવામાં તો રાગની ઉત્પત્તિ થશે. સમજાણું કાંઈ? આહાહા..!

જૈનદર્શનમાં પણ આવું તત્ત્વ ભર્યું છે એની એને ખબર ન મળે. અને માની બેસે કે અમે જૈન છીએ અને અમે કાંઈક ધર્મ કરીએ છીએ. અર્હંતની પૂજા કરે, સિદ્ધની પૂજા કરે. કરે છે કે નહિ? કરો અરિહંતની. બહુ ચાલ્યું છે અરિહંતનું. પહેલા સિદ્ધચક્ર, હવે અરિહંતચક્ર. પણ આ ચક્ર આખું પડ્યું છે સિદ્ધચક્ર ઈ? કારણ કે અરિહંતની જે કેવળજ્ઞાન પર્યાય સિદ્ધની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જે અનંત ચતુષ્ટય પર્યાય બધી આમાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતે આત્મા અરિહંત છે, સિદ્ધ છે, પાંચેય પદની પર્યાય ભરપૂર પડી છે અંદર. અંદરમાં નહિ હોય તો આવશે ક્યાંથી? એવો ભગવાન આત્મા. મૂક ત્યાં દૃષ્ટિ સ્થાપ. એમ કીધું છે ને? '**वस्तुत्वप्रणिहित**' '**प्रणिहित**' સ્થાપ. સમજાણું? મૂકેલી-સ્થાપેલી એમ નહોતું કહ્યું? સ્થાપેલી કર્યું. એકાગ્ર કરેલી. મૂળ તો એ વાત છે. એકાગ્ર એટલે? વસ્તુસ્વભાવ છે અસ્તિ છે, સત્તા છે, હોવાવાળી શક્તિઓનું તત્ત્વ છે. એવો જે ભગવાન ત્યાં દૃષ્ટિ સ્થાપતાં એના ઉપર દૃષ્ટિ મૂકતાં એમાં અવગુણ નથી, રાગદ્વેષમોહ નથી એટલે ઉત્પન્ન થતાં નથી. બસ! એના ઉપર દૃષ્ટિ સ્થાપતાં, તત્ત્વની દૃષ્ટિએ જોતાં એ વડે તેમને... જુઓ! એ વડે એટલે? પાછો કોઈ એમ કહે કે પણ આ વિકલ્પથી, પુણ્યથી, પાપ ટળે છે થાય છે એ વાત અહીં લીધી નથી. સમજાણું કાંઈ? ઓલામાં તો આવે છે ને વ્યવહારમાં? કે વ્યવહારથી અશુભ ટળે છે એમ આવે છે. આ બંધ અધિકાર ન આવ્યો? મોક્ષ અધિકારમાં. દ્રવ્યપ્રતિક્રમણમાં આવ્યું. વ્યવહાર પ્રતિક્રમણ આદિ નિશ્ચય દૃષ્ટિવંતને હોં! નિશ્ચયદૃષ્ટિવંતને વ્યવહારપ્રતિક્રમણ છે તે અશુભને ઘટાડે છે. સમજાણું કાંઈ? પહેલામાં આવે છે અધિકારમાં. આવ્યું હતું ને ત્યાં? નહિ? શું હતું? મોક્ષ અધિકાર. જુઓ! (૩૦૬-૩૦૭ ગાથા).

'**(તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણ આદિને પણ અમૃતકુંભપણું સાધે છે.**' '**તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.**' એના પહેલા છે, હોં! '**તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?**' ઈ. જુઓ! '**જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...**' છે? ચોથી-પાંચમી લીટી છે. જે દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. જુઓ વિકલ્પ. '**તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...**' મટાડવા સમર્થની વાત નથી અહીંયાં. ઘટાડવા પણ એ ઘટાડવા ઓલી દૃષ્ટિ છે તો આ શુભમાં એટલો આરોપ આવ્યો છે. અશુભ ઘટ્યું છે એટલું. સમજાય છે? અહીં તો તદ્દન તત્ત્વદૃષ્ટિ વડે બધું ટળે છે. એક જ વાત છે. સમજાણું કાંઈ? '**વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે. (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)**'. વ્યવહાર આચારસૂત્રમાં નિશ્ચયદૃષ્ટિવંતને આવો વ્યવહાર હોય છે એ અશુભ ઘટાડવા (સમર્થ) છે. એમ એટલું. મૂળ તો અહીં જોર છે.

અહીં તો એ કહે છે કે અહીંના આશ્રય વડે જ તું એને ખપાવ. એ વિના કોઈ ઉપાય છે નહિ. ઓલા વ્યવહારની સ્થિતિનું વર્ણન સમજાવ્યું છે. સમજાય છે? નિશ્ચયથી બેય મટાડે છે અને વ્યવહારનું નિશ્ચય દૃષ્ટિવાળાને એ વ્યવહાર અંશે ઘટાડવામાં સમર્થ છે, બસ એટલું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પદ્ધતિ છે ને વ્યવહારની સમજાવવાની.

અહીં તો કહે છે, **'તત્ત્વદૃષ્ટિ વડે તેમને પ્રગટ રીતે ક્ષય કરો,...'** એક જ વાત. ત્યાં વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે, નિમિત્ત આવું છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! પ્રવચનસારમાં પાંચ ગાથા આવે છે ને પહેલી? ભગવાનનું નામ ગ્રહણ પણ ભલું છે. એમ આવે છે ભાઈ ત્યાં. ભગવાનનું નામ ગ્રહણ પણ ભલું છે. એ જાતનો વિકલ્પ ઉઠે છે ને, અશુભ ઘટે છે એ અપેક્ષાએ વાત છે. અહીં દૃષ્ટિ થઈ છે એને હોં! સ્વસંવેદ્ય પહેલું લીધું છે ત્યાં. ત્યાં આવે છે ને પહેલું? સામાન્યરૂપ જે દર્શન-જ્ઞાન એનું સ્વસંવેદ્ય છે. એનું વેદન છે એને આમ કહે છે. હે પ્રભુ! સમજાણું? તારું નામ પણ લેવું ભલું છે.

આ ગાથામાં એમ પણ કહ્યું કે એ મોક્ષલક્ષ્મી પંચ પરમેષ્ઠીની પ્રસન્નતા અને કૃપાનું ફળ છે. આવે છે? એય..! ત્યાં જ્ઞાનપ્રધાનમાં નિમિત્તપણું કોણ હતું એ જણાવ્યું છે. સમજાણું કાંઈ? આચાર્ય અમૃતચંદ્રાચાર્ય દેવ પોતે કહે કે જ્યાં દ્રવ્યદૃષ્ટિ થઈ છે, સ્વસંવેદન છે. એને મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિમાં પંચ પરમેષ્ઠીની કૃપા, પ્રસન્નતા, પ્રાસાદથી તે મોક્ષ મળે છે. એટલે એનું નિમિત્તપણું હતું અને એમણે એ જણાવ્યું હતું એથી એમ કહ્યું એની કૃપા. કૃપા શબ્દે પોતાની કૃપા થઈ છે. ભારે ભાઈ! ભગવાનની કૃપા કાંઈ આવી જતી નથી. કહો, એમાં લખ્યું છે કે નહિ? તમે લખ્યું છે. પ્રાસાદનો અર્થ પ્રસન્ન લખ્યું છે, હેઠે. પ્રસાદ મૂળ પાઠમાં છે. એનો અર્થ પ્રસન્નતાથી .. છે. એય..! વજુભાઈ! ફૂટનોટમાં લખ્યું છે. આ શબ્દનો વળી અહીં કહે કે એલા આ રીતે ખપાવો, બાપુ! ત્યાં વ્યવહારથી જ્ઞાનપ્રધાનના કથનમાં એક શૈલી સમજાવે છે. સમજ્યાને? પ્રસન્નતા. પ્રસન્નતાનો અર્થ કે તારી પ્રસન્નતા તારા ઉપર થઈ ત્યારે ભગવાનની પ્રસન્નતા હતી એમ કહેવામાં આવે છે. 'કરુણા હમ પાવત હૈ તુમ કી, વહ બાત રહી સુગુરુ ગમકી.' આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે. સમજાણું કાંઈ?

ભાઈ! એ વસ્તુની સ્થિતિ જેમ છે તેમ રાખ. એ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે એનું શરણ લેતા અજ્ઞાન અને રાગદ્વેષ રહેતાં નથી. બસ! બાકી બધું સમજવા જેવું છે. ચંદુભાઈ! કુંદકુંદાચાર્ય પોતે (કહે છે). **'पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं'**. આવે છે ને એય..! એ શબ્દાર્થ છે. પહેલી ગાથા છે ને? **'पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं'**. ધર્મરૂપી સ્વરૂપના કર્તા ભગવાન હોં! ધર્મ એટલે બીજાનું નહિ? એમ કહે છે. ધર્મરૂપી સ્વરૂપના કરનારા ભગવાન પોતે એને હું **'पणमामि'** નમન કરું છું. ધર્મ તીર્થ એટલે બીજાનું તીર્થ એમ નહિ. સમજાણું કાંઈ? **'तित्थं धम्मस्स कत्तारं'**. જેણે સ્વરૂપના ધર્મની દશાના પરિણમન કર્યા છે એવા જે ધર્મના તીર્થના કરનાર એવા ભગવાનને હું વંદન કરું છું. **'णिव्वादा ते णमो तेसिं'** નથી આવતું? ૮૨ ગાથા, પ્રવચનસાર. જેણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**किच्चा तधोवदेसं**' આ ઉપદેશ કરીને નિર્વાણને પામ્યા. '**ते णमो**' શબ્દ છે ને? ૮૨. પ્રવચનસાર. ભગવાને અરિહંત દ્રવ્ય-ગુણ-પર્યાય પહેલા જાણ્યા, એમાં પણ જાણીને પછી કેવળજ્ઞાન પામ્યા, એમાં એવો જ ઉપદેશ આપ્યો. ઉપદેશ આપીને નિર્વાણને પામ્યા. '**ते णमो**' એવા પરમાત્માને નમન કરું છું.

અહીં કહે છે, ભગવાન આત્મા '**તત્ત્વદષ્ટિ વડે...**' ધર્મીઓએ '**(રાગદ્વેષને) પ્રગટ કરી ક્ષય કરો, કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.**' લ્યો! ખીલે. ભગવાન આત્મા અંતર એકાકાર થતાં જ્ઞાનની શક્તિ, આનંદશક્તિ ખીલે. કેવી? પૂર્ણ અને અચળ. પૂર્ણ ન ફરે એવો, એવો જેનો પ્રકાશ એવી સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે. કેવળજ્ઞાન પ્રકાશે અને મુક્તિ થાય એમ કહે છે. એ તત્ત્વદષ્ટિના અંતર સ્થાપેલી દષ્ટિ વડે આ બધું થાય છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૧૦, સોમવાર તા. ૧૧-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૧૮-૨૧૯, ગાથા-૩૭૨, પ્રવચન-૪૨૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. શ્લોક છે ને ૨૧૮? એનો ભાવાર્થ. કહેવાણું છે એનો ભાવાર્થ કહે છે. **'રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે;...'** શું કહ્યું? આ આત્મા છે એ તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ સ્વરૂપ છે આત્મા. હવે એ આત્મામાં રાગ અને દ્વેષ દુઃખરૂપ જે ભાવ થાય છે એ શું ચીજ છે? એ વસ્તુના સ્વરૂપના અજ્ઞાન અને બેભાનમાં એ રાગદ્વેષ થાય છે. એ રાગદ્વેષ કોઈ જુદી ચીજ નથી. પરમાણુ, કર્મ, શરીર જે આમ છે એવી કોઈ ચીજ નથી. આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્યપિંડ છે એ. જેને દુઃખ ટાળવું હોય એ રાગ-દ્વેષ દુઃખ છે. કહે છે કે વસ્તુમાં નથી તેમ એ વસ્તુ કોઈ પર નથી. પોતાના આનંદને ભૂલીને વર્તમાન રાગાદિના વિકલ્પની એકતાબુદ્ધિરૂપ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો એ વિકાર રાગ અને દ્વેષ એ દુઃખ છે. એ દુઃખ.. જુઓ આવ્યું. કાલે પ્રશ્ન હતો ને એમાંથી? **'માટે સમ્યગ્દૃષ્ટિ થઈને...'** એમ આવ્યું. કાલે ઓલામાં હતું ને સમ્યગ્દૃષ્ટિ પુરુષ નથી ને? અહીં બસ એ લીધું. સમ્યગ્દૃષ્ટિ થઈને.

આત્મા અનાદિ કાળથી પોતાના સ્વરૂપને ભૂલીને દુઃખી છે. સમજાય છે કાંઈ? ચાહે તો નરકમાં હો, સ્વર્ગમાં હો, શેઠાઈમાં હો કે રંકમાં હો, પણ એ પોતે પોતાના સ્વરૂપનું ભાન નથી, જ્યાં આનંદ છે, જ્યાં પવિત્રતા છે, જ્યાં શુદ્ધતા છે એની એને ખબર નથી. એથી એને પરમાં ક્યાંય સુખ છે એવી કલ્પનામાં અજ્ઞાનભાવે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એવી કલ્પના ઊભી કરે છે એ દુઃખ છે. એ દુઃખ છે. એ સંસાર છે. જેને દુઃખ છે એમ ભાસે તો એ દુઃખ ટાળવાનો ઉપાય શું? કહે છે. સમ્યગ્દૃષ્ટિ થઈને. પોતાના શુદ્ધ સ્વરૂપનો અભાવ એવું જે અજ્ઞાન. એ અજ્ઞાનને કારણે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ આદિ વિકલ્પોની વાસના થતી, એ દુઃખરૂપ છે એવું જેને ભાસે તો એણે સમ્યગ્દૃષ્ટિ થઈને તત્ત્વદૃષ્ટિથી તેનો નાશ કરવો. સમ્યગ્દૃષ્ટિ થઈને એટલે? આત્મા શુદ્ધ આનંદ છે, એક સમય પૂરતો રાગ અને અલ્પ અંશ જેટલો એ નથી. ચૈતન્ય આનંદ મહાસત્તા સ્વરૂપ વસ્તુ છે. એવી વસ્તુ સ્વરૂપની દૃષ્ટિ વડે, દૃષ્ટિપણું પ્રગટ કરીને તત્ત્વદૃષ્ટિથી. એ તત્ત્વ એટલે જ્ઞાયકસ્વરૂપ એવી દૃષ્ટિથી જોવામાં આવે તો તેઓ કાંઈ છે જ નહિ. વસ્તુને અંતર જોતાં એ અજ્ઞાન રહેતું નથી. અને રાગદ્વેષ કાંઈ છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'સમ્યગ્દૃષ્ટિ થઈને...'** ચોર્યાસીના અવતારમાં દુઃખી છે ઈ. એકવાર સંયોગ કાંઈ અનુકૂળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દેખે તો એમ માની લે કે હું સુખી છું. પ્રતિકુળ કાંઈક દેખે તો એમ માની લે કે હું દુઃખી છું. પણ છે દુઃખી. દુઃખી હશે? ક્યાં દુઃખ છે? દેખાતું નથી. જુઓ! આ શરીર કેવું (છે).

મુમુક્ષુ :- આત્માનો ઘાત થાય તો શરીરનો ઘાત થાવો જોઈએ.

ઉત્તર :- એ ઠીક લ્યો. શરીર તો ભલે એવું હોય, કહે છે. લક્ષ્મી આદિ એવી હોય, પુણ્યાદિની સ્થિતિ એવી હોય. પણ આત્મા પોતાના આનંદનો ઘાત કરે છે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનો આશ્રય કરતો નથી અને રાગનો આશ્રય કરી અને પોતે ઠીક છે એમ માને છે એ દુઃખ છે. બહારના સંયોગો ભલે અનુકૂળ હો. એથી કરીને આત્માનો ઘાત બચી જાય છે એમ નથી. હો. ઘાત જ છે ત્યાં તો. સમજાણું કાંઈ?

વસ્તુ છે સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને ચિદ્‌ઘન ચિદ્રૂપ અને આનંદ એનું ભાન નથી માટે અજ્ઞાનથી દુઃખ ઉત્પન્ન કરે છે. જે વસ્તુમાં નથી. દુઃખ કહો કે રાગદ્વેષ કહો. વસ્તુની દૃષ્ટિ થતાં ચૈતન્ય ભગવાન જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિ કરીને તત્ત્વદૃષ્ટિ વડે એટલે વસ્તુની દૃષ્ટિ વડે અંતર જોતા એ છે નહિ. છે નહિ એટલે અંતરની દૃષ્ટિ થતાં તેને રાગ ને દ્વેષ ને અજ્ઞાન રહેતું નથી. એટલે દુઃખ જ રહેતું નથી. એમ કહે છે. કહો, સમજાણું આમાં?

‘**કાંઈ પણ વસ્તુ નથી...**’ જેમ કપડામાં એક ગાંઠ વાળી હોય ગાંઠ. ગાંઠ ખોલી, થઈ રહ્યું. છે કાંઈ? મૂકો ગાંઠ બહાર. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છે એણે ગાંઠ વાળી હતી રાગમાં એકત્વની. ગ્રંથિ. એ ગાંઠ તત્ત્વદૃષ્ટિ, અંતર દૃષ્ટિ દ્વારા જુઓ તો એ વસ્તુ એમાં છે નહિ. રાગ પણ નથી, ગાંઠ પણ નથી અને અજ્ઞાન પણ નથી. કહો, સમજાય છે કાંઈ? લ્યો! આ ક્રિયા પણ કીધી પાછી. એ અજ્ઞાન અને રાગ-દ્વેષને ટાળવાનો, ઉત્પત્તિ થવાનો અભાવ શી રીતે કરવો? વસ્તુ છે એની દૃષ્ટિ કરવી. શુદ્ધ ચૈતન્ય ધાતુ વસ્તુ છે. પદાર્થ નિત્ય શાશ્વત છે એની દૃષ્ટિ કરવી. એ દૃષ્ટિ કરતાં દ્રવ્ય અને ગુણમાં નથી, પર્યાયમાં પણ છે નહિ. અજ્ઞાન અને રાગદ્વેષ નાશ થઈ જાય છે. એટલે દુઃખનો નાશ થઈને વસ્તુદૃષ્ટિ મૂકતાં આનંદ અને સુખી થાય છે. એમ કહે છે. કહો, સમજાણું આમાં? કહો, ભીખાભાઈ! એમ કે આખી રાત મહેનત કરી, સૂઝ પડતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ જેટલો જે પ્રકારનો પ્રયત્ન જોઈએ એ પ્રયત્ન ન હોય અને હાથ નથી આવતો એનો અર્થ શું?

અહીં તો એક વાત છે કે ભગવાન તો પોતે જે છે તે છે-આત્મા. આનંદ, જ્ઞાન, શાંતિ આદિનું સ્વરૂપ આખું ભરેલું સાગર છે એ તો. એનું અંદર અજ્ઞાનપણું વર્તમાન પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એટલે અવસ્થામાં, અવસ્થા ઉપર દૃષ્ટિ અને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી અજ્ઞાનપણાને કારણે તેને મહાદુઃખની ઉત્પત્તિ થાય છે. એ દુઃખને ટાળવું હોય તો વસ્તુ છે તેની અંતર દૃષ્ટિ કરીને વસ્તુમાં નથી, ગુણમાં નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો, એ વળી પ્રશ્ન આજ આવ્યો છે, કોઈએ પ્રશ્ન કર્યો છે, ભાઈ! શું કહેવાય આ? શું કહેવાય આ? ..માર્ગ. કોઈએ પ્રશ્ન કર્યો છે કે આ પર્યાય અશુદ્ધ છે ત્યારે દ્રવ્ય-ગુણ શુદ્ધ રહેતા હશે? કહે, ના. ના. દ્રવ્ય-ગુણ શુદ્ધ ન રહે. લ્યો! કારણ કે તો પર્યાય જુદી થઈ જાય અને દ્રવ્ય જુદું થઈ જાય. પછી દાખલો આપ્યો હતો પ્રવચનસારનો. પરિણમે છે ને. પણ એ તો પર્યાયરૂપે પરિણમે છે. આહાહા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો પર્યાયરૂપનું પરિણમન છે. દ્રવ્ય-ગુણનું ક્યાં હતું? એ પર્યાય છે એ એમ કે પર્યાય છે તો એની છે. જો પરિણમે તો દ્રવ્ય-ગુણ પણ અશુદ્ધ થઈ જાય છે, એમ. શક્તિનું સત્ત્વ છે એ તો એવું ને એવું સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સદાય છે. એવું ન હોય તો ક્યાંથી પ્રગટશે? શું અશુદ્ધપણે આખું દ્રવ્ય-ગુણ થઈ ગયું અશુદ્ધપણું? ત્યારે શુદ્ધપણું આવશે ક્યાંથી હવે? એ પ્રશ્ન ચાલ્યો મોટો. બે મોટા .. દરરોજ અહીંનું આવે છે કાંઈક કાંઈક. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ એ વાત ખોટી છે. પ્રભાવ પડે છે દ્રવ્યનો. કર્મનો પ્રભાવ પડે, ફલાણાનો પ્રભાવ પડે, ફલાણાનો પ્રભાવ પડે. પ્રત્યક્ષ દેખાય છે ને કર્મ.. કોનો પ્રભાવ? એ જ અહીં કહે છે લ્યો. એ જ હવે શ્લોકમાં આવશે. કોઈ કોઈનો પ્રભાવ ક્યાંય પડતો નથી. કહો.

કહે છે, ભગવાન આત્મા એને ભૂલ્યો એટલે એણે ભૂલ ઊભી કરી. પોતાના સ્વરૂપને અનાદિથી ભૂલ્યો તે ભૂલ ઊભી કરી. એ ભૂલને ટાળવાનો ઉપાય વસ્તુ છે તેની દૃષ્ટિ કરતાં તે ભૂલ ઉત્પન્ન થતી નથી. આ એનો ઉપાય છે. સમજાણું કાંઈ? '**અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે.**' પૂર્ણ સુધી લઈ ગયા. સમ્યગ્દૃષ્ટિ થઈ અને વસ્તુની દૃષ્ટિ કરીને રાગદ્વેષનો અજ્ઞાનનો નાશ કરવો અને સ્વરૂપ સ્થિરતા કરતાં કેવળજ્ઞાન અને પૂર્ણાનંદ જ્યોતિ સિદ્ધપદને પ્રાપ્ત થાય છે. એ તત્ત્વદૃષ્ટિથી જોતાં સ્થિર થતાં તે થાય છે. શ્રદ્ધાથી માંડીને સ્થિરતાનું પૂર્ણ ફળ પણ લઈ લીધું એમાં. સમજાણું કાંઈ?

હવે '**અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શકતું નથી...**' જુઓ! એ આવ્યું. એ આમાં જ આવ્યું. કહે છે કે, નહિ. પ્રભાવ પાડી શકે. હવે શ્લોકો આવે છે ને એની વાત કરે છે. અન્ય દ્રવ્ય એટલે અનેરા કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે પરપદાર્થ. એ અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને એટલે બીજા દ્રવ્યને એટલે આત્માને, દ્રવ્યને. ગુણ એટલે પર્યાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણ એટલે પર્યાય, પર્યાય એટલે વિશેષતા. '**અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય ગુણ ઉપજાવી...**' એટલે વિશેષતા ઉપજાવી '**શકતું નથી...**' કહો, સમજાણું કાંઈ? દ્રવ્ય અને ગુણ તો કાંઈ ઉપજતા નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. હવે ઊપજે છે એમાં વિશેષ વિકાર જીવમાં.

તો કહે છે કે '**અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ...**' નામ વિશેષતા એટલે પર્યાયની અવસ્થાની આ અજ્ઞાન અને રાગ-દ્વેષાદિની દશા તે બીજું દ્રવ્ય તે દ્રવ્યને ઊપજાવી શકતું નથી. કહો, બરાબર છે? આ કર્મને લઈને આ રખડે છે કે નહિ? આ શેને લઈને રખડે છે? કર્મનો પ્રભાવ ન પડે તો મનુષ્યપણું પામે એમાં જુઓ એવા જ ભાવ થાય, દેવપણું પામે તો એવા ભાવ થાય. વાણિયો થાય છે એને વાણિયાના જ ભાવ થાય છે કે હું વાણિયો છું, હું દશાશ્રીમાળી છું, હું ઢીકણો છું. લ્યો! રબારી થાય તો રબારીનો જ ભાવ થાય. એટલો એ શરીરને એ નાત મળી એનો કાંઈક પ્રભાવ પડતો હશે કે નહિ આમાં? ના. એમ કહે છે. એ પ્રશ્ન મૂક્યો છે. પ્રભાવ પડે છે એ મૂક્યો છે. પરદ્રવ્યનો પ્રભાવ કાંઈ પડતો નથી.

'**અન્ય દ્રવ્ય...**' એટલે બીજી ચીજ '**અન્ય દ્રવ્યને...**' એટલે બીજી ચીજને એટલે આત્માને. એમાં તો બધા શબ્દો લીધા છે. આઠ કર્મ, બાહ્ય પદાર્થ કોઈપણ ચીજ. '**ગુણ...**' એટલે આત્માની વિકારી અવસ્થાને. અહીં તો વિકારી અવસ્થાની વાત છે. '**ઉપજાવી શકતું નથી એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :-**' ૨૧૯ કળશ માથે છે.

**रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया**
**नान्यद्रव्यं वीक्ष्यते किञ्चनापि।**
**सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति**
**व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२१९।।**

જુઓ! દ્રવ્ય ઉત્પત્તિ ભાષા. દ્રવ્ય ઉત્પત્તિનો અર્થ કાંઈ દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. દ્રવ્ય એટલે પર્યાય. પ્રત્યેક પદાર્થમાં અંતરમાં જે પર્યાય નામ અવસ્થા જે ઉત્પન્ન થાય...

'**શ્લોકાર્થ :- તત્ત્વદૃષ્ટિથી જોતાં,...**' એ વસ્તુના સ્વરૂપની મર્યાદા ને સ્થિતિ જોતાં. એમ. શું કીધું? આ માણસ કહે છે ને ભાઈ, શું કરે? અમારે કાંઈ વિકાર કરવો નથી, દોષ કરવો નથી, પણ અંદર કર્મ આવે એટલે દોષ થયા વિના રહેતા નથી. એ વાત ખોટી છે તારી. મફતનો મૂઢ થઈને એમ ક્યાં કો'ક ઉપર નાખ્યું તેં? ભાઈ! ઘણો અમારે ધર્મ કરવાનો ભાવ છે. અમારે ધર્મ કરવાનો ભાવ ન હોય? લ્યો! પણ અંદર કર્મ સખ આવવા દે ત્યારે ને? ભોંયમાંથી ભાલા નીકળે છે અંદરથી. મૂર્ખ છો, કહે છે. મૂર્ખાઈ ઊભી તું કર અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મને માથે તું નાખ, આ કેવો અન્યાય? સમજાણું કાંઈ?

'**તત્ત્વદૃષ્ટિથી જોતાં,...**' એટલે આત્મા જડ, વિકાર આદિ વસ્તુની સ્થિતિથી જોતાં, વસ્તુની મર્યાદા અને વસ્તુના વાસ્તવિક સ્વરૂપથી જોતાં '**રાગદ્વેષને ઉપજાવનારું...**' આત્મામાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા ને દાન વિકલ્પ જે ઉઠે છે એને '**ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,...**' જરાય છે નહિ. છે નહિ એટલે દેખાતું નથી. એમ. કહો, સમજાણું આમાં? પ્રભાવ પાડવો છે એમ કહો છો ને. .. બધા દેખો. હવે બધા લખવા માંડ્યા સરખાઈના. આ મોક્ષમાર્ગ પ્રકાશકનું છાપામાં પણ લખ્યું છે. લખ્યાલખ કરે છે. કાંઈક... કાંઈક... કાંઈક... જુઓ! 'એક દ્રવ્ય કા દૂસરે દ્રવ્ય પર પ્રભાવ.' જુઓ! મોટા અક્ષર છે ને? વંચાય છે. મથાળું. 'એક દ્રવ્ય કા દૂસરે દ્રવ્ય પર પ્રભાવ.' હવે અહીં એ અધિકાર છે, જુઓ!

દ્રવ્ય એટલે વસ્તુ. એક વસ્તુ ઉપર બીજી વસ્તુનો પ્રભાવ પડતો નથી એમ અહીં કહે છે. કહો, સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે. એની પર્યાય એટલે અવસ્થામાં જે વિકાર થાય તે કર્મના પ્રભાવે થાય છે એમ નથી. કેમ કે કર્મ દ્રવ્ય જગતનું પર છે. આત્મા એથી પર છે. એટલે આત્માની વર્તમાન વિકાર અવસ્થામાં કર્મનો કોઈ પ્રભાવ છે માટે વિકાર થાય અને નોકર્મ સ્ત્રી, કુટુંબ, પૈસા સારા મળ્યા, અનુકૂળતા મળી, સુંદર સ્ત્રી હોય આદિ દેખીને વિકાર થાય. કહે, ના. એનો પ્રભાવ અહીં પડતો નથી. સમજાણું કાંઈ? કહો, આમ સ્ત્રી સુંદર હોય, રૂપાળું હોય અને મમણા-મમણા શબ્દો બોલતી હોય, આમ અનુકૂળ-અનુકૂળ (વર્તતી હોય) તો આને રાગ એને લઈને થાય છે, એનો પ્રભાવ અહીં પડે છે. મૂઢ છો. કોણે કહ્યું તને? અન્ય વસ્તુ ત્યાં રહી, એ તને રાગ કરાવે અને પ્રભાવ પડે એ વસ્તુમાં ક્યાં હતું? સમજાય છે કાંઈ? લ્યો, કર્મ અને નોકર્મ બેય આવી ગયું. બેય છે હોં! આ અંદર ટીકામાં, કળશ ટીકામાં.

'**તત્ત્વદૃષ્ટિથી જોતાં,...**' એટલે કે વાસ્તવિક આત્મામાં વિકાર ઉત્પન્ન થાય છે એવી તત્ત્વ નામ યથાર્થ દૃષ્ટિથી જોતાં આત્મામાં આસ્રવ જે ઉત્પન્ન થાય છે એ પણ તત્ત્વ છે ને એક? પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ જે વિકાર થાય છે એ પણ એક તત્ત્વ છે આસ્રવ. અને આત્મા જ્ઞાયક તત્ત્વ છે. કર્મ પરતત્ત્વ છે. હવે કહે છે કે તત્ત્વદૃષ્ટિથી જોતાં રાગ-દ્વેષ એટલે પુણ્ય-પાપના ભાવ વિકારી ભાવ જે છે રાગ અને દ્વેષ એને ઉપજાવનારું. પર્યાયને ઉપજાવનારું હોં. પાઠમાં તો એમ હતું કે '**सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति**' ઉત્પત્તિ ઓલી પર્યાયની ઉત્પત્તિ. સમજાય છે?

જો '**અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ...**' ભાષા એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ખરી ને? શું કહ્યું? ભગવાન આત્મા અને તેની વિકાર દશા-આસ્રવતત્ત્વ અને જ્ઞાયકતત્ત્વ અને અજીવ કર્મ તત્ત્વ અને બાહ્ય તત્ત્વ નોકર્મ સ્ત્રી આદિ. તો કહે છે કે એ બરાબર બધાં તત્ત્વો છે એ રીતે જો જોઈએ તો આત્મામાં ભ્રમણા મિથ્યાત્વભાવ, પરમાં સુખ છે એવી મિથ્યાભ્રાંતિ અને પરમાં સુખ છે એવો રાગ એને પરવસ્તુ આત્મામાં ઊપજાવી શકતો નથી. કહો, સમજાય છે કાંઈ?

'**રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,...**' જુઓ! ત્યાં આવ્યું હતું ને રાગદ્વેષ ઉત્પાદક એમ છે ને પહેલું? પહેલા શબ્દમાં. મૂળ તો એ કહેવું છે. પછી '**સર્વદ્રવ્યોત્પત્તિરન્તશ્ચકાસ્તિ**'. પ્રશ્ન કર્યો હતો કે દ્રવ્યની ઉત્પત્તિ વળી ક્યાંથી આવી આ? દ્રવ્યની ઉત્પત્તિ ક્યાં કહેવું છે? દ્રવ્ય તો દ્રવ્ય છે. વસ્તુ તો વસ્તુ છે. પણ એમાં ઉત્પત્તિ એટલે વિકાર થાય છે. કામનો, ક્રોધનો, માનનો, માયાનો, લોભનો, હાસ્યનો, રતિનો, ભ્રમણાનો કે આમાં સુખ છે, પરમાં સુખ છે, પરમાં ઉમંગ અને ઉલ્લાસ આવી જાય છે. સમજાય છે? અનુકૂળ દેખીને ઉલ્લાસ આવી જાય છે, પ્રતિકૂળ દેખીને ખેદ આવી જાય છે. કહે છે કે એ ઉલ્લાસ અને ખેદ પરવસ્તુ ઉપજાવી શકતું નથી. સારા છોકરા તો ઉલ્લાસ ઉપજાવી શકે કે નહિ અંદર? ખરાબ છોકરા અસંતોષી હોય તો તો થઈ જાય કે ભાઈ, છોકરાનું સુખ કોઈ દિ' અમે ભાળ્યું નથી. લ્યો, એમ કહે છે ને? કોઈ દિ' છોકરાનું સુખ તો ભાળ્યું નહિ એમ કહે. એક નીકળ્યો આવો અને એક નીકળ્યો આવો. એક નીકળ્યો એવી ઘણી જાતની વિવિધતા છે. બધી સાંભળેલી હોય ને. સમજ્યાને? ક્યાંય સુખ ભાળ્યું નહિ. જ્યારથી મોટા કર્યા ત્યારથી. અમારે આધીન હતા ત્યાં સુધી ઠીક. જ્યાં સ્વતંત્ર થયા (તો) કોઈ છોકરાનું સુખ નહિ. એક જણો કહે, આપણે પૈસાવાળા છીએ માટે અમારે રળવું નથી, બીજો કહે કે અમારે સાસરા સારા મળ્યા માટે અમારે રળવું નથી. ત્રીજો કહે, મારે ઘરે સારી વસ્તુ આવી ગઈ છે. શું કહે તમારે? દહેજ-દહેજ. દાયજો. અમને પાંચ લાખ આપ્યા છે માટે આપણે રળવું નથી. ખાવું. ઓલો બાપ કહે, પણ મરી જશો આમાં પછી ક્યાં સુધી ખાશો? ક્યાંય છોકરાનું સુખ ભાળ્યું નહિ. એમ કહે એ સાચી વાત હશે?

મુમુક્ષુ :- ભાષા વાપરે.

ઉત્તર :- ભાષા વાપરે? અને ઓલા કહે કે છોકરાનું અમને બધું સુખ. છોકરાનું પૂરું સુખ. સમજાણું? છોકરાનું પૂરું સુખ છે બાપા! છોકરા બધા સારા.

મુમુક્ષુ :- કહેવત છે.

ઉત્તર :- કહેવત ખોટી છે. મફતનો મૂઢ છે. મરવા ટાણે કેટલાક કહે. બધું છોકરા મળ્યા બધાનું સુખ. એક આ શરીરનું અત્યારે દુઃખ છે એ સહન થાતું નથી. બસ એટલું. એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાણો એમ કહેતા હતા. સમજ્યાને? મરતા. છોકરા સુખ. બધું મારે. આ શરીરમાં સુખ નહિ. આમ બેસવું પડે દમ ચડે એટલે. દમ ચડે એટલે બેસવું પડે આમ. દોરડું ઝાલીને. પાછા વળી પડી ન જાય. દોરડું બાંધી દે, દોરડું ઉપર. મરવાની તૈયારી. પણ દમનો રોગ આકરો છે ને. કે કાંઈ ભાઈ તમારે છે? ક્યાંય જીવ વળગ્યો છે? ઓલો ઝટ ન જાય ને દુઃખી બહુ થાય ને. જીવ ન જાય તો. ત્યારે એનો જવાબ આપ્યો. ભાઈ! બધા છોકરા બધું સુખ. એ શરીરમાં અત્યારે કાંઈ મને મજા પડતી નથી. ઠીક પડતું નથી. પૈસા હતા, છોકરા હતા, બધું હતું. તો આ શું થયું? તેં માન્યું છે. તારી દૃષ્ટિ તારા તત્ત્વ ઉપર નથી. એથી તેં માન્યતા માની છે કે આવું આ છે, શરીર આવું થાય માટે મને સખ નથી. બીજામાં સખ છે. બેય તારી વાત ખોટી છે. ભ્રમણા છે તારી, મફતનો મૂર્ખ થઈને મૂર્ખાઈ સેવે છો. આહાહા..!

**'અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, કારણ...'** જોયું ને ભાષા એમ છે કે નહિ? '**अन्यद्रव्यं वीक्ष्यते किञ्चनापि।**' એમ. અન્ય દ્રવ્ય જરીએ દેખાતું નથી. જરીએ. ભાઈ, થોડો ભાગ એક દોકડો તો રાખો એનો. લ્યો! અમારે ચાલતું હતું પહેલા ખૂબ, ૪૦ વર્ષ પહેલા. વિકાર છે તે આત્મા પૂર્ણ રીતે આત્મા કરે છે. બિલકુલ.. કહે એમ નહિ. ૫૦-૫૦ દોકડા રાખો. બહુ તો કર્મના ૫૦ અને ૫૦ દોષના. બહુ તમે પુરુષાર્થની વાત કરતા હો તો ૫૧ દોકડા દોષના, ૪૯ દોકડા કર્મના. કીધું, એકેય દોકડો નહિ. વિકાર પોતે પોતાથી કરે તો સોએ સો દોકડા આના અને કર્મનો ઉદય થાય એનામાં સોએ સો દોકડા એનામાં. કહો, સમજાણું આમાં? હવે એની એ વાત અહીં આવી પાછી દિગંબરમાં. શ્વેતાંબરમાં (કહે), ના. એ ૫૦-૫૦ દોકડા લ્યો. નિમિત્તના ૫૦ અને ઉપાદાનના ૫૦. અહીં કહે છે, જરીએ દોકડો નહિ. સમજાય છે કાંઈ?

કર્મનો ઉદય અને એ ઉદય છે તો આત્માને વિકાર (થાય છે). ઉદય છે એ પરદ્રવ્ય છે. કર્મનો ઉદય શું છે? કર્મ પરદ્રવ્ય છે અને એનો ઉદય પણ પર્યાય કર્મ દ્રવ્યની પર્યાય છે. એ કર્મ દ્રવ્યની ઉદય પર્યાય આત્માને વિકાર ઊપજાવે (એમ) ત્રણ કાળમાં નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આ મોટો ગોટો ચાલે છે અત્યારે. કર્મનો ઉદય, કર્મનો ઉદય, જ્ઞાનાવરણીયનો ઉદય (જ્ઞાનને રોકે). પણ ઉદય તો જડની પર્યાય છે. એ તો અન્ય દ્રવ્યની પર્યાય છે. એ અન્ય દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યની તારી પર્યાયને ઊપજાવે એ તો ના પાડે છે બિલકુલ. કહો, સમજાણું કાંઈ?

**'અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,...'** એ ઉદય આત્માને દોષ કરાવે એ જરાય દેખાતું નથી એમ કહે છે. એમ આવ્યું કે નહિ? એઈ..! દેવાનુપ્રિયા! એમાં આવતું હશે ઓલો ઉદય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મનો ઉદય? ગોમ્મટસારમાં કહે છે ઈ. જ્ઞાનાવરણીયનો ઉદય જ્ઞાનને રોકે. આહાહા..!

ભગવાન! તારી ભૂલને પણ તું સ્વતંત્ર છે એમ ન સ્વીકાર તો પછી ભૂલ ટાળવાનું આખું દ્રવ્ય ભગવાન છે એ દૃષ્ટિમાં તને કેમ આવશે? વર્તમાન ભૂલ પણ તું રાગદ્વેષ સ્વતંત્રપણે કરે છો એનો પણ સ્વીકાર જે રીતે છે તે રીતે નથી, તો પછી જે વસ્તુ છે ત્રિકાળી જ્ઞાયક જે રીતે છે એ રીતે અપ્રગટ છે એને તું શી રીતે સ્વીકારી શકીશ? સમજાણું આમાં કાંઈ? તત્ત્વદૃષ્ટિથી જોતાં એમ કીધું છે ને? એ વસ્તુની સ્થિતિ જ એવી છે. એક કણ પણ રાગ. શું કરીએ આ બેઠા હતા ને એકદમ માણસ આવ્યા ને. શાંતિથી બેઠા હતા, લ્યો. એમાં ખળભળાટ કરાવી મૂક્યો. ક્રોધ કરાવ્યો. પહેલા ક્યાં ક્રોધ હતો? એકદમ આવ્યો. એ કર્મનો ઉદય એકદમ આવ્યો. ભાઈ, અમારે કરવું હતું કાંઈ? એકદમ શું આવ્યું? તારામાં શું આવ્યું? કહે છે. કર્મનો ઉદય, ઉદયમાં કર્મમાં પરદ્રવ્યમાં આવ્યો છે. એ તો પરદ્રવ્ય જડમાં આવ્યો છે ઉદય. આ પરની વાણી આદિ એની પર્યાયમાં થઈ છે. તારામાં શું આવ્યું? રાગ-દ્વેષ અને મિથ્યાત્વ બધું હોં આમાં લેવું.

મિથ્યાત્વ અને રાગદ્વેષ ઉપજાવનારું અન્ય વસ્તુ જરાય દેખાતી નથી. એટલે કે છે નહિ એટલે દેખાતી નથી. છે નહિ એટલે દેખાતી નથી. દેખાતી નથી એટલે એમાં છે નહિ. એમ આવ્યું કે નહિ એમાં? એમાં એ આવ્યું કે કર્મનો ઉદય આત્માને વિકાર કરાવે, મિથ્યાત્વ કરાવે, રાગદ્વેષ કરાવે, વેદનો કર્મનો ઉદય આવે પુરુષનો તો અહીં વેદનો વિકાર થાય. કહે છે કે અમે જરાય દેખતા નથી. આહાહા..! પુરુષવેદનો ઉદય કર્મમાં આવે એટલે આને વિકાર થાય એવું અમે જરીએ દેખતા નથી. એમ છે નહિ. વસ્તુની સ્થિતિની મર્યાદામાં એમ નથી એમ દેખીએ છીએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

એક જણો એમ કહેતો હતો કે બધું (બરાબર છે), પણ એક મેલું કર્મ ઉદયમાં આવે છે ને જ્યારે. મેલું કર્મ વળી એમ કહેતા હતા. મેલું કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે તમારે.. મેલું કર્મ એટલે શું આ? સમજાણું? ભગવાનજીભાઈ! બધા કંઈક અમારે તો મળે એવા ને. કહે છે કે મેલું કર્મ છે એ આત્માને વિકાર કરાવે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. પણ આ ભૂતડા એવા આવે, વ્યંતર એવા આવે નહિ? ત્યારે એ બીવડાવે છે કે નહિ એને? લ્યો. ઈ એનો પ્રભાવ પડે છે આમ કરે.. આમ કરે.. મોટું રૂપ લઈને આમ આમ (કરે). હાય-હાય! પણ એને લઈને થયું કે નહિ કાંઈક? પ્રત્યક્ષ પ્રભાવ દેખાય છે ને. એક માણસ એકલો સ્મશાનમાં જાય અને એને ભય થાય. એવો એક બીજો સાથે જાય તો ભય ઓછો થાય છે કે નહિ? જેવો એક ઓલામાં થાય એવો બીજામાં થાય? અને એમાં પણ બે તલવાર હાથમાં લઈને ગયા હોય, બંદુક સાથે લઈને. કહો, દેવશીભાઈ! એમાં આ દાખલો આપ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે હોં આ. મારા ઘરનો દાખલો નથી. ભાઈનો ઓલો નહિ? કેવા? માણેકચંદજી મોટા પંડિત .... પ્રત્યક્ષ દેખાય છે અને તમે કહો છો કે નહિ, પરદ્રવ્યથી નહિ, પરદ્રવ્યથી નહિ. કહો, ભીખાભાઈ! એકલો જાય સ્મશાનમાં. આમ મડદા સળગતા હોય ને. બે જણા જાય તો ફેર પડે કે નહિ ભયમાં? એટલી પરદ્રવ્યની હૂંફ રહે કે નહિ હૂંફ જરી? એય..! ચીમનભાઈ! આ ચીમનભાઈ અમારે પાલનપુર. શું છે? કહો. આવું પાતળું શરીર લઈને સ્મશાનમાં જાવ પણ એક લઠ્ઠ જેવો સાથે લઈને જાવ તો ભય ઓછો થશે. અને એમાં બંદુક બંદુક લઈને ત્રણ-ચાર જણા સાથે જાય ગોઠિયા ને જુવાન સાથે. કાંઈ બીક ન લાગે. એય..! વજુભાઈ! મૂરખ છો, કહે છે. એ તેં કર્યો તારાથી. ચાર જણા હતા ને ન થયો થોડો તો તારાથી. એ કાંઈ પરને લઈને કાંઈ થાય છે નહિ.

એમ અમે વસ્તુની સ્થિતિની મર્યાદા જોતાં તે વસ્તુમાં તે વિકાર પરને લઈને થાય એમ અમે દેખતા નથી અને એમ હોતું નથી. અમારા વિષય જ્ઞાનના વિષયમાં નથી અને વિષય પણ એવો નથી. એમ કહે છે. આહાહા..! તત્ત્વની ખબર ન મળે અને પછી કહે, ધર્મ અમારે ધર્મ કરવો છે. ક્યાંથી ધૂળમાંથી થાશે? હજી વસ્તુ તારામાં વિકાર થાય એ પણ સ્વતંત્ર થાય છે, કોઈ કરાવતું નથી. પ્રગટ છે, પ્રગટ છે એની પણ તને સ્વતંત્રતા ભાસતી નથી તો અપ્રગટ આખું દ્રવ્ય-ગુણ જે છે, આનંદધામ જે છે એ અંશમાં તો આવતું નથી. એવું આનંદધામ ભગવાન તને સ્વતંત્રપણે દૃષ્ટિમાં શી રીતે આવશે? સમજાણું કાંઈ?

‘**સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ...**’ એટલે શું કહે છે? બધા દ્રવ્ય લઈ લીધા, જુઓ! અનંતા દ્રવ્યો જેટલા છે અનંત. અનંત પરમાણુઓ, અનંત આત્માઓ બધા. સર્વ દ્રવ્યની ઉત્પત્તિ એટલે એની પર્યાયની ઉત્પત્તિ. એમ. દ્રવ્યની એટલે પર્યાયની ઉત્પત્તિ ‘**પોતાના સ્વભાવથી જ...**’ પોતાના સ્વપર્યાયના ભાવથી જ. એમ. અહીં સ્વભાવ એટલે વિકાર પણ એનો સ્વભાવ છે ને? ‘**પોતાના સ્વભાવથી જ.**’ પાછી જ. ‘**થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.**’ લ્યો! આહાહા..! કેટલું કર્યું છે સ્પષ્ટ! દરેક દ્રવ્ય. લ્યો, સમજાણું કાંઈ? કહે છે કે માટીમાંથી ઘડો થાય છે એમાં કુંભારનો કાંઈ પ્રભાવ-હાથ ખરો? એ આવશે દાખલો હોં આમાં. માટી છે એ તો આમ ને આમ છે લ્યો. હાથ આમ મારે તો આમ થાય, આમ વળે, આમ થાય. કાંઈક પ્રભાવ પડ્યો ત્યારે આકાર ફર્યો ને? આકાર ફર્યો શી રીતે માટીમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ કહે એ આકાર ફર્યો છે એ પોતે દ્રવ્યની પોતાની પર્યાયની ઉત્પત્તિથી ફર્યો છે. સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ એટલે સર્વ દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ. દ્રવ્યની ઉત્પત્તિનો અર્થ કાંઈ દ્રવ્ય ઉત્પન્ન થાય છે? પોતાના સ્વભાવથી તે સમયની પોતાની લાયકાતથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ (થાય છે). હવે ઓલી લાયકાત નાખી છે. લાયકાત અમુકમાં નખાય. ઓલામાં ન નખાય. ભાઈ! આવ્યું છે ને? પરમપારિણામિકમાં લાયકાત નખાય. આવે છે આમાં. આ પુસ્તક છે ને એમાં. બીજું પુસ્તક. નામ નથી આપતા. છે ને પુસ્તક? એ ક્યાં ગયું? બીજું છે ને બીજું. આ રહ્યું. યોગ્યતા યોગ્યતા શેમાં નખાય? પારિણામિકભાવમાં યોગ્યતા નખાય. વિકારમાં યોગ્યતા ન નખાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ ઈ સાચું. એનું મથાળું આમાં જ આવ્યું છે આ. પોતાના સ્વભાવથી. એટલે વિકાર પણ પોતાની પર્યાયની વર્તમાન યોગ્યતાથી જ. આ સ્વભાવથીનો અર્થ જ ઈ છે. સમજાણું કાંઈ? જીવને પણ અટકવાના સાધન છે ને. દરેક દ્રવ્યની વર્તમાન પર્યાય એક સમયની અવસ્થાની ઉત્પત્તિ તે પોતાના સ્વભાવ એટલે પોતાની તે સમયની લાયકાતને યોગ્યતાને કારણે, એના પોતાના સ્વભાવની પર્યાયની યોગ્યતાથી થતી અંતરંગમાં, અંતરંગમાં- પર્યાયમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે. કોઈને લઈને કોઈ કાંઈ છે એવું ત્રણ કાળમાં છે નહિ. આવું આવું છે પણ કોણ જાણે માણસને એવું થઈ જાય છે ને. પરદ્રવ્યનો પ્રભાવ પડે, ફલાણું પડે.. ફલાણું પડે.. સારો છોકરો રળાઉ થાય તો એના બાપને દબાવું પડે. એમ હશે કે નહિ?

મુમુક્ષુ :- પણ શું કરવા?

ઉત્તર :- શું કરે? આમ બે મોઢે બોલાવે ત્યારે એને પોતાને સખ આવે.

મુમુક્ષુ :- બે મોઢા...

ઉત્તર :- ભાઈ. બે મોઢા એટલે. નામ અને ભાઈ બે. એમ બે મોઢા. એક મોઢે એક શબ્દ નહિ. ભાઈ! પોપટલાલભાઈ! એમ કહે બાપ એને કહે. પોપટલાલભાઈ! આ તો .. હોં! જેને ગૃહસ્થાશ્રમમાં અમુક ટેવ જ હોય એ જુદી વાત છે. અમારે રાયચંદ ગાંધીને તો ટેવ જ હતી એ જાતની. છોકરાઓ નાના હોય તો ભાઈ કહીને બોલાવે. દામોભાઈ, મણિભાઈ. એમ બોલાવતા. એ તો એક રીત જ મોટા ઘરની ખાનદાનીની. પણ ઓલો સારા છોકરો પાક્યો હોય. ઓલા બાપને જરી દબાવે, ફલાણાભાઈ એમ કહે છે. કહે છે કે એ કાંઈક પાક્યો પૈસાવાળો માટે થયું કે નહિ? બોલાવવા જેવો ભાવ થયો કે નહિ?

મુમુક્ષુ :- ઈ પહેલા નહોતો કહેતો.

ઉત્તર :- ઈ પહેલા નહોતો કહેતો. લ્યો. અમારે રાયચંદ ગાંધીને તો બધા કુટુંબીને અને એને તો ટેવ જ એવી હતી. નાના હોય તોપણ દામભાઈ! બધાને ભાઈ ભાઈ જ કરે. એ તો એક એની ખાનદાનીની રીત હતી. છોકરાઓ સાધારણ હતા. પોતે બુદ્ધિવાળા હતા. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાતના રળાઉમાં બુદ્ધિ એટલી. પુણ્યમાં. અહીં કહે છે, '**અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.**'

'**ભાવાર્થ :- રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે.**' ભાષા જુઓ! એ મિથ્યાત્વ અને રાગદ્વેષ બધું હોં! આમાં લેવું. પુણ્ય-પાપમાં મીઠાશ છે એવો મિથ્યાત્વભાવ, આ ઇન્દ્રિયોમાં સુખ છે એવો જે મિથ્યાત્વભાવ એ બધા ચેતનના જ પરિણામ છે. આત્માના જ એ પર્યાય છે. આત્માની જ અવસ્થા છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયું અને એમ છે. એ પણ ખબર ન મળે કાંઈ. શું થાય? જે હોય એ ખરું. કો'ક વળી એમ કહે કે આમ થાય, બીજો કહે, આમ થાય. તો હા એમ થાય. આપણે જૈનમાં તો કર્મ બળવાન છે, ભાઈ! બીજામાં તો ઈશ્વર કરે થાય. આપણે કર્મ કરે થાય. ઓલો ઈશ્વર તો ચૈતન્ય રહ્યો, આને જડ રહ્યો. એટલે જડ કર્મ કરે એ થાય. ભગવાન તો ના પાડે છે, બાપુ! અમે તો એમ કાંઈ કહ્યું નથી. અમે એમ કહ્યું નથી. વસ્તુમાં અમે એમ જોયું નથી એમ કહે છે અહીં તો. વસ્તુની એવી સ્થિતિ થાય એમ અમે જોયું નથી. અમે તો જોયું છે કે દરેક દ્રવ્યની પર્યાય પોતાની વિકારી અવિકારી આદિ પોતાની યોગ્યતાથી થાય છે.

'**અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શકતું નથી;...**' કેમ કે ઓલા પરિણામ પોતાના છે એમ કહે છે. રાગ-દ્વેષ, પુણ્ય અને પાપ, મિથ્યાદૃષ્ટિપણું ચેતનના જ પરિણામ છે. જીવના પર્યાયના અસ્તિત્વમાં પરિણામ છે. '**અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શકતું નથી; કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ...**' એ દ્રવ્યની ઉત્પત્તિ એટલે પર્યાય. '**પોતપોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયની ઉત્પત્તિ થતી નથી.**' ગુણપર્યાયની ઉત્પત્તિ આમ વિશેષ. દ્રવ્યની નહિ, ગુણની નહિ પણ ગુણપર્યાયની એમ. ગુણની વિશેષ દશા. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પડ્યા જ છે. વિશેષ અવસ્થા છે એ પોતાથી ઉત્પન્ન થાય છે.

'**હવે આ અર્થને ગાથામાં કહે છે :-**' જુઓ! એ જ શબ્દ આવ્યો.

**अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।**
**तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।।३७२।।**

જુઓ! કેટલા શબ્દ મૂક્યા છે! ઓહોહો..!

નીચે હરિગીત.

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

ગુણ એટલે પર્યાય વિશેષ. ગુણ એટલે વિશેષ. સમજાણું કાંઈ?

હવે ટીકા. ૩૭૨ની ટીકા. '**વળી જીવને...**' હવે જીવ લીધો. '**પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે...**' કહો, દુકાન સારી ચાલે, છોકરા સારા હોય તો રાગદ્વેષ થાય. એ ના પાડે છે. એ ખોટી વાત તારી છે. પણ સારો ધંધો ચાલતો હોય એ રાગ નહિ? આવે છે ને? ૫૦ હજાર લાખ-લાખ, ૫૦ હજાર પેદા થતા હોય, લાખ-લાખ પેદા થતા હોય, બબ્બે લાખ પેદા થતાં હોય. લ્યો હવે. એ દુકાન એવી ચાલતી હોય તો એને લઈને અહીં રાગ થાય કે નહિ? ન ચાલતો હોય તો પછી કહે, અમે દુકાનનો ધંધો છોડી દીધો છે. ન ચાલતો હોય ત્યારે એમ કહે. વકીલમાં એમ હશે ને ભાઈ? વકીલાતમાં એમ કહે. ન ચાલતો હોય ને હમણાં વકીલાત ઓછી કરી નાખી છે. ઓછી કરી નાખી છે. પણ થઈ છે એમ કહે ને. ચાલતી નથી. અહીં માણસ એમ કહે. હમણા વેપાર-ધંધો ઓછો કરી નાખ્યો છે. ચાલતો નથી તારો એમ કહે ને. અને ચાલતો હોય ત્યારે કહે અમે ચલાવીએ છીએ એમ માને છે. આહાહા..!

'**જીવને પરદ્રવ્ય...**' રાગ-દ્વેષ, પુણ્ય અને પાપ. જુઓ! અહીં દયા ને દાન, કામ અને ક્રોધ, મિથ્યાત્વ ને ભ્રાંતિ આદિ એ '**ઉપજાવે છે એમ શંકા ન કરવી;...**' એમ શંકા ન કરવી. ભગવાન આત્મા તારી ભૂલને પોતે તું ઉત્પન્ન કરે છો, પરદ્રવ્ય ઉત્પન્ન કરાવે છે એવી શંકા ન કરવી. સમજાણું કાંઈ? ભાઈ! કર્મનો એવો ઉદય જોરદાર આવે ને. માણસ નથી કહેતા? કે ભાઈ ભોંમાંથી ભોલા ઉગ્યા. એમ કહે છે ને? જાધવજીભાઈ! ક્યાં ભાલા જોયા છે તેં કોઈ દિ'? કહે કે ભોંમાંથી ભાલા. કહે ભાઈ, અમે તો બેઠા હતા ત્યાં એકદમ અંદરથી વાસના આવી વિષયની. માથું ફરી ગયું. વિષયની વાસના ક્યાંથી આવી? તેં કરી તો આવી છે કે કર્મે કરાવી છે? મૂર્ખ, કેટલી તારી મૂર્ખાઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ એમ કહે છે. પણ કર્મ હોય ત્યારે તું કર તો થાય ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અહીં તો કર તો તેને નિમિત્ત કહે ને. ન કર તો કાંઈ થાતું નથી. ન કર તો કાંઈ થતું નથી. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ. પરની સાથે કાંઈ વ્યાપ્તિ છે નહિ. વ્યાપ્તિ એટલે પરમાં પ્રસરતો નથી. પોતામાં પ્રસરે છે રાગ-દ્વેષ. કહો, સમજાણું કાંઈ? ધ્રુવ ભગવાન આત્મા એ પોતે પર્યાયમાં પોતાની અવસ્થાથી ત્યાં રાગદ્વેષ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? રાગ, દ્વેષ, કામ, ક્રોધ, વિકાર આદિ એની ખબર ન મળે અને માણસ કહે, ભગવાનની ભક્તિ કરશું તો મટશે. શું પણ ભક્તો ક્યાંથી આવ્યો તારે? હજી વિકાર કોણ કરાવે? વિકાર થાય છે મારાથી એની તો તને ખબર નથી. સમજાણું કાંઈ? ભાઈ, ભગવાનને રાખવું હોય એમ રહે. વળી એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે કેટલાક. ભગવાનને રાખવું હોય એમ રહે. અહીં કહે છે, ભગવાન પર તને રાખતો નથી અને તને ટાળતો નથી. તું તો સ્વતંત્ર છો. તું વિકાર કર તો થાય અને ન કર તો ન થાય. તારા અધિકારની વાત છે. પણ એની એને ખબર નથી.

'**જીવને પરદ્રવ્ય...**' દોષ '**ઉજાવે છે...**' રાગાદિ એટલે દોષ મિથ્યાત્વ આદિ બધો. '**એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...**' આટલી તો સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :- યોગ્યતા...

ઉત્તર :- યોગ્યતા આવી.

મુમુક્ષુ :- પર્યાયમાં આવી.

ઉત્તર :- પર્યાયની જ વાત છે ને આ? કોની વાત ચાલે છે આ?

'**અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...**' પરિણામિકભાવમાં જ યોગ્યતા છે અને બીજામાં નથી એમ તો અહીં ના પાડે છે. આ કઈક વાતું કરે છે ઓહોહો..! શાસ્ત્ર ભણીને પણ ઊંધી દૃષ્ટિ કરીને જગતને શી રીતે સલવાડે છે પોતાને. '**અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...**' એટલે વિશેષ પર્યાયનો ઉત્પાદ કરાવવાની '**અયોગ્યતા છે;...**' પોતાને કારણે પ્રત્યેક દ્રવ્ય પોતાની યોગ્યતાથી ઉત્પન્ન થાય છે. માટીમાં ઘડો થાય છે એ પોતાની યોગ્યતાથી છે. કુંભાર એને કરતો નથી. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એ લોટમાંથી રોટલીની પર્યાય ઉત્પન્ન થાય છે તે પોતાથી ઉત્પન્ન થાય છે. એને તાવડી ને બાયડી કરતી નથી. એમ ભગવાન કહે છે.

મુમુક્ષુ :- નિમિત્ત તો થાય ને.

ઉત્તર :- પણ નિમિત્તનો અર્થ ઈ છે કે કરાવતી નથી, એનાથી થતું નથી. ત્યારે ઓલું હોય એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

ભગવાનમાં વાણી કરવાની યોગ્યતા નથી એમ કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ પ્રગટ થયા. પણ એ પોતે વાણીને કરવા માટે અયોગ્ય છે. કારણ કે વાણી જડની અવસ્થા છે. જડની અવસ્થા એ જડને કારણે પોતાના સ્વભાવથી ઉત્પન્ન થવાની યોગ્યતા એનામાં છે. ભગવાન વાણી કરવા માટે યોગ્યતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા અક્ષર લખવા માટે અયોગ્ય છે. એમ કહે છે. કેમ કે અક્ષરો એ રજકણ પરમાણુ છે. એ પરમાણુ પોતાની યોગ્યતાથી તે પર્યાય તેમાં થાય છે. આત્મા તે પર્યાય કરવાને અયોગ્ય છે. ભીખાભાઈ! શું હશે? જેઠાલાલભાઈ!

'**અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણ...**' નામ વિશેષ '**ઉત્પાદ કરાવાની...**' કરાવાની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ ભાષા છે, જોયું! બીજો એને કરાવે એમ આવે છે ને કે ભાઈ! કરે પોતે પણ કર્મ કરાવે. એમ. એમ આવે છે ને? કે કરાવાની યોગ્યતા નથી. અયોગ્ય છે. આહાહા..! એ રાગદ્વેષને ઉપજાવે એ કર્મમાં અયોગ્યતા છે એમ કહે છે. કર્મના ઉદયમાં આત્માને દોષ થાય એવી કર્મની પર્યાયમાં અયોગ્યતા છે. એમ કહે છે. કહો, કર્મનો ઉદય આવે એટલે નિમિત્તને નૈમિત્તિકપણે એને વિકાર કરવો જ પડે. ગતિનો ઉદય આવે એટલે એને ગતિમાં જાવું જ પડે. અહીં ના પાડે છે કે વાત ખોટી તારી છે બધી. વસ્તુની સ્થિતિ જોતાં એ વસ્તુમાં એમ નથી.

કહો, **'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...'** એટલે કર્મનો જે ઉદય છે એ અન્ય દ્રવ્ય છે. એ અન્ય દ્રવ્યનો એટલે આત્માના ગુણ એટલે વિશેષ અવસ્થાને એટલે વિકાર અવસ્થાને કરાવાની, ઉદયમાં વિકાર કરાવાની અયોગ્યતા છે. સમજાણું કાંઈ? પુરુષવેદનો ઉદય કર્મમાં આવે એ જીવને પુરુષવેદનો વિકાર કરાવાને અલાયક છે એમ કહે છે. એમ આવ્યું કે નહિ? વજુભાઈ! આમાં હશે કે નહિ એમ? ચોખ્ખું લખ્યું છે? ભાઈ! એ પ્રસંગ બને ત્યારે એ પ્રસંગ જ વિકાર કરાવે. એ કહે છે ખોટી વાત છે. એ પ્રસંગ જે પરમાણુની અને પરની અવસ્થા થઈ એ આત્માને વિકાર કરાવાને અલાયક છે. એ લાયક છે જ નહિ. તત્ત્વનું સ્વરૂપ આ રીતે છે એ જ્યાં સુધી એને શ્રદ્ધામાં ન આવે ત્યાં સુધી એને વસ્તુની અંતર દૃષ્ટિ થાય નહિ અને અંતર દૃષ્ટિ થયા વિના ધર્મ થાય નહિ. કહો, સમજાણું આમાં?

**'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની...'** ઉત્પાદ કરાવાની **'અયોગ્યતા છે;...'** આ તો બધા દ્રવ્યને માટે આવ્યું કે નહિ? કે કોઈ માટે યોગ્યતા અને કોઈ માટે અયોગ્યતા એમ હશે? અનેકાંત હશે એમ હશે? ફુદડીવાદ. આહાહા..! ત્રિકાળ સિદ્ધાંત. એકરૂપ વસ્તુ જોતાં જે પર્યાય રાગની, દ્વેષની, વિકારની થાય તેને કર્મમાં ઉત્પન્ન કરાવાની, કરાવાની અયોગ્યતા છે. પોતે કરે પણ એ કરાવે નિમિત્ત થાય એવી યોગ્યતા નથી. એમાં અયોગ્યતા છે એમ કહે છે. કહો, સમજાણું આ? આ બહુ આવે છે અત્યારે. પંડિતોનું બહુ આવે છે લખાણ. સમજાણું? એમાં પણ છે ઘણું.

મુમુક્ષુ :- પંડિતોમાં પણ કેટલાક.

ઉત્તર :- કેટલાકની વાત છે ને. લ્યો! શું છે એમાં? પરદ્રવ્યનું આવ્યું એમાં ક્યાંય? આ .. લ્યો! 'કુછ લોગોં કી ઐસી ધારણા હૈ કિ એક દ્રવ્ય કિસી અવસ્થા મેં ભી દૂસરે દ્રવ્ય પર પ્રભાવ નહીં ડાલતા.' મોટો લેખ છે. 'યહ બાત આંશિકરૂપ સે ઠીક હૈ. પરંતુ સર્વથા ઐસા હી નહીં.' અંશરૂપે એટલે... 'જીવ પુદ્ગલકા પરિણમન સ્વભાવરૂપ ભી હોતા હૈ ઔર વિભાવરૂપ હોતા હૈ. જબ યહ દોનોં દ્રવ્ય અપને અપને સ્વભાવરૂપ પરિણમન કરતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હૈ ઉન પર કિસી દૂસરે દ્રવ્ય કા પ્રભાવ દષ્ટિગત નહીં હોતા. લેકિન વહ જબ વિભાવરૂપ પરિણમન કરતે હૈં ઈન પર એકદૂસરે કા પ્રભાવ સ્પષ્ટ દિખાઈ દેતા હૈ.' એય..! છોટાભાઈ! આ તમારામાંથી કેટલાક પંડિતો લખે છે. દિગંબર છે ને ઈ. આવા ઘણાં દાખલા આપ્યા છે. બહુ દાખલા આપ્યા છે. સમજ્યાને? 'સંસારી જીવમેં જો મતિશ્રુતાદિ હોતા હૈ વહ જ્ઞાનાવરણીય કર્મકા હી પ્રભાવ હૈ.' મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય છે એ તો જ્ઞાનાવરણના કર્મનો જ પ્રભાવ છે. 'જીવ કા સ્વભાવ ક્ષાયિક સમકિત હૈ, ફિર ભી ઉસકે શ્રદ્ધાગુણકા અવિભાગ પ્રતિચ્છેદ મિથ્યાત્વરૂપ ક્યા પરિણમન કરતે હૈ? ક્યોં પરિણમન કરતે હૈં? યહ સબ દર્શનમોહનીય કર્મ કા પ્રભાવ હૈ.' એવા એવા દાખલા આપ્યા છે બધા ઘણા. ઘણા આપ્યા છે એવા. 'પ્રયત્ન કરને પર ભી મુનિવ્રત નહીં ધારણ કર સકતા હૈ. દેખિયે! જડકર્મ કા ચેતન આત્મા પર કૈસા પ્રભાવ હૈ!' એય..! ભીખાભાઈ! કહો. સમ્યગ્દર્શન થતું નથી એમાં દર્શનમોહના કર્મના ઉદયનો પ્રભાવ છે. કહો, સમજાણું આમાં? ભાઈ! અમને ધર્મ કરવો છે પણ ધર્મ કરવાની અમારામાં લાયકાત ક્યારે થાય? કે કર્મ-બર્મ કાંઈક ખસે, કર્મ માર્ગ આપે, અનુકૂળ નિમિત્તો હોય તો અમારામાં યોગ્યતા થાય. એ અહીં ના પાડે છે કે બહારની કોઈ વસ્તુ આને યોગ્યતા કરાવે એવું છે નહિ. આહાહા..! એવું છે લ્યો. આજે આવ્યું છે. એવું તો દર વખતે આવે છે.

**'કેમ કે...'** ઓલો નકાર કર્યો. હવે હકાર (કહે છે). **'કેમ કે સર્વ દ્રવ્યોનો...'** સર્વ દ્રવ્યની વાત છે આમાં. કોઈ દ્રવ્ય એક ફલાણું કર્મ કે રાગ કે એની વચ્ચે કે સ્વભાવ એવું કાંઈ નહિ. **'સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** સમજાય છે? સર્વ દ્રવ્યોનો. જેટલા આત્મા અનંત છે. નિગોદના આત્મા પણ જે છે. નિગોદના આત્માને પણ કર્મના ઉદયનો પ્રભાવ છે માટે ત્યાં રહ્યા છે એમ ના પાડે છે અહીં. ઘણા એમ કહે છે કે ભાઈ, અસંજ્ઞી પ્રાણી હોય ને જ્યાં સુધી, મન ઉપર આમ જોર ન હોય ત્યાં સુધી તો કર્મનું જોર ગણવું. અને જ્યારે મન મળે અને ક્ષયોપશમ થાય ત્યારે આત્માનો પુરુષાર્થ કરવો. અહીં એ વાત ખોટી છે.

અહીં તો દરેક પર્યાયમાં દરેક દ્રવ્યને વર્તમાન વિકારાદિ ઉત્પન્ન થાય એ સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. કોઈને કારણે કોઈ નહિ. ભીખાભાઈ! છે કે નહિ એમાં હવે આમાં? આ બધા રાડું બહુ પાડે હમણાં. આમ છે... આમ છે... આમ છે. એટલું ઓલું લખ્યું છે અજીતકુમારે. સ્વરૂપાચરણનું આવ્યું છે. સ્વરૂપચારણ ચોથે હોય નહિ. એનું આવ્યું છે આમાં. અને કર્મથી ચાર ગતિ થાય પણ આ માનતા નથી સોનગઢવાળા. સોનગઢના પક્ષના. સોનગઢના પક્ષના ઓલા વિદ્વાન. જગમોહનલાલ અને ફૂલચંદજી. સોનગઢ પક્ષને કહો કે ચોખ્ખું દેખાય છે કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગતિનો ઉદય આવે તો ગતિમાં જાવું પડે. અહીં તો ના પાડે છે. ગતિનો ઉદય જડનો પર્યાય. તારામાં ગતિ જવાની યોગ્યતા એ તારે કારણે ઉત્પન્ન થાય. પરદ્રવ્યને લઈને અહીં ઉત્પત્તિ ગતિમાં થાય એમ અહીં ભગવાન કહે છે કે અમે જોતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરાય દેખાતું નથી એટલે એમાં છે નહિ. હોય તો દેખીએને? ક્યાં હતું એમાં? કહો, સમજાણું કાંઈ? મોટો. આ કર્મનો તો મોટો આરોપ છે એના નહિ માનનારા ઉપર. આરોપ અહીં આપે છે. એ લોકો માનતા નથી. કર્મને માનતા નથી. સાંભળને! કર્મને કર્મરૂપે માને કે કર્મ બીજાને દુઃખ આપે એમ માને? કર્મને કર્મ માન્યું ક્યારે કહેવાય? કે એ અજીવ પદાર્થ છે, એનામાં શક્તિ છે, એનામાં પર્યાયનું પરિણમન છે. બસ એટલું. પણ એ કર્મને એમ માને કે આને વિકાર કરાવે તો એણે કર્મ માન્યું કહેવાય. એ વસ્તુમાં નથી. અહીં તો ના પાડે છે. તત્ત્વદૃષ્ટિએ જોતા એ વસ્તુમાં એમ છે નહિ. આહાહા..! આ તો ૫૦-૫૦ વર્ષથી ચાલે છે ગોટો. (સંવત) ૧૯૭૧થી ચાલે છે લ્યો. ૭૧. કેટલા થયા? ૫૩ વર્ષ થયા. લાઠીમાં ૭૧નું ચોમાસું હતું ને. ૭૧નું. ત્યારથી ઓલા કહે કે કર્મને લઈને થાય. કીધું, હરામ છે કર્મને લઈને થાય તો. આત્મા પોતાની ભૂલથી.. ભગવતી વાંચતા એ વાત પહેલી બહાર મૂકી હતી. જરી ખળભળાટ થઈ ગયો થોડો બીજાને. પાઠ આમ છે કીધું જુઓ આ. આમ પાઠ બોલે છે. .. પોતાના પુરુષાર્થથી જે કાંક્ષા મોહનીય મિથ્યાત્વને કરે છે. એવો પાઠ છે કીધું આમાં તો. કોઈ પરનું કરે છે એવું તો આમાં છે નહિ કાંઈ. .. પાઠમાં તો લાગે છે. સમજ્યા?

**'કેમ કે સર્વ દ્રવ્યોનો...'** સર્વ દ્રવ્યમાં કોઈ બાકી રાખ્યું છે આમાં? નિગોદનો જીવ, પંચેન્દ્રિયનો જીવ, નારકીનો જીવ, સાતમી નારકીનો જીવ, સર્વાર્થસિદ્ધનો જીવ અને કેવળીનો જીવ પણ એમ હશે કે નહિ એમાં? એને કર્મનો અઘાતિ કર્મને લઈને કંપન્ન થાય, એને એટલું રોકાવું પડે છે. એમ કહે છે. કેવળજ્ઞાનીને અહીં રોકાવું પડે છે. અઘાતિ કર્મને કારણે અહીં રોકાવું પડે છે. એ વાત ખોટી છે એમ કહે છે અહીં. ભારે વાત! **'સર્વદ્રવ્યોના સ્વભાવથી...'** તે વખતના તેને કંપન્નની વિકારી પર્યાયની યોગ્યતાથી તેમાં ત્યાં રહ્યા છે. એ કેવળજ્ઞાનમાં પણ કેટલીક પર્યાયો બીજી કર્તા, કર્મ આદિ વિકારીરૂપે પરિણમે છે. ભારે વાત. કેવળજ્ઞાન થયા પછી પણ છે ને? નહિતર સિદ્ધપણું થાય નહિ. ઉદયભાવ જે છે એ ઉદયભાવનો વિકૃતભાવપણે પોતે પોતાથી પરિણમે છે. પરદ્રવ્ય એને પરિણમાવે છે એમ છે નહિ. આહાહા..! **'સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** દ્રવ્યોનો એટલે પર્યાયનો હોં અહીંયાં! **'આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :-'** લ્યો! એ વાત અમે દૃષ્ટાંતથી સમજાવીને કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૧૧, મંગળવાર તા. ૧૨-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૭૨, પ્રવચન-૪૨૪**

૩૭૨ ગાથા. જુઓ! શું કહે છે? ટીકા ફરીને. આ '**જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...**' આ શું કહેવા માગે છે? કે જીવમાં દોષ જે છે એ પોતાથી થાય છે. જેને ધર્મ કરવો હોય એણે એની પર્યાયમાં અધર્મ છે એ મારે કારણે છે એમ એણે નક્કી કરવું જોઈએ. અધર્મ એટલે મિથ્યાત્વભાવ અને રાગદ્વેષભાવ, પુણ્ય-પાપભાવ એ મલિન ભાવ છે. એ મારી વર્તમાન દશામાં મારે કારણે થાય છે. એમ એ નક્કી કરે તો એને ધર્મ કરવાનો પ્રસંગ આવે. એ વિકાર અધર્મ છે. એને મારે ટાળવો છે. ત્યારે એ ક્યારે ટાળી શકે? કે પોતે વિકાર કરનાર હોય, પોતાના દોષની ઉત્પત્તિ પોતે કરનાર હોય તો... સમજાણું આમાં?

હું આત્મા છું એમ નક્કી કરીને મારા દોષની ઉત્પત્તિ જે મિથ્યા ભ્રમણા, અજ્ઞાન, રાગદ્વેષ એ મારાથી થાય છે. અને મારા સિવાય બીજા પદાર્થો જે છે એની પણ જે અવસ્થા થાય છે એ એનાથી થાય છે. બીજા શરીરાદિ, બીજા આત્માઓ આદિ એની જે અવસ્થા થાય તે મારે કારણે નથી. અને મારામાં જે દોષ થાય મિથ્યા-શ્રદ્ધા-રાગદ્વેષ એ મારે કારણે છે. એમ જો નક્કી કરે તે દોષને ટાળવાનો, પોતે કરતો હોય તો ટાળવાનો પ્રસંગ રહે. પણ કો'ક કરતો હોય તો એને ટાળવાનો પ્રશ્ન રહેતો નથી.

એટલે દોષ મારામાં છે મિથ્યાત્વ રાગદ્વેષનો, એ જીવ પોતે કરે છે એમ નક્કી કર્યું હોય એણે આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપનો આશ્રય લઈ અને દોષ ટાળી શકે. કર્તા હોય તે કર્તાને ટાળી શકે. પણ પર જ જેને દોષ કરાવતું હોય અને પરની અવસ્થા મારાથી થતી હોય તો એની દૃષ્ટિ તો પર ઉપર બાહ્ય ગઈ. સ્વાધીન તો દૃષ્ટિ રહી નહિ. તો એને દોષનું પણ જ્યાં સ્વતંત્રપણે હું કરનાર છું, કોઈ ઈશ્વર કરાવતો નથી, કોઈ કર્મ કરાવતું નથી, કોઈ બાહ્ય પદાર્થ મને દોષ ઊપજાવતા નથી. એમ નક્કી કરે તો દોષને ટાળવાનો દ્રવ્યના આશ્રયે ચૈતન્યમૂર્તિના આશ્રયે એને પ્રસંગ રહે. પણ જ્યાં હજી દોષ જ મારાથી થાય નહિ, એ કર્મ કરાવે, કર્મ કરાવે એમ માને એને તો ટાળવાનો પ્રસંગ રહેતો નથી. એ વાત સિદ્ધ કરે છે.

'**વળી જીવને પરદ્રવ્ય...**' એટલે આત્મા સિવાય કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર જે પરવસ્તુ છે એ '**રાગાદિક...**' પરમાં એકત્વબુદ્ધિ અને રાગદ્વેષના ભાવ પર '**ઉપજાવે છે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**એમ શંકા ન કરવી;...**' કહો, સમજાય છે કાંઈ? એમ શંકા ન કરવી '**કારણ કે અન્ય દ્રવ્ય વડે...**' અન્ય પદાર્થ વડે અન્ય પદાર્થમાં '**અન્ય દ્રવ્યના ગુણનો...**' એટલે એક વસ્તુની બીજી વસ્તુમાં એની વિશેષ દશાનો, ગુણ એટલે વિશેષ દશા એનો '**ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...**' આત્મામાં અવગુણ દોષ કરાવાની કર્મમાં અલાયકાત છે. અને આત્મામાં કર્મ અને પરની અવસ્થા કરાવવા માટે અયોગ્યતા છે. અલાયક છે. એ તો વાત કરી. તે દિ' ભડક્યા હતા ને.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એ પણ વાણી કરવા માટે અયોગ્ય છે. કારણ કે વાણી જડ છે. વાણીની ઉત્પત્તિ પરમાણુની શબ્દવર્ગણામાંથી ઉત્પત્તિ વાણીની થાય છે. એ વાણીની ઉત્પત્તિ આત્મા કરે એમ માનવું એ તદ્દન મિથ્યા ભ્રમ અને અજ્ઞાન દશા છે. કહો, સમજાણું કાંઈ? એમ આ સંસારના ધંધા-પાણી જે ચાલે ને? જડની ક્રિયા. જેને જે ધંધો હોય, એની અવસ્થા. એ હું કરું છું આ ધંધો આની અવસ્થાનો. કહે છે કે એ એની અવસ્થાને તારાથી થવા માટે તું અલાયક છો. સમજાણું કાંઈ? એવું જ ભગવાને અનંત દ્રવ્યનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જોયું છે અને છે. તે કોઈ દ્રવ્ય એટલે આત્મા કોઈની પર્યાય એટલે હાલતને કરે એવું આત્મામાં તેને માટે અલાયકતા ભગવાને જોઈ છે. કહો, સમજાણું આમાં?

'**અન્ય દ્રવ્ય વડે...**' અનેરા પદાર્થ વડે, અનેરા પદાર્થમાં ગુણ નામ એની પર્યાયની ઉત્પાદ દશા કરાવાની અયોગ્યતા છે. જુઓ! આમાં તો દરેક દ્રવ્યની અયોગ્યતા કીધી. અમુકને માટે અયોગ્યતા અને અમુકને એમ નહિ. એનો અર્થ એ થયો કે દરેક પદાર્થ પોતાની વર્તમાન પર્યાયની ઉત્પત્તિને માટે લાયક અને યોગ્યતા છે. વિકાર કરવાને માટે પણ પોતે વર્તમાન યોગ્યતા છે અને ધર્મ કરવા માટે પણ પોતાને કારણે પોતાની લાયકાત અને યોગ્યતા છે. સમજાય છે કાંઈ?

'**કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જેટલા દ્રવ્યો એટલે આત્માઓ જોયા, એટલા પરમાણુ અનંત જોયા એ બધા અનંત આત્મા ને અનંત પરમાણુઓ સર્વ દ્રવ્યો, એનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. એની વર્તમાન દશા એના પોતાથી જ ઉત્પન્ન થાય છે. કહો, સમજાય છે કાંઈ? કર્મનો ઉદય કર્મ જે છે એ ઉદય જે કર્મની જડ દશા છે અંદર, એ જડ દશા આત્માને વિકાર ઉપજાવવા માટે અલાયક છે. અને કર્મની અવસ્થા થવા માટે જીવની અલાયકાત છે. કર્મની અવસ્થા આત્મા બાંધે એ આત્મામાં લાયકાત જ નથી. એ કર્મના રજકણોમાં એ લાયકાત છે કર્મરૂપ અવસ્થા થાય. આત્મા એને માટે અલાયક છે. આહાહા..! બીજા દ્રવ્યને માટે આત્મા સુધારવા અને બગાડવા માટે અલાયક છે એમ કહે છે. ભગવાનજીભાઈ! બરાબર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હશે આ? ભારે વાતું પણ આ.

આ પોતાના સિવાય બીજા દ્રવ્ય અને એના સિવાય બીજા એને સૌને. એમ આત્મા સિવાય બીજા બધા આત્માઓ અને બીજા રજકણો આ પરમાણુ-માટી અજીવતત્ત્વ, એને બગાડવાને આત્મા સમર્થ નથી અને સુધારવાને આત્મા સમર્થ નથી. કહો, સમજાણું? છોકરાને તો સમજાવીને સુધારી શકાય કે નહિ? કેળવણી આપીને સુધારી શકતા નથી? સુધારી નથી શકતા? ભગવાન તો ના પાડે છે કે એમ છે નહિ. તને અજ્ઞાનથી ભ્રમ ઊભો થયો છે. કે હું કાંઈક વ્યવસ્થા કરું બાળકોની, છોકરાઓની, ધંધાની આદિ તો બધી વ્યવસ્થા સરખી રહે. મૂઢ છો કહે છે. મિથ્યાદષ્ટિ તને ભ્રમણા વળગી છે. તું ભ્રમણાને લાયક ખરો. એ પણ એ ચીજ થાય એને કારણે નહિ. એ ચીજો થાય એને કારણે ભ્રમણા તને લાગી નથી. ભ્રમણા તેં ઉત્પન્ન તારે કારણે કરી છે. પણ તે ભ્રમણામાં ભ્રમણાને કારણે પરને તું બગાડી દે, સુધારી દે, રક્ષા કર, વ્યવસ્થા કર, નવી અવસ્થા ઉપજાવ, જૂની અવસ્થા ટાળી દે અને એનું રક્ષણ કર એવું આત્મામાં ત્રણ કાળમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

કેમ કે સર્વ દ્રવ્યો જગતના જેટલા ભગવાને પદાર્થ જોયા, પરમેશ્વર કેવળીએ અનંત આત્માઓ, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ દ્રવ્ય ભગવાને જોયા. એ છએ દ્રવ્યની પોતાની વર્તમાન પર્યાયથી (ઉત્પાદ થાય છે). પછી નિર્મળ પર્યાયનો ઉત્પાદ હો કે મલિનનો હો, પોતાથી તેનો ઉત્પાદ છે. પરને કારણે નહિ. કહો, આ સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થવામાં પોતાને કારણે પોતે ઉત્પન્ન કરે છે. કર્મ ટળે તો એના ઉત્પાદને યોગ્ય આત્મા થાય એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? માણસ કહે ને કે ભાઈ! કાંઈક ખાવા-પીવાનું સાધન હોય, કાંઈક રળવા-આજીવિકા હોય, .. હોય તો આત્મા ધર્મ કરવાને લાયક થાય. એમ કહે છે ને? બહારમાં વાતું કરે મૂર્ખ. ઈ અહીં કહે છે ભગવાન કે મૂર્ખા આવી વાતું કરે છે એમ કહે છે. કેમ કે બહારની અનુકૂળતાએ તને ધર્મની લાયકાત થાય એવી પરમાં લાયકાત એવી નથી અને તારી લાયકાત જે છે એ તારે કારણે થાય, એ પરને લઈને થતી નથી. આવો ભગવાન કેવળીએ કહેલો પદાર્થ છે. હવે એની જેને શ્રદ્ધાની ખબર નથી, કેવળીએ પ્રરૂપેલા ધર્મને અને કેવળીને માને છે ક્યાં ઈ? સમજાણું કાંઈ?

'**આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :-**' લોકોને સમજાય ને એ રીતે દાખલો આપે છે. '**માટી કુંભભાવે...**' એમ ભાષા છે ને? કુંભભાવે. એટલે ઓલામાં અર્થ કર્યો છે ને? એવી રીતે બધા દ્રવ્યો સ્વપરિણામ પર્યાયે. સ્વપરિણામ પર્યાયે. એટલે સ્વપરિણામ ભાવરૂપે એમ કર્યું. અહીં ભાવ છે એટલે ને? ત્યાં ભાવ નાખ્યો લાગે છે કે શું? એ ખબર નથી અત્યારે. તે દિ' નાખ્યું હશે એ. અહીં આવ્યું છે ને? '**કુંભભાવે...**' એમ છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી એમ કર્યુંને એવી રીતે. પાછળ ઉપમા આપશે ત્યાં. બધા દ્રવ્યો સ્વપરિણામ પર્યાયો. સ્વપરિણામ પર્યાય. ત્યાં પોતાના પરિણામ ભાવરૂપે એમ લીધું ત્યાં. છે ક્યાંક. પછી આવશે સિદ્ધાંત. સમજાય છે કાંઈ?

એ '**માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી...**' કુંભાર એને ઊપજાવતો નથી. ન્યાલભાઈ! માટીનો ઘડો એની મેળાએ થઈ જાય કુંભાર વિના? મોહનભાઈ! આ કપડું કહે છે કે આ મોહનભાઈ ઊપજાવતા નથી એમ કહે છે. અહીં માટીને ઠેકાણે કપડું લ્યો તો કપડું પોતાને ભાવે ઉપજતું થકું. શું દરજીના સ્વભાવથી ઊપજે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો દાખલો કુંભારનો આપ્યો છે. સહેલો છે ને એટલે. કહો, સમજાણું કાંઈ?

માટી છે એ પિંડ પડ્યો છે માટી. એ પોતે એ કુંભ એટલે ઘડો એના ભાવે એટલે પર્યાય. ઘડાની અવસ્થાપણે ઊપજતી થકી. માટી ઘડાની અવસ્થાપણે ઊપજતી થકી '**શું કુંભારના સ્વભાવથી ઊપજે છે...**' કુંભારના સ્વભાવથી માટી ઊપજી કે માટીના સ્વભાવે ઘડો થયો? કહો, કોટ કર્યો એ કહે છે કે ત્યાં દરજીના સ્વભાવથી કોટ થયો કે કપડાના સ્વભાવથી કોટ થયો? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. આણે બનાવ્યો જ નથી. એ કપડું જ એ રૂપે પરિણમ્યું છે કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એને ખ્યાલ જ છે કે આ રીતે આમાંથી કોટ બનશે. આમાંથી બનશે. હું બનાવીશ એમ નથી. કુંભારને પણ ખ્યાલ છે કે આ માટીમાંથી આ સ્થિતિ છે અને આવો ઘડો થશે. હું કરીશ એમ નથી પણ માને છે ક્ષણે ક્ષણે હું કરીશ, હું કરીશ. ભ્રમણા છે ભ્રમણા અજ્ઞાનીની. સમજાણું કાંઈ?

'**કુંભભાવે ઊપજતી થકી...**' કોણ ઊપજતી? માટી ઘડાપણે થતી થકી. ઊપજતી થકી. કારણ કે ઘડાપણે પર્યાય ઊપજીને આમ? '**શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે?**' જો કુંભારના સ્વભાવે ઊપજે તો કુંભારનો સ્વભાવ અને શરીરનો આકાર ત્યાં હોવો જોઈએ. ત્યાં તો એ છે નહિ. એ તો માટીનો આકાર અને માટીનો સ્વભાવ ત્યાં છે. ત્યાં તો માટીનો આકાર અને માટીનો સ્વભાવ છે. ત્યાં કુંભારના શરીરનો આકાર અને કુંભારનો સ્વભાવ ત્યાં નથી. કહો, સમજાણું કાંઈ? મોટા વાંધા. મોટા પંડિતોને પણ આમાં કેટલાકને વાંધા. તત્ત્વની ખબર ન મળે અને આ હું બીજાને કરી દઉં અને બીજો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારાથી મને બીજો કરી દે. આવી માન્યતા ભ્રમણા બાહ્ય દૃષ્ટિવાળાની છે. બહિર્બુદ્ધિ જેની છે, જેને અંતર આત્મા કોણ છે, ભગવાન સર્વજ્ઞ કોને આત્મા કહે છે એની જેને ખબર નથી એની આવી બુદ્ધિ છે. અને એ ભગવાને કહ્યું તત્ત્વ છે એ રીતે સમજે નહિ અને એને ધર્મ થઈ જાય, ધૂળમાંથી ધર્મ થાય, કાંઈ બહારથી ધર્મ થાતો હશે? સમજાણું કાંઈ?

'**જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય..**' કોણ? માટી. માટી ઘડાભાવે ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજતી હોય '**તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો...**' ભાષા જુઓ! હું ઘડો કરું એવો અહંકાર એના ભાવમાં છે. હું ઘડો કરું. આ દરજીને કપડું કરું એમ અહંકાર હોય. આ વેપારીને વેપાર કરું એવો અહંકાર હોય લ્યોને. કાપડનો વેપાર. તો કાપડનો બરાબર અમે કાપડનું કરીએ છીએ. આ કાપડ કેટલું જોવે છે ભાઈ? ૨૫ ગજ. અમે માપીએ છીએ. મૂઢ છો કહે છે. અહંકાર છે તારો. એ તો એની પર્યાય-એની અવસ્થા એનાથી થાય છે ત્યારે તું નિમિત્તમાત્ર છો. તારાથી તેમાં થતું નથી. કહો, સમજાણું આમાં? ભારે વાંધા.

'**કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી...**' મેં કર્યો, હું કરું... આ કરું... આ કરું... એવું '**ભરેલો પુરુષ રહેલો છે...**' અહંકાર '**ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે...**' એમ કહે છે. એ કાંઈ માટીના ઘડાની પર્યાયથી ભરેલો છે એમ છે નહિ. '**અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે...**' આમ આમ થાય, આમ આમ. '**એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.**' ઘડો તો એને આકારે થવો જોઈએ. કુંભારને આકારે અને કુંભારને સ્વભાવે થવો જોઈએ. તો એ તો થતો નથી. એ આકાર થયો છે તે માટીનો, સ્વભાવ છે તે માટીનો. ભારે ઝીણું. સમજાણું કાંઈ?

'**જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.**' સમજાણું? એમ કોઈ બાઈ છે તે રોટલી કરે છે એમ કહે છે. એ તો રોટલી કરવાના અહંકારથી ભરેલી છે. એ રોટલી લોટના સ્વભાવે ઊપજે છે, રોટલી લોટના સ્વભાવે ઊપજે છે કે સ્ત્રીના સ્વભાવે ઊપજે છે? તો એ સ્ત્રી ક્રોધી હોય તો એનો થોડો સ્વભાવ અંદર આવવો જોઈએ એના સ્વભાવે થતી હોય તો. અને કાંઈક નરમ હોય તો એનો સ્વભાવ અંદર લોટમાં આવવો જોઈએ. એ તો આવતો નથી. લોટની અવસ્થા રોટલીરૂપે થાય છે તે પોતે લોટ તે પર્યાયપણે ઊપજે છે. એ સ્ત્રી તેની પર્યાયને ઊપજાવે છે એમ ભગવાન ના પાડે છે. ભારે વાત! કઠણ જગતને. સમજાણું કાંઈ?

કહે છે કે કુંભારનું શરીર તેના આધારે ઘડો થવો જોઈએ. '**પરંતુ એમ તો થતું નથી,...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન કહે છે કે એમ તો થતું નથી. ઘડો તો માટીના સ્વભાવે ઊપજે છે. કુંભારના ભાવે ને સ્વભાવે ને આકારે થતો નથી. '**કારણ કે...**' આ તો દૃષ્ટાંત આપ્યો છે હોં! એ તો એવા બધા દાખલા લેવા. રોટલીના, દાળ-ભાત-શાકના, આ કપડાના, આ લોઢાના, લોઢું તોડીને આપે છે ને? ફલાણું કર્યું, મેં કર્યું, તોડીને આપ્યું. આ પાંચ મણ હમણા આપ્યું ને ઢીંકણું આપ્યું ને ચોખાની ગુણ આપી. બધું એમાં આવી જાય છે. સમજાણું? શું કહે તમારે પ્લાસ્ટિકના જોડા, ચંપલ. પ્લાસ્ટિકની ચંપલને સંચો મેં હલાવ્યો. કહે છે કે મૂઢ છો. અહીં તો ભગવાન એમ કહે છે. તું અહંકારથી ભરેલો તેને બનાવવામાં તો તારાથી બને તો તારો સ્વભાવ ત્યાં આવવો જોઈએ. એ તો એના સ્વભાવની અવસ્થાથી તે પોતે થાય છે. તારા સ્વભાવથી થતો નથી. કહો, જેઠાલાલભાઈ! ભારે વાત ભાઈ. આ તો એક દૃષ્ટાંત છે કુંભારનું. એ રીતે બધા લેવા. સમજાણું?

સોની છે. કહે છે કે દાગીનો બન્યો. એ સોનીએ બનાવ્યો હોય, સોનીથી બન્યો હોય તો સોનાના સ્વભાવે દાગીનો ઊપજ્યો છે કે સોનીના સ્વભાવે ઊપજ્યો છે? દાગીનો છે એ સોનાના સ્વભાવે ઊપજ્યો છે કે સોનીના સ્વભાવે ઊપજ્યો છે? એમ કપડું ઊપજ્યું છે એ કપડાના સ્વભાવથી ઊપજ્યું છે કે દરજીના સ્વભાવથી ઊપજ્યું છે? દરજીના સ્વભાવે ઊપજે તો દરજી ત્યાં પેસી ગયો અને દરજીનો આકાર અને દરજીનો ભાવ તેવો ત્યાં આવવો જોઈએ. ત્યાં તો કપડાનો ભાવ છે એમાં. કહો, સમજાણું કાંઈ? ભારે.

કહો, આ સુતાર છે ને હડફો કરે ને હડફો? ગલ્લો. ગલ્લા કહે છે ને? એ ગલ્લો લાકડાના સ્વભાવે ઊપજ્યો છે કે સુતારના સ્વભાવે ઊપજ્યો છે? સમજાણું? એ તો કહે છે કે એના પોતાના પર્યાયના સ્વભાવે તે હડફો ઊપજ્યો છે. સમજાણું? હથોડી છે ને હથોડી? એક દાખલો આપ્યો હતો ને તે દિ'? કેટલા વર્ષ થઈ ગયા? ઘણા વર્ષ થઈ ગયા. મોલડી-મોલડી છે ને? ચોટીલા પાસે મોલડી છે ને ત્યાં ઉતર્યા હતા નહિ? ઓલો ભગત હતો ભગત. ઘણા વર્ષ થયા. કઈ સાલ હશે? રાજકોટથી.

મુમુક્ષુ :- ૨૦૦૫ની સાલ.

ઉત્તર :- ૨૦૦૫ની સાલ. લ્યો! ૧૯ વર્ષ થયા. વ્યાખ્યાન ચાલતું હતું. એ લુહાર હતો, હુશિયાર હતો. મોલડી છે. એલા એક મહારાજ આવ્યા છે, કહે. મહારાજ તો ઘણા આવે છે હવે. પણ આ મહારાજ કહે છે કે હથોડી ઉપડે નહિ હાથથી. એમ કહે છે. લ્યો! વ્યાખ્યાન પૂરું થઈને આવ્યો પાછો. અમે સાંભળ્યું હતું ખરું મહારાજ આમ (કહે છે). પણ ભાઈ મહારાજ તો ઘણા (આવે છે). પણ આ મહારાજ બીજી જાતના છે. આ હથોડી આમ આમ ઉપડે છે એ આત્માથી નહિ. આ હાથ આમ આમ થાય એ આત્માથી નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ કહે છે. હું ઝટ સાંભળવા આવ્યો તો અહીં તો વ્યાખ્યાન પૂરું થઈ ગયું. આહાહા..!

ભાઈ! એ હથોડી છે ને? એ શું ચીજ છે કે કાંઈ નાસ્તિ છે? એ અનંત રજકણોનું બનેલું તત્ત્વ છે. એક પોઈન્ટ પરમાણુ એક નથી. અનંતા રજકણ છે આમાં. અનંતા રજકણની આંગળી છે ને આ? અનંતા રજકણ. રજકણ સમજ્યા? પરમાણુ. જેને ભગવાન પરમાણુ કહે છે. અને પરમાણુ આ દરજીના પરમાણુ નહિ હોં! પરમાણુ લેવા જાવું નથી કહેતા? આ તો પરમાણુ એટલે આનો છેલ્લો ભાગ. ઝીણામાં ઝીણો જેના બે ભાગ થાય નહિ. એને પરમેશ્વર પરમાણુ-પરમ અંશ છેલ્લામાં છેલ્લો નાનો ભાગ. એ અનંતા પરમાણુનો પિંડ દેખાય છે આંગળી. આ કાંઈ આત્મા નથી. તેમ એક વસ્તુ નથી. અનંતા રજકણ છે. એ અનંત રજકણની અવસ્થા ક્ષણે ક્ષણે થાય છે. એને ક્ષણે ક્ષણે આ અવસ્થા થવામાં એ પરમાણુ પોતાના સ્વભાવે અવસ્થા કરે છે. એમ હથોડીના પરમાણુ પોતાના સ્વભાવે ઊંચી-નીચી થાય એમ કહે છે. ભારે વાત ભાઈ! ગળે ઉતારવી કહે છે..

મુમુક્ષુ :- ... આત્મા કરે છે કે કોણ કરે છે?

ઉત્તર :- અહંકાર છે એનો. કરે છે એનો ભાવ. તું કર અહંકાર. બીજું શું કરે? સમજાણું કાંઈ?

એ રજકણોમાં, પરમાણુઓમાં બદલવાની શક્તિવાળા બદલીને પર્યાય એમાં અવસ્થા થાય છે. એના કીધું ને આ? એની પર્યાય ઊપજતી થકા સર્વ દ્રવ્ય પોતે ઊપજે છે. બીજાથી ઊપજવાની પોતામાં અલાયકાત છે. અને બીજાને ઊપજાવવાની પણ પોતામાં અલાયકાત છે. આ વસ્તુનું સ્વરૂપ છે. ખબર ન મળે અને એમ ને એમ અભિમાન કર્યા કરે. આનું આ કર્યું. પછી અમારે ધર્મ (કરવો છે). શું ધૂળ? ક્યાંથી ધર્મ થાતો હતો? સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મની પર્યાય પણ પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એને લક્ષે પોતે આત્મા તેની પર્યાયપણે ઊપજે છે પોતાની લાયકાતથી. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે છે કે યોગ્યતા તો પારિણામિકભાવમાં હોય જ ભાઈ. બીજા ચારમાં ન હોય, એમ કહે છે. પરિણામિકભાવ છે ને એમાં યોગ્યતા લાગુ પડે. ચાર ભાવમાં લાગુ ન પડે. અહીં તો કહે છે કે દરેકમાં યોગ્યતા લાગુ પડે. છએ દ્રવ્ય અને દરેક પર્યાય. વિકારી કે અવિકારી. ઓલામાં નથી આવતું નહિ? યોગ્યતા હી શરણં. ઓલામાં નાખ્યું છે. આપણે આમાં છે જુદું. ઈષ્ટોપદેશ. ત્યાં ..માં. આચાર્ય કહે છે, દરેક પર્યાયની વર્તમાન અવસ્થા એની યોગ્યતાથી.. એને યોગ્યતાથી થાય છે. બાકી આમાં યોગ્યતા જ છે ને આ પૂજ્યપાદ સ્વામી. ગુરુ.. આવે છે ને દાખલો? યોગ્યતા જ એ સાધન છે. દરેક વસ્તુની વર્તમાન લાયકાત અને અવસ્થા તે એની યોગ્યતા તે તેનું સાધન છે. બીજું સાધન છે નહિ. એ આમાં આવે છે. ઈષ્ટોપદેશ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ધર્માસ્તિકાય વત્ એમાંથી લીધું છે ને? એમાં પણ ના પાડી છે. ના. ધર્માસ્તિકાય તો એક અબદ્ધ જે વસ્તુ છે એને માટે ધર્માસ્તિનો દાખલો છે. પણ કર્મ અને શરીરાદિ એના માટે નહિ ધર્માસ્તિનો દાખલો. અહીં તો બધાને માટે કહે છે. ત્યાં પણ બધાને માટે છે. પહેલું કથન પણ એનો અર્થ કેમ કરવો એ કહે છે પોતાની દૃષ્ટિએ કરવો ને? ધર્માસ્તિકાય વત્. ધર્માસ્તિકાય છે ને? એક વસ્તુ ભગવાને જોઈ છે ને? છ દ્રવ્ય જોયા છે ને ભગવાને. આખા લોકમાં એક ધર્માસ્તિ જોયો છે. જીવ અને જડ ગતિ કરે ને ત્યારે ધર્માસ્તિનું નિમિત્ત છે. જેમ પાણીમાં માછલું ગતિ કરે તો પાણી નિમિત્ત કહેવાય છે. ગતિ કરે તો. એમ આ ચૌદ રાજલોકમાં કેવળી ભગવાને કેવળી તીર્થંકરદેવે એક ધર્માસ્તિ અને અધર્માસ્તિ નામના બે તત્ત્વો દ્રવ્ય જોયા છે. અનાદિઅનંત છે. છ દ્રવ્ય જોયા છે ભગવાને. એમાં એક ધર્માસ્તિ નામનો પદાર્થ છે અરૂપી. એને અત્યારે શું કાંઈક બીજી ભાષા નહિ ..? શું કાંઈ કહે છે. ઈથર. એને ત્યાં ક્યાં.. આ તો ઈથર એવું નામ. આ તો ભગવાને જોયેલું કેવળજ્ઞાની, તીર્થંકરદેવે. ધર્માસ્તિ નામનો ચૌદ બ્રહ્માંડમાં એક પદાર્થ છે. જીવ અને જડ ગતિ કરે. ગતિ કરવાની પર્યાયે પરિણમે ત્યારે ઓલા ધર્માસ્તિને નિમિત્ત કહેવામાં આવે છે. ધર્માસ્તિ એને હલાવી દેતું નથી. એમ દરેક વસ્તુની વર્તમાન અવસ્થાની લાયકાત પોતાને કારણે વિકાર કે અવિકાર થાય છે. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાય વત્ નિમિત્ત છે બધા. નિમિત્ત હો. હો. પણ થાય છે પોતાને કારણે. નિમિત્તને કારણે થાતું નથી. જુઓ! અહીં કહેશે ઈ.

'**કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' ભાષા કેટલી છે જુઓ! અન્ય વસ્તુના સ્વભાવે કોઈ અન્ય દ્રવ્યના પરિણામનો ઉત્પાદ. પર્યાયનો ઉત્પાદ. એમ. ગુણ તો ક્યાં ઉત્પન્ન થાય છે? ગુણ તો છે ત્રિકાળ. અન્ય દ્રવ્યના પરિણામ, પર્યાય અવસ્થા વર્તમાન થાય છે ને? જુઓ! આ હાલત થાય, આત્મામાં રાગાદિ થાય. એ સમયે સમયે જે અવસ્થા થાય તે દ્રવ્યના, દ્રવ્ય એટલે વસ્તુ, એનો પરિણામ એટલે વર્તમાન દશા, એનો ઉત્પાદ અન્ય દ્રવ્યના સ્વભાવે ઉત્પાદ જોવામાં આવતો નથી. અહીં તો આચાર્ય એમ કહે છે. કહે છે કે અમને તો એક દ્રવ્યની પર્યાયને બીજું દ્રવ્ય ઉપજાવે એમ જોવામાં આવતું નથી. કહો, સમજાણું કાંઈ?

'**જો આમ છે...**' જો આમ છે '**તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...**' માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી. '**પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...**' સમજાય છે? માટીના પોતાના સ્વભાવથી જ ઘડારૂપે થાય છે. આહાહા..! ભારે આકરી વાત. બીજા વળી કેટલાક એમ કહે કે ભાઈ! માટીની અવસ્થા બદલી એ તો ભલે એ બદલાય. પણ આકાર કુંભાર વિના થાય? પણ એ આકાર એનો એક પર્યાય છે કે નહિ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વળી ઘણા કો'ક આમ કહે. કંઈકની કંઈક અત્યારે વાતું ચાલે છે.

અહીં તો કહે છે કે જો '**કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' લ્યો! ઠીક. દરેક આત્મા, દરેક રજકણ, દરેક ધર્માસ્તિ આદિ પદાર્થ છ ભગવાને જોયા. છ દ્રવ્ય અનંત છે. આત્મા અનંત છે, પરમાણુ અનંત છે. ધર્માસ્તિ એક છે, અધર્માસ્તિ એક છે, આકાશ એક છે અને કાળ અસંખ્ય અણુ છે ઝીણા. એવા છ દ્રવ્ય ભગવાન કેવળીએ અનાદિઅનંત તત્ત્વ જોયા. એ દરકે દ્રવ્યનો ઉત્પાદ, પરિણામનો ઉત્પાદ... ભાષા આમ છે જોયું! ઓલામાં એમ આવ્યું હતું ને? '**કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' અહીં પણ કહે છે. '**કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ...**' પરિણામનો ઉત્પાદ. આમ તો ભાષા છે. દરેક રજકણ, દરેક આત્મા પોતાના પરિણામનો ઉત્પાદ '**જોવામાં આવે છે.**' કો'કના પરિણામે કો'કની અવસ્થા ઊપજે એવું ભગવાન કહે છે કે અમને તો જોવામાં આવતું નથી. સમજાણું કાંઈ? ભારે ભ્રમ ભાઈ તારે આ. ત્યારે વળી ઈશ્વર કરતો હશે? કો'કને એમ થાતું હશે. આપણે કરીએ નહિ તો પછી આ લાકડાના ઘડા થાય, આ કુંભારના ઘડા થાય, ફલાણું થાય, કપડું થાય. ઈશ્વર કરવા આવતો હશે ત્યાં? પણ અહીં ઈ તો કીધું. એ વસ્તુ છે પોતે. રજકણો એક દ્રવ્ય છે જગતના. એ દ્રવ્ય પોતે દ્રવે છે. દ્રવે છે એટલે પરિણમે છે. દ્રવે છે. ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે તે તેનાથી થાય છે. પરથી થતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો સ્વતંત્ર વસ્તુ છે ને. આ તો એનો બીજો કોઈ કર્તા ઈશ્વર છે? એમ. પોતે જડેશ્વર છે. સ્વતંત્ર વસ્તુ છે. અનંતા રજકણો, અનંત ગુણથી ભરેલા છે અને અનંતા ગુણો સમયે સમયે પોતાની પર્યાયથી ઊપજે છે. એવું સ્વતંત્ર વસ્તુની ખબર વિના આત્મા અખંડાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ ઉપર એની દૃષ્ટિ ન જાય. આવી સ્વતંત્રતા જ્યાં સુધી નક્કી ન કરે ત્યાં સુધી ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ છું એના ઉપર એની દૃષ્ટિ ન જાય. અને એવા આનંદકંદ ઉપર દૃષ્ટિ ગયા વિના તેનું ભવભ્રમણ ટળે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**કારણ કે પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે,...**' દેખો! માટી પોતાના સ્વભાવને નહિ ઓળંગતી, નહિ છોડતી થકી, માટીનો સ્વભાવ જે ઠંડો આદિ છે અને જે આકારે થવું એવો એનો સ્વભાવ છે એને નહિ છોડતી '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' એ કુંભાર ઘડાનો ઉત્પન્ન કરનારો છે નહિ. ભારે વાત ભાઈ! કહો, આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દરજી કપડાનો ઉત્પાદક નથી. એ સુતાર... શું એને તો ઓલું ગાડું કહે. ગાડાના પૈડા કરે ને એ. ગાડાના પૈડાનો કરનાર સુતાર નથી એમ ભગવાન કહે છે. આ ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- નિમિત્ત બનાવે...

ઉત્તર :- એનો અર્થ થયો કે નિમિત્ત કરતું નથી માટે નિમિત્ત છે. નહિતર તો નિમિત્ત કહેવાય નહિ એને. કર્તા કહેવાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ છે જ નહિ પણ. એ થાય એનાથી થાય ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. એ જ વાત છે ને. નિમિત્તથી થાય તો તો એનાથી થયું. તો નિમિત્ત ન કહેવાણું, તો ઉપાદાન થઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એની મેળાએ. એ તો બધી ખબર છે. એનો પ્રશ્ન ખબર ન હોય? એવા હજારો અમારી પાસે આવ્યા છે ને. એ કાંઈ નવો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? જે ક્ષણે તે દ્રવ્યની અવસ્થા ઉપજવાની તે પોતાથી ઊપજે છે. ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. જો એનાથી ઊપજે તો તો આનાથી ઊપજ્યું. એમાં નિમિત્ત ક્યાં આવ્યું? એ તો આનાથી ઊપજ્યું. સમજાણું કાંઈ? મહા મોટો ભ્રમ છે અજ્ઞાનીનો. કુંભાર આવ્યો તો ઘડો થયો, દરજી આવ્યો તો કપડું થયું. વાત જ ખોટી છે અહીં ભગવાન કહે છે. મોહનભાઈ! દુનિયાથી ઊંધું છે, ભાઈ! ઊંધુ માનનારથી ઊંધું છે. આહાહા..!

એક એક રજકણમાં ભાઈ! ક્ષણે ક્ષણે ઉત્પાદ (થાય છે) એનું નામ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે દ્રવવું. પાણીમાંથી તરંગ ઉઠે છે એ પોતાથી ઉઠે છે, એ કોઈ પવન ઉપજાવતું નથી. એમ છે કહે છે. સમજાણું કાંઈ? જુઓને! અહીં તો આચાર્ય પોતે કુંદકુંદાચાર્ય ભગવાન તીર્થંકરદેવ પાસે ગયા હતા. સંવત્ ૪૯માં. મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સમજાય છે? તીર્થંકર દેવ સીમંધર પરમાત્મા. એની પાસે આઠ દિ' રહ્યા અને આ કહે છે. મૂળ પાઠમાં છે જુઓ ઈ. મૂળ પાઠ એમનો છે.

'**सव्वदव्वा उप्पज्जंते सहावेण**' બધા દ્રવ્યો એક સમયની જે પર્યાયના પરિણામપણે ઊપજે તે પોતાથી ઊપજે છે. ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? ભારે! હજી તો આ વાત બેસે કઠણ. એમાં વળી આ આત્મા અખંડાનંદ એને વિકારની રુચિ છોડીને અવિકારીની દૃષ્ટિ કર તો ધર્મ થાય, બાકી ધર્મ થાય એવો નથી. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! એ ગાંઠ નીકળે તો અંદરમાં પેસી જાય ને દૃષ્ટિ કરે. પણ આ ગાંઠ જ્યાં સુધી પડી છે ત્યાં સુધી અંદર જશે નહિ. ધર્મ સ્વભાવ તો આત્મામાં જ્ઞાનાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવ પડ્યો છે. એવા સ્વભાવની અંતર દૃષ્ટિ કરતાં પર્યાયમાં મારાથી બધું થાય છે, દરેક દ્રવ્યનું તેની પર્યાયથી થાય છે. એમ સ્વતંત્ર જેમ છે તેમ તેનું જ્ઞાન થતાં એ વિકારનો ટાળનાર પોતે હું છું. કેમ કે મેં કર્યો છે. હું સ્વભાવની દૃષ્ટિ કરતાં ચિદાનંદ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય અને રાગાદિ મારા એવો મિથ્યાત્વભાવ જાય. ત્યારે એને ધર્મ કહેવામાં આવે છે. ભારે! સમજાણું કાંઈ? હજી તો આ મિથ્યાત્વ પડ્યું હોય કે મારાથી પરમાં થાય અને પરમાંથી મારામાં થાય એ તો મોટું તીવ્ર મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? શું કીધું?

'**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' જોવામાં આવતો નથી એમ આવ્યું હતું ને માથે? '**દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી...**' કુંભારથી ઘડાનો ઉત્પાદ જોવામાં આવતો નથી. માટી પોતાના પર્યાયે ઉત્પન્ન થતી જોવામાં આવે છે. માટે તે ઘડાનો ઉત્પાદક છે જ નહિ. ભારે ભાઈ! હજી તો આવું ગળે ઉતરવું કઠણ એમાં ક્યાં અંદર... હજી તો હું હોઉં તો પરમાં થાય અને પર હોય તો મારામાં થાય. નિમિત્ત આવે તો થાય અને ન આવે તો ન થાય. હવે એ અટક્યો બહારમાં. હજી તો બહાર સ્થૂળ દૃષ્ટિમાં. એને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ધાતુ ભગવાન પરમાનંદની મૂર્તિ આત્મા છે. કેવળજ્ઞાનીએ જેવો પ્રગટ્યો કેવળજ્ઞાન અને કેવળ આનંદ, એ બધા અંતરમાંથી લાવ્યા છે. કાંઈ બહારથી આવે એવું નથી. એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ છું. આ વિકારની રુચિ છોડી, વિકાર મારાથી થાય છે એમ માની, વિકાર પરથી નિમિત્તથી થાય છે નહિ, પરમાં થાય છે તેનાથી થાય. મારે કારણે તેમાં નહિ. એવી જ્ઞાનબુદ્ધિમાં આટલી સરળતા આવ્યે એની રુચિ છોડીને આત્માની દૃષ્ટિ કરે ત્યારે ધર્મ થાય. ન્યાલચંદભાઈ! ભારે વાતું આકરી!

'**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' સંસ્કૃતમાં છે હોં ઈ. કહો, સમજાણું? '**स्वस्वभावेन कुम्भभावेनोत्पद्यते। एवं सर्वाण्यपि द्रव्याणि स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि किं निमित्तभूतद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते,**' લ્યો એ તો પછી આવશે. ધર્મ છે ને. ત્રીજી લીટી. '**सति मृत्तिकायाः स्वस्वभावानतिक्रमान्न कुम्भकारः कुम्भस्योत्पादक एव; मृत्तिकैव कुम्भकारस्वभावमस्पृशनती स्वभावेन कुम्भभावेनोत्पद्यते।**' લ્યો! સમજાણું કાંઈ? પણ કોઈની અવસ્થાને કોઈ અવસ્થા સ્પર્શે તો તો બે છે એ એક થઈ જાય. આહાહા..! આ તો કર્મ નથી આત્માને અડતા, આત્મા નથી કર્મને અડતો. આ શરીરને આત્મા અડ્યો નથી અને આત્મા શરીરને અડ્યો નથી એમ કહે છે. આ જગતની ચીજ જડ જુદી છે, આત્મા ચીજ જુદી છે. આ જડની અવસ્થા થતાં પોતે પોતાને કારણે ત્યાં ઉત્પન્ન પર્યાય આ બધી થાય છે. એ આત્માને કારણે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ કહે છે કે શરીરની અવસ્થાનો ઉત્પાદ (કરતો) આત્મા દેખવામાં આવતો નથી. એમ કુંભાર ઘડાનો ઉત્પાદક અમને દેખવામાં આવતો નથી અને છે નહિ. દેખવામાં આવતો નથી એટલે છે નહિ, તેમ દેખવામાં આવતો નથી. સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ! શું હશે આમાં? આ પણ આખું બધું કાંઈ નિમિત્ત વિના ચાલે છે કાંઈ? એની મેળાએ લાકડું ઊંચું થાતું હશે? પડી પડી માટીનો ઘડો થાતો હશે? ભાઈ! તને ખબર નથી. ભાઈ! પડેલી માટીની પર્યાય તે ભિન્નપણે હતી પર્યાય. એ પર્યાય બદલીને જ્યારે ઘડાની આકૃતિ પામે છે ઘડાનો તે સમયનો તે આકાર અને પર્યાય ઘડાની માટીની છે. પહેલાની પર્યાય બીજી હતી પછીની પર્યાય બીજી (છે). પર્યાય બીજી બદલે છે કે નહિ? એ પહેલાની પર્યાય માટીના પિંડરૂપે હતી અવસ્થા, પછી માટી કરતા કરતા પરિણમતી બદલતી ઘડારૂપ માટી થઈ છે. શું કુંભારે એને કરી છે? ભારે વાત ભાઈ! પણ આ રોટલીનો પિંડો બાંધે, કેળવે સરખી, પછી વળી થોડોક લે. વેલણ-બેલણ ફરે ત્યારે સરખી રોટલી થાય. ના. એમ ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ રોકે? એ તો સ્વભાવ ઉત્પન્ન થાય એને કોણ રોકે? હમણા કાંઈક થયો હતો ને. પણ એની પર્યાય તે ટાણે થવાની હતી. અહીં આપણે ન થઈ પાળિયાદમાં? મોટા ધડાકા થતાં હતા. હેઠે કાંઈક માઈલ-બે માઈલથી. પાળિયાદ. છ-સાત ગાઉ. બોટાદ અને ઓલા રાણપુર. ત્યાં સુધી ધરતીકંપ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યા હતા ને ખબર છે. એ તો અંદરના લાવાનો કોઈ રસનો કોઈ ફેરફાર થઈ જાય પર્યાયનો અવસ્થા તો થાય. કોણ કરે એને? પણ એ બેસવું જગતને કઠણ. ભાઈ, અભિમાન છે ને. હું હોઉં તો એમાં થાય, એ હોય તો મારામાં થાય. નિમિત્ત હોય તો આમાં થાય એમ અભિમાન છે ને? એ અભિમાન એને સમજવા દેતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી છે. સાંભળવા જ મળ્યું નથી. ક્યાંથી વિચારે અને ક્યાંથી માને?

લ્યો, કપડું. એ વળી દાખલો આપ્યો છે ભાઈમાં. ખાણિયાની ચર્ચામાં. લ્યો તમે કહો કે નિમિત્ત વિના થાય. તો કપડું એમ ને એમ લઈ આવ્યા પાંચ હાથ, દઈ આવો કપડા દરજીને. તો એ દરજી જ્યારે કરશે, દરજીની મરજી થાશે ત્યારે (સીવાશે). એ દાખલો આવ્યો છે તમારો, મોહનભાઈ! તમારું નામ નહિ દરજીમાં આવ્યું છે. મોટી ચર્ચા ચાલી છે. જયપુરમાં મોટા પંડિતોની ચર્ચા (ચાલી એના) બે પુસ્તકો છે. આઠ-આઠ રૂપિયાના બે. સોળ રૂપિયાના

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બે પુસ્તક. મોટી ચર્ચા. પોર જ થઈને કેટલી? પરાર? બે વર્ષ થઈ ગયા. પોર તો છપાઈ ગયા. પોર તો છપાઈને બહાર આવ્યા. ફાગણ સુદ બીજે? બીજે. જયપુરમાં પ્રકાશન થયું ને બે. ઘણાં વેચાઈ ગયા હોં! અહીંયા પણ સો-બસ્સો આવ્યા હતા. વેચાઈ ગયા. સોળ રૂપિયાનું પુસ્તક છે બે. મોટી પંડિતો વચ્ચે જયપુરમાં ચર્ચા ચાલી હતી. મોટી. દિગંબર-દિગંબર પંડિતોમાં. એમાં આ પ્રશ્ન સામાવાળાએ મૂક્યો છે કે એ દસ હાથનું કપડું લાવીને મૂક્યું એ એની મેળાએ થાશે? દરજીની ઈચ્છા હશે ત્યારે થાશે. ત્યારે એના ઉત્તરમાં શાસ્ત્રનો દાખલો આપીને કહે છે, ભાઈ! તે પરમાણુની તે પર્યાયનો કાળ જ્યારે આવશે ત્યારે થાશે. એના પોતાના પર્યાયથી થાય તે યોગ્યતા હી શરણં એની પર્યાયની યોગ્યતા તેને કારણે બને છે. દરજીથી બનતું નથી. એવો દાખલો તમારો આવ્યો, ત્યાં દરજીનો દાખલો આપ્યો. આ તો સામેવાળા બધા દાખલા આપે. એ વખતે સામા પૂછે, બાળક પૂછે એ વાતું છે બધી શું છે ત્યાં?

અહીં કુંભારના ઘડાની વાત કરી. ત્યાં કપડાની વાત કરી, દાણાની વાત કરીને ઘણા દાખલા આપ્યા છે. દાણો-દાણો વાવેને ખેડુત? દાણો વાવે. શું કીધું એણે? દેવતા કીધો કાંઈક. ઘઉં દેવતા. એમ વળી.. ભારે ગજબ કરે છે ને. ઘઉં પણ અનંતા રજકણ છે તને ખબર નથી. પરમાણુ છે. અનંત પરમાણુ છે એને કટકા કરો તો ભગવાને અનંતા રજકણ દેખ્યા છે. એ અનંતા રજકણમાં એક એક રજકણમાં અનંતા ગુણ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ. એ સમય સમયની પર્યાય થાય છે. એ પર્યાય શું કહેવાય? ઘઉંની. એ ઘઉંની પર્યાય ઘઉંથી ઊપજે છે. ઓલો કહે કે આ ખેડુ આમ કરે, પાણી નાખે, ઢીંકણું થાય ત્યારે થાય. સાંભળને હવે.

અહીં કહે છે કે કુંભાર ઘડાનો ઉત્પાદક છે નહિ. એમ જે ઘઉંની પર્યાય જે થાય ડુંડી આદિ. એની પર્યાયનો ઉત્પાદક પાણી અને ખેડુ છે નહિ. આવું છે. અહીં તો કહે, હું હતો તો મેં એની દયા પાળી. પણ એનું જીવન આયુષ્ય ને શરીરનું રહેવું એનો ઉત્પાદ તો એનાથી થયો છે. તેં ક્યાંથી દયા પાળી? એમ કહે છે. મેં પરની દયા પાળી એ તારો અહંકાર મિથ્યાત્વભાવ છે. કારણ કે એના દ્રવ્યની પર્યાયનો ઉત્પાદક એ છે. તેં ક્યાં એને રાખ્યો છે? એમ કહે છે અહીં. ભારે આકરું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભૂલી જાય ને અહંકાર કરે છે પાછો. મેં કર્યું, મેં દયા પાળી, મેં કર્યું. આમ કર્યું. જુઓ, નહિતર મરી જાત. હવે એનું આયુષ્ય હોય તો રહે અને એનું આયુષ્ય ન હોય તો ન રહે. શું તારાથી રહે એવું છે? સમજાણું કાંઈ? આ પૈસાવાળા એમ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને અમે બધાને નભાવીએ છીએ એમ કહે. હોય અભિમાન. ઘણાંને નભાવીએ. આ મીલમાલિક ને શું? ઘણાને નભાવીએ છીએ. ૧૦-૧૦ હજાર, ૨૦-૨૦ હજાર માણસને આજીવિકા મળે છે. એના માટે બધું કરતો હશે? તારા મમતાના પરિણામ છે. એને આજીવિકા મળવી, ન મળવી એ તો એની યોગ્યતા પ્રમાણે મળશે. શું તારે કારણે મળે છે? એ ક્યાં ગયા? એય..! વળી તમારા નાનજીભાઈ યાદ આવ્યા. નાનજી કેવા? કાળિદાસ. આઠ કરોડ, દસ કરોડ. નાનજી. લુહાણા છે ને? લુહાણા છે. હમણા બેઠું ૮૦મું વર્ષ બેઠું. મોટી ધામધુમ કરી. ૮૦ વર્ષમાં આઠ-દસ કરોડ રૂપિયા. આવે, વ્યાખ્યાનમાં આવે. એક-બે વાર આવે. અહીં આવ્યા હતા. ધર્મ શું એની કાંઈ ખબર ન પડે. આ તો પૈસા ખર્ચીને બે-ત્રણ લાખ મેં ખર્ચ્યા. પાંચ-દસ લાખ ખર્ચ્યા, ધૂળ ખર્ચી. ધૂળેય નથી, સાંભળને હવે. પૈસા તો જડ છે હવે. જડની અવસ્થા થવી એ તો જડને કારણે થાય. આત્મા કરી શકતો હશે એને? મકાન-બકાન આત્મા બનાવે? અહીં ના પાડે છે. મકાનને.. શું કહેવાય? કડિયો. આ ઈજનેર. ઈજનેર મકાનનો ઉત્પાદક છે નહિ એમ કહે છે અહીં. સાચું કહે છે? તમે આ બધું કર્યું ને અત્યાર સુધી મકાન. દસ-દસ લાખના મકાન વાંકાનેરમાં. અભિમાન કર્યું હતું. એ કહે છે અહીં. જો એનાથી થાય તો એનો સ્વભાવ ત્યાં આવવો જોઈએ. એ તો પોતાના રજકણના પર્યાયથી તે મકાન ઊભું થયું છે. ભારે જગતની વાત. સમજાણું કાંઈ?

'**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' દરજી કપડાનો ઉત્પાદક છે નહિ. સુતાર એ ગાડાનો અને પૈડાનો ઉત્પાદક છે નહિ. સ્ત્રી રોટલીની ઉત્પાદક છે નહિ. પુરુષ છે એ કાંઈ... આ શું કહેવાય? મોચી તેના જોડાનો ઉત્પાદક છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! સોની દાગીનાનો કરનારો ઉત્પાદક છે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મોટો હુશિયાર માણસ હોય માટે એમ કે આ રેકોર્ડ લઈ ગયું ત્યાં. એ ના પાડે છે અહીં. રેકોર્ડિંગના અનંતા રજકણો તેની પોતાની પર્યાયથી ઊપજીને જાય છે. ઓલો કળાવાળો છે માટે એની કળાની પર્યાયથી ત્યાં ઊપજે છે એમ છે નહિ. એમ કહે છે. કહો, જેઠાલાલભાઈ! જગતથી આંધળું છે ને. આંધળાને કહે છે કે હે આંધળા! સમજ તો ખરો. સ્વતંત્ર જગતના પદાર્થ છે એ પદાર્થ એકરૂપ રહે છે સદાય? પરિણમે છે, બદલે છે અને બદલતા બદલતા એ અવસ્થા એનામાં થાય છે. એમાં તેં શું કર્યું અને બીજા નિમિત્તે શું કર્યું એમાં? ભારે પણ આ! બધા રળવા-બળવા જતા હશે ને અહંકાર બહુ થતા હશે નહિ સરખાઈના?

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- કરેલા હશે તમારા છોકરાઓએ? લ્યો, હમણાં કો’ક કહેતું હતું. ૨૨ માળના મકાન, ૨૪ માળના મકાન. પડી જાય છે. ધરતીકંપમાં. ઓલો ધરતીકંપ થયો ને હમણાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આંચકો લાગ્યો કો’ક કહેતું હતું હમણા અંદર. આંચકો લાગ્યો કહે. ઓલા ૨૨ માળના કરે છે ને તમારો. ૨૨-૨૨ માળના કરે છે આનો છોકરો. બે કરોડ રૂપિયા છે ને અઢી કરોડ. એની પાસે. ૨૨ માળના મહેલ. મહેલ શું ધૂળ. ધૂળના હજીરા. ત્યાં બીક લાગે છે કહે છે હવે. મોટા ૨૨-૨૨ માળ કરે. એક જણો કોણ કહેતું હતું? ૨૨ માળનો કર્યો ઉપરથી નીચે ઉતર્યો શું છે ત્યાં પાછી ઓલી બંધ થઈ ગઈ.

મુમુક્ષુ :- લીફ્ટ.

ઉત્તર :- હા, એ કોક કહેતું હતું હમણાં. લીફ્ટ બંધ થઈ ગઈ લ્યો. ઉપરથી ઉતર્યા ભેગી. શું થયું આ? જોવા જાય તો લીફ્ટ બંધ થઈ ગઈ. હવે જાવું શી રીતે ઉપર? ભાઈ! એની પર્યાયની યોગ્યતા હોય ત્યારે થાય અને પર્યાયની યોગ્યતા ન હોય તો બંધ થઈ જાય એવું છે આ. આહાહા..! એ દીવો કરનાર દીવાના પર્યાયનો ઉત્પાદક છે નહિ. એમ કહે છે. જેમ કુંભાર ઘડાનો ઉત્પાદક છે નહિ એમ દીવાનો કરનાર દીવાનો ઉત્પાદક છે નહિ. નિમિત્તથી કહેવામાં આવે. કરનાર-બરનાર છે નહિ. દીવાના રજકણો ઉજળાપણે, પર્યાયપણે પરિણમતા પોતાથી દેખવામાં આવે છે. બીજાથી થાય એમ ભગવાન કહે છે કે અમને તો દેખ્યું નથી. તારી ભ્રમણાની દૃષ્ટિએ તું ભાળ તો ભ્રમણામાં જા. રખડ. સમજાણું કાંઈ? ભારે!

**‘કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...’** એમ આત્મા કર્મની પર્યાયનો ઉત્પાદક છે જ નહિ. ભગવાન કહે કે અમે તો એમ ભાળ્યું નથી કે કર્મનો ઉત્પાદ આત્માથી થાય. એવું તો અમે ભાળ્યું નથી. એના પરમાણુની અવસ્થા થાય એનાથી થાય એમ અમે દેખીએ છીએ. અને વિકાર કર્મથી થાય એમ છે નહિ. જુઓ! કુંભાર ઘડાનો ઉત્પાદક છે નહિ. એમ કર્મ વિકારનો ઉત્પાદક છે નહિ. સમજાણું કાંઈ?

**‘માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...’** જુઓ. એ માટી પોતે જ કુંભારના સ્વભાવને નહિ અડતી. જુઓ, ત્યાં સુધી તો શબ્દ આવ્યો. એય..! સ્પર્શતી આવ્યું ઓલું. ત્રીજી ગાથા. કહો, ત્રીજી ગાથામાં આવ્યું હતું ને? એક દ્રવ્યના ધર્મ પોતામાં છે. પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું, અડતું નથી. એક વસ્તુ બીજીને અડતી નથી- સ્પર્શતી નથી. અહીં એ કહે છે. ઈ આવ્યું. **‘માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...’** કુંભારનો સ્વભાવ કુંભારના સ્વભાવમાં રહ્યો, માટીનો સ્વભાવ માટીની પર્યાયમાં

રહ્યો. એ માટી જ પોતે કુંભારના સ્વભાવને નહિ અડતી થકી. આહાહા..! નહિ અડતી થકી. જુઓ! સ્પર્શતી થકીનો અર્થ, નહિ અડતી થકી. એ કુંભારના ભાવને અને કુંભારના અહંકારને માટીનો ઘડો થતાં એ માટી એને અડતી જ નથી. એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ! એ આ હાથ છે ને? એ આમ થાય ને? એ કહે છે હાથ આને અડતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની પર્યાયને. અડે કોને? પોતાની પર્યાયને સ્પર્શે છે દ્રવ્ય. આ પરની પર્યાયને સ્પર્શતો નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં આ રીતે સ્થિતિ બની રહી છે. એમ જ્યાં સુધી નક્કી નહિ કરે ત્યાં સુધી પરના કર્તાપણાનું અભિમાન ટળશે નહિ. પરથી મારામાં થાય એવું દીનપણું ટળશે નહિ. સમજાણું કાંઈ? પૈસા થયા હોય ને એમાં લાખ, બે લાખ, પાંચ લાખ, દસ લાખ ખર્ચે અને એમાં વળી એનું ઉદ્દ્ઘાટન કરતા હોય. જુઓ! એને હૂંફ હોય એ વખતે. એમ કાંઈક રળીને આવ્યા હોય આફ્રિકાથી બે-ચાર કરોડ. અને એમાંથી બે-પાંચ-દસ-પચાસ લાખ આપ્યા હોય અને એનું ઉદ્દ્ઘાટન છે આ. મોટા મોટાને બોલાવે. ફલાણાને ઓહોહો..! શું ભાઈ એણે કર્યું ને. બોર્ડિંગ કરી ને બહારના ગામડાના માણસો આવશે અને ઘણા છોકરાઓ (આવશે). કહે છે કે હરામ છે તેં કર્યું હોય તો. એમ કહે છે. કાંઈક કહે છે ને? સોસાયટી કરવાની છે કો'ક?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હજી કર્યા નથી. એટલા પડ્યા છે હજી પૈસા. આહાહા..! ભાઈ! જે ટાણે તે માટીની પર્યાય તેપણે પરિણમવાની હશે તે દિ' ઉપજશે. બીજો કહે કે મારે કારણે ઊપજે છે એ અજ્ઞાનીનો અહંકાર છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' તું તો જ્ઞાનસ્વરૂપ છો. આંખથી જો કે આમ થાય છે. એને ઠેકાણે મારાથી થાય છે અને આ આનાથી થાય છે એ તો ભ્રમ તેં ખોસ્યો વચમાં. સમજાણું કાંઈ?

**'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** લ્યો! એ માટી જ પોતાના સ્વભાવથી ઘડાને ભાવે ઊપજે છે. આહાહા..! આ તો સાક્ષાત્ ભગવાન હોય ને, તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજતા હોય અને દર્શન કરનાર ગયા. તો કહે છે કે દર્શન કરનારનો ભાવ જે શુભ છે એ એણે પોતે ઊપજાવ્યો છે. ભગવાનને કારણે ઊપજ્યો નથી. સમજાણું કાંઈ? ભગવાન તો નિમિત્તમાત્ર હતા. ભાવ તો પોતે કર્યો ત્યારે એને નિમિત્ત કહેવામાં આવ્યું. સમજાણું? એ ક્ષણે શુભભાવ હતો. ભગવાનના આમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



(દર્શન) કરું. એ શુભભાવનો ઉત્પાદક તું છો. નિમિત્ત ભગવાન ઉત્પાદક છે નહિ. ભગવાન કહે છે કે મેં ઉત્પન્ન કરાવ્યો તને શુભભાવ એવું મેં તો જોયું નથી, મેં કહ્યું નથી. અને અમે માનીએ છીએ ભગવાનને. એમ કહે. કેવળી ભગવાન તમેવ.. શું પણ? એ શું કહે છે એની તો ખબર નથી તને. ક્યાંથી નિઃશંકતા આવી તને? ત્વમેવ ... જિણેહી.. પણ ભગવાને શું કહ્યું એ સમજ્યા વિના તને ક્યાંથી શ્રદ્ધા આવી? ભગવાન તો આમ કહે છે કે કોઈ દ્રવ્યના ઉત્પાદનો પર્યાય કોઈ દ્રવ્યથી અમને તો જોવામાં આવ્યો નથી. તે દરેક દ્રવ્ય પોતાના સ્વભાવે વર્તમાન પર્યાયે ઊપજે છે, તેમ બીજો ઉપજાવે છે એમ છે નહિ. એમ ભગવાન કહે છે. સમજાણું કાંઈ?

**'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** એમ દરેકમાં. **'એવી રીતે-'** આ તો દાખલો હતો હજી હોં! હજી દાખલામાં કઠણ પડ્યું. આ તો હજી દૃષ્ટાંત હતો. સિદ્ધાંત તો હવે ઉતારવાનો છે. ભાઈ કહેતા ને પ્રેમચંદભાઈ, નહિ? દાખલો જ કઠણ પડે છે. ચાલ્યા ગયા બિચારા એક સેકન્ડમાં આયુષ્ય પૂરું. જાવ ઉપડો. દેહની સ્થિતિ એક સમય થઈ છે લ્યો! પ્રેમચંદભાઈ નહોતા અહીં? ગુણુભાઈ! અહીં પ્રેમચંદભાઈ નહોતા બેસતા?

મુમુક્ષુ :- અમારી સામે...

ઉત્તર :- હા, એ તમારી સામે એ. એક સેકન્ડમાં. અહીં વ્યાખ્યાન સાંભળ્યું, બધું કર્યું. કાંઈ ન મળે. અહીં ગયા. રામજીભાઈ સાથે ગયા. .. એટલું .. ત્યાં તો કાંઈ ન મળે. બાપુ! એક સમયની પર્યાય બદલતા વાર નહિ. પોતાની પર્યાય એને અહીંથી નીકળીને બીજે ભવે જવાનું છે. શરીરની પર્યાય અહીં આ રીતે થવાની છે. એ પર્યાય જે સમયે થવાની એને કોઈ કરી શકતો નથી. આહાહા..! બસ! આમ પડ્યું મડદું. એક સેકન્ડમાં તો ફૂ. આમ ઓડકાર આવ્યો ત્યાં ખલાસ થઈ ગયા. ભાઈ! તને ખબર નથી. તે તે રજકણો શરીર અને કર્મની અવસ્થાપણે તે તે પરમાણુઓ ત્યાં ઊપજ્યા, આત્મા પોતાની પર્યાયપણે ઊપજ્યો. અહીંથી ગયો અને ગયો બીજા ભવમાં. એ ભવની પર્યાયપણે એ આત્મા પોતે પોતાને કારણે ઊપજ્યો છે. કર્મને કારણે નહિ. કર્મ પરદ્રવ્ય છે. કહો, સમજાણું? બીજી ગતિમાં પોતાની યોગ્યતાની પર્યાયથી ઊપજ્યો છે. કર્મની પર્યાયે એને ઉપજાવ્યો એવી લાયકાત કર્મમાં છે નહિ. એમ અહીં તો કહે છે. કેટલાક તો રાડું પાડે છે, ના. ગતિનો ઉદય આવે તો ગતિમાં જાવું જ પડે ઉદયને કારણે. અહીં ના પાડે છે. ગતિના ઉદયમાં એવી લાયકાત નથી કે આ તને ગતિમાં લઈ જવાની ઉત્પત્તિ એ કરે. સ્વતંત્ર જીવો છે ભાઈ અત્યારે તો ઘણા. સ્વતંત્ર એટલે સ્વચ્છંદી. પોતાની દૃષ્ટિએ માનનારા. સમજાણું?

ગતિનું નામકર્મ.. જુઓ! નાથ છે ને ઓલા બળદને? નાથ નાખે ને? ખેંચી જાય ત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લઈ જાય કે નહિ નાથ? નાથને કારણે ખેંચાય છે કે નહિ? કોણ છોડે? નાથ હોય છે ને? એવું ખેંચે ને નાથ ખેંચાય. અહીં નાખ્યું હોય ને તો ઝટ ચાલે. કહે છે કે ના. એની શરીરનો પર્યાય પોતાને કારણે આઘો ચાલે છે. નાથને કારણે નહિ. આહાહા..! ભારે કઠણ જગતને.

સ્વતંત્ર દ્રવ્ય, સ્વતંત્ર ગુણ અને સ્વતંત્ર પર્યાય. આવું વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, ગુણ એટલે ત્રિકાળી શક્તિ, અવસ્થા એટલે વર્તમાન પર્યાય. એ સ્વતંત્ર છે. કોઈને કારણે કોઈ થતી નથી. આવું જો નક્કી કરે તો વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ એના ખ્યાલમાં આવે. આ પરનું અભિમાન ટળે અને પર મને વિકાર કરે એ અભિમાન બળી જાય. અને એ વિકાર ટાળવાનો અવસર એને આવે. પણ આવું જ્યાં ન સમજે એને વિકાર થાય છે કેમ અને ટાળે કેમ એનો અવસર એને રહેતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૧૨, બુધવાર તા. ૧૩-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૭૨, પ્રવચન-૪૨૫**

સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર છે આ. ૩૭૨ ગાથા. પહેલો પેરેગ્રાફ થઈ ગયો છે. બીજો પેરેગ્રાફ. જુઓ! પહેલા પેરેગ્રાફમાં શું કહ્યું એનો અહીંયાં સિદ્ધાંત ઉતારે છે. પહેલા પેરેગ્રાફમાં એમ કહ્યું... દૃષ્ટાંતરૂપ છે. માટી જે છે ને માટી? પોતે ઘડારૂપ પરિણમે છે એ પોતાના સ્વભાવથી જ થાય છે. કુંભારના ભાવથી થતી નથી. માટી વસ્તુ છે ને? માટી રજકણનો પિંડ. એ ઘડારૂપે પરિણમે છે. એ માટી પોતાના સ્વભાવને ઓળંગતી નથી. ઘડારૂપે થાય તોપણ પોતાના સ્વભાવરૂપે થઈને રહે છે. અને એ ઘડારૂપ થતાં-માટી ઘડારૂપ થતાં-કુંભારના ભાવને અડતી નથી, સ્પર્શતી નથી. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત આપ્યો છે.

'**એવી રીતે-**' ભગવાને જેટલા દ્રવ્ય જોયા કેવળી પરમેશ્વરે પરમાત્માએ, (એ) સર્વ દ્રવ્ય અનંત છે. અનંત આત્માઓ, અનંતા પરમાણુ પોઈન્ટ. આ મૂળ વસ્તુ નથી. એનો ટૂકડો છેલ્લો રજકણ રહે એવા જે અનંતા પરમાણુઓ અને અનંત આત્માઓ એ બધા પોતાના વર્તમાન પોતાની વર્તમાન પર્યાયના ભાવે ઊપજે છે. પરદ્રવ્યને સ્પર્શતા નથી અને પોતાનો સ્વભાવ છોડતા, ઓળંગતા નથી. કહો, સમજાય છે કાંઈ? એ કહે છે જુઓ, ઘડાને દૃષ્ટાંતે, હોં! ઘડો માટીના સ્વભાવે થયેલ છે. માટે ઘડાનો ઉત્પાદક કુંભાર નથી.

મુમુક્ષુ :- ઉત્પાદ કરવામાં મદદ કરે છે.

ઉત્તર :- મદદ-ફદદ જરીએ નથી. માટીનો પોતાનો માટી સ્વભાવ છે એ પોતે ઘડારૂપે થઈ છે. પોતાના સ્વભાવને છોડ્યા વિના એ માટી પોતે ઘડારૂપ બદલતી બદલતી ઘડારૂપ અવસ્થારૂપ થઈ છે. એને કુંભારે કર્યો છે ઘડો, એ વાત ભગવાન કહે છે કે જૂઠી છે. કહો, જેઠાલાલભાઈ! દુનિયાથી તો બહુ ઊંધું આખું. કેમ કે માટી પોતે જ પોતાનો સ્વભાવ જે છે એ સ્વભાવરૂપે પરિણમતી, ઘડારૂપે થતી, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી, ઘડારૂપે ઉત્પન્ન માટી થઈ છે. ઘડારૂપે કુંભાર થયો છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? કહો, ડોક્ટર! સમજાય છે આમાં? આ ઝીણી વાત છે, તમારા બધા ઈંજેક્શન-ફિંજેક્શન અને દવાથી. .. છે. કાનજીભાઈના જમાઈ છે. શું કીધું સમજાણું આમાં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન હતું. એવા વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમ એણે જોયું કે આ જગતની અંદર અનંત આત્માઓ છે, અનંત રજકણો, આ રજકણ એટલે પરમાણુઓ છે. બીજા ચાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દ્રવ્ય પણ છે. પ્રત્યેક દ્રવ્ય એટલે વસ્તુ, પ્રત્યેક આત્મા અને પ્રત્યેક રજકણ એ વર્તમાન અવસ્થા જે પરિણમે છે, અવસ્થારૂપ થાય છે એ પોતાના સ્વભાવને સ્પર્શતી, પોતાના સ્વભાવને ન છોડતું તે દ્રવ્ય પોતાની પર્યાયને, પરદ્રવ્યની પર્યાયને અવસ્થાને નહિ સ્પર્શતી પોતાની પર્યાયરૂપે થાય છે. સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! ભારે આકરી વાત છે. કોઈ દિ' સાંભળી ન હોય શું કહે છે આ? ગ્રીક લેટિન જેવું લાગે.

ભાઈ! અહીં એમ ભગવાન કહે છે કે માટી છે ને? માટીનો દૃષ્ટાંત આપ્યો છે. માટી છે એ પોતે પોતાના સ્વભાવથી જ ઘડારૂપે પરિણમીને ઘડારૂપે રહીને થઈ છે. અને તે પોતાનો સ્વભાવ છોડતી નથી અને કુંભારના સ્વભાવને અડતી નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં? એય..! બરાબર હશે? આ તમે બધા મકાન-બકાન કર્યા ને, લ્યો. આ ડોક્ટર-બોક્ટર આ બધા ઈંજેક્શન મારતા નથી અંદર? બરાબર રગ ઝાલીને આમ અંદર (નાખે).

મુમુક્ષુ :- રગ પકડીને.

ઉત્તર :- રગ પકડીને.

અહીં ભગવાન એમ કહે છે, સાંભળ ભાઈ! એકવાર સત્ તો સાંભળ. સત્ જેવું છે, જેવું વસ્તુનું સત્ છે, સત્ય છે એ રીતે તને જ્ઞાન ન થાય તો તારા જ્ઞાનમાં જૂઠાપણું રહેશે અને જૂઠાપણું રહેશે તે દુઃખદાયક દૃષ્ટિ છે, તે પાપદૃષ્ટિ અને દુઃખદાયક પાપદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંત જ પહેલો જરી કઠણ પડે એવો છે. ભાઈ આપણે કહેતા ને પ્રેમચંદભાઈ. આહાહા..! ભાઈ! આ તો દૃષ્ટાંત, સિદ્ધાંત એટલે વસ્તુને સિદ્ધ કરવા સરળપણું પડે માટે આ દૃષ્ટાંત આપવામાં આવે છે. એટલે દૃષ્ટાંત પહેલો જો સમજે તો વાસ્તવિક તત્ત્વની સ્થિતિ સમજવામાં એને સહેલું પડે. એ માટે આ દૃષ્ટાંત આપવામાં આવ્યા છે. હવે અહીં સુધી આવ્યું છે જુઓ! છેલ્લી ત્રણ લીટી છે ને પહેલા પેરાગ્રાફની. એય.. કાનજીભાઈ! બતાવજો ત્યાં. બતાવ્યું કે નહિ? તમને સૂઝ પડે છે કે નહિ? પહેલા પેરેગ્રાફની છેલ્લી ત્રણ લીટી.

'**માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે,...**' આ તો મહાસિદ્ધાંતો. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોયેલા ને કહેલા ને છે તેવાં.

મુમુક્ષુ :- હવે અમારે એનું માનવું કે સાયન્ટિસ્ટનું માનવું?

ઉત્તર :- સાયન્ટિસ્ટ કેવો હતો સાયન્ટિસ્ટ વળી? સાયન્ટિસ્ટ શું કરતો હશે? સાયન્ટિસ્ટ એની પોતાની પર્યાયપણે થાય અને જગતના પદાર્થો છે તે તે કાળે તેની પોતાની પર્યાયપણે થાય. સાયન્ટિસ્ટ પોતે પોતાના સ્વભાવને છોડે નહિ અને સાયન્ટિસ્ટ પોતાનો સ્વભાવ છોડીને પરની પર્યાયને અડે નહિ, એમ કહે છે ભગવાન. કારણ કે વસ્તુએ વસ્તુ સ્વતંત્ર ભિન્ન છે. દરેક વસ્તુ પરમાણુએ પરમાણુ રજકણે રજકણ અને આત્માએ આત્મા સ્વતંત્ર ભિન્ન છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો એનું કાયમપણું રહીને તે તે પદાર્થ કાયમ રહીને વર્તમાન દશારૂપે બદલીને અવસ્થા થાય છે. એ અવસ્થા પોતાના સ્વભાવને છોડ્યા વિના, પરને અડ્યા વિના થાય છે. આટલું તો સિદ્ધ કર્યું છે. કહો, સમજાણું કાંઈ? ભારે!

જુઓ! **'માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે,...'** બહુ સિદ્ધ કર્યું છે. **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? 'જ' છે ને? યથાર્થ વસ્તુ જેમ નક્કી હોય તો નક્કી બતાવવી જોઈએ ને? કુંભાર ઘડાનો ઉત્પાદક-ઉત્પન્ન કરનાર છે જ નહિ. કેમ કે **'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** માટી પોતાના સ્વભાવે પોતાના ભાવની પરિણતિ-દશાએ ઘડારૂપે થાય છે.

**'એવી રીતે-'** આ તો કાલે આવી ગયું હતું. **'એવી રીતે-'** તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. **'બધાંય દ્રવ્યો...'** જેટલા જગતના પદાર્થ છે-દ્રવ્ય એનું નામ ભગવાન કહે છે. આત્માને પણ દ્રવ્ય કહે છે. આ રજકણ પોઈન્ટ આ પરમાણુ માટી છે ને? આ કાંઈ એક નથી. આ તો માટી ઘણા રજકણનો પિંડ છે. આ કાંઈ આત્મા નથી. તેમ આ વસ્તુ એક નથી. આ તો ઘણા રજકણનું દળ છે આ. એમાં એક એક રજકણ જે છે એને દ્રવ્ય કહેવામાં આવે છે અને એક એક આત્મા અંદર જે ભિન્ન છે એવા અનંત આત્માઓ છે દરેકને દ્રવ્ય કહેવામાં આવે છે. કેમ? દ્રવ્યતિ ઈતિ દ્રવ્યં. પાણીને દ્રવે છે. પાણી તરંગને આમ ઉઠાવે છે પાણી. એમ આત્મા અને પરમાણુને ભગવાને અનાદિથી એને દ્રવ્ય કહ્યા છે. કેમ કે દ્રવે છે. દ્રવે નામ ધ્રુવપણું રાખી સમય સમયની વર્તમાન અવસ્થાને પરિણમે છે, અવસ્થારૂપ થાય છે, માટે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ આમાં? કહો, ડોક્ટર! સમજાય કે નહિ આમાં? આ તમે ઈંજેક્શન ઉપાડી શકતા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એ ક્યાં ઉપાડે છે? હાથ તો ઉપાડેને.

ઉત્તર :- હાથ ઉપાડી શકતો નથી. આ હાથ છે એ રજકણ છે જુદા પરમાણુ અને માટી. અને ઈંજેક્શન છે એ ભિન્ન રજકણનું તત્ત્વ છે. આ ભિન્ન છે, એ ભિન્ન છે. તો આ રજકણનું તત્ત્વ છે એ આ રીતે પરિણમે પોતાની અવસ્થાથી. એ ઈંજેક્શનના પર્યાયને સ્પર્શતું નથી આ અને આ પોતાના સ્વભાવને છોડતું નથી. ઈંજેક્શન પણ જે પરમાણુનું દળ છે આ રજકણનો પિંડ છે. એ રજકણનો પિંડ આમ જે પરિણમે છે એ બીજાને અડ્યા વિના પોતાના સ્વભાવથી પરિણમે છે, હાથની પર્યાયને લઈને નહિ એમ કહે છે. ભારે ઝીણું ભાઈ! સમજાણું કાંઈ? આ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવે છે. ભગવાનજીભાઈ! કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય. ભગવાન.. ભગવાન... નમો અરિહંતાણં,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નમો સિદ્ધાણં. જાવ. જય ભગવાન. શું પણ ભગવાન કહે છે અને ભગવાને શું કહ્યું અને કેમ છે એની ખબર નથી. ભગવાન જાણે. ભગવાન તો જાણે છે પણ તને ખબર વિના સત્ ક્યાંથી હાથ આવશે? સમજાય છે કાંઈ? એ સત્ છે. સત્ એટલે? પ્રત્યેક દ્રવ્ય કાયમ રહે એ પણ એક સત્ છે અને તેની વર્તમાન અવસ્થાપણે ઊપજે એ પણ એનું સત્ છે. સત્‌ના ત્રણ અંશ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્. સમજાણું કાંઈ?

પ્રત્યેક પદાર્થ પોતાની કાયમ જાતિને રાખીને પોતાનો સ્વભાવ જે જડનો જડ અને ચૈતન્યનો ચૈતન્ય, એ પોતાની વર્તમાન અવસ્થાપણે ઊપજે તે તેનું સત્ છે. સત્ નામ એ જ તેનું સત્‌પણું અને સાચાપણું છે. પણ એ ઊપજે છે એ બીજાથી ઊપજે છે એ સાચાપણું નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં? એમ કહીને તો સિદ્ધ કરવું છે એ કે આ આત્મા છે એ અનંત આનંદ અને જ્ઞાનનો પિંડ છે. વસ્તુ છે એ આત્મા. શુદ્ધ ચૈતન્ય મૂર્તિ જેવા સિદ્ધ ભગવાન થયા. પરમાત્મા અરિહંત અને સિદ્ધ થયા, નિર્મળ પર્યાયપણે પરિણમ્યા સિદ્ધ ભગવાન. એ બધા ગુણોનો એ પર્યાય છે આમાં ગુણરૂપે ત્રિકાળ છે. આત્મામાં જ્ઞાનસ્વભાવનો પિંડ, આનંદનો પિંડ, શાંતિનો પિંડ, વીર્યનો પિંડ એવો આખો આત્મા અનંત ગુણનો પિંડ વસ્તુ છે. એ આત્માનું એક સમયમાં વર્તમાનમાં વિકાર જે પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા ને દાનના વિકલ્પ થાય છે એ વિકારની અવસ્થા જીવ પોતે પરિણમે છે અને થાય છે. એ વિકાર કોઈ કરાવે છે, કર્મ કરાવે છે કે કોઈ બાયડી-છોકરા કરાવે છે એમ છે નહિ. એમ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ આમાં? આવો તે કેવો ધર્મ હશે? સમજાણું કાંઈ? હજી તો આ અધર્મની વાત કરે છે. ધર્મ તો પછી. એ અધર્મ જે વિકાર થાય છે એ આત્મા પોતાના શુદ્ધ ગુણને કાયમ રાખીને, પોતે ધ્રુવપણું, નિત્યપણું કાયમ રાખીને અનિત્ય એવી વર્તમાન અવસ્થાપણે થાય છે. પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, વિકારપણે, ભ્રમણાપણે પરમાં સુખ છે એવી જે મિથ્યામાન્યતા એ રૂપે ઊપજે છે એ જીવ પોતાના ભાવથી ઊપજે છે. એ બીજાના કારણે એ મિથ્યા ભ્રાંતિપણે રાગદ્વેષ ઊપજે છે એમ નથી. સમજાણું કાંઈ?

એમ ધર્મપણે પરિણમે છે ત્યારે ભગવાન આત્મા આનંદનું સ્વરૂપ એ તો છે. આત્મા આનંદમૂર્તિ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ છે. એવો આત્મા જ્યારે પોતે ધર્મરૂપે પરિણમે છે, ધર્મ એટલે કે જે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેનું લક્ષ કરીને જે પરિણમન નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને શાંતિરૂપ દશા થાય એ આત્મા પોતાના સ્વભાવથી તે પરિણમે છે. પોતાના સ્વભાવને છોડ્યા વિના પરિણમે છે. એ પોતાના સ્વભાવને છોડ્યા વિના અને કર્મના અભાવને નિમિત્તને અડ્યા વિના પરિણમે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? આવું તે તત્ત્વજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કેવું પણ?

ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા કેવળી પણ્ણંતો ધમ્મો શરણં જે કહે છે ને? સાંજ-સવાર ગોખે ગડિયા. કેવળીએ કહેલો ધર્મ શું છે અને ધર્મ ક્યાંથી થાય છે? એનું પરિણમન એટલે શું દશા છે? ખબર વિના ધર્મ-ધર્મ કરે એ તો મિથ્યાત્વ ભ્રાંતિ છે. સમજાણું કાંઈ? એ માટીનો દૃષ્ટાંત આપ્યો એને સરળ સમજવામાં પડે માટે.

'**એવી રીતે-બધાંય દ્રવ્યો...**' બધાં એટલે? જેટલા આત્માઓ છે અનંત. અનંત આત્માઓ છે. એક બટાટાની આટલી કણી લ્યો તો એમાં અનંત આત્મા છે. સમજાણું કાંઈ? અને એક કણીમાં એટલામાં અનંતા રજકણ છે. આત્મા ભિન્ન છે, રજકણ ભિન્ન છે. એવા એવા અનંત આત્માઓ અને અનંત રજકણો તે બધાંય દ્રવ્યો. એને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. એ '**દ્રવ્યો સ્વપરિણામપર્યાયે...**' સ્વપરિણામપર્યાયે. કેટલી સ્પષ્ટતા કરી છે! એ પરિણમન-પરિણવું કહેવું છે ને-બદલવું? એ દરેક દ્રવ્ય સ્વપરિણામના ભાવરૂપે પર્યાય એટલે સ્વપરિણામની અવસ્થારૂપે '**(અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે)...**' થવા રૂપે '**ઊપજતાં થકાં,...**' દરેક પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાપણે ઉત્પન્ન થતાં થકાં '**નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે?**' લોજિકથી, ન્યાયથી વાત કરી છે જરી. નવરાશ ક્યાં છે પણ આ બધું સાંભળવા ને સમજવા. શું કહે છે જુઓ! એ કહે છે કે પ્રત્યેક આત્મા અને પરમાણુ પોતાના સ્વપરિણામની અવસ્થાના ભાગરૂપે થયા થકાં, ઊપજતાં થકાં. નિમિત્ત જોડે જોડે ચીજ છે. જેમ ઘડા થવા વખતે કુંભાર નિમિત્ત હતો. એમ આ દરેક આત્મા અને રજકણ પોતાની અવસ્થા થવામાં બીજી ચીજ એ નિમિત્ત છે. એ '**અન્ય દ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે...**' નિમિત્તભૂત બીજું દ્રવ્ય છે એના સ્વભાવથી ઊપજે છે '**કે પોતાના સ્વભાવથી ઊપજે છે?**' સમજાણું કાંઈ?

'**જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ.**' શું કહે છે? જો આત્મા પોતાના વિકારપણે પરિણમે-થાય કે ધર્મપણે, શુદ્ધ પરિણામપણે પરિણમે-થાય, તે વખતે કર્મનું નિમિત્ત અને નિમિત્તનો અભાવ, એ વખતે નિમિત્તભૂત જે વસ્તુ છે તેના સ્વભાવપણે ઊપજે છે કે પોતાના સ્વભાવપણે ઊપજે છે? જો નિમિત્તભૂત વસ્તુ છે સામી એના પરિણામે ઊપજે તો નિમિત્તનો જે સ્વભાવ છે તે અહીં આવવો જોઈએ. એના સ્વભાવે અહીં થવું જોઈએ. સમજાણું કાંઈ? '**નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે?**' બે બોલ.

'**જો નિમિત્તભૂત...**' કર્મ જે નિમિત્ત છે અંદર જડ. જેમ આ માટી છે એનો ઘડો છે, એમ એક રજકણો છે એની કર્મરૂપ અવસ્થા થઈ છે. એવું નિમિત્તભૂત અન્ય દ્રવ્યો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મ. એના સ્વભાવથી ઊપજે છે કે પોતાના નિમિત્તભૂત, પોતાના નિમિત્તભૂત દ્રવ્યોના આકારે પોતાના સ્વભાવથી ઊપજે છે? '**જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ.**' કર્મના રજકણ છે એ જડ અવસ્થા છે. એ નિમિત્ત છે અહીં વિકાર પોતે કરે તેમાં. હવે એ જો નિમિત્તથી થતું હોય તો જડની પર્યાયપણે અહીં સ્વભાવ થવો જોઈએ. સમજાણું કાંઈ?

જુઓ! આ આંગળી ચાલે છે જુઓ આ. આ રજકણ છે. અસ્તિ છે ને કાંઈક દેખાય છે કે નહિ? કે નાસ્તિ છે? આકાશના ફૂલ છે? આમ દેખાય છે કે નહિ કાંઈક? કહે છે કે એ રજકણો છે એ આમ આમ જે અવસ્થા થાય છે એ પોતાના સ્વભાવથી થાય છે કે જીવના સ્વભાવથી થાય છે? જીવે ઈચ્છા કરી કે આંગળી આમ ચાલે. દાખલો. એ ઈચ્છા એને નિમિત્ત. તો ઈચ્છા નિમિત્તના કારણે એ રીતે આમ આમ થઈ છે કે પોતાને કારણે થઈ છે? જો નિમિત્તને કારણે થઈ હોય તો ઈચ્છાનો સ્વભાવ આંગળીમાં આવવો જોઈએ. બરાબર છે? ન્યાય-લોજિકથી વાત છે હોં! આ ભગવાનનો માર્ગ એમ નથી આ. પણ દરકાર ન મળે માણસને સમજવાની ને ભગવાન.. ચાલો. કલાક માંડ મળે. ૨૩ કલાક પાપના. એક કલાક સાંભળવાનું મળે તો ગડબડ ગોટા જે-તે સાંભળ્યું અને આ થઈ ગયો જાવ ધર્મ. કહે, સાંભળી આવ્યા. ધૂળેય સાંભળ્યું નથી સાચું. સમજાણું કાંઈ?

જુઓ! આ આંગળી છે ને? આ રજકણ છે કે નહિ કાંઈ? પરમાણુ છે કે નહિ? વસ્તુ છે કે અવસ્તુ? વસ્તુ. તો આ વસ્તુની આ એકરૂપ અવસ્થામાંથી આમ આમ થાય છે. કહે છે, એ અવસ્થા-એ રજકણની એ અવસ્થા-પોતાના સ્વભાવથી થાય છે કે આત્માના રાગ અને જ્ઞાનની પર્યાયના સ્વભાવથી થાય છે? કારણ કે આમાં જ્ઞાનની પર્યાય અને રાગ નિમિત્ત છે અંદર. જો નિમિત્તભૂત જ્ઞાન અને રાગની પર્યાય જો આ થાય, તો રાગ અને જ્ઞાનનો પર્યાય આમાં આવવો જોઈએ. એમ તો છે નહિ. કહો, બરાબર છે આમાં? સમજાય છે આમાં? આવો ભારે માર્ગ! કઠણ. એણે કોઈ દિ' પણ અભ્યાસ જ કર્યો નથી. માથાકૂટ કરીને મરી ગયો જગતના કામમાં. પોતાનું તત્ત્વ શું છે? આ પર શું છે? એને શું કહેવાય છે ભગવાન એને સમજવાની દરકાર જ કે દિ' કરી? દુઃખી... દુઃખી... દુઃખી... બિચારો છે. એ બિચારો દુઃખી ભગવાન આત્મા. ભગવાન દુઃખી થઈ ગયો છે. ભગવાનજીભાઈ! એ તો ભગવાન છે. અંદરમાં એનું સ્વરૂપ તો આનંદમૂર્તિ, વીતરાગમૂર્તિ, જેવા જિન પરમેશ્વર વીતરાગ થયા એવો જ આત્માનો સ્વભાવ છે. પણ એ સ્વભાવને ભૂલી અને મિથ્યાભ્રમમાં આ મને સુખરૂપ છે અને આ બધા આના કામ કરું છું, એના હું કરું છું, મારે લઈને ત્યાં થાય છે અને એને લઈને મારે થાય છે, એમાં મને મજા પડે છે અને આ મને ઠીક પડતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. એવી મિથ્યાભ્રાંતિને ઉત્પન્ન કરી, અજ્ઞાની દુઃખી અનાદિથી થઈ રહ્યો છે. ચાહે તો શેઠિયો હોય ને ચાહે તો રાજા હોય, ચાહે તો રંક હોય ને ચાહે તો નારકી હોય. આવા ભાવથી એ આત્મા દુઃખી થઈ રહ્યો છે. આહાહા..! કહો, ભીખાભાઈ! બરાબર હશે આ? દુઃખી થઈ ગયો હશે આ? અરે..! હોય આમ હીરાલાલ આવે તો આમ કાળજા ઠરે. એ આવવાના છે પરમ દિ'. કહે, અમારે હીરાલાલ આવવાના છે. કાળજું ઠરે સારો દિકરો દેખીને, લ્યો. ધૂળેય નથી સાંભળને હવે મૂર્ખ. કાળજું ક્યાં? અહીં તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એની જ્ઞાનની અવસ્થામાં જણાણું કે આ એક છે. આ એક છે એટલું. પણ એ છે ઈ મારો છે એ એમાં ક્યાં હતું? અને જ્ઞાનની દશામાં એ મારો છે એવું અહીં ક્યાં આવી ગયું?

જ્ઞાનની દશામાં આ જ્ઞેય છે એમ થયું, આ છે એટલે. હવે એ જ્ઞેય એને કારણે ત્યાં પરિણમીને રહેલું છે. કે આ જ્ઞાનને કારણે ત્યાં રહ્યું છે? જો આને કારણે (પરિણમતું હોય) તો આ સ્વભાવ એની પર્યાયમાં જાવો જોઈએ. એ પર્યાયને કારણે અહીં જ્ઞાન થયું હોય તો એ પર્યાય અહીં આવવી જોઈએ. એમ તો છે નહિ. સમજાણું કાંઈ? બહુ સિદ્ધાંત કર્યો છે જુઓને! આ બધા નિમિત્ત હોય તો થાય એનો તો ભુક્કો ઉડાડ્યો છે. આહાહા..! વીતરાગ માર્ગનું સ્પષ્ટીકરણ એણે સાંભળ્યું નથી કોઈ દિ'.

કહે છે કે '**નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે...**' બધા પદાર્થો પાસે પરિણમતા બીજી ચીજ હોય છે. તો એ ચીજને કારણે એનાથી નિમિત્તભૂતના સ્વભાવથી ઊપજે છે કે પોતાના? '**જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ.**' બરાબર છે? આ હાથનો દાખલો છે ને. આ લાકડી જોઈ લ્યો જુઓ. આ પણ એક રજકણ છે ને? વસ્તુ છે કે નહિ? પરમાણુનો પિંડ છે આ. હવે આ રજકણો આમ થાય છે.. આમ થાય છે. અવસ્થા હલે છે. એ અવસ્થા રજકણો પોતાના સ્વભાવથી હલે છે કે આંગળીના સ્વભાવથી હલે છે? જો આંગળીના સ્વભાવે હલે તો આંગળીનો સ્વભાવ ત્યાં આવવો જોઈએ અને એનાથી હલે તો આંગળીના સ્વભાવને એ અડતું નથી. ભારે ઝીણું ભાઈ! કહો, અમુલખભાઈ! ભારે ઝીણું! પણ આ લાકડા ફેરવતો હશે આત્મા? આહાહા..! ભારે વાત ભાઈ!

અહીં તો કહે છે કે અજીવ અને જીવ અનંત છે એમ તું માને છો? અનંત આત્મા છે ભગવાને જોયેલા. અનંત પરમાણુઓ છે તું માને છો? જો માનતો હોય તો પ્રત્યેક પદાર્થની વર્તમાન અવસ્થા પોતાથી થાય છે, પરથી થતી નથી એમ માને તો અનંતને તેણે માન્યું કહેવાય. પણ મારી અવસ્થા પરને લઈને નિમિત્તભૂત ચીજને લઈને (થાય) અને એની ચીજને મારા નિમિત્તભૂતને કારણે એમાં થાય. તો અનંત ભિન્ન ભિન્ન છે એવા તત્ત્વોને તેં માન્યા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ અને ભ્રમ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વાત તો સાચી પણ...

ઉત્તર :- હા એટલી તો પાડે છે હળવે હળવે. એ પરિચય નથી ને. પરિચય કરે તો બધું સમજાય. કેમ? ગુલાબચંદભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે, આ તો સર્વજ્ઞ પરમેશ્વર. સંપ્રદાયમાં ચાલતો નથી આ. સંપ્રદાયમાં આ દયા પાળો, વ્રત કરો, ફલાણું કરો. ધૂળમાં હેરાન થઈ ને મરી જાય છે એમ ને એમ. સમજાણું કાંઈ? જૂના માણસને તો આકરું પડે એવું છે. તમારા ભાઈ ન આવ્યો.

મુમુક્ષુ :- ભાગવા માંડે.

ઉત્તર :- ભાગવા માંડે. હાય હાય.. આ ક્યાં? અરે.. ભાઈ! સાંભળ તો ખરો, બાપા! શાંત થઈને જરી. કાંઈક છે, કાંઈક સત્ય છે. સમજાય છે? તેં સાંભળ્યું નથી એટલે કાંઈ બીજું થઈ જાય? ન સાંભળ્યું હોય અને ન સમજ્યો હોય એટલે કાંઈ સત્ બીજું થઈ જાય? સત્ તો સત્ જ છે. ભગવાને કાંઈ કર્યું છે? ભગવાને તો જાણ્યું છે. કેવળજ્ઞાની પરમાત્મા તો જગતના તત્ત્વો જાણ્યા છે. કાંઈ ભગવાને કર્યા છે કોઈને? એ તો કેવળી છે. પરમાત્માએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. જાણ્યા કે આમ છે. એણે કોઈને કર્યું નથી. એ જાણતા જાણતા જે જ્ઞાનમાં આવ્યું એ વાણીમાં આવી ગયું. તો કહે છે કે એ વાણીની અવસ્થા પણ મને અડીને થઈ નથી એમ કહે છે ભગવાન. આહાહા..! કેમ કે વાણી તો ધ્વનિ છે, રજકણોની દશા છે. અવાજ ઊઠે છે એ રજકણની દશા છે. એ રજકણની દશા એના સ્વભાવને ઓળંગીને આત્માના રાગને સ્પર્શીને થયેલી નથી. એની સ્વભાવને સ્પર્શીને થયેલી, પોતાના સ્વભાવને ઓળંગ્યા વિના અને આત્માના ભગવાનનું જ્ઞાન અને કંપન્ન છે એને અડ્યા વિના ભાષાની પર્યાય થઈ છે. એમ અહીંયાં વસ્તુનું સ્વરૂપ છે. હવે એ પણ મોટી તકરાર છે એમાં. ભાષા પ્રમાણ છે કે નહિ? પોતાથી પ્રમાણ છે, પરથી પ્રમાણ છે. એય..! મોટી તકરાર. અરે.. ભગવાન! છે ને એમાં? વાંચ્યું છે કે નહિ? થોડું વાંચ્યું છે હજી. શું પણ કામ શું છે તમારે ત્યારે? એ અહીં તો થોડું રહે છે. ત્યાં ઘરે રહે છે વધારે. કહો, સમજાણું આમાં?

આ અવાજ ઉઠે છે ને અવાજ? એ કાને ખ્યાલમાં આવે છે કે નહિ? તો અસ્તિ છે એ ખ્યાલમાં આવે છે. કે નથી એ કાંઈ? અવાજ એ નથી કે છે? નથી કે છે? છે. તો એ છે એ શું છે? એ અરૂપી છે કે રૂપી? અરૂપી હોય તો ખ્યાલમાં ન આવે એ ચીજ. આ તો દેખાય છે કે જડ સ્પર્શે છે આમ ઉતરે છે રજકણો. અરૂપી છે આત્મા એ જુદી વાત છે અત્યારે. પણ આ રજકણો આ રૂપી છે આ જુઓને દેખાય. એ ખ્યાલમાં આવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કે આ કાંઈક છે. એ રજકણોની અવસ્થા ભાષારૂપ થાય છે. ભગવાન કહે છે કે એ દ્રવ્યને આત્માની ઈચ્છા અને જ્ઞાન નિમિત્તભૂત છે. નીચે. ભગવાનનું જ્ઞાન અને જોગ નિમિત્ત છે. તો એ નિમિત્તભૂતના દ્રવ્યના સ્વભાવે એ વાણી થઈ છે? જો દ્રવ્યના સ્વભાવે થાય તો ભગવાનનું જ્ઞાન અને કંપન્ન ભાષામાં આવવું જોઈએ. અને ભાષાની પર્યાય રજકણપણે પરિણમી છે. આને સ્પર્શ્યા વિના પોતાના સ્વભાવથી પરિણમી છે. એમ કહે છે. ડોક્ટર! આ સમજવા જેવી વાત છે જરી. કોઈ દિ' આવે નહિ, સાંભળે નહિ આ. ગૂંચી ગયા ધંધામાં. વેપાર ચાલે ને વેપાર? કહો, સમજાણું આમાં? આ કંપન્ન નહોતું થયું હમણાં? ધરતીકંપ. સાંભળો હવે. એ ધરતીકંપ ઉપર ઉતારીએ. એય..! તમારે હીરાભાઈને આમ થઈ ગયું હતું ને? દુકાને બેઠા હશે હીરાલાલ અને એના ભાઈ. એ જરી થયું હશે. ૫૦, ૫૫ સેકન્ડ. એ આમ ક્યાં થયું? હવે અહીં કહે છે, સાંભળ! ક્યાંક થયું હશે લાવામાં નીચે ફેરફાર. જમીનમાં કાંઈક. એ કહે છે કે અહીંના રજકણો આમ થયા થોડા એ પોતાના રજકણના સ્વભાવે થયા છે કે ઓલાને કારણે થયા છે?

મુમુક્ષુ :- એ તો ઘણાંય દૂર રહી ગયા.

ઉત્તર :- એ તો ક્યાંય રહી ગયા. આ તો નજીક હોય તો એના સ્વભાવે થયા છે? નિમિત્ત તો ક્યાંય રહી ગયું. નિમિત્તભૂતને કારણે અહીંયાં કંપન્ન આમ આમ થયું, એમ જો હોય તો નિમિત્તનો સ્વભાવ અહીં આવવો જોઈએ. અને આ પોતે, પોતે નિમિત્તના સ્વભાવને અડતું નથી અને આ પોતાનો સ્વભાવ પોતે છોડતું નથી. એવી તો વાત કરી છે ઓહોહો..! સમજાણું આમાં? એ કંપન્ન આમ આમ જરી થઈ ગયું ૫૦ સેકન્ડ. એમ કહેતા હતા ને ૫૦-૫૫ સેકન્ડ? એ એની વર્તમાન અવસ્થા એ પરમાણુઓનો અને એ આત્મા છે એનો. એ રીતે આમ આમ હલવાની અવસ્થારૂપે તે તે દ્રવ્ય પોતે પોતાના સ્વભાવથી પરિણમ્યું છે. પણ નિમિત્તભૂત...

મુમુક્ષુ :- ધરતીકંપ વિના?

ઉત્તર :- ધરતીના કંપના નિમિત્ત વિના. નિમિત્તભૂતથી હોય તો ધરતીનું ત્યાંનું નિમિત્તભૂતનો અહીં સ્વભાવ આવવો જોઈએ. એ તો આવતો નથી. અરે..!

એમ કહે કે અનંતા રજકણો છે જગતમાં. લ્યો! અનંત છે ને? આત્માઓ અનંત છે અને એનાથી અનંતગુણા રજકણ છે. આત્મા અનંત છે એ સંખ્યાએ. સંખ્યાએ. એના કરતાં અનંતગુણા રજકણ છે. જુઓને! આત્મા એક છે અને આ રજકણ અનંત છે. એવી રીતે અનંત આત્માઓથી અનંતગુણા રજકણ છે. તો કહે છે કે એ અનંત આત્માઓ અને અનંત રજકણો એ પોતાના તે તે કાળના પોતાના સ્વભાવથી ઉત્પન્ન અને અવસ્થા ક્ષેત્રાંતર રૂપાંતર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય તે પોતાથી થાય છે કે નિમિત્તભૂતથી થાય છે? જો નિમિત્તભૂતથી થાય તો નિમિત્તભૂતનો સ્વભાવ અહીં આવવો જોઈએ. અને પોતાનો સ્વભાવ છૂટી જાય. તો એમ તો થતું નથી. આહાહા..! હળવો થઈ જાય હળવો કે મેં આનું જ કર્યું, મેં આમ કર્યું. ધૂળનું કર્યું નથી મફતનો. કેમ હશે આ? કામ-બામ બધા હુશિયાર બધા હોય છે ને કરે ને આ. ડોક્ટર બધા દવા કરે સારી, આ તમે વળી વેપાર કરો. આ વળી મકાન કરાવે એનો છોકરો. ૨૨ માળના મુંબઈમાં. કેમ હશે? મલૂકચંદભાઈ! ત્યાં ક્યાંક અમે દિશાએ જતા ને? શું કહેવાય? ત્યાં મોટા મકાન થયા છે.

મુમુક્ષુ :- નરિમાન પોઈન્ટ.

ઉત્તર :- નરિમાન પોઈન્ટ. ત્યાં અમે જતા ને આઘે. ત્યાં એકાંત હતું ને એકાંત? ત્યાં પથરા પડ્યા હતા. પણ જગ્યા ખાલી હતી. ત્યાં દિશાએ જતાં એકાંત જાવું ને. એ તો કહે, મોટા મકાન થઈ ગયા લ્યો! કહો, એ મકાન થયા એ કાંઈ કડિયા વિના થયા છે? એમ કહે છે અહીં. આ કડિયાથી થતા હોય તો કડિયાનો સ્વભાવ ત્યાં આવવો જોઈએ. આ એમ કહે છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- મુંબઈમાં..

ઉત્તર :- મુંબઈમાં શું આખા દેશમાં ચાલે એવી છે વાત. આ તો સત્ આવું છે એમાં વળી દુનિયાની સાથે સંબંધ શું? ત્રણ કાળની તો વાત છે અહીં. બધા દ્રવ્યમાં મુંબઈ આવ્યું કે નહિ આમાં? બધા દ્રવ્યમાં મુંબઈ ને બધા આવ્યા કે નહિ તમારા મકાનના પથરા-બથરા ને? બધા દ્રવ્યમાં મુંબઈ બાકી હશે આમાં? મુંબઈ એટલે અનંત આત્માઓ અને અનંત રજકણો. એના એટલા જથ્થાને મુંબઈ કહેવાય છે. એમાં દરેક રજકણ અને દરેક આત્મા, વર્તમાન અવસ્થાના ઉત્પાદના સત્પણે એનું સત્ છે તે એના સ્વભાવપણે સત્ પરિણમતું પોતાના સ્વભાવને છોડ્યા વિના, નિમિત્તભૂતને અડ્યા વિના પોતાના સ્વભાવે ઊપજે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? ભારે ભાઈ!

'**નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત...**' પાછું નિમિત્ત એકલું નથી લીધું. નિમિત્તભૂત એટલે એની હયાતીવાળું તત્ત્વ એના આકારે થાય '**અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' અહીં તો જોવામાં આવતો નથી. પરમાણુના પર્યાય બીજાથી થાય એમ જોવામાં આવતો નથી એવી તો દૃષ્ટિની વાત કરે છે અહીં. ક્યાંથી દેખાય પણ? સાંભળને. અનંત દ્રવ્ય છે કે નહિ લક્ષમાં? તો અનંત દ્રવ્ય છે એના દરેકના પરિણામ પોતાથી ઉત્પન્ન થાય એમ જોવામાં આવે છે. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરથી થાય છે એમ જોવામાં આવતું નથી એમ કહે છે અહીં. મુનિ પોતે કહે છે મુનિ. દિગંબર સંત છે, કુંદકુંદાચાર્ય જંગલમાં વસતા. સમજાણું કાંઈ?

'**પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામ...**' એટલે પર્યાયનો '**પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' આહાહા..! જુઓ! સમજાણું કાંઈ? લોટમાંથી રોટલી થાય છે. કહે છે કે લોટના રજકણો તે રોટલીપણે પરિણમીને પોતાના સ્વભાવથી રોટલી થાય છે. અગ્નિ અને તાવડીના સ્વભાવે જો... નિમિત્તભૂત તાવડી અને અગ્નિ છે, એ નિમિત્તભૂતથી અહીં થઈ હોય તો તાવડીનો સ્વભાવ અને અગ્નિનો સ્વભાવ રોટલીમાં આવવો જોઈએ. સમજાણું કાંઈ? આ જુદે જુદું તત્ત્વ જુદા જુદારૂપે પરિણમે એ અહીં સિદ્ધ કરવું છે. ખીચડો કરે છે એ તારી દૃષ્ટિ ખોટી છે એમ કહે છે. હું હતો અને આ બધી વ્યવસ્થા થઈ. એ ચીજ છે કે નહિ? તું જેને વ્યવસ્થા કહે છો એ પદાર્થ છે કે નહિ? અને છે તો તેની વર્તમાન અવસ્થા બદલે એ પોતાથી બદલે કે તારાથી બદલે છે? સમજાણું કાંઈ? શું હશે? વીરચંદભાઈ! આ બધા વેપાર આફ્રિકામાં હુશિયાર કરતા હશે. અહીં તો કહે છે કે હુશિયારી તો તારામાં રહી. એ જે અવસ્થા થાય એ અવસ્થા હુશિયારીને અડે છે? અને હુશિયારી એને અડે છે? અડે તો તો બે એક થઈ ગયા. એકબીજામાં અભાવ છે. આ આંગળીમાં આ આગળીનો અભાવ છે. જુઓ! આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. સમજાય છે? તો આ આંગળી પોતાના સ્વભાવને લઈને આમ થાય છે. આંગળીના સ્વભાવને લઈને અને આ હથેળીના આને કારણે નહિ. કારણ કે જો આ પોતે આને કારણે થાય તો આનો સ્વભાવ અહીં આવવો જોઈએ. પણ પોતાના સ્વભાવે ઊપજતી થકી પરને અડ્યા વિના, સ્પર્શ્યા વિના પોતાની પર્યાયપણે ઊપજે છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્યની વાત કરી છે. આહાહા..!

કર્મનો રજકણ છે. કહે છે કે તેં રાગ કર્યો માટે કર્મનો રજકણ કર્મપણે પરિણમ્યો. જો એમ હોય તો નિમિત્ત જે રાગ છે તે નિમિત્તનો રાગભાગ તે કર્મની પર્યાયમાં આવવો જોઈએ. એમ કહે છે. જ્ઞાનાવરણીય કર્મ પરિણમ્યું. જ્ઞાનાવરણીય કર્મ છે ને? આઠ કર્મ છે ને? જ્ઞાનાવરણીય કર્મ પરિણમ્યું. એ પર્યાયમાં તારા જ્ઞાનની હીનતા એ નિમિત્ત. એ નિમિત્તભૂતથી જો જ્ઞાનાવરણીય પરિણમે તો જ્ઞાનના પર્યાયનો સ્વભાવ ત્યાં આવવો જોઈએ. પણ જ્ઞાનાવરણીય પોતે જ પોતાના સ્વભાવે પરિણમતું જ્ઞાનની હીનતાના નિમિત્તને અડ્યા વિના, સ્પર્શ્યા વિના જ્ઞાનાવરણીયપણે પરિણમે છે. કહો, બરાબર છે? આત્માએ કર્મ બાંધ્યા અને આત્માએ છોડ્યા એમ રહેતું નથી, કહે છે. તું તારા વિકારને કર અને વિકારને ટાળ એ તારા અધિકારની વાત છે. પરની સાથે કાંઈ છે નહિ. આહાહા..! કહો, ગુલાબભાઈ! આ તો સમજાય એવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. કહો, સમજાણું આમાં? ભારે સિદ્ધાંત પણ ૩૭૨ ગાથામાં. હવે આવું સ્પષ્ટ છે પણ માણસને પંડિત નામ ધરાવે એને પણ બેસવું (કઠણ પડે છે). છોટાભાઈ! આમાં કેટલું સ્પષ્ટ છે!

નિમિત્તભૂતના દ્રવ્યથી તેમાં પરિણમન થાય છે? નિમિત્ત છે, પણ નિમિત્તના કારણે ત્યાં થાય છે? (જો થતું હોય) તો નિમિત્તનો સ્વભાવ ત્યાં આવવો જોઈએ. કારણ કે, કુંભાર નિમિત્ત છે ઘડો થવામાં. તો ઘડા સ્વભાવના પરિણમનમાં કુંભારના નિમિત્તભૂતમાં એનો ભાવ આવે તો કુંભાર ક્રોધી કે માની હોય એનો ત્યાં ભાવ આવવો જોઈએ. એ તો આવતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કહો, આ ડોક્ટકર દવા-બવા કરે છે, દવાની પર્યાય આપે છે એ આત્માથી નથી એમ કહે છે અહીં. એ રજકણો દવાના તેને કારણે પલટતા બીજે સ્થાને જાય એ પોતાનો સ્વભાવ રાખીને જાય છે. નિમિત્તભૂત કોઈ ચીજ છે એના સ્વભાવમાં આવીને અને અડ્યા વિના ત્યાં જાય છે. ભારે વાતું ભાઈ!

જેવા તત્ત્વો છે તે રીતે જો એ શ્રદ્ધે તો તેનું જ્ઞાન સાચું થાય. પણ જેવી રીતે છે એનાથી ઊલટું માને તો એની શ્રદ્ધા ઊલટી થાય, અસત્ય થાય. અસત્ય તે દુઃખ રાગદૃષ્ટિ છે, પાપદૃષ્ટિ છે અને દુઃખદાયી દૃષ્ટિ છે. એ છોડાવવા આ વાત કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મ પર્યાય છે એ અંદર ખસી થોડી. અહીં જ્ઞાનનો પર્યાય એને નિમિત્તભૂત થયો. સમજાણું? જ્ઞાનાવરણીયનો પર્યાય ઉદય છે એમાં. એ ઉદયમાંથી મંદ પડ્યો એને કારણે. એને કારણે જ્ઞાનનો ઉઘાડ થતો હોય તો જ્ઞાનાવરણીય પર્યાયનો ભાવ અહીં જ્ઞાનની પર્યાયમાં આવવો જોઈએ. પણ જ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવને ઓળંગ્યા વિના અને નિમિત્તને સ્પર્શ્યા વિના જ્ઞાનની પર્યાય હીણાપણે પોતાને કારણે પરિણમે છે.

આ કહે કે યોગ્યતા-યોગ્યતા. એના વાંધા ઉઠ્યા છે. કર્મના ક્ષયોપશમથી થાય. કર્મના ક્ષયોપશમ વિના આત્મામાં ઉઘાડ થાય નહિ. અહીં ના પાડે છે. કર્મનો ઉદય હોય એટલા અંશે અહીં જ્ઞાનમાં હીણી દશા થાય. એ અહીં ના પાડે છે. કહો, સમજાણું આમાં? ભાઈ! તારામાં જે જ્ઞાનની અવસ્થા થાય-ઉઘાડ એ જ્ઞાનાવરણીય કર્મ છે એ જરીક મંદ પડ્યું માટે થયું? તો તો એનો સ્વભાવ અહીં આવવો જોઈએ. પણ નિમિત્તભૂતને અડ્યા વિના જ્ઞાનનો પર્યાય પોતાથી ક્ષયોપશમની અવસ્થારૂપે પરિણમે છે. પોતાના સ્વભાવને ઓળંગ્યા વિના અને નિમિત્તને અડ્યા અને સ્પર્શ્યા વિના એની પર્યાય થાય છે. કહો, સમજાણું આમાં? એમ આત્મામાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી જે શ્રદ્ધા થવી-અંદર સમ્યગ્દર્શન થવું. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય શુદ્ધ છું. મારામાં રાગ નથી, પર નથી એવી જે સમ્યગ્દર્શન પર્યાય થાય, કહે છે કે એ આત્મા પોતાના સ્વભાવથી ઉત્પાદ તરીકે પરિણમે છે. પૂર્વનો મિથ્યાત્વભાવ છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નાશ થાય એને કારણે નહિ. કર્મનો દર્શનમોહ નાશ થયો એને કારણે નહિ. કારણ કે એને કારણે હોય તો એનો ભાવ અહીં આવવો જોઈએ. સમજાણું કાંઈ?

આત્મામાં શુદ્ધ ચૈતન્ય પ્રભુ જ્ઞાનમૂર્તિ છે. એ જ્ઞાનસ્વરૂપ છું એવું જે ભાન થવું, સમ્યક્ થવું, દૃષ્ટિ થવી એ દૃષ્ટિના ઉત્પાદને માટે પોતે દ્રવ્ય જ તે દૃષ્ટિમાં ઉત્પન્ન થાય છે, પોતાના સ્વભાવથી. એને રાગની મંદતા હતી તો આમ પરિણમન થયું એમ નથી. એમ હોય તો રાગની મંદતાનો સ્વભાવ સમ્યગ્દર્શનમાં આવવો જોઈએ. કહો, બરાબર છે? અને ગુરુ છે માટે અહીં સમ્યગ્દર્શન થયું એમ કહો તો ગુરુનો પર્યાયસ્વભાવ ત્યાં નિમિત્તભૂત છે એનો ત્યાં આવવો જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાનની સભામાં ઘણા પશુઓ પણ ધર્મ પામ્યા. સમવસરણ ધર્મની સભા. ભગવાન બિરાજે છે અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં. કેવળજ્ઞાની પરમાત્મા સીમંધર પ્રભુ વીસ તીર્થંકર બિરાજે છે. તો સભામાં પશુઓ, સિંહ પણ આત્મધર્મને પામે છે અને રાજા અને રાજની કન્યાઓ આઠ આઠ વર્ષની પણ ધર્મને પામે છે. કહે છે કે એ ધર્મના પામવામાં શું થયું? એનો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, ધ્રુવ આનંદ છે. એમ અંતરમાં દૃષ્ટિ થતાં જે આત્માનું સમ્યગ્દર્શનરૂપે પરિણમન ઉત્પાદ થયો એમાં શું ભગવાનની પર્યાયથી અહીં ઉત્પાદ થયો? તો કેવળજ્ઞાનનો સ્વભાવ અહીં આવવો જોઈએ. તો અહીં સમ્યગ્દર્શનની પર્યાયમાં કેવળજ્ઞાનનો સ્વભાવ તો આવતો નથી. વાણી સાંભળી માટે અહીં થયું? ન્યાલચંદભાઈ! શું કરવું આ?

યથાર્થ ગ્રહણ છે. નથી આવતું ક્યાંક? ક્યાં આવ્યું? વચનનું યથાર્થ ગ્રહણ અહીં નથી ને? માથે. સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ છે. જુઓ! માથે છે. વચનનું યથાર્થ ગ્રહણ. હવે એનો અર્થ કરો. અહીં પરમ દિ' અર્થ કોઈએ પૂછયો હતો. જ્ઞાનીના વચન છે એ તો વાણી છે. એ વાણી છે એ ભાષાની પર્યાય છે-જડની. હવે એમાં જે કહેવા માગે છે ભાવ તો એની પાસે રહ્યો. એ ભાવને અહીં જે સમજવા માગે કે આમ કહેવા માગે છે. એવું જ્યારે જ્ઞાન એનું પરિણમે છે એ પોતાથી પરિણમે છે.

મુમુક્ષુ :- તો પછી વચનનું ગ્રહણ ક્યાં રહ્યું?

ઉત્તર :- એ ગ્રહણ ક્યાં કહ્યું? એ તો નિમિત્તની વાત થઈ. એ માટે તો કહ્યું. ગ્રહણ એટલે શું? આ ભાવ કહેવા માગે છે કે આ આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ છે. એની દૃષ્ટિ કર, ત્યારે એનો ભાવ એણે જાણ્યો. જાણીને અંદરમાં ઉતાર્યો ત્યારે એણે પોતાના પર્યાયપણે પરિણમ્યો છે. એને એમાં વાણીનો ભાવ અને જ્ઞાનનો બીજાનો ભાવ જરીએ આમાં આવ્યો નથી. ભારે વાત ભાઈ! આ કોલેજ કઈ જાતની વળી? આ તો વીતરાગી પરમાત્મા કેવળજ્ઞાનની કોલેજ છે. સમજાય છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વીતરાગદેવ. અનંત તીર્થંકરો થયા, વર્તમાનમાં તીર્થંકરો બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં અનંતા પાછા થશે. એની કોલેજમાં આ ભણતર છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ શ્લોક મૂક્યો છે. ગજબ મૂક્યો છે! આવું સ્પષ્ટ છે તો (કહે), નહિ... નહિ... નહિ.. નહિ... એ તો પરિણમે છે .. માટે કર્તા. પણ ઓલો પરિણમાવે છે. હવે એની તો અહીં પહેલી ના પાડી. ઉત્પાદ કરાવવાની અયોગ્યતા છે. એ તો પહેલી ટીકામાં ન મૂક્યું? આહાહા..!

ભગવાનના કેવળજ્ઞાનથી સામા આત્માને ધર્મની પર્યાય થવા માટે ભગવાનનું કેવળજ્ઞાન અલાયક છે એમ કહે છે. અયોગ્ય છે. એના પોતાની, જે ધર્મી જીવ છે એના પોતાના પર્યાયપણે પરિણમે તે તેની યોગ્યતાથી પરિણમે છે. વળી કેટલાક (એમ કહે છે), યોગ્યતા પારિણામિકભાવમાં હોય, ને ચારમાં ન હોય. અરે! ગપ્પેગપ્પ મારે છે ને. આહાહા..! વીતરાગનો માર્ગ એટલો વીંખાઈ ગયો છે, પીંખાઈ ગયો છે. પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથે તત્ત્વ જે કહ્યા (એ) એટલા વીંખાઈ ગયા, પીંખાઈ ગયા છે.

જુઓ! અહીં તો એમ કહે છે કે પરની દયા પાળવાથી ધર્મ થાય. લ્યો સાંભળો. તો કહે છે કે સાંભળ. પરની દયા એટલે શું? ધર્મ થાય એટલે શું? એ બે વાતનો કર નિચોડ. પરની દયા એટલે શું અને ધર્મ એટલે શું? જો પર છે શરીર અને આત્મા બે ભેગા. આત્મા અને શરીર છે ને? એ બચ્યા, જીવ્યા. એ તો એની પર્યાયથી બચ્યા છે. તારા ભાવ હતા બચાવવાના માટે બચ્યા છે? તારો ભાવ ત્યાં અડ્યો છે એને? એ પોતે જ પોતાની શરીર અને આત્માની અવસ્થાપણે પરિણમતા ત્યાં રહ્યા છે. એ કાંઈ તારા દયાના ભાવને અડીને રહ્યા છે (એમ નથી). દયાના ભાવને સ્પર્શ્યો નથી, એ સ્વભાવ પોતાનો છોડ્યો નથી કે તારા દયા ભાવને અડે. અને દયાનો ભાવ જે છે એ પણ પુણ્ય-વિકલ્પ રાગ છે. એ ધર્મ નથી. હવે એ રાગ છે. મારો સ્વભાવ શુદ્ધ છે એવી દૃષ્ટિ કરે ત્યારે તેને ધર્મની પર્યાયપણે પરિણમે. ત્યારે ઓલો રાગ છે માટે ધર્મની પર્યાય થઈ એમ પણ નથી. એમ થાય તો રાગનો સ્વભાવ અરાગી પર્યાયમાં આવવો જોઈએ. અરાગી પર્યાય રાગને અડતી નથી અને અરાગી પર્યાય પોતાના સ્વભાવને છોડતી નથી. આહાહા..! આવું તત્ત્વ. લોકોને કાને પડે નહિ બિચારા શું કરે? બિચારા કહેવાય છે અહીં તો લ્યો! પૈસાવાળા હોય તોપણ બિચારા? ચીમનભાઈ! પૈસાવાળા હોય અને મોટા મોટા હુશિયાર કહેવાય તોય? પૈસા ક્યાં એના બાપના એના હતા? બાપના તો ન હોય પણ એના.. પૈસા પૈસા તો જડના છે. એ તો અહીં કહે છે. એ તો જડના પૈસા છે. જડના રજકણો પોતાના કારણે પોતે ક્ષેત્રાંતર રૂપાંતર થઈને પરિણમી રહ્યા છે. એ તારે કારણે નહિ. રળવાનો રાગ કર્યો માટે પરમાણુની પર્યાય આવી એમ ના પાડે છે. કેમ કે રજકણોની પર્યાય તે ક્ષેત્રાંતર રૂપાંતર તે કાળે પરિણમીને આના રાગને અડ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિના, સ્વભાવને છોડ્યા વિના પૈસા તેમ પરિણમ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક વિકલ્પ ઉઠ્યો કે આને ગણી દઉં નોટું. પાંચસો-પાંચસો અને હજાર-હજારની. સાંભળો. કહે છે કે એ નોટું વસ્તુ છે કે નહિ? એ રજકણનો દળ છે કે નહિ? એનું આમ આમ થાય અને જાય એ એની પર્યાય છે-અવસ્થા છે. એ અવસ્થાપણે ઊપજતા આના રાગ જે છે ઓલો રાગ.. ગણનારો? એના રાગને અડ્યા વિના, પોતાના સ્વભાવને છોડ્યો વિના આમ આમ પરિણમીને જાય છે. રાગને કારણે નહિ. જાધવજીભાઈ! હવે દેવા કે ન દેવા કો'કને પૈસા જેનો માલ લીધો હોય એને? ભારે વાત ભાઈ! માલ લીધો છે ક્યાં અને દીધો છે ક્યાં? મફતનો કહે છે. માન. સાંભળને! એય..! દેવશીભાઈ! શું હશે આ? બધા મકાન-બકાન ઘણા કરાવ્યા છે તમે. હોંકારો કરે. ઓલા કોળી ને ઢેઢ હોય ને.. એઈ..! આમ કરો. તરત કામ કરે લ્યો. નહિતર બેઠા હોય નિરાંતે. ધૂળેય નથી, કહે છે. માન. મેં હોંકારો કર્યો માટે આળસ છોડીને કામ કરવા લાગ્યા એમ રહેવા દેજે. એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એ દ્રવ્યની અને શરીરની એ અવસ્થાપણે આમ થઈ તે તેને કારણે થયેલી છે. ભાષા તારી નથી, ભાષા તારાથી થઈ નથી, તેં રાગ કર્યો માટે વ્યવસ્થા ત્યાં થાય છે એમ ત્રણ કાળમાં નથી એમ કહે છે. આહાહા..! ભારે પણ ભાઈ આમાં. સમજાણું?

'**અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો...**' આમાં બાકી કોને રાખ્યું છે હવે? આહાહા..! ભગવાને જેટલા દ્રવ્યો-વસ્તુ જોઈ, દ્રવ્યો એટલે પદાર્થ, એ અનંતા પદાર્થો તે તે પર્યાયે ક્ષણમાં અનંતા અનંતપણે રહીને વર્તમાન અવસ્થાપણે પરિણમે છે, શું નિમિત્તભૂતને લઈને થાય છે? નિમિત્તભૂતને લાયક તેનો ભાવ ત્યાં આવવો જોઈએ. પોતાથી થાય છે તો પોતાના સ્વભાવને ઓળંગ્યા વિના પોતાની પર્યાય થાય છે. બસ, ખલાસ થઈ ગયું. આમાં કાંઈ ના પડાય એવું નથી.

'**જો આમ છે તો સર્વ દ્રવ્યો...**' એટલે બધા પદાર્થો '**નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી,...**' જોયું! ઘડો કુંભારના નિમિત્તના સ્વભાવથી ઊપજતો નથી. માટીના સ્વભાવે ઊપજેલો છે ત્યારે કુંભારને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? એમ આત્મા પોતાના સ્વભાવની શાંતિ, આનંદને ભૂલી અને જેટલા રાગ અને દ્વેષભાવ કરે છે એ એને કર્મના નિમિત્તથી જો થયા હોય તો નિમિત્તભૂતનો સ્વભાવ રાગદ્વેષમાં જડપણું આવવું જોઈએ. એમ છે નહિ. એ પોતાના જ ગુણની જ ઊલટી અવસ્થાપણે તે ક્ષણે અજ્ઞાની પરિણમે છે. આમ છે વસ્તુ. કહો, સમજાણું કાંઈ? આમાં જો આમ કહે તો પછી નિમિત્તને વશે રહેશે નહિ. એમ કહે છે. તો આ ભગવાનના દર્શન કોણ કરશે? કારણ કે એમ તો આમાં એમ આવ્યું કે આ ભગવાનના પ્રતિમા છે એનાથી ઓલા દર્શન કરનારનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ થયો નથી એમ કહે છે. ભાવ તો એનો શુભ એ ટાણે થયો એ પોતાને કારણે થયો છે. નિમિત્તભૂતથી થયો હોય તો તે નિમિત્તની અવસ્થાનો સ્વભાવ ત્યાં આવવો જોઈએ. સમજાણું કાંઈ? લોકોને આ વાંધો આવે છે. જુઓ! આમ કહેશો તો પછી આ લોકો નિમિત્તને નહિ માને. પણ નિમિત્ત નહિ માને એનો પ્રશ્ન શું? જે કાળે એને શુભભાવનું પરિણમન છે એ કાળે સામે નિમિત્ત છે. પણ એ નિમિત્તને કારણે શુભપરિણામ થયા છે? એનું પરિણમન પોતાને કારણે થયું કે નિમિત્તના સ્વભાવને કારણે થયું છે? અને નિમિત્તનો સ્વભાવ એને અડતો હોય તો ભગવાનનો કે પ્રતિમાનો પર્યાય ત્યાં આવવો જોઈએ. તો એમ છે નહિ. એય..! અમુલખભાઈ! વળી પાછા મૂર્તિ ને પ્રતિમા આ વાંધા આવે છે લ્યો! એકે પ્રશ્ન કર્યો હતો નહિ? ગુણુભાઈને કર્યો હતો ઘણા વર્ષ પહેલા, કે આપણે નિમિત્તને ન માનીએ પણ નિમિત્ત તો આવું હોય છે. તો નિમિત્તથી થાતું નથી એમ માનવું. એવો પ્રશ્ન થયો ને? .. લીંબડી.

ભાઈ! નિમિત્ત એના સ્થાનમાં છે. જ્યારે જીવ પોતે ભક્તિના શુભભાવ દર્શનના પરિણમે છે એ પોતે પોતાથી ત્યાં પરિણમ્યો છે. ત્યાં એ ચીજને નિમિત્ત કહેવાય છે. પણ નિમિત્તથી થયા હોય તો તે નિમિત્તનો ભાવ ત્યાં આવવો જોઈએ. આવતો તો નથી. એથી ત્યાં નિમિત્તપણું ઊડી જાય છે એમ નથી. નિમિત્ત તો નિમિત્તમાં રહ્યું છે. એમ કે તો આમાં કાંઈ કોઈ કરશે નહિ. પણ કોઈ કરશે નહિ (શું), થયા વિના રહેશે નહિ. સાંભળને. આહાહા..! ભારે વાત ભાઈ! વાંધાના વાંધા કાઢે ને? વાંધાવાળા વાંધા જ કાઢે અંદરથી.

'**જો આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત...**' વળી પાછા શું કહે છે કેટલાક? કે એ તો પહેલા મૂર્તિને માનતા નહોતા અને એમાંથી આવ્યા છે તો મૂર્તિથી લાભ થાય એ કેમ માને? અરે.. ભગવાન! શું કરે છે તું? એય..! ન્યાલભાઈ! અરે.. ભગવાન! સાંભળને ભાઈ!

મુમુક્ષુ :- કજીયા કરવા હોય એને વાંધા

ઉત્તર :- કજીયાના કરવા છે, કજીયા કરવા છે એને.

ભાઈ! એ તો જ્યારે આત્મામાં એ જાતનો ભક્તિનો શુભનો ભાવ હોય છે ત્યારે સામે ચીજ હોય છે તે આને કારણે નહિ, એને કારણે. અને એને કારણે એ રહી તો આના શુભભાવથી ત્યાં થઈ નથી. શુભભાવ હતો તેથી આ મંદિર થયું નથી એમ કહે છે. અને મંદિર અને ભગવાન છે માટે આના શુભભાવ થાય છે એમ છે નહિ. એમ કહે છે. પણ છતાં શુભભાવ થયા વિના રહે નહિ. આવે ખરો. ધર્મીને પણ પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ હોય. પોતાને કારણે હોય, પરને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ એક ગાથા બરાબર જો સમજે તો એનું નિમિત્તનું નિમિત્તપણું રહે અને સૌનું સ્વતંત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણમન થાય.

મુમુક્ષુ :- તો જ નિમિત્ત સિદ્ધ થાય.

ઉત્તર :- તો નિમિત્ત સિદ્ધ થાય. અને ઓલું તો કર્તા સિદ્ધ થઈ ગયું. એનું કાર્ય કરનારો સિદ્ધ થઈ ગયો. નિમિત્ત ક્યાં સિદ્ધ થયું?

મુમુક્ષુ :- ઉત્પાદક થયો.

ઉત્તર :- એ તો આનો ઉત્પાદ કરનારો સિદ્ધ થયો. પણ અહીં તો કહે છે, કોઈ દ્રવ્યમાં કોઈની પર્યાય ઉત્પન્ન થવાની લાયકાત છે નહિ. ભગવાન સાક્ષાત્ બિરાજતા હોય છે, પરમાત્મા બિરાજે છે. દર્શન કરનારના પરિણામ ભગવાનથી થયા છે એમ નથી. સમજાય છે કાંઈ? ભગવાન! પોતાના પરિણામ થયા ભગવાનના દર્શનના શુભભાવ. તો એ શુભભાવ શું ભગવાનના પર્યાય નિમિત્તભૂત છે એને લઈને થયા? તો નિમિત્ત અહીં આવવું જોઈએ. નિમિત્તનો સ્વભાવ અહીં આવવો જોઈએ. પોતાના તે કાળના શુભ વિકલ્પપણે પરિણમવાનો તે સ્વભાવ-સ્વભાવનું ભવન પોતાની પર્યાયપણે પરિણમ્યું છે. એમાં નિમિત્તની કાંઈપણ અસર કે નિમિત્તને કારણે ઉત્પન્ન થયું છે (એમ) વસ્તુના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? છતાં એ પોતાથી ઊપજે છે એ વિશેષ વાત હવે કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૧૩, ગુરુવાર તા. ૧૪-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૭૨, પ્રવચન-૪૨૬**

૩૭૨. ટીકાનો છેલ્લો ભાગ છે. ત્રણ લીટી છે ત્રણ. શું કીધું? કે '**પોતાના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' અહીં સુધી આવ્યું છે. આચાર્ય કહે છે કે દરેક આત્મા અને દરેક રજકણ એની વર્તમાન પર્યાયની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જોવામાં આવે છે. કહો, હિંમતભાઈ! ઓલામાં ચુંબન લીધું ત્રીજામાં. આમાં અસ્પર્શ લીધું છે. ચુંબન નથી લીધું અહીં પાઠ. અસ્પર્શ. શબ્દ ફેરવીને વધારે સ્પષ્ટ કર્યું છે. બેયમાં ચુંબન .. હતું. પોતાના ધર્મને ચુંબે છે અને પરને નથી. અહીં અસ્પર્શ લીધું. સમજાણું?

'**આમ હોવાથી, સર્વ દ્રવ્યો...**' સર્વ દ્રવ્યોને. એક બાજુ બધાં દ્રવ્યો. એકે એક આત્માથી માંડીને રજકણ અને કાળાણુ વગેરે બધા. નિમિત્તભૂત અન્ય દ્રવ્યો. એને જે નિમિત્તભૂત પરવસ્તુ છે એ '**પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' પોતાના એટલે સર્વ દ્રવ્યના. સર્વ દ્રવ્ય અનંત જે છે તેના પરિણામના ઉત્પાદક નિમિત્તભૂત કોઈ છે નહિ. સમજાણું કાંઈ? એમાં ક્યુ દ્રવ્ય બાકી રહ્યું? નિમિત્ત-નૈમિત્તિક ભલે કહો, પણ નિમિત્તથી ઉત્પાદ થાય છે એમ નથી. તેથી તો અહીં નિમિત્તભૂત કહ્યું. દરેક વસ્તુનો તે સમયનો પર્યાય પોતાથી ઉત્પન્ન થાય તે કાળે નિમિત્ત હો, પણ નિમિત્તભૂતથી અહીંયાં ઉત્પન્ન થાય તેમ જોવામાં આવતું નથી. કહો, આવો તો સિદ્ધાંત છે.

'**સર્વ દ્રવ્યો...**' લ્યો, નિગોદનો જીવ હો કે સિદ્ધનો હો કે રજકણ હો. '**નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' જુઓ! કાલે આવ્યું છે ને ઓલું? ત્યાં દાખલો નહોતો આપ્યો? નહોતું કહ્યું? ચાર મૂર્ખ વિદ્વાન. મૂર્ખ વિદ્વાન. કાલનું વધારે સ્પષ્ટ આવ્યું. ખીચડીમાં ધૂળ નાખી ને. ખદબદ-ખદબદ થાતી હતી તો કહે, ખીચડી એમ ને એમ રહે તો ક્રમબદ્ધ થાત અને ધૂળ નાખી તો અક્રમ થઈ ગયું. કાલે નવું આવ્યું. પહેલો ઓલો હતો. જુઓ! અહીં નિમિત્તભૂત આપણે લ્યો. એ ત્યાં એમ આવ્યું છે. પેલો જ્યોતિષી હતો. એ જ્યોતિષીએ જોયું કે આ ચાર ગાઉ થઈ ગયા, હવે આપણે છોડો બળદને. બળદને છોડ્યા ત્યારે ચોઘડિયું એવું નીકળ્યું અંધલોચન. કે આ બળદ ખોયા. જાશે એ આવશે નહિ. થઈ રહ્યું ત્યારે. બળદ આવ્યા વિના ગાડું ચાલશે નહિ. ઓલો ત્યારે કહે છે કે એ મારો જ્યોતિષી હતો. નિમિત્તથી ન થાય એમ માનનારો હતો. આ કહે, ભાઈ! નિમિત્તથી થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. બળદ લાવ તો અહીં ગાડું ચાલશે. નહિતર ગાડુ નહિ ચાલે. કહો, બરાબર છે? અહીં ના પાડે છે લ્યો! લ્યો, અહીં તો ઈ કહે છે. જુઓ!

‘**સર્વ દ્રવ્યો...**’ એટલે તે ગાડાના રજકણની પર્યાયને. એમાં આવ્યા કે નહિ? ગાડું છે એમાં ચાર બેઠા હતા. પંડિતો. પછી એક જ્યોતિષ હતો. ગાડું તો બળદ હોય તો ચાલે ઓલો કહે. આ કહે ભાઈ બળદ .. એમ નહિ ચાલે. ઓલો કહે ના. નિમિત્તપ્રધાનવાળો કહે, બળદ હોય તો ચાલે. નહિતર ત્યાં સુધી નહિ ચાલે. જુઓ પ્રત્યક્ષ છે. ઉપાદાનમાં નિમિત્ત હોય તો કાર્ય થાય. કહો, આ પ્રત્યક્ષ છે કે નહિ આમાં? એની મેળાએ ચાલશે એકો-ગાડું? અહીં કહે છે કે સર્વ દ્રવ્યોના... એ ગાડાના રજકણો જે છે એ રૂપાંતર તો સમયે સમયે થાય છે પડ્યા પડ્યા. ત્યાં પડ્યા પડ્યા એ રૂપાંતર થાય છે. એ ઉત્પાદ થાય છે એમાં કોઈના નિમિત્તથી થાય છે એમ છે નહિ. હવે જો એ ક્ષેત્રાંતર થાય ત્યારે પણ એ પર્યાયનો ઉત્પાદક તે પરમાણુ છે. એ બળદ એને ક્ષેત્રાંતર કરાવે છે અને ઉત્પાદક છે એમ છે નહિ. કહો, બરાબર છે આમાં? ભારે દાખલા આપ્યા છે પણ એણે.

‘**સર્વ દ્રવ્યો નિમિત્તભૂત...**’ કહો, બળદ નિમિત્ત થયો ને ઓલા ગાડાને? તો નિમિત્તભૂતથી અન્ય દ્રવ્યો એટલે ગાડાના પર્યાયને એના પરિણામના ઉત્પાદક છે જ નહિ. ગાડાની પર્યાયના બળદ ઉત્પાદક છે નહિ. આ તો જ્યારે નિમિત્ત હોય અને ચાલે તોપણ એને લઈને નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- .. ત્યારે ચાલે.

ઉત્તર :- એની વાત છે. ઓલો નિમિત્ત નથી. એ તો અત્યારે નિમિત્ત ક્યાં? નિમિત્ત તો ત્યારે કહેવાય કે જ્યારે ગાડુ પોતાથી આમ ચાલે છે ઉત્પાદક થઈને ત્યારે ઓલું નિમિત્ત છે. છતાં એ નિમિત્તભૂતથી ઉત્પાદક છે નહિ. પોતાને કારણે તે ઉત્પાદ-પર્યાય થઈ છે. બળદ નહોતા ત્યારે તો એ નિમિત્તનો પ્રશ્ન ક્યાં છે? સમજ્યા? ત્યારે બીજી જાતનું નિમિત્ત કહેવાય. કાળનું નિમિત્ત એ કહેવાય કે ઓલું જ્યાં સ્થિર રહ્યું છે તો જમીન નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ? છતાં એ ગાડું સ્થિર રહેવાના પર્યાયના ઉત્પાદમાં એ જમીનને નિમિત્તભૂત હોવા છતાં નિમિત્તથી તે સ્થિરની પર્યાય ઉત્પાદ જોવામાં આવતી નથી. એમ કહે છે. બરાબર છે? કહો. એ બળદ પણ ત્યાંથી ન આવ્યો એની પોતાની પર્યાયને તે કાળે તે પ્રકારની ત્યાં ઉત્પન્ન થવાની અવસ્થા હતી. અહીં આવે ત્યારે તે પ્રકારની ઉત્પન્ન થવાની અવસ્થા (છે). તે બીજાથી ઉત્પન્ન થાય છે બળદને આવવું એ પણ છે નહિ. ઓલો ખેંચીને લાવ્યો, એને કારણે બળદની પર્યાયની આમ ઉત્પાદ થઈ નિમિત્તભૂતને કારણે એમ છે નહિ. હજી પંડિતો કેટલાક વાતું કરે છે આવી. કહો, છોટાભાઈ! શું હશે? આ બધા સંસ્કૃત ભણેલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી તમે.

અને ઓલી ખીચડી. બીજો છે ખીચડીવાળો. ક્રમબદ્ધ માનનારો. ભાઈ, એ તો ક્રમે થાવું હોય એ થાય. ત્યારે ઓલો કહે ખીચડી ખદબદ થવા માંડીને. વ્યાકરણી હતો. વ્યાકરણનો ભણનાર. એ કહે, ખદબદ ખદબદ કોઈ વ્યાકરણના શબ્દમાં એવો શબ્દ નથી લાગતો. ખીચડી રાંધવાનું એને કહેલું. ઓલાને બળદ છોડવાનું કહેલું. ખીચડી ખદબદ-ખદબદ કેમ થાય છે? ખદબદ-ખદબદ થાય? વ્યાકરણના નિયમ પ્રમાણે તો આવો ખદબદનો અર્થ નથી આવતો. નાખ ધૂળ એક ખોબો. મોઢું માર. મોઢામાં માર. વ્યાકરણ આવડતું નથી ને. લ્યો ઠીક! એટલે ખીચડી ખાવામાં કામ આવી નહિ. એમ કે ખીચડીની પર્યાયમાં જો ઓલું નાખ્યું તો ક્રમબદ્ધ બદલી ગયું. નહિતર તો ક્રમબદ્ધ ખીચડીની પર્યાય થવાની હતી તે થાત. પણ મૂળ નાખ ધૂળ માટે અક્રમ થઈ ગઈ પર્યાય ખીચડની. ઈ કહે છે કે ખીચડીની પર્યાય ત્યાં એ જ રીતે થવાની હતી અને બીજાને ખાવામાં કામ આવે એવી પર્યાય ત્યાં થવાની નહોતી. એમ છે. આહાહા..! ભારે વાત.

ત્રીજો વળી ન્યાયાચાર્ય. ઘી લેવા મોકલેલો. ખીચડીમાં ઘી જોવે કે નહિ? તપેલીમાં ઘી લાવ્યો. આ કુપી આને આધારે હશે કે આને આધારે હશે? લાવને જોઉં. આમ જોયું. પડ્યું ધૂળમાં. એ અકાળે નહિ માનનારો. અકાળે નહિ માનનારો. કાળે કાળે થવું જોઈએ. અકાળે થવું જોઈએ. સમજ્યાને? તો કહે આ એમ નહિ. તો પડ્યું. ઓય, આ તો પડી ગયું. લાવ ઘી લાવ. ધૂળવાળું ઘી લઈને ગયો. ખીચડી ખાવાની ન આવી અકાળે. પણ અકાળે જો ન હોય તો તો પછી મોક્ષ નહિ થાય એમ કહે છે. અકાળે મૃત્યુ થાય છે. એવા નિમિત્તો આવે તો અકાળે દેહ છૂટી જાય. અને અકાળે એટલે કર્મની ઉદીરણા જો અકાળે નહિ માનો તો કર્મની ઉદીરણા અકાળે કરીને મોક્ષ નહિ થાય. છે? એય..! મલૂકચંદભાઈ!

કહે છે કે ભાઈ! જે આત્માનો જ્યારે કેવળ ઉત્પત્તિ અને મોક્ષ-સિદ્ધપર્યાયનો ઉત્પાદ છે તેને અહીં તો કહે છે કે નિમિત્તભૂતથી તે ઉત્પાદને દેખતા નથી. કર્મની ઉદિરણાનો કાળ એનો જે છે એના ઉત્પાદકમાં આનો ઉત્પાદક નથી અને આના ઉત્પાદકમાં એનો ઉત્પાદક નથી. સિદ્ધની પર્યાયના દ્રવ્યના ઉત્પાદ કાળે કર્મની પર્યાયનો જે અકર્મરૂપ પર્યાય થઈ એને આ ઉત્પાદ છે માટે અકર્મપર્યાયમાં ઉત્પાદ આ નિમિત્તભૂત છે માટે થઈ એમ નથી. કારણ કે અકર્મપર્યાયનો ઉત્પાદ અમે તો એને કારણે જોઈએ છીએ. આને સિદ્ધપદ મેળવ્યું અને સિદ્ધ થયા માટે અકર્મપર્યાય થઈ એમ અમે જોતા નથી. અને અહીં સિદ્ધપદની પર્યાય કર્મની અપર્યાય થઈ, અકર્મ(પર્યાય) માટે સિદ્ધપર્યાય થઈ, ભગવાન કહે છે, અમે એમ જોતાં નથી. કહો, બરાબર છે? સમજાણું કે નહિ? કહો, મલૂકભાઈ! એ લાકડું જે ઊભું રહે છે ને એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુઓ તો આમ લાકડા આડા રાખવા પડે છે. ખબર છે? બાંધ્યા હોયને તમે તો. તમને તો બધી ખબર છે. એકલું લાકડું આડું રહે? લાકડા ઘણાં એટલે આડુ રાખવું પડે. પાછું આમ થોડું આમ રહે અને થોડું આમ અદ્ધર રહે. એકલું લાકડું અદ્ધર શી રીતે રાખવું? ટેકો જોઈએને થોડો? તો કહે છે કે એ ટેકાની પર્યાયને કારણે એ લાકડાનો પર્યાયનો ઉત્પાદ છે એમ અમે જોતા નથી એમ કહે છે. મલૂકભાઈ તો રસવાળા છે ને એ તો પહેલેથી. કહો, સમજાણું કાંઈ? મોટો વેપાર છે લાકડાનો. મોટો જબ્બર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગયા હતા? જોયા? પંચકલ્યાણક. કહો, સમજાણું કાંઈ?

અમથું લાકડું રાખો આમ આધારે. કાંઈક આમ હશે તો આમ રહેશે ને. લ્યો! અહીં રાખ્યા પણ આમ હોય તો આમ રહે. આમ ને આમ રહે? ત્યારે આમ રહેવાના ઉત્પાદમાં આનું નિમિત્ત છે. આચાર્ય કહે છે કે નિમિત્તભૂતને કારણે આ પર્યાય આમ ઉત્પન્ન થઈ છે એમ અમે જોતાં નથી. આ તમારે દાખલો લાકડાનો આપ્યો હવે. અમુલખભાઈ! આમ લાકડા રહે છે ને આડા? નીચે.. નીચેનાને લઈને લાકડાની ઉત્પન્ન પર્યાય ત્યાં રહી છે એમ પણ નથી. આહાહા..! ભારે! ગાંડા હશે, લોકો કહે. પણ બાપુ! તને દ્રવ્યની ખબર નથી. ભાઈ! જગતના તત્ત્વો છે અને તત્ત્વો ટકીને તે તે કાળે પોતાની પર્યાયને દ્રવે છે. તે કાળની ઉત્પત્તિનો તેનો સ્વકાળે ઉત્પન્ન થાય છે. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ કાયમ રહી અને તે પર્યાયનો તે જ કાળે તેનો ઉત્પાદ અમે જોઈએ છીએ. નિમિત્તભૂતથી ઉત્પાદ અમે જોતા નથી. આહાહા..! શું હશે આમાં? ભગવાનની ભૂલ હશે કે આ લોકોની ભૂલ હશે? ભૂલાની ખડકીમાં ચડી ગયેલો છે ને એ. આહાહા..! જુઓ! ખીચડી અને અકાળનું કીધું.

અરે..! પણ ભગવાન! અકાળ એટલે શું? ત્યારે કહે કે જુઓ! આમ કીધું છે. આ અમુક ક્ષેત્રોના જીવોને અકાળ મૃત્યુ થાય. ભાઈ! એ તો અપેક્ષાની વાત છે. કર્મના રજકણો ખરવાની એની અપેક્ષાની વાત છે. નહિ કે એનો કાળ બદલે છે. જે સમયે દેહ છૂટવાનો તે સમયનો દેહ છૂટવાનો, છૂટવાનો ને છૂટવાનો. અને છૂટે માટે આની સ્થિતિ પૂરી થઈ અહીં રહેવાની માટે દેહ છૂટે છે અને દેહ છૂટે છે માટે આની સ્થિતિ પૂરી થઈ આમ આઘો ચાલે છે બીજા ભવમાં, એમ નથી. એ સ્વકાળની પર્યાયે ઉત્પન્ન થતો ભગવાન, પોતાની પર્યાય ગતિની એ પોતાનો ઉત્પાદ છે પોતામાં. એને ગતિનો ઉદય આવ્યો. અહીંથી સ્વર્ગમાં જવું હોય અને સ્વર્ગનો ઉદય આવ્યો માટે અહીં દેવગતિની પર્યાયનો આત્મામાં ઉત્પાદ થઈ જાય છે (એમ) અમે જોતા નથી કહે છે. એ પોતાની પર્યાયથી ઉત્પાદ થઈને આમ સ્વર્ગમાં જાય છે. દેવગતિનો ઉદય એનો ઉત્પાદ દેવગતિના રજકણમાં એને કારણે ઉત્પાદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયો. આને જાવું છે ત્યાં એટલું નિમિત્ત છે. માટે દેવગતિના પર્યાયનો ઉદય આવ્યો રજકણોમાં નામકર્મમાં એમ છે નહિ. કહો, સમજાણું આમાં?

શ્રેણિક રાજા નરકનું આયુષ્ય બાંધેલું. લ્યો! હવે એ તો ક્ષાયિક છે ને? અને તીર્થંકરગોત્ર બાંધેલું છે. ભવિષ્યમાં તીર્થંકર થવાના. એને કાંઈ નરકમાં જવાનો ભાવ હોય? એ કર્મ નરકમાં લઈ ગયું એમ કહે છે. એને ખબર ક્યાં જીવને કે કયે ઠેકાણે મારે જાવું છે? એ તો એનો પોતાનો તે સમયનો ક્ષેત્રાંતરમાં આમ નરક તરફ જવાનો ઉત્પાદ થવાની પોતાની લાયકાતથી ત્યાં આગળ આમ જાય છે. પહેલી નરકે ગયા. ક્ષાયિક સમકિતી છે. તે સમય સમયનો ઉત્પાદ પર્યાય થઈને ત્યાં પહેલી નરકે છે. સમજાણું કાંઈ? ગતિને કારણે ત્યાં પહેલી નરકે છે એમ અમે જોતાં નથી, આચાર્ય એમ કહે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ઉડાડે છે. ઉડાડે છે એટલે કે જેમ છે તેમ કહે છે. આહાહા..!

ઈ તો ઓલામાં નથી આવ્યું? કેવળજ્ઞાન નિમિત્ત છે અને સામા લોકાલોક નૈમિત્તિક છે. અને સામું નિમિત્ત છે અને અહીં કેવળજ્ઞાન નૈમિત્તિક છે. એનો અર્થ શું? કેવળજ્ઞાનનો ઉત્પાદ પોતાથી થાય સમયે સમયે. લોકાલોકનો પર્યાય નિમિત્ત છે. માટે નિમિત્તને કારણે કેવળજ્ઞાનનો ઉત્પાદ થયો છે? એમ તો નથી કહેતા કે લોકાલોકનું જ્ઞાન છે એ પોતાથી ઉત્પન્ન થયું છે. નિમિત્ત છે માટે નૈમિત્તિક ઉત્પન્ન થયું છે એમ અમે જોતા નથી. સમજાણું? કેમ ઓલી ગાથામાં નથી આવતું? ૧૯૨ પ્રવચનસાર. નહિ ઓલું ધ્રુવ-ધ્રુવ? ૧૯૨ નહિ? પાંચ-છ વ્યાખ્યાન થયા હતા. નિમિત્ત-નૈમિત્તિક. એમ કે આ જ્ઞેય છે તે નિમિત્ત છે અને અહીં નૈમિત્તિક છે. નૈમિત્તિક પર્યાય સ્વ છે અને નિમિત્તની પર્યાય પર છે. આવે છે કે નહિ? ૧૯૨માં નથી આવતું? આપણે વ્યાખ્યાન બે કર્યા હતા. નહિ? ૧૦૫ ગાથા. ૧૭૨ અને .. બે કર્યા હતા ને આ? (સંવત) ૨૦૦૫ની સાલમાં વ્યાખ્યાન થયા હતા. કેટલામું કીધું? ૧૯૨.

...એ અચળ છે એવા આત્માને જ્ઞેય પર્યાયસ્વરૂપ પરદ્રવ્યથી વિભાવ છે. જ્ઞેય જે છે એનાથી આત્મા જુદો છે અને '**તત્‌નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ...**' એ નૈમિત્તિક શબ્દ પડ્યો છે. તત્‌નિમિત્તિક. એ નિમિત્ત, અહીં નૈમિત્તિક. તે નિમિત્ત, અહીં નૈમિત્તિક. તેના '**જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...**' પોતાનો જ્ઞાનપર્યાય તેનાથી જુદો નથી. અને જ્ઞેય છે તેનો વિભાગ છે-જુદો છે. હવે આ જ્ઞાનપર્યાય નૈમિત્તિક છે એનો ઉત્પાદ પોતાથી થાય છે, નિમિત્ત જ્ઞેય છે માટે ઉત્પાદ થાય છે એમ જોવામાં આવતું નથી. આ આમાં અહીંથી લઈ લેવું. છે ને? '**સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' કહો, બરાબર છે? જુઓ! અહીં નૈમિત્તિક શબ્દ પડ્યો છે આમાં. સમજાણું? બે ઠેકાણે આવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ને? અચળ ને.. સમજ્યાને? બીજું આવે છે.

**'નિત્યરૂપે પ્રવર્તતાં જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે એવા આત્માને જ્ઞેયપદાર્થોથી વિભાગ છે અને તત્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** આ બે ઠેકાણે (આવે છે). જ્ઞેય જાણવા યોગ્ય એ નિમિત્ત, જણાય તે નૈમિત્તિક. હવે નૈમિત્તિક જે પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ એનાથી ભિન્ન નથી. પણ નિમિત્ત જે છે તે ભિન્ન છે. એટલે નિમિત્તને કારણે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવતી નથી. આહાહા..!

કહો, ન્યાયથી દાખલા શાસ્ત્રના આધાર છે. ન્યાયથી પણ જોવે તો પર્યાય પોતાનો તે કાળનો ઉત્પાદ પોતાથી થાય છે. સ્વકાળ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એ પરનો કાળ એટલે પરનો નિમિત્ત પર્યાય. પરનો કાળ એટલે પરની પર્યાય. એનાથી સ્વકાળ એટલે સ્વપર્યાય નથી. કહો, સમજાણું આમાં? આમાં ખેંચીને થાય છે કે વસ્તુનું સ્વરૂપ છે એમ થાય છે? ઈ એમ કહે છે, ખેંચી તાણીને પોતાનો અર્થ ઊંધો કરે છે. અરે.. ભગવાન! શું કરે છે તું આ? વસ્તુની ખબર નથી ભાઈ તને. વસ્તુ પોતે જ એવી છે એમાં (શું થાય)? આવ્યું નહોતું આપણે સવારે? સહારો કોનો? નહોતું આવ્યું સવારે? જ્ઞાનની ધારા, રાગ ધારા. એવી વસ્તુ છે કે આત્માનો જે નિર્મળ પર્યાય થયો... ઓહોહો..! ત્યાં તો એક પર્યાયના બે ભાગ. કોણે કહ્યું હતું? પાછુ કો'કે કહ્યું. એક પર્યાયના બે ભાગ. ભાઈએ. અનંતભાઈએ. આહાર વખતે નહિ? આહાર કરીને ફરતા ત્યારે. તમે કહ્યું ને એક પર્યાયના બે ભાગ. સાચી વાત છે.

આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ જ્ઞાન અને લીનતા પર્યાય એ પર્યાય નિર્મળ છે સ્વઆશ્રયે. અને જેટલો એક સમયમાં બીજો એક પર્યાય, એનો ભાગ એ પર્યાયનો ભાગ હોં. બે પર્યાય નહિ. બે પર્યાય નહિ. એક પર્યાયના બે ભાગ. આ નિર્મળ પર્યાયનો અંશ એ સ્વદ્રવ્યને આશ્રયે થયેલી છે. એ મોક્ષનું કારણ છે. અને મલિન પર્યાય પુણ્ય-પાપનો વિકલ્પ છે એ નિમિત્તને લક્ષે થયેલો. પણ નિમિત્તભૂત છે માટે થયેલો એમ નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનીને તે કર્મપ્રધાનથી થાય, અજ્ઞાનીને ઊંધા પુરુષાર્થથી. કારણ કે જ્ઞાનીને રુચિ નથી માટે નિમિત્ત પ્રધાનથી થાય. એમ છે? આમાં આવ્યું હતું ને બળજોરી? સવારમાં આવ્યું નહોતું? તમે પૂછ્યું નહોતું આ બળજોરી એટલે શું? એમ કે બળજોરીથી આ થાય છે જીવને. ચારિત્રમોહના ઉદયથી બળજોરીથી થાય છે. એનો અર્થ કાંઈ એનાથી થતું નથી. આહાહા..! ભારે વાત ભાઈ!

જ્ઞાનીને વર્તમાનમાં રાગની ઉત્પત્તિ છે એ નિમિત્તભૂતથી જોવામાં આવતી નથી. એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિમિત્ત પ્રધાનથી ત્યાં કથન કર્યું સ્વભાવની રુચિ છે માટે. પણ એ રાગથી ઉત્પન્ન... રાગની ઉત્પત્તિ ચારિત્રમોહનો એવો તીવ્ર રસ આવ્યો માટે તેને કરવું પડ્યું એમ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? એક એક પર્યાયના બે બે ભાગનો વિવેક છે. એક પર્યાયના બે ભાગનો વિવેક. આહાહા..! ગજબ વાત છે કે નહિ! આ વાત તે કાંઈ.. સમજાણું? વસ્તુના સ્વરૂપ સિવાય ક્યાંય હોય નહિ. સર્વજ્ઞ સિવાય હોય નહિ. વાતું બધી કરે, આમ છે ને (તેમ છે). કઈ રીતે તું કરીશ? અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે અને દરેકનું એક સમયે પરિણમન છે. હવે એ પરિણમનમાં સ્વનો આશ્રય થાય તેટલી શુદ્ધ પર્યાય છે. પરના લક્ષમાં જાય તેટલી અશુદ્ધ છે. આવા બે ભાગ, એમાં એક ભાગ નિર્મળ છે અને એક ભાગ મલિન છે. નિર્મળ તે સંવર-નિર્જરા છે અને મલિન તે બંધરૂપ છે, બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલા કહે છે ને? આવો દાખલો આપ્યો છે. શ્રીકૃષ્ણનો આપ્યો છે. જુઓ! છ-છ મહિના સુધી કર્મના ઉદયને લઈને રહેવું પડ્યું. એ દાખલો હમણાં આવ્યો હતો પાછો. કર્મ શાંત પડ્યું ત્યારે મડદું છોડી દીધું. ત્યાં સુધી મડદાને રાખ્યું. કૃષ્ણને બળભદ્રે. સમકિતી હતા. બળભદ્ર સમકિતી હતા, જ્ઞાની હતા. છ મહિના સુધી ભાઈને આમ રાખ્યું મડદું. બાપુ! એને રાખવાનો ભાવ છે? એ તો સમકિતી છે. સમજાણું? પણ ચારિત્રમોહનો ઉદય હોય એને છ મહિનાના એમાં સંસ્કાર રહે છે. છ મહિના સુધી સંસ્કાર રહ્યા કર્મને લઈને. કેવી વાત બેસી જાય એને? એય..! વજુભાઈ!

પુરુષોત્તમપુરુષ. આહાહા..! જ્યાં લક્ષ્મણ કાળ કરી ગયા. છ મહિના ઉપાડ્યા. શૂન્ય બધું. અયોધ્યા શૂન્ય, મંદિરો શૂન્ય. બધે થઈ ગયો હાહાકાર. ત્રણ સમયનો લાડો અત્યારે મડદું લઈને ફરે! શોક... શોક... શોક... શોક. સમકિતી છે, એ ભવમાં મોક્ષ જાવું છે, કેવળજ્ઞાન થવાનું છે. આ દેહ છેલ્લો છે. જેટલો રાગ આવે એ ખરતો જાય છે. ભારે વાત ભાઈ! છતાં તે રાગની ઉત્પત્તિ શ્રીકૃષ્ણના કારણે નથી. એની ઉત્પત્તિ પોતાના દોષને કારણે છે. આવો અંશી-અંશનો વિવેક એક પર્યાયના બે ભાગ પાડીને વિવેક, એ પરમાત્મા સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એટલે કે સર્વજ્ઞ સ્વભાવી આત્મા એની સર્વજ્ઞ શક્તિનો વિકાસ એમાં જ આવું બધું જણાય. બીજે જણાય નહિ.

કહે છે, ભાઈ! આ બધો સિદ્ધાંત અમે કહ્યો એનો સરવાળો તો આ આવે છે. સમજાણું? ઓલા અકાળમાં આવ્યું નહિ ઓલાનું? પછી શું? બાકી રહી ગયો ને ચોથો એક? .. જુઓ! લીંબડો લઈ આવ્યો એ. પણ એને ભાન નથી કેમકે એને.. ત્યાં એણે શું નાખ્યું છે એમાં? અકાળે ... દેહની જડની ક્રિયા નાખી. એમાં નાખી જડની ક્રિયા. જુઓ, આત્મા છે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શરીર હોય તો કામ કરી શકે. સિદ્ધ છે એને શરીર નથી તો કામ કરી શકે છે? શું કહેવું છે તારે? શરીરની પર્યાય શરીરથી કામ કરે છે, આત્માની પર્યાય આત્માથી. અત્યારે અને સિદ્ધે બધે એક જ વાત છે. એ નાખ્યું છે, લ્યો. એને તો સમજે છે કે આ શરીર હોય તો આ બધું થાય છે. આ શરીર હોય તો કામ થાય. પણ એ શરીરની પર્યાય જે આમ આમ થાય છે. હાલવું-ચાલવું, પૂજા-ભક્તિ, હો-હા એ તો શરીરના પર્યાયનો ઉત્પાદ છે. જીવની ઈચ્છા છે માટે આ શરીરના પર્યાયનો ઉત્પાદ આમ થાય છે. પૂજા કાળે આમ થાય સ્વાહા. શું કહેવાય? અષ્ટ દ્રવ્ય. સમજાણું કાંઈ? કહે છે કે એ પર્યાયનો આમ ઉત્પાદ થાય છે તે સમયે તે રજકણનો તે જ ઉત્પાદ અમને જોવામાં આવે છે. જીવની ઈચ્છાને કારણે આ ઉત્પાદ છે એમ જોવામાં આવતું નથી. ઈચ્છા નિમિત્તભૂત હોવા છતાં નિમિત્તભૂતને કારણે આ ઉત્પાદ થાય છે એમ જોવામાં આવતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હજી પછી આવશે. આપણે હજી અહીં સુધી ચાલે છે ને.

'**નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' ત્યાં સુધી. છે જ નહિ. સમજાણું કાંઈ? લ્યો! જડની ક્રિયા શરીરની ક્રિયા કરી શકે છે. જડનું તે ન કરે તો આ પ્રમાણે ન થાય. શું એકલો જીવ કરી શકે? પણ એકલો જીવ અહીં પણ કરે છે. અરે..! ભગવાન! આ તો ઓલામાં આવ્યું નથી? સ્કંધ છે ને રજકણ આમાં જુઓ આ સ્કંધ. પંચાસ્તિકાયમાં આવ્યું છે ને? એક રજકણ છે આમાં એ પોતે છૂટો પોતાનું કામ કરે છે એમ છે. સ્વતંત્ર. કેમ કે એનું દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવ તો કાયમી છે અને વર્તમાન અવસ્થા પોતાથી ત્યાં ઉત્પન્ન થાય છે. તેને જોડેનો રજકણ ઉત્પાદક છે નિમિત્ત એમ જોવામાં આવતું નથી. લ્યો! બીજો દાખલો આપ્યો. ઓલામાં આવે છે ને પ્રવચનસારમાં? કે પરિણમ્ય-પરિણામાત્મક. એક પરમાણુમાં બે ગુણ ચીકાશ હોય-પર્યાય અને બીજા પરમાણુમાં ચાર ગુણની ચીકાશ. તો શાસ્ત્ર કહે છે કે બે આમ ભેગા થાય ત્યારે ચારવાળો પરિણમાવે છે અને આ પરિણમે છે એમ છે. છે કે નહિ? પરિણમ્ય-પરિણામાત્મકનો અર્થ કરો સંસ્કૃત પ્રમાણે.

મુમુક્ષુ :- કર્યો છે.

ઉત્તર :- કર્યો છે? આ તો સિદ્ધાંત લેખ છે કે નહિ? કે એક પરમાણુ છે રજકણ આ ઝીણો. એમાં બે ગુણની ચીકાશનો પર્યાય પર્યાય. સ્પર્શગુણ તો ત્રિકાળ છે. પરમાણુ ત્રિકાળ. બે ગુણની પર્યાય ચીકાશના અંશો અંશો હોં! અને બીજો પરમાણુ ચાર ગુણના અંશવાળો છે. તો સિદ્ધાંત એમ કહે છે કે જેમાં અધિક છે ને, એ રૂપે ઓલાને પરિણમાવે અને ઓલો પરિણમે. એ તો નિમિત્તના કથન છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં કહે છે એ પરમાણુ ચાર ગુણ ચીકાશપણે પરિણમ્યો એના ઉત્પાદકમાં ચાર ગુણનો પરિણામ અંશવાળો નિમિત્ત એમાં એને ઉત્પન્ન થાય એ જોવામાં આવતું નથી. આહાહા..! જુઓને. '**સર્વ દ્રવ્યોને...**' નિમિત્ત એમાં આવી ગયું કે નહિ આ પરમાણુ ને ઈ? '**નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના...**' એટલે અનંત પોતાના દ્રવ્યો એના '**પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' કહો, ચાર ગુણના અંશવાળો પરમાણુ એક રજકણને ચારગુણના અંશવાળો ઉત્પન્ન કરે એમ છે નહિ. હવે અહીં અમૃતચંદ્રાચાર્ય આમ કહે અને ત્યાં એમ કહે. બે વિરુદ્ધ હશે?

મુમુક્ષુ :- .. તો આઘું રહી ગયું.

ઉત્તર :- .. આઘું રહી ગયું? આહાહા..! જડની ક્રિયા. એમાં બહુ લાંબુ લખ્યું છે એમાં તો કાંઈક. ચોથા બોલમાં. સમજ્યાને? શાક લેવા મોકલ્યો તો શાકમાં આ પિત્ત કરે, આ શરદી કરે, આ ગરમી કરે. એકેય શાક નહિ. લીંબડો દેખ્યો. આ ખરું. આનું શાક થાય. આહાહા..! ભારે! શું કરે છે તું આ?

મુમુક્ષુ :- દુનિયાને મૂર્ખ બનાવે છે.

ઉત્તર :- મૂર્ખ બનાવે છે. આહાહા..! અને આવી પર્યાય સ્વતંત્ર થાય એમ માનનારને મૂર્ખ બનાવે છે. ભગવાન પણ મૂરખ છે એમ કહે છે આનો અર્થ (એમ થાય). ભાઈ! તને ખબર નથી. તું સર્વજ્ઞની પર્યાયનો અનાદર કરે છો ભાઈ! આહાહા..!

સર્વજ્ઞ પર્યાય એમ જાણે છે કે આ સમયે આ પરમાણુનો જે ઉત્પાદ છે એ નિમિત્તભૂતથી થયો નથી. એમ અમે કહીએ છીએ અને એમ છે. સર્વજ્ઞનો જાણનાર આમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આમ એમ જ જાણે છે. જેમ સર્વજ્ઞ બધું જાણે છે, આ તો થોડું જાણે છે. પણ એ એમ જ જાણે છે કે મારી પર્યાયના ઉત્પાદમાં નિમિત્તભૂત કંઈ પણ કરતું નથી. એને કારણે ઉત્પન્ન થયો નથી. અને નિમિત્તભૂત પર્યાય જે કર્મનો ઉદય અહીં રાગ થયો માટે કર્મની સત્તામાંથી ચારિત્રમોહને જ આવવું પડ્યું એમ છે નહિ. વળી કોઈ એમ કહે. ક્રોધ પછી માન અને માન પછી માયા અને માયા પછી લોભ થાય તો તો ક્રમબદ્ધ કહેવાય. પણ ક્રોધ પછી લોભ થઈ જાય ત્યાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? લે એ પણ કોણે કીધું? ક્રોધ પછી માન છે. એમ હોય ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? કોઈ વળી પાછું કહે નરકમાંથી તિર્યંચ અને તિર્યંચ પછી મનુષ્ય, મનુષ્ય પછી દેવ અને દેવ પછી સિદ્ધ. એમ હોય તો ક્રમબદ્ધ કહેવાય. એમ હશે?

અહીં તો જે સમયે જેની જે પર્યાય મનુષ્ય પછી દેવની થવાની છે... એ આવ્યું છે ને? પંચાસ્તિકાયમાં ભાવ-અભાવ. ભાવ-અભાવનું આવ્યું છે. આ જીવની પર્યાય મનુષ્યની

પર્યાય છે અત્યારે. સમજાણું? પછી જે દેવની પર્યાય થવાની હોય ત્યારે આ ભાવનો અભાવ અને અભાવનો ભાવ (થાય). આ પર્યાય ભાવ છે તેનો અભાવ અને દેવપર્યાયનો અભાવ છે તેનો ભાવ. એમ ક્રમસર ચાલ્યું જાય છે. આહાહા..!

અહીં તો કહે છે ભગવાન કે આ જગતના જેટલા દ્રવ્યો અમે જોયાં, સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ અનંત આત્માઓ, અનંત રજકણો, પરમાણુઓ (જોયા) એ બધાની વર્તમાન અવસ્થા જે ઉત્પન્ન થાય તેના ઉત્પન્નમાં નિમિત્ત ચીજ છે તેને અમે ઉત્પાદક જોતા નથી. કહો, સમજાણું કાંઈ? ભીખાભાઈ! કહો, આ ધરતીકંપનું શું થયું હવે આ મુંબઈનું?

મુમુક્ષુ :- એ તો એના કારણે આવ્યો.

ઉત્તર :- એ તો એના શરીરને કારણે થયું હતું, હોં! એના કારણે નહોતું. સવારે મારી સાથે હતા. પહેલા વાત કરતા હતા કે કેમ ભાઈ ન આવ્યા? એને કાંઈ નહોતું. કહો, સમજાણું?

અહીં તો ભગવાન એમ કહે છે કે તે ધરતીકંપના પરમાણુ જ્યાં આમ ચાલવા માંડ્યા ગામના, તે સમયનો જે ઉત્પાદ તે પર્યાયનો છે, એ ત્યાં કંપ થયો માટે આ ઉત્પાદ અહીં થયો છે, હલે છે એમ અમે ના પાડીએ છીએ. ભગવાન કહે છે.

મુમુક્ષુ :- ..કાળ..

ઉત્તર :- ના. ના. કોઈ કાળે નહિ અને ક્ષેત્રથી પણ નહિ અને પરના ભાવથી પણ નહિ એમ કહે છે. આહાહા..! શું કરે? એણે સાંભળ્યો નથી ભગવાનનો માર્ગ.

દરેક આત્મા અને દરેક રજકણ પરમાણુ સ્વતંત્ર પોતાની પર્યાયના ઉત્પાદક વર્તમાન અવસ્થાના (છે). એ પરજીવની દયાનો ઉત્પાદક આત્મા છે નહિ એમ કહે છે. પરની દયાનું છે નૈમિત્તિક એમાં જીવની દયાનો ભાવ એનું નિમિત્ત થયું. તો કહે છે કે નિમિત્તથી ત્યાં નૈમિત્તિક થાય છે એ ત્યાં શરીર અને આત્મા રહ્યા છે એમ અમે જોતા નથી.

મુમુક્ષુ :- અત્યારે જગત સાથે મેળ ખાય એવું નથી.

ઉત્તર :- જગતની સાથે મેળ નથી ખાય એવો ભાઈ આ. દુનિયા તો આખી ફેર આખો માર્ગ છે. હવે ઓલો તો કહે દયાનો ભાવ અરે..! તમે માનતા નથી. વીરસેન સ્વામીએ દયાનો ભાવ જીવસ્વભાવ કહ્યો. ફૂલચંદજીએ લખ્યું છે કે એમાં મહા વીરસેનસ્વામી તો સર્વજ્ઞ જેવા હતા, ફલાણા જેવા હતા. હવે આ તમારું શું થયું આ? એમ કહે છે. અરે.. ભગવાન! તને ખબર નથી, પ્રભુ! પરજીવની દયા એ તો વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે અને તે પુણ્યનો વિકલ્પ છે. કારણ કે પરને આશ્રયે થયેલી વૃત્તિ છે. એ કાંઈ ધર્મ સ્વભાવ નથી. અને એ વિકલ્પ ઉત્પન્ન થયો માટે જીવ ત્યાં ટકીને બચી ગયો છે એમ નથી. જાધવજીભાઈ! ભારે વાતું ભાઈ! સાચું હશે આ? કહો, સમજાણું?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :-

ઉત્તર :- હા. હા. ઈરાદો શું છે? સાબિત ન થાય. ઈરાદો શું છે? મારી નાખવાનો હતો કે શું છે એ વાત છે.

અહીં તો કહે છે, જેટલા જગતના એક સમયમાં અનંતા પદાર્થો છે તે દરેક સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે એમાં નિમિત્તથી ચીજ ઉત્પન્ન થાય છે એમ ભગવાન કહે છે કે અમે જોતાં નથી. અમારા જ્ઞાનમાં એમ આવ્યું નથી. તું માન તો મિથ્યાદૃષ્ટિ છો. કહો, સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! આ ના પાડે છે. ... કહે છે કે આ પર્યાય આમ થઈ તો તારી ઈચ્છા થઈ કે મારે શરીરને આમ રાખું. એ ઈચ્છા એને નિમિત્ત અને આ અવસ્થા નૈમિત્તિક. પણ આ અવસ્થા આમ થઈ એની ઈચ્છાને કારણે આમ ઉત્પન્ન થઈ એમ અમે જોતા નથી. એ તો પરમાણુની પર્યાય તે કાળે, તે પ્રકારનો ઉત્પાદ પોતામાં એ કારણે આમ થયો છે, એ જડને કારણે છે. આત્માને કારણે જોવે તે મૂઢ છે. ભગવાન કહે છે કે અમને તો એ દેખવામાં આવતું નથી. ભારે વાત ભાઈ! આ તો ઉલટપાલટ બધું જગતથી. જગતથી. છે?

આ એક જ શબ્દમાં આખો સિદ્ધાંત છે. સર્વ દ્રવ્યોને નિમિત્તભૂત જગત. સામી ચીજ ગમે તે પ્રકારની જ્યાં જ્યાં હોય ત્યાં. '**અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' કહો, બરાબર છે? ઓહોહો..! શિરો બને છે. શિરો. ત્યારે એ રજકણોની પર્યાય જે મીઠીરૂપે પરિણમે છે એ પરિણમનના ઉત્પાદમાં અગ્નિ અને કડાઈનું નિમિત્ત આ આનાથી થયું એમ અમે જોતાં નથી. એ પોતાની પર્યાયે, મીઠી પર્યાયે રજકણો પરિણમીને ત્યાં શિરા રૂપે થયા છે. કડાઈથી નહિ, અગ્નિથી નહિ, સ્ત્રીની ઈચ્છાથી નહિ, એના જ્ઞાનથી નહિ. ભારે વાત ભાઈ આ! વાડીભાઈ! ઘડિયાળનું એમ હશે ને તમારે? આહાહા..!

આત્મા હોય તો શરીરનું કામ કરે. એકલો શું કરે? પણ અહીં તો એકલો કામ કરે છે એમ કહે છે અહીં તો. ત્રણે કાળે આત્મા અને રજકણ એક એક પરમાણુ આ પોઈન્ટ. આ તો અનંતા રજકણોનો જથ્થો છે આ તો, જેને ભગવાન સ્કંધ કહે છે. એ સ્કંધમાં એક એક રજકણ પોતાને કારણે અવસ્થા ઉત્પન્ન થઈ રહી છે. ઈચ્છાને કારણે અને આત્માના જ્ઞાનને કારણે, અહીં કળાબાજ માણસ છે માટે ત્યાં સોનીની કળા નિમિત્ત અને દાગીનો જે થાય છે એ નૈમિત્તિક, તો કહે છે કે નિમિત્તભૂતને કારણે દાગીનાની પર્યાય ઉત્પન્ન થાય એમ અમે દેખતા નથી. એ રજકણની પર્યાય તે પ્રકારે ઉત્પન્ન થાય છે એમ અમે જોઈએ છીએ. ભારે વાત! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ભગવાનની વાતને માને તો...

ઉત્તર :- ભગવાનની વાત માને તો ભગવાન થઈ જાય શ્રદ્ધામાં. આ તો દરેક રજકણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુદે જુદાં તત્ત્વ છે. હું કોને નિમિત્ત થઈને કરું? અને કોણ નિમિત્ત થઈને મને કરે? સ્વતંત્ર બધા જગતના તત્ત્વો છે. ભગવાને કીધા એવા તત્ત્વો એમ જ છે. એમ થાય તો જ્ઞાતાદૃષ્ટા થઈ અને રાગ પણ હું નહિ, પરની ક્રિયા તો કરું નહિ, પરથી મારામાં થાય નહિ, પુણ્ય-પાપના વિકલ્પ થાય એ પણ મારામાં. હવે એ ક્ષણિક વિકૃત છે તો એ દોષ છે તો એ અધર્મ છે. પણ મારો સ્વભાવ શું છે એની દૃષ્ટિ કરતાં જે દૃષ્ટિ સમ્યક્ થાય ત્યારે તેને ધર્મ થાય. કહો, સમજાણું આમાં? ઓહો..! કેટલા દાખલા! હવે એ દાખલા કેટલા! એના આખામાં સિદ્ધાંત મેળવી દીધો છે.

'**સર્વ દ્રવ્યો...**' એટલે અહીં તો એક એક રજકણ, કોઈ કાળાણુ કે ધર્માસ્તિ બાકી રાખ્યો નથી. સમજાણું? સર્વદ્રવ્યોને નિમિત્તભૂત '**અન્યદ્રવ્યો પોતાના...**' એટલે સર્વદ્રવ્યોના '**પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ,...**' સર્વ પરમાણુ અને આત્માઓ એક સમયમાં પર્યાયના નિમિત્તભૂત જે અન્ય દ્રવ્યો એના '**સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં,...**' દેખો! શરીરની આ અવસ્થા થાય, આ શરીરની પર્યાય આત્માને સ્પર્શતી નથી. અને આત્મામાં ઈચ્છા થાય તેને કર્મનો ઉદય સ્પર્શતો નથી. આત્માને જે જ્ઞાન થાય જ્ઞેયનું તે જ્ઞેય આને સ્પર્શતું નથી. જ્ઞાન પોતાથી થયું છે જ્ઞેયથી થયું નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આ અસ્પર્શ (શબ્દ) મૂક્યો.

સર્વ દ્રવ્યો-દરેક આત્મા અને દરેક રજકણ નિમિત્તભૂત જે અન્યદ્રવ્યો. નિમિત્ત જે અન્ય. જેમ કે ઘડો. એને કુંભાર નિમિત્ત. એ નિમિત્તને સ્પર્શ્યા વિના માટી ઘડારૂપે થાય છે. કુંભારને સ્પર્શ્યા વિના. લોટની રોટલી થાય છે તે તાવડીને, અગ્નિને સ્પર્શ્યા વિના થાય છે એમ ભગવાન કહે છે. એય..! વજુભાઈ! .. આપણી ભાષા છે. એની ભાષા હિન્દીમાં .. આ સ્પર્શ આપણે લીધો. મૂળ ટીકા છે જુઓને. '**सर्वद्रव्याण्येव निमित्तभूतद्रव्यान्तर-स्वभावमस्पृशन्ति**' મહા સિદ્ધાંત ત્રણે કાળનો ભગવાનનો. આહાહા..!

કહે છે, આ શરીરમાં વિંછી આવ્યો વિંછી. અને અહીં જે રજકણો છે એને એ વિંછીનો ડંખ અડતો નથી એમ કહે છે અહીં ભગવાન. એ રજકણો જે છે ત્યાં એના એ રજકણો જે આવ્યા એ તો પોતાના પરમાણુની પર્યાયથી ત્યાં આવ્યા છે. એના મુખમાંથી ઝેરના રજકણો એ પણ એનો ઉત્પાદ થવાનો અહીં આવવાનો એને કારણે રજકણ આવ્યા છે. અને એ રજકણ જેટલા આવ્યા એ પોતાથી ઉત્પન્ન થયા છે. અને આ શરીરના રજકણમાં પણ જે દુઃખ લાગે છે એ રજકણની અવસ્થા પોતાથી ઉત્પન્ન થઈ છે. વિંછીને કારણે નહિ. વિંછી એને અડ્યો પણ નથી એમ કહે છે. આહાહા..! રાડ નાખે. આવું કે દિ' વળી? આવું તત્ત્વ કે દિ'? અરે ભાઈ! તને (ખબર નથી).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- વિંછીનો આંકડો તો અડ્યો ને?

ઉત્તર :- આંકડો આંકડામાં, શરીર શરીરમાં. પરમાણુ છે ને? આહાહા..!

આ જીભ ઉપર ગોળ આવ્યો ગોળ. અહીં ભગવાન કહે છે કે ગોળની પર્યાયને આ જીભ સ્પર્શતી નથી. કેમ કે જીભના રજકણો જડ જુદા છે અને ગોળના રજકણો બીજા છે. કારણ કે અનંતા રજકણો છે, અનંત પરમાણુઓ છે. ગોળની પર્યાયને જીભની પર્યાય અડતી નથી. અને એનું જ્ઞાન જ્ઞાનમાં થાય છે તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને અડતી નથી. જ્ઞાનની પર્યાય જીભને અડતી નથી અને જ્ઞાનનું જ્ઞેય પોતાનું થવા છતાં તે જ્ઞાન નિમિત્તને અડતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાતું. અડે એટલે સંયોગ આવે. એમ. સ્પર્શનો આખો અધ્યાય છે ધવલમાં. આહાહા..!

મુમુક્ષુ :- સંયોગનો છે.

ઉત્તર :- સંયોગ હોય એને સ્પર્શ કહે છે. અરે..! કહો, સમજાણું?

અહીં કહે છે ઊની હવા એ આ ચામડીને અડતી નથી એમ કહે છે. કેમ કે ઊની હવાના રજકણો પોતાની ઊની પર્યાયપણે પરિણમેલા છે અને આ રજકણો પોતાની ઉષ્ણપણે પરિણમે છે તાવ આવે એટલે કે ઉષ્ણ થાય છે. ઓલા એને અડ્યા નથી અને આ એને અડતું નથી. એવું વસ્તુનું અજીવનું સ્વરૂપ છે, તેમ જીવનું પણ એવું સ્વરૂપ છે. જેવું સ્વરૂપ છે તેમ ન માને તેને મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની કહે છે. આ એના જેટલા ભાવ થાય એ બધા અધર્મના થાય. સમજાણું કાંઈ?

જુઓ! સર્વદ્રવ્યો. '**સર્વદ્રવ્યો જ...**' એમ. પોતે સર્વ વસ્તુ જ પોતે જ. પોતે જ એમ. પોતે જ પરને સ્પર્શતા નથી. જે સામે નિમિત્ત ચીજ છે એને દરેક દ્રવ્ય એને સ્પર્શતું નથી. '**નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં,...**' કહો, સમજાણું કાંઈ? લ્યો! એક માંસના પરમાણુ છે. સમજાણું? તો જીવ પાસે અહીંયાં નજીક આવ્યા. એથી આના પરિણામ બગડ્યા એમ નથી એમ કહે છે. અહીં પરિણામ બગડ્યા છે પોતાના ઉત્પાદથી. તેને નિમિત્તભૂત માંસને કારણે બદલ્યા છે એમ અમે જોતાં નથી. આહાહા..! રાડ નાખે એવું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આખો પોકાર જ ઈ છે. આખી દુનિયા પોકારે છે. પોકારો, પણ વસ્તુ તો આમ છે. ભીખાભાઈ!

'**સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને...**' જુઓ! અન્ય દ્રવ્યની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયને '**નહિ સ્પર્શતાં થકાં,...**' સમજાણું કાંઈ? કર્મનો ઉદય આત્માના રાગને નહિ સ્પર્શતો થકો, એનો પર્યાય તેમાં ઉત્પન્ન થાય છે. આત્મા રાગપણે થાઓ તો એ કર્મના ઉદયને પોતે નહિ સ્પર્શતા થકાં રાગરૂપે થાય છે. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાયપણે સ્વભાવના અંશે ધર્મની પર્યાયપણે પરિણમે તો એ પર્યાયને રાગ સ્પર્શ્યા વિના એ પર્યાય ઉત્પન્ન થાય છે. કષાયની મંદતાનો રાગ એને સ્પર્શ્યા વિના, સ્પર્શ્યા વિના પોતાના સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય થાય...

મુમુક્ષુ :- એને કારણે અટક્યું.

ઉત્તર :- એને કારણે અટક્યું છે એ. પર્યાય એને કારણે. જડ છે ને રજકણો? એને કારણે અહીં અવાજ આવે છે એમ ના પાડે છે અહીં. ભારે ભાઈ! અનંતા રજકણો છે ને. દ્રવ્ય અનંતા છે. જેટલા આત્મા છે અનંત એથી અનંતગુણા પરમાણુ છે આ. એ અનંત પરમાણુ પ્રત્યેક પોતપોતાને કારણે પર્યાય ઉત્પન્ન થાય છે. પરના નિમિત્તભૂતથી થતાં નથી. એ નિમિત્ત-નૈમિત્તિકના મોટા ઝઘડા. આહાહા..!

અહીં તો આચાર્ય મહારાજ સ્પષ્ટ વાત કરે છે કે ભાઈ! ભલે નિમિત્ત હો. કોણે ના પાડી? નિમિત્તભૂત ચીજને લઈને પ્રત્યેક પદાર્થમાં વર્તમાન અવસ્થા એને સ્પર્શ્યા વિના થાય છે એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્પષ્ટ.

ઉત્તર :- સ્પષ્ટ જ છે. ચોખ્ખું જ છે. પણ લોકોને મળ્યું નથી બિચારાને. સાંભળ્યું નથી. ધર્મ શું છે અને જગતની પર્યાય તત્ત્વની શું છે એ સાંભળવામાં આવ્યું નથી. એમ ને એમ બિચારા મુંઝવણમાં મરી જાય છે અને પડ્યા છે અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ. ખબર નથી કાંઈ.

અહીં તો ભગવાન કહે છે, સર્વ દ્રવ્યો એટલે કોઈ રજકણ કે કોઈ આત્મા બાકી નહિ. નિગોદનો આત્મા લ્યો. નિગોદનો આત્મા એક શરીરમાં અનંત આત્મા છે. બટાટામાં. તો એક આત્મા બીજા આત્માને સ્પર્શ્યા વિના-અડ્યા વિના પોતાની પર્યાયને કરે છે ત્યાં. એમ કહે છે. સમજાણું કાંઈ? નિગોદનો આત્મા પણ એક શરીરને અડ્યા વિના પોતાની પર્યાયને કરે છે. અને શરીરની પર્યાય જીવના પર્યાયને અડ્યા વિના શરીરની પર્યાય થાય છે. કહો, સમજાણું કાંઈ?

પાણી જે ઊનું થાય છે એ અગ્નિના નિમિત્તે સ્પર્શ્યા વિના પાણી ઊનું થાય છે એમ કહે છે અહીં. પંડિત રાજમલ, .. .. કર્યું હતું ને તમને? પંડિત આવ્યા હતા ને? યુગલકિશોર. જુઓ! ઊના પાણી.. સાંભળને. પાણીના રજકણો જડ છે એ જુદી ચીજ છે જગતમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને અગ્નિ જુદી ચીજ છે. અગ્નિના રજકણો જુદા અને પાણીના રજકણો જુદા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ, ઓલો જુગલકીશોર. દિલ્લીવાળો. એ તો લાકડાનું.. ઓલું દિલ્હીવાળા ભાઈનું કીધું હતું ને રાતે? તે દિ' અહીં હતા ને જુગલકીશોર. (સંવત) ૨૦૦૯ની સાલમાં. ત્યાં બાહુબલીજીનો .. હતો ને ત્યારે સંઘ નીકળ્યો હતો. રાતે ... પાણી ઊનું થાય પ્રત્યક્ષ દેખાય (છે). અરે.. ભાઈ! સાંભળને ભાઈ! પાણીના રજકણો છે એ કોઈ તત્ત્વ છે કે નહિ? એ રજકણોમાં પરિણમવાની પર્યાય ઉત્પન્ન થાય છે ઊની, પહેલી ઠંડી હતી એ ઊની થાય છે એ ઊની થવાના ઉત્પાદકમાં અગ્નિ નિમિત્ત હોવાં છતાં તે એનાથી ઉત્પન્ન થઈ છે એમ ભગવાન ના પાડે છે.

મુમુક્ષુ :- એમ જોવામાં આવતું નથી.

ઉત્તર :- એમ જોવામાં આવતું નથી. એય..! મલૂકચંદભાઈ! ગાંડા છે, કહે છે, આ તો પાગલ. પાગલની જેવી વાતું કરતા હશે આ? સાંભળ તો ખરો. પાગલ તો તું પાગલ છો. એય.. ન્યાલભાઈ! આ તે કેવી વાત હશે આ? આહાહા..!

મહાસિદ્ધાંત છે આ એક. '**ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્ય જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.**' જુઓ! ત્યાં ભાવ આવ્યો. ત્યાં આવ્યું. ઓલાએ કાઢી નાખ્યું હતું ને. સ્વપરિણામ પર્યાયે. સ્વપરિણામ પર્યાય. પોતાના પરિણામ ભાવરૂપે હતું ને પહેલા શબ્દમાં? ત્યાં પરિણામભાવ નાખ્યું છે. પાઠ છે, પરિણામ પર્યાય. અહીં આવ્યું ચોખ્ખું જુઓ! '**स्वस्वभावेन स्वपरिणामभावेन**' '**स्वपरिणामभावेन**' જેમ સ્વપરિણામ પર્યાયે. એમ '**स्वपरिणामभावेन**'. પંડિતજીએ પણ કામ બરાબર સરખું કર્યું છે હોં. કહો, સમજાણું આમાં? કીધું, આ ભાવ કેમ નાખ્યો આમાં? ત્યાં નીચે અર્થ છેલ્લો ...

કહે છે કે આ આત્મા પોતાની વર્તમાન અવસ્થાપણે ઉત્પન્ન થાય છે. એને કર્મનું નિમિત્ત હોવા છતાં નિમિત્તને કારણે ઉત્પન્ન થાય છે એમ છે નહિ. અને કર્મનો ઉદય છે માટે શરીરમાં રોગ થાય છે એમ નથી. અહીં એમ કહે છે. શરીરમાં રોગની અવસ્થા રજકણમાં પરમાણુમાં નિમિત્તે રોગ થયો એ પરમાણુની વર્તમાન અવસ્થા એમાં ઉત્પન્ન થાય છે. એ કર્મનું નિમિત્ત હોવા છતાં એનો ઉત્પાદ કર્મથી એને છે એમ અમે કહેતા નથી. એમ કહે છે. આહાહા..! ભારે વાતું ભાઈ આવી!

આ રોટલીનું બટકું થાય છે. એ રોટલીનું બટકું થાય છે પર્યાય ટૂકડો. એને દાંત અડે છે અને થાય છે એમ અમે જોતાં નથી. ભગવાન કહે છે. આહાહા..! આવું ભગવાનનું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહેલું તત્ત્વ હશે? ભાઈ! અમે તો અત્યાર સુધી સાંભળતા નહોતા. એય..! ન્યાલચંદભાઈ! સાંભળ્યું હતું ત્યાં? વડાલી શું કહેવાય તમારી? વડાળમાં સાંભળ્યું હતું ત્યાં? ત્યાં તો અગ્રેસર શેઠિયા છે. વડાળના શેઠ નગરશેઠ. આહાહા..! સંઘના શેઠ. ગામના શેઠ હતા. લ્યો! શું છે પણ બાપા! ભાઈ! તને ખબર નથી.

અનંત આત્માઓ અને જે અંદરમાં, કહે છે, શરીરમાં રોગ થાય અને રોગની અવસ્થા જે શરીરમાં ઉત્પન્ન થઈ તે કર્મનું નિમિત્ત ભલે હો. પણ નિમિત્તભૂત હોવા છતાં એ નિમિત્તને રોગની પર્યાય સ્પર્શતી નથી અને રોગ થાય છે. અને આત્મામાં જે દુઃખ થાય છે એ પોતાની પર્યાયમાં દ્વેષની પર્યાય ઉત્પન્ન થાય છે એ રોગની પર્યાયને સ્પર્શ્યા વિના દુઃખની પર્યાય થઈ. ભારે વાત ભાઈ! કહો, વીરચંદભાઈ! નાઈરોબીમાં આવું... નાઈરોબીમાં ક્યાંથી હોય? ભાઈને કીધું .. નહોતું થયું. .. નહોતું તો આવ્યા છીએ. એમ કહેતા હતા ને? આ તો નાઈરોબીમાં રહે છે આઘા. આઘું છે ને એનાથી. નહિ? એડનથી આઘું. નાઈરોબીથી જ આવ્યા હતા નહિ ભાઈ દેવશીભાઈ નહિ? એ નાઈરોબીથી ત્યાં એડન આવ્યા હતા. એવું સાંભળ્યું હતું. આહાહા..!

અરે..! ભગવાન! તું ધીરો થઈને સાંભળ ભાઈ! ધીરો થઈને સાંભળ, બાપુ! ભગવાનના તત્ત્વો એવા સૂક્ષ્મ છે કે જગતને બેસવા બહુ કઠણ છે. અહીં કહે છે, ઓહોહો..! શરીરમાં રોગ થયો. એ પરમાણુમાં ઉષ્ણતા થઈ તાવની. કહે છે કે એ પરમાણુ પોતે પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ છે. એ કર્મના ઉદયને સ્પર્શ્યા વિના થાય છે. શાતાનો ઉદય આવ્યો. એક દાખલો. અને લક્ષ્મી આવી. તો લક્ષ્મીની પર્યાય આવવાની આવી એ શાતાના ઉદયને સ્પર્શ્યા વિના ત્યાં લક્ષ્મી આવી છે. એમ હશે? કહો, ચીમનભાઈ! આ શબ્દનો અર્થ એવો છે ભાઈ! છે નીચે છે કે નહિ? એનો અર્થ આ છે. આહાહા..!

બાપુ! જીવને જીવ તરીકે માન્યો ત્યારે કહેવાય કે જીવની પર્યાય ક્ષણે ક્ષણે ઉત્પન્ન પોતાથી થાય છે. રજકણે રજકણપણે એમ માન્યા, અજીવ તત્ત્વને અજીવતત્ત્વ. એમ કહેવું છે ને? સાત તત્ત્વ, નવ તત્ત્વ માનવા. તો અજીવતત્ત્વને અજીવતત્ત્વ તરીકે ક્યારે માન્યું કહેવાય? કે પ્રત્યેક રજકણની અવસ્થા તે ક્ષણે પોતાથી થાય છે, નિમિત્તથી નથી થતી ત્યારે તેને અજીવને અજીવ તરીકે માન્યું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! આમાં એમ થાય કે આ રાગનું કેમ છે? એ તો પૂર્વે આવ્યું હતું ને? સમ્યગ્દર્શન.. ૩૭૧માં. સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ નથી, રાગની ખાણ અજ્ઞાન હતી. એમ કરીને મૂક્યું પછી ૩૭૨ ગાથા પછી આવી. રાગનો ઉત્પાદક અમે પર્યાયમાં કર્મને જોતા નથી. એ ગાથા મૂકી. સમજાણું કાંઈ?

જીવમાં એક ક્રોધના પરિણામ થયા. તો કહે છે, ભગવાન! ચારિત્રમોહનો ઉદય ક્રોધનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉદય છે હોં ત્યાં એ વખતે. ક્રોધ ચારિત્રમોહનો ઉદય છે. પરમાણુ ઝીણા રજકણ કર્મનો. અને એ ઉદયને સ્પર્શ્યા વિના ક્રોધના પરિણામ થાય છે. સમજાણું કાંઈ? એમ લોભના પરિણામ થયા તો ત્યાં ઉદય છે લોભનો હોં સામે. છતાં એ લોભનો ઉદય એને સ્પર્શ્યા વિના એને લોભના પરિણામ થયા છે. એમ સ્વતંત્ર પર્યાયને જો જોવે તો દરેક દ્રવ્યને એના દ્રવ્ય છે, એના ગુણ છે તેમ જાણ્યા અને એની પર્યાય તે તે કાળે સ્વતંત્ર થઈ છે તેમ તેનો દ્રવ્ય-ગુણ-પર્યાય છે એમ એણે જાણ્યું. .. દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. દ્રવ્ય એટલે ત્રિકાળી અને ગુણ એટલે શક્તિ ત્રિકાળ, એની અનંતી અવસ્થાઓ ક્ષણે ક્ષણે પોતાથી ઉત્પન્ન થાય, વિકારી કે અવિકારી. ત્યારે એણે દ્રવ્ય, ગુણ અને પર્યાય યથાર્થ જાણ્યા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી...'** દરેક રજકણો અને દરેક આત્મા પોતાની વર્તમાન સ્વભાવની લાયકાતથી **'પોતાના પરિણામભાવે,...'** પોતાની અવસ્થાને ભાવે, પોતાના પરિણામની યોગ્યતાને કાળે તે ભાવો **'ઊપજે છે.'** આહાહા..! ભારે ગાથા! ૩૭૨. સમજાણું? ત્રણ કાળ ત્રણ લોકના ભગવાને જોયેલા આત્માને, પરમાણુને ભિન્ન ભિન્ન વહેંચી નાખ્યા. અને એક એક સમયની પર્યાય સમય સમયની ભિન્ન ભિન્ન કહી દીધી. ત્યારે તે તત્ત્વોને એણે વ્યવહારે માન્યા કહેવાય. વ્યવહારે હોં. હજી વ્યવહારશ્રદ્ધા આનું નામ છે. નિશ્ચયશ્રદ્ધા તો આત્માને જાણે અને શ્રદ્ધા-જ્ઞાન કરે ત્યારે આને જાણે શ્રદ્ધા એ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..!

**'માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા નથી...'** લ્યો, આ સરવાળો. અહીં પુણ્ય-પાપના ભાવ થાય, દયા, દાન, કામ, ક્રોધના, પુણ્ય-પાપના દોષ ભાવ થાય એને અમે પરદ્રવ્યને દેખતા નથી. એના ઉત્પન્ન કરાવનારા કર્મનો ઉદય છે એમ અમે દેખતા નથી. આહાહા..! રાડ નાખે છે આ બધા કર્મની. અરે..! કાનજીસ્વામી! અરે..! કર્મથી વિકાર થાય, અરે..! કાંઈક માનો માનો હવે. અત્યારે બહુ બોલે છે બધા. બીજા બહુ દયા ખાય. એય..!

અહીં આચાર્ય કહે છે, આત્માને રાગદ્વેષ અને વિષયની વાસનાના વિકલ્પો, એનો ઉત્પાદક-એના ઉત્પન્ન કરનારા અમે કર્મને જોતા નથી. આ બાયડી-છોકરાને કારણે રાગ થાય છે એમ અમે જોતાં નથી. એમ કહે છે. આહાહા..! આમ નક્કી કરે તો એની પર્યાયની સ્વતંત્રતાની ખબર પડે તો દ્રવ્ય ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એની દૃષ્ટિ થતાં વિકારની રુચિ ટળે અને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને ધર્મ કહેવામાં આવે છે. નહિતર ધર્મ હોતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર સુદ ૧૪, શુક્રવાર તા. ૧૫-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૦-૨૨૧, ગાથા-૩૭૨, પ્રવચન-૪૨૭**

'**ભાવાર્થ :- આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે.**' છે? શું કહે છે? કે આ આત્મા છે એ તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આનંદસ્વરૂપ છે. એટલે વસ્તુ અને વસ્તુની શક્તિ એમાં તો દોષ છે નહિ. દોષ છે એની અવસ્થામાં. તો એ અવસ્થામાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વની ઉત્પત્તિ પોતાથી થાય છે. કોઈને એમ થાય કે વસ્તુમાં દોષ નથી, ગુણમાં દોષ નથી. દ્રવ્ય છે એ શુદ્ધ છે, ગુણ છે એ શુદ્ધ છે. તો આ અવસ્થામાં દોષ થાય છે મિથ્યા રાગદ્વેષનો એ કોને લઈને? વસ્તુમાં નથી ને? આવ્યો ક્યાંથી? ભાઈ! એ પર્યાયમાં-અવસ્થામાં તું દોષ કરે છે તો થાય છે. કોઈ બીજો દ્રવ્ય એને દોષ કરાવે છે (એમ નથી). મિથ્યા શ્રદ્ધા પણ તું કર તો થાય. સમજાય છે કાંઈ? જે વસ્તુ એની નથી એની એ માને એ માન્યતાના પરિણામ તું કર તો થાય એમ કહે છે. આ શરીર, વસ્તુ, આ સ્ત્રી, કુટુંબ, પરિવાર એ એની ચીજ નથી. એની નથી તો એની છે. એની એટલે એની પોતાની છે. આની નથી. એને માને કે આ મારા છે એવો જે મિથ્યાત્વભાવ, કહે છે કે ભાઈ વસ્તુથી આ દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. ત્યારે આ થયો કેમ? માટે કોઈ પરપદાર્થ કરાવે તો થાય એમ હશે? ના. તું કર તો થાય. કહો, સમજાણું કાંઈ?

'**આત્માને રાગાદિક...**' એટલે મિથ્યાત્વભાવ, રાગદ્વેષભાવ, પુણ્ય-પાપભાવ, શુભાશુભભાવ. એ '**ઊપજે છે...**' પાછા પર્યાયમાં ઊપજે છે. વસ્તુમાં નથી. વસ્તુ છે ત્રિકાળ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એમાં એ નથી. પર્યાય એટલે હાલત-દશા એમાં ઊપજે છે. સમજાણું કાંઈ? '**તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે.**' એ શુભ-અશુભ રાગ અને મિથ્યાત્વભાવ એ આત્માના જ મેલા પરિણામ અશુદ્ધ મેલા ભાવ છે. '**નિશ્ચયનયથી વિચારવામાં આવે...**' એટલે વાસ્તવિક સ્વ તત્ત્વની પર્યાયદૃષ્ટિથી જોઈએ તો તો અન્ય દ્રવ્ય રાગાદિ ઊપજાવનાર નથી. એને કર્મ રાગદ્વેષ ઊપજાવે. મોહ કર્મ મિથ્યાત્વ ઊપજાવે, ચારિત્રમોહ રાગદ્વેષ કરાવે એમ છે નહિ.

મુમુક્ષુ :- ... એને કરવું તો પડે ને.

ઉત્તર :- કરવું પડેનો અર્થ એ થયો ને. નિમિત્ત આવે કર્મનું એટલે અહીં નૈમિત્તિકપણે પરિણમવું જ. એનો અર્થ એ થયો કે એને લઈને થયું. એમ છે નહિ. મોટો કર્મનો ગોટો. જૈનમાં કર્મ જ્યારે નિમિત્ત આવ્યું ત્યારે એનો ગોટો ઉઠાવ્યો. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે કે '**અન્યદ્રવ્ય...**' એટલે કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે કોઈ આત્માને મિથ્યાશ્રદ્ધા કરાવે છે કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પ્રેમ કરાવે છે કે દ્વેષ કરાવે છે એ કોઈ ચીજ કરાવતું નથી. તું પોતે મિથ્યા શ્રદ્ધા કર અને રાગદ્વેષ કર તો તારામાં થાય છે. એમ એણે નક્કી કરવું જોઈએ. માણસ કહે છે ને શું કરીએ ભાઈ, ઘણો ભીડો સંયોગનો એવો આવે તો એમાં અમે ભીડમાં ભીંસાઈ જઈએ છીએ. અમારે વિકાર કર્યા વિના રહેવાતું નથી. એ ખોટી વાત છે કહે છે. એમ કહે છે. તું કર તો થાય છે. ભીડો કોઈ કરાવતું નથી. કહો, એમ કે ઘણા માણસો, કુટુંબ હોય, પરિવાર હોય, બાયડીયું હોય, છોકરા હોય, સાધારણ થઈ ગયા હોય માણસો બિચારા, હવે અમારે રોટલા કાંઈક રળવાનો એવો ભાવ તો અમારે એ ચીજ હોય તો થાય કે નહિ? ના. એ ચીજ તો એનામાં છે. એ તને કહેતું નથી કે તું મને માન. એ આવશે આમાં પછી. સમજાણું કાંઈ? એ ચીજ કહે છે કે તું મને માન? અને તું કાંઈ જ્ઞાન પોતાના સ્થાનને છોડીને એને અડવા જાય, એનામાં જાય છે? પોતાનું સ્વરૂપ છે ભગવાન આત્મા જ્ઞાનાનંદ એની જે ક્ષેત્રસ્થિતિ છે, ક્ષેત્ર અથવા ભાવ, એમાં જે છે એને છોડીને નથી કર્મને અડતું, નથી શરીરને અડતું, નથી કુટુંબને અડતું, નથી દુકાનના ધંધાને અડતું. અડે છે એ? કેમ હશે? હસમુખ!

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- શું બરાબર છે? આખો દિ' દુકાને બેસીને એ દુકાનનો ધંધો બધો સરખું ગોઠવ્યું હોય લ્યો! વખારમાં આ માલ છે. જો ભાઈ આ લેવો હોય તો આ લે. આ લેવો હોય તો આ લે. જો આ નમુનો. આ નમુનો. ડબામાંથી લે. કહો, એ બધી ચીજો હોય ત્યારે અહીં વિકાર થાય ને? ન હોય તો થાય? એકલા જંગલમાં બેઠો હોય તો વિકાર થાય?

મુમુક્ષુ :- એ હોય માટે થાય તો...

ઉત્તર :- એ હોય તોપણ થતાં નથી. પણ અહીં તો કહે છે, કર્મ અંદરમાં છે. એક જગ્યાએ જ્યાં આત્મા છે ત્યાં કર્મ છે બાંધેલા. એ કર્મને કારણે પણ અહીંયાં મિથ્યા શ્રદ્ધા અને રાગદ્વેષ થતાં નથી એમ કહે છે. પેલા તો દૂર રહી ગયા. ધંધાના બધા.. સમજ્યાને? ડબ્બા ને ડબલીઓ અને સંયોગ ને બધી ગુણીઓ ભરેલી એ તો ક્યાંય રહી ગયા એમાં. પણ અહીં એક જગ્યાએ આત્મા છે વસ્તુ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે, ધ્રુવ છે, અનાદિનું તત્ત્વ છે. એના એક જગ્યાએ ત્યાં કર્મ રહ્યા છે. કારણ કે જેવા એણે ભાવ કર્યા, એ પ્રમાણે કર્મ રજકણો એને કારણે ત્યાં પરમાણુના કર્મ થયા છે. એ જોડે છે. છતાં એ કર્મ તને વિકાર કરાવે છે એમ નથી. કોઈ એમ કહે કે ભાઈ, જો અત્યારે અમે દોષ કર્યા તો કર્મને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થવું પડ્યું. હવે કર્મનો વારો આવે ત્યારે એ અમને દોષ કરાવે. અમે દોષ કર્યા તો કર્મને થવું પડ્યું. કર્મ જ્યારે ઉદય આવ્યા ત્યારે અમને દોષ કરાવે. વારાફરતી વારો. એમ હશે કે નહિ? શું હશે? વજુભાઈ! બંધનું નિમિત્ત એવું અજ્ઞાન તે બંધ પાછો અજ્ઞાન કરાવે. આવતું નથી? એમ આવે છે. જે અજ્ઞાન છે એ બંધનું નિમિત્ત છે અને વળી એ બંધ પાછો અજ્ઞાનનું નિમિત્ત થશે. પણ થશેનો અર્થ? એ તો ઘણે ઠેકાણે આવે છે ને. તું અજ્ઞાન કર તો તે કર્મ બંધાય. હવે એ કર્મબંધના ઉદયકાળે તું અજ્ઞાન કર તો એને નિમિત્ત કહેવામાં આવે. સમજાણું કાંઈ?

**'અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી,...'** આ મોટો જૈનમાં ગોટો. જૈનના નામે કર્મનો એવો ગોટો ઉઠ્યો છે. આહાહા..! કેટલા લખાણ ચાલ્યા જ આવે છે ઉત્તર દિશાથી. પુસ્તકો અને પાનામાં. કાંઈ વાંધો નહિ. બાપા! એ તો અક્ષરના પરિણમન થાય એ થયા કરશે. એમાં પ્રવાહ એમાં તેં ક્યાં કર્યા? રાગ કર્યો તેં તો. આહાહા..! તને ખબર નથી ભાઈ! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદ સ્વરૂપ છે ને ભાઈ! વસ્તુ છે ને વસ્તુ. એની વિદ્યા, એનું જ્ઞાન અને એનું ભાન ન કર, એ પણ તું નથી કરતો માટે થતું નથી. એ કોઈ બીજો કોઈ કરાવે તો થાય એ પણ નથી. અને નથી કરતો અને અજ્ઞાન અને રાગદ્વેષ કર એ પણ તું કર તો થાય છે. એમ કહે છે અહીં. આહાહા..! જાધવજીભાઈ! શું કરીએ ભાઈ? આ નાના છોકરાઓ, નાના બચ્ચા બધા, છ-છ છોડીયું, છોકરા આઠ-આઠ આ બધાને ઠેકાણે પાડવા, બાપા! એ વિકાર થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- એ તો જેને હોય એને ખબર પડે.

ઉત્તર :- હોય એને ખબર. નેમિદાસભાઈને ક્યાં છે. એ તો મફતના બીજા કરે છે બીજાના કારણે. કેમ હશે આ? હોય છે ને કેટલાકને આઠ-આઠ છોકરા, છ-છ છોડીયું. હવે એનું ભાઈ.. લ્યો! સમજાણું? દસ-દસ છોકરા, દસ-દસ છોડીયું. કારણ કે મોટી ઉંમર ૬૦ વર્ષની થઈ હોય .. જીવતા હોય બધા. હવે એને કારણે એણે કરવું પડે કે નહિ? ન કરવાનો ભાવ હોય તો પણ કરવું પડે. એમ હશે કે નહિ? નહિ?

મુમુક્ષુ :- મરી જાય તો કેમ કરવું?

ઉત્તર :- એ જ કહે છે કે ભાઈ! એ કોઈ કરાવતા નથી અને કોઈને કારણે તને થતું નથી. મફતનો મોહ કરીને ઝંપલાવે છે અંદર. એ મારે આના વિના ચાલે નહિ, એટલું તો મારે કરવું પડે ને, એટલું તો મારે કરવું પડે ને. એમ કરીને મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષના ભાવ તું કર તો થાય અને ન કર તો ન થાય. આવી વાત છે પણ એણે કોઈ દિ' વિચાર્યું નથી. એમ ને એમ ચાલ્યો ગયો છે એમ ને એમ આંધળે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે;...**' જુઓ! નિમિત્તમાત્ર. નિમિત્ત એટલે તું કર ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. '**કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી...**' મૂળ શ્લોકનો અર્થ કર્યો. અન્ય વસ્તુની પર્યાયને અન્યદ્રવ્યની ગુણપર્યાય ઉપજાવતું નથી. એ ગુણની દશા બીજો ઉપજાવે એમ છે નહિ. '**એ નિયમ છે.**' આવો સ્વભાવ જ જગતનો છે.

'**જેઓ એમ માને છે-એવો એકાંત કરે છે...**' એમ માને છે એટલે કે એવો એકાંત કરે છે. એમ. '**કે પરદ્રવ્ય જ મને રાગાદિ ઉપજાવે છે,...**' લ્યો. એ તો વિકાર કાંઈ આત્મામાં નથી દ્રવ્યમાં, નથી ગુણમાં. ત્યારે એ પર્યાયમાં આવ્યો ક્યાંથી? એમ થાય છે. એ પ્રશ્ન અહીં છ દિ' ચાલ્યો હતો. ચિદાનંદજી હતા ને ઓલા ક્ષુલ્લક? એનો એ ચાલે છે બધે અત્યારે પણ. દ્રવ્ય વસ્તુ છે, ચૈતન્યમૂર્તિ વસ્તુ છે એ તો શુદ્ધ છે. પરમાનંદ છે અને ગુણ પણ એ પરમાનંદ છે શક્તિ. શક્તિવાન અને શક્તિ તો શુદ્ધ ચૈતન્ય છે. હવે પર્યાય એટલે અવસ્થા એટલે હાલતમાં વિકાર આવ્યો ક્યાંથી? કહો, સમજાણું? ક્ષુલ્લક થઈને બેઠેલા. અને હજી છે અત્યારે. છ દિ' સુધી અહીં ચર્ચા (ચાલી). બે ચોમાસા અહીં રહ્યા હતા. (સંવત) ૨૦૦૯-૧૦ના. ભાઈ! તમને ન બેસે તો સાંભળો હમણાં, કીધું. પછી બેસશે. એ આવ્યું છે પર્યાયમાં પોતાને કારણે, પરને કારણે નહિ. કહો, ત્યાગ કરીને બેસે અને ભાન ન મળે આ. અને ત્યાગ બહારથી લૂગડા ફેરવીને થઈ ગયા બાવા અને થઈ ગયા સાધુ. ક્યાંથી થયા? બુદ્ધિ વિનાના બાવા થાય ભવસાગરમાં ડૂબી મરે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા ભાઈ! તને શુદ્ધતાની તો ખબર નથી પણ અશુદ્ધતા કરે છો એ કો'ક કરાવે છે એ માન્યતા હોય તો તારી અશુદ્ધતા ટળશે કે દિ'? કો'ક કરાવે ત્યારે થાય એટલે કો'ક કરે ત્યારે પછી એ મટે તો મટે. તારાથી તો કાંઈ રહે નહિ. એણે વિચાર્યું છે કે દિ' કે આ શું કરું અને શું થાય છે આ? કહો.

'**પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે, તેઓ નયવિભાગને સમજ્યા નથી,...**' એટલે? નય એટલે નિશ્ચયથી તો આત્મા પોતાથી કરે છે અને વ્યવહારથી નિમિત્તને વ્યવહાર કહેવામાં આવે છે. એવો નયનો વિભાગ છે. સમજાણું કાંઈ? માથે કીધું હતું ને નિશ્ચયથી. વાસ્તવિક દૃષ્ટિથી જોઈએ તો એક પણ મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષનો ભાવ ખરેખર નિશ્ચયથી તું કરે છો. ત્યારે બીજી ચીજ જે કર્માદિ હોય એને નિમિત્ત એટલે વ્યવહાર કહેવામાં આવે છે. આ નયનો વિભાગ છે. આ નયની વહેંચણી આ રીતે છે. એને તો સમજતા નથી. નિમિત્ત કરાવે... નિમિત્ત કરાવે. નિમિત્ત હોય તો થાય અને નિમિત્ત કરાવે. લ્યો. આહાહા..! એ '**મિથ્યાદૃષ્ટિ છે.**' એમ કહે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર કર્મ અમને વિકાર કરાવે અને નોકર્મ વિકાર કરાવે. નોકર્મ એટલે આ બાયડી-છોકરા-કુટુંબ. સમજાણું? તો એ માનનારા મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. મિથ્યાદષ્ટિ એટલે એની જૂઠી દષ્ટિ છે. એટલે અસત્યદષ્ટિ છે એટલે કે પાપદષ્ટિ છે એટલે કે દુઃખદષ્ટિ છે. કહો, બરાબર છે? મનસુખભાઈ!

મુમુક્ષુ :- અમે ક્યાં દુઃખથી ડરીએ છીએ.

ઉત્તર :- દુઃખથી ક્યાં ડરીએ છીએ એમ કહે છે. પણ દુઃખની ખબર નથી ને. આહાહા..!

ભગવાન આત્મા તો આનંદ સ્વરૂપ છે. એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ વસ્તુ (છે). એ વસ્તુની ખબર નથી તેથી એની પર્યાયમાં-અવસ્થામાં જે બદલે તે અંશમાં; એ તો કાયમ છે એમાં તો છે નહિ, બદલે તે અંશમાં મિથ્યાશ્રદ્ધા પોતે કરે છે. એ શ્રદ્ધા તે દુઃખરૂપ છે. પણ એની ખબર નથી. કોઈ આનંદસ્વરૂપ કાંઈક જોયું હોય તો એની સાથે નમૂનો મેળવે કે આ દુઃખ છે. પણ કોઈ દિ' જોયું નથી. આત્મા શું ચીજ છે એની તો ખબર નથી. કહો, સમજાણું આમાં? આ મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષ છે તે દુઃખ છે એમ કહે છે. એ દુઃખ કોણે ઉપજાવ્યું છે? પોતે આત્માએ. આનંદસ્વરૂપની ઊલટી દશા તેં કરી છે એમ કહે છે. એને કોઈ કરાવનાર ઈશ્વર પણ નથી અને કર્મ પણ નથી. સમજાણું કાંઈ?

'**એ રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે,...**' જુઓ! ભગવાન આત્માના સત્ એટલે પર્યાયરૂપી અવસ્થા, એના અસ્તિત્વમાં ઊપજે છે. રાગદ્વેષ અને મિથ્યાશ્રદ્ધા કોઈ પરમાં ઊપજે છે અને અહીં મનાય છે એમ છે નહિ. આત્માની પર્યાય એટલે અવસ્થા-હાલતમાં અસ્તિત્વમાં હોવામાં મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષ થાય છે. '**પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે-એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.**' લ્યો! ત્યારે ઓલા એમ કહે છે કેટલાક કે કર્મને લઈને વિકાર થાય છે એમ માનવું એ સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? પણ સોનગઢવાળાને શું થઈ ગયું? છછુંદર ગળી સર્પ. કારણ કે જો રાગદ્વેષનો કર્તા જીવને કહે તો તો મિથ્યાદષ્ટિ થાય અને રાગદ્વેષનો કર્તા કર્મને કહે તો નિમિત્તથી થઈ જાય. તો બેયનો વાંધો આવ્યો. એઈ..! શું કીધું? સ્પષ્ટીકરણ તો કરવું જોઈએ ને ઈ કહે એ.

એ લોકો એમ કહે છે કેટલાક કે ભાઈ સોનગઢવાળાને.. સોનગઢનું નામ ઠીક છે આપણે. સોનગઢવાળા જો એમ કહે કે આત્મામાં જે રાગ અને દ્વેષ થાય છે એનો કર્તા આત્મા છે. તો શાસ્ત્ર કહે છે કે વિકારનો કર્તા હોય તો મિથ્યાદષ્ટિ હોય. એય.. છોટાભાઈ! આવે છે કે નહિ? હવે જ્યારે જો એમ કહે કે એ રાગદ્વેષ આત્મા કરતો નથી અને કર્મ કરાવે છે. તો નિમિત્તથી થાય એને માનતા નથી. સાપે છછુંદર ગળી છે. એય..! ન્યાલભાઈ! અરે..! ભગવાન! શું કહે છે તું? આહાહા..! પણ જ્ઞાન હોય તોપણ રાગનું પરિણમન છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ તો પોતાનો દોષ જ છે. સમજાય છે? એ તો કરવું નથી. કરવાની રુચિ નથી. ૪૭ નયમાં ન આવ્યું? સમ્યગ્દર્શન થયું, ભાન થયું, ધર્મદશા થઈ તોપણ જેટલો રાગ અને દ્વેષ થાય છે એ તો પોતાનું જ પરિણમન છે, પોતાની જ દશા છે, પોતાનું જ કર્તૃત્વનું પરિણમન છે. કરું એવી બુદ્ધિ નથી. પણ પરિણમન તો એનું છે. નહિ કે કર્મે કરાવ્યું છે. સમજાણું કાંઈ? ૪૭ નયમાં આવે છે. ઈશ્વરનયે .. સમજાણું? કર્તૃત્વનયે, અકર્તૃત્વનયે. આવે છે એમાં. પરિણમન જાણે છે. જ્ઞાની જાણે કે આ પરિણમન રાગનું છે એ મારી પોતાની પર્યાયમાં એટલો દોષ ઉત્પન્ન થયો છે. પણ એનો જાણનાર છે. સમજાણું? એ એમ નથી માનતો કે આ રાગ થયો છે તે કર્મને લઈને થયો છે અને પરને લઈને થયો છે.

જુઓ! દોષ રાગદ્વેષ છે. આત્મામાં ભૂલ થાય છે મિથ્યાત્વ અને રાગદ્વેષની. જો એ ભૂલનો કર્તા આત્માને માને. તો શાસ્ત્ર કહે છે કે જો વિકારનો કર્તા એ મિથ્યાદૃષ્ટિ એટલે એ કર્તા માનવું પાલવતું નથી. અને એ રાગદ્વેષને હવે કર્તા ન માને તો કર્મ કર્તા માને તો નિમિત્ત કર્તા થઈ જાય એટલે નિમિત્ત માનવું નથી એ લોકોને. એય..! ન્યાલચંદભાઈ! ભાઈ સામા શું કહે છે એનું સ્પષ્ટીકરણ તો થવું જોઈએ ને. તારી બેય વાત ખોટી છે. આત્મામાં રાગદ્વેષના પરિણામ થાય એ પોતાથી થાય છે ત્યારે કર્મને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. એમ છે. ઊંધો પડ્યો પણ ઊંધાઈ કો'ક કરાવે છે એમ માને છે. ભારે ભાઈ આ. એટલે એને છૂટવું ગોઠતું નથી.

**'એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.'** જે વિકારની દશા, ઊલટી દશા, દોષની દશા એ આત્મા જ પોતે કરે છે. કર્મ અને બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. અહીં એમ કહ્યું છે. **'આચાર્યમહારાજ કહે છે કે-અમે રાગદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ?'** જોયું! પોતે આચાર્ય કહે છે. અમને જરી રાગાદિ આ લખવાનો વિકલ્પ ઉઠ્યો એ અન્ય દ્રવ્યથી થાય છે એમ કેમ કોપ કરીએ? પરદ્રવ્ય ઉપર શું કરવા દ્વેષ કરીએ? એ.. કર્મ કરાવે ભાઈ! ઢાંક્યા કર્મ નીકળે છે ને. તને ખબર નથી કે દોષ ક્યાં થાય અને કેમ થાય એની તને ખબર નથી. તો પછી ગુણ ક્યાં છે એની તો તને ખબર નથી. દોષ તારાથી થાય એની ખબર નથી, દોષની પાછળ ભગવાન આત્મા આનંદકંદ છે એની તો તને ખબર ક્યાંથી હોય? દોષની ખબર નથી કે દોષ મારાથી થાય, તો મારું સ્વરૂપ શુદ્ધ છે એવી તો ખબર ક્યાંથી હોય તને? સમજાણું કાંઈ? રાગદ્વેષ અને મિથ્યાત્વભાવ તારી પર્યાયમાં તારાથી થાય છે એવી તને ખબર નથી, તો તારું સ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ કાયમ છે એની તો તને ખબર ક્યાંથી હોય?

**'અમે રાગદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ? રાગદ્વેષનું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ઊપજવું તે પોતાનો જ અપરાધ છે.**' લ્યો! કેટલી વાત કેટલે ઠેકાણેથી નાખી છે. કહો, લક્કડ-ફક્કડ કરીને પણ એ કાઢી કાઢીને.. એ ચાર ગતિનું પરિભ્રમણ કર્મને લઈને થાય. એ સોનગઢવાળા માનતા નથી. એય..! મનસુખભાઈ! એ લોકો એમ કહે છે. લ્યો! આહાહા..! પોતાને જવાની હોંશ થશે નરકમાં કાંઈ? એ નરકની ગતિનો ઉદય આવે એટલે નરકમાં જાવું પડે. સમજાય છે? જેલર આવે ને જેલર પકડે ખાલ. પાંગળો કીધો છે ને પરમાત્મ પ્રકાશમાં. એ તો બીજી રીતે કહ્યું છે, સાંભળને. એ વસ્તુ સ્વભાવ છે એ વસ્તુ પોતે ક્યાંથી વિકાર કરે ને જાય. એ પર્યાયમાં કરે છે. એ તો પર્યાયનો અંશ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. અથવા તો અંશદૃષ્ટિમાં થાય છે. સમજાય છે? અને પરમાં નાખીને પોતે સ્વભાવ ચૈતન્ય જ્યોત છે. એટલે જેવી છે તેવી છે. એમાં વિકાર-ફિકાર અંદર નથી. એ બતાવવા ત્યાં એમ વાત કરી છે. વિકાર માટે પાંગળો. વિકાર ક્યાં સ્વભાવમાં છે? દાખલો આપ્યો છે ને માખીનો? ઘંટીનું પડ આમ (હોય). માખી બેઠી હોય માથે પડ ઉપર. પડ ચાલે. માખી તો ત્યાં ને ત્યાં છે. એમ આત્મા તો જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ છે. એમાં વિકારનું કરવું ગમે તેવું થાય પણ એ સ્વભાવની શુદ્ધતા ત્યાંથી ટળતી નથી. એ તો વસ્તુની સ્થિતિ બતાવવા વસ્તુનું ભાન કરાવવાની વાત છે. પણ વિકાર પોતે કરતો નથી અને પહેલેથી માને વિકાર રહિત આત્મા શું છે... કારણ કે પોતાપણામાં વિકાર છે એટલાની ખબર નથી. પોતાપણામાં આનંદ ત્રિકાળ છે એ ક્યાંથી ખબર પડે એને? શું કીધું સમજાણું કાંઈ?

પોતાપણામાં મિથ્યાત્વ અને રાગદ્વેષ છે એટલી સ્વતંત્રતાની વિકૃતિની પોતાપણાની જેને ખબર નથી એને ત્રિકાળ આનંદ જ્ઞાયકમૂર્તિ છે, હું પોતાપણે આ છું એવી તો એને દૃષ્ટિ હોઈ શકે નહિ. કેટલા શ્લોકો મૂક્યા છે આચાર્યે જુઓ!

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૨૨૦.

**यदिह भवति रागद्वेषदोषप्रसूतिः**
**कतरदपि परेषां दूषणं नास्ति तत्र।**
**स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो**
**भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः।।२२०।।**

સમજાવે છે ને આચાર્ય? એટલે પોતે પણ પોતાની શૈલીથી વાત કરે છે.

'**શ્લોકાર્થ :- આ આત્મામાં જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે...**' ભાષા આમ લીધી. જોયું! રાગ-દ્વેષ અને દોષ એમ શબ્દ કર્યો છે. એટલે દોષ શબ્દે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ બેય દોષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મામાં શુભરાગ હો કે અશુભરાગ હો, દ્વેષ હો કે શુભદ્વેષ હો કે અશુભદ્વેષ હો. એ '**દોષોની ઉત્પત્તિ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**થાય છે ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી,...**' અકિંચિત્કર કહ્યું. કાંઈની વ્યાખ્યા એવી છે. પરદ્રવ્યનો અકિંચિત્કર. પરદ્રવ્ય અકિંચિત્કર છે. કાંઈ પણ દોષ નથી એનો અર્થ કે પરદ્રવ્ય કાંઈપણ કરતું નથી. ઓલા કહે, નહિ. પરદ્રવ્ય અકિંચિત્કર નહિ. કંઈક કંઈક દોકડા તો નાખો.

મુમુક્ષુ :- ૫૦ દોકડા બરાબર થઈ ગયા.

ઉત્તર :- ૫૦-૫૦ દોકડા રાખો કહે છે.

મુમુક્ષુ :- ૧૦૦ દોકડા અહીંના માનવા પડશે.

ઉત્તર :- માનવા પડશે. અરે.. ભાઈ! બાપુ! તારી ભૂલને તું કબુલ ન કર અને ભૂલ બીજા માથે નાખ. અનાદિની ટેવ પડી ગઈ તને. મને ઈશ્વર રખડાવે. શું કરીએ ભાઈ? આપણે તો એના દોરે તેમ દોરાઈએ. જાદુગરની દોરી હોય ને એમ પૂતળા ચાલે. જાદુગરની દોરી હોય ને દોરી? એમાં પૂતળા ચાલે ને. દોરી આમ આમ કરે તો આમ આમ ચાલે. એમ આપણે ઈશ્વરની દોરીએ ચાલે એમ ચલવીએ. ઈશ્વરનો વાંક હશે. તને રખડવનાર ઈશ્વર. દોષ તારો અને તું કહે કે ઈશ્વર રખડાવે. નાખ ઈશ્વર ઉપર.

મુમુક્ષુ :- ઈ ઈશ્વર પર નાખે, આ કર્મ ઉપર નાખે.

ઉત્તર :- આ કર્મ ઉપર નાખે. કરે પોતે દોષ અને નાખ કર્મ ઉપર. ભાઈ! એ તો કર્મના અંદર ઓલા આવે છે અંદર. સમજાણું? ભાલા અંદરથી ઊગે તો આમ કરવું પડે અમારે. ખોટી વાત છે.

'**પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી,...**' છે ને પાઠ? '**कतरदपि**' '**कतरदपि**' નામ કાંઈપણ એટલે કિંચિત્ પણ તારા દોષને કરવામાં બીજી ચીજ કાંઈ પણ કારણ નથી. કાંઈ પણ કારણ નથી એમ કહે છે. એનો દોષ છે નહિ. '**ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે;...**' ભગવાન આત્મા આનંદ સ્વરૂપને ભૂલી અને પોતાની અવસ્થામાં અજ્ઞાન ફેલાય છે. અહીં તો અજ્ઞાનથી ઉત્પત્તિ કહેવી છે ને? સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે. વસ્તુનું અજ્ઞાન ચૈતન્ય ભગવાનનું અભાન, એનો જે અબોધ એ વિસ્તાર પામે છે.

'**એ પ્રમાણે વિદિત થાઓ...**' એમ જાહેર થાઓ કે આત્મા વસ્તુ શુદ્ધ અને પવિત્ર હોવા છતાં પર્યાયમાં અજ્ઞાનથી દોષ ઉત્પન્ન થાય છે એમ વિદિત-જાહેર થાવ. '**અજ્ઞાન અસ્ત થઈ જાઓ;...**' અજ્ઞાન અસ્ત થઈ જાઓ. એ અજ્ઞાન મારામાં નથી. હું તો જ્ઞાનાનંદ છું. એમ કહે છે. બેય વાત કરી. થાય છે પોતાની પર્યાયમાં અજ્ઞાનમાં, વસ્તુનું ભાન નહિ માટે. એ અજ્ઞાનનો ફેલાવો અસ્ત થઈ જાઓ. હું અજ્ઞાન નથી. હું તો આનંદ અને જ્ઞાન છું. એમ ભાનમાં અજ્ઞાનનો અસ્ત થઈ જાઓ અને જ્ઞાનની પ્રાપ્તિ થાઓ. '**હું તો જ્ઞાન**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છું.**' અસ્તિ કરે છે લ્યો. છે ને? '**ऽस्मि बोधः**' '**यात्वबोधोऽस्मि**' '**मस्तं यात्वबोधोऽस्मि बोधः**' હું તો જ્ઞાનમૂર્તિ છું. ચૈતન્ય જ્યોત છું. ચૈતન્ય સૂર્ય છું. એવું ભાન થાઓ, અજ્ઞાન ટળી જાઓ. અજ્ઞાન ફેલાતું તેથી વિકાર હતો. એ મારામાં નથી. બેય વાત કરી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અજ્ઞાની જીવ રાગદ્વેષની ઉત્પત્તિ પરદ્રવ્યથી થતી માનીને પરદ્રવ્ય ઉપર કોપ કરે છે...**' મારી નાખ્યા કર્મે. એમ કહે છે ને? કર્મ એવા આવ્યા કર્મ. દ્વેષ કર્યો તેં કર્મ ઉપર. સખથી બેઠા હોય એમાં છોકરાઓ કકળાટ કરે ને બહુ. સખ આવવા દેતા નથી. સખ આવવા દેતા નથી. પણ એ સખ આવવા દેતા નથી કે તું એમાં લક્ષ કરે માટે તને સખ થાતું નથી? એ તો એની દશામાં કર્યા કરે છે. એમાં કર્મ સખ આવવા દેતા નથી. ઘડીકમાં કાંઈક... ઘડીકમાં કાંઈક.. ઘડીકમાં કાંઈક. પણ તારે લઈને કે કર્મને લઈને? અજ્ઞાની (રાગદ્વેષની ઉત્પત્તિ) પરદ્રવ્યથી થતી માનીને પર ઉપર દ્વેષ કરે છે.

'**આ પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે,...**' મિથ્યા શ્રદ્ધા આદિ. '**તેને દૂર કરું.**' કોને દૂર કરું? આ પરને દૂર કરું. કહો, પથરો વાગે ને ચાલતા, ઠેસ વાગે ઠેસ. કાઢી નાખ પથરાને. પથરા ઉપર દ્વેષ કરે. ઠેસ વાગી હોય પોતાના ભાન વિના. આ પથરો.. પણ એ પથરો ક્યાં તને નુકસાન કરાવે છે? રાગદ્વેષ... સમજાય છે? '**પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે, તેને દૂર કરું.**' એને દૂર કરું. કોને? જે નિમિત્તો છે એ મને દોષ કરાવે છે. માટે એને દૂર કરું. નિમિત્તને હટાવું. પણ નિમિત્તને હટાવ એ ક્યાં તને દોષ કરાવે છે? કહો, સમજાણું? કેટલાક નહિ કાનમાં... બંધ કરો કાનમાં નાખો લાકડા. આ બધા સાંભળવાથી આપણને રાગદ્વેષ થાશે. કાનમાં લાકડા નાખો, આંખ ફોડી નાખો દેખવાનું. પણ આંખ ક્યાં તને નુકસાન કરે છે? પરવસ્તુ ક્યાં તને નુકસાન કરે છે કે ફોડી નાખ. સમજાય છે? તારા ભાન વિના અજ્ઞાનમાં રાગદ્વેષ થાય છે. એને દૂર નથી કરવો અને જેનું નિમિત્ત છે એને દૂર કરવા માગે છે.

'**એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે...**' લ્યો! સમજાણું? આ તો મિથ્યાત્વ સહિત લીધું. '**અને તે આત્માના જ અશુદ્ધ પરિણામ છે.**' મેલા પરિણામ છે માટે તે અજ્ઞાનને નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. લ્યો. સમજાણું? ચૈતન્ય સૂર્ય સ્વભાવ તેની દૃષ્ટિ કરો અને રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી થાય છે તેનો નાશ કરો. તો તને ધર્મ થાય અને શાંતિ થાય. કહો, સમજાણું આમાં?

'**આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરો;...**' એ આત્મા જ્ઞાનની, સમજણની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મૂર્તિ છે, ચૈતન્યબિંબ છે. એનો અનુભવ કરો. જ્ઞાતાદૃષ્ટાનો અનુભવ કરો. એ સુખનો રસ્તો છે. સમજાણું કાંઈ? વસ્તુ અખંડાનંદ પ્રભુ સત્ સ્વભાવથી ભરેલી, એનો અનુભવ કરો એ વસ્તુનો અનુભવ કરો એ સુખનો રસ્તો છે, એ ધર્મ છે. '**પરદ્રવ્યને રાગદ્વેષનું ઉપજાવનારું માનીને તેના પર કોપ ન કરો.**'

**'હવે આ જ અર્થ દૃઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે :-'**

**रागजन्मनि निमित्ततां पर-**
**द्रव्यमेव कलयन्ति ये तु ते।**
**उत्तरन्ति न हि मोहवाहिनीं**
**शुद्धबोधविधुरान्धबुद्धयः।।२२१।।**

આમાં ને આમાં કાઢે છે કેટલાક. એ તો નિમિત્તથી એકલું માને તો. પરિણમે છે તો પોતે. એમ કહે છે. પણ પરિણમે છે પોતે, નિમિત્તને લઈને પરિણમે છે કે પોતાને લઈને પરિણમે છે? આહાહા..! એમાંથી કાઢે છે. બધા શ્લોકો આવી ગયા છે. સામાવાળાના ઊંધા અર્થ.

'**શ્લોકાર્થ :- જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે,...**' એમ કહે છે. અમે ક્યાં એકલું પરદ્રવ્યનું નિમિત્ત માનીએ છીએ? અમે પણ પરિણમીએ છીએ, પરિણમીએ અમે છીએ પણ નિમિત્ત એ છે. આત્મામાં રાગદ્વેષ કરે છે, કરીએ છીએ અમે. પરિણમન અમારું છે. પરિણમાવનાર ઈ છે. એમ એ માનતો નથી એને આમ કહે છે. ઈ એમ કહે છે. સમજ્યા? અહીં તો કહે છે કે રાગદ્વેષની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે. '**(પોતાનું કાંઈ કારણપણું માનતા નથી,)....**' ઓલામાં તો બહુ અર્થ કર્યો છે આકરો. અનંત સંસારી છે, મિથ્યાદૃષ્ટિ છે. એ આમાં જ છે ને ઘણું કરીને? ૨૨૧.

મુમુક્ષુ :- એ બધી જીવ રાશિ અજ્ઞાની છે.

ઉત્તર :- વાત સાચી. પેલામાં આવ્યું હતું. ૨૨૧ છે. જુઓ! (કળશટીકા).

'**આઠ કર્મ, શરીરાદિ નોકર્મ તથા બાહ્ય ભોગસામગ્રીરૂપ પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે, એવી શ્રદ્ધા કરે છે જે કોઈ જીવરાશિ...**' એ બધા જીવનો ઢગલો '**મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારી છે,...**' જુઓ! અહીં લખ્યું છે ને. કહો, સમજાણું? નિમિત્ત પામીને એમ લખ્યું છે. ચોખ્ખા અર્થ કર્યા છે. સમજાણું કાંઈ? નિમિત્ત પામીને.. નિમિત્ત પામીને... નિમિત્ત પામીને થાય. એમ વારંવાર બોલે. નિમિત્ત પામીને. પણ નિમિત્ત પામીને તે પોતે કરે તો નિમિત્ત પામીને કહેવાય કે ન કરે તો નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પામીને કહેવાય? આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- પોતે કર્યું અને એણે કાંઈ નથી કર્યું એમ કહે અત્યારે.

ઉત્તર :- ધૂળેય નથી. '**निमित्ततां कलयन्ति**' પરપુદ્ગલ દ્રવ્યનું. કોણ પુદ્ગલમાં? દાખલા બધા લીધા છે હોં! કર્મ, શરીરાદિ નોકર્મ બેય. ઓલા કહે છે કે બીજી ચીજ ખરી, કર્મ તો કરાવે છે. બીજી ચીજને પહેલું કરાવવું, નિમિત્ત કરવું એ આપણા ઉપાદાનના અધિકારમાં છે. નિમિત્ત બનાવવું, ન બનાવું. અને કર્મ અને શરીરમાં નિમિત્ત આવે એ તો આત્માને કરવું પડે. અહીં તો કહે છે, બધું, કર્મ અને શરીર નોકર્મ બેય વાત છે. અહીં બાહ્ય ભોગસામગ્રી ત્રણ લીધા. ૨૨૧ ગાથા. સમજાણું કાંઈ? જે કોઈ પુદ્ગલદ્રવ્યનું... આમાં પણ છે ને? આમાં છે ને હરિગીત હશે ને એનું? ૨૨૧. અહીંથી આવે છે હોં. (સમયસાર નાટક).

**જીવ કરમ સંજોગ, સહજ મિથ્યાતરૂપ ધર,**
**રાગ દોષ પરનતિ પ્રભાવ, જાનૈ ન આપ પર.**
**તમ મિથ્યાત મિટિ ગયૌ, હુવો સમકિત ઉદોત સસિ,**
**રાગ દોષ કછુ વસ્તુ નાંહિ, છિન માહિ ગયે નસિ.**
**અનુભૌ અભ્યાસ સુખ રાસિ રમિ,**
**ભયૌ નિપુન તારન તરન.**
**પૂરન પ્રકાસ નિહચલ નિરખિ,**
**બાનારસિ વંદત ચરન. ૬૦.**

એ '**रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्**' હવે ઉત્પાદકં.

**કોઉ સિષ્ય કહૈ સ્વામી રાગ દોષ પરિનામ,**
**તાકૌ મૂલ પ્રેરક કહહુ તુમ કૌન હૈ.**

બનારસીદાસ બહુ અધ્યાત્મિ કવિ થઈ ગયા. 'પુદગલ કરમ...' જુઓ! આમાં પુદ્ગલ કર્મ શબ્દ. ઓલા કહે, કર્મ ન લેવું. નોકર્મ લેવું.

**પુદગલ કરમ જોગ કિંધૌ ઇંદ્રિનિકૌ ભોગ,**
**કિંધૌ ધન કિંધૌ પરિજન કિંધૌ ભૌન હૈ.**

ભૌન એટલે મકાન, પૈસા, લક્ષ્મી, આ બધું અમને રાગદ્વેષ કરાવે. કહો, હસમુખ!

**ગુરુ કહૈં છહૌં દર્વ અપને અપને રુપ,**
**સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ.**

સબનિકો સદા. બધાનું અસહાય પરના નિમિત્ત વિના, સહાય વિના પરિણમન થાય છે. કોઈ કોઈને કારણે છે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**કોઊ દરબ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈં,**

જુઓ! પ્રેરક ના પાડી. એના વાંધા મોટા. કર્મ પ્રેરક કહેવાય. બાયડી, છોકરા નિમિત્ત કહેવાય. પ્રેરક નહિ. ઉદાસીન નિમિત્ત કહેવાય. અહીં કહે છે.

**કોઊ દરબ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈ,**
**રાગ દોષ મોહ મૃષા મદિરા અચૌન હૈ. ૬૧.**

કોઈને કારણે પ્રેરણા. પ્રેરણા સમજાય છે? આમ હોય ને આમ કરે આમ ધક્કો મારે. એમ કો'કની પ્રેરણાથી આત્મામાં રાગદ્વેષ થાય છે. તો કહે છે, ના ના. ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? અમારે એક હતા. દાખલો એવો આપતા. જો ભાઈ, આ લાકડું છે. આખાને આત્માને અડવું ન પડે. એક ખૂણે અડો તો ... જુઓ પ્રેરકતા કેટલી છે! આ પ્રેરકને કારણે ચાલ્યું કે નહિ? ના. ના. એમ કહે છે. એ લાકડું એની પર્યાયથી આમ ચાલ્યું છે. આ પ્રેરકને કારણે નહિ. પ્રેરક તો કેમ કીધું? આમ પોતે ગતિ કરે છે માટે. પણ એને કારણે આમ ચાલ્યું છે એમ છે નહિ. એમ કહે છે. ભારે. સમજાણું? પછી આવ્યું હવે.

કોઊ મૂરખ યૌં કહૈ,... રાગ-દ્વેષ તો અશુચિનું ...

**કોઊ મૂરખ યૌં કહૈ, રાગ દોષ પરિનામ,**
**પુગ્ગલકી જોરાવરી, વરતૈ, આતમરામ. ૬૨.**

એ કર્મનું જોર હોય એટલે આત્મા રાગદ્વેષ કરે છે એમ અજ્ઞાની કહે છે.

**જ્યૌં જ્યૌં પુગ્ગલ બલ કરૈ, ધરિધરિ કર્મજ ભેષ,**
**રાગદોષકૌ પરિનમન, ત્યૌં ત્યૌં હોઇ વિશેષ. ૬૩.**

એમ અજ્ઞાની કહે છે. હવે ઉત્તર આપે. છે.

**ઈહિવિધિ જો વિપરીત પખ, ગહૈ સદ્દહૈ કોઈ,**
**સો નર રાગ વિરોધસૌ, કબહૂં ભિન્ન ન હોઈ. ૬૪.**

આવા અપરાધને પોતાથી ન માને અને પરથી માને તો કોઈ દિ' દોષ રહિત થાય નહિ.

**સુગુરુ કહૈ જગમૈં રહૈ, પુગ્ગલ સંગ સદીવ,**
**સહજ સુદ્ધ પરિનમનિકૌ, ઔસર લહે ન જીવ. ૬૫.**

પર વિકાર કરાવે તો વિકાર ટાળવાનો અવસર જીવને રહેતો નથી.

**તાતૈં ચિદભાવનિ વિષૈ, સમરથ ચેતન રાઉ,**
**રાગ વિરોધ મિથ્યાતમૈં, સમકિતમૈં સિવ ભાઉ. ૬૬.**

મિથ્યાશ્રદ્ધા રાખે ત્યાં સુધી મિથ્યાત્વથી રાગદ્વેષને ઉત્પન્ન કરે છે. અને સમ્યગ્દર્શન કરે તો મોક્ષનો માર્ગ ઉત્પન્ન કરે. પોતાને આધીન છે. પરને કારણે છે નહિ. આ છે ને? '**निमित्ततां**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**पर-द्रव्यमेव कलयन्ति ये**' એની વ્યાખ્યા છે લ્યો! બનારસીદાસે આમાંથી કાઢ્યું છે આ આખું સમયસાર. બહુ જબ્બર કવિ છે. પહેલા વ્યભિચારી હતા, શ્રૃંગારી હતા તો એણે બધા વ્યભિચારી શ્રૃંગારીના ગ્રંથો રચેલા. કવિ જબ્બર કવિ. પછી જ્યાં સત્સંગ થયો, ગુલાંટ ખાઈ ગયા. આત્માનું ભાન થયું. પછી બધા શ્રૃંગારી ગ્રંથ જઈને તળાવમાં નાખી દીધા. સમજ્યા? અને પછી આ બનાવ્યા. કાવ્યો. આખું સમયસાર. આમાંથી લઈને. બહુ હુશિયાર. સમજાણું કાંઈ?

કહે છે, જે જીવ અશુદ્ધ એવી શ્રદ્ધા કરે છે કે નિમિત્ત પામીને થાય, નિમિત્ત પામીને થાય (એમ જે માને છે) એ '**જીવરાશિ તે મિથ્યાદષ્ટિ છે, અનંત સંસારી છે. જેથી એવો વિચાર કરે છે કે સંસારી જીવને રાગાદિ અશુદ્ધપરિણમન શક્તિ નથી,...**' એ પાછું એમાંથી કાઢે છે. પરિણમન શક્તિ નથી. પરિણમે તો એમ કે શક્તિ નથી, મેં શક્તિને માની છે, એમ કહે છે. કહેતા હતા. આહાહા..! '**પુદ્‌ગલકર્મ બલાત્કારે જે પરિણમાવે છે. જો એમ છે તો પુદ્‌ગલકર્મ તો સર્વકાળ વિદ્યમાન જ છે, જીવને શુદ્ધ પરિણામનો અવસર ક્યો?**' અર્થાત્ કોઈ અવસર નહિ. આવ્યું હતું ને ભાઈ એ? આમાંથી કાઢ્યું છે એ. સમજાણું કાંઈ?

જેઓ રાગ ને દ્વેષ ને વિકારની ઉત્પત્તિમાં નિમિત્તને માને છે, નિમિત્તપણું એટલે નિમિત્ત પામીને થાય એમ માને છે, તેનું (પોતાનું) કાંઈ કારણપણું માનતા નથી. આપણું કાંઈ નહિ. આપણે ધોયેલ મૂળા જેવા. આપણે શું કરીએ ભાઈ? કર્મ આવે તો વિકાર કરવો પડે. જેવો કર્મનો ઉદય, જેવું કર્મનું જોર, એ પ્રમાણે આપણે કરવું. પાણીનો જેવો વેગ એ પ્રમાણે તણાવું જોઈએ. એ વાત સાચી નથી? નદીમાં પાણીનું પૂર આવે આકરું લ્યો! એમાં પડ્યો. સમજાણું?

અમારે ઘણા વર્ષની વાત છે. એક બ્રાહ્મણ હતો. બે કાંઠે નથી નદી આવે ત્યારે એને એવું ધોળનાથ જાવું ધોળનાથ. સામે ધોળનાથ છે ને? હવે એ ધોળનાથ સામું અહીં પડીને જઈ શકે નહિ તો તણાય. એટલે માથે બે-ચાર-પાંચ ખેતર આઘે જાય ત્યાં. ત્યાંથી જઈને પડે એટલે પછી આડુ આડું કરીને જવાય. પણ એકવાર એવું થયું કે ત્યાં ન ગયો અને સ્મશાનમાં ગયો. નીકળ્યો ખરો પણ પછી. સ્મશાન છે ને એ બાજુ નીકળ્યો ખેતરમાં. પાણીનું જોર બહુ. આંબાવાડી છે. આંબામાં પાણીમાં પડ્યો. ધોળનાથ આમ રહ્યું વચમા આઘે. એમ કે અહીંથી આડો આડો થઈને ત્યાં પહોંચી જઈશ. સ્મશાન હતું ત્યાં ખેતરમાં નીકળ્યો. જુઓ! પાણીના જોરને લઈને એમ ... છે કે નહિ? અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- દાખલો આપે આપ્યો અને પાછું...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- આ તો પહેલાં ત્યાં સાંભળેલું હોં! ૬૫ વર્ષ પહેલાની વાત છે. ૬૫ વર્ષ પહેલાની વાત છે. એક બ્રાહ્મણ હતો તે દિ' અમારે ઉમરાળામાં. નદી બહુ આવે. છે ને કાળુભા? મોટી નદી. ... એની એવી ટેક સામે ધોળનાથ હંમેશા દર્શન કરવા જાવું. હવે પાણી આવ્યું ત્યાંથી પડે. પછી ઓલા કહે, ભાઈ બચ્યો તો ખરો પણ આવું ફરી વાર કરશો નહિ, હોં! પણ એ પોતાની પરમાણુની લાયકતને લઈને એ કાંઈક કંપે, એના વેગને લઈને નહિ. સમજાણું કાંઈ? ત્યાંનું આકાશ છે લ્યો! આકાશ કેમ ચાલતું નથી એને લઈને આઘું? એ તો પોતાની યોગ્યતાથી છે. પરને લઈને નથી. પરની પરિણતિ કાંઈ નથી એમ કહે છે.

'**જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે...**' જુઓ! છે? જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાન રહિત આંધળા છે. આહાહા..! '**જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા મોહનદીને ઊતરી શકતા નથી.**' એટલે વિકાર પર કરાવે તો હવે પર કરાવે એમાં એને ટાળવાનું રહેતું નથી. મોહ નદી ઉતરી શકતા નથી એમ કહે છે. ઘણા અત્યારે તો આ પંડિતો કેટલાક એમાં જ મથ્યા છે. શાસ્ત્રોમાંથી ગોતી ગોતીને સોનગઢ સામે કરવા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ સાંભળે? સાંભળને. વાંચીએ છીએ, ઠીક છે. આ કહે છે. એમાં શું છે? આહાહા..!

કહે છે, જેની બુદ્ધિ આંધળી છે એ ભગવાન આત્માના સ્વરૂપને જાણતા નથી અને અજ્ઞાનથી વિકાર થાય એ પણ માનતા નથી. શું કહે છે હવે? જુઓ!

ભાવાર્થ. મૂળ વસ્તુ પહેલી કહે છે કે મૂળ વસ્તુ આવી છે એમાં તો વિકાર નથી. '**શુદ્ધનયનો વિષય...**' સમ્યગ્જ્ઞાનનો શુદ્ધનયનો ધ્યેય '**આત્મા અનંત શક્તિવાળો,...**' ભગવાન આત્મા તો ધ્રુવ તરીકે, શુદ્ધ તરીકે, નિત્ય તરીકે તો અનંત શક્તિવાળું તત્ત્વ છે. વર્તમાન દશામાં એની ભૂલ છે-પર્યાયમાં. અને ભૂલ ન હોય તો ભૂલમાં આનંદ આવવો જોઈએ. આનંદ તો નથી. અને વસ્તુ તો આનંદ છે. એટલે વસ્તુ ત્રિકાળ જે વસ્તુ છે અનંત શક્તિવાળો. '**ચૈતન્યચમત્કારમાત્ર,...**' એ તો ચૈતન્યચમત્કાર માત્ર નિત્ય. તે શુદ્ધનયનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય. ધ્યેયનો, ધ્યેય કરવા લાયક જ્ઞાનીને એ વિષય છે. ધ્યાનમાં ધ્યેય કરવા લાયક ચીજ આ છે. અને તે નિત્ય છે. વસ્તુ નિત્ય છે. અવસ્થા પલટે છે એ તો એક સમયની છે. વસ્તુ ત્રિકાળ નિત્ય છે.

'**અભેદ,...**' લ્યો! ગુણે નિત્ય, પર્યાયે અભેદ અને બધું એક ક્ષેત્રે. '**તે પોતાના જ**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે.**' આવું દ્રવ્ય વસ્તુ સ્વરૂપ, એની દૃષ્ટિ જો હોય તો તો અજ્ઞાનપણે રાગદ્વેષ કરે નહિ. વસ્તુ તો આવી છે કહે છે. એ વસ્તુની ખબર નથી. ચૈતન્ય વસ્તુ ભગવાન આનંદધામ છે, એકરૂપ છે, અભેદ છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. એનું ભાન નથી એટલે મિથ્યાદૃષ્ટિપણે પર્યાયમાં રાગદ્વેષ અને અજ્ઞાનને ઉત્પન્ન કરે છે. એમ કહે છે. '**તે પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે.**' થાય છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપરૂપે પોતે થાય છે.

'**એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે.**' આટલા આટલા ખુલાસા છે તોય કોણ જાણે સામું જોતા નથી. ઈ એમ કહે છે કે અમે પણ આટલી આટલી દલીલ આપીએ તોય સાંભળતા નથી. એમ કહે છે. એય..! ન્યાલચંદભાઈ! આટલું આટલું અમે શાસ્ત્રનું કાઢી કાઢીને આપીએ છીએ કે આ કર્મને લઈને થયું, જો આ ઠેકાણે આ થયું, આ ઠેકાણે આ થયું. જ્ઞાનાવરણીય.. કહે એનાથી નહિ, એનાથી થયું પોતાથી, ત્યારે એ નિમિત્ત છે. એક જવાબ સૌનો. કેટલાકને એમ થાય કે પણ સાંભળતા નથી. આટલા આટલા પુસ્તકો લખીએ છીએ, કાગળો લખ્યા છે, એમને કહીએ છીએ કે આમ કરો.. આમ કરો... સાંભળતા નથી. દ્વેષ થઈ જાય છે. કહો, મલૂકચંદભાઈ! ભાઈ સાંભળને! વાંચીએ છીએ, ખબર નથી એને. પણ તારું ખોટું છે એમ જાણીએ છીએ. આહાહા..!

'**તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી.**' એમ હવે લેવાનું. અમે તો પુરુષાર્થ કરીએ છીએ એમ કહે. પણ ઓલું નિમિત્ત આવે એ પ્રમાણે થાય. એમ.

મુમુક્ષુ :- નિમિત્ત આવે એટલે કરવો પડે.

ઉત્તર :- કરવો જ પડે. પણ એનો અર્થ શું? ખોટી વાત છે. આહાહા..! દાખલો નથી આપ્યો? ભાઈ! કેળા ઉપર જ્યારે પગ આવે... મગનભાઈ નથી. ગયા હમણા. પગ આવે અને લપસે આમ. સીમેન્ટની ઓલી હોય. અહીં તો સાધારણ સિમેન્ટ હોય. મુંબઈમાં તો સારી સિમેન્ટ હોય. બહુ પાથરી હોય રસ્તામાં, હોં! એમાં જો કેળાની છાલ આમ હોય છાલ. જો પગ આવ્યો, પગ ભાંગ્યો. લ્યો! ત્યાં એમ કહેજો કે શરીરથી હું જુદો છું અને શરીર ભલે જાય પણ આત્મા હું અહીં રહીશ.

મુમુક્ષુ :- નોખો પાડી દીધો.

ઉત્તર :- નોખો પાડી... અરે.. ભગવાન! શું તું કહે છો? ભાઈ! એ આત્માની પર્યાય પણ એ રીતે તે સમયે ક્ષેત્રાંતર થવાની પોતાને કારણે થાય છે. શરીર આમ ગયું માટે થાય છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- દલીલ તો ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- કેવી દલીલ પણ આમાં શું માલ છે? એ વખતે પોતાનો પર્યાય એ પણે પરિણમવાની લાયકાત નથી? શરીર પડ્યું માટે એને પરિણમવું પડ્યું એમ છે? આહાહા..! વસ્તુ સ્થિતિ આમ છે ત્યાં....

અહીં તો કહે છે કે કોઈપણ સમયનો તે તે તેના ગુણનો પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એમાં બીજો શું કરે? એ તો વાત આવી ગઈ છે. બીજો શું કરે? અકિંચિત્કર છે. શરીર પણ શું કરે? કર્મ પણ શું કરે? ધંધા, પાણી, બાયડી, છોકરા શું કરે? કોઈ કરાવતું નથી. પોતે ગળે પડે છે મફતનો. આહાહા..! અમારે હતા ને ભાઈ? નારણભાઈ. મગજ અસ્થિર થઈ ગયું હતું ને? નારણભાઈ હતા ને. પછી સાદુ ચુરમુ અને સાકર જુદી લઈને આવે તો પોગે એ વખતે. ઓલા પાત્રા ખુલ્લા મૂક્યા હોય. આવીને મૂકે ને ખાવા બેસે. ત્યાં આવે. ચુરમું ઉપાડે. એલા પણ શું કરવા લે છે? ઉઘાડું શું કરવા મૂક્યું છે ત્યારે? મગજ અસ્થિર થઈ ગયો હતો. પછી કહે ને સાધુ સમજે કે આ તો.. પણ આ ઉઘાડું શું કરવા મૂક્યું હતું? બીજાને મન ન થઈ જાય? ઢાંકી રાખવું હતું. ચુરમાનો ભુક્કો અને ઓલી ખાંડ જુદી હોય ને. ચુરમુ આપ્યું અને ઓલી સાકર જુદી કરી. લાડવો ન કર્યો હોય. એમ કરતા ઈ. મગજ અસ્થિર થઈ ગયું. અહીં બેસતા નહિ અહીં? તપસી બેસે ત્યાં બેસતા પહેલા. (સંવત) ૨૦૧૫માં ગુજરી ગયા ને? ઉઘાડું કેમ રાખ્યું આ? પણ એલા ઉઘાડું રાખ્યું તો ઉઘાડું તો બધું આ જગતમાં પડ્યું છે તો લઈ જવાનું કહે છે? ઉઘાડું રાખો તો મન થઈ જાય. સમજાણું?

કહે છે, એ પોતાના અપરાધથી પરિણમે છે. '**એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેમને નથી...**' આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેને નથી '**તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે.**' પરિણમે એટલે થાય છે. એમ. જેમ કર્મનો ઉદય આવે તે પ્રમાણે હીંડોળે હીંચકવું પડે. એટલે હીંડોળો આમ ચાલતો હોય લ્યો. એ પાછળ રહી જાય પોતે? હીંડોળે બેઠો હોય કે નહિ? આ વૈશાખ સુદ ત્રીજે બેસતા. લીંબડે બાંધે. શરીર આઘું જાય અને આત્મા આમ રહી જતો હશે? શરીર આઘું જાય તો આત્માને ભેગો પ્રેરક થઈને ચાલવું જ પડે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ત્યારે પ્રેરક ન આવ્યું ઈ? આમ ગતિ કરે છે ને? કહો, બાંધ્યા હોય ને દોરડા? પ્રેરક કર્યું કે નહિ એણે? કહો, નેમિદાસભાઈ! અહીં ભગવાન ના પાડે છે કે ના ના. તે સમયની આત્માની તે ક્રિયાવર્તી શક્તિને કારણે જે અંદર ગતિ થવાની છે એને પોતાને કારણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય છે. એ હીંડોળાને કારણે નહિ, શરીરને કારણે નહિ. આહાહા..!

'**આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી...**' ઠીક! કેમ કે વિકાર કો'ક કરાવે એ એણે ઉતરવું શી રીતે? ટાળવું શી રીતે એને? ભાઈ! એ તો એવા નિમિત્ત આવે ત્યારે (વિકાર કરવો પડે). અમે શાંતિથી બેઠા હતા, લ્યો. એક બાઈ એવી રૂપાળી નીકળી ને ફટ.. એ એને લઈને ખેંચાણ થયું. મૂઢ છો. એ તો બાપ પણ એને દેખે છે, એનો ભાઈ એને દેખે છે અને તું પણ દેખે છે. કહો, સમજાણું? દેખે માટે એમ થઈ ગયું? રાગ તેં કર્યો માટે રાગ થયો છે. દેખે માટે થાય છે? સમજાણું કાંઈ? મુનિ પણ દેખે છે એને, એનો બાપ પણ દેખે છે અને એનો ભાઈ પણ દેખે છે. સાધુ દેખે છે. કોઈ બાઈ છે. કોઈ બાઈ છે. એનો આત્મા અને શરીર બે વસ્તુ છે. દેખવાથી થતું હોય તો એને પણ થવું જોઈએ. તું કરે તો થાય છે એમ માનતો નથી ને દેખવાથી થાય એમ માને છે, મૂઢ છો કહે છે. સમજાણું કાંઈ? લલચાવે છે મને એ. એમ કહે છે. એ ચીજો એવી છે કે લલચાવે છે. કેટલીક એવી ચીજ છે કે દ્વેષ જ કરાવે. ખોટી વાત છે. એમ કહે છે. કોઈ તને લલચાવતું નથી અને કોઈ તને દ્વેષ કરાવતો નથી. લલચાઈ જાય છે તું તારે કારણે રાગ અને તારે કારણે દ્વેષ (કરે છે). એટલી પણ તને ભાન નથી. એને આત્મા રાગથી રહિત છે એ શ્રદ્ધાની યોગ્યતા તો તારામાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

છે ને? '**આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી (અથવા મોહની સેનાને હરાવી શકતા નથી),...**' એટલે? કે વિકાર પોતે કરે છે એમ માનતો નથી અને નિમિત્ત કરાવે. હવે એ તો પોતે ટાળી કેમ શકે? કારણ કે એને કારણે થાય એટલે ટાળવાનો તો અવસર એને રહેતો નથી. એ કરાવે તો થાય અને ઈ ન કરાવે તો ન થાય. પોતાને ન કરે તો ન થાય એ તો રહેતું નથી. '**તેમને રાગદ્વેષ મટતા નથી;...**' લ્યો! પર ને નિમિત્તથી થાય, સંયોગથી થાય. કર્મની ભૂલ તો એવી ગરી ગઈ જૈનમાં અત્યારે, સંપ્રદાયમાં કેટલીક.

'**કારણ કે રાગદ્વેષ કરવામાં જો પોતાનો પુરુષાર્થ હોય તો જ તેમને મટાડવામાં પણ હોય,...**' લ્યો! પોતાનું વીર્ય અને પુરુષાર્થ રાગદ્વેષ કરે છે, વિકાર કરે છે તો ટાળવામાં પણ પોતાનો પુરુષાર્થ છે. કો'ક કરાવે તો પુરુષાર્થ તો પોતાને ટાળવાનો રહેતો નથી. એટલે મોહનદીને પાર ઉતરી શકતા નથી. '**પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે,...**' કહો, સમજાણું કાંઈ? '**ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે?**' ભૂતડું આવીને આમ આમ કરાવ્યા કરે તો હવે એને મટવું ક્યાંથી? કહો, ઓલા કહેતા હતા ને? રકમડું છે. કર્મનું આત્મા રમકડું રમકડું છે. એકે લખ્યું હતું ઓલા દરબારી કોઠિયા. કર્મનું રમકડું. પહેલા એ અહીં આવ્યા અને પછી આપણે ભેગા થયા હતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને પંડિત ૩૨. (સંવત) ૨૦૦૩ની સાલમાં. આ ઉઘડ્યું નહિ? ફાગણ સુદ એકમે. ફાગણ વદ એકમથી ત્રણ દિ' દિગંબર પરિષદ હતી. કહ્યું ,કોઠિયાજી! કર્મનું રમકડું છે આત્મા? દાંત કાઢ્યા. કર્મ જેમ રમાડે તેમ રમવું, બાપા! આહાહા..! એ કહે, નહિ. કર્મનો ઉદય આવે તો શરીરમાં રોગ થાય, કર્મનો ઉદય આવે તો શરીરમાં રોગ થાય. એમ આત્મામાં. પણ એ રોગ-અરોગ જુદી વાત છે અને આ જુદી વાત છે. સમજાણું? એ પણ એને કારણે (થાય છે). આ તો રોગ અરોગમાં અહીં તો કાલે આવ્યું નહોતું? પરમાણુ પોતાને કારણે શરીરની નિરોગતાની અવસ્થા ધારણ કરે છે. કર્મનું કહેવું એ તો નિમિત્તમાત્ર છે. એ તો કોની પાસે કેવું નિમિત્ત હતું એને બતાવવા વાત છે. રોગની શરીરમાં અવસ્થા થવી એ તો પોતાનો પરમાણુનો તે કાળ છે ઉત્પાદ. તે રોગની અવસ્થા ઉત્પાદ પર્યાયમાં થાય એ પોતાના પરમાણુને કારણે છે. ઉષ્ણતા, ઊલટી આ બધું થાય છે ને? શૂળ. એ રજકણની અવસ્થા પોતાથી ઉત્પન્ન થયેલી છે. બીજાથી થઈ નથી. કર્મથી કહેવી એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. આનું કર્મ જોડે હતું એટલું.

**'આત્મા તેમને ક્યાંથી મટાડી શકે? માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે-એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.'** સમજાણું? કથંચિત્ એટલે દ્રવ્યદષ્ટિએ નથી અને પર્યાયદષ્ટિએ આ પ્રમાણે થાય છે. **'એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.'** લ્યો! એ ગાથા પૂરી થઈ.

હવે આગલી ગાથા આવે છે ને. દસ.

**'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્ગલો આત્માને કાંઈ કહેતા નથી કે તું અમને જાણ,...'** જુઓ! હવે એ વાત લીધી. **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ,...'** શરીરનો સ્પર્શ સુવાળું, રૂપાળું વગેરે. કે શબ્દ. ભાષા ગધેડા જેવી કે કોયલ જેવી. એ પુદ્ગલો પરિણમતાં આત્માને કાંઈ કહેતા નથી કે તું અમને જાણ. એમ કહે છે ઈ? તું અમને જાણ એમ કહે છે ઈ? બાયડી, છોકરાના શરીરો, પૈસાના શરીર, દુકાનના રૂપિયા એ એમ કહે છે કે અમને જાણ? એ તો એને કારણે ત્યાં પડ્યા છે પ્રમેય તરીકે. અમને જાણ એમ કહે છે?

**'આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી.'** કહો, ધંધાની ક્રિયા, પૈસાની ક્રિયા, બાયડી-છોકરા પાસે આત્મા પોતાનું જ્ઞાન સ્થાન છોડીને ત્યાં જાય છે ને? પોતે પોતાના સ્થાનમાં રહીને જાણે છે. સમજાય છે? **'બંને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે.'** એટલે કે જાણવાયોગ્ય પદાર્થ પણ પોતાને કારણે પરિણમે છે અને જાણનારો આત્મા પણ પોતાને કારણે પરિણમે છે. **'આમ આત્મા પર પ્રત્યે**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ઉદાસીન છે,...**' પરને ને એને કાંઈ સંબંધ નથી. સંબંધ વિનાનો છે. તટસ્થ છે. '**તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને...**' સ્પર્શ આ સારું છે, આ રૂપાળું છે, આ કાળું છે. એ ક્યાં પણ કહે છે કે તું મને જો. સારા-નરસા છે જ ક્યાં પણ એમાં? જગતના પદાર્થ છે.

'**અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.**' આવા અર્થની ગાથાઓ હવે કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**માગશર સુદ ૧૫, શનિવાર તા. ૧૬-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૭૩ થી ૩૮૨, પ્રવચન-૪૨૮**

.. એ અજ્ઞાનીનો અજ્ઞાનભાવ રાગદ્વેષનું કારણ અને બંધનું કારણ છે. વસ્તુ છે એ તો જણાવા યોગ્ય છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બધું. અને આત્મા એનો જાણનાર છે. એ સિવાય કાંઈ પરને અને આને સંબંધ નથી. જાણતા આ મારો અને આ તારો એવો જે રાગદ્વેષ કરે છે એ મિથ્યાદષ્ટિપણે (કરે છે). વસ્તુનું સ્વરૂપ એમ નથી. જ્ઞાનમાં એમ નથી, જ્ઞેયમાં એમ નથી. કહો, સમજાણું કાંઈ? જ્ઞેયમાં એમ નથી કે હું તારું છે એમ છે? છોકરાના આત્મામાં અને શરીરમાં એમ છે કે હું તારો છું એમાં છે? જ્ઞાનમાં એમ છે કે આ જ્ઞાન એનું છે? અથવા આ જ્ઞાનનું એ છે એમ જ્ઞાનમાં છે? કેમ હશે આમાં? મલૂકચંદભાઈ! છતાં વસ્તુ જગતની છે એ તો એને કારણે ટકીને બદલતી, પરિણમતી, પરિણમતી ત્યાં રહી છે. આ આત્મા પણ ખરેખર તો જે પરિણતિ સામાની છે એને જાણવું-જાણવું એવી પરિણતિ જ એનું સ્વરૂપ છે. પણ વચમાં એમ નાખે કે આ મને ઠીક અને અઠીક. આ મારા અને આ મારા નહિ. એવો જે મિથ્યાદષ્ટિનો ભાવ, એને રાગદ્વેષ ઉત્પન્ન કરીને બંધન કરે છે. કહો, બરાબર હશે? આ પૈસા નજીક આવે તો એના ખરા કે નહિ? તો બીજે કેમ ન રહ્યા અને અહીં આવ્યા એની પાસે? કહો.

મુમુક્ષુ :- એ જીવે પુણ્ય કર્યા હશે માટે.

ઉત્તર :- પુણ્ય પણ પરિણામ હતા પૂર્વે, એના તો પછી બંધાણા રજકણ અને રજકણના નિમિત્તે આવી સંયોગી ચીજ. એ તો જગતની ચીજ છે. એમાં એની પાસે આવી અને એ એની છે એમ ક્યાં આવ્યું? એમ કહે છે અહીં. સમજાય છે આ વિસ્તાર? એ લક્ષ્મી દૂર હતી તો એની નહોતી. નજીક છે તો એની નહોતી. ફક્ત જાણવામાં નજીક છે તે જાણવું જોઈએ કે છે. એને ઠેકાણે મારી છે અને મારી પાસે આવી છે એવી જે દષ્ટિ છે તે મિથ્યાત્વભાવ છે. એમ અહીં કહે છે. કહો, હસમુખ! શું બરાબર છે? ચોખ્ખા આમ પાંચ-પચ્ચીસ લાખ નજીક આવે, એના ઘરમાં રૂપાની શું કહેવાય? સોનાની લગડી આવે, હીરા માણેક આવે ઘરમાં, મકાન-બંગલા એના નામના માથે લખાય, ફલાણા-ફલાણા નેમિદાસ ખુશાલદાસ. લ્યો, એમાં માથે લખે આવડું માથે નામ લ્યો! કહો.

કહે છે કે ભાઈ! નામ છે પણ એક પરમાણુની પર્યાય છે. એ પુદ્ગલ એ રીતે વિચિત્રપણે પરિણમતા ત્યાં પર્યાયપણે પરિણમ્યા. એમાં તને એમ ક્યાં થયું કે આ મારું નામ છે? એમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેમ તને થાય છે? એમ કહે છે. તું ત્યાં છો? એ અહીં આવ્યા છે? એ નામની, શરીરની જે વર્ગણાની પર્યાય નામની એ અહીં આવી છે? અને આની થઈને ત્યાં રહી છે? ત્યારે છે શું પણ તને? આ ભ્રમ કેમ થઈ ગયો તને? આ મારા અને આ મારું નામ. આ મારું નામ. જુઓ! આ મારું નામ એમ કહે છે ને? જુઓ! આ મારું નામ. તારું ત્યાં ક્યાંથી આવ્યું? એ તો શબ્દની પર્યાય છે. પુદ્‌ગલની અવસ્થાપણે પરિણમતા તે પરિણમ્યા છે. એમાં એ તારા છે અને તારું નામ ક્યાંથી આવ્યું? કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- બહુ મોટી ભૂલ થઈ. સાહેબ!

ઉત્તર :- મોટી ભૂલ? એય..! ન્યાલચંદભાઈ! આહાહા..! હીરો ત્યાં સાથે આવ્યો એના ઘરે અને ઓલી બંગડીઓનો વેપાર એની દુકાને થાય ત્યારે એનામાં કાંઈક તો કાંઈક તો એનાપણું ખરું કે નહિ એમાં? આહાહા..! એ કહે છે, જુઓ!

૩૭૩.

**णिंदिदसंथुदवयणाणि पोग्गला परिणमंति बहुगाणि।**
**ताणि सुणिदूण रूसदि तूसदि य पुणो अहं भणिदो।।३७३।।**
**पोग्गलदव्वं सद्दत्तपरिणदं तस्स जदि गुणो अण्णो।**
**तम्हा ण तुमं भणिदो किंचि वि किं रूससि अबुद्धो।।३७४।।**
**असुहो सुहो व सद्दो ण तं भणदि सुणसु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं सोदविसयमागदं सद्दं।।३७५।।**
**असुहं सुहं व रूवं ण तं भणदि पेच्छ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं चक्खुविसयमागदं रूवं।।३७६।।**
**असुहो सुहो व गंधो ण तं भणदि जिग्घ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं घाणविसयमागदं गंधं।।३७७।।**
**असुहो सुहो व रसो ण तं भणदि रसय मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं रसणविसयमागदं तु रसं।।३७८।।**
**असुहो सुहो व फासो ण तं भणदि फुससु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं कायविसयमागदं फासं।।३७९।।**
**असुहो सुहो व गुणो ण तं भणदि बुज्झ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं तु गुणं।।३८०।।**
**असुहं सुहं व दव्वं ण तं भणदि बुज्झ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं दव्वं।।३८१।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।**
**णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो।।३८२।।**

એનું હરિગીત.

**રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,**
**તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.**
**પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,**
**તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.**
**શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.**
**શુભ કે અશુભ જે રૂપ તે 'તુ જો મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.**
**શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.**
**શુભ કે અશુભ રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે;**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.**
**શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.**
**શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.**
**શુભ કે અશુભ જે દ્રવ્ય ને 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.**
**-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!**
**શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.**

અહીં તો જાણીને એમ કીધું છે હોં! એના ખ્યાલમાં આવ્યું છે કે આમ છે.

ટીકામાં એનું એક એક નથી તો ગાથાનું એક એક લઈને પછી ટીકા કરશે. ગાથાનો એક એક શબ્દાર્થ. ગાથાનો અન્વયાર્થ. પછી ટીકા. કારણ કે ટીકામાં એકસાથે છે. બધાનું ભેગું છે. એક એક જુદું પાડીને આમાં કહ્યું છે ને ગાથામાં? એટલે એને ઠીક સમજવામાં આવે. જુઓ! અન્વયાર્થ-શબ્દાર્થ.

**'બહુ પ્રકારનાં નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે પુદ્‌ગલો પરિણમે છે;...'** શું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે? કોઈ નિંદાના વચનો અને પ્રશંસાના વચનો એ પુદ્ગલ તે શબ્દ પર્યાયપણે પરિણમ્યા છે. નિંદાના વચનો, એ બીજો જીવ છે જેને ભાવ થયો છે નિંદાનો એણે એ પરિણમાવ્યા નથી. સમજાય છે કાંઈ? એ તો એના ઈર્ષ્યાભાવપણે પરિણમેલો છે. પણ જે શબ્દો પરિણમ્યા છે નિંદાના એ શબ્દો પોતે પુદ્ગલની પર્યાયપણે પરિણમ્યા છે પોતે. નિંદાના અને સ્તુતિના. એમ કોઈ એના ગુણગ્રામના. આવો છું, આવો છું. આવો છે.. આવો છે.. એ પુદ્ગલો પરિણમે છે. કહો, મલૂકચંદભાઈ! ઓહો..! મલૂકચંદભાઈ તો આવા, ફલાણા ભાઈ. જોકે મલૂકચંદભાઈ એ ખોટું છે. મલૂકચંદભાઈ એ છે જ નહિ આત્મા. કારણ કે એ તો શરીરનું નામ છે. શરીરનું નામ છે. એ પરિણમ્યા છે પુદ્ગલો એમ કે આનો આ આવો છે. બહુ સારો. ઓહોહો..! એની બુદ્ધિ, એનું મગજ, એવી જગતમાં પ્રસિદ્ધિ એવી સ્તુતિના (વચનો) આ ભાટચારણો કરે છે ને? બે-પાંચ રૂપિયા આપો તો સારી સ્તુતિ સરખાઈની કરે. કહે છે કે એ તો શબ્દ પરિણમેલા છે. પુદ્ગલ પરિણમે છે એ પર્યાય એ કાળે. અને કોઈ નિંદાના પરિણમ્યા હોય તો તે કાળે પુદ્ગલ નિંદાના શબ્દરૂપે પરિણમે-થાય છે.

'**તેમને સાંભળીને અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને...**' એ શબ્દ પરિણમ્યા નિંદા-સ્તુતિના એ સાંભળવામાં આવ્યા. અહીં તો જ્ઞાનમાં આવ્યા, જણાયા. એ તો જાણવાનો ભાવ છે તો જાણ્યા. એ તો સાંભળીને એમ કહ્યું. પણ એને એમ થયું કે આ મને કહે છે. એ નિંદાના શબ્દો મને કહે છે. એમ માનીને મૂઢ એના ઉપર દ્વેષ કરે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માણસ ઉપર દ્વેષ કરે છે. માણસ ઉપર કરે છે મૂળ તો શબ્દ ઉપર. એય.. આવું છે, આ મારી નિંદા કરે છે. પણ એ તો શબ્દરૂપે પરિણમેલી છે દશા. સમજાણું કાંઈ?

કાગળમાં શબ્દો આવ્યા. કાગળમાં નિંદાના અને સ્તુતિના. ઓલો .. એક કોર રાખો. ફલાણો આવો-આવો એમ નિંદાના. એ તો શબ્દોપણે શબ્દો પુદ્ગલ શબ્દોપણે પરિણમ્યા છે. એ પુદ્ગલ પરિણમ્યા છે. એ પુદ્ગલનું પરિણમન છે એમાં કાંઈ આત્મા છે નહિ. આત્મા તો જાણનાર છે કે આ પરિણમ્યા છે એમ છે એટલું. એને ઠેકાણે મને આ કહ્યું, મને આ કહી નિંદા, આ સ્તુતિ મને કરે છે. એ શબ્દની પર્યાયમાં પોતાપણે ગરી જાય છે અંદર માન્યતા એની. એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કરીને એ '**મને કહ્યું એમ માનીને...**' મુજને કહ્યું ગણીને. છે ને અર્થમાં? '**રોષ તથા તોષ કરે છે (અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે).**' આહાહા..! નિંદાના શબ્દો એ તો પુદ્ગલની પર્યાય છે ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ તો એ વખતે પરમાણુઓ એપણે પરિણમ્યા એની પર્યાય છે. એમાં તને કહ્યું એમાં ક્યાં આવ્યું? કહો, ભગવાનજીભાઈ! કામ બહુ સારું છે. એ તો શબ્દની પર્યાય છે. એ વખતે પુદ્‌ગલનું પરિણમન જ એ પરમાણુની અવસ્થાનું તે જ રીતે થવાનું છે. એમાં એ પુદ્‌ગલની અવસ્થા છે. એમાં મને આ કહ્યું એ આવ્યું ક્યાંથી? શબ્દમાં છે ઈ? જ્ઞાનમાં છે એ કે આ મને કહ્યું એવું જ્ઞાન માને છે? જ્ઞાનમાં છે એવું? કહો, હસમુખભાઈ!

મુમુક્ષુ :- તમે નામ પાડો છો.

ઉત્તર :- નામ ક્યાં હતું? પણ કોનું નામ? નામ કેનું? એ તો શબ્દોની પર્યાય છે. આહાહા..! ભારે પણ વળગ્યો છે ને જ્યાં-ત્યાં. એમ કહે છે અહીં. મફતનો ગળે વળગે છો. એને કારણે પરિણમ્યા નિંદાના શબ્દો એને મને કહે, એ ગળે પડ્યો છો મફતનો તું. એય..! વજુભાઈ! આહાહા..!

ખરેખર તો બીજો ઓલો વિકલ્પનો કરનારો એણે પરિણમાવ્યા નથી એને. એમ કહ્યું છે અહીં જુઓને! પુદ્‌ગલો પરિણમે એમ કીધું છે. એણે નથી પરિણમાવ્યા. નિંદાનો કરનાર જેને વિકલ્પ છે કે એ આવો ખરાબ માણસ છે. એ તો વિકલ્પ એની પાસે રહ્યો. એને કારણે શબ્દ પરિણમ્યા નથી. શબ્દ તો એ વખતે પુદ્‌ગલની પર્યાયનું પરિણમન તે કાળે તે જ રીતે થયું છે એ તો પુદ્‌ગલની અવસ્થા છે. એમાં મને મારી નિંદા આણે કરી એવું આવ્યું ક્યાં? શબ્દમાં છે? જ્ઞાનમાં છે? કહો, સમજાણું આમાં? મિથ્યાદષ્ટિ મિથ્યા ભ્રાંતિ કરીને કે એ મને કહે છે એમ માનીને મિથ્યાત્વ સેવી અને પછી દ્વેષ કરે છે. અને સ્તુતિ કરનાર ઉપર આ મારી સ્તુતિ કરે છે. આમ નામ આવ્યું, લ્યો. ફલાણું તમારું નામ. ભાઈ! એની શું વાત એ તો મોટા એના કુટુંબથી ચાલ્યા આવ્યા છે આવા ને તેવા એય..!

મુમુક્ષુ :- છાપામાં આવે ને.

ઉત્તર :- છાપામાં આવે સ્તુતિ લ્યો, વખાણ. પણ એ તો પુદ્‌ગલની પર્યાય છે. પરમાણુઓ તે પણે પરિણમ્યા તે પર્યાયમાં એમાં તું ક્યાં આવ્યો અને એમાં તારી સ્તુતિ ક્યાં આવી? તું ક્યાં ત્યાં આવ્યો? ગયો છે ત્યાં? અને એ સ્તુતિની પર્યાય અહીં આવી છે? એ કહે છે કે તું મને જાણ, મને ગ્રહ અને મને જાણવા રોકા? તારો જાણવાનો સ્વભાવ છે અને એને જણાવાનો એ રીતે થાય છે. પછી એ શબ્દો નિંદાના કે સ્તુતિના દૂર હો કે નજીક હો. ભાઈ, દૂર કોઈ સ્તુતિ-નિંદા કરે અમારે વાંધો નહિ. નજીક આવે ને કરે ને (તો અમને ગમે નહિ). એમ કહે છે ને? એનો ખુલાસો કરશે. પાછળ તો મોટા બાદશાહના પણ.. એમ કહે છે ને?

મુમુક્ષુ :- .. કરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- હા. પાછળ તો બાદશાહની પણ નિંદા કરે. પણ આ મોઢા સામે આવે... પણ સામેની વ્યાખ્યા શું? સમજાણું કાંઈ? એ કાળે તે શબ્દોનું નિંદા અને સ્તુતિનું પરિણમન પુદ્ગલનું તે કાળે ત્યાં થયું છે. એ પુદ્ગલો એમ નથી કહેતા કે તું મને જાણવા રોકા, તેમ જ્ઞાન એની પાસે જઈને ત્યાં આ પોતાનું ક્ષેત્ર-સ્થાન છોડીને જાય છે જાણવા? વચમાં ગળેપડું કહે છે, આ મારી નિંદા (કરે છે). એ મિથ્યાત્વ ભાવના અજ્ઞાનભાવના રાગદ્વેષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? મનસુખભાઈ! ભારે. નામ મોટું હોય કુંવરજી જાદવજી આમ દુકાનનું નામ. ફલાણું-ફલાણું-બે-ત્રણ-ચાર પૂંછડા આવે છે આમ અંદર. ફલાણું કાંઈક આવે છે. આપણને ક્યાં યાદ રહે? તમારું આવે છે ને કાગળીયું? એમાં નામ આવે છે નામ અંદર. ફલાણું ફલાણું એજન્ટ. એજન્ટ તો નહિ. ... ફલાણું ફલાણું. કહે છે કે એ પૂછડાં એ તો પુદ્ગલની પર્યાય થઈ. કહો, મનહરભાઈ! શું છે આ? કહે છે. એ તો જડની પર્યાય. ત્યારે આણે કર્યું એમ ક્યાંથી આવ્યું એમાં? અમારા વખાણ થયા જુઓ ઓલામાં. જોયું કાગળમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પાંચ હજાર આપ્યા હતા તો કેટલા લોકોએ કદર કરી અમારી. આ જુઓ ઓલા મુંબઈ છાપામાં આવ્યું છે. જોયુંને! પણ શું છે પણ તને? આ ક્યાંથી આપ્યું તેં આ? સમજાણું કાંઈ? સનેપાત શું વળગ્યો તને? એમ કહે છે અહીં તો.

ભિન્ન ભિન્ન રીતે રાગ-દ્વેષ કરવાના સ્થાનો કેવા અજ્ઞાની ઊભા કરે છે એમ બતાવે છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..! એ પુદ્ગલ તો સ્તુતિરૂપે પરિણમ્યા છે પરમાણુ. સ્તુતિનો કરનાર છે એણે એને પરિણમાવ્યા નથી. અને શબ્દો જે આવે સ્તુતિના પાનામાં એ પુસ્તકમાં લખે, ફલાણા આવા... ફલાણા આવા... જુઓ આ. આ હવે પછી પુસ્તક રહેશે ત્યાં સુધી મારું નામ રહેશે. પણ તું ત્યાં નથી. તું ત્યાં નથી અને તારું રહેશે ક્યાંથી? અરે..અરે..! ભારે પણ. કહે છે, વળગાડ એવો વળગ્યો છે ને. ભીખાભાઈ! ભ્રમણારૂપી ભૂતનો વળગાડ છે આ. પાછું કહેશે આગળ હોં! એના જાણવામાં આવ્યું છે કે આ વાત તો દૂર છે, હું અહીં છું. પણ છતાં વળગે વચમાંથી કે હા, એ મારી નિંદા અને મારી સ્તુતિ. આ શું કર્યું તેં?

હું એક જાણનાર છું, મારા સ્વરૂપમાં તો જાણવું એ છે. આ નિંદા સ્તુતિ છે એવા ભાગલા એમાં જાણવામાં નથી અને ત્યાં પણ સ્તુતિ (નિંદા એવું નથી). એ તો પુદ્ગલનું પરિણમન છે. એમાં વળી આ નિંદાની પર્યાય અને આ સ્તુતિની પર્યાય એવું પુદ્ગલની પર્યાયમાં ક્યાં લખ્યું છે અંદર? સમજાણું કાંઈ? પોતાના નામનું હોય, દુકાનના નામનું હોય, પેઢીના નામનું હોય, ફલાણા નામનું હોય પુંછડું લાંબું-લાંબુ એને એમ ખુશી થાય કે હા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેટલા બહાર પડ્યા આપણે જોયું! અમારી દુકાન તો હિન્દુસ્તાનમાં પ્રસિદ્ધ છે. પણ દુકાન જ તારી નથી ત્યાં વળી પ્રસિદ્ધ ક્યાંથી આવી? તું જ્યાં છો ત્યાં એ નથી. એ જ્યાં છે ત્યાં તું નથી. જાધવજીભાઈ! બરાબર છે? ભારે વાત! ભ્રમણા તે જગતની કેટલી? એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ઘણી.

ઉત્તર :- ઘણી? આહાહા..!

કહે છે કે '**નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે પુદ્ગલો પરિણમે છે; તેમને સાંભળીને અજ્ઞાની જીવ 'મને કહ્યું'...**' મને કહ્યું એ ક્યાંથી આવ્યું? મને કહ્યું એવું આવ્યું ક્યાંથી? '**એમ માનીને રોષ...**' નિંદાના વચનો (સાંભળીને) દ્વેષ કરે. એ તો એવો જ માણસ છે. પહેલેથી અમારું ખોદી જ નાખે છે. કહે છે ને? અને '**તોષ...**' એ તો અમારા અંગત માણસો છે. અંગત માણસો અમારી પ્રશંસા કરે એ તો પહેલેથી છે. ધૂળેય નથી તારા અંગત અને વેરીઓ. જગતની ચીજ છે જગતની. કહો, ભીખાભાઈ! આહાહા..! એમાં પણ હીરાભાઈ આવે ને આમ કહે, ભાઈ! ભાઈ! કરે ને. આહાહા..! કોણ જાણે? શું કહે છે? એ ભાઈ ભાઈના શબ્દો પરમાણુ છે કહે છે. એ એણે પરિણમાવ્યા નથી હોં! વચમાં વિકલ્પ હતો એનો ફક્ત એટલું. ભાઈ! ભાઈ! તમે હવે બસ આમ નિવૃત્તિ લ્યો. તમારે દુકાનની ચિંતા-બિંતા દુકાનની કરવી નહિ. હાશ. વજુભાઈ! કોઠો ઠરે. મિથ્યાત્વથી ઠરે. એમ કહે છે. ભ્રમણા તને થઈ ભાઈ! તને શું થયું? ભાઈ!

તું તો આત્મા છો ને. તું તો જ્ઞાનમાં રહ્યો છો ને. તારું જ્ઞાન-સ્થાન છોડીને તું ત્યાં ગયો નથી. અને શબ્દના પર્યાયના પરિણમન પણ એનું સ્થાન છોડીને અહીં આવ્યા નથી. આવ્યા છે અહીં? જ્ઞાનમાં અડ્યા છે? નિંદા ને સ્તુતિના શબ્દોની દશા જ્ઞાનને અડી છે? જ્ઞાન તેને અડ્યું છે? શું થયું પણ તને આ? અદ્ધરથી ગળેપડું ભ્રમણા કરીને મારી નિંદા અને મારી સ્તુતિ એમ માનીને તું રાગદ્વેષ કરે છો, ભ્રમણામાં પડ્યો ભવભ્રમણ કરીશ. એમ કહે છે. આહાહા..! એમાં અભિનંદન આપે મોટા. એમાં સોનાના ઓલા શું કહેવાય ઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ માથે હોય એ. સોનાનું ઉપર..

મુમુક્ષુ :- ફ્રેમ.

ઉત્તર :- ફ્રેમ. સોનાની ફ્રેમ અને એમાં વળી હીરા-બીરા લટકાવેલા હોય, એક ઉપર અને ત્રણ આમ. આહાહા..! અને અંદર ફોટો હોય તો દેખાય પણ કેવો સરસ! જુઓ, આ મારો ફોટો. એલા પણ તું ક્યાં ગયો ત્યાં? એ રૂપમાં કહેશે. સમજાણું કાંઈ? તું ક્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયો તે તારો ત્યાં આવ્યો? અને એ ક્યાં અહીં આવ્યા તે તારા થઈ ગયા? શું થયું પણ તને આ? એય..! ન્યાલચંદભાઈ!

મુમુક્ષુ :- બરાબર નાડ પકડી છે.

ઉત્તર :- નાડ પકડી છે. બીજી ભિન્ન રીતે વાત કરી છે.

રોષ અને તોષ. રોષ એટલે દ્વેષ, તોષ એટલે ખુશી થવી. આ રોષ આવે ને દ્વેષ આમ કેમ કરે છે તું? એ અજ્ઞાનમાંથી રાગદ્વેષ તું કરે છે બાપુ! એ કાંઈ વસ્તુમાં તારા જ્ઞાનમાં પણ નથી અને એ જ્ઞેયમાં પણ નથી. એ તારા નથી, તું એનો નથી. એ તારી સ્તુતિ અને નિંદા નથી અને તું તેનો થયો નથી. એ તારી નિંદા-સ્તુતિ નથી, તું તેનો થયો નથી. ફક્ત જ્ઞાનમાં સાંભળીને એમ કે આહાહા..! ગલગલિયા અંદર થાય. મફતનો મૂઢ રાગને કરે છો, ખુશી થા છો તો મહામિથ્યાત્વના કર્મ બંધાય છે એમ કહે છે. આહાહા..! ભારે! સમજાણું કાંઈ? ધર્મની તો ખબર ન મળે પણ અધર્મ આવા ઉત્પન્ન કરે છે એમ કહે છે. પછી એમ માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. ઓલા દયા અને દાનના પરિણામ કરે ને? અમે ધર્મ કર્યો. પણ આ મિથ્યાભ્રમ કર્યો એમાં. ક્યાં તારા મિથ્યાભ્રમના પાપ આગળ ઓલા પુણ્યના પરિણામ કયે કાંટે તોળવું? સમજાણું કાંઈ?

બીજી ગાથા. '**પુદ્‌ગલદ્રવ્ય શબ્દપણે પરિણમ્યું છે;...**' ઓલી નિંદા-સ્તુતિના વચનો હતા. '**તેનો ગુણ જો (તારાથી) અન્ય છે,...**' એ શબ્દના ગુણની ગુણ-અવસ્થાની તાકાત તો શબ્દમાં છે. એ ગુણ કાંઈ તારામાં નથી. તેમ તે ગુણ તારાથી થયો નથી. '**પુદ્‌ગલદ્રવ્ય શબ્દપણે પરિણમ્યું છે; તેનો ગુણ જો (તારાથી) અન્ય છે,...**' એ તો તારાથી શબ્દની પર્યાય અનેરી છે. '**હે અજ્ઞાની જીવ! તને કાંઈ પણ કહ્યું નથી;...**' તને કાંઈ કહ્યું નથી. આહાહા..! કહો, સમજાણું? એમાં સ્ત્રી ઘરમાં હોય, સુંદર હોય અને મામણું બોલતી હોય આમ. આહાહા..! એને આમ ઓલું થાય. અરે.. મૂર્ખ! એ તો શબ્દની પર્યાય છે કહે છે. સમજાણું કાંઈ? તને શું થયું આ? આવું ભૂતડું ક્યાંથી તને વળગી ગયું? તારા સ્વભાવમાં નથી, એ શબ્દોમાં નથી. ઊભું કર્યું અદ્ધરથી. એ અહીં વાત સિદ્ધ કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- મામણામાં શું..?

ઉત્તર :- મામણામાં મીઠી મીઠી ભાષા આમ બોલે. એવી મીઠી મીઠી બોલે કે આમ જાણે સમજ્યાને? આપણે ક્યાં બીજું સાંભળવા ગયા છે એટલું બધું. આ તો લોકો વાતું કરે. કહો, સમજાણું આમાં? એવું બોલે ને મામણું મામણું કે આ આવા છે ને આમ છે ને. આહાહા..! એવી મીઠી ભાષા અને તમારે શરણે આવ્યા, તમારે આધારે છીએ. તમે આમ છો. હે સ્વામી નાથ! તમે તો અમારે પ્રભુતુલ્ય છો. તમે પતિ એટલે પ્રભુ કહેવાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એય..! નેમીદાસભાઈ! એવું બોલે ત્યાં ઓલો અંદરથી આમ કૂદી કૂદીને મિથ્યાત્વને સેવે. ભ્રમણાને સેવે છે, બાપુ! તને શું થયું? ભાઈ! તું ક્યાં છો? એ ક્યાં છે? એ શબ્દપણે પરિણમેલા પુદ્‌ગલો. સમજાય? એ તને તો કાંઈ કહ્યું નથી. '**તને કાંઈ પણ કહ્યું નથી;...**' કિંચિત્ કહ્યું નથી. એમ શબ્દ વાપરતા. તને કાંઈ કહ્યું નથી. એ તો શબ્દની પર્યાય પરિણમી છે. એમાં તને કાંઈ કહ્યું નથી. '**તું અજ્ઞાની થયો થકો રોષ શા માટે કરે છે?**' સમજ્યાને? રોષ એટલે દ્વેષ. સમજાણું કાંઈ?

વિશેષ કહે છે. '**અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતો કે...**' હવે કહે છે. એનું સ્પષ્ટીકરણ વધારે કરે છે કે નિંદા અને સ્તુતિના શબ્દોની પરમાણુની પર્યાય જગતનું અસ્તિત્વ છે. તે કાળે નિંદા-સ્તુતિના પરમાણુઓ પુદ્‌ગલનું એક અસ્તિત્વ છે. પુદ્‌ગલરૂપ દશા છે. એ '**તને એમ નથી કહેતો કે 'તું મને સાંભળ';...**' કહે છે? ... કાન દઈને નિંદા અને પ્રશંસા..

મુમુક્ષુ :- સાંભળો એમ આવે છે.

ઉત્તર :- એ તો ધર્મ સાંભળો એમ કહે છે. આ તો નિંદા-સ્તુતિના વચનો એમ વચનો કહે છે કે તું મને સાંભળવા રોકા?

'**અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતા કે તું મને સાંભળ;...**' તું મને સાંભળ. આમ છે. તું મને સાંભળ. તું જ્ઞાન, હું આ. એ મને સાંભળ એમ કહે છે શબ્દો? પણ જરાક બોલે સારું સારું ત્યાં આમ આમ થઈ જાય. છોકરો જરી બોલે ત્યાં આમ આમ થઈ જાય. શું થયું પણ તને? આ ભૂત શું વળગ્યું છે? એમ કહે છે. મિથ્યાત્વનું ભૂત તને વળગ્યું, બાપુ! તને ખાઈ જાય છે. સમજાણું કાંઈ? એ તારા જીવનના ચૈતન્યની જાગૃતિના અંશને ખાઈ જાય છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તું મને સાંભળ; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને),...**' છે? '**શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને ગ્રહવા (જાણવા) જતો નથી.**' આ જ્ઞાન ત્યાં જાય છે? શબ્દ પાસે જાય છે? જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાના ક્ષેત્રમાં છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ પોતાના અસંખ્ય પ્રદેશમાં છે. એ અસંખ્ય પ્રદેશ છોડીને જ્ઞાન એક અંશ પણ આઘું જાય છે? શબ્દ પાસે જાય છે? નિંદા-સ્તુતિ પાસે જાય છે? શબ્દો પાસે જાય છે? શબ્દો અહીં કહેતા નથી કે તું સાંભળ, જ્ઞાન ત્યાં જાતું નથી ક્ષેત્ર છોડીને. કેમ કે સૌનું અસ્તિત્વ પોતામાં છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ કહે છે, તારો મામો માથે આ. કહો, સમજાણું આમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**શ્રોતેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને ગ્રહવા જતો નથી.**' આમ છેલ્લામાં એમ લેવું પાછું હોં! '**एयं तु जाणिऊणं**' બધામાં. એના ખ્યાલમાં છે કે મારું અહીંથી ત્યાં જાતું નથી, ઈ અહીં આવતા નથી, પણ વચમાં ઊભું કરે છે. શાસ્ત્રથી સાંભળેલું છે એની અહીં વાત લીધી છે. શાસ્ત્રથી સાંભળ્યું છે કે ભાઈ શબ્દોની પર્યાય એમ કહેતી નથી કે અહીં તું મને સાંભળ. આ જ્ઞાન ત્યાં જાતું નથી. કારણ કે પોતાનું અસ્તિત્વ જેટલા ક્ષેત્રમાં છે એ ક્ષેત્ર છોડીને બહારમાં જાય નહિ. એવું ખ્યાલમાં છે. છતાં કહે છે, એ મને કહ્યું અને આ મારા વખાણ કર્યા, આ મને નિંદા કરી અને મારી સ્તુતિ કરી. શેનો પણ વળગાડ કરે છે તું આ મફતનો? શું કરવા વળગ્યો છો આને? આહાહા..! ભારે વાત! વળગાડ. આહાહા..!

હવે શુભ અને અશુભ રૂપ. લ્યો! એ શબ્દનું હતું. હવે સુંદર અસુંદર રૂપ. '**તને એમ નથી કહેતું કે 'તું મને જો';...**' કહે છે? સામાનું સુંદર રૂપ હોય કે આ શરીરનું સુંદર આ હોય જડનું બધું પર જ છે ને એ તો. શરીરનું સુંદર રૂપ હો કે સામાનું સુંદર રૂપ પરમાણુની પર્યાય છે જડની. એ માટીની, પુદ્‌ગલની અવસ્થા છે. અને તું મને જો એમ એ રૂપ કહેતા નથી. રૂપ કહે છે કે તું મને જો? '**અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), ચક્ષુ-ઇન્દ્રિયના વિષયમાં આવેલા રૂપને ગ્રહવા જતો નથી.**' પોતાના ક્ષેત્રને છોડતો નથી. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ એ પોતામાં પોતાના ક્ષેત્રમાં રહી અને જ્ઞાનનું પરિણમન થાય છે. એ જાણે છે. આ રૂપ છે. પણ એ રૂપ એમ કહેતું નથી કે આ સારું છે એવું જોવા રોકા કે આ ખરાબ છે એવું જોવા રોકા. એમ એ કહે છે? જ્ઞાનમાં એમ છે કે આ સારું નરસું એવું જ્ઞાનમાં છે? અદ્ધરથી ઊભું કરે છે. આ રૂપ સારું, મારું શરીરનું રૂપ સારું. આ કાળુંકુબડું છે, ખરાબ શરીર છે. ભાઠા પડ્યા. ઓલા નીકળેને? શીતળા. આ ખરાબ. એ તો શરીરની દશા છે. સામાનું ખરાબ શરીર હોય ગધેડા ઓલા જેવું સમજ્યાને રૂપ ખરાબ. કાળું કાગડા જેવું. એ તો પરમાણુની પર્યાય છે. સુંદર આમ પોપટની જેવું. ઓલું પોપટ કહે ને પોપટ? .. રાજા .. રાણી એવું આવે છે. નથી મોટી કથાઓ આવે છે એમાં. રૂપાળો છે ખરો ને એટલે .. રાજા કહેવાય એને. પણ એ તો માટીની પર્યાય છે રૂપ. એમાં એ માટીની પર્યાય તને એમ કહે છે કે મને સારું છે એને જોવા રોકા? અને સડી ગયેલું રૂપ હોય, આમ ખરાબ રૂપ હોય ખરાબ. એ એમ કહે છે કે મને જોવા રોકા? શું છે પણ ત્યારે આ? વળગાડ. તને વળગાડ વળગ્યો અજ્ઞાનનો. આ રૂપ સારું અને આ રૂપ નરસું એમ માન્યતા તે તારું મિથ્યાત્વ છે અને મિથ્યાત્વને લઈને ભંગ પાડે છો કે સારું નરસું એવા તારા રાગદ્વેષ છે. મિથ્યાત્વના, મિથ્યાત્વ સંબંધીના રાગદ્વેષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એની વાત છે આ અત્યારે. સમજાણું કાંઈ? '**ગ્રહવા જતો નથી.**' પોતાનું સ્થાન છોડીને શબ્દને એ ગ્રહવા જાય? રૂપને ગ્રહવા જાતો નથી. આત્મા પણ સ્થાન છોડીને ત્યાં જતો નથી, લ્યો.

હવે '**અશુભ અથવા શુભ ગંધ...**' એ ગંધ-ગંધ. આમ સુગંધ. ફૂલના ઝાડ (હોય). પચરંગી ફૂલના ઝાડ બાગ મોટા હોય ને બાગ. એના રજકણ ખરે તો એકલો બાગ સુગંધ... સુગંધ... સુગંધ... સુગંધ... કહે છે કે એ તો પુદ્‌ગલની પર્યાય છે. એ તને કહે છે કે મને સુંઘવા રોકા?

મુમુક્ષુ :- પણ મઝા પડે તો રોકાયને.

ઉત્તર :- શેની મઝા? પણ એ જ કહે છે કે મજા પણ શેની? જડની? કેટલાક તો સુગંધ નાખે અહીં. કળી નાખીને ફરવા નીકળે. ઊંચી કળી હોય ને ઊંચી? તોડીને (લગાવે). એક ફેરી જોયું હતું. કો'ક બહાર ફરવા નીકળ્યો હતો ત્યારે એક કળી તોડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ત્યાં રાખે, કો'ક અહીં રાખે. શું છે પણ? એ તો જડની પર્યાય પુદ્‌ગલની અજીવ માટીની ધૂળની. એ ગંધ પર્યાય કાંઈ તને કહેતું નથી કે સુંઘવા રોકા. અને ખરાબ આમ સડેલા મીંદડા અને સડેલા ઉંદર. હોય છે ને ઘરમાં? કોઈવાર ઉંદર એવો પકડાઈ ગયો હોય. કબાટની વચ્ચે કે ખાળમાં ગર્યો હોય પણ નીકળાય એવું સાધન ન હોય તો ત્યાં ને ત્યાં સૂકાઈ જાય શરીર. સડી જાય. અને એ ગંધ (મારે). કહે છે કે એ ગંધ તો પરમાણુની અવસ્થા છે પુદ્‌ગલની. પુદ્‌ગલ પરિણમ્યા છે. તને કહે છે કે અહીં સુંઘવા રોકા? શેનો તું આ સારા અને આ નરસા ક્યાંથી લાવ્યો તું આ? આહાહા..! પણ સારાને સારા તો કહેવા જોઈએ કે નહિ? પણ સારાની વ્યાખ્યા શી? ભાષા કરી છે શુભ-અશુભ શબ્દ. સમજાય છે ને જગતની અપેક્ષાએ. એય..! જગતની અપેક્ષાએ શબ્દ વાપર્યા છે હોં બધા. છે ને?

'**અશુભ અથવા શુભ ગંધ...**' એમ શબ્દ વાપર્યો છે ને? ભાઈ! જગત એમ માને છે ને? ભાઈ! જગત એમ માને છે ને. એ શબ્દ વાપર્યો છે. ત્યાં ગંધમાં ક્યાં શુભ-અશુભ હતું. એ તો પુદ્‌ગલની પર્યાય છે. સડેલા,... સમજાય છે? મીંદડા સડ્યા હોય અને સડેલા કૂતરા હોય અને સડેલા ઉંદર હોય તો એ તો પુદ્‌ગલની પર્યાય છે. અને એક સુગંધ... સુગંધ... સુગંધ... આ.. શું કહેવાય એ? ખુશ્બુ. એની બધી ભાષા હોય. ચારે કોર અત્તર માર્યા હોય અને આ નાખ્યા હોય. લૂગડા ઉપર અત્તર, ફલાણા ઉપર અત્તર. સુગંધ... સુગંધ.. સુગંધ... આમ લગ્ન કર્યા હોય તો લૂગડે લૂગડે (નાખે). પાછું અહીં ઓછું નાખે. અહીં શાલ હોય ને શાલ? આમં લટકતી હોય. એમાં વધારે નાખે એટલે ઊડે તો પવનમાં ગંધાય વધારે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શાલ હોય ને શાલ કહેવાય. શું કહેવાય ઈ? આ બે. કોટની શાલ. એના ઉપર વધારે નાખે. કારણ કે આમ ચાલે ને ઊડે એટલે સુગંધ વધારે લાગે. પોતાને લાગે અને (બીજાને) વધારે લાગે. (ઈ) પણ અટક્યો છે ને ક્યાં. કહે છે કે એ પણ જગતની પર્યાય છે. શુભ અને અશુભ ગંધ તને એમ કહેતી નથી કે તું મને સુંઘ. સુંઘવા રોકા. ઉભો રહે.. ઉભો રહે.. એમ કહે છે? છે પર્યાયમાં એમ કહેવું? ત્યારે આ જાણવા ત્યાં રોકાશે? ત્યાં ગરવા જાય છે? એ તો અહીં જાણતા જાણે છે કે આમ છે. ત્યાં જાય છે એની પાસે?

**'અને આત્મા પણ ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આવેલી...'** ઘ્રાણેન્દ્રિયના વિષયમાં. જોયું! **'ગંધને (પોતાના સ્થાનથી ચ્યુત થઈને) ગ્રહવા જતો નથી.'** અહીંથી નીકળ્યો પણ વચમાં કહે છે કે સારી ગંધ, સુગંધ સારી અને ખરાબ. આવી તારી માન્યતા એ મિથ્યાત્વ અજ્ઞાન છે. અને એ મિથ્યાત્વને કારણે સારા-નરસાના ભંગ પાડ્યા છે તેં. એથી તને રાગ-દ્વેષ, અનંતાનુબંધીના એ રાગદ્વેષ છે. સમજાણું કાંઈ?

**'અશુભ અથવા શુભ રસ...'** હવે રસ. આમ પુરણપોળી અને મૈસુબ આમ રસપસતો હોય ને. એ કહે છે કે એ રસ છે જગતની પુદ્ગલની પર્યાય છે. એક અંદરમાંથી ગંધ મારતી હોય એવી રસ-ગંધ. દુર્ગંધ-દુર્ગંધ. દુર્ગંધ ગંધમાં ગયો આ રસ. ખરાબ રસ. ખરાબ રસ. સડી જાય છે ને? કોઈ દહીં ને દૂધ બગડી જાય. એવી ગંધ મારે. ખાટો રસ, મીઠો રસ. એ બધી ચીજ કાંઈ તને કહેતી નથી કે તું મને રસ ચાખવા રોકા. તું મને ચાખ એમ કહે છે? કેરી સારી હોય ને સુગંધી કેરી આમ. ત્યાં સુંઘે અને ચાખે વળી જરીક. દસ શેર, પાંચ શેર લેવી હોય ને અધમણ? તો સારામાં સારી કેરી ઓલો.. પછી બીજી ભલે ખાટી હોય. પણ એ સારી હોય એને ખબર હોય કે આ સારી છે. એ જરી ભાંગીને ચાખે. એ તો જડની પર્યાય છે. એમાં સારી તું લાવ્યો ક્યાંથી? છે એમાં રસ? રસમાં સારો રસ એમાં છાપ છે? એ તો આચાર્યે લોકોની ભાષાથી વાત કરી છે હોં! ત્યાં શુભ-અશુભ છે નહિ. શુભ-અશુભ કલ્પે છે ને એ. આ શુભરસ છે. મીઠો રસ શુભ કહેવાય, ખાટો ખરાબ કહેવાય. ફલાણો તીખો. એ તીખો રસ એમ કહેતો નથી કે તું મને રસ ચાખવા રોકા. કહે છે? અને આત્મા જ્ઞાન છોડીને તીખા રસમાં જાય છે? કહો, ચીમનભાઈ! આ તીખો રસ આવ્યો. તીખાનું આવ્યું આ. તીખો રસ છે. ઢોકળાનો લ્યોને. ઢોકળાનું હોય છે ને. મરચાં-મરચાં ફર્સ્ટક્લાસ લીલા. કટકા કરીને નાખે છે ને દાળમાં? એ તીખો રસ છે એ એમ કહેતું નથી કે મને ચાખવા રોકા. અને મોળા મરચા હોય મીઠા કે મૈસુબ અને દૂધના શું કહેવાય? દૂધપાક આદિ સમજ્યાને? રસ. રસગુલ્લા. રસગુલ્લા હોય છે ને સારા ગોળ. એ તો જડની પર્યાય તને કહેતી નથી કે સારું તું મને કહે. એમ કહે છે? તું મને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રસ ચાખવા રોકા એમ કહે છે? એ તો જડની દશા છે. અને તારું જ્ઞાન જાણે છે કે આમ છે એટલું. પણ એ જ્ઞાન છોડીને ત્યાં જાય છે રસમાં? રસ છોડીને અહીં આવે છે? આહાહા..! જુઓ! આ ભેદજ્ઞાન કરાવે છે. આહાહા..! આવું જેને જ્ઞાનમાં હોવા છતાં કહે છે કે જાણપણાના ખ્યાલમાં, છતાં જ્ઞાતાદ્રષ્ટા રહેવાની શક્તિ પ્રગટ કરતો નથી. એમ કહે છે. બુદ્ધિ નથી પ્રગટ કરતો. લ્યો! '**ઇન્દ્રિયના વિષયમાં આવેલા રસને (પોતાના સ્થાનથી છૂટીને) ગ્રહવા જતો નથી.**'

હવે '**અશુભ અથવા શુભ સ્પર્શ...**' એ સ્પર્શ. આમ માખણ જેવો સ્પર્શ. ગાદલાનો, આ શરીરનો સુવાળો માખણ જેવો, રેશમી જેવો. એ કહે છે કે તું મને સ્પર્શ? એ તો જડ છે, માટી છે. એ કહે છે મને સ્પર્શ? અને સ્પર્શ ઇન્દ્રિયને સ્પર્શવા આત્મા પોતાનું સ્થાન છોડીને સ્પર્શવા જાય છે? કારણ કે આ સ્પર્શ ઇન્દ્રિય તો જડ છે. એમાં તો જ્ઞાનનો અભાવ છે. અને જ્ઞાનનો એમાં અભાવ છે અને એનો આમાં અભાવ છે. જ્ઞાન પોતાનું સ્થાન છોડીને સ્પર્શને અડતું નથી. છતાં સુંવાળો-માખણ જેવો કે એવો.. ગાદી સમજ્યાને? આ મલમલના, આ શરીર માખણ જેવા રૂપાળા અડીને આ ઠીક છે. મૂઢ પણ થયું તને શું? એમ કહે છે. આરે.. આરે..! ભારે વાત. કહો, હસમુખભાઈ! બહુ ઝીણું પણ આવું હોં! દુકાન ઉપર ચાલતું હશે આવું? તો દુકાન ચાલે નહિ લ્યો. અહીં છો બેય જણા તો ત્યાં ચાલે છે કે નહિ? કહે છે. એ તો એને કારણે ચાલે છે. કે તમારે કારણે ચાલે છે?

મુમુક્ષુ :- કુંવરજીભાઈ ગયા તોપણ ચાલે છે.

ઉત્તર :- ચાલે છે. આહાહા..!

અરે..! પણ જ્યાં જ્યાં ચોંટ્યો ત્યાં ત્યાં મારા માનીને ચોંટ્યો. જે અનુકૂળ-પ્રતિકૂળ (જોઈને) અંહહ (કરવા લાગ્યો). કહે છે, કોઈ અનુકૂળ પણ નથી અને પ્રતિકૂળ પણ નથી. બાપુ! તારું જ્ઞાનસ્વરૂપ છે અને એ જ્ઞેય છે. જાણવાયોગ્ય વસ્તુ છે. એમાં આ સારી નરસી છે એવી માન્યતા તેં અજ્ઞાનથી ઊભી કરેલી છે અને એ અજ્ઞાનનું ભૂતડું મહા આત્માને નુકસાન કરનાર છે એમ કહે છે. અને અશુભ સ્પર્શ, લ્યો. ખરાબ સ્પર્શ હોય ને આમ? કાંટાળા. ગોખરૂના કાંટા. કહો આ સમજ્યાને? થોરના કાંટા. આમ જાણે અંદર ધક્કો લાગી ગયો હોય. બસ-બસ ચાલતી હોય અને આમ કરવા ગયો હોય જાણે જરીક, બસ આમ અડી ગઈ હોય અને હોય થોરની વાડ. શરીર ચોંટી ગયું ત્યાં. કહો. થાય છે ને એવું?

એક હતો ગરાસિયો કાઠી, નહિ? ત્યાં. મોરબીમાં. મોરબીમાં ઉતર્યા હતા. ઓલા બળદ ભડક્યા હશે. તો બળદ જતા જતા ગયા વાડમાં. ખુંચી ગયો વાડમાં. બધા કાંટા આખા શરીરે. .. બધા. પછી કેટલા કાઢે? ત્યાં ને ત્યાં સુકાઈ ગયા. પણ કહે છે .. હાય હાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..! અરે..! આ કાંટા મને અડ્યા. પણ અડતો નથી. તું તારું સ્થાન છોડીને ક્યાંય ગયો નથી. કાંટા એમ કહેતા નથી કે આ અમે ખરાબ છીએ કે તું અમને સ્પર્શ. સમજ્યાને? જાણવા રોકા એમ કહે છે? સ્પર્શમાં રોકા તું એમ કહે છે?

**'અશુભ અથવા શુભ સ્પર્શ તને એમ નથી કહેતો કે તું મને સ્પર્શ અને આત્મા પણ કાયાના વિષયમાં...'** એટલે કાયાનો વિષય છે. એ તો નિમિત્ત છે એમ કહે છે. અહીં અડે અહીં શરીરને લ્યોને આ સ્પર્શ આદિ અને બીજા. ઓહોહો..! તું તો જ્ઞાનસ્વરૂપ તારા ક્ષેત્રમાં, તારા ભાવમાં, તારા અસ્તિત્વમાં પરિણમન છે તારું. હોવાપણામાં. તારા હોવાપણામાં. એના હોવાપણામાં તું નથી, એનું હોવાપણું તારામાં નથી. તો એ સ્પર્શો તને કહેતા નથી કે તું મને સ્પર્શ. અમને સ્પર્શવા તું રોકા એમ કહે છે ઈ? છે એને ભાન? અને તું પોતાનું જ્ઞાન છોડીને સ્પર્શ પાસે જા છો? આ સ્પર્શ પાસે? છતાં આ સારું અને નરસું એવી તારી માન્યતા અજ્ઞાનથી ઊભો કરેલો મિથ્યા ભ્રમ છે. કહો, સમજાણું કાંઈ?

કાયાનો ખરાબ સ્પર્શ હોય. ગોખરૂ હોય સમજાય છે ને? ઓલા કાંટા થાય છે ને મોટા? અહીં થાય છે. ગોરડનું ગોરડ-ગોરડ. આખા આવા સોંસરવટ નીકળે, લ્યો. ઊઘાડે પગે હોય એમાં સરખો ધૂળમાં હોય. પગ જોરથી જાય ખુલ્લે પગે તો અહીંથી બહાર નીકળે હોં! અહીંથી બહાર હોં! ઠેઠથી ઠેઠ બહાર. આહાહા..! શું છે? તારું જ્ઞાન એને અડે છે? એમ કહે છે. એઈ..! આહાહા..! આ ખેડૂતોને ઘણાને એવું થાય. ઉઘાડે પગે હોય. જોડો હોય તોપણ ઝીણો એવો કોઈ કાંટો હોય ને સોંસરવો કાઢી નાખે પગમાં. હેઠેથી ઉપર. તેથી ઓલી ગોળીયું નીકળી છે ને તમારે? .. આપે. ગોળીયું આપે. નીકળે નહિ. પછી કોઈ ખેંચે પણ નહિ. ખેંચે તો રાડ નાખી જાય. બહુ પીડા. એ પછી ઓલી ગોળીયું ઓલા કાંટા હોય. એ ગોળી થાય છે વનસ્પતિની. એ ગોળી આપે તો એમ ને એમ ગળી જાય ત્યાં. કાંટા એમ ને એમ ગળી જાય. ઔષધ છે. એ આપણે અહીં થાય છે. પ્રવચન મંડપમાં. કહો, સમજાણું આમાં? માણસને એમ થઈ જાય કે આહા..! વાહ! શું છે પણ? કહે છે એ તો પરમાણુની પર્યાય સ્પર્શરૂપે પરિણમેલી છે એ તને જાણવા માટે છે. તારું જ્ઞાન ત્યાં જતું નથી, સ્પર્શ કહેતું નથી મને સ્પર્શવા રોકવા. ખરાબ કે સારું. આહાહા..!

સુંવાળા શરીર હોય માખણ જેવા લ્યો આમ. એ તો એને કહે છે કંઈ? સ્પર્શ કહે છે કે તું મને સ્પર્શવા રોકા? આ તો માટી જડની જગતની પર્યાય છે. એ એની પર્યાય એનામાં એને કારણે થઈને એના રૂપે રહી છે. કે આત્મારૂપે થઈને રહી છે આ? આ સ્પર્શ છે એ એનો થઈને એનામાં, એના ભાવે, એના ક્ષેત્રમાં રહી છે. આત્મા પોતાનો થઈને પોતાના ભાવમાં જ્ઞાનમાં રહેલો છે. હવે એ જ્ઞાન એને જાણે. ત્યાં સ્પર્શ કહેતું નથી કે તું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાણવા રોકા. તેમ જ્ઞાન પોતાનું ક્ષેત્ર છોડીને સ્પર્શને અડતું નથી. વચમાં ઊભો કરે છે કે આ સ્પર્શ સારો અને આ ખરાબ. એ મિથ્યાદૃષ્ટિનું ભૂતડું છે કહે છે. સમજાણું કાંઈ? ભારે! આ તો અંદરનો મિથ્યાત્વનો કાંટો કેમ ઊગે છે એની વાત કરે છે. ભ્રમણા, ભ્રમણા. ભગવાનને ભ્રમણા થાય છે.

વળી, '**અશુભ અથવા શુભ ગુણ...**' ગુણ. '**તને એમ નથી કહેતો કે 'તું મને જાણ';...**' જગતના ગુણ હોય છે ને? વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કે કેવળીના કેવળજ્ઞાન ગુણ આદિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એ કેવળીના કેવળજ્ઞાન આદિ ગુણ અને ગુરુના, ધર્મના દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણ અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના વર્ણ, ગંધ આદિની પર્યાયના ગુણ. શુભ કે અશુભ એમ નથી કહેતા. તેમ જગતના અવગુણ. મિથ્યાદૃષ્ટિનો અવગુણ. પુદ્ગલના પરમાણુના દુર્ગંધ આદિ વગેરે અશુભ. એ શુભ-અશુભ ગુણ તને નથી કહેતો કે તું મને જાણ. એમ કહે છે? આહાહા..! ક્યાં લીધી વાત!

વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ગુણવાળી દશા કે જ્ઞાનીની ગુણદશા, એ ગુણદશા એમ કહેતી નથી કે તું જાણવા રોકા મને. તેમ જ્ઞાન પોતાનું છોડીને તે ગુણને અડતું નથી. જ્ઞાનની દશા એને અડતી નથી. એય..! વજુભાઈ! કહો, સમજાય છે કાંઈ? સાક્ષાત્ ભગવાન પરમાત્મા હો ગુણના ધરનાર. ગુણ એટલે પર્યાય છે ને મૂળ? અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ગુણ હોય એના ગુણ. તો ગુણ તો જાણવાલાયક છે. જ્ઞાન એને જાણે. જ્ઞાન પોતાનું છોડીને એની ગુણની દશાને અડતું નથી. એ ગુણ એમ કહેતા નથી કે તું અમને જાણવા માટે રોકા. એમ કહે છે? ભારે વાત ભાઈ!

'**અશુભ અથવા શુભ ગુણ તને એમ નથી કહેતો કે 'તું મને જાણ'; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને...**' જોયુંને! બુદ્ધિના વિષયમાં આવ્યા. ઓલું પાંચ ઈન્દ્રિયમાં ગયું. હવે મન આવ્યું. '**बुद्धिविसयमागदं**'. જ્ઞાનમાં ખ્યાલ આવ્યું કે આ. બસ એટલું. પણ એને ઠેકાણે આ સારા અને આ નરસા એવા ભાગ તેં ક્યાંથી પાડ્યા? કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૂંચવણ આવી. શું છે કે નહિ પણ એમાં?

મુમુક્ષુ :- છે તો ખરી પણ...

ઉત્તર :- આહાહા..! એ તો જગતનું જ્ઞેય છે એમ કહે છે અહીં. કેવળજ્ઞાની હો, ગુરુ હો કે શાસ્ત્ર હો. સમજાય છે? કે પુદ્ગલની પર્યાય હો. શાસ્ત્ર લ્યોને, શાસ્ત્રની પર્યાય. આહાહા..! શું એમાં ગુણ ભર્યા છે વાણીમાં! પણ વાણીના ગુણ તે વાણીના છે. એમાં આત્માના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણ ક્યાં આવ્યા? સમજાય છે? એ તો સ્પર્શની પર્યાય. એના શબ્દ, રંગની પરિણતિ તો એમાં હોય છે એની પર્યાય. એમાં ભગવાનના ગુણ આવ્યા? અને ભગવાનના ગુણમાં એ શબ્દ આવ્યા? અને એ શબ્દની પર્યાય અને ગુણની પર્યાયમાં આ જ્ઞાન ત્યાં ગયું? અને એ શબ્દની પર્યાય અને એ ગુણ એમ કહે છે કે અમને જાણવા તું રોકા? એય..! નેમિદાસભાઈ! ભારે કામ આકરું હોં! કહે છે. વટેમાર્ગુ ચાલ્યો આવ્યો એમાં વચમાં આવી ચીજ, એ તને કહેતી નથી કે જાણવા રોકા અને તું ત્યાં જાતો નથી. શું થયું? વચ્ચે વળગ્યું શું આ ભૂતડું? એમ કહે છે. રસ્તે ચાલતા-ચાલતા? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં?

કોણ કોનો દુશ્મન અને કોણ કોનો મિત્ર અને કોણ કોની નિંદા (કરે)? આવે છે ને? કોણ કોની નિંદા કરે? નથી આવતું? યોગસાર. આવે છે? મોઢે શું છે? બોલોને. ત્યાં સવારમાં તો બોલો છો દરરોજ. સાથે સાથે બોલતા હશો. આવે છે ને એમાં? કોણ કોની સેવા કરે? કોણ સેવે પૂજે કોણ? એવું આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કોની સ્પર્શના સ્પર્શતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આવ્યું. એની પાસે હશે. કોની કરે નિંદા અને કોની કરે પ્રશંસા? સમજ્યાને? કોણ કરે પૂજા અને કોની કરે સેવા? કોનો કરે સ્પર્શ અને કોનો અસ્પર્શ? આ સ્પર્શ પણ છે એ તો જગતની ચીજો છે જગતમાં. આહાહા..! ભારે પણ સમયસારમાં ગજબ વાતું કરી છે! ટૂંકામાં મિથ્યાત્વના કાંટા કેમ ઊભા થાય છે ભ્રમણાના (ઈ કહે છે). સમજાણું કાંઈ?

ભાઈ! તને વસ્તુના સ્વભાવની ખબર નથી ને પ્રભુ! તું તો જાણનાર ચૈતન્ય છો. જાણનાર કોઈને જાણવા માટે રોકાય એવું પણ નથી. તેમ એ ચીજ એમ નથી કહેતી કે અમને જાણ. એ તો સૌના પરિણમને સૌ પરિણમી રહ્યા છે. છતાં તને આ વચ્ચે ભૂતડું એમ કેમ થઈ ગયું કે આ ગુણ સારો અને આ ગુણ નરસો? એ કાંઈ નરસું-સારું છે નહિ. તે તે જીવની તે પ્રકારની તે વખતની તે પર્યાયનું પરિણમન છે. એમ પુદ્‌ગલનું પણ તે તે પ્રકારના ગુણનું પરિણમન છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

હવે રહ્યું દ્રવ્ય. '**અશુભ અથવા શુભ દ્રવ્ય...**' દ્રવ્ય એટલે વસ્તુ. ઓલો ગુણ હતો. ઓલી બધી પર્યાયો લીધી હતી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? દ્રવ્ય-દ્રવ્ય. જગતના દ્રવ્ય. સિદ્ધ દ્રવ્ય અને સંસારી દ્રવ્ય. કે પરમાણુ એક રજકણ અને સ્કંધ દ્રવ્ય. તેને એમ નથી કહેતું કે તું મને જાણ. એ દ્રવ્યમાં છે કે તું મને જાણ એમ કહે છે? અને '**આત્મા**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પણ (પોતાના સ્થાનથી છૂટીને) બુદ્ધિના વિષયમાં આવેલા...**' જોયું! બેયમાં બુદ્ધિનો વિષય મન. અને પાંચ ઈન્દ્રિય અને મન આવ્યું. મનના વિષયમાં આવ્યું કે આ છે એટલું. પણ એ કાંઈ આત્મા પોતાના સ્થાનને છોડીને '**બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને ગ્રહવા જતો નથી.**' મનમાં ખ્યાલ આવ્યો કે આ આત્મા છે, આ અરિહંત છે, આ સમેદશિખર છે, આ ફલાણું છે, ઢીંકણું વગેરે. એ કાંઈ જ્ઞાન છોડીને પકડવા જાય છે? એ તો બેયમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વ અને પરની ભિન્નતામાં એકતા ક્યાં કરી તેં? એમ કહે છે લ્યો! તારું તત્ત્વ ભિન્ન અને એ તત્ત્વ ભિન્ન. એના પછી શબ્દ આદિના પર્યાયો કે ગુણ કે એનું દ્રવ્ય તદ્દન ભિન્ન છે. એ દ્રવ્ય કાંઈ તને કહેતું નથી કે અમને જાણવા રોકાઈ જા. આહાહા..! માન માટે તો મરી જાય છે ને માણસ. જુઓને! માન માટે અને અપમાન થાય તો જાણે હાય-હાય મરી ગયા રે મરી ગયા. અને જશના જીવન બાપા તે વિના જીવ્યા શું? કહે છે ને એવું કાંઈક? ભાષા એવી આવે છે લોકોની.

મુમુક્ષુ :- જશ જાનગરો.

ઉત્તર :- જશ જાનગરો. બાપુ! જશ હોય તો જીવ્યા કહેવાય. અહીં કહે પણ જશ કોનો? એ તો જડની પર્યાય છે. એમાં તું ક્યાં ગરી ગયો જશમાં? તારું તત્ત્વ ભગવાન ચૈતન્યમૂર્તિ, એનું તત્ત્વ એની પર્યાયે પરિણમેલા એના અસ્તિત્વમાં. એમાં સારા-નરસાની તારી કલ્પના એ બધો અજ્ઞાનભાવનો ભાવ છે કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? મૂઢ જીવ! જુઓ!

બુદ્ધિના વિષયમાં આવેલા... આવું જાણીને પણ. જુઓ! આમ ભાષા છે. એવો લીધો છે ખબર છે કે આ જ્ઞાન ત્યાં જાતું નથી, એ અહીં આવતું નથી એ અમને કહેતા નથી. એમ તો જાણ્યું શાસ્ત્રથી. એમ જાણીને પણ મૂઢ જીવ ઉપશમને પામતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરતો નથી. એ જ્ઞેય તે જ્ઞેય અને હું તો જાણનાર. મારે ને એને કાંઈ સંબંધ નથી. એવી બુદ્ધિને પ્રાપ્ત થતો નથી. એ વિશેષ કહેશે લ્યો....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૧, રવિવાર તા. ૧૭-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૭૩ થી ૩૮૨, પ્રવચન-૪૨૯**

૩૭૩ થી ૩૮૨ ગાથા. છેલ્લો એક ગાથાનો અર્થ રહી ગયો છે થોડો. શબ્દાર્થ રહ્યો શબ્દાર્થ. શું કહ્યું? કે આ જગતના શબ્દો જે થાય છે એ પુદ્‌ગલની પર્યાય છે. કોઈ નિંદાના કે પ્રશંસાના જે શબ્દો છે એ પુદ્‌ગલ પરમાણુની એક પર્યાય છે. એમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પણ એક જડની અવસ્થા છે. એ પુદ્‌ગલો એમ નથી કહેતા કે તું અમને જોવા રોકા અને અમને ગ્રહણ કર. સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ છે પોતામાં છે, પોતાના ક્ષેત્રમાં અને પોતાના ભાવમાં છે. એ પોતાનું સ્થાન છોડીને નિંદા, પ્રશંસાના શબ્દોને કે વર્ણ, ગંધ, રસ, સ્પર્શની પર્યાયને જાણવા ત્યાં પોતાનું ક્ષેત્ર છોડીને જ્ઞાન ત્યાં જતું નથી. તેમ તે શબ્દો અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એમ કહેતા નથી કે તું અમને જાણ. એ તો પુદ્‌ગલની પર્યાય સ્વતંત્ર જગતમાં થાય છે. આમ હોવા છતાં, એમ કહે છે. દ્રવ્ય અને ગુણ એ પણ એક જગતમાં.. દ્રવ્યો એટલે વસ્તુ છે અને એના ગુણો એ પણ એક જગતની ચીજ છે. એ એમ કહેતા નથી કે તું અમને જાણવા રોકા. કહો, સમજાણું કાંઈ? છતાં આવું જાણીને પણ. એમ આવ્યું છેલ્લે. એ બધી ચીજો એના અસ્તિત્વમાં છે અને આ જ્ઞાન પોતાની હયાતીમાં છે-આત્મા.

છતાં '**આવું જાણીને પણ મૂઢ જીવ ઉપશમને પામતો નથી;...**' શાંતિની શ્રદ્ધા અને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરતો નથી. એને એમ છે કે આ શબ્દો છે એ મને નુકસાન કરે છે. એ જ્ઞેય છે એ નુકસાન કરનારા નથી તેમ એ જ્ઞેય છે તે લાભ કરનારા નથી. ફક્ત એ શબ્દો આદિ સાંભળીને અજ્ઞાનીને એમ થાય છે કે મારી નિંદા કરી, આ મારી પ્રશંસા કરી. તો તું ક્યાં ત્યાં હતો કે તારી નિંદા-પ્રશંસા ત્યાં થઈ? તું તો તારામાં છો. નિંદા અને પ્રશંસા તો જડની-પુદ્‌ગલની અવસ્થા છે. કહો, સમજાણું કાંઈ?

એમ અવગુણીને દેખીને અવગુણ છે જગતમાં, તો અવગુણની પર્યાય એમ કહેતી નથી કે અમને જાણવા રોકા. એનો અવગુણ હોય જગત પાસે. એમ કેવળજ્ઞાની અને ધર્માત્માના જ્ઞાનની પવિત્ર દશા એ એની પાસે છે. એ એમ કહેતી નથી (કે) અમને જાણવા તું રોકા. સમજાય છે કાંઈ? અને જ્ઞાન પણ પોતાના સ્થાનથી છૂટીને ત્યાં જાતું નથી. એ તો જાણવાયોગ્ય વસ્તુ છે અને આત્મા જાણનાર છે. એમ ન માનતા એ જાણવાયોગ્ય વસ્તુને ઠીક-અઠીક માનીને મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વ ભાવમાં રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે. કહો, સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહો, વજુભાઈ! આ ભગવાનને દેખીને કહે છે કે ભગવાનને દેખીને ભગવાન આ સારા અને આ ખોટા એવું એમાં ક્યાં છે? એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ભગવાન..

ઉત્તર :- ભગવાન એને ઘરે રહ્યા. આમાં ક્યાં આવ્યા?

મુમુક્ષુ :- .. દેખીએ તો પ્રમોદ આવે કે ન આવે?

ઉત્તર :- એ જ કહે છે કે એને લઈને પ્રમોદ આવે છે એ મિથ્યાદૃષ્ટિને અધિકપણું-ભિન્નપણું ભાસે છે. એ જાણે આને લઈને મને રાગ થાય એમ કહે છે ઈ. કહો, સમજાય છે? જ્ઞાનીને રાગ થાય. પણ એ રાગ, આ ગુણી છે અને આ અવગુણી છે એ માટે રાગ થતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ રાગ. જ્ઞાનીને રાગ છે નહિ. છતાં રાગ થાય છે અસ્થિરતાનો એ રાગ એવો છે કે નબળાઈનો રાગ થાય. એ કાંઈ અજ્ઞાનથી રાગદ્વેષ છે નહિ. માટે જ્ઞાનીને રાગદ્વેષ છે નહિ. ઝીણી વાત છે, ભાઈ! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એ તો. ચૈતન્યપ્રકાશનું પૂર. ચૈતન્યના નૂરનું પૂર છે આત્મા. હવે કહે છે કે એમાં રાગ-દ્વેષ ઉત્પન્ન કેમ થાય છે આ? એ ચીજને લઈને થાય છે? કે ચીજમાં તો જાણવાયોગ્ય વસ્તુ છે એ કાંઈ ચીજ કોઈ રાગદ્વેષ કરાવતી નથી. આ જ્ઞાનને લઈને થાય છે? તો જ્ઞાનનો સ્વભાવ તો જાણવું છે એમાં રાગદ્વેષ ક્યાંથી થયા? પણ એમ ન જાણતા જણાવાયોગ્ય ચીજમાં આ ઠીક અને અઠીક એવી કલ્પના કરીને જ્ઞાન એ ખંડ ખંડ કરીને અજ્ઞાનપણે તે રાગદ્વેષ ઉત્પન્ન કરે છે. તેને અહીંયાં રાગદ્વેષ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**આવું જાણીને પણ...**' એટલે કે એને શાસ્ત્રના શબ્દોનો ખ્યાલ આવ્યો કે આ આમ કહે છે... આમ કહે છે. આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતામાંથી ખસીને બહાર જતો નથી અને બહારની ચીજ એને કહેતી નથી કે અમને તું ઠીક-અઠીક માન. કહો, સમજાણું કાંઈ? કહે છે? ત્યારે કોઈ કહે કે સ્ત્રી કહે લ્યો. સ્ત્રી કહે કે અમને તું ઠીક માન. પણ એ સ્ત્રીના શબ્દો ક્યાં છે? એ તો પુદ્ગલની પર્યાયના શબ્દો છે. સમજાણું કાંઈ? એ તો પુદ્ગલની પર્યાયના શબ્દ છે. એ સ્ત્રીના આત્માના નથી. તો એ શબ્દ એમ ક્યાં કહે છે કે અમને તું જાણવા રોકા. સમજાણું કાંઈ? અટપટી વાત છે. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એવા તત્ત્વને એ રીતે માન્યું ત્યારે કહેવાય કે જ્ઞેયને જાણવાયોગ્ય જાણે એ ખરો, પણ જ્ઞેયને જાણતા ઠીક-અઠીક કલ્પે છે એ માન્યતા મિથ્યાત્વથી ઉત્પન્ન થયેલી છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'આવું જાણીને પણ મૂઢ જીવ...'** પોતાના જ્ઞાનસ્વભાવને ન જાણતો અને જણાવાયોગ્ય વસ્તુ એને રાગદ્વેષનું નિમિત્ત નથી. એ રાગદ્વેષ કરાવતું નથી. **'ઉપશમને પામતો નથી;...'** હું જ્ઞાનસ્વરૂપ છું, હું તો જાણનાર છું એવી દૃષ્ટિ કરીને શાંતિની પ્રાપ્તિ કરતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્યાં જાણવામાં એમ આવે છે. આ હીરોભાઈ મારો દીકરો છે એમ આવે છે અંદર. એ તો જગતની ચીજ છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો જાણ્યું..

ઉત્તર :- જાણવામાં ક્યાં આવ્યું? જાણવા ઉપરાંત એને જાણવા ઉપરાંત કહ્યું એણે કે આ મારો અને મને ઠીક છે. એ ક્યાં એમ કહે છે. તારા જ્ઞાનમાં એમ છે? વસ્તુમાં એમ છે?

મુમુક્ષુ :- જ્ઞાનમાં ઠીક છે એમ નથી?

ઉત્તર :- જ્ઞાનમાં ઠીક છે. જ્ઞાન તો જાણે છે. જ્ઞાન તો જાણે છે કે આમ છે. ઠીક ક્યાંથી લાવ્યો? ઠીક ક્યાં છે પણ? જ્ઞાનમાં એવું છે ઠીકનું? શું કીધું?

આ તો વીતરાગદેવ કહે છે કે જે તત્ત્વ જે રીતે છે તેને તેમ માનતો નથી. તત્ત્વની વિપરીત દૃષ્ટિ કરે છે એમ અહીં બતાવે છે. જણાવાયોગ્ય આત્માઓ અને અજીવ જગતમાં. ભગવાને છ દ્રવ્ય કહ્યા. પરમેશ્વર પરમાત્મા કેવળીએ છ વસ્તુ જગતમાં જોઈ. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. હવે એ ચીજો છે. એમાં એમ એ ચીજમાં છે કે આ ચીજ મારી છે, અમને ઠીક છે એવું છે એમાં? કહો, સમજાણું કાંઈ? કઈ ચીજને મારી માનવી? કહે છે. આ આત્મા જાણનાર છે અને એ સંબંધીનું જ્ઞાન એનું પોતાનું છે. એ એના સંબંધનું જ્ઞાન છે એનામાં. એ એનું છે. પણ આ ચીજ મારી છે અને મને ઠીક પડે છે એવું વસ્તુમાં ક્યાં છે? કે તને અજીવ અને જીવની સ્થિતિ છે એની પણ શ્રદ્ધાની તને ખબર નથી. અને તારો આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની પણ તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. એમ કહે છે. આહાહા..! ઝીણી વાત છે. આવી કાંઈ ગાથા મૂકી છે તો કારણે મૂકી હશે કે નહિ? સમજાણું કાંઈ?

પ્રશંસા થાય શબ્દોથી લ્યો! એ કહે કે મારી પ્રશંસા થઈ. મને વખાણે છે. તને વખાણે છે? એ તો શબ્દની પર્યાય છે. તું અહીં છો ઈ ત્યાં ગયો છો? અને નિંદા-પ્રશંસાની પર્યાય અહીં આવી જાય છે? અહીં તો એ સંબંધીનું જ્ઞાન કરનારો સ્વપરપ્રકાશક આત્મા જાણે છે. જાણવા ઉપરાંત આટલું નાખ્યું કે આ મારી સ્તુતિ કરે છે. એ મિથ્યાદૃષ્ટિ, વસ્તુનું સ્વરૂપ એમ નથી એથી ઊલટી દૃષ્ટિ કરી અને દ્વેષ કરે છે. અને સ્તુતિ કરનાર પ્રત્યે રાગ કરે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ કહે છે. સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! શું હશે આમાં પણ? સારા છોકરાને સારા તરીકે માનવામાં વાંધો શું? શું કરવું આમાં? એઈ..! ન્યાલચંદભાઈ! આ છોકરો રળાઉ જાગ્યો સારો. કર્મી ઘરમાં. અને હુશિયાર જાગ્યો, જેને પાંચ-પાંચ લાખની પેદાશું લ્યો મહિને મહિને. કહો, સમજાણું? તો હવે એને આ કહે કે વાહ ભાઈ વાહ! દીકરો તો ખરો ને. અરે..! પુત્ર તો એને કહીએ કે પિતાને પવિત્ર કરે. આવે છે કે નહિ એવું? લોકો એમ કહે છે. ભાઈ! અમને તો પવિત્ર કર્યા ભાઈએ. આહાહા..! આવી લક્ષ્મી અને આટલી આબરૂ! અને તેં તો નામ કાઢ્યા બાપા! અને મારું નામ પણ ભેગું આવ્યું. મૂર્ખ છો કહે છે. હવે નામ કે દિ' તારું હતું અહીંયાં?

મુમુક્ષુ :- બાપનું નામ તો ભેગું લખાય ને.

ઉત્તર :- બાપ ક્યાં હતો પણ. આત્માને બાપ કેવો? આત્મા તો આત્મા છે. એને બાપ છે? એ બાપે આત્માને ઉત્પન્ન કર્યો છે? આત્મા તો એનો છે. સ્વતંત્ર છે. એના શરીરે ઉત્પન્ન કર્યું છે આત્માએ? એ તો શરીર સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત કરી, વ્યવહારની વાત...

ઉત્તર :- પણ વ્યવહાર શું? વ્યવહાર તો બોલવાનો છે કે આ નિમિત્ત હતું માટે દીકરો બોલવાની વાત છે. ખોટી રીતે બોલવાની વાત છે. કહો, સમજાણું આમાં? આ દીકરો ને આ બાયડી. આહાહા..! અને બધાના ઘરમાં હશે માણસ. પણ એ અમારું માણસ ઘરનું છે એ તો.. બહુ એમ બોલે છે, કેટલાક વાતું કરે છે.

એક જણો કહેતો હતો બહુ જ્યારે નામ આવ્યું માથે એને ત્યારે. ભાઈ અમારે ઘરની બાઈ તો સોજી છે, સુંવાળી છે. અમે ઘર મૂકીને કાંઈ બહાર જઈએ? સમજાણું કાંઈ? એમ કહેતો હતો. એક જણને માથે આવ્યો આરોપ. ત્યારે એ એમ બોલ્યો વળી. એમ અમારી ઘરની બૈરા તો બિચારી સોજી છે, ગરીબડી છે. એને દુઃખ થાય એવું અમે બહાર ચલીને કોઈને કરીએ? એમ બોલે. સમજાણું કે નહિ? આહાહા..! આ બધી સાંભળેલી વાતો, હોં! વ્યક્તિગત બધું સાંભળેલું. અહીં તો બધું જાણ્યું હોય ને, ક્યાંથી આ નાડ પકડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણા હોય. અહીં તો કહે છે કે પણ બાયડી તારી નથી ત્યાં વળી આ (શું આવ્યું?) એ તો આત્મા છે. આ આત્માનો એ આત્મા છે? આ આત્માનું એ શરીર છે? આ આત્માનું શરીર છે? શરીરનું શરીર અને એના આત્માનો આત્મા. કહો, લક્ષ્મી આત્માની છે? આત્મા લક્ષ્મીનો છે? મકાનનો આત્મા છે? આત્માનું મકાન છે? કહો, આ રાજ છે. રાજપાટ હોય. ચાલો. તે રાજપાટનો આત્મા છે? આત્મા રાજપાટનો છે? રાજપાટ આત્માના

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? સૌના સૌ. વાત એ જ છે. અહીં તો એ સિદ્ધ કરવી છે. છતાં અંતરમાં જાણવાનું મૂકી દઈ અને આ મારું છે અને મને ઠીક છે એ મિથ્યાદૃષ્ટિ મારું માનીને રાગને ઉત્પન્ન કરે છે અને પ્રતિકૂળ કરે તો એ મને નુકસાન કરે છે માટે એમ માનીને દ્વેષને ઉત્પન્ન કરે છે. એ નુકસાન કરનારું કોઈ પરદ્રવ્ય છે નહિ. કહો, સમજાણું આમાં?

આચાર્યે જુઓને '**આવું જાણીને પણ...**' એના જ્ઞાનમાં એમ આવે છે ક્ષયોપશમમાં, કહે છે. હું કાંઈ પર પાસે જાતો નથી. એ પરવસ્તુ મને કહેતી નથી અને લલચાવતી નથી, એ કાંઈ બોલતી નથી, જડ શબ્દો આદિ. પણ '**આવું જાણીને પણ મૂઢ જીવ...**' તારા આનંદસ્વરૂપને, જ્ઞાનસ્વરૂપને ભૂલી અને '**ઉપશમને પામતો નથી;...**' શાંતિને પામતો નથી. હું તો આત્મા છું. પરને અને સ્વને જાણનાર-દેખનાર મારી દશા છે. મારી દશામાં બીજું હોઈ શકે નહિ. એમ એ માનતો અને થતો નથી.

કેમ કે '**શિવ બુદ્ધિને નહિ પામેલો...**' શિવ નામ '**(કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને) નહિ પામેલો...**' સમ્યગ્જ્ઞાનને નહિ પામેલો એ આ ચીજ ઠીક-અઠીક એમ માને છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે કહે, કોઈને એમ કહે કે ભાઈ, આ તો જ્ઞાનીને રાગ તો થાય છે કે આ સારું, આ નરસું. કહો, ઊની ઊની રોટલી આવે તો ઠીક પડે. ટાઢી હોય તો ના પણ પાડે, કહે, આ નહિ. બીજી (લાવો). તો એમ થાય કે નહિ? એય..!

મુમુક્ષુ :- આપ ના પાડો છો.

ઉત્તર :- એ વિકલ્પ આવે એ એની અસ્તિની પ્રતીતમાંથી નથી આવ્યો. અસ્તિમાં પ્રતીતમાં તો હું જ્ઞાન અને આનંદ જ છું. મારામાં બીજું કાંઈ છે નહિ. અસ્થિરતાનો વિકલ્પ છે તેને અહીં ગણવામાં આવ્યો નથી. અહીં તો મિથ્યાત્વનો વિકલ્પ છે એને ગણવામાં આવ્યો છે. જે મૂળ છેદી નાખે છે આત્માનું એની વાત છે આ. આહાહા..! ઓલો વિકલ્પ અસ્થિરતામાં જાય છે. એ વસ્તુ જ્ઞેયમાં જાય છે. પોતામાં (નથી ભેળવાતી). સવિકલ્પી જીવ છે જ નહિ જ્ઞાની. એ આવી ગયું છે ને. સવિકલ્પી તે કર્તાભોક્તાપણાથી મટતો નથી. વિકલ્પ કર્તા. એ શું કીધું?

જેણે રાગ સહિત આત્મા છું એવું જેણે માન્યું છે મિથ્યાદૃષ્ટિએ, એને રાગનું કરવાપણું અને ભોગવવાપણું મટતું નથી. એ ધર્મી નથી. કેમ કે આત્મા રાગસહિત છે જ નહિ. રાગ એ તો વિકાર છે. આત્માનો સ્વભાવ તો આનંદ શુદ્ધ જ્ઞાનાનંદ છે. એવા સ્વભાવ સાથે હું રાગ સહિત છું, રાગ સહિત છું એમ માન્યું તો એ મિથ્યાત્વ છે. તો પછી આ બાયડી સહિત છું અને છોકરા સહિત છું, શરીર સહિત તો ક્યાંય રહી ગયું. આહાહા..! ભારે વાત ભાઈ! વીતરાગમાર્ગ તેને સમજવો.. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પુણ્યનો વિકલ્પ ઉઠે એ પણ મારો છે અથવા મારા સ્વભાવને કંઈ પણ તે મદદ કરે છે એવી માન્યતા એ સ્વભાવની નિરપેક્ષ દૃષ્ટિ અને નિરપેક્ષ સ્વભાવનું જ્ઞાન નથી. કલ્યાણકારી બુદ્ધિ અને જ્ઞાન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ ટીકામાં નથી આવતું આ. ટીકામાં એકલું રાગદ્વેષ કરે છે એમ લઈ લીધું છે. આમાં મૂળ અર્થમાં. શબ્દ આમાં આટલો પડ્યો છે.

શિવ નામ બુદ્ધિ. '**શિવ બુદ્ધિને (કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને) નહિ પામેલો...**' સમ્યગ્જ્ઞાન પામ્યો હોય, ધર્મ પામ્યો હોય, એને તો કોઈ ઈષ્ટ અનિષ્ટ વસ્તુને દેખીને ઈષ્ટ અનિષ્ટપણું એનું થતું જ નથી. કારણ કે વસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું છે જ નહિ. આ મારું અને આ એનું એવું જ્ઞાનીને છે જ નહિ. આહાહા..! શિષ્ય મારો અને આ શત્રુ-દુશ્મન (એમ) જ્ઞાનીને છે જ નહિ. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં.

મુમુક્ષુ :- ભગવાનને તો ઘણા શિષ્યો હતા.

ઉત્તર :- કોઈ નહોતું એકેય. વ્યવહારથી કહેવાય છે ત્યાં હતું, એક નિમિત્તથી. એના જ્ઞાનમાં એકેય મારો શિષ્ય છે અને હું શિષ્યનો છું એમ છે નહિ. જ્ઞાન એમ નથી કહેતું. સમજાણું કાંઈ?

આ તો તત્ત્વ જે ભિન્ન છે, એને એનાથી ભિન્ન આત્મા છે એની સાથે મેળ કરવો એ મિથ્યાત્વ છે એમ સિદ્ધ કરે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આ બધા અને દ્રવ્ય અને ગુણ એ બધા પર છે. એને તું જાણનાર છો એ તારામાં રહીને એટલી વાત બરાબર છે. પણ તારું જ્ઞાન એને જાણવા ત્યાં જાય છે એમ નથી, તેમ તે એમ તને કહેતા નથી કે તું તારા જાણવાની દશા અમારા માટે રોક જાણવા માટે. છતાં વચમાં ગળેપડું... બાયડી જ્યાં જોડે આવી તો કહે આ મારી. છોકરો આવ્યો તો કહે મારો, પૈસા આવ્યા તો મારા, મકાન આવ્યું મારું, આ પાપના પરિણામ થયા તો મારા, પુણ્યના પરિણામ થયા તે મારા, કર્મના નિમિત્તના સંગે ઉપાધિ થઈ તે મારી. આહાહા..! કહે છે, અનાદિની ભ્રમણા લાગી ભાઈ તને. ભગવાન પરમેશ્વર કહે છે એવા તત્ત્વની તને શ્રદ્ધા નથી. તત્ત્વની શ્રદ્ધા હોય તો પર તે પરપણે છે, રાગ તે રાગપણે છે અને ભગવાન જ્ઞાન તે જ્ઞાનપણે છે. એમ નક્કી કરતાં એને રાગ મારો છે અને પર મારો છે અને પરમાં ઠીક-અઠીક છે એવી બુદ્ધિ જ્ઞાનીને રહેતી નથી. સમજાણું કાંઈ? જુઓ!

'**परस्य विनिर्ग्रहमनाः**' '**પરને ગ્રહવાનું મન કરે છે.**' એટલે પકડે છે પરને એમ. એ આ ઠીક છે મને હોં, આ મને અઠીક છે. બેય રાગદ્વેષ કરીને પકડાઈ જાય છે રાગદ્વેષમાં. સમજાણું કાંઈ? આહાહા..! ઈન્દ્રના ઈન્દ્રાસનમાં બેઠેલા સમકિતી. કરોડો અપ્સરાઓ છે. ગંધ પણ નથી અંદરમાં. આ મારી અને હું એનો અંદર વિકલ્પ છે જ નહિ. આહાહા..! સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? છન્નું હજાર સ્ત્રીઓ ચક્રવર્તીને હોય. અહીં કહે છે કે ન હોય. ભાષા જુઓ!

મુમુક્ષુ :- એક શાસ્ત્રમાં કહે કે હોય, બીજા શાસ્ત્રમાં કહે કે ન હોય.

ઉત્તર :- વર્ણન આવે. તીર્થંકર ચક્રવર્તી હોય તીર્થંકર લ્યોને. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ભગવાન. સોળમા, સત્તરમા, અઢારમા. એ ચક્રવર્તી હતા અને તીર્થંકર હતા. ઇન્દ્રો જેની સેવા કરતા અને છન્નું હજાર સ્ત્રી તો પદમણી જેને ઘરે હતી. એમ કહે ત્યાં. અહીં કહે સમ્યગ્દૃષ્ટિ જીવ, કે એ સ્ત્રીઓ મારી છે અને હું એનો પતિ છું એમ અંતરમાં માનતા નથી. અને એ પત્ની અને હું પતિ એમ જો માને (તો) મિથ્યાદષ્ટિ છે. કારણ કે એ તત્ત્વ એનું નથી અને એને માને એનું નામ મિથ્યાદષ્ટિપણું છે. એમ અહીં સિદ્ધ કરવું છે. ભારે આકરું. કહો, પ્રવિણભાઈ!

‘**પરને ગ્રહવાનું મન કરે છે.**’ પોતે આત્મા છે તેમાં એકાગ્ર થતો નથી. શુદ્ધ ચૈતન્યને પકડતો નથી. અહીં કહે છે, એ આ ઠીક, આ અઠીક. આ મને ઈષ્ટ પડે છે, આ મારા છે અને આ તારા છે. આ દુશ્મનો છે. દુશ્મન અને મિત્ર આ જગતમાં કોઈ ચીજ જ નથી. સમજાય છે? એ તો જગતની ચીજ છે એ પોતાનું પરિણમન થઈને રહેલી છે. એમાં તું કહે કે આ મારો મિત્ર, એનો અર્થ કે નથી ને માનવું એ મિથ્યાદષ્ટિની કલ્પના છે. કહો, સમજાણું આમાં? આહાહા..! કાલે તો ઘણું કહેવાઈ ગયું છે. આ તો થોડું આ એક છેલ્લી ગાથાનું બાકી હતું એક થોડું. લ્યો, એ ત્યાં આવ્યું હવે. હવે એની ટીકા.

‘**પ્રથમ દષ્ટાંત કહે છે : આ જગતમાં બાહ્યપદાર્થ ઘટપટાદિ-**’ હવે ઘડો અને વસ્ત્ર. આ ઘડો અને વસ્ત્ર આદિ પદાર્થ છે કહે છે. એ દષ્ટાંત આપે છે હોં! સિદ્ધાંત પછી આવશે. ઘટ અને પટ. પટ એટલે વસ્ત્ર આદિ. ‘**જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે...**’ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને. બે પુરુષ લીધા. દેવદત્ત અને યજ્ઞદત્ત. એવા પુરુષને હાથ પકડીને કહે યજ્ઞદત્તને અને ઓલો દેવદત્ત હાથ પકડીને (કહે). એને કાર્યમાં જોડે. જો આ કાર્ય કર. દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને એમ કહે કે આ કાર્ય કર.

‘**તેમ દીવાને સ્વપ્રકાશનમાં જોડતો નથી...**’ શું કીધું? બાહ્ય પદાર્થ... શું કહે છે? આ ઘટપટ પડ્યા છે. અહીં ઘડો છે, વસ્ત્રો છે, કોયલા છે, સોનું છે, દાગીના પડ્યા છે. એમાં એક દીવો છે. હવે એ દીવો પ્રકાશે છે, બસ. અને ત્યાં દીવાના પ્રકાશમાં ઘટપટ, ઘડા, માટલી, લોટ, દાળ, ભાત, શાક, ઘી, લાડવા પડ્યું છે. લ્યો! સમજાય છે? હવે કહે છે, ‘**જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને...**’ કહે કે જો આ કાર્ય કરવું પડે તારે. ‘**તેમ, દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને**

**પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી...**' સમજાય છે કાંઈ? કોણ? ઘટપટાદિ પદાર્થ. '**તું મને પ્રકાશ,...**' એમ કહેતા નથી. દીવાને એમ કહે છે? દીવાના પ્રકાશમાં પડેલા પદાર્થો. કોલસા, લાકડા, લાડવા, દાળ, ભાત, શાક પડ્યા હોય. એ ચીજ એમ કહે છે કે તું મને પ્રકાશ? દીવાને કહે છે એ? એક વાત.

'**તું મને પ્રકાશ, અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી...**' લોહચુંબક નામનો જે પત્થર છે એમાંથી ખેંચાયેલી '**લોખંડની સોય...**' લોખંડની સોય ખેંચાઈ જાય છે ને? લોહચુંબક પથરો હોય અને સોય આમ હોય તો ખેંચાઈ જાય. '**સોયની જેમ...**' અહીં એ સિદ્ધ નથી કરવું હોં કે પોતાને કારણે જાય છે. અહીં તો ફક્ત લોહચુંબક પત્થર જેમ અહીં ખેંચાવા યોગ્ય સોય હોય તો આમ ખેંચાઈ જાય છે. '**સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને (બાહ્યપદાર્થને) પ્રકાશવા જતો નથી;...**' દીવો. દીવો જે આમ બળે છે. જુઓ! દૃષ્ટાંત પછી આત્મા ઉપર ઉતરશે. એ દીવો બળે છે એ દીવો કાંઈ ઘટપટ પાસે જઈને અડતો નથી. અને ઘટપટ એમ કહેતા નથી કે તું મને પ્રકાશ. કહો, બરાબર છે?

'**પરંતુ,...**' હવે મહાસિદ્ધાંત (કહે છે). '**પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' શું કહે છે જુઓ હવે. મહાસિદ્ધાંત છે. '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' એટલે? કે દીવાનો પ્રકાશવાનો સ્વભાવ ઘટપટાદિ દ્વારા પ્રગટ થતો નથી. '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' કોઈપણ વસ્તુની અવસ્થા પર વડે ઉત્પન્ન કરી શકાતી નથી. '**તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,...**' શું કીધું? દરેક દ્રવ્ય આત્મા છે, પરમાણુ છે. એની વર્તમાન અવસ્થાનો સ્વભાવ... શું કીધું? જુઓ! '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' આ દીવામાં પ્રકાશ થાય છે એ ઘટપટે ઉત્પન્ન કર્યો નથી. પર વડે ઉત્પન્ન કરી શકાતો નથી. એક વાત.

'**તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,...**' ઘટપટ છે એ દીવાને પ્રકાશતો નથી. પરને ઉત્પન્ન કરાવતો નથી. '**પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,...**' કોઈ વસ્તુનો સ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નથી. સ્વતઃ પોતાથી થાય છે. તેમ વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી. પરને ઉત્પન્ન કરી શકતો નથી. જ્ઞાનસ્વભાવ એ પોતે પરને ઉત્પન્ન કરી શકતો નથી. તેમ જ્ઞાનસ્વભાવ પર વડે ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું! વસ્તુનો સ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નથી. એટલે? માટીથી ઘડો થાય એ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કુંભાર તેને ઉત્પન્ન કરી શકતો નથી.

મુમુક્ષુ :- આ તો દીવાની વાત છે.

ઉત્તર :- આ તો દીવાની વાત છે. એ તો એની એ વાત છે ને. ઘડો કે દીવો. અહીં તો પ્રકાશ આત્મા ઉતારવો છે ને. અહીં તો આખો સિદ્ધાંત છે કે નહિ? એક જ સિદ્ધાંત આખો છે અહીં. વસ્તુસ્વભાવ પર વડે (ઉત્પન્ન કરી શકાતો નથી). આખો સિદ્ધાંત. ત્રિકાળી સ્વભાવ છે એમ કહે છે.

કોઈપણ વસ્તુનો સ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નથી. તેમ વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી. આ તો મહાસિદ્ધાંત આવ્યા ત્રણે કાળના. દીવાનો તો દાખલો છે. સમજાય છે? વજુભાઈ! વસ્તુનો સ્વભાવ... મહાસિદ્ધાંત. ત્રણે જેમ પહેલા આવી ગયા હતા ને ઓલામાં? દર્શન-જ્ઞાન અને ચારિત્રમાં. વસ્તુનો સ્વભાવ, પરમાણુ છે એમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે એ પર વડે ઉત્પન્ન કરી શકાતો નથી. એ તો પોતાને કારણે થાય છે. તેમ વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી. દીવા ઉપર જો લઈએ. એમ '**દીવો જેમ બાહ્ય પદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્ય પદાર્થની સમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે)**.' શું કહે છે? દીવો છે, જોડે પદાર્થ છે. તો સમીપ હોય તોપણ પોતાના સ્વરૂપથી દીવો પ્રકાશે છે અને દૂર હોય તોપણ પોતાના સ્વરૂપથી પ્રકાશે છે. સમીપતાને લઈને અહીં કાંઈ મદદ મળે છે એ દૂરને લઈને કાંઈ અહીં હાનિ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ન્યાયથી, લોજિકથી તો વાત કરે છે.

'**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' દીવાનો પ્રકાશ ઘટપટ પડ્યા છે એનાથી ઉત્પન્ન થતો નથી. કહો, બરાબર છે? તેમ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી. ઘટપટને ઉત્પન્ન કરી શકે દીવો? દીવાના પ્રકાશને ઘટપટ ઉત્પન્ન કરી શકે? કહો, સમજાણું આમાં? '**દીવો જેમ બાહ્યપદાર્થની...**' દૂરથી. દૂર હોય. બહુ દૂર હોય ઘટપટાદિ અને અહીં દીવો હોય, તોપણ તે રીતે પોતાથી પ્રકાશે છે. દૂર છે માટે કાંઈક પ્રકાશવામાં આકરું પડે છે એમ છે નહિ. અને પોતાના સમીપમાં પણ બાહ્ય પદાર્થની સમીપ દીવો હોય તોપણ '**પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ...**' શું કહે છે? સામી ચીજ. '**વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.**' શું કીધું? આ તો ભાઈ તત્ત્વની વાત છે જરી. અત્યારે તો આટલી ચાલતી નથી. બહારનું કરો, દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો. ધૂળેય નથી સાંભળને! હજી તત્ત્વની તો ખબર ન મળે. શું કરી શકે છે અને શું નથી કરી શકતો? પરનું કરી શકે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કે પરથી ઉત્પન્ન પોતામાં થાય છે એવું તો કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

ત્યારે હવે કહે છે, વસ્તુસ્વભાવ જ. એ ઘટપટાદિ કોલસા ને લાડવા ને સોનું પડ્યું હોય એ '**વિચિત્ર પરિણતિને પામતો...**' સામો '**એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.**' કહો, સમજાણું કાંઈ? કોલસાની પરિણતિ ત્યાં છે. એક લાકડા છે લાકડા. દીવાના પ્રકાશમાં. અને એ લાકડા બળે છે આમ પાછા. સમજાય છે? વિશુદ્ધ પરિણતિ થઈ ગઈ હોય એની. એમાં દીવાએ શું કર્યું? લાકડા છે દીવાના પ્રકાશમાં. દીવો પડ્યો છે આમ, અહીં લાકડું. અને એ લાકડા સળગવા લાગ્યા. વિચિત્ર પરિણતિ ત્યાં થઈ એમાં દીવાએ શું કર્યું? દીવાની વિક્રિયાને એણે શું કર્યું? દીવાની પર્યાયને એણે ... શું કર્યું? દીવો તો પોતાથી પ્રકાશે છે. પરવસ્તુની વિચિત્ર પરિણતિ તે દીવાના પ્રકાશને રુંધતી ને વિકાસ કરતી નથી. સમજાણું કાંઈ? કહો, આમાં બરાબર હશે? મલૂકચંદભાઈ!

કહે છે કે દીવા પાસે એક ડાહ્યો છોકરો બેઠો હોય અને એક ગાંડો બેઠો હોય. એ વિચિત્ર પરિણતિએ પડેલી છે એ ચીજ. એમાં દીવાને શું છે? દીવાને વિક્રિયા થાય છે? આ ગાંડો છે માટે દીવામાં કાંઈક હાનિ થાય અને ઓલો ડાહ્યો છે માટે કાંઈક દીવાનો પ્રકાશ વધે એવું છે કાંઈ? એ પાછું ઉતરશે આત્મામાં, હોં! આ તો હજી દાખલો આપે છે.

કોઈપણ ચીજની અવસ્થા થાય એ પર વડે ન થાય. એક વાત. એટલે દીવાની અવસ્થા થાય એ ઘટપટાદિથી ન થાય. સમજાણું કાંઈ? અને તે ઘટપટાદિ પણ બીજાને ઉત્પન્ન કરી શકે એમ છે નહિ. આહાહા..! એના દીવાના પ્રકાશમાં કોલસા હોય તો દીવાનો પ્રકાશ ઝાંખો પડતો હશે? સોનાના ઢગલા હોય તો દીવાનો પ્રકાશ વધતો હશે? એ તો પુદ્ગલની પરિણતિ સ્વતંત્ર ત્યાં થાય છે એને દીવો પ્રકાશે છે એટલી જ વાત છે. પણ પ્રકાશવામાં એ વિક્રિયા કરે છે એમ છે નહિ. વિક્રિયા નામ વિપરીતપણું દીવાને કરે, આંધળું કરી દે કે મેલું કરી દે... સમજાય છે? એમ નથી. એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. હવે એનો સિદ્ધાંત ઉતારે છે. હજી દૃષ્ટાંત આકરો પડે છે. પ્રેમચંદભાઈ કહેતા બિચારા. સાંભળ્યું ને ભાઈ? વજુભાઈ! પ્રેમચંદભાઈ ગુજરી ગયા એક સેકન્ડમાં. એક સેકન્ડ. સાંભળીને ગયા બધું, લ્યો એક સેકન્ડમાં. એ બિચારા કહેતા કે અરે..! આ દાખલો જ આકરો છે ભાઈ. સમજાય છે કાંઈ? દીવો પ્રકાશે છે ત્યાં વિચિત્ર પરિણતિ નામ અનેક પ્રકારની અવસ્થાવાળા પદાર્થ નજીકમાં હો કે દૂરમાં હો, એને દીવાના પ્રકાશને કંઈ પણ વિક્રિયા ઉત્પન્ન કરી શકતા નથી. કહો, એ બરાબર છે?

મુમુક્ષુ :- વિક્રિયા ઉત્પન્ન.. પદાર્થમાં છે.

ઉત્તર :- આ વિક્રિયા. વિક્રિયા ઉત્પન્ન કરી શકતા જ નથી કોઈને. દાખલો તો બીજો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યો આપે? વિક્રિયા કોઈને કરી શકતા જ નથી. એ સિદ્ધાંત છે. ચૈતન્યના પ્રકાશનો દાખલો આપવો છે ને? વિક્રિયા ઉત્પન્ન કરી શકતા હશે? કોણ વિક્રિયા કરે? લાવો એક દાખલો. એ માટે તો સિદ્ધાંત કીધો કે જે કંઈ પર્યાય થાય છે એ પર વડે થતી નથી અને પર તેને ઉત્પન્ન કરી શકે એવી પરમાં તાકાત નથી. દરેક દ્રવ્યની પર્યાય પર વડે થાય એવું નથી અને એ પર્યાય પરને ઉત્પન્ન કરી શકે એવું એની પર્યાયમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ લાકડી છે. આ શરીર છે દેખાય છે જ્ઞાનમાં, દેખાય છે ને. જ્ઞાન છે એ જાણે છે. હવે જ્ઞાનની પર્યાય આના વડે ઉત્પન્ન થતી નથી અને એમાં એવી તાકાત નથી કે આને ઉત્પન્ન એની પર્યાય કરી શકે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો જીવ-અજીવ તત્ત્વના અને સ્વપર તત્ત્વની વહેંચણીની વાત છે અહીં. સ્વસ્વરૂપે ચૈતન્ય છે આત્મા, પરસ્વરૂપે આ બધું છે. કહે છે કે પરસ્વરૂપે પરિણમતી ચીજો એને કારણે પરિણમે છે વિચિત્ર પર્યાયને. આત્મા પોતાને કારણે જાણે છે. એમાં પરિણમતી ચીજ એને ક્યાં રાગદ્વેષ કરાવે છે? કહો, સમજાણું કાંઈ? એકદમ પચાસ હજારના પચાસ લાખ થયા. દાખલો. ઓલા જેમ દીવાના પ્રકાશમાં કોલસા હતા અને સોનું આવ્યું. તેથી કાંઈ દીવાના પ્રકાશને બહુ ઉજળો કરી દેતો હશે? અને સોનું નીકળીને કોલસા આવ્યા. એમ કોઈ પાસે પૈસા પચાસ હજાર (હતા) અને પચાસ લાખ થયા. એ પચાસ લાખે આને હરખ કરાવ્યો છે? આના જ્ઞાનની વૃદ્ધિ ઈ કરાવે છે? અને આ એને લઈને જ્ઞાનની વૃદ્ધિ થાય છે? ઈ એને કરાવે છે? પર વડે થતું નથી અને પરને કરી શકતું નથી. આહાહા..!

કહો, ઈ પૈસા લાલચ ઊપજાવે કે નહિ? પચાસ હજારના પાંચ લાખ થયા હવે કાંઈક તો હરખ આવે કે નહિ? કહે છે. શું કહેવું આમાં? એઈ..! મૂરખ છો કહે છે. તું તો જાણનાર છો. જાણનારમાં વળી આનું આ. એ તો એનામાં પરમાણુનો એનો પ્રવાહ વિચિત્ર પરિણતિએ પામેલો એમાં પામ્યો એમાં તને શું થયું? એણે તને શું કર્યું? અને તેં એને શું કર્યું? કોયડો કેવો છે જરી? ગજબનો. વાત તો એવી છે. આહાહા..!

અહીં તો ભગવાન! વસ્તુની મર્યાદા ક્યાં ક્યાં કેમ છે તેને વર્ણવે છે. જે જે વસ્તુની જેટલી જેમ મર્યાદા એને ન માને, વિપરીત માને તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પાખંડ દૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'એ રીતે દાષ્ટાંત છે.'** દાષ્ટાંત એટલે સિદ્ધાંત.. ઓલો દૃષ્ટાંત કહ્યો દીવાનો. દીવાના પ્રકાશને એના પ્રકાશમાં રહેલા વિચિત્ર પ્રકારના પદાર્થો પરિણતિ પામતા દીવાને કહેતા નથી કે અમને જાણ, દીવો પોતે ખસીને ત્યાં જાતો નથી. અને વિચિત્ર પરિણતિએ પરિણમતા પદાર્થ દીવાને આંધળું કરી દે કે અંધારું કરી દે કે ઓછો પ્રકાશ કે વધારે એવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ છે નહિ. કેમ કે પર વડે દીવાના પ્રકાશને થાય તેવો દીવાનો સ્વભાવ નથી. અને દીવો પર વડે થાય, પર એને દીવો ઉત્પન્ન કરાવે એવી પરમાં પણ તાકાત નથી. કહો, સમજાણું આમાં?

કહે છે કે ભગવાનની તાકાત નથી કે પરના જ્ઞાનને ઉત્પન્ન કરાવે. કહો. ભગવાનની તાકાત નથી કે પરને જ્ઞાન કરાવે અને એની તાકાત નથી કે પર વડે થાય. પૈસાની પણ હૂંફ થઈ જાય છે હોં! એક પાસે પૈસા હતા ને, પૈસા નહોતા તે લાકડી લેવી પડી લ્યો. અમે નજરે જોયું છે. કરોડ રૂપિયા હતા એમાંથી ગયું ને તો લાકડી લીધી. કીધું, આ શું? પહેલી લાકડી હતી. પછી પાછી મૂકી દીધી હતી. જ્યાં પૈસા આવ્યા ને મૂકી દીધી હતી. જ્યાં પૈસા ગયા, વળી લાકડી લઈને નીકળે. આમ કેમ? ધક્કો લાગી ગયો છે. નવ્વાણુનો ધક્કો લાગ્યો. સાચી વાત હશે?

મુમુક્ષુ :- થયું હતું ને?

ઉત્તર :- થયું હતું એ તો.. મૂર્ખ છે કે માન્યું કે મને કાંઈક પૈસા હતા માટે મને ઠીક રહ્યું. પૈસા નથી માટે (લાકડી લેવી પડી). મૂર્ખાઈ કરી છે કહે છે. લાત મારી લાત. હોય તો અભિમાન અને ન હોય દીનતા. હોય તો અભિમાન અને ન હોય તો દીનતા. મૂઢ છો કહે છે. ભગવાન તો કહે છે તને શ્રદ્ધાની-આત્મતત્ત્વની શ્રદ્ધાની-ખબર નથી. અને પરવસ્તુની સ્થિતિની શ્રદ્ધાની તને ખબર નથી. પરવસ્તુની શ્રદ્ધા ત્યારે કરી કહેવાય કે પરવસ્તુ પરવસ્તુપણે પરિણમે છે. એના વડે હું પરિણમું અને મારા વડે એ પરિણમે એમાં એવું નથી. અને આ તત્ત્વમાં પણ એવું નથી કે પર વડે મારામાં થાય. સમજાણું કાંઈ?

'**શબ્દ,...**' બાહ્ય પદાર્થ હવે લીધા. ઓલા ઘટપટ લીધા હતા. દીવો હતો એમાં ઘટપટ હોય, વસ્ત્ર આદિ (હોય) એ કાંઈ કહેતા નથી કે આને ઘટપટ વળેલા હોય, ખુલ્લા હોય એથી કરીને દીવાના પ્રકાશને કાંઈ પ્રેરણા કરતા નથી કે તું ઓલાય જા કે વધી જા કે પ્રકાશને ઉજાસ આવે. એમ '**શબ્દ,..**' આ નિંદા, પ્રશંસાના શબ્દો જડની દશા. એમ '**રૂપ,...**' દેખાય શરીર સુંદર રૂપ અને કુરૂપ. સુંદર રૂપ અને કુરૂપ એ તો જડની દશા છે. એ કાંઈ એમ કહેતા નથી કે તું અમને જાણવા રોકા અને તું અમને સારા કહે એમ કહે છે? સુંદર રૂપ એ તું અમને સારું કહે એ એમ છે એમાં લખ્યું છે? જડની દશા છે. વિષ્ટાની પર્યાય છે એ ખરાબ અને મૈસુબની પર્યાય સારી એ ક્યાંથી લાવ્યો? કહે છે. અહીં એમ કહે છે. એ તો જડની અવસ્થા છે. વિષ્ટા એમ કહે છે કે તું દુર્ગંધ કર? મને ઠીક નહિ એમ કહે. અને જ્ઞાનસ્વભાવ એવો છે કે ત્યાં જઈને દુર્ગંધને તિરસ્કાર કરે? જ્ઞાન તો જાણે છે કે એ ત્યાં છે. ત્યાં છતાં એમ માને કે અરે..! આહાહા..! આ દુર્ગંધે તો માથુ ફેરવી નાખ્યું. પણ માથુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો જડ છે હવે. જડ ફર્યું એમાં તારે શું થયું? પણ એમ કહે છે લ્યો. એ એનાથી ફર્યું નથી, હોં! ફર્યું છે પોતાને લઈને. આહાહા..! ભારે વાત આકરી. સમજાય છે કાંઈ? માથુ જડ છે, આ તો માટી છે-ધૂળ છે. હવે ધૂળમાં કાંઈ ફેરફાર થાય એ તો એની પોતાની અવસ્થાને કારણે થાય છે. એમાં તને દુઃખ થયું એ ક્યાંથી આવ્યું? એમ કહે છે. જાધવજીભાઈ! ભારે વાત ભાઈ! એ તો એને કારણે પરિણમે છે. વિષ્ટા કે માથાની અવસ્થા જડ છે આ તો. એને કારણે થાય, કાંઈ તારે કારણે થાતી નથી. કારણ કે એ અવસ્થા તને ઉપજાવતી નથી અને તું તેને ઉપજાવી શકતો નથી. કહો, સમજાણું આમાં? કહો, દાસ! ભારે આકરું કામ. હવે આમાં શું કરવું? બે હજારનો પગાર (હોય) અને એકદમ જો થઈ જાય ને પાંચ હજારનો પગાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું થઈ જાય?

મુમુક્ષુ :- એનાથી ન થાય એમ કહે છે.

ઉત્તર :- અહીં તો કહે છે કે એનાથી થાતું નથી. મૂઢ થઈને મિથ્યાત્વપણે તું ભ્રમણા કરે છો એમ કહે છે. ઈ તને કરાવતું નથી અને ઈ કરાવે એવી એનામાં તાકાત નથી. એ તને કરાવે એવી એનામાં તાકાત નથી. અને તારી તાકાત પણ પર વડે થાય એવી તારી તાકાત નથી એમ કહે છે. આહા..હા..! વાહ! સમજાણું કાંઈ? એવી શૈલીએ જ્ઞેય અને જ્ઞાનનો સંબંધ જાણવા-જણાવવાનો છે એના કરતા આગળ જઈને આ મને ઠીક-અઠીક તું કલ્પે છો એ તારો મિથ્યાત્વનો ભાવ છે. તને તત્ત્વની શ્રદ્ધા નથી. ભગવાને કહેલા તત્ત્વની શ્રદ્ધાની તને ખબર નથી. એમ કહે છે. આમ તો કહે કે અમે બરાબર માનીએ છીએ. બરાબર માનીએ છીએ. પણ ક્યારે માન્યું કહેવાય? સાંભળને!

જગતની ચીજો એને કારણે પરિણમતા તેને જાણનારો જાણે એમાં એવું ક્યાંય આમાં નથી અને એવું કાંઈ એમાં નથી કે આ મારા છે અને મારે માટે આવ્યા. અહીં જ્ઞાન થવું છે માટે આવ્યા છે એમ છે ઈ? અને એ આવ્યા છે માટે અહીં જ્ઞાન થાય છે એમ છે નહિ. નિમિત્ત પણ ઊડાડ્યું છે આમાં તો. નિમિત્ત. નિમિત્ત ચીજ છે એ તને કાર્ય ઉપજાવી શકે છે? અને તું નિમિત્ત વડે ઊપજ એવો તું છો? એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની જ વાતનો વિસ્તાર કર્યો છે. વિસ્તાર કરીને સમય સમયની પર્યાયને ભ્રમણાથી ઊભી કરે છે તું આ ઠીક-અઠીક એમ કહેવા માગે છે અહીં. ઠીક-અઠીક ઉપર લઈ ગયા છે વાતને. સમજાણું કાંઈ? ઠીક-અઠીક નથી, ઈષ્ટ-અનિષ્ટ વસ્તુમાં નથી. વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો વસ્તુની પર્યાયે પરિણમી રહી છે.

'**શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય, જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, આત્માને...**' ઓલામાં દીવાને કીધું હતું ને? '**તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી...**' બાહ્ય પદાર્થોને જાણવાના કાર્યમાં એ પદાર્થ જોડતા નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ જે પરિણમે છે એ એમ કહેતા નથી કે મને જ્ઞાન જાણવા રોકાઈ જા. સમજાણું કાંઈ? '**તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં)...**' એમ કાર્યમાં. ભાઈ! બાહ્ય પદાર્થને જાણવાનું કાર્ય છે ને સ્વ? સ્વજ્ઞાનમાં પોતાનું.

'**તું મને સાંભળ,...**' કહો, તું મને સાંભળ એમ કહે છે? નિંદા-પ્રશંસાના શબ્દો એમ કહે છે કે તું મને સાંભળ? '**તું મને જો,...**' એટલે રૂપ. એ તો જડની અવસ્થા છે. એ કાંઈ એમ કહે છે કે તું મને જો? સમજાણું? સુંદર શરીરની આકૃતિ કે શરીરની વિકૃતિ, ઘોબાવાળા હોય છે ને આ શીતળા. શીતળાનું આમ લાગે ને? ઈ એમ કહે છે કે તું મને જો? એ તો જડની અવસ્થા છે. અને સુંદર આકૃતિ દરેક અવયવની એ તો પરમાણુ પરિણમ્યા છે એ તને એમ કહે છે કે તું જોવા રોકા?। અમે તો અમારે કારણે પરિણમ્યા છીએ. તારી પાસે આવ્યા છીએ એમ પણ નથી અને તારા છીએ એમ પણ નથી. સમજાણું કાંઈ? કહો, સમજાણું?

બે આવ્યા-કંચન અને પૈસો. કહે છે કે એ તો અમારે કારણે આવ્યા છે એમ કહે છે અહીં. ભારે વાત ભાઈ! એ તો કહે, અમારે કારણે આવ્યા છીએ. તારે કારણે નહિ. અમે તો અમે છીએ માટે તું જાણ એમ પણ નથી. અને જાણનારો એ આવ્યું માટે જાણે છે એમ પણ નથી. આહાહા..! ભારે વસ્તુ ભાઈ!

કહે છે, મને જો એમ એ કહે છે? આહાહા..! શું રૂપ આનું! શું રૂપ! કહે ને ભગવાનનું રૂપ. ઓલા દેવો જોવે છે લ્યો! સાંભળ્યું છે? ભગવાનનું રૂપ હજાર આંખ કરીને ઈન્દ્રો જોવે. એટલું સુંદર રૂપ હોય છે ભગવાન જન્મે ત્યારથી, હોં! જન્મે એ પહેલે દિવસે. આમ હજાર (નેત્ર કરીને જોવે). તૃપ્તિ પામતા નથી. ઘણું પુણ્ય પૂર્વે કરેલું અને પુણ્યના ફળમાં આ નિમિત્તથી અને આ શરીરની રજકણની અવસ્થા (થઈ). જેટલા રજકણો હતા એ સુંદરપણે પરિણમનારા એ પરિણમી ગયા ભગવાન પાસે. ભક્તામરમાં એમ કહે છે. હે નાથ! આ જગતમાં જેટલા પરમાણુ સુંદર આકૃતિને પરિણમનારા (હતા) એટલા (બધા) તમારી પાસે આવી ગયા છે. એ નિમિત્તથી વાત છે. આવ્યા ક્યાં એની પાસે? એ તો શરીરપણે પરિણમ્યા છે. પરમઔદારિક શરીર. સમજાણું કાંઈ? એને આમ જોવે છે. આહાહા..! ઈન્દ્ર તો ક્ષાયિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમકિતી છે. એ રૂપ જોવા રોકાણા છે? કહે, ના ના. એ તો ત્યાં આગળ પોતાની જ્ઞાનપર્યાય આમ જોવે છે એટલું. એમાં આને જોઉં છું માટે મને ઠીક છે એમ છે નહિ. ભારે વાતું! લ્યો, શાસ્ત્રમાં એવું આવે હજાર નેત્ર કરીને જોવે છે. સમજાણું? આંખુ બનાવે હજાર. એ તો આંખ એ વખતે એ પરિણમવાની પર્યાય થઈ જાય. આત્મા તો જાણનાર છે. એ જાણનારને એ હજાર આંખ કહેતી નથી કે અમને તું જાણવા રોકાઈ જા. અને જ્ઞાનમાં એને જાણવા જ્ઞાનનું કામ છોડીને હજાર આંખને અડતું નથી. .. કામ ભારે. સમજાણું કાંઈ?

આ સર્વવિશુદ્ધ અધિકાર છે. જ્ઞાનનો સર્વવિશુદ્ધ અધિકાર એમ કહે છે કે આત્મા જાણતા જે જણાય એ જાણવાના ભાગમાં બે ભાગલા પાડે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ ચીજ તને ભાગલા પાડવાનું કહેતી નથી અને તું ભાગલા પાડ છો માટે એ ચીજ ત્યાં આવી છે એમ છે નહિ. આહાહા..! ભારે વાતું!

‘**તું મને સૂંઘ,...**’ લ્યો! ફૂલ-ઝાડ. એવા ઝાડ. ઈ કહે છે? એ તો જગતની પર્યાય ત્યાં પરમાણુ અવસ્થાએ થઈ છે. એમ દુર્ગંધ હોય. મીંદડા સડી ગયેલા, કૂતરા સડી ગયેલા, ઉંદર સડી ગયેલા. એ એમ કહે છે કે તું મને ઊભો રહે જોવા દુર્ગંધ? એ જગતની અવસ્થા છે. તું જાણનાર દીવાની પેઠે છો. એ કાંઈ એમ તને વિક્રિયા ઉત્પન્ન કરાવતું નથી, એ તને દ્વેષ કરાવતું નથી અને અનુકૂળ સુગંધ તને રાગ કરાવતું નથી. છતાં પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલી આ મને રાગ કરાવે છે અને આ મને દ્વેષ (કરાવે છે), એ તારી મિથ્યાદૃષ્ટિનો ભાવ છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

‘**તું મને ચાખ,...**’ એમ કહે છે? લ્યો! લાડવા અને કેરીનો રસ. કેરી આવી ફર્સ્ટક્લાસ. કેરી ઊંચી. શું કહેવાય છે આ બધી? હાફુસ ને જમાદારની કેરી. એમ કહે છે ને ઘણી ઘણી? એ તો જડની પર્યાય છે બાપા! પરમાણુ છે એ તો માટી. એ રીતે તેના પરિણમાવાનો પર્યાય થવાનો કાળ છે. એ એમ કહે છે કે તું મને ચાખ? કે જ્ઞાન પોતાનું સ્થાન છોડીને ત્યાં અડે છે? એ તો જડ છે. જડને અડી શકે આત્મા? સમજાણું કાંઈ? પણ કહે છે કે એ રસને જાણતા આ ઠીક છે. ભાઈ! તેં તો મિથ્યાત્વભાવ ઊભો કર્યો. આ ખાટી અઠીક છે. એ તો જ્ઞેય છે. જ્ઞેયમાં સારા-નરસાની કાંઈ છાપ પડી છે? જ્ઞાનને બગાડ્યું તેં. ઈ બગડેલી છે માટે નહિ. તેં તારા જ્ઞાનને બગાડ્યું. ઉંહું.. એમ કરીને દ્વેષ કર્યો તેં. સમજાણું કાંઈ? ઝીણું ભારે.

‘**તું મને સ્પર્શ,...**’ લ્યો! આ સ્પર્શ સ્પર્શ શરીરની સુંવાળી દશા. માખણ જેવા શરીર, સુંવાળા શરીર, એ કહે છે કે તને કે તું મને સ્પર્શ? આ તો આત્મા જાણનાર છે અને સ્પર્શ જડ પર છે. એ કહેતા નથી કે મને સ્પર્શવા રોકા, જાણવા રોકા એમ કહે છે? ‘**તું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મને જાણ,...**' લ્યો! એ દ્રવ્ય અને ગુણ આવ્યા. સમજાણું કાંઈ? જગતની ચીજો કેવળજ્ઞાની આદિ ગુણી અને અવગુણી મિથ્યાદૃષ્ટિ આદિ સાતમી નરકના પરિણામ કરનારા કે નિગોદના પરિણામ કરનારા. એવા જીવો જ્ઞાનમાં એમ કહેતા નથી કે અમને જાણવા તું રોકા. અમે કાંઈ તને જણાવા માટે આવ્યા નથી. ભારે વાત!

તત્ત્વને યથાર્થપણે રજુ કરીને તત્ત્વાર્થ શ્રદ્ધાનનો વિષય કેવો હોય છે એમ અહીંયાં રજુ કર્યું છે. સમજાય છે? આમ તો કહે અમે માનીએ છીએ. જીવ-અજીવને માનીએ. પણ માન્યું ક્યારે કહેવાય? જે રીતે તે છે અને જે રીતે તું છો એમ માન તો માન્યું કહેવાય. જે રીતે એ છે એ રીતે તું માનતો નથી. એ મને રાગદ્વેષ કરાવે છે. તો એ રીતે એનામાં છે નહિ. અને તું છો એ જ્ઞાનસ્વરૂપ છો. એ રીતે તને ખબર નથી તને. જે રીતે તું છો અને જે રીતે તે છે એમ ન માનતા એનાથી વિપરીત માન્યતા ઊભી કરે છે, (એ) મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને પુસ્તક? આ પુસ્તકમાં છે ને અંદર લખ્યું છે કે નહિ? કે ઉપરથી આવે છે આ? આટલું બધું ક્યાંથી કાઢે છે? આમાં ક્યાં છે? એ બધું એમાં છે. એ તો છૂટા શબ્દો છે.

'**તું મને જાણ,...**' આહાહા..! સમજાય છે? કહે છે, સિદ્ધ ભગવાનપણે સિદ્ધ બિરાજમાન થયા તો સિદ્ધની પર્યાયની તાકાત નથી કે બીજાની પર્યાયને ઉત્પન્ન કરે. અને બીજાની પર્યાયની તાકાત નથી કે પર વડે ઉત્પન્ન થાય. સમજાય છે?

મુમુક્ષુ :- કર્મમાં તો તાકાત છે ને.

ઉત્તર :- કર્મમાં તાકાત કેવી? મૂઢ છે કહે છે. કર્મની પર્યાય કર્મમાં રહી. કર્મની પર્યાય આત્માને ખેંચી જાય બીજી ગતિમાં એવી તાકાત છે એનામાં? અને આત્મા પરને લઈને ખેંચાય એ તાકાત છે? ના પાડે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા ...

ઉત્તર :- એ બધી વાત. એ તો સ્વભાવની દૃષ્ટિની વાત કરવા. મફતના એ સમજ્યા છે. શાસ્ત્રના કેમ અર્થ કરવા એની ખબર ન મળે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં ભલે એમ લખ્યું..

ઉત્તર :- બીજે ક્યાંય ઊંધું હોય? કહો, સમજાણું કાંઈ? બીજાએ એમ લખ્યું, કર્મનો ઉદય આત્માને ચાર ગતિમાં રખડાવે. અહીં કહે છે કે કર્મના ઉદયમાં તાકાત નથી કે આત્માને રખડવાની પર્યાય કરાવે અને રખડવાની આ આત્મામાં તાકાત નથી કે પર પડે પર્યાય ઉત્પન્ન થાય. એમ કહે છે. કહો, જયંતિભાઈ! નોખા નોખા શાસ્ત્રમાં વિરૂદ્ધ હશે? ક્યાંક નિમિત્તથી કથન કર્યું હોય ટૂંકું અને ક્યાંક વાસ્તવિક તત્ત્વની વ્યાખ્યા હોય. અહીં વાસ્તવિક તત્ત્વની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યાખ્યા છે. સમજાણું? ભગવાન પધાર્યા ત્યાં અનંતા જીવો તરી ગયા. કહે છે કે ભગવાનના જ્ઞાનની પર્યાયમાં તાકાત નથી કે પરને તારે.

મુમુક્ષુ :- સાતિશયની વાત કરે ત્યારે...

ઉત્તર :- સાતિશય તો અતિશયમાં રહ્યો. એમ કહે છે અહીં.

મુમુક્ષુઃ- કાંટા હોય એ સવળા થઈ જાય.

ઉત્તર :- એ કાંટા એને કારણે સવળા થાય, કાંઈ અતિશયને કારણે નહિ. અતિશય એને ઊપજાવે એવી અતિશયમાં તાકાત નથી અને એની તાકાત નથી કે અતિશય વડે એ ઊપજે. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- .. થઈ જાય.

ઉત્તર :- એ થાય એને કારણે. આકરી વાતું.

મુમુક્ષુ :- પણ ભગવાન હોય ત્યાં જ થાય છે.

ઉત્તર :- ત્યાં જ થાય છે. એમાં શું છે? ત્યાં થાય છે. એની સમીપમાં હોય કે દૂર હોય એની સાથે સંબંધ શું છે? કહો, સમજાણું આમાં? ભગવાન જ્યાં બિરાજતા હોય ત્યાં ઉંદર અને મીંદડી સાથે બેસે. એમ. આમ. પણ એ તો કહે છે કે એને કારણે પરિણમ્યું. ત્યાં ભગવાનને કારણે ત્યાં થયું છે? અને સિંહ બેઠો હોય એની સાથે મૃગલુ બેઠું હોય આમ. જોડે મોઢું સામુ રાખીને આમ હોં! બેય જણા. ઓલું મોઢું ભગવાન પાસે રાખે અને આ મોઢું (આમ રાખ્યું હોય). બેયના મોઢા આમ જોડે જોડે હોય ભગવાન સામે. અતિશયનો એવો મહિમા છે. એય.. છોટાભાઈ! એ તો નિમિત્તથી વાત કરી છે. શું એનો અતિશય એ દશાને ઉત્પન્ન કરે છે અને એ પર વડે ઉત્પન્ન થાય એવી એની તાકાત છે? આ તો બધા દાખલાઓ. સિદ્ધાંત આ છે.

કોઈપણ દ્રવ્યની પર્યાય પર વડે ઉત્પન્ન થઈ શકે નહિ અને પરમાં તાકાત નથી કે પરને ઉત્પન્ન કરે. અથવા પર વડે ઉત્પન્ન થાય નહિ અને પોતે પર વડે ઉત્પન્ન થાય એવી પોતામાં તાકાત નથી. પરમાં તાકાત નથી કે પરની કોઈ દશા ઉત્પન્ન કરી શકે અને પોતામાં તાકાત નથી કે પર વડે ઉત્પન્ન થાય. કહો, સમજાણું કાંઈ? **'આત્મા લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ...'**

મુમુક્ષુ :- ... યોગ્યતા ક્યાં છે?

ઉત્તર :- યોગ્યતા એની છે. કો'કને લઈને ક્યાં છે? ઈ એમ કહે છે. તાકાત કહો કે યોગ્યતા કહો. કહો, ચંદુભાઈ! શું કહેવું છે તમારે? ભગવાનની તાકાત નથી કે જગતના પ્રાણીઓને સમ્યગ્દર્શન પમાડી શકે. એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે. શું કીધું?

મુમુક્ષુ :- ઉપદેશ આપે છે.

ઉત્તર :- ઉપદેશ કોનો છે? એ તો વાણીનો પર્યાય છે. કોણ આપે છે? આત્મા વાણીની પર્યાયને કરતો નથી. વાણી જડની અવસ્થા છે. આત્મામાં છે વાણી? આત્મા તો જ્ઞાન, દર્શન અને આનંદનો કંદ છે. આ ખાણ વાણીની...

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન લેવું ક્યાંથી?

ઉત્તર :- આત્મામાંથી. એ જ કહે છે. આ ઈ જ કહે છે ભાઈ ચંદુભાઈ! ઈ કહે છે. એ જ્ઞાન અંદરમાંથી આવે છે, કાંઈ શબ્દોમાંથી આવતું નથી. ભાઈ ચંદુભાઈ! એ વાત કરે છે. બાપુ! એ વાત છે. આખી જુદી છે જગતથી. ભગવાન એમ કહે છે કે તારા જ્ઞાનની ઉત્પત્તિ તારાથી થાય. પરથી થાય એવી તારી તાકાત નથી અને પરની તાકાત નથી કે તને જ્ઞાન ઉપજાવી શકે. સમજાણું કાંઈ? વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૨, સોમવાર તા. ૧૮-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૭૩ થી ૩૮૨, પ્રવચન-૪૩૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૭૩થી ૩૮૨ છે. છેલ્લા શબ્દો એ આવ્યા હતા ને? '**વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.**' છેલ્લી બે લીટી. આવી ગયું હતું. ફરીને. શું કહે છે? દીવાનો દૃષ્ટાંત આપ્યો હતો ને દીવાનો? કે દીવો પ્રજ્વલે છે પ્રકાશ કરે છે. અને એના સમીપમાં કોઈ પદાર્થ હોય કે અસમીપ નામ દૂર હોય. પણ એ પદાર્થ કાંઈ દીવાના પ્રકાશની વિક્રિયા, વિપરીતતા, વિરોધતા કરતા નથી. સમજાય છે આ દૃષ્ટાંત? દીવાનો પ્રકાશ છે એ પ્રકાશમાં રહેલા ઘડો, વસ્ત્ર, લોઢું, સોનું, વિશેષ વગેરે. એ પદાર્થો પોતાની વિચિત્ર પરિણતિને વિવિધ પ્રકારની અવસ્થાને ધારતા દીવો પ્રકાશે છે તે પ્રકાશને કાંઈ વિક્રિયા કરતા નથી. તેમ દીવો પોતાના પ્રકાશને છોડીને તે ઘટપટને પ્રકાશવા દીવો જતો નથી. કહો, બરાબર છે આ દાખલો? હવે સિદ્ધાંત.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ દીવો છે આ તો આત્મા. આત્મા ચૈતન્ય સ્વરૂપ દીવો-સૂર્ય. એ ચૈતન્ય સ્વરૂપ પ્રકાશમાં બીજી ચીજો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ કે અવગુણી કે ગુણી જીવો કે ગુણી-અવગુણી પદાર્થ. ચૈતન્યના પ્રકાશમાં એ ચીજો જણાય છે. અને વિવિધ પ્રકારની અવસ્થાઓ ત્યાં પરપદાર્થમાં ગુણ-અવગુણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિની થાય તો એ ચૈતન્ય પ્રકાશને એ ચીજ કાંઈ વિકાર ઊપજાવતી નથી. તેમ એ ચીજ એમ કહેતી નથી કે અમને જાણવા તું અટકી જા. તેમ પોતાનું જ્ઞાન જ્ઞાનસ્વભાવ છોડીને ત્યાં જાણીને અડવા જાતું નથી. સમજાય છે કાંઈ?

આવું વસ્તુનું ચૈતન્ય પ્રકાશ ભગવાન આત્મા, પ્રકાશનું પૂર અને નૂર હોવા છતાં અને વિચિત્રપણે પરિણતિને પામેલા પરપદાર્થો એને કારણે અવસ્થાને ધારતા આત્માને કાંઈ દોષનું કારણ કે રાગનું કારણ નથી. છતાં કહે છે કે અજ્ઞાની એ પદાર્થને દેખીને આ મને ઠીક પડ્યું અને આ મને ઠીક નથી. આ મારા છે અને આ તારા છે એવી બુદ્ધિ તેં અજ્ઞાનથી ઉત્પન્ન કેમ કરી? કહો, સમજાણું કાંઈ? એનો ધર્મ છે ઈ કહે છે.

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપમાં બીજી ચીજો... કીધું ને? '**વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા...**' આત્માના જ્ઞાનને કંઈ દોષ કરતા નથી. છતાં '**આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**સદાય ઉદાસીન છે...**' સરવાળો લે છે. આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન-સદાય ઉદાસીન એટલે કે સંબંધ વગરનો. ભગવાન આત્મા અને આ શરીરાદિ પરવસ્તુને કાંઈ સંબંધ છે નહિ. એ જડે જડ નિજાત્માઓ એની અવસ્થાથી તેના પરિણમનમાં તે રહેલા, એના રહેલા, એમાં રહેલા, એ રૂપે રહેલા છે. જ્ઞાનરૂપમાં એ આવ્યા નથી અને જ્ઞાનરૂપ ત્યાં જાતું નથી.

'**આત્મા દીવાની જેમ પર પ્રત્યે તો સદાય ઉદાસીન છે...**' આહાહા..! ચાહે તો શબ્દ, રૂપ, રસ, ગંધની પર્યાય કોઈ નિંદાપણે થાવ કે પ્રશંસાપણે થાવ, સુગંધપણે હો કે દુર્ગંધપણે હો, સુંવાળા સ્પર્શપણે કે કર્કશપણે હો. રસ ખાટો હોય કે મીઠો એ તો એની પરમાણુની પર્યાય (છે). એમ કોઈ કેવળજ્ઞાનને પામેલા હોય કે કોઈ મિથ્યાદષ્ટિ ગૃહીત મિથ્યાત્વને નિગોદને આરાધવાવાળા હોય. કહો, સમજાય છે કાંઈ? આવા અવગુણી? તને શું છે? એ તો એની દશામાં એ છે. તું તો તેનો જાણનાર છો કે આમ છે. એમાં જાણનારપણું મૂકીને વિશેષ અતિરેક કેમ થઈ ગયો? આ કેમ થયું? આમ કેમ થયું? એમ છે ઈ એમ છે. તું કેમ છો? કે એમ છે. એમ ને એમ જાણનાર છો. જાણવુંપણું મૂકીને આ કેમ છે એનો દ્વેષ કરે છે અને કોઈ ગુણી આદિ દેખીને એના પ્રત્યે, એના પ્રત્યે રાગ કરે છે. એને કારણે રાગ કરે છે. આ ચીજ આવી માટે મને રાગ થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ છે એ તો પર (છે). એમાં પરમાં ઈષ્ટપણું અને પ્રિયપણું ક્યાં આવ્યું? એમ કહે છે.

મુમુક્ષુ :- ... ગુણ દેખીને.

ઉત્તર :- ગુણને દેખીને એટલે જાણીને. જાણવામાં આવ્યું કે આ ગુણ છે. હવે એમાં જાણવામાં આવ્યું પછી આ ઠીક છે અને આ અવગુણ અઠીક છે એવું ક્યાં છે એમાં?

મુમુક્ષુ :- એમાં નથી પણ આણે શું કરવું?

ઉત્તર :- આણે શું કરવું? આણે જાણવું. પછી જ્યારે વિનયનો વિકલ્પ આવે છે એ તો પછી નબળાઈનો આવે છે. એ કાંઈ આને લઈને કે આ ગુણી છે માટે આવે છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉતારવાનો ભાવ હોય તો એના પ્રત્યે રાગ થાય. એ અહીંથી ઉતરે નહિ. ચીમનભાઈ! ક્યાં ગયા તમારા? એય..! શાંતિભાઈ! ગુણ અહીં છે કે ત્યાંથી લાવવા છે? ત્યારે ઉતારવા છે ક્યાં હવે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા જ પોતે અનંત આનંદ અને જ્ઞાનનો ગુણનો દરિયો છે. એવી અંતર દૃષ્ટિ કરતાં એનું જે જ્ઞાન સમ્યક્‌પણે પરિણમે એ એને લાભદાયક છે. બસ. હવે આ ગુણી છે માટે એનો ગુણ મને લાભ થશે અને એ ઠીક છે માટે તેના પ્રત્યે રાગ કરું એવું વસ્તુમાં છે નહિ.

મુમુક્ષુ :- એ તો એનો વિનય દેખાય.

ઉત્તર :- એ વિનય ત્યારે સાચો રહે છે વ્યવહાર. આ સારા છે માટે વિનય કરું છું એને કારણે. વસ્તુ ખોટી છે ઈ. એમ છે નહિ.

મુમુક્ષુ :- નિમિત્તના કારણે નહિ, મારા લાભને કારણે.

ઉત્તર :- લાભને કારણે એટલે એ તો એક વિકલ્પ પોતાની દૃષ્ટિ જ્ઞાનમાં હોવા છતાં પોતાથી વિશેષ ગુણી હોય એના પ્રત્યે પ્રમોદનો વિકલ્પ આવે. પણ એ સારા છે માટે આવે છે એમ નહિ.

મુમુક્ષુ :- સારા છે એમ ન માને તો આવે શેનો?

ઉત્તર :- વાત જ ઈ છે અહીં. તો તો કેવળી જાણે છે એને. કેમ કેવળીને રાગ થતો નથી? થઈ રહ્યું ત્યારે. સર્વજ્ઞ જેમ જાણે છે કે આ ગુણી છે, જ્ઞાની છે એમ જાણે છે. એને રાગ થાય છે? આને રાગ થાય છે એ પોતાની નબળાઈને કારણે થાય છે. અહીં તો કહે છે કે એને કારણે રાગ થાય, સારા માટે રાગ થાય છે. (એ) દૃષ્ટિ વિપરીત છે.

મુમુક્ષુ :- વંદે તદ્‌ગુણ લબ્ધયે.

ઉત્તર :- એ તો કથનની વાત. એના ગુણ ક્યાં મળે છે? એ જ તકરારું છે ને બધી? અમે ભગવાનને વંદીએ છીએ એના ગુણની પ્રાપ્તિ માટે. એની પ્રાપ્તિ અહીં થાતી હશે વંદીને? ભાષા તો શું આવે? ભાષા તો એમ જ આવે ને. તીર્થંકરો ભવના દુઃખને છેદનારા છે એમ આવે. ભગવાન હિતોપદેશી છે એમ આવે. લ્યો! હિતના ઉપદેશના કરનારા છે. પણ એ વાત કઈ રીતે છે એમ સમજવી જોઈએ ને. એના ઉપદેશમાં જીવનું હિત કેમ થાય એ આવે છે. હવે એ સમજનાર એનું લક્ષ કરીને જે જ્ઞાન થાય એમાંથી હિત નથી થતું. હિત તો સ્વલક્ષ કરે ત્યારે હિત થાય છે. એમાં જ યથાર્થ વિનય રહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ આ. આમાંથી. એ સેવા એટલે આની સેવા. એ તો વાતું બધી કથનની સેવા આવે ને. ભગવાનની સેવા કરે એ તો વિકલ્પ રાગ છે. પરદ્રવ્ય પ્રત્યે આ અધિક છે અને વિશેષ છે એ તો રાગ છે. એ રાગથી આત્માને સેવાનો લાભ થાય? ઝીણી વાત છે. કહો, સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં કહ્યું નથી એ? છે ને સાતમા અધ્યાયમાં. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યાં છે ઈ? દ્રવ્યલિંગીમાં છે ને? દ્રવ્યલિંગીમાં છે દ્રવ્યલિંગી. આ છે. દ્રવ્યલિંગી. દ્રવ્યલિંગીમાં. સાત થઈ રહ્યા ને સાત? દ્રવ્યલિંગી. દ્રવ્યલિંગી જુઓ. જુઓ! બધું બહુ સરસ લખ્યું છે.

**'પ્રથમ તો સંસારમાં નરકાદિના દુઃખ જાણી તથા સ્વર્ગાદિમાં પણ જન્મ-મરણાદિનાં દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ તે મોક્ષને ઈચ્છે છે. હવે તે દુઃખોને તો બધાય દુઃખ જાણે છે, પણ ઈંદ્ર-અહમિંદ્રાદિક વિષયાનુરાગથી ઈન્દ્રિયજનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખ જાણી નિરાકુળ સુખ અવસ્થાને ઓળખીને જે મોક્ષને ચાહે છે તે જ સમ્યગ્દષ્ટિ જાણવો.'**

**'વળી વિષયસુખાદિનાં ફળ નરકાદિક છે,...'** વિષયસુખના ફળ નરકાદિ છે. **'શરીર અશુચિમય અને વિનાશીક છે, પોષણ કરવા યોગ્ય નથી, તથા કુટુંબાદિક સ્વાર્થના સગાં છે, ઈત્યાદિ પરદ્રવ્યોનો દોષ વિચારી તેનો તો ત્યાગ કરે છે;...'** મૂઢ છે કહે છે. બધું બહુ મૂક્યું છે એણે. સમજાણું? અને.... છે ને? **'વ્રતાદિનું ફળ સ્વર્ગ-મોક્ષ છે, તપશ્ચરણાદિ પવિત્ર અવિનાશી ફળના આપનાર છે. એ વડે શરીર શોષવા યોગ્ય છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હિતકારી છે. ઈત્યાદિ પરદ્રવ્યોનો ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે. ઈત્યાદિ પ્રકારથી કોઈ પરદ્રવ્યોને બુરા જાણી અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરે છે તથા કોઈ પરદ્રવ્યોને ભલાં જાણી ઈષ્ટરૂપ શ્રદ્ધાન કરે છે; હવે પરદ્રવ્યોમાં ઈષ્ટ-અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું એ મિથ્યા છે.'**

મુમુક્ષુ :- વાત તો સાચી આ પ્રમાણે છે પણ હવે...

ઉત્તર :- ન્યાય તો કાંઈ ના પડાય એવું નથી. કહો, સમજાણું? એ તો આવે. એ કરવું પડે એમ નહિ. વિકલ્પનો કર્તા થાય એ પણ અજ્ઞાન છે કહે છે. અહીં તો ઝીણી વાત છે ભાઈ બહુ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે. સિદ્ધ સમાન સર્વજ્ઞ જેમ બધાને જાણે એવો જાણનાર આત્માનો સ્વભાવ છે. જાણવામાં આ ઈષ્ટ અને અનિષ્ટ એવા કાંઈ ભેદ પરમાં છે નહિ. તેમ જાણવાનો ભેદ પાડે ખંડ ખંડ જ્ઞાન એવો જ્ઞાનનો સ્વભાવ છે? જ્ઞાન તો અખંડપણે જાણે-દેખે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવું સમજાવે કોણ?

ઉત્તર :- **'વળી એ જ શ્રદ્ધાનથી તેને ઉદાસીનતા પણ દ્વેષબુદ્ધિરૂપ હોય છે કારણ કે-કોઈને બૂરાં જાણવા તેનું જ નામ દ્વેષ છે.'** લ્યો! ઓલો કહે, સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યને બૂરાં જાણીને ત્યાગ કરે છે. એમ નથી. **'સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યને બૂરા જાણતો નથી પણ પોતાના રાગભાવને બૂરો જાણે છે, પોતે રાગભાવને છોડે છે તેથી**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**તેના કારણનો પણ ત્યાગ થાય છે.**' કુદેવ, કુગુરુ એને લઈને ત્યાગ થાય છે. મિથ્યાત્વનો ત્યાગ કરતાં તેનો ..નો ત્યાગ થઈ જાય છે. સમજાણું કાંઈ? બહુ ભારે નાખ્યું છે બધું. કહો, ન્યાલચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તૂટી ગયા તો એને કારણે. એમાં શું હતું એમાં? તૂટ્યા એટલે તૂટવાના હતા. ભક્તામરની સ્તુતિથી તૂટ્યા છે? એવી વાતું એવી આકરી છે. આહાહા..! ભગવાનની સ્તુતિનો વિકલ્પ ઉઠ્યો. વિકલ્પ તો પુણ્યનું કારણ થયું. પુણ્યનું કારણ થાય ત્યાં પરની પર્યાય ફરે? વાત એવી છે ભાઈ.

આ તો વીતરાગ સ્વરૂપ છે. વીતરાગનો અર્થ આત્મા નિર્દોષ સ્વરૂપ છે. વળી વીતરાગ કો'કને (એમ થાય) રાગરહિત છે ને એટલે જાણે જૈન થઈ ગયા. પણ આત્મા નિર્દોષ સ્વરૂપ જ છે. એમાં પુણ્ય-પાપના ભાવ છે તે દોષ છે. એ એનું સ્વરૂપ નથી. આત્મા નિર્દોષ સ્વભાવ છે તો (અર્થાત્) જ્ઞાતાદૃષ્ટા (છે). એમાં કોઈ ચીજ ભલી છે કે ભૂંડી છે એ માનવાનું આમાં નથી અને એ ચીજમાં જ્ઞેયના બે ભાગ પાડવા એ જ્ઞેયમાં નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો આવે છે ને ઓલામાં? તત્વેષુ મૈત્રિ, ગુણીષુ પ્રમોદમ. આવે ને એ તો. આવો ભાવ હોય છે. એમ. પણ એનો અર્થ ઈ કે ગુણીષુ પ્રમોદ એટલે આ ગુણી સારો છે અને બીજા ખરાબ છે એવા ભાવથી નહિ. એ જાણે છે કે આ વસ્તુ આમ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે.. ઝીણી વાત છે થોડી ભાઈ. આ તો હજી સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને. એકલો જ્ઞાનસ્વભાવ આત્મા.. બસ! જાણવું... જાણવું... જાણવું... એ જ એની પર્યાયનું કાર્ય છે. પરને ઠીક-અઠીક માનવા એ વસ્તુમાં નથી. તેમ જ્ઞાનમાં એ નથી કે ઠીક-અઠીક જાણે. જ્ઞાન તો જાણવાનું કામ કરે. જાણે છે બસ એટલું. ઠીક-અઠીક એટલે શું? ઠીક-અઠીક એટલે શું? જે જે વસ્તુની જે પર્યાય પરિણમી છે તે પ્રકારની બરાબર છે તે અવસ્થા. બસ. પરમાણુની વિષ્ટારૂપ અવસ્થા અઠીક એટલે શું? એ પરમાણુની અવસ્થા છે. તે કાળની એ જ દશા છે. કહો, સમજાણું? કેવળજ્ઞાનની પર્યાય તે ટાણે તે જ પરિણમે છે. તે પ્રકારની અવસ્થા છે. મિથ્યાદૃષ્ટિ ઘણો જ વિરોધ કરીને તત્ત્વદૃષ્ટિનો વિરોધ કરતો હોય પણ એ સમયની પર્યાયનું એ પરિણમન છે. તારે માટે અઠીક છે અને ઠીક છે એવું ક્યાં છે એમાં? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અહીં તો હજી જ્ઞાન રાખે છે અને અનંત પદાર્થ રાખે છે ને જે પદાર્થ જે રીતે પરિણમતો હોય તેને તે રીતે જ્ઞાન જાણે. પોતાને જાણતા જાણે એટલી જ એની સ્થિતિ છે. એ સિવાય એનાથી આઘું અતિરેક કરશે (તો)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભ્રાંતિમાં પડશે. અહીં એમ કહે છે.

‘**આ રીતે આત્મા...**’ જુઓને ભાષા શું લીધી? ‘**દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે...**’ ભગવાન આત્મા તો જાણનાર-દેખનાર છે. દીવામાં જેમ પરને લઈને કાંઈ વિક્રિયા થતી નથી અને દીવો પરને પ્રકાશે છે માટે, પ્રકાશે છે માટે પ્રકાશમાં વિરોધતા આવે છે એમ પણ નથી. પર તેને વિક્રિયા કરતા નથી અને દીવો પરને પ્રકાશે છે માટે પ્રકાશમાં વિરોધતા આવી જાય છે એમ નથી.

‘**આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો,...**’ જોયું! અહીં તો સંબંધ છે જ નહિ. કોને કહેવું મારું શરીર? કોને કહેવો મારો રાગ? કોને કહેવું આ દેહ, કર્મ મારા? કોને કહેવી બાયડી-છોકરા મારા? એ તો જગતની ચીજ છે. એમાં તારી ક્યાંથી થઈ ગઈ? સમજાણું કાંઈ? ભગવાન આત્મા દીવાની જેમ સદાય ઉદાસીન છે. જગતના પદાર્થો જે ક્ષણે તે પ્રકારે તેની પરિણતિ એટલે અવસ્થા થાય તેને પોતે પોતામાં રહી અને જાણે એવો એ ઉદાસીન પરથી છે. પરને કારણે એમાં કાંઈ આત્મામાં થાય છે અને આત્મા પરને જાણે માટે દોષ થાય છે એમ છે નહિ.

‘**તટસ્થ છે)-**’ તટ-સ્થ. તટ-સ્થ. નદીના બે કાંઠા હોય ને? તટ-તટ-સ્થ. કાંઠો સ્થિર છે. એમ તટસ્થ છે. જગતના પદાર્થો જે રીતે પરિણમે છે તેને જાણનારો તટસ્થ કાંઠે ઊભો તેને જાણે છે. એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ વસ્તુનો સ્વભાવ અનંત કાળથી એણે જાણ્યો નથી. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશ છે. જાણવું-જાણવું એનામાં છે. એનામાં રાગ કરવું એ સ્વરૂપ છે? આ ઠીક અને અઠીક માનવું એવું સ્વરૂપ છે? દીવાની જેમ સદાય ઉદાસીન છે. એવો ભગવાન આત્મા દીવાની જેમ પરની સાથે સંબંધ વગરનો તટસ્થ (છે). ‘**એવી વસ્તુસ્થિતિ છે,...**’ કહો, સમજાણું કાંઈ?

‘**તોપણ જે રાગદ્વેષ થાય છે...**’ જુઓ હવે. તોપણ. આમ વસ્તુસ્થિતિ હોવા છતાં પણ જે રાગદ્વેષ થાય છે. આ ઠીક છે માટે રાગ અને અઠીક માટે દ્વેષ (થાય) એ અજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! તદ્ગુણ લબ્ધયે આવ્યું હતું ને? એ ચર્ચાઈ ગયું છે. ત્યાં આવ્યું હતું ઉત્તરમાં. જુઓ! ભગવાનને એમ કહે છે, હે નાથ!

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभुभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।**

બધાને જાણનાર. ‘**वन्दे तद्गुणलब्धये**’. ભગવાન! તમારામાં જે ગુણ છે એ લબ્ધિ માટે હું અહીં તમને વંદન કરું છું. એ તો નિમિત્તના કથન છે. ભગવાનને વંદન કરે એવો વિકલ્પ છે એટલે એનાથી કાંઈ ગુણની પ્રાપ્તિ થતી હશે? ભારે વાત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ગુણગ્રાહી છે.

ઉત્તર :- ગુણનો ગ્રાહીનો અર્થ શું? જાણે. જેમ છે તેમ જાણે કે આ છે. સમજાય છે? પ્રેમ પણ આવે. પણ કઈ? પોતાની જ્ઞાનદશા જાળવીને પ્રેમ આવે. જ્ઞાતાદૃષ્ટા રાખીને પ્રેમ આવે. એ તો વાત પહેલા ન આવી? આવે છે કે નહિ? સમકિતનો આચાર આવે છે. સાધર્મી પ્રત્યે વાત્સલ્ય. લે ભારે ભાઈ! એ વાત્સલ્યનો અર્થ કે જ્ઞેય તરીકે જાણે છે, જાણનાર તરીકે જાણનાર છું પણ પોતાનો પ્રેમ-રાગની, વિકલ્પની દશા આવ્યા વિના રહેતી નથી. વાત્સલ્ય ત્યાં આવે છે. પણ જાણે છે કે એ વિકલ્પ પણ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું એ. એ બધા આસ્રવના કારણ છે. એ તો વળી આસ્રવના કારણ છે. અહીં તો મેં સમકિતનો આચાર કીધો. કહો, સમજાણું કાંઈ? એ તો ચારેય ભાષા આસ્રવમાં છે. તત્ત્વેષુ મૈત્રી, ગુણેષુ પ્રમોદ.. એ ચારે (આવતા). આ તો ગુણીને પ્રેમ કરવો એટલે સાધર્મી પ્રત્યે પ્રેમ કરવો સમકિતનો વાત્સલ્ય ગુણ છે. નિશ્ચય વાત્સલ્ય તો સ્વરૂપનો પ્રેમ અંતરમાં એ વાત્સલ્ય છે અને પર પ્રત્યેનો, ગુણી પ્રત્યેનો એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એની હદ એવી છે. છતાં એ પરને કારણે આવે છે એમ નહિ. સમજાય છે કાંઈ? પોતાની નબળાઈને કારણે એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. વંદન-નમસ્કાર આદિ થાય, એ હોય છે. ભાઈ! વ્યવહાર હોય છે, વ્યવહાર હોય છે પણ એ લાભદાયક નથી. ભારે આકરી વાત. જગતને તત્ત્વ ઉપર જાવું, પહોંચવું ભારે મુશ્કેલ અંદર.

મુમુક્ષુ :- .. ભાવ રાખીને.

ઉત્તર :- એ તો ભાવ રાખીને છે. જ્ઞાતાપણું રાખીને બહુમાન આવ્યા વિના રહે નહિ. એ તો વિકલ્પની જાતનું એ પ્રકારનો પ્રસંગ છે. પોતાની પર્યાયનો હોં! પેલા પ્રસંગને લઈને નહિ. એ કાળમાં એનો ભાવ છે. પ્રવચનસારમાં આવે છે ને? સાધુને વયાવચ્ચનો એ કાળ છે. એટલે કે તે કાળ જ એવો છે અને ત્યાં એ પ્રસંગ છે તો એને રાગ આવવાનો એ કાળ છે. સમજાણું કાંઈ? ભારે વાતું! એક કોર કહે કે વાત્સલ્ય કરવું. વળી એક કોર કહે, વાત્સલ્ય એને પરવસ્તુ તો જ્ઞેય છે. એને વાત્સલ્ય કરું એ ક્યાંથી આવ્યું? સમજાણું?

ઈષ્ટપણાની વ્યાખ્યા નથી? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પંચ પરમેષ્ઠી પરમેષ્ઠી છે. એ પંચ પરમેષ્ઠી પરમ ઈષ્ટ છે. એ બધા લખાણ એમ જ આવે, ભાઈ! શાસ્ત્રમાં તો એવા (લખાણ આવે) કે ભગવાન કેવા છે? કે ભવદુઃખભંજન. ભવના દુઃખના ટાળનારા છે. ભવને શસ્ત્રને છેદી નાખે એવા ભગવાન છે. એ પોતાનો પુરુષાર્થ પોતાનો છે ને, એ નિમિત્ત ઉપર આરોપ દઈને કથન કરે છે. આમ છે. આરોપ આપે પછી. ભગવાન! 'તે તો પ્રભુએ આપીયો' લ્યો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ત્યાં બોલ આવ્યો. ત્યાં સુધી બોલે. એ તો આપ્યો એટલે પોતે સમજ્યો ત્યારે આપ્યો એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. બહુમાન આવે છે પણ એવો જ (ભાવ આવે કે) એણે આત્મા આપી દીધો. ભારે વાતું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હો. નમોત્થુણંમાં આવે છે ને? ધર્મના દાતા છે. એ બધા નિમિત્તના કથન છે. આત્મા પોતે પોતાના ધર્મનો દાતા છે. સમજાણું કાંઈ? તીર્થના કરનારા છે એમ નથી (આવતું) પ્રવચનસારમાં? એના તીર્થના કરનારા છે એ તીર્થ એટલે ચાર તીર્થના કરનારા નથી લખ્યું ત્યાં. પોતાના તરવાના ઉપાયના કરનારા છે એમ લખ્યું છે અંદર. પ્રવચનસાર પાંચ ગાથાઓમાં. ધર્મ કર્તા એટલે પોતાનો ધર્મ. એના કર્તા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. હે ભગવાન! ...

ઉત્તર :- એ તો .. આવે ને. ચાર તીર્થને વંદન કરે છે ભગવાન એમ કહે ત્યાં. નમો તીર્થ.. ધમ્મો તીર્થસ્ય. ચાર તીર્થને વંદન. વળી ભગવાનને વંદન હોય? વાત ખોટી છે તદ્દન. સર્વજ્ઞ થયા પરમેશ્વર પૂર્ણ દશા (પ્રગટ થઈને) એને વળી નમો તીર્થસ્ય આવ્યું ક્યાંથી? શું કરવા નમો તીર્થસ્ય કરે? કરવાનો હેતુ કોઈ છે? એ તો રાગ છે. તદ્દન ખોટી વાત છે. વસ્તુની દૃષ્ટિથી વિપરીત બધું કથન છે. આણે નાખ્યું છે, હંપીવાળાએ. એમ કે જુઓ, ચાર તીર્થને વંદન કરે. નમો તીર્થસ્ય. ત્યારે હવે એને પાછું તારવું છે ને યોગપુરુષને. એવું કહ્યું કે જુઓ! ભગવાન નમો તીર્થસ્ય કરે છે ત્યારે તો તીર્થને તરનારા થયા તરનારા. તો તારનારો કોણ રહ્યો? બધા કરનારા થયા અથવા તો તારણહાર થયા. તરણહાર થયા તો પછી તરનારા કોણ રહ્યા? જો ચાર તીર્થ બધા તારણહારા થઈ ગયા તો પછી તરનારા કોણ રહ્યા? માટે એ ચાર તીર્થના જે યુગપુરુષ જાગ્યો હોય તે તારનારો છે અને બીજા બધા તરનારા છે એમ એમાં લેવું. માટે.. એમ નાખ્યું છે ભાઈએ. આવ્યું હતું ને. વાંચ્યું છે ને. સમજાણું કાંઈ? મેળવ્યું છે ખરું પણ એમ. ભલે ન મળે. દૂધમાં ધૂળ નાખીને પણ દહીં થાતું હોય તો થાય. મેળ મેળવણ નાખવું છે ને. મેળવણ કરવું છે ને. પણ એમ ન મળે. દૂધમાં ધૂળ નાખે ને મળી જતું હશે દૂધ? એમ વળી વાતું ભરડીને નાખે એમ તે કાંઈ મળતા હશે?

એમ તીર્થસ્ય કીધું કેમ? કે ત્યારે બધા તારનારા થઈ ગયા તીર્થ તો. ત્યારે હવે પુરુષ તરનારો કોણ રહ્યો? ત્યારે એનો અર્થ ઈ કે એમાંથી યોગપુરુષ જે છે તે તારનારો છે. અને તે તીર્થંકર તુલ્ય છે. તીર્થંકર અને તારનારો તીર્થંકર તુલ્ય યુગપુરુષ છે. યુગપુરુષને તીર્થંકરતુલ્ય માનવામાં વિરોધ છે નહિ. અશાતના નથી પણ આરાધના છે. એમ મૂક્યું છે લ્યો!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- બરાબર છે ને.

ઉત્તર :- જૂઠેજૂઠા ગપ્પ માર્યા છે. અરે.. ભગવાન! શું તું કરે છે પણ આ? શું કરે છે તું આ? કચડી-મચડીને તત્ત્વ એમ ન થાય. એમ કાંઈ મળતા હશે? કાંઈ મેળ ખાવો જોઈએ ને અંદરમાં? સમજાણું? દૂધમાં કાંઈ છાશ નાખે કે દહીં છૂટું નાખે કે રૂપું નાખે. અત્યારે આ નાળિયેરનું ઓલું નાખે છે કાચલી. તોપણ દહીં થાય. પણ આ દૂધમાં પથરા નાખે ને દહીં થાતા હશે? એ મેળવણ કહેવાય? એ મેળવ્યું જ કહેવાતું નથી. સમજાણું કાંઈ? ભગવાન કોને નમસ્કાર કરે? એ તો પરિપૂર્ણ છે. સર્વજ્ઞ છે, વીતરાગ છે. વાણી રહી ગઈ છે હિત ઉપદેશવાળી. બસ એટલું. સમજાણું કાંઈ? લખાણ નહિ આવ્યું હોય આ પરમ દિ'નું? ત્યાં ઉકલી ગયું લાગે છે, વડવા તો પરમ દિ'. આવ્યું નહિ હોય ક્યાંય.

ભગવાન આત્મા અહીં તો સર્વજ્ઞની સાથે આત્મા જ્ઞાતાદષ્ટા છે એમ કહે છે. સર્વજ્ઞ કોઈ ચીજને ઈષ્ટ-અનિષ્ટ માનીને જાણે છે? કારણ કે સર્વજ્ઞના જ્ઞાનમાં કેવળી જણાય, સર્વજ્ઞના જ્ઞાનમાં સિદ્ધો જણાય છે, લ્યો! કેવળી અહીં હોય તેરમે એને સિદ્ધો જણાય છે. એની પર્યાય ગુણમાં અધિક થઈ. કહો, એથી ઠીક માને છે જ્ઞાનમાં? રાગ છે? એના જ્ઞાનમાં છે કે આને આઠેય કર્મની પર્યાય રહિત થઈ ગઈ છે નિર્મળ દશા .. એટલે જ્ઞાન અવસ્થા છે, બસ એટલું. સમજાય છે કાંઈ? એ જ્યારે તીર્થંકર પોતે દીક્ષીત થાય ત્યારે કહે, નમો સિદ્ધ. નમો સિદ્ધાણં. એ તો હજી વિકલ્પ છે ને. ત્યારે નમો સિદ્ધાણં. મુનિ થવા માગું છું. ભાવનામાં વિકલ્પ આવે. ધ્યાનમાં બેસે છે. એકદમ ચક્ર ફરે છે ચૈતન્યનું. મુનિદશા અપ્રમત્ત દશા અંતરથી પ્રગટ થઈ જાય. કહો, સમજાણું? એ પોતાના ચૈતન્યને અવલંબે પ્રગટ થાય છે. કાંઈ પરદ્રવ્યને અવલંબે અને પરદ્રવ્યને ઠીક-અઠીક માન્યે પ્રગટ થાય છે એમ વસ્તુમાં નથી. શું થાય?

શું કહે છે જુઓને. '**એવી વસ્તુસ્થિતિ..**' એમ તો લખે છે. છે? '**આવી વસ્તુસ્થિતિ છે, તોપણ જે રાગદ્વેષ થાય છે તે અજ્ઞાન છે.**' અહીં તો અજ્ઞાનીના રાગદ્વેષની વ્યાખ્યા કરી છે. અસ્થિરતાના (રાગ) જ્ઞાનીને આવે, ધર્માત્માને આવે, ગણધરને આવે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આ મને ઠીક છે, આ ઈષ્ટ છે અને આ અનિષ્ટ છે એમ માનીને રાગદ્વેષ થાય છે તે અજ્ઞાનીને થાય છે. જ્ઞાનીને એવા રાગદ્વેષ હોતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યાન અંદરમાં. એ તો કીધું ને. ધ્યાન શું કરે? અંદરમાં એકાગ્ર થાય છે ત્યાં સાધુપદ આવે છે અને ત્યારે મનઃપર્યયજ્ઞાન થઈ જાય. કહો, સમજાણું? એમાં મનઃપર્યય જ્ઞાન થયું એ કાંઈ વિશેષ નથી. અંદર આત્મામાં સમ્યગ્દર્શન સહિત સ્થિરતા વધી ગઈ એ વસ્તુ છે. મનઃપર્યયજ્ઞાનની કાંઈ વિશેષતા નથી. એ તો વચમાં વૈભવ છે અમથો. આ વળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે, મનઃપર્યયજ્ઞાન છે એટલે ઓહોહો..! શું છે પણ એમાં?

અહીં તો કીધું નહિ અમૃતચંદ્રાચાર્યે? અમારે તો અંતર દૃષ્ટિ સહિતની સ્થિરતાની ખાસ છે. જ્ઞાનના વિશેષ ક્ષયોપશમની સાથે અમારે કાંઈ છે નહિ. કહો, વજુભાઈ! આવે છે ક્યાંય? પ્રવચનસાર. આહાહા..! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. અલૌકિક વાત. વીતરાગનું શાસન જેવો ધોરી માર્ગ અનાદિનો એ રીતે ઊભો રાખ્યો છે. એમાં ક્યાંય આંચ આવવા દીધી નથી. એમ લખ્યું, અમે શ્રુતકેવળીએ છીએ અને અમારામાં જ્ઞાનનું ઓછપપણું-ઓછું હોય તો એની વિશેષતા અમને નથી. અમે તો દૃષ્ટિપૂર્વક અમે ઠર્યા છીએ અંદર, બસ! એ અમારી સ્થિતિ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગજબ નહિ, વસ્તુ જ એવી છે. ગજબ શું? કહે છે ને વસ્તુસ્થિતિ એવી છે. તારું સ્વરૂપ જ તારામાંથી પ્રગટ થાય છે. શક્તિ છે એમાંથી આવે છે. વાતું તો કરવા મંડ્યા છે હવે ઘણાં. દ્રવ્યદૃષ્ટિ.. અહીંનું વાંચી વાંચીને હવે વાતું કરવા માંડ્યા છે કેટલાક. આર્જિકા ને ફલાણું ને દ્રવ્યદૃષ્ટિ. એલા પણ તમારે દ્રવ્યદૃષ્ટિ હતી નહિ ને આવી ક્યાંથી?

'**ભાવાર્થ :- શબ્દાદિક જડ પુદ્ગલદ્રવ્યના ગુણો છે.**' જુઓ! શબ્દ એ પુદ્ગલની પર્યાય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલના ગુણો છે. પણ એની પર્યાય લેવી અહીં. '**તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ);...**' એમ કહે છે? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ જડ જગતની ચીજ છે. એ કાંઈ આત્માને કહેતી નથી. ત્યાં આવ્યું. ત્યાં ક્યાં આવ્યું? જૂનું છે? ઠીક. એ તો ઓલા કળશમાં સાથે આવ્યું. સાથે સાથે કળશ નાખ્યો છે ને. આમાં કળશ ઉપર છે. એમાં સાથે નાખ્યો છે. સમજાણું?

શબ્દ. નિંદા અને પ્રશંસાના શબ્દો એ જડની દશા છે અને સુંવાળી કે કર્કશ એ સ્પર્શની પરમાણુની પર્યાય છે. એમ સુગંધ-દુર્ગંધ એ જડની અવસ્થા છે. મીઠી-ખાટી એ જડની દશા છે. તીખા મરચા કે ગળ્યો ગોળ એ જડની અવસ્થા છે. સમજાય છે? અને સ્પર્શ સુંવાળો કે કર્કશ એ જડની દશા છે. એ અવસ્થા એમ કહેતી નથી કે તું જાણવા રોકાઈ જા. અમે તને તારા જ્ઞેયરૂપ છીએ માટે અમારું જ્ઞાન કરવા અહીંયાં રોકાઈ જા. એમ જ્ઞેયનો સ્વભાવ છે નહિ.

'**અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી.**' પોતામાં રહીને સ્વપરપ્રકાશક છે. એમ કહે છે. જાય ક્યાંથી? '**જેમ શબ્દાદિક સમીપ ન હોય...**' લ્યો! નિંદા-પ્રશંસા નજીક ન હોય, સ્પર્શ આદિ નજીક ન હોય, ગુણ-દ્રવ્ય આદિ નજીક ન હોય. '**ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે. આમ પોતાના સ્વરૂપથી જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં...**' જુઓ! એ સામા (પદાર્થ). '**પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી,...**' આત્માને વિકાર એ શબ્દો કરાવતા નથી. મૂઢ પોતે માનીને એ મને આ, આ મને સારું પડ્યું, આ મને ઠીક છે એમ માનીને આત્માને હેરાન કરવાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે.

'**જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ. આવો વસ્તુસ્વભાવ છે, તોપણ જીવ શબ્દને સાંભળી,...**' એ શબ્દને સાંભળી. આવા નિંદાના શબ્દો મને (કહ્યા)? અને સ્તુતિના. આહાહા..! એ તો અંગિત માણસ છે. પણ શબ્દ છે એમાં ક્યાં તને અંગિત ક્યાં ગરી ગયો છો તું ત્યાં? એ તો જડની અવસ્થા (છે). એમ સ્પર્શ સુંવાળો આહાહા..! અને કર્કશ. એવા '**સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી...**' અવળા-સવળા બેય લેવા શુભ-અશુભ. '**રસને આસ્વાદી,...**' શુભ-અશુભ. '**સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી,...**' એમ. ગુણ પણ શુભ-અશુભ અને દ્રવ્ય પણ શુભ-અશુભ. એને જાણી, '**તેમને સારાં-નરસાં માની...**' તેમને સારા-નરસા માની '**રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.**' સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુની સ્થિતિની વાત પણ સાંભળવા મળે નહિ એ બિચારા ક્યાંથી અંદર કામ કરે? વાત તો સાચી છે ને. કહે છે,.. પણ એની પાત્રતા હોય તો એ નિમિત્ત આવ્યા વિના રહે નહિ. એમ કહે છે. લ્યો! ઉપાદાન ત્યાં નિમિત્ત હોય એમ કહે છે. ઓલામાં લખ્યું છે-અષ્ટપાહુડમાં પણ. કહો, સમજાણું કાંઈ?

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો! ૨૨૨ કળશ છે ને માથે?

**पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं**
**यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।**
**तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो**
**रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।२२२।।**

જુઓ! આખી ટીકાનો સાર ભરી દીધો આમાં. ભગવાન આત્મા.. કેવો છે આત્મા અંદર? આ આત્મા કેવો છે? કે શુદ્ધ પૂર્ણ છે. પોતાના જ્ઞાન અને આનંદથી પૂર્ણ સ્વરૂપ ભરેલું છે અંદર. પૂર્ણ ઈદં ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ, શાંતિથી પૂર્ણ છે પ્રભુ. વસ્તુ છે ને. વસ્તુ છે ને. એનો ગુણ પણ પૂર્ણ છે. વસ્તુ પૂર્ણ છે તેમ ગુણ પણ પૂર્ણ છે.

'**એક,...**' છે. અભેદ છે ને? સમજાય છે? એક છે. વસ્તુ એક છે. એમાં ભેદ નથી. અનંત ગુણરૂપ એક વસ્તુ છે. '**અચ્યુત...**' છે. પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થતું નથી. એવું એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ છે. '**અને શુદ્ધ (-વિકાર રહિત)...**' છે. લ્યો! '**એવું જ્ઞાન જેનો મહિમા છે...**' એવું જ્ઞાન જેનો મહિમા (છે) એવો આત્મા. એમ. શું કીધું? પૂર્ણ જ્ઞાન છે, એકરૂપ છે, અચ્યુત નામ ચ્યુત ન થાય એવું સ્વરૂપ છે અને વિકાર રહિત છે. '**એવું જ્ઞાન જેનો મહિમા છે...**' જેનો મહિમા છે. '**એવો આ જ્ઞાયક આત્મા...**' એવો આ જાણનાર ભગવાન આત્મા '**જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી,...**' જણાવાયોગ્ય પદાર્થને જાણતા, જાણતા વિક્રિયાપણાને પામતો નથી. રાગદ્વેષપણે પણ એ પરિણમતો નથી. એવું જ એનું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ?

એક કોર જ્ઞાયક આત્મા અને એક કોર જ્ઞેય. એમ. એ '**જ્ઞેય પદાર્થોથી...**' ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હો કે ચાહે તો નિગોદના આત્મા હો કે ચાહે તો સાક્ષાત્ મુનિને કાપનારા મિથ્યાદૃષ્ટિ ઊભા હો. તોપણ એ ચીજ કાંઈ આત્માને રાગદ્વેષ કરાવતી નથી. '**જરા પણ વિક્રિયા પામતો નથી,...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, પૂર્ણ છે, અચ્યુત છે અને શુદ્ધ છે. એવો જે જ્ઞાન, જેનો મહિમા એવો જ્ઞાયક આત્મા, એવો ભગવાન આત્મા પરને જાણતા કાંઈપણ વિક્રિયા નામ વિપરીતપણાને-અશુદ્ધપણાને પામતો નથી.

'**જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી...**' પ્રકાશ્ય. '**(પ્રકાશવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ.**' જેમ દીવો પ્રકાશવા યોગ્ય ઘટપટ, સોનું, લોઢું વગેરે એવા પદાર્થોથી દીવાના પ્રકાશને વિપરીતતા અને વિક્રિયા થતી નથી. વિક્રિયાપણું એટલે વિપરીતપણું થતું નથી. '**તો પછી એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત...**' આવી વસ્તુની મર્યાદા. બેયની એમ કહે છે. જ્ઞેય જ્ઞેયની અને જ્ઞાન જ્ઞાનની. '**એવી વસ્તુસ્થિતિ...**' એટલે વસ્તુનો સ્વભાવ અને વસ્તુની મર્યાદા. એવા વસ્તુની મર્યાદાના જ્ઞાનથી રહિત છે. વસ્તુમાં જ્ઞેયની મર્યાદા જણાવું એટલું અને જ્ઞાનની મર્યાદા જાણવું એટલું. બસ. એમાં આવી વસ્તુની સ્થિતિ.. સમજાણું કાંઈ?

'**વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત...**' વસ્તુની મર્યાદાના જ્ઞાનથી રહિત '**જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે...**' જાણવું દેખવું એ જ એનું સ્વરૂપ છે. પરથી તટસ્થ અને સંબંધ વિનાનો છે. એવો ભગવાન વસ્તુની સ્થિતિવાળો છે અને પર પણ એવા જ્ઞેયપણે રહ્યા છે એની પરિણતિએ તે એની વસ્તુસ્થિતિએ છે. આને જાણતા. અરે..! જે વસ્તુસ્થિતિની મર્યાદાથી રહિત છે અજ્ઞાની-બુદ્ધિ એવા આ. જુઓ! અહીં એમ કહ્યું છે. આવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે. કર્મને લઈને આવી વસ્તુની સ્થિતિની બુદ્ધિ વિપરીત છે એમ નથી. સમજાણું કાંઈ? શું કરે ભાઈ, કર્મનું નિમિત્ત. .. આવી ગયું એમાં. કર્મ છે તે પર્યાય છે જડની. કર્મ છે એ જડની પર્યાય છે. એ ફક્ત

જ્ઞાનમાં જાણવાયોગ્ય ખ્યાલ આવે કે શાસ્ત્ર આમ કહે છે, આ ઠેકાણે આ હોય, આ હોય એ ખ્યાલ આવે. એમાં એ કર્મ વિક્રિયા ક્યાં ઉપજાવે છે તને?

મુમુક્ષુ :- એ કઈ ગાથામાં છે?

ઉત્તર :- ગાથામાં આવી ગયું છે કર્તાકર્મમાં. જ્ઞાનાવરણીયમાં. એ અહીં મૂક્યું છે. પરિણમે છે નહિ? ગોરસનો દાખલો. દૂધ પરિણમે છે ત્યાં જોનાર છે એમાં દૂધને ક્યાં એણે પરિણમાવ્યું છે? એમ કર્મ પરિણમે છે એમ જ્ઞાન જાણે છે. એનો કર્તા-બર્તા છે નહિ. એ જ અહીં વાત છે. આવ્યું છે ને? ૧૦૨. ૧૦૨ નહિ? ૧૦૧. ૧-૧. ૧૦૦ પછી ૧. જ્ઞાનાવરણીય કર્મ. જુઓને! અહીં કાઢોને ભાઈ આમાં. ૧૦૧ જુઓ. જ્ઞાનાવરણા જુઓ ૧૦૧. જ્ઞાની જ્ઞાનનો કર્તા છે એમ કહે છે.

**जे पोग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा।**
**ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।**

લ્યો! દાખલો છે દહીં-દૂધનો. '**જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને...**' લ્યો! '**ઊપજતા ગોરસના ખાટા-મીઠા પરિણામ છે, તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી, તેવી રીતે જ્ઞાનાવરણ ઈત્યાદિ કે જેઓ ખરેખર પુદ્ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતા પુદ્ગલદ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જેવી રીતે ગોરસનો જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે, તેવી રીતે જ્ઞાની, પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું, પુદ્ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને, માત્ર જાણે જ છે. આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.**' ચાહે તો કર્મનો ઉદય હો કે ચાહે તો નવું બંધાય એનો જ્ઞાતા છે. એને લઈને અહીં રાગ થતો નથી અને આને લઈને ત્યાં પરિણમન થતું નથી પુદ્ગલનું. સમજાણું કાંઈ? આઠેય કર્મ બધા ઘણાં બોલ લીધા છે. ઓહોહો..! બહુ સમાડ્યું છે. સમયસારે તો ચૌદ બ્રહ્માંડ સમાડીને ન્યાલ કરી નાખ્યા છે. એય..! ન્યાલભાઈ! આહાહા..! વાહ!

કહે છે, અરે..! વસ્તુસ્થિતિની જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે હોં! જેમની બુદ્ધિ છે એમ. કર્મને લઈને જેમની બુદ્ધિ છે અને ફલાણાને લઈને જેમની બુદ્ધિ છે એમ નથી. '**એવા આ અજ્ઞાની જીવો પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)**' લ્યો આવ્યો. વિકલ્પ આવ્યો. એઈ..! જુઓ! અહીં આવ્યું. એનો ખુલાસો કરશે હોં! જ્યાં સુધી શુભરાગ છે ત્યાં સુધી પ્રાણીને અજ્ઞાનથી દુ:ખી દેખી કરુણા ઊપજે. દુ:ખી દેખીને કરુણા ઊપજે છે એ પણ નિમિત્તનું કથન છે.

પોતાને એ જાતનો યોગ છે માટે વિકલ્પ આવે છે. એને લઈને આવે છે, આ દુઃખી છે માટે આવે છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેમ વસ્તુની સ્થિતિ હોય એમ હોય ને. કાંઈ દુઃખીને દેખીને થાય છે? દુઃખીને દેખીને થાય તો ભગવાનને પણ રાગ થવો જોઈએ. થઈ રહ્યું ત્યારે. રાગ જેને છે તેને રાગ થાય છે. પોતાને કારણે થાય છે. એય..! હિંમતભાઈ! બધી આવી બહુ ગડબડ ચાલે છે. આહાહા..! કેમ છોડે છે અને રાગદ્વેષ કેમ થાય છે એમ આચાર્યદેવે શોચ કર્યો છે.

'**ભાવાર્થ :- જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે,...**' જુઓ! એક જ વાત છે. ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વરૂપ છે એને તો જાણવાનો છે. જાણવાથી વિશેષપણે આ ઠીક-અઠીક કરવાનું જ્ઞાનમાં સ્વભાવ નથી. ઠીક-અઠીક એટલે રાગદ્વેષ. '**જેમ દીપકનો સ્વભાવ ઘટપટાદિનો પ્રકાશવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી.**' કહો, સમજાણું? જ્ઞેયને જાણવામાત્રથી વિકાર થાય તો ભગવાનને પણ થવો જોઈએ. ભગવાન તો ત્રણ કાળ ત્રણ લોક જાણે કેવળીનું કેવળજ્ઞાન. સમજાણું કાંઈ?

'**જ્ઞેયોને જાણી, તેમને સારાં-નરસાં માની,...**' આ ફેર છે. બસ. જાણતાં આ મને ઠીક છે, આ છોકરો મને ઠીક છે અને આ છોકરો મારો અકહ્યાગરો જાગ્યો છે. લ્યો! તમારે તો એક છે પણ જેને બબ્બે-ચાર-ચાર હોય એમાં આંતરા પડે. આ નેમિદાસભાઈને એકેય નથી તો કોને કહે? પણ જેને ઘણા છોકરા હોય ને એમાં ક્યાંક ક્યાંક ફેર પડે કો'કમાં. આ છોકરો કહ્યાગરો નથી. આ મારું પાળશે-ઘડપણ આ પાળશે. આ છોકરો નહિ (પાળે). અને એ પછી વિચારીને એવા ભેગો જ રહે ઈ ડોસો પણ. કહે છે કે એ બધી ભ્રમણા છે. વૃદ્ધપણું તો જડનું છે એને કોણ રાખે અને કોણ ટાળે? એ તો વૃદ્ધપણું થયું એ તો આત્મા જાણનાર છે. વૃદ્ધપણું થયું માટે અરે.. ઠીક ન થયું એવું એનામાં છે નહિ. એ તો વૃદ્ધપણું જડની દશા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આમ દેહ પડતા વાર ન લાગે અને રહેતા વાર ન લાગે. એને કારણે કહે છે. આહાહા..! એ વિચિત્ર પરિણતિએ પામતો. એમ કીધું ને અહીં તો. આમ ઘડીકમાં નિરોગતા હોય, ઘડીકમાં (રોગ થાય). શું થઈ ગયું? મૂંઝવણ છે, મૂંઝવણ છે અંદર. પાટીયા ભીંસાય છે. પણ એ તો જડની દશા છે. તું તો જાણનાર છો. એમાં પાટીયા ભીંસાય એ ઠીક નથી એમ ક્યાંથી આવ્યું? એમ કહે છે અહીં. કહો, મલૂકચંદભાઈ! પહેલું એ હતું ને. હવે હાર્ટ એટેક કહે છે. પહેલા એમ કહેતા જૂના માણસો. પાટિયા ભીંસાય છે, પાટિયા ભીંસાય છે એમ કહે. પહેલા આ ક્યાં ભાષા હતી એ વખતે. કેમ ત્રંબકભાઈ! આ રોગ થાય ને કહેતા ને લોકો? પાટીયા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભીંસાય એમ કહેતા. હવે વળી આ હાર્ટ એટેક (બોલે છે). આ ઓલું અંદર એમ થાય છે. પાટીયા એટલે હાડકા (ભિંસાય). ક્યાં ગયા? આણંદીલાલ. એ પોતે જોયું હતું મેં. કહો હજી તો જુવાન માણસ છે. ૪૧ વર્ષનો. શું થાતું હતું? કીધું. આંચકા આવે છે અંદર. ૪૧ વર્ષ છે હજી તો. અંદર જ ... પડ્યા રહ્યા એમ ને એમ. એવા આંચકા આવે એને. પાણી નીકળી ગયું. પરસેવો પચ્ચીસ શેર. આમ ભીંસ પડે તો. કેટલોક સૂકાઈ જાય, કેટલોક .. જાય, કેટલોક આમ નીકળી જાય, કેટલોક લૂગડામાં આવી જાય. આહાહા..! આ તે કાંઈ જગતની દશા! એ એનો પરમાણુનો પરિણતિ ધર્મ એવો છે એમ કહે છે. એમાં એ આત્માને કાંઈ નુક્સાન કરે છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- તબિયતને ..

ઉત્તર :- તબિયતને બગાડે એટલે શું? એ વ્યાખ્યા બગાડે એ તો પહેલી એ તો એની અવસ્થા તે પ્રકારે થવાની એમ થઈ. એમાં બગડે એટલે શું? એ તો વળી નિરોગતા એ ઠીક હતી એમ માન્યું માટે બગડી એમ માન્યું છે. બાકી બગડી-ન બગડી છે જ નહિ એમાં. અરે..અરે.. ભારે. તમારે શરદી નથી થાતી? ત્યાં ગરી જાવ છો અંદરમાં. ત્યારે તો બહાર પણ નીકળે નહિ. એય.. શાંતિભાઈ! આ તમારા બાપ છે ને એ બહાર નીકળે નહિ એવું હોય ને તો. આહાહા..! કહે છે કે ભાઈ! એ તો પુદ્‌ગલ જડની એ વખતની ઠંડી અવસ્થા છે. એમાં ઠંડી અવસ્થા છે એ તો સ્પર્શ ગુણનો તે સમયનો તે પર્યાય છે. એમાં એણે ક્યાં કહ્યું કે આ ઠીક નથી એમ તને ક્યાંથી લાગ્યું? કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આહાહા..!

દેહ છોડતાં આલસ-વિલસ થઈ જાય છે. એને એકત્વબુદ્ધિ છે ને. એકત્વ. આહાહા..! ૬૦-૬૦, ૮૦-૮૦ વર્ષ, ૯૦ વર્ષ સુધી રહ્યા હોય શરીરમાં. એ જ્યારે નીકળે અંદરથી. આમ હાય હાય.. ચારે કોર ભીંસ-ભીંસ. વખત વધારે હોય તો લાગે. થોડો હોય તો ફટ્ ઊડી જાય એકદમ. આહાહા..! શું થાય છે આ કાંઈ ખબર પડતી નથી. એક જણો કહે મને તાણે છે, કોઈ તાણે છે, ખેંચે છે. જેમ થોરને તાણે ને થોરને? મડદાને તાણે ને? કૂતરાને ભંગ્યો (હરિજન) તાણે ને એમ કોઈ તાણે છે અંદરથી. તાણે શું ત્યાં તને અંદર એકાગ્રતા છે પર ઉપર એટલે તને સંકોચ થઈ ગયો હવે. સમજાણું કાંઈ? એને અડતું નથી. શરીરની પર્યાય તો અડતી નથી જ્ઞાનને. શું કોણ તાણે? પણ પોતાને પર ઉપરની એકત્વબુદ્ધિ છે એથી એમાં એકત્વ થઈને હીણો પડતું જાય હીણો. જ્ઞાન હીણું પડતું જાય. ભગવાન આત્મા દ્રવ્ય-ગુણે તો પરિપૂર્ણ છે. પર્યાયમાં હીણો પડતો જાય છે એ પરમાં લક્ષ કરીને રાગદ્વેષ કરે છે માટે. પરને કારણે નહિ. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'આત્મા રાગીદ્વેષી વિકારી થાય છે...' 'તેમને સારાં-નરસાં માની, આત્મા રાગીદ્વેષી-વિકારી થાય છે તે અજ્ઞાન છે.'** અહીં તો એ સિદ્ધ કરવું છે. '**માટે આચાર્યદેવે શોચ કર્યો છે કે-વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે?**' આહાહા..! શરીરની વૃદ્ધાવસ્થા થઈ, ઉઠી શકાય નહિ, બેસી શકાય નહિ, ઓઠિકણ વિના રહી શકે નહિ. આહાહા..! ખરાબ એમ કહે માણસ. પણ ખરાબ એટલે શું પણ? ખરાબ એટલે શું? એ તો જડની અવસ્થા છે તે સમયની. સમજાણું કાંઈ? એ તો પરમાણુનો પર્યાય છે તે સમયનો એવો છે. પણ આ કહે છે કે અરે..! આમ કેમ? એ અજ્ઞાનભાવે જ્ઞાનને ભૂલી દ્વેષ ઊભો કરે છે. અને અનુકૂળતા નિરોગતા શરીરની સરખી સાંઢડા જેવી હોય ને આમ બરાબર. કામ ... એ કહે છે, મૂઢ નિરોગ અવસ્થા જડની છે. એમાં તને ક્યાં ઠીક લાગ્યું એમાં? દુનિયા તો એમ કહે છે કે ભાઈ 'પહેલું સુખ તે જાતે નર્યા.'

મુમુક્ષુ :- જાત કોણ?

ઉત્તર :- જાત એટલે જડ. કહે છે ને એમ? પહેલું સુખ તે જાતે નર્યા. પણ ધૂળમાંય સુખ નથી ત્યાં. આ તો જડ માટી ધૂળ છે. દૃષ્ટિ ઊંધાવાળાએ આવા બધા હલોળા ગોઠવ્યા છે. 'પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર ચાર દીકરા.' ચાર દીકરા છે તમારે. 'ત્રીજું સુખ સુકુળની નાર' સુકુળની ખાનદાની સ્ત્રી હોય તે સુખ કહેવાય. સુકુળ ખાનદાન.. સેવા કરે. અને 'ચોથું સુખ ઘરે કોઠીએ જાર.'

મુમુક્ષુ :- હવે કોઠીએ?

ઉત્તર :- જાર. હવે કોઠીએ જાર ક્યાં હતી. આ ચાર વાતું નહોતા કરતા? પહેલા કહે છે કે નહિ એમ? અહીં કહે છે કે તારી ભ્રમણા છે મૂઢ. તારું સુખ તો અહીં છે. ત્યાં સુખ છે? નિરોગી અવસ્થામાં સુખ છે? બાયડીને લઈને સુખ છે? સુખ ત્યાં છે? સુખ તો અંદરમાં આત્મામાં છે. પોતે આનંદસ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આનંદ અહીં છે ને આનંદ ત્યાં છે? મૂઢ છો. કહો, સમજાણું કાંઈ? એવું લડાવે ને. 'શરીરાદ્યમ ખલુ ધર્મ સાધનમ' સારું શરીર હોય તો ધર્મ થઈ શકે, લ્યો. શરીર ઠીક હોય તો અપવાસ થઈ શકે. ઓલું કરે. એય.. ઓલાને કો'કને...

મુમુક્ષુ :- .. પ્રશ્ન..

ઉત્તર :- કોનો? એ તો આવ્યો છે ને. જીર્ણ શરીરનો. આ દુલેરાયનો કાગળ આવ્યો છે. ક્યાં ગયો? ઓલો નહિ અહીં દુલેરાય હતા ને. .. ગયા. અઠમ અપવાસ કર્યા. સમજાણું? કહે છે કે આ જડ છે માટી. આ નિરોગ હોય તો જડની અવસ્થા અને સરોગ હોય તોપણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જડની અવસ્થા. એમાં કાંઈ આત્માને નુકસાન કર્તા છે એમ છે નહિ. આહાહા..! મારું શરીર મને ઠીક હોય તો થાય ભાઈ ધર્મધ્યાન લ્યો. શાસ્ત્ર એમ કહે હોં! જ્યાં સુધી વ્યાધિ પ્રગટ થાય નહિ. જુઓ! ઓલામાં આવી ગયું હતું ને? છ ઢાળામાં આવ્યું છે. અષ્ટપાહુડમાં આવે છે. ઈન્દ્રિય હાનિ પામે નહિ. રોગ બહાર બહુ દેખાય નહિ ત્યાં સુધી ધર્મ કરી લેજે. એઈ..!

અહીં તો તરત કરજે એમ બતાવે છે. અત્યારે કરને. વિસામા વાયદા શેના? પછી વળી કરીશ. વાયદા શેના? કરી લે અત્યારે. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ કરી લે સંભાળ. સમજાણું કાંઈ? 'એક દિન જાવું છે નિર્વાણી કરી લે આતમની ઓળખાણી, એક દિન જાવું છે નિર્વાણી.' નિર્વાણ એટલે નક્કી. એક દિન શરીર છૂટી જશે, અહીં નહિ રહે આત્મા. બે ભેગા ક્યાં છે, આ તો જુદા છે. કહો, કેમ હશે આમાં? નેમિદાસભાઈ! બંગલા બંગલામાં રહે છે કે નહિ ત્યાં? હવે એના બંગલા જુઓ તો બે જણા. એકાદ નોકર રાખે સામેવાળાનું ધ્યાન (રાખે). પવન .. ઉપર આમ એવો નીકળે ને. કહે છે કે એલા પણ એ તો જડની અવસ્થા. તને શું થઈ ગયું એમાં? બધી અમારે સગવડતા છે. સમજાય છે ને? પણ સગવડતાનો લાભ લઈ શકતા નથી. વળી એમ કહે પાછા. એક જણો એમ કહેતો હતો. અહીં તો બહુ મળેલા ને. પૈસા થયેલા છોકરા પાસે દસ લાખ. પછી તો ઘણા કરોડ થઈ ગયા. પછી કહે, ઘણી બધી સગવડતા છે.. ધર્મ કરીએ. એમ કરીને અમે પૈસાવાળા છીએ અને છોકરા સુખી છે. એમ કરીને એનું અભિમાન (કરે). અરે.. અરે..! મારી નાખ્યા જગતને તો.

અહીં કહે છે કે પરને લઈને આત્માને કાંઈ ઠીક-અઠીક થાય એ માન્યતા મૂઢ જીવોની છે. અને એથી રાગદ્વેષ કેમ પરિણમે છે? '**પોતાની સ્વભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી? આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે,...**' હવે એની વ્યાખ્યા થોડી થાશે પાછી. ઓલો શુભ રાગ છે ને જરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૩, મંગળવાર તા. ૧૯-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૨-૨૨૩, પ્રવચન-૪૩૧**

૨૨૨મો છે ને છેલ્લો? ૨૩ પહેલા. અહીં સુધી આવ્યું. જુઓ! '**આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે,...**' શું કહે છે? કે આત્માનો સ્વભાવ તો જાણવું-દેખવું છે અને જણાવા-દેખાવાનો જ્ઞેયનો સ્વભાવ છે. આવું હોવા છતાં અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવથી ભ્રષ્ટ થઈ અજ્ઞાનથી આ પરદ્રવ્યને ઠીક-અઠીક માનીને અજ્ઞાનપણે રાગદ્વેષ કેમ કરે છે? એવો શોચ-આશ્ચર્ય કર્યો છે. વસ્તુનો સ્વભાવ તો જાણવું-દેખવું ચૈતન્ય છે. એની સત્તાનું મહાતત્ત્વ ચૈતન્ય જાણવું-દેખવું છે. એ તો જાણવા-દેખવાના સ્વભાવરૂપે આત્મા છે. જણાવાયોગ્ય વસ્તુ એકરૂપે બધી જ્ઞેય છે. આવું ખ્યાલમાં આવતા છતાં એના વિકાસ ઉઘાડમાં આવતા છતાં આ ચીજ ઠીક-અઠીક છે એમ કરીને અજ્ઞાનભાવે રાગદ્વેષ કેમ કરે છે? એમ આચાર્યે અહીંયાં શોચ કર્યો છે. વળી અહીં કહે છે કે પરને લઈને શોચ થાય નહિ. એ તો અધિકાર છે. વળી આ શોચ થાય છે અહીં. એ અધિકારમાં જ આવ્યું. કેમ કહે છે? કારણ? જ્યાં સુધી શુભરાગ છે ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે.

મુમુક્ષુ :- .. દુઃખી દેખીને.

ઉત્તર :- એ તો એ ભાષા. પણ પહેલું અહીં છે જ્યાં સુધી શુભરાગ છે. અહીં વજન છે.

મુમુક્ષુ :- એ તો ત્યાં સુધી જ હોય ને. વીતરાગ થયા પછી ક્યાં.. પણ કારણ તો દુઃખી દેખીને.

ઉત્તર :- દુઃખી દેખીને શુભરાગ છે ત્યારે દુઃખી દેખીને એમ કહેવામાં આવે છે એમ. જ્યાં સુધી એ પ્રકારનો રાગ આવવા સંભવ છે, થવા સંભવ છે એવો રાગનો ભાવ છે તેથી અજ્ઞાની પ્રાણીને દુઃખી દેખીને એમ શોચ થાય છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો પોતાને જ એ કાળે એ પ્રકારનો રાગ આવવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પરને દેખીને થાતું નથી. પરને દેખીને થાય તો તો કેવળી છે એ બધાને થવું જોઈએ. જેને એ પ્રકારે રાગ આવવાનો ભાવ છે એને એમ થાય છે કે અરે..! આ શું કરે છે? વસ્તુનો સ્વભાવ ચૈતન્ય છે એને છોડીને પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટ માની આ હેરાન-દુઃખી અજ્ઞાનથી કેમ રાગદ્વેષ કરે છે? કહો, સમજાણું કાંઈ?

'**જ્યાં સુધી શુભ રાગ છે...**' એમ કીધું ને? શુભરાગ છે? એ જાતનો શુભરાગ થવાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એને કાળ છે અને એ જાતનો ભાવ પોતામાં છે. '**ત્યાં સુધી...**' જ્યાં સુધી આ છે ત્યાં સુધી '**પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી...**' પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી. દુઃખી દેખી એટલો શબ્દ છે એ નિમિત્તથી વાત કરે છે. '**કરુણા ઊપજે છે...**' એ શુભરાગમાં કરુણા આવે છે '**અને તેથી શોચ થાય છે.**' વાત તો એવી છે કે વસ્તુનું ભાન હોવા છતાં રાગ થાય છે એ કોઈ પ્રસંગને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ, સંયોગને લઈને નહિ, જ્ઞેયને લઈને નહિ. તેમ સ્વભાવને લઈને નહિ. પણ વચમાં એ પ્રકારનો રાગ કાળ હોય છે તે રાગ આવે છે. એને પછી ગમે એ રીતે કથન કરવામાં આવે. સમજાણું કાંઈ?

'**હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :-**' હવેના શ્લોકો કહેશે એની સૂચનાનું હવે કથન કરે છે.

**रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः**
**पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।**
**दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं**
**विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।।२२३।।**

'**तदात्वो**' '**तदात्वो**' આવ્યું ને એ? '**तदात्वोदयात्**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઓલામાં આવ્યું હતું ને. '**तदात्वे**' કાળે. તે કાળે જાણેલો પ્રયોજનવાન. હા ઈ. ઈ બસ. ઈ જ આવ્યું ને? '**भिन्नास्तदात्वोदयात्**'. શું કહે છે હવે? ચારિત્ર અધિકાર વિશેષ વર્ણવશે. એની પહેલી શરૂઆત કરે છે.

'**શ્લોકાર્થ :- જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...**' ધર્માત્મા પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું ભાન છે, દર્શન છે, પ્રતીત છે. હવે તેને સ્વરૂપની રમણતારૂપ ચારિત્રના વૈભવની મહિમાની વાત કરે છે. આખરની ગાથાઓ છે ને? સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાન, આનંદ એવો સ્વભાવ છે એવું સ્વસન્મુખ થઈને, સ્વસન્મુખમાં ભાન વર્તે છે. એવા ભાન વર્તે છે એવા જીવને ચારિત્ર હોય છે. ચારિત્ર હોય છે. એને ચારિત્ર હોય છે. સમજાણું કાંઈ? કેવું એ ચારિત્ર હોય છે? કે '**જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...**' જેમાં પુણ્ય અને પાપના વિકલ્પો જેમાં છે નહિ એવું ચૈતન્ય તેજ.

'**જેઓ સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે,...**' જેઓ પોતાનો આનંદ અને શાંતરસ સ્વભાવ તેને સદા સ્પર્શનારા-અનુભવનારા છે. જુઓ, આ ચારિત્ર. ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ અને વર્તમાનની સંવર આલોચના એટલી ચારિત્રની વિધિ છે. એ ચારિત્ર કેવું હોય છે? કે જેના તેજમાં રાગદ્વેષરૂપ વિભાવથી રહિત

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તેજ જેના છે. જેમાં મહાવ્રતનો વિકલ્પ પણ નથી એવું જે ચારિત્રનું તેજ જ્ઞાનાનંદ સ્વરૂપની રમણતા.

'**જેઓ સદા સ્વભાવને...**' સ્વભાવ એટલે પોતાનો ચૈતન્યચમત્કારમાત્ર સ્વભાવ. એમ. ખુલાસો કર્યો છે. સદા સ્વભાવને ચૈતન્યચમત્કાર જેમાં શક્તિમાં એકલું જ્ઞાન જ, ચૈતન્યચમત્કાર કેવળજ્ઞાન જ ભર્યું છે. જેમાં કાંઈ રાગદ્વેષ અને વિકારનો કણ પણ જેમાં ભળ્યો નથી. એવો ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કારમાત્રને જેઓ સદા સ્પર્શનારા એટલે વેદનારા અને અનુભવનારા છે. એને ચારિત્ર હોય છે. કહો, સમજાણું કાંઈ?

'**જેઓ ભૂતકાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહિત છે...**' કર્મ એટલે વિકાર, રાગ. ગયા કાળનો રાગ કે ભવિષ્યનો રાગ જેને અંતર અનુભવના સ્પર્શમાં નથી. ભૂતકાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ. એટલે ભૂતકાળનો સંબંધ જેનો રાગ જે વર્તમાનમાં નથી. ભવિષ્યનો રાગ પણ વર્તમાનમાં નથી. '**ભૂતકાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મ...**' એટલે પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત છે. '**જેઓ વર્તમાન કાળના કર્મોદયથી ભિન્ન છે,...**' સમજાણું? વર્તમાન કર્મનો જે ઉદય આવે, એનાથી પણ પોતાની સ્વરૂપની એકતા અંદર થતાં પરથી તો ભિન્ન છે. જે ચૈતન્યચમત્કાર માત્રની દૃષ્ટિ થઈ છે તેમાં જ જેનું અંતર એકાગ્રતાનું વલણ છે એ વર્તમાન કર્મના ઉદયથી ભિન્ન છે.

ચારિત્રની વ્યાખ્યા ચાલે છે આ. આ પડિક્કમણું કેમ કરવું? પચ્ચખાણ કેમ કરવા? અને સંવર કેમ કરવો? આલોચના એની વ્યાખ્યા છે આ. કહો, મગનભાઈ! આવે છે કે નહિ? ગયા કાળનું પડિક્કમણું. આવે છે ને? ભવિષ્યના પચ્ચખાણ. વર્તમાનમાં સંવર. પણ એ કહે છે કે આમ થાય એ. ગયા કાળનું પડિક્કમણું ક્યારે? કે સ્વરૂપ જે આનંદ ચૈતન્યચમત્કાર છે એવી વસ્તુની દૃષ્ટિમાં, જ્ઞાનમાં પ્રાપ્તિ થઈ છે. પ્રાપ્તિ થયા પછી સ્વરૂપ તરફની એટલી એકાગ્રતા છે જેમાં ભૂતકાળ અને ભવિષ્યનો રાગ ભળતો જ નથી, થતો નથી. અને વર્તમાનમાં કર્મનો ઉદય હોય તેનાથી ભિન્નપણે પોતાની વૈભવ-ચારિત્રદશા પરિણમે છે. કહો, સમજાણું કાંઈ?

'**તેઓ (-એવા જ્ઞાનીઓ-) અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી...**' જુઓ! આ વૈભવ આવ્યો હવે.

મુમુક્ષુ :- વૈભવ.

ઉત્તર :- આ વૈભવ કહેતા હતા ને લોકો કે એને તો ઓહોહો..! શું વૈભવ છે એને ઘરે. બહુ વૈભવ છે એમ કહેતા. એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- એના ઘરે વૈભવ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- એ એને ઘરે જ કહેવાય ને. એના છોકરાને ત્યાં. એક માણસ કહેતો હતો કે ઓહોહો.. ત્યાં તો ન્યાલભાઈને તો પુનમચંદ કરતા વૈભવ બહુ છે. માણસ વાત કરતા. આપણે ક્યાં જોવા ગયા છીએ. કો'ક વાતું કરે એ કહીએ. શેના પણ વૈભવ? ધૂળના? એ અહીં કહે છે. કો'ક કહેતું હતું. તમે તો સાંભળ્યું હશે નહિ? એ તો સાંભળે જ ને એનો કાકો છે તો. ગયો હતો ને ત્યાં. એ વાત આવી હતી અહીં. પૂનમચંદને શું છે અહીં વૈભવ? એટલો તો ન્યાલને છે. શું પણ કોને કહેવો વૈભવ? હાડકાના પથરા પાથર્યા એ વૈભવ બધા? આહાહા..! આ હાડકા ઉપર પરમાણુ પરિણમ્યા એ પરમાણુ ત્યાં પરિણમ્યા છે. બીજું શું? પહેલા અહીં હાડકાપણે પરિણમ્યા હતા અનંત વાર. એના એ અત્યારે પૈસાપણે (પરિણમ્યા છે). એ હાડકાના દેખાવ છે બધાય. કહો, ન્યાલભાઈ! બીજી જાતનો .. આના હાડકા અહીં.. એના એ હાડકાના પરમાણુ ત્યાં પરિણમ્યા છે. સમજાણું કાંઈ? અહીં રખોપુ કરવા જાય તો થાય એવું નહોતું. ત્યાં રખોપુ કરવા જાય તો .. થાય નહિ. એ તો જડ પરમાણુ છે. એ કાંઈ આત્માનો વૈભવ છે નહિ. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન ચૈતન્ય જ્યોતની જ્યાં દૃષ્ટિ થઈને જ્ઞાન થયું સ્વસન્મુખનું. દૃષ્ટિમાં જ્યાં અંતરમાં વલણ થયા. અંતરમાં વહેણ જાગ્યા. કહે છે કે એ ચારિત્ર વૈભવ પ્રગટ્યો. ચારિત્રનો મહિમા. પ્રબળ ચારિત્રની મહિમાના બળથી. એના બળથી. '**જ્ઞાનની સંચેતનાને અનુભવે છે...**' જુઓ! એ જ્ઞાનની એકાગ્રતાને અંતર અનુભવે એનું નામ ચારિત્ર છે. કોઈ પંચ મહાવ્રતના વિકલ્પ કે એને અનુભવે એનું નામ ચારિત્ર નથી. કહો, સમજાણું? અહીં છેલ્લી ગાથાઓ છે ને હવે. પોતે મુનિ પોતાની વાત હવે નાખે છે. પહેલા બીજી ગાથા તો કીધી હતી ને? '**चरित्तदंसणणाण**' '**णठिदो**' આવ્યું હતું કે નહિ? શું કહેવાય?

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

અહીં સ્વસમયની ઉત્કૃષ્ટતાની વર્ણન દશા છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાનધામમાં, જ્ઞાનના ધામ જેણે જોયા છે, શોધ્યા છે, માર્ગ કરીને એણે અનુભવ્યો છે. જેણે માર્ગ નિહાળ્યો છે. સમજાણું કાંઈ? અંતરના શુદ્ધ ચૈતન્યના ધામની દૃષ્ટિથી એણે માર્ગ જોયો છે કે આ રીતે આમાં ઠરી શકાય છે. આમાં આમ ઠરી શકાય છે, આમાં આમ જઈ શકાય છે. આમાં આમ પરથી ફેરવી શકાય છે. વલણ ફેરવી શકાય છે. સમજાણું કાંઈ?

કહે છે, જેને પ્રબળ ચારિત્રનો વૈભવ મહિમા જેની (પ્રગટ થઈ છે). સ્વરૂપની સ્થિરતાનું આચરણ એના '**બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે-**' જ્ઞાન એટલે જે રાગને ચેતતો એકલો અનાદિથી, રાગના વિકલ્પની એકાગ્રતાને ચેતતો હતો એ ભગવાન આત્મા આનંદ

અને જ્ઞાનની ચેતનાને ચેતતો અનુભવતો વેદતો આગળ વધે છે. એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? '**અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી...**' જુઓ! એના બળથી. કર્મ ખસી ગયું છે અને કર્મ માર્ગ આપ્યો છે અને માટે આમ થાય એમ નથી અહીં લીધું.

મુમુક્ષુ :- અહીંયા ન લીધું, બીજા શાસ્ત્રમાં...

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં લે... શાસ્ત્ર તો એક નિમિત્તથી વાત કરી હોય. એમ. અહીં નિમિત્તની જરૂર નથી. અહીં શુદ્ધ ઉપાદાનની વાત છે. એમ ક્યાંક અભાવ બતાવીને (કહે). અહીં પુરુષાર્થ કર્યો ત્યાં અભાવ થાય છે. ઊલટો પુરુષાર્થ કરે છે ત્યાં નિમિત્ત છે એમ કહે છે. બીજું શું છે? સમજાણું કાંઈ?

પોતાના ચારિત્ર વસ્તુ સ્વરૂપના અંતરના .. એ પહેલા આવ્યું હતું ને, ઓલામાં નહિ? બીજે આવ્યું હતું. સવારમાં નહિ? ... ઈ સવારે આવ્યું હતું ને? પહેલા કળશમાં આવ્યું હતું. સમજાણું?

અહીં પણ એ વાત છે. ભગવાન આત્મા પોતાની સ્વરૂપ સંપદા, પોતાની સ્વરૂપ સંપદાની દૃષ્ટિમાં પ્રાપ્તિ થઈ છે. સમજાણું કાંઈ? એ સંપદામાં લીન થવા માટે પ્રયત્ન કરે છે. અને એ પોતાના જોરથી પ્રયત્ન કરે છે. આત્માના સ્વભાવ તરફનું જોર (છે). એનાથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે. એ વડે આ જ્ઞાનસ્વરૂપ જે વસ્તુ છે તેમાં એકાગ્ર થઈને એને વેદે છે. એનું નામ ચારિત્ર કહેવાય છે. સમજાણું કાંઈ?

'**કે જે જ્ઞાન-ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે...**' લ્યો! કર્મચેતના અને કર્મફળચેતના નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ, ભક્તિ આદિના પરિણામ એ તો કર્મચેતના છે, રાગ છે. એ ચારિત્ર નથી. જ્ઞાનસ્વરૂપમાં અંતરમાં એકાગ્રતા થાય અને શક્તિની વ્યક્તતા પુરુષાર્થ દ્વારા પ્રગટ થાય એવું ચારિત્રનું બળ અને વૈભવના માહાત્મ્યથી જ્ઞાનને અનુભવે કે જે જ્ઞાનની ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે. ચેતના ચમકતી. જ્ઞાનચેતના ચમકતી જ્ઞાનજ્યોતિમય છે. પ્રકાશમય સ્થિરતા થઈ છે એટલે ચૈતન્ય પ્રકાશ વધ્યો છે એમ કહે છે.

'**જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી) સમસ્ત લોકને સિંચ્યો છે.**' એમ કહીને કહે છે કે જ્ઞાનદશા એટલી પ્રગટ થઈ કે જેને લોકાલોક જણાઈ જાય છે. ચારિત્રના બળથી આમ એકાગ્ર થઈને પછી લોકાલોક જણાઈ જાય છે એમાં. સમજાણું કાંઈ? એટલી જ્ઞાનચેતના પૂર્ણ થઈ જાય છે. '**સમસ્ત લોકને સિંચ્યો છે.**' સિંચ્યો એટલે આખા લોકાલોકનું જેને જ્ઞાન થઈ ગયું હોય, કાંઈ બાકી રહ્યું નથી. કહો, સમજાણું કાંઈ? વ્યાખ્યા એવી ઝીણી લાગે માણસને. માર્ગ છે આખો અંદરમાં. કોઈ બહારના અવલંબે પ્રગટે એવો નથી. એ લાગે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દુર્ઘટ. આ લાગે સહેલો-બહારનો માર્ગ. .. દેખાય એટલું. વાત સાચી. લોકો તો એમ કહે ને. દેખાય છે, કરીએ છીએ એ નહિ, લ્યો. હવે કાંઈક બીજું કરો. ભાઈ! એ તો કરે છે ઈ શું છે? જડની ક્રિયા જડમાં થાય. બહુ તો એના તરફનો વિકલ્પ થાય છે એ વિકારની ક્રિયા છે. હવે એમાં તું ક્યાં આવ્યો? સ્વદ્રવ્ય ક્યાં આવ્યું એમાં? સ્વદ્રવ્યની સંપદા ક્યાં આવી એમાં? કહો, સમજાણું કાંઈ? તારું નિધાન ક્યાં આવ્યું એમાં? રાગ એ નિધાન છે એનું? દેહની ક્રિયા એનું નિધાન છે? દેખાય ઈ. એથી કહ્યું ત્યાં કે પહેલું રાગદ્વેષ રહિત પોતાના સ્વભાવને સ્પર્શે છે. સ્વભાવ જેણે જોયો છે, સ્પર્શે છે, અને એ સ્વરૂપના સ્થિરબળે ચારિત્રબળ વડે વિશેષ જ્ઞાનની એકાગ્રતાથી જ્ઞાન પ્રગટ થઈ જાય છે. તે લોકાલોકને સિંચે છે એમ. એટલે લોકાલોકને જાણે છે. કહો, સમજાણું? '**સમસ્ત લોકને સિંચ્યો છે.**' શું હશે? જ્ઞાનનો ફુવારો ફૂટતો હશે લોક ઉપર?

મુમુક્ષુ :- પાણી છાંટે..

ઉત્તર :- પાણી છાંટે એમ? આવે છે ને? શું કહેવાય? નહિ? એમ ફૂટતું હશે અંદર જ્ઞાનનું કિરણ લોકમાં?

કહે છે કે એટલી જ્ઞાનની દશા અંતર એકાગ્રતા થતાં સ્થિર થઈ કે જેને લઈને ચૈતન્ય જ્યોતિ ચમકતી પૂર્ણ પ્રગટી. જેમાં કોઈ જાણવું બાકી રહ્યું નથી. લોકાલોકને જાણે .. એવું પ્રગટ્યું. સમજાણું કાંઈ? '**सञ्चेतनाम्**' એનો અર્થ કર્યો છે ને એ તો?

મુમુક્ષુ :- '**अभिषिक्त**'.

ઉત્તર :- '**अभिषिक्त**' હા, '**अभिषिक्त**' '**भुवनां अभिषिक्त**' ઠીક. આ સિંચ્યો છે જેણે. ઠરી ગયો છે. લોકાલોકને નવરાવી નાખ્યો લ્યો, કહે છે. નવરાવી નાખ્યો એટલે જે એ સંબંધીનું જ્ઞાન છે એ પોતાનું પ્રગટ થઈ ગયું. એમ. ભારે કળશો પણ. ઓહોહો..! આચાર્ય મુનિની દશા તો ઠીક પણ એની સાથે ક્ષયોપશમ કેટલું કામ કરે છે! કેટલી શૈલીના અંદર ઊંડાણ.. ઊંડાણ... ઊંડાણમાં ક્યાં લઈ જાય છે! ઊંડાણમાં લઈ જવાની રીતની ભાષા પણ કેવી છે! સમજાય છે? ભગવાન જ્યાં ઊંડે પડ્યો છે ત્યાં જા. ત્યાં વિકલ્પમાં પણ નથી, શરીરમાં પણ નથી, અંદર ઊંડે તળિયે જા ચૈતન્યને. એને સ્પર્શ, એમાં એકાગ્ર થા, એનું નામ ચારિત્ર છે એમ કહે છે. કહો, આ વ્રત ને તપ ને આ કર્યા.. (એ ચારિત્ર નથી એમ કહે છે). સમજાણું કાંઈ?

'**જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી)...**' તાકાતથી, શક્તિથી, સ્વભાવથી, ઉગ્રતાથી ચૈતન્ય ચમકતી જ્યોતથી '**સમસ્ત લોકને સિંચ્યો છે.**' અહીં તો લઈ લીધું. સ્વરૂપની દૃષ્ટિ સહિતના સંચેતનથી ચારિત્રબળથી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. એનું આ ફળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઠેઠ સુધી લઈ ગયા, લ્યો.

આ સંપદા પૂર્ણ પ્રગટી ગઈ એમ કહે છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ અનંત જ્ઞાન પ્રકાશમય જેની પરિમિતતા હદ નથી એવો અપરિમિત સ્વભાવ એ સ્વરૂપની રમણતા દ્વારા જેને પ્રગટ થાય છે. બીજો કોઈ એનો ઉપાય છે નહિ, બીજી રીત છે નહિ. બીજી કોઈ હળવી રીત હશે? આ આકરી રીત લાગે છે. રીત જ આ છે. બીજી આકરી અને હળવી બીજી લાવવી ક્યાંથી? કહે છે. જ્ઞાનમૂર્તિ મધ્યબિંદુમાં અંતર ચૈતન્ય સર્વજ્ઞપદે પડ્યો છે. સમજાય છે? સર્વજ્ઞ એટલે જ્ઞ એકલો સ્વભાવ એમ. એનું જે વેદન પ્રતીતમાં થયું હવે એમાં સ્વરૂપમાં રમણતા એમાં થાય, એ રમણતાનું ચારિત્ર વૈભવ એને કહેવામાં આવે છે. એનું નામ ચારિત્ર.

'**ભાવાર્થ :- જેમને રાગદ્વેષ ગયા, પોતાના ચૈતન્ય સ્વભાવનો અંગીકાર થયો...**' અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. જેમને પુણ્ય અને પાપના વિકલ્પો ટળ્યા, પોતાના ચૈતન્ય સ્વભાવનો અંગીકાર થયો. આ ગયા અને આ અંગીકાર થયો. ચૈતન્ય સ્વભાવ વસ્તુ તેનો અંગીકાર થયો, દૃષ્ટિમાં તેનો આદર થયો. '**અને અતીત, અનાગત તથા વર્તમાન કર્મનું મમત્વ ગયું...**' હવે ચારિત્ર લેશે. ગયા કાળનો કોઈ વિકલ્પ એનું મમત્વ રહ્યું નહિ, ભવિષ્યનું રહ્યું નહિ અને વર્તમાનમાં ઉદય સાથે જોડાણ રહ્યું નહિ. સ્વરૂપમાં જોડાણ થતાં '**વર્તમાન કર્મનું મમત્વ ગયું એવા જ્ઞાનીઓ સર્વ પરદ્રવ્યથી જુદા થઈને...**' જુઓ! '**સર્વ પરદ્રવ્યથી જુદા થઈને...**' વિકલ્પ આદિ પરદ્રવ્ય છે એનાથી જુદા થઈ ચારિત્ર અંગીકાર કરે છે. એ સ્વરૂપમાં રમણતા કરે છે એ ચારિત્ર અંગીકાર કરે છે. આહાહા..! અને એ ચારિત્રના બળથી. જુઓ! છે ને? સ્વરૂપના સ્વીકારથી અંતર એકાગ્રતાની રમણતા દ્વારા '**કર્મ ચેતના અને કર્મફળચેતનાથી જુદી...**' કર્મચેતના નામ વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિનો કે અશુભ અને ફળ એટલે હરખ-શોકનું વેદન એ કર્મફળચેતના. એનાથી જુદી '**પોતાના ચૈતન્યના પરિણમનસ્વરૂપ...**' પોતાના ચૈતન્યના પરિણમનસ્વરૂપ. ભગવાન સત્‌નું મહાસત્ત્વ જે ચૈતન્ય એનું પરિણમન. પર્યાય લીધી. ચેતન, ચેતન દ્રવ્ય, ચૈતન્ય એનો ગુણ અને એનું પરિણમનસ્વરૂપ. એવી '**જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.**' એવા જ્ઞાનનો અનુભવ કરે છે. પર્યાય છે ને. સત્ વસ્તુ છે. એનું સત્ત્વ મહા ચૈતન્ય એ મહાસત્ત્વ છે. એની પર્યાયનું પરિણમન કરીને અનુભવ કરે છે એનું નામ ચારિત્ર અને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**અહીં તાત્પર્ય આમ જાણવું : જીવ પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન...**' જુઓ! પહેલાં આ એમ કહે છે. પહેલાં આ કરવાનું છે. '**પહેલાં તો કર્મચેતના...**' એટલે પુણ્ય-પાપના વિકલ્પ, રાગ તે કર્મચેતના છે. રાગદ્વેષાદિ. અને કર્મફળચેતના. તેમાં હરખ-શોકનું વેદન. હરખ-શોક. ખુશીપો અને દિલગીરી. એ કર્મફળચેતના. કર્મ એટલે જડની અહીં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત નથી. રાગદ્વેષના હરખ-શોકના પરિણામ. એનાથી જુદી '**પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ...**' પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ. આ જ્ઞાનચેતના નિર્મળ શુદ્ધ ચૈતન્ય ચમત્કાર છે એમ જ્ઞાન ચેતનાનું '**આગમ-પ્રમાણ,...**' ભગવાને કહેલા આગમથી પહેલા નક્કી કરે. '**અનુમાન-પ્રમાણ,...**' કે આ જ્ઞાન તે આત્મા, જાણે.. જાણે... જાણે... જાણે તે આત્મા એમ અનુમાન કરવું. '**અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે...**' કહો, પછી જ્ઞાનપ્રમાણથી જાણે, જ્ઞાનપ્રમાણથી જાણે. આગમ પ્રમાણ પહેલી અપેક્ષા કીધી, પછી અનુમાન કીધું, પછી પ્રત્યક્ષ લીધું. જ્ઞાનથી જ્ઞાન અને સ્વસંવેદન. સ્વ નામ પોતાના સં-પ્રત્યક્ષ વેદન પ્રમાણથી જાણે. એ સ્વસંવેદન. સ્વ નામ પોતાના સમ્યક્ પ્રકારે પ્રત્યક્ષ વેદનથી આત્માને જાણે. કહો, સમજાણું કાંઈ? જુઓ! પહેલા આ કહ્યું.

કર્મચેતના એટલે રાગદ્વેષનું થવું અને હરખ-શોકનું થવું. એનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ. જોયું! એ છે એ કાંઈ ખરેખર પોતાની વસ્તુ નથી. એમ. સમજાણું? કર્મચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ. એમ. ઓલું રાગનું અને હરખ-શોકનું એ ખરું પોતાનું સ્વરૂપ નથી. પરભાવ છે. પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ, ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રકાશનો પુંજ છે, એકલો ચૈતન્ય સ્વભાવ જ ભરેલો છે. એવું આગમ પ્રમાણથી જાણે અને અનુમાન પ્રમાણથી જાણે. ત્રણેને જાણે જાણે લેવું '**અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે છે...**' પોતાના સ્વ પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા. જ્ઞાન દ્વારા જ્ઞાનને વેદતા 'આ આત્મા' એમ સ્વસંવેદન પ્રમાણથી જાણે. '**અને તેનું શ્રદ્ધાન દૃઢ કરે છે;...**' જાણીને શ્રદ્ધાસહિત આ. એમ. એવી રીતે શૈલી લીધી છે ને. ૧૭-૧૮માં આવે છે ને ઈ શૈલી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આગમ પરલક્ષીજ્ઞાનથી જાણે પહેલું કે આમ છે.. આમ છે. અનુમાન એ પરલક્ષ છે. આ જ્ઞાન તે આત્મા.. જ્ઞાન તે આત્મા.. સ્વસંવેદન પ્રત્યક્ષથી જાણે. કહો, સમજાણું કાંઈ? સીધું લે તો આગમ પ્રમાણ તો ખરેખર શ્રુતજ્ઞાન તે આગમ છે. સમજ્યાને? શ્રુતજ્ઞાનમાં આ આવો આત્મા છે અને આવો આત્મા છે એમ આગમ કહે છે એવો જે વિકલ્પ ઉઠે છે એથી એને પ્રત્યક્ષપણું ત્યાં નથી. અનુમાન પ્રમાણમાં પણ આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા એવો ભેદ રહે છે ને? જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા એવો પણ ભેદ છે. એ પણ વિકલ્પ છે. પછી સ્વસંવેદન. આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું સીધું વેદન થવું એને સ્વસંવેદન પ્રમાણથી જાણે છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? લ્યો, આ કરવાનું છે કહે છે. જેને ધર્મ કરવો હોય તો. દુઃખને ટાળવું હોય અને સુખને પ્રગટ કરવું હોય તો આ માર્ગ છે. આ વિધિ સિવાયની કોઈ વિધિ બીજી નથી. કહો, સમજાણું? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુઓને! દ્વારિકા સળગી હશે ત્યારે આમ કકળાટ (થતો હશે). રાજાના કુંવર બળતા હશે કેવી રીતે સળગતા હશે. જેને આમ સુંવાળું શરીર હોય એમાં જરી કાંકરી રહી જાય તો આમ ચુભતી હોય એ આમ અગ્નિમાં હળહળ બળતા હશે. આહાહા..! જુઓ તો ખરા દશા! દ્વારકા કરોડો માણસની નગરી એ શ્રીકૃષ્ણ અને બળદેવની હયાતીમાં સળગે. એ બળે રાજકુંવરો. પદમણી જેવી ઘરે રાણી હોય. એ બળે. સળગતી હોય. રાડેરાડ પાડે. અરે.. કૃષ્ણ! અરે.. બળદેવ તમે ક્યાં ગયા? ક્યાં જાય બાપા? કોણ શરણ છે? ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..પુણ્ય બળ્યું...

ઉત્તર :- એકદમ જુઓને પણ કેવી સ્થિતિ થઈ! આહાહા..! ... રાજકુંવરો આમ. ૨૫-૨૫ના... મોટા હશે એ વખતે. આટલા માળ અત્યારે ધૂળ જેવા કરે છે ૨૫-૫૦ માળ. તે દિ' હશે મોટું. એમાં આમ પોઢતા હશે ને બેસતા હશે.

મુમુક્ષુ :- એ દેવ કરતા હશે ને?

ઉત્તર :- આને તો.. અંદરમાં સાધારણ હોય છે. આ તો દેવ કરે સોનાના ગઢ. એ રતનના કાંગરા. દ્વારકા નગરી રચી દેવોએ. એ જેમ પૂળા સૂકા પૂળા સળગે એમ એ સળગે છે. છ મહિના ભઠ્ઠી રહી દ્વારકાની. એટલું માણસ, કેટલા ઢોર, કેટલી ગાયું, ભેસું, દૂધ, દહીં, તેલ એ પ્રમાણ કાંઈ ચ્યાસતેલ કે કંઈ ચીજ તો હશે ને એવી કોઈ બીજી?

મુમુક્ષુ :- ભગવાને કાંઈ..

ઉત્તર :- ભગવાન બેઠા હતા. ભગવાન દૂર હતા. અહીં નહોતા. ભગવાન કહી ગયા હતા કે આમ થાશે. આહાહા..! 'ન ફરે જિનના વચન.' નેમિના વચન. અહીં તો કહેવું છે કે એ દુઃખ દશા. ક્યાં એને જાવું? અંતરમાં જવાના માર્ગ તો જોયા નથી. અને સળગે ત્યાં એ વેદન જાતા નથી. કકળાટ કરતા હોય. દુઃખ થાય તો સંભારે શ્રીકૃષ્ણને તો .. બળદેવ-શ્રીકૃષ્ણ યોદ્ધા, આઠ-આઠ હજાર દેવ સેવા કરતા હતા. શું થયું પણ આ? આ સંધ્યા ખીલી એ ક્યાં ગઈ? હમણાં લાગત થઈ હતી ને? ત્યાં તો જરીક થઈ ત્યાં અંધારું ઘોર. કહો, ભગવાનજીભાઈ! આહાહા..! બહારની સંપદા શું કરે? બાપુ! ભાઈ! તારી સંપદાની સંભાળ કર, નહિતર હેરાન થઈશ એમ કહે છે. પહેલું આ કર આ. સમજાણું કાંઈ?

ચાર ગતિના દુઃખથી ડરી... કહો, આવે છે ને કાંઈક શબ્દ એવો? પહેલું આમ જાણી ઓહો..! આ ચીજ શું છે આ? આ શું છે આ? સમજાણું? જેને હુકમે હાજર દેવો થાય એને પાણી પાનાર કોઈ ન મળે. કહો! પણ એ તો નાશવાન વસ્તુ છે એની અંદરમાં શું લાવવું? અવિનાશી ભગવાન તો આત્મા પોતે છે. હવે એની અંતર દૃષ્ટિ અને અવિનાશીની કિંમત ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન પરમાત્મા કહે છે ... કૃષ્ણ! તમે આ ભવમાં તો અમુક ગતિ .. મહારાજ! પણ પ્રભુ! મારા કુટુંબના નાથ અને હું કુટુંબમાં જન્મ્યો પ્રભુ! બાળક છું આપનો. અને હું નરકે જાઉં? ગજબ નાથ. એ ન થાય હોં! શું થાય? જેના જે પરિણામ કર્યા તે જાય ક્યાં? કહો, સમજાણું? .. કહે છે, ભાઈ! તું તીર્થંકર થઈશ, હોં! તું શોક ન કર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે આમાં. આમ બીજી રીતે તો છે ને. આમ તો આવું... એ શોક સમવસરણમાં ન હોય. સમવસરણમાં શોક ન હોય. ત્યાં તો એમ કહે છે એને, ...સૂત્રમાં. સમજાય છે ને? એવું આવે છે. 'નહિ જાઉં, નહિ જાઉં પ્રભુજી નહિ જાઉં નરક નિગોદ, હું કેવો પણ જાદવ કુળનો, હું બંધવ કહેવાણો પ્રભુજી નહિ જાઉં નરક.' શોક થઈ ગયો. સમવસરણમાં ... પણ એક વાત એને કીધી હતી.

મુમુક્ષુ :- મલાવે છે.

ઉત્તર :- લોકોને પસંદ પડે એવી વાત છે. ભગવાને કીધું, ભાઈ! તમે તીર્થંકર થશો આવતી ચોવીશીમાં મારા જેવા. એવું તો પહેલેથી કીધું હોય ને. અહીં તો વળી.. પછી એને ખબર છે ને હું તીર્થંકર થવાનો છું. ભગવાને કહ્યું છે. હું તીર્થંકર થવાનો છું એમ ખબર છે. પછી .. સિંહનાદ કરે છે એમ કહે છે. પણ સિંહનાદ સમવસરણમાં હોય નહિ. આવી વાત શ્વેતાંબર સૂત્રમાં આવે છે. રાગદ્વેષની વાતું સમવસરણમાં હોય નહિ. મેળ ખાવો જોઈએને વાતને. પણ લોકોને એવી સારી લાગે એવી. એય..! જરી વાત કરી ત્યારે કેવું એકાગ્ર થઈને સાંભળતા. જુઓ! 'લહી ભવ્યતા મોટું માન, પણ અભવ્ય ત્રિભુવન અપમાન' ત્રણ લોકનો નાથ કહે કે આ જીવ અલ્પ કાળે મોક્ષ જવાના છે. શું જોવે છે તારે હવે? એમ કહે છે. સમજાણું? અને એના મુખમાંથી એમ નીકળે કે આ આત્મા નાલાયક છે. અનંત સંસારી (છે) દ્વીપાયન અનંત સંસારી છે એમ કહ્યું ભગવાને. દ્વીપાયન દ્વારકાનો બાળનાર અનંત સંસારી છે અને આ એને મુનિ કહે છે, દ્વારકા સળગશે. કહો કોનું અપમાન જોવે છે હવે?

ભગવાન આત્મા પોતાના સ્વરૂપનો અનાદર કરી અને રાગદ્વેષમાં હિત અને સુખ માને, કોનું તારે હવે અપમાન જોવે છે? તું પોતે જ સ્વરૂપનું અપમાન કરી રહ્યો છો. દુઃખી... દુઃખી... દુઃખી... એ દુઃખ ટાળવાનો ઉપાય ભગવાન જ્ઞાનસ્વરૂપ ચેતનાને પકડ. જેમાં શુદ્ધ ધ્રુવ સત્તા ચૈતન્ય અવિનાશી ભગવાન બિરાજે છે. એને પહેલો આગમથી (નક્કી કર) કે આ આમ હોય કે નહિ. આગમ હોં! સર્વજ્ઞના આગમ પાછા. એટલે શું? કે કોઈ અજ્ઞાનીએ કહેલો આત્મા એમ નહિ. એમ કહે છે. આહાહા..! આગમ. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પહેલો .. આગમથી જો. બીજે આત્મા એવો હોઈ શકે નહિ. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આગમ અને પછી એમણે કહ્યું એ પ્રમાણે અનુમાન કર અને જો. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં આત્મા. એ બરાબર છે ને. આ રાગ છે અને .. એમાં નહિ. એટલેથી ન અટકતા સ્વસંવેદન પ્રમાણથી જાણે છે. પોતાના જ્ઞાનસ્વરૂપમાં અંતર ડૂબકી મારીને એ બહાર વિકલ્પથી રઝળતો હતો એમાં અંતરમાં એકાગ્ર થઈને જાણે કે આ આત્મા. **'અને તેનું શ્રદ્ધાન દઢ કરે...'** દઢ કરે એટલે પહેલી શ્રદ્ધા સાધારણ હતી કે આ આત્મા છે. પણ અનુભવ થયો-વેદન થયું ત્યારે દઢ થયું. ઓહો..! આ હું, આ હું. શુદ્ધ આનંદમય મૂર્તિ તે હું. સમજાણું કાંઈ?

તકરાર તકરાર કરે. પણ બાપુ! આવા ટાણા મળ્યા ભાઈ! તકરાર ન હોય. આમ આ ને આ.. શાસ્ત્રથી પાછી એને વાત બતાવવી પડે. જો ભાઈ આ સાચી છે હોં! અરે.. ભગવાન! સાચી તો અંદરમાંથી આવે તે સાચી. તો એણે આત્માથી બતાવી. શાસ્ત્રથી બતાવવી પડે પાછી. આગમ પ્રમાણે વાત તો છે. અહીં તો કહે છે, આગમ પ્રમાણથી જાણી પછી અંદરમાં જા તું. સમજાણું કાંઈ? આગમ તો જે વસ્તુ છે એમ સ્થિતિ બતાવીને સ્થાપી છે વાતને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા અંદર જો. કહો, સમજાણું આમાં?

હવે અહીં તો કેટલું સિદ્ધ કર્યું! કે એક તો આગમ પ્રમાણ એટલે સર્વજ્ઞનું જ્ઞાન અને એનું પ્રમાણ જો એ કહીને સિદ્ધ કર્યું અને પછી અનુમાન પ્રમાણ પણ હોય છે એ પણ સિદ્ધ કર્યું. એકલું પ્રમાણ પ્રત્યક્ષ એક અનુમાન પ્રમાણ પણ હોય છે, પછી સ્વસંવેદન પ્રમાણ એ પર્યાય છે એમ સિદ્ધ કરી. સમજાય છે? નિર્મળ પર્યાયથી જાણ્યું. જ્ઞાનના વેદનથી જાણ્યું. દ્રવ્ય છે એ ત્રિકાળ છે, સત્ત્વ છે એ ત્રિકાળ છે. સત્ત્વ એટલે મહાચેતન સત્ત્વ. એની પર્યાય-આ આત્મા એમ એકાગ્ર થઈ એ પર્યાય થઈ. એવો આત્મા છે તે દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો છે. અહીં અંતર વેદન છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના વાક્યો તો ભાઈ અનેક પ્રકારના વિસ્તારને બતાવે છે ને? જૈન પરમેશ્વરે કહેલો, જિનવરે કહેલો એમ જ્યાં-ત્યાં બોલે લ્યો કુંદકુંદાચાર્ય. અષ્ટપાહુડમાં, અહીં ઘણે ઠેકાણે એ કહે છે. જિનવરે કહેલો અપ્પાણં એમ કહે. ભાવપાહુડમાં એમ કહે. મોક્ષપાહુડમાં .. રહો. ભગવાને કહેલો સ્વદ્રવ્ય એમાં રહો. સુગતિ. **'परदव्वादो दुग्गइ'** જેટલા પરલક્ષી પુણ્ય-પાપના વિકલ્પમાં રતો-લીન થાય તેટલી ચૈતન્યને દુર્ગતિ છે. સમજાણું કાંઈ? એવો દઢ પાયો તો નક્કી કરે કે અહીં અંતર ભવનમાં જે દશા થાય એ જ આત્માને હિતકારી છે. વિકલ્પથી જે નિર્ણય થાય અને વિકલ્પવાળી વસ્તુ છે એ કાંઈ સાચી છે નહિ. એમ કહે છે. એવી શ્રદ્ધા દઢ કરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'એ તો અવિરત, દેશવિરત...'** ચોથા ગુણસ્થાનમાં દેશવિરતમાં સ્વસંવેદન પ્રમાણ આવ્યું અહીં ચોથે. આવ્યું કે નહિ એમાં? ઓલા કહે કે ના, હેઠે એવું ન હોય. હેઠે તો શ્રદ્ધામાત્ર હોય ભગવાને કીધી .. બસ, એટલું. પણ આર્ષ વાક્ય ક્યાં છે? વળી એમ કહે. આર્ષ વાક્ય છે. આ શું કહે છે? સંચેતન કીધું. શું કીધું? અમૃતચંદ્રાચાર્યે કહ્યું. એની તો આ ચાલતી ભાષામાં વાત કરે છે. કહ્યું છે કે નહિ? એમાં કહ્યું છે ક્યાંય? **'ज्ञानस्य सञ्चेतनाम्'**. **'विन्दन्ति'** છે ને **'विन्दन्ति'**. **'विन्दन्ति'**નો અર્થ શું કરે છે આમાં? અનુભવવું. એમ જોઈએ. જ્ઞાનચેતનાને અનુભવે છે એમ છે ને? એ **'विन्दन्ति'**નો અર્થ છે ને? બરાબર છે. લ્યો. સમજાણું? **'विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।।'** આ શું કહે છે? પહેલા શરૂઆતની વાત છે. તો એ કહે છે, ચારિત્રવંત હોય આઠમા ગુણસ્થાને. એમ કહે છે. આહાહા..! ભગવાન! પણ બીજે રસ્તે જાય એ વાતને પણ એવી દઢ કરે કે તીર્થંકર આવે તો પણ ફરે નહિ એવી દઢ કરે. આહાહા..! અને પાછી યુક્તિ-બુક્તિ એવી આપે એને પોતાને સિદ્ધ થાય એવી. એ યુક્તિ યુક્તિ ન હોય. કોઈ .. એમ આવે છે ને? વ્યવહારના એવા દાખલા, એવી યુક્તિઓ ફલાણું બધું, ભાષા આદિ હોય છે. એવું હોય બાપુ! એમ ન હોય. એકલી વસ્તુ એમ ન સાબિત થાય. વસ્તુ વસ્તુની રીતે જ સિદ્ધ થાય. ભગવાન આત્મા પોતાનું ભાન કરીને પછી એમાં દઢ પ્રતીતિ થઈ ત્યારે. અને પ્રતીતિ થઈ પછી.. એટલી સ્થિતિ તો ચોથે પણ હોય, પાંચમામાં હોય અને છઠ્ઠા ગુણસ્થાનમાં પણ થાય છે. લ્યો. સમજાણું?

સ્વરૂપાચરણ ચારિત્રની વ્યાખ્યા કરી છે ને. ઠીક લખ્યું છે ભાઈએ. ઓલા લેખ ઓલામાં. વિકાર કર્મથી ન થાય અને વિકાર પોતાથી થાય, કર્મ નિમિત્ત એમ બધું લખ્યું છે. વળી પાછું ઠેકાણું ક્યાં એક ઠેકાણે. વિકાર તો પોતાથી જ થાય અને કર્મથી ન થાય. એમ ઠીક કર્યું છે. .. એ તો આપણે ભાઈ હતા ... નહિ? અહીં ક્રોધ થાય તો .. નામ .. એને ક્રોધ હોય એને પલટી જવાનું. નામનું સંક્રમણ થઈને નામ નિમિત્ત થાય પોતાની વસ્તુમાં. એમ આવે છે ને. ... .. જુઓ! આ મનુષ્ય છે એને મનુષ્યના આયુષ્યનો ઉદય છે. હવે જો ઉદય પ્રમાણે આયુષ્ય બંધાય તો તો મનુષ્યનું આયુષ્ય બંધાવું જોઈએ. ... તો નારકી, દેવનું બધાનું છે. સમજાણું? એક ન્યાય આ તો આયુષ્ય સંબંધીનો. બીજા .. હોય વાત તો .. કારણ કે આયુષ્ય .. કર્મના ઉદય પ્રમાણે બંધાય તો અહીં મનુષ્યનું આયુષ્ય .. ન બંધાય. બીજું તો બંધાય જ નહિ. વાત તો બરાબર પણ બધે ઠેકાણે સરખું હોવું જોઈએ ને. એક ઠેકાણે પાછું કાંઈક કહે અને બીજે ઠેકાણે કાંઈક કહે. કહો, સમજાણું કાંઈ? કહ્યું બરાબર છે.

અહીંથી તો પહેલેથી કહીએ. નિગોદમાં કર્મનો ઉદય ક્યાં છે? સ્થિતિ ઓછી અહીં સ્થિતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વધારે છે, લ્યો! નિગોદનો જીવ સ્થિતિ તો કર્મની બહુ થોડી છે. અને પાછી વધારે છે ક્યાંથી? એના ઉદય પ્રમાણે થાય ત્યાં સ્થિતિ વધારે ક્યાંથી? એ તો સ્વતંત્ર છે. એમાં લખ્યું છે. સ્વતંત્ર છે. .. હવે એનાથી વિરૂદ્ધ .. સ્વરૂપાચરણ .. ઓલાથી વિરૂદ્ધ. રતનચંદજીનું. બેમાં ક્યાં મેળ છે કાંઈ. સાધુને માને. સાધુ પાછા સમજવા જેવા હોય. ત્યાં જઈને પ્રભાવના કરે, ભાષણો કરે. ઉદયમાં... આહાહા..!

અહીં તો કહે છે કે પોતાના ખ્યાલમાં એ વાત પ્રસિદ્ધિમાં આવે. સમજાય છે? પોતાથી પોતાની પ્રસિદ્ધિ થાય. ત્યારે એને સરખું સવળું પડે. અને પછી એ દશા તો ચોથે ને પાંચમે અને છઠ્ઠે હોય છે. '**જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...**' એટલે ધ્યાન કરે તો ઓલામાં ધ્યાન નથી એમ નહિ પણ કાયમ નથી, વિશેષ નથી એટલી એ અપેક્ષાએ વાત કરી છે. '**અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...**' સ્વરૂપનું જ ધ્યાન કરે છે. '**તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું...**' તે જ્ઞાનચેતના જાણી હતી કે આ તો જ્ઞાનસ્વરૂપ છે એવું વેદનમાં જાણ્યું હતું, '**તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં તે લીન થાય છે...**' લ્યો! ચોથે, પાંચમે, છઠ્ઠે સ્વસંવેદન છે. પણ એકલો કાયમ શુદ્ધોપયોગ રહે એવું ત્યાં નથી. સમજાય છે? એ ખુલાસો કર્યો છે નીચે થોડો.

'**અને શ્રેણી ચડી,...**' સ્વરૂપમાં સ્થિર થતાં.. શ્રેણી શબ્દે એકાગ્રતા વધી. '**કેવળજ્ઞાન ઉપજાવી,...**' લ્યો! કેવળજ્ઞાન પ્રગટ કરી '**સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ થાય છે.**' લ્યો! પ્રગટ પર્યાયમાં. પોતે તો જ્ઞાનચેતનારૂપ જ છે વસ્તુ તો ત્રિકાળ. ત્રિકાળ જ્ઞાનચેતનારૂપ જ છે. સમજ્યાને? આ પર્યાયમાં જ્ઞાનચેતના પ્રગટ થઈ છે. પરમાનંદની દશા પૂરી થઈ ગઈ. જ્ઞાનદશા જેને પ્રગટ થઈ ગઈ.

નીચે. આ છે ને? '**જ્ઞાનચેતનારૂપ થાય છે.**' એનો અર્થ. '**કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે.**' લ્યો! પંચાસ્તિકાયમાં કહ્યું છે કે જ્ઞાનચેતના કેવળીને હોય છે. એ સાક્ષાત્ પૂર્ણની વાત છે. પૂર્ણની. સમજાણું? પંચાસ્તિકાય, કુંદકુંદાચાર્ય. કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ એકલી પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાનચેતના હોય છે. એને જરીએ રાગ અને કર્મચેતના કર્મફળચેતના હોતી નથી.

'**કેવળજ્ઞાન થયા પહેલાં પણ, નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે.**' સ્વરૂપનું ધ્યાન થતાં જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનનો ભેદ છૂટતા એકલો જ્ઞાનનો અનુભવ રહેતાં ત્યાં આગળ ઉપયોગાત્મક જ્ઞાનનું વેદન હોય છે. ઉપયોગ સ્વરૂપ એમાં હોય છે. '**જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો,...**' એવું તો કોઈ વખતે હોય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એમ કહે છે. સમજાય છે? નિર્વિકલ્પ અનુભવ વખતે. એમ. વખતે. હવે એ વખતને કાઢી નાખીએ અને આખું સળંગ લઈએ તો '**જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે,...**' સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ છે એની એકાગ્રતા તો કાયમ હોય છે. ચાહે તો લડાઈમાં ઊભો હોય તોપણ હોય છે અને ચાહે તો નિદ્રામાં હોય તોપણ હોય છે. સમજાણું કાંઈ? સ્વરૂપના નિર્વિકલ્પ અભેદ ઉપયોગ વખતે તો એકલો ઉપયોગસ્વરૂપ જ જ્ઞાનચેતના હોય છે. સમજાણું? એ વખતે તો વિકલ્પનું લક્ષ પણ નથી અને કાંઈ વિકલ્પ અબુદ્ધિપૂર્વક ભલે હો, પણ બુદ્ધિપૂર્વકનો ઉપયોગ ત્યાં ઠરી ગયો છે. પણ વિકલ્પ આદિ હોય છે. રાગાદિ, અશુભરાગ પણ જ્ઞાનીને હોય છે. શુભરાગ પણ હોય છે. પણ તેને '**જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે,...**' ભલે ઉપયોગ ન હોય તોપણ જ્ઞાનચેતના જ્ઞાનની એકાગ્રતાની લબ્ધિ છે એ તો કાયમ રહે છે. સમજાણું કાંઈ? આત્માને અનુભવ કરવાની જે પ્રગટ દશા લબ્ધિ થઈ એ તો કાયમ રહે છે. ઉપયોગ કોઈવાર થાય પણ લબ્ધિ તો કાયમ રહે. એ અપેક્ષાએ તો જ્ઞાનચેતના કાયમ છે.

'**કર્મચેતના અને કર્મફળચેતના નથી હોતી;...**' એ અપેક્ષાએ ધર્મીને રાગ, દયા, દાન, પુણ્ય-પાપના પરિણામ, ..ફળ એ હોતા નથી. કહો, સમજાણું કાંઈ? એ તો સવારમાં આવ્યું હતું ને. જ્ઞાનત્વનું પરિણમન. ત્યાં રાગદ્વેષમોહનું પરિણમન નથી. જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન. રાગદ્વેષમોહ જે અનંતાનુબંધી નથી એ તો જ્ઞાનનું જ પરિણમન છે. કર્મચેતના અને કર્મફળચેતના નથી એમ ગણવામાં આવ્યું છે. '**કારણ કે તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે,...**' ધર્મીને તો પોતાના શુદ્ધ સ્વરૂપનું સ્વપણું, સ્વામીપણાનું પરિણમન હોય છે. રાગનો, પુણ્યનો વ્યવહાર આવે એ પણ વ્યવહારના સ્વામીપણે હોતું નથી. વ્યવહાર આવે એનું સ્વામીપણું ધર્મીને હોતું નથી. ઓહોહો..! એ વિકલ્પનું સ્વામીપણું જ્યાં નથી. એને ઠેકાણે આ પૈસાનું સ્વામીપણું, બાયડી-છોકરાનું સ્વામીપણું, મકાનનું સ્વામીપણું ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- .. છ ખંડનું રાજ આવે.

ઉત્તર :- છ ખંડનું રાજ એને ઘરે રહી ગયું છે. એનો સ્વામી નથી. ભાષા એ કહેવાય લ્યો. શાંતિનાથને છ ખંડ હતા, ચક્રવર્તી હતા. ચક્રવર્તી હતા. ચક્રવર્તી હતા. અહીં તો કહે છે, જ્ઞાનવર્તી હતા.

મુમુક્ષુ :- એક શાસ્ત્ર કાંઈક કહે અને બીજું શાસ્ત્ર કાંઈક કહે.

ઉત્તર :- કાંઈ કહેતું નથી. બેય એક જ કહે છે. એ તો જોડે એના સંબંધમાં શું હતું એને વ્યવહાર ખાતર જણાવે. નિશ્ચયમાં તો સ્વભાવની સમીપમાં જેટલી એકાગ્રતા છે તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ એનો સ્વામી અને તે સ્વ તેનું. બાકી રાગ પણ એનો નથી તો આ વળી ક્યાંથી આવ્યું અંદર? સમજાણું કાંઈ? છે ને?

'**તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે, કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.**' આહાહા..! એ દયા, દાન, વ્રતના પરિણામ એ કર્મચેતનાનું ધણીપતું-સ્વામીપણું ધર્મીને હોતું નથી. તો પછી આ પૈસા મારા અને આ બાયડી મારી અને આ છોકરા મારા, આ ગામ મારું, આ મકાન મારું.. આહાહા..! ભ્રમણામાં ગરી ગયો. ભગવાન પણ ભ્રમણામાં ગરી ગયો. ભૂલાની ખડકીએ ચડી ગયો. ક્યાં ગયા? આવ્યા નથી તમારે ચીમનભાઈ? આવ્યા છે. ઠીક. ઠંડી-બંડી થઈ કે શું, હવે ઠંડી નથી બહુ. કહો, સમજાણું કાંઈ?

'**સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.**' પરિણમન હોય પણ સ્વામીપણે પરિણમન હોતું નથી. પરિણમન ભલે હો, પર્યાયમાં. એ જાણે છે. સ્વામીપણે હોતું નથી. ૪૭ નયમાં એમ કહે કે સમકિતી ગણધર હોય એને પણ ૪૭ નયમાં એ નય આવે છે કે .. પરિણમે છે. ..પણે પરિણમે છે. સમજાણું? ... પરિણમે છે. સમજ્યાને? આ કરવા લાયક છે એવી બુદ્ધિથી પરિણમન હોતું નથી. કહો, સમજાણું આમાં?

હવે એના શ્લોકો આવે છે એની વાત કરે છે. '**અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે,...**' આનું નામ પ્રતિક્રમણ. એ ગયા કાળના પુણ્ય-પાપના પરિણામ અને બધાનું મમત્વ છોડે એનું નામ પ્રતિક્રમણ. પૂર્વે આ પુણ્ય કર્યા હતા એ સારા, આ પુણ્ય હતું તો મને મનુષ્યદેહ મળ્યો, આ એવું કહે છે કે પુણ્યનું પડિક્કમણું કરે તો એ પુણ્ય પરિણામ સારા નહિ, એનું પડિક્કમણું કરે તો એણે સાચું ગયા કાળનું પડિક્કમણું કર્યું કહેવાય. કહો, સમજાણું આમાં? ભાઈ, પુણ્ય કર્યું હતું તો આ શરીર મળ્યું, સાંભળવાને મળ્યું. ન હોત તો સાંભળવાનું ક્યાંથી મળે? એ પણ પુણ્યને અનુમોદે છે. પુણ્યથી પાછું પડિક્કમણું છે નહિ. કહો, સમજાણું આમાં?

'**અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે)...**' ભવિષ્યમાં પણ આવું થોડું હોય ને, પુણ્યભાવ હોય, સ્વર્ગ મળે, ભગવાન પાસે જઈએ. એવા ભવિષ્યના રાગનો પણ ત્યાગ કરે એને અંતરમાં પચ્ચખાણ થાય, પણ ભવિષ્યના રાગને પણ ઠીક માને એને પચ્ચખાણ થતા નથી. '**તે આત્મા પ્રત્યાખ્યાન છે...**' તે આત્મા પ્રત્યાખ્યાન છે.

'**અને ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે...**' ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે '**તે આત્મા આલોચના છે; સદાય આવા પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અને આલોચનનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.**' લ્યો! એનું નામ ચારિત્ર કહેવાય છે. '**આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :-**' ક્ષણે ક્ષણે નિત્યે નિત્ય ક્ષણમાં સ્વભાવસન્મુખની સ્થિરતામાં રાગનો ત્યાગ ભૂતનો, ભવિષ્યનો અને વર્તમાનનો એવી જે સ્થિરતા ચારિત્રનો વૈભવ એને પડિક્કમણું, પ્રત્યાખ્યાન, આલોચના અને સંવર કહેવામાં આવે છે. એ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૪, બુધવાર તા. ૨૦-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૮૩ થી ૩૮૬, પ્રવચન-૪૩૨**

પ્રત્યાખ્યાન અને આલોચના સંવર કોને કહેવા એનું આ વર્ણન છે. અથવા ચારિત્રનું વર્ણન છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, આનંદ સ્વરૂપ જેવું સર્વજ્ઞે જોયું છે આત્માનું સ્વરૂપ, એવું પૂર્ણ આનંદ અને શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદ છે. એની દૃષ્ટિ અનુભવ થયો ત્યારે ખ્યાલમાં આવે કે આ આત્મા શુદ્ધ આનંદ અને ત્રિકાળ શુદ્ધ પવિત્ર છે. એવી દૃષ્ટિ થયા પછી ચારિત્રની વ્યાખ્યા છે આ. ચારિત્ર એટલે સ્વરૂપમાં ચરવું, જે સ્વરૂપ દૃષ્ટિમાં પહેલું આવ્યું હતું એ સ્વરૂપમાં ઠરવું, અંદર રમવું, ઠરવું એને ચારિત્ર કહે છે. એ ચારિત્રના વૈભવની આ વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? એની ગાથા.

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।३८३।।**
**कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।**
**तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।।३८४।।**
**जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेसं।**
**तं दोसं जो चेददि सो खलु आलोयणं चेदा।।३८५।।**
**णिच्चं पच्चक्खाणं कुव्वदि णिच्चं पडिक्कमदि जो य।**
**णिच्चं आलोचेयदि सो हु चरित्तं हवदि चेदा।।३८६।।**

હરિગીત એનું નીચે.

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.**
**શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,**
**તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪.**
**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને તે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.**
**પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**

ભાઈ નથી આવ્યા નહિ? આજે પરીક્ષામાં હશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુઓ! જરી શાંતિથી સમજવા જેવી વાત છે. આ આત્માને પ્રતિક્રમણ કઈ રીતે થાય? અત્યારે જે આમ ભાવે છે કે મિચ્છામી દુક્કડમ અને પ્રતિક્રમણ એ કાંઈ પ્રતિક્રમણ નથી. એ તો મિથ્યાદષ્ટિ સહિતનો રાગ કાંઈ અશુભ થયો હોય તો આ મને ઠીક નથી, એ પણ મિથ્યાત્વ સહિતનો શુભભાવ (છે). કારણ કે પાપ મેં કર્યું છે, પુણ્ય મેં કર્યું છે એવી કર્તાપણાની બુદ્ધિ જ્યાં સુધી ત્યાં સુધી એને આત્મદષ્ટિ નથી. સમજાણું કાંઈ? અને કર્તાપણાની બુદ્ધિ રાખીને પાપથી પાછો વળે છે એ મિથ્યાત્વમાં રહીને શુભભાવને કરે છે. ચોખ્ખું ન થયું હવે? કેમ કે જ્યાં ઠરવું છે એ ચીજની જ્યાં દષ્ટિ થઈ નથી અને એ દષ્ટિ આમ પુણ્ય અને પાપના પરિણામ આ ખરાબ છે, પાપના પરિણામ જ એ તો કહે છે. પુણ્યના પરિણામ ખરાબ છે એમ માનતા નથી. અહીં તો કહે છે, પાપના ભાવ મેં કર્યા હોય તો મિચ્છામી દુક્કડમ, મારું દુષ્કૃત (મિથ્યા થાઓ). પણ પુણ્યના પરિણામ છે એ પણ વિકાર અને દુઃખરૂપ છે. બેયને જ્યાં સુધી છોડીને આત્મા જ્ઞાયક છે એવી અંતર દષ્ટિ થઈ નથી ત્યાં સુધી એને સ્વરૂપમાં ઠરવારૂપ ચારિત્રનો વૈભવ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? ત્યાં સુધી એને પડિક્કમણું, પચ્ચખાણ અને આલોચના હોઈ શકે નહિ એમ કહે છે. અહીં શું લે છે હવે જુઓ! ઈ એક શબ્દ ત્રણેને લાગુ પાડશે.

'**ટીકા :- જે આત્મા પુદ્ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી...**' ભાષા આમ છે પહેલી. આત્માના સ્વભાવથી પુણ્ય-પાપ થાય એ તો વસ્તુ છે નહિ. પુણ્ય-પાપના ભાવ તો પુદ્ગલ કર્મના વિપાકથી થતાં ભાવ છે. એક વાત. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્ય અવિકારી વીતરાગ સ્વરૂપ જ આત્માનું છે. એવા સ્વરૂપમાં જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થાય, કહે છે કે એ તો પુદ્ગલકર્મના વિપાકથી થતાં છે. આત્માના આનંદના પાકમાંથી ઉત્પન્ન થતાં એ ભાવ નથી. સમજાણું કાંઈ? શુભ કે અશુભભાવ બેયની વાત છે હોં અહીંયાં. છે ને શુભ ને અશુભ મૂળ પાઠ? પણ ત્યાં તો કર્મની વાત લેવી છે.

પાઠમાં શુભ-અશુભ '**पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**' સમજાય છે? અહીં તો કહે છે, '**कम्मं**' એમ શબ્દ છે. અહીં તો એમ લે છે એનો અર્થ લે છે કે જે આત્મા પુદ્ગલ કર્મના વિપાકથી થતાં ભાવ (એનાથી) '**પોતાને નિવર્તાવે છે,...**' એટલે કે કર્મના નિમિત્તથી થતાં શુભ અને અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભ છે, એ દોષ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસનાના ભાવ અશુભ છે એ દોષ છે. એ ત્રીજામાં દોષ શબ્દ લેશે. બેય દોષ છે. આત્મા તદ્દન નિર્દોષ ચૈતન્યમૂર્તિ છે. સમજાય છે કાંઈ? એ '**વિપાકથી થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે,...**' એટલે તે ભાવ થવા દેતો નથી અને વસ્તુની અંતરમાં સ્થિરતા કરે છે. અહીં પડિક્કમણું શબ્દ છે ને એટલે નિવર્તાવે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ લીધું છે. બાકી તો વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની દૃષ્ટિ થઈ છે, એમાં જે અંદર ઠરે છે, વસ્તુમાં ઠરે છે તે કર્મના નિમિત્તથી થતા પાકથી નિવર્તે છે એમ કહેવામાં આવે છે. થયા છે અને નિવર્તે છે એમ નથી. સમજાણું કાંઈ?

'**જે આત્મા...**' ભગવાન આત્માની દૃષ્ટિ થઈ છે અને તે આત્મામાં કર્મના પાકથી થતાં શુભ અને અશુભ વિકલ્પો-ભાવ એનાથી પોતાને નિવર્તાવે છે. આત્મા તેના તરફ વલણમાં ન રહેતા સ્વભાવના વલણમાં રહે છે એથી એ પાકના પરિણામથી નિવર્તે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે પડિક્કમણાની વ્યાખ્યા! લ્યો આ પડિક્કમણું કરે છે હજી આ. ન્યાલચંદભાઈ! કેટલાય પડિક્કમણા કર્યા. જુઓ સવાર-સાંજના કેટલા થયા. ખોટા. ખોટા. કહે છે, પ્રતિક્રમણ-પ્રતિક્રમ પાછું ફરવું. પણ કોને આધારે પાછું ફરવું?

મુમુક્ષુ :- આધાર નથી?

ઉત્તર :- આધાર વિના પાછળ શેનો ફરે? એક પગ ઉપર મૂકવો છે, અહીં હેઠેથી ઉપાડવો છે તો ઉપર મૂક્યા વિના હેઠેથી ઉપાડશે શી રીતે? સમજાણું કાંઈ? હેઠેથી પગ ઉપાડવો છે દાદરે, પણ અહીં મૂક્યા વિના આધાર વિના ઉપાડશે શી રીતે? એમ અહીં કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદધામ છે. જેવો સિદ્ધનો પર્યાય છે એવો જ આનો દ્રવ્યસ્વભાવ છે. એવા આત્મામાં જે આ ઠરે છે એમ ન લેતાં પુણ્ય-પાપના ભાવથી નિવર્તે છે એટલે કે પુણ્ય-પાપભાવ થવા દેતો નથી. થવા દેતો નથી એટલે કે સ્વભાવમાં ઠરે છે એને પુદ્ગલ કર્મના નિમિત્તથી થતાં પાપ અને પુણ્યથી નિવર્તાવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જે આત્મા પુદ્ગલકર્મના વિપાકથી થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે,...**' ઈ એક શબ્દ આ ત્રણેને લાગુ પાડશે. સમજાય છે? '**તે આત્મા તે ભાવોના કારણભૂત...**' દેખો! તે પુણ્ય અને પાપના ભાવના કારણભૂત '**પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો...**' ગયા કાળના કર્મને છોડતો થકો. પ્રતિક્રમતો થકો એટલે ત્યાગતો થકો. '**પોતે જ પ્રતિક્રમણ છે;...**' આત્મા જ પ્રતિક્રમણસ્વરૂપ પરિણમે છે એમ કહે છે. એટલે શું કીધું? સમજાણું કાંઈ?

'**તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત...**' એમ લેશે. ઓલો શબ્દ પહેલો આખો છે ને? એના ઉપર પછી '**તે ભાવોના કાર્યભૂત ઉત્તર...**' એમ લીધું. ભાવ તો ત્યાં એક જ લીધો પહેલો. એને પછી ત્રણની સાથે મેળવે છે. સમજાય છે કાંઈ? ધીરેથી સમજવા જેવી વાત છે આ કાંઈ એકદમ પકડી લે અને એકદમ કહી શકાય એવી વાત નથી. આ તો ધીરે ધીરે એનું તત્ત્વ જે છે ચૈતન્ય ભગવાન આત્મા એ તો અનંત શુદ્ધ ગુણનો પિંડ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા છે. એવી દૃષ્ટિ થઈ છે એને ચારિત્ર કેમ થાય એની આ વ્યાખ્યા છે. તો ચારિત્રમાં ત્રણ પ્રકાર આવ્યા. ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પ્રત્યાખ્યાન, વર્તમાનના આલોચના સંવર. એટલે શું? હવે કહે છે.

જે કોઈ આત્મા પોતાના સ્વભાવની સન્મુખતામાં રહેલો પૂર્વના કર્મના પાકથી થતાં શુભાશુભ ભાવ થવા દેતો નથી એટલે તેનાથી નિવર્ત્યો છે, એણે એ ભાવના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રમતો થકો એણે પૂર્વના કર્મને છોડ્યું છે, પાછો વળ્યો છે, સ્વરૂપમાં ઠર્યો છે એને ચારિત્ર અને પ્રતિક્રમણ હોય છે.

મુમુક્ષુ :- બીજાને કરાવાય ને?

ઉત્તર :- બીજાને કરાવાયને? તમે બધા કર્યા હતા ને. અત્યાર સુધી બધા નહોતા કર્યા? ગાંડપણું કર્યું.

મુમુક્ષુ :- પોતે પાઠ બોલે અને બીજા સાંભળે.

ઉત્તર :- હા. પોતે પાઠ બોલે અને પછી બીજા કરે. સવંત્સરીમાં તો એમ પાઠ બોલે અને એમાં કોણ બોલશે? બોલો? સો રૂપિયા, બસ્સો રૂપિયા, ત્રણસો રૂપિયા એમ કરે. જેને બોલવાની હોંશ હોય એને રૂપિયા ભરવા પડે. એ ન આવડે શેઠિયો હોય તો ઠોઠ નિશાળીયો હોય તો બીજાને પોતાનો જેવો હોય એના સંબંધીને કહે મારા વતી તમે લ્યો. મિથ્યાત્વ આવે છે. જે ચીજ છે એની તો ખબર નથી અને આ છોડું અને મૂકું એવા વિકલ્પનો આગ્રહ કરીને કર્તા થાય છે. એ તો મિથ્યાત્વપણાને ક્ષણે ક્ષણે સેવે છે. એ પડિક્કમણું કરે છે આત્માનું. એટલે આત્માને છોડી દીધો છે એણે. આત્માથી પાછો ખસી ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..! જગતને એવી ચીજ...

કહે છે, અહીં તો વસ્તુ છે એ તો શુદ્ધ ચૈતન્ય ભગવાન વીતરાગ પિંડ જ છે આત્મા તો. જો એ વીતરાગી પિંડ ન હોય તો એમાંથી વીતરાગી દશા પ્રગટે ક્યાંથી? એ કાંઈ પુણ્ય-પાપના વિકલ્પમાંથી પ્રગટે છે? કર્મમાંથી પ્રગટે છે? વસ્તુ સ્વરૂપ જ અકષાયનો રસ છે. હવે કહે છે કે એ અકષાયનો રસ તત્ત્વ જે દૃષ્ટિમાં, અનુભવમાં, ભાનમાં આવ્યું, હવે એને ચારિત્ર કેમ થાય? પ્રતિક્રમણ કેમ થાય? પ્રત્યાખ્યાન કેમ થાય? અને આલોચના કેમ થાય? કહે છે કે એ કર્મના પાકથી થતાં શુભાશુભભાવ એનાથી નિવર્તે. નિવર્તેનો અર્થ? શુભાશુભ થયા છે અને નિવર્તું છું એમ નથી.

મુમુક્ષુ :- .. નિવર્તે છે?

ઉત્તર :- હા. એ વાત છે અહીં તો. આ શુભાશુભભાવ થયા. અચારિત્ર થઈ ગયું. હવે એમાં પડિક્કમણું ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? સમજાવાની શૈલી તો જે રીત હોય એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રમાણે સમજાવે. પણ વસ્તુ તો જેમ છે એમ છે. આહાહા..! ભગવાનના ધામમાં તો શાંતિ પડી છે. કહે છે કે એ શાંતિનો સ્વાદ પહેલો લીધો છે. હવે એને વધારે સ્થિર થવા માટે અંદરમાં રમણતા કરે છે, અંદરમાં લીન થાય છે એવું સ્વસન્મુખની લીનતા ન બતાવતા અહીંથી નિવર્તે છે એમ કહેવામાં આવ્યું છે. એનો અર્થ કે અહીંથી નિવર્તે છે તો અહીં પ્રવર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ પડિક્કમણા કોને કહેવા એની ખબરું ન મળે. મિથ્યાદષ્ટિ, હજી દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાની ખબર ન મળે. અને સાચો આત્મા એટલે સત્ય સ્વરૂપ એનું શું છે એની ખબર ન મળે અને કર્યા પડિક્કમણા. શેના કર્યા? મિથ્યાત્વનો ભાવ સેવ્યો છે. કહો, નેમિદાસભાઈ! અને એને અનુમોદે બધા તમારા બધા શેઠિયા મિથ્યાત્વના સેવનારા છે.

અહીં તો કહે છે, ભગવાન! જેમાં દોષ નથી. એ દોષની ઉત્પત્તિ કર્મના નિમિત્તે થઈ એમ પહેલું સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ બેય દોષ છે. આહાહા..! કારણ કે બેય વિકાર છે, બેય વિભાવ છે, બેય કર્મના નિમિત્તના પાકનું ફળ છે. ચૈતન્ય આનંદનો એ પાક નથી. સમજાણું કાંઈ? એવા વિપાકથી, થતાં ભાવોથી. જોયું! પોતાના આત્માને પોતાને નિવર્તાવે છે. એટલે કે આમ નિવર્તાવે છે એનો અર્થ કે સ્વરૂપમાં ઠરે છે. એમ. આ પુણ્ય-પાપ થયા એને નિવર્તાવું. એમ છે? આ શુભ-અશુભ થયા, થયા એને નિવર્તવું શું? સમજાય છે? અને બીજે ક્ષણે કહે, એને છોડશું. પણ બીજે ક્ષણે તો એ છે નહિ. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ આમાં? જયંતિભાઈ! આ બધું આ સમજવાનું છે સમજીને બધું. સમજ્યા વિના...

મુમુક્ષુ :- બેડો પાર થાય.

ઉત્તર :- બેડો પારની તો વાત છે અહીં. બીજી વાત છે ક્યાં? રખડીને દુઃખી દુઃખી થયો ચાર ગતિમાં. ક્યાંય સખ નથી, ક્યાંય સુખ નથી. કષાય અગ્નિથી બળી રહ્યો છે. એ પૈસાવાળા હો કે રાજા હોય કે નરક હોય કે દેવ હોય. ભગવાન તો કહે છે, આનંદની શાંતિથી વિરૂદ્ધ પડેલા ભાવ ઉભા થઈને બળી રહ્યા છે, દાવાનળમાં સળગી રહ્યો છે. શાંતિ આત્મામાં છે. ભગવાન સર્વજ્ઞે શાંતિ પ્રગટ કરી છે. એવી શાંતિ તારામાં છે. પૂર્ણ અકષાયભાવ એની દૃષ્ટિ કર્યા વિના ક્યાંય શાંતિની પ્રતીત નહિ આવે અને શાંતિની પ્રતીત આવ્યા વિના આમાં ઠરવા જેવું છે એવું નક્કી ક્યાંથી થશે? સમજાણું કાંઈ? કહે છે કે પૂર્વ કર્મના ઉદયથી થતાં ભાવ એનાથી પોતાને નિવર્તાવે છે એટલે કે ત્યાંથી પાછો વળ્યો છે. એનો અર્થ કે સ્વરૂપમાં ઠર્યો છે. વજુભાઈ! કથનપદ્ધતિ ને આ...

**'તે આત્મા...'** હવે એટલી વાત. **'તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**(ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો...**' લ્યો! ભૂતકાળના ભાવથી ખસ્યો એટલે એના ભાવનું કારણ કર્મ એનાથી પણ ખસી ગયો. '**ભાવોના કારણભૂત...**' શું કીધું સમજાણું? પહેલું ભાવોથી નિવર્ત્યો, ભાઈ એમ કીધું. પછી ભાવના કારણથી નિવર્ત્યો એ પૂર્વકર્મથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જેને આત્માના આનંદનો રસ લાગ્યો છે, આત્માનો રસ લાગ્યો છે, અને જેને પુણ્ય અને પાપમાં પણ પ્રેમ અને રસ જેને છૂટી ગયો છે. એ છૂટેલો છે એ જ્યારે કર્મના નિમિત્ત થતાં ભાવમાં જોડાતો નથી એટલે કે એ થવા દેતો નથી. એમ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને...**' એટલે ભૂતકાળના કર્મને છોડતો થકો '**પોતે જ પ્રતિક્રમણ છે;...**' એટલે ત્યાં લીધું. '**પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' એટલે પોતે સ્વરૂપમાં સ્થિર થયો છે. એ પોતે સ્થિર થયો તે પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવથી નિવર્તાવ્યો. એણે શુભાશુભભાવના કારણ કર્મ તેને છોડતો પોતે પ્રતિક્રમણ છે. એટલે કે આત્મા પોતે સ્વરૂપમાં સ્થિર થયો એ પ્રતિક્રમણ સ્વરૂપ જ થઈ ગયો. સમજાણું કાંઈ? '**પોતે જ પ્રતિક્રમણ છે;...**' ત્યાં એમ. પોતે જ પ્રતિક્રમણ છે. એટલે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ, એમાં પુણ્ય-પાપના ભાવો ઉત્પન્ન થયા નહિ. એથી તેનાથી નિવર્ત્યો, એથી તેના નિમિત્તભૂત કર્મથી નિવર્ત્યો, તેથી આત્મા પોતાના સ્વરૂપની સ્થિરતારૂપ પરિણમ્યો એ પ્રતિક્રમણ છે. એ વીતરાગી પર્યાયે પરિણમ્યો એનું નામ પ્રતિક્રમણ છે. એ તો આત્મા જ પોતે છે એમ કહે છે. '**પોતે જ પ્રતિક્રમણ છે;...**' સમજાણું કાંઈ? હવે આવી પડિક્કમણાની વ્યાખ્યા! આ તો જઈને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... બેસી જાય. મિચ્છામી દુક્કડમ. લ્યો, પડિક્કમણું કરી આવ્યા. ગુલાબચંદભાઈ! એમ જ છે.

ભગવાન! એક સમયનું પ્રતિક્રમણ જન્મ-મરણની ગાંઠને ગાળે અને આત્માને મોક્ષના ભણકાર વાગે એની વાત છે આ. સમજાણું કાંઈ? આવ્યું હતું ને? ચારિત્રના બળે કેવળજ્ઞાનનો પ્રકાશ પૂર્ણ થઈ જાય છે. કળશમાં આવ્યું હતું. ભગવાન આત્મા.. આહાહા..! કહે છે કે ત્યાં પરિણમન જ જ્યાં શુભાશુભનું રહ્યું નથી. તેથી શુભાશુભથી છૂટ્યો એમ કહ્યું. શુભાશુભ પરિણામનું પરિણમન જ રહ્યું નથી. તેથી શુભાશુભ પરિણામથી છૂટ્યો. તેથી એના કારણરૂપ કર્મ એનાથી નિવર્ત્યો. તેથી આત્મા તે સમયે પ્રતિક્રમણસ્વરૂપ; શુભાશુભ પરિણામરૂપે પરિણમ્યો નહિ એટલે શુદ્ધપણે પરિણમ્યો તે પ્રતિક્રમણસ્વરૂપ આત્મા થયો. આહાહા..! કહો, સમજાણું કાંઈ? છે ને પુસ્તક સામે? પુસ્તકમાં અર્થ શું થાય છે એ જાણવું તો જોઈએ ને કેવી રીતે અર્થ છે. ભાઈ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. અમૂલ્ય રત્ન ચૈતન્ય એને બતાવનારું શાસ્ત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. સમજાણું કાંઈ? એ એક બોલ થયો.

હવે ઓલો તો ભાવ હતો જ ભાઈ, પહેલો હતો એ. '**તે જ આત્મા,...**' ક્યા ભાવ? કે પુદ્ગલ કર્મના વિપાકથી થતા ભાવોથી નિવર્તાવ્યો તે જ આત્મા '**તે ભાવોના કાર્યભૂત...**' હવે. સમજાય છે કાંઈ? અહીં વાત તો એક જ પ્રકારની છે. એના પછી ત્રણ અપેક્ષાએ કથન કર્યા છે. બાકી તો વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવ થયા નથી અને એના કારણ નિમિત્ત છે એનાથી નિવર્ત્યો છે. અહીંથી નિવર્ત્યો તો ઓલાથી નિવર્ત્યો. નિવર્ત્યો એટલે પોતે સ્વરૂપપણે સ્થિરપણે પરિણમ્યો છે. એ પોતે જ આત્મા પ્રતિક્રમણની પર્યાય અરાગ પર્યાયપણે પરિણમ્યો એ આત્મા જ પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? છે એમાં ન્યાલચંદભાઈ? શેઠિયા કહેવાય બધા મુખ્ય. ત્યાં બધા કર્તાહર્તા હતા. અપાસરામાં આગેવાન. પાટના સેવનારા. શું પાટ કહેવાય? પાટના? પાયાના સેવનારા. કહો, સમજાણું કાંઈ? પાયાના સેવનારા. પણ એલા આત્માના સેવનારા... આહાહા..!

કહે છે કે કાંઈપણ તારામાં સ્થિરતા થવાનો માલ છે કે નહિ? માલ છે કે નહિ? તો એ પોતાના સ્વરૂપમાં સ્થિરતા થવાનો માલ છે એ દૃષ્ટિમાં પહેલો આવ્યો છે કે આ સ્વભાવ વીતરાગસ્વરૂપ છે. એવી દૃષ્ટિ આવી છે એમાં હવે આમ ઠરે છે અંદર. ઠરે છે એટલે ચારિત્રની રમણતા થાય છે. સ્વમાં રમણતા થતાં એ પ્રતિક્રમણ પર્યાયરૂપે, અરાગરૂપે પરિણમે છે. એને એમ કહેવામાં આવે છે કે કર્મના નિમિત્તથી થતાં શુભાશુભથી નિવર્ત્યો અને ભાવનું કારણ કર્મ એનાથી નિવર્ત્યો એ પોતે પ્રતિક્રમણસ્વરૂપ થઈ ગયો. કહો, સમજાણું કાંઈ?

વ્રત ને પચ્ચખાણ ને આ. અરે..! અક્ષરને એક સ્થાપે કેટલો! એમ કરીને બિચારાએ લખ્યું છે. સનાવતવાળો ખૂબ લખે છે. ભગવાન! તને ખબર નથી ભાઈ! અક્ષર એમ લખે છે કે આ બધા પુણ્યને ધર્મ નથી કહેતા. ધર્મ ને ધર્મધ્યાન એ પુણ્ય છે, પુણ્ય એ ધર્મધ્યાન છે અને અત્યારે ધર્મધ્યાન જ હોય. શુક્લધ્યાન વખતે શુદ્ધઉપયોગ હોય, શુદ્ધ હોય. અને અત્યારથી શુદ્ધ (કહે છે). અત્યારે ઊંધા અર્થ શાસ્ત્રના કરે છે એમ કહે છે. શું કરે? એની અંદર કોઈ રીતે ઘડ બેસતી નથી ને એટલે એને એ રીતે ખટક ઊભી થાય. આ વાત ક્યાંય હવે સાંભળવા મળે નહિ ને સમજે કે દિ'? રખડવાનું આ ચોર્યાસીના ઘોદા ખાધા કરે છે. નરક અને નિગોદમાં ભીંસાય જાય છે. સમજાય છે? એ કષાયની અગ્નિમાં શેકાણા છે બાપા! એને ખબર નથી ભાઈ! શું છે ઈ? સમજાણું કાંઈ? એ શુભ અને અશુભભાવ બેય કષાય અગ્નિ, એમાંથી શેકાઈ ગયો છે અનાદિથી. સ્વર્ગમાં હોય તોપણ શેકાણો છે, નરકમાં હોય તોપણ શેકાણો છે. આ પૈસાવાળા હોય તોપણ શેકાણો છે. ક્યાં ગયા વળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તમારા? ક્યાં વળી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં શું છે? વૈદને બતાવવા. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો એમ કહે છે, કાંઈ પણ તારામાં ચારિત્રગુણ ત્રિકાળ છે કે નહિ? જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે તેમ ચારિત્રગુણ કોઈ સ્વરૂપ છે કે નહિ તારામાં? એ ત્રિકાળ છે. એ ચારિત્રગુણનું તત્ત્વ આત્મા. દર્શનગુણ તત્ત્વ, જ્ઞાનતત્ત્વ, ચારિત્રતત્ત્વ એવું તત્ત્વ, એની પહેલી દૃષ્ટિ થઈ છે કે હું તો આ સ્વરૂપે જ છું. જ્ઞાયક છું, દૃષ્ટા છું, સ્થિરતા છું, વીતરાગ છું, આનંદ છું. એવી દૃષ્ટિ થઈ છે, હવે એ ઠરવા માગે છે એમાં. કારણ કે એ ચારિત્રસ્વરૂપ છે એમાં ચરવું, ઠરવું પર્યાયે ઠરવા માગે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ '**પૂર્વકર્મને પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' ભગવાન પોતે જ પ્રતિક્રમણ નામ શુભાશુભ રાગના અભાવસ્વભાવરૂપે પરિણમતો પોતે જ પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? એ અસ્તિ લીધું. ઓલું નાસ્તિથી લીધું હતું ને અહીં અસ્તિ લઈ લીધું. આહાહા..! સમયસાર જિનરાજ હૈ. આવે છે ને? મૂક્યું છે. આમાં ક્યાંય મૂક્યું છે? નહિ હોય. સ્યાદ્વાદ જિનવેણ. એ જિનરાજ આત્મા છે ને. જીવ તે જિનવર અને જિનવર તે જિન. એને બતાવનારું શાસ્ત્ર તે જિનવરના વાક્યો. ભગવાન આત્મા આનંદનું ચોસલું છે. શાંતિ એટલે ચારિત્ર. ચારિત્રનો રસકંદ જ છે આત્મા. એવી પ્રતીત ભાન થઈને થઈ છે. પછી ઠરે છે. ત્યારે કહે છે કે શુભાશુભ પરિણામથી નિવર્ત્યો. નિવર્ત્યો એટલે કે સ્વરૂપમાં ઠર્યો. એનું કારણ કર્મ છે એનાથી પણ હઠી ગયો. એટલે એને ગયા કાળનું પ્રતિક્રમણ થયું અને સ્વરૂપની સ્થિરતા થઈ. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! લ્યો આવું હતું. આવું સાંભળ્યું હતું ત્યાં? આહાહા..!

અરે..! ભગવાનનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો માર્ગ આ છે. લોકોને મળ્યો નથી ને તો કાંઈક બિચારા કાંઈક કાંઈક લેખો, ઉલ્લેખો, લેખો, ઉલ્લેખો. છોટાભાઈ! એમ કરે છે બિચારા. શું કરે? ભાઈ! એય.. ફૂલચંદજી! એ.. કાનજીસ્વામી! તમે અહીંના નાયકો બધા એ ફરો છો અને એક અક્ષર શોધશો તો મહાસંસાર ... આ અમે બધું માનીએ છીએ એ પ્રમાણે માનો. એમ. અરે..! ભગવાન! આહાહા.! ધર્મધ્યાન... ધર્મધ્યાન તો બે પ્રકારના છે. એક વ્યવહાર અને નિશ્ચય. નિશ્ચય ધર્મધ્યાન તો સ્વરૂપની એકાગ્રતા તે છે. શુભવિકલ્પને વ્યવહાર ધર્મ કહે છે એ ધર્મધ્યાન એટલે સાચું ધર્મધ્યાન નથી. હવે એને શુભભાવ તે ધર્મધ્યાન અને એ જ મોક્ષનો માર્ગ એમ ઠરાવવું છે અત્યારે. લ્યો! અરે.. ભગવાન!

અહીં તો કહે છે કે એ શુભભાવ જેને તું ધર્મધ્યાન કહે છો વ્યવહાર, એ તો સાચો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મ માને છે, પણ એ શુભથી હઠીને, હઠીને એટલે કે થયો નહિ અને વીતરાગતા થઈ, સ્વરૂપમાં સ્થિરતા થઈ ત્યારે તેને કર્મથી નિવર્તીને પ્રતિક્રમણરૂપે પરિણમ્યો એમ કહેવામાં આવે છે. શુભભાવમાં રહ્યો છે ત્યાં તો વિકાર છે. અને શુભભાવમાં છું એવું માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવમાં હું છું એમ માનવું તો મિથ્યાત્વ છે. કારણ કે શુભભાવ એટલે આસ્રવ, આસ્રવમાં હું છું. કે આત્મા આત્મામાં છે? સમજાય છે કાંઈ? શુભભાવ તો આસ્રવ છે. ભગવાન આત્મા તો પુણ્ય-પાપના આસ્રવ રહિત ચૈતન્યઘન છે. છોટાભાઈ! શું થાય? એ પોતે જ જ્યાં બીજી રીતે અંદર કલ્પે આત્માને ત્યાં એ કલ્પનારો જ ત્યાં દૃઢ થઈને બેસી જાય. સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' એમ. એટલે આત્મા જ પોતે પ્રતિક્રમણસ્વરૂપ પરિણમી જાય છે. એટલે કે ચારિત્રસ્વરૂપ પરિણમે છે. પુણ્ય-પાપના પરિણામ તે અચારિત્રરૂપ હતા, અપ્રતિક્રમણરૂપ હતા એ થયા નહિ અને સ્વરૂપ .. એટલે આત્મા જ પ્રતિક્રમણસ્વરૂપ થાય છે. સમજાણું કાંઈ? એક વાત. '**તે જ આત્મા,...**' તે જ આત્મા એટલે? કે જે આત્મા વિપાકથી થતા પોતાને નિવર્તાવે છે ગયા કાળના પરિણામને અને કર્મને બેયને. '**તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત...**' હવે ભાવ તો એના એ. જે પુદ્‌ગલના કર્મથી થતાં પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ, દોષરૂપ ભાવ. '**તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને પચખતો થકો,...**' તે ભાવોના કાર્યભૂત. એટલે ભાવોથી નિવર્ત્યો એ તો પહેલું કીધું. ભાઈ! હવે એ ભાવોના કાર્યભૂત ઉત્તર કર્મની વાત કરી. ઓલા ભાવોના કારણભૂત લીધું હતું. સમજાણું કાંઈ?

'**તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત...**' તે ભાવ એટલે જે પુદ્‌ગલકર્મથી થતાં શુભાશુભભાવ. એના ભાવોનું જે કારણભૂત તો પ્રતિક્રમણમાં ગયું. એના કારણભૂત કર્મથી નિવર્ત્યો એ ગયા કાળમાં ગયું. હવે એ ભાવોના કાર્યભૂત '**ઉત્તરકર્મને પચખતો થકો,...**' એ તો એક અપેક્ષિત કહ્યું. એ ભાવરૂપે પરિણમ્યો નથી એટલે એ ભાવના કાર્યભૂત કર્મથી પણ વર્તમાનમાં નિવર્ત્યો છે. લ્યો, આ પચ્ચખાણ. ભારે ભાઈ પચ્ચખાણ! ફરીને હજી કહીશ હોં! એમ એકદમ જવા નહિ દઈએ. આહાહા..! જરી પકડાય નહિ. વાત એવી છે ને અંતર વસ્તુ. સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. મહાચૈતન્ય પ્રભુ. આહાહા..! મહાપ્રભુ છે. કહે છે કે એ મહાપ્રભુના પત્તા લીધા. હવે એ મહાપ્રભુમાં ઠરવા માગે છે. ઠરવા માગે છે એ વાત ન લેતા અહીંથી નિવર્તાવે છે એમ લઈને વાત ઠરવા માગે છે એમ લીધી છે. બધું બતાવવું જોઈએને. આમ ભૂતનું, વર્તમાનનું. આ ઠરવાની દશા તો સ્વસન્મુખની એક જ છે. પણ એકમાં ત્રણ પ્રકારની અપેક્ષાએ અહીંથી નિવર્ત્યો, ભાવથી નિવર્ત્યો ત્યારે પૂર્વના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મથી નિવર્ત્યો, એ ભાવથી નિવર્ત્યો ત્યારે ભવિષ્યનું કાર્ય છે એનાથી નિવર્ત્યો. એમ ત્યાં સિદ્ધ કરીને વર્તમાન ચારિત્રપણે પરિણમ્યો છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત...'** તે ભાવો એટલે કોણ? કે જે વિપાકથી થતાં ભાવોથી નિવર્તાયેલો છે એવો જે ભાવ પહેલો કીધો હતો એ. એના એ ભાવનું કાર્યભૂત. કારણ કે ભાવથી નિવર્ત્યો છે અત્યારે. હવે તે નિવર્ત્યો છે એથી ગયા કાળનું એનું કારણ એનાથી નિવર્ત્યો અને ભવિષ્યનું એનું કાર્ય જે આવવાનું કર્મ એનાથી પણ નિવર્ત્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજું શું છે અહીં? વાત તો એકની એક દશાની વાત છે ને. ત્રણ પ્રકારની અપેક્ષા કરીને નિવર્ત્યો છે એમ કહીને, છોડ્યું છે એમ કહીને ફરી ગયો, પાછો ફર્યો છે એમ કહીને ચારિત્ર સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આત્મા આનંદરસ સ્વરૂપ છે એનો રસ ચાખ્યો છે પહેલો દૃષ્ટિમાં. એ ચાખ્યો છે તો વધારે આનંદનો રસ લેવા માટે ઠરે છે એમ કહે છે. આહાહા..! એ આનંદને વધારે ચૂસવા માટે ઠરે છે. નિર્વિકલ્પ રસ પીવા માટે. ભારે! સમજાણું કાંઈ? એય..! ભગવાનજીભાઈ! આ બધું સમજવું પડશે હોં! બધા ગપ્પા-બપ્પા મારે એમ નહિ ચાલે અહીંયાં. આ બધું ત્યાં સલવાય. આનું આમ છે, પડિક્કમણું ફલાણું છે ને ઢીંકણું છે, આમ છે ને તેમ છે. બધા એના કુટુંબીઓ કહે એમ પાછું એની સાથે ભળવું પડે ને સૌની સાથે.

મુમુક્ષુ :- એમાં રસ લે છે ખૂબ.

ઉત્તર :- જુઓ, એમાં રસ લે છે ખૂબ. જુઓ! આ સાચું સમજવું પડશે તો આ કરવું પડશે એને. એ નહિ ચાલે બીજા સાથે ગપ્પા માર્યે. તમારો ઓલો કહેતો હતો કે હા સાચી વાત છે. નહોતું બોલ્યા? વર્ધમાનભાઈ આવ્યા હતા ને. કાંઈક બોલ્યો હતો ખરો ઈ, સારું બોલ્યો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કાંઈક બોલ્યો હતો તો ખરો. એ ક્યાં સુધી ટકે એ વાત જુદી. પણ જેવો હોય એ કેવો છે એ જાણ્યો છે પહેલો? આ તો બધું આંધળેઆંધળું આંધળી દોડે ચાલ્યું જાય છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ દેવે કહેલો આત્મા. ઈન્દ્રની સમક્ષ, સંતોની સમક્ષ જેની પરમાત્માની દિવ્યધ્વનિ નીકળી છે. આહાહા..! આ ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો, ચાર જ્ઞાનના ધણી ગણધરો બિરાજતા હતા સભામાં. વાણી દિવ્યધ્વનિ નીકળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એ દિવ્યધ્વનિ ઝીલીને અંતર તો રમણતા હતી ચારિત્રાદિ, આવીને આ બધી વાત કુંદકુંદાચાર્યે કરી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, આ પચ્ચખાણ કોને કહેવું હવે? કે જે શુભ-અશુભ ભાવ થયા એનાથી નિવર્ત્યો છે. ખરું ને વર્તમાન? તો એથી નિવર્ત્યો છે એથી શુભાશુભ હોં! વિકલ્પ દયા, દાન, વ્રત ભક્તિ એનાથી નિવર્ત્યો છે. એટલે કે પરિણમ્યો છે. એટલે કે એનું કારણ કર્મ એનાથી નિવર્ત્યો. એ પ્રતિક્રમણ એને કહ્યું. અને એના એ ભાવનું કાર્ય જે ભવિષ્યનું કર્મ એ ભાવોથી નિવર્ત્યો છે એમ લઈ લેવું. એ ભાવોથી નિવર્ત્યો છે. એથી એ ભાવનું કાર્યરૂપ જે કર્મ, એનાથી ખસી ગયો છે. ખસીને અહીં ઠર્યો છે અંદર. એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

'**કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો,...**' એમ. શુભાશુભભાવથી નિવર્ત્યો છે વર્તમાન અને સ્વરૂપમાં ઠર્યો છે માટે તે આ શુભાશુભનું કાર્ય જે ભવિષ્યનું કર્મ, એનાથી નિવર્ત્યો છે એટલે અહીં ઠર્યો છે એને પ્રત્યાખ્યાન આત્માને પ્રત્યાખ્યાન કહીએ. છે એ? જુઓ! '**પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;...**' એ આમ લઈ લેવું. '**પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે; તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;...**' એમ ત્યાં લઈ લેવું.

મુમુક્ષુ :- એ જ આત્મા પ્રત્યાખ્યાન છે.

ઉત્તર :- હા, તે જ આત્મા પ્રત્યાખ્યાન છે એમ લઈ લેવું. પોતે પ્રતિક્રમણ છે, પ્રત્યાખ્યાન છે. કહો, સમજાણું કાંઈ? અહીં તે જ આત્મા પ્રત્યાખ્યાન છે એમ લઈ લેવું. પોતે જ પ્રતિક્રમણ છે, એમ અહીં પોતે જ પ્રત્યાખ્યાન છે એમ લઈ લેવું. સમજાણું કાંઈ? આહાહા..! કેવી ટીકા કરી છે! ઓહોહો..! અમૃતચંદ્રાચાર્ય જગતને વસ્તુનું સ્વરૂપ જણાવાની પદ્ધતિની રીત પણ કેટલી ગંભીર, કેટલી ઊંડી! સમજાય છે? ગંભીરનો અર્થ કાંઈક કર્યો છે. ગંભીર એટલે શું? ક્યાંક કર્યો છે ગંભીર. ગંભીરનો અર્થ કર્યો છે. આમાં ઓલો નહોતો કળશ નહોતો આવ્યો ગંભીર? ભાઈ! શેમાં? શેમાં આવ્યો હતો એ? સવારમાં સાંજમાં? સવારમાં? ભાઈ, જુઓ તો ખરા શું છે એ. કર્તાકર્મ નહિ. આસ્રવ. નહિ? પુણ્ય-પાપ પછી. ગંભીર. અલબ્ધમધ્ય. એવો અર્થ કર્યો છે. જેનું મધ્ય લબ્ધ ન થાય એટલું ગંભીર. છે? ન્યાલભાઈ! ગંભીરસ્યત્. છે ને? આવ્યું હતું ને? પહેલું. અલબ્ધમધ્ય. જેનું મધ્ય લબ્ધ નથી. વસ્તુ ગંભીર ગૂઢ છે. જેમ ઓલું ગંભીર ગૂમડું થાય છે ને? ગંભીર ગૂમડું. ગંભીર ઊંડું-ઊંડું. આમ મધ્ય અલબ્ધ. મહાગંભીર સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ એવો ગંભીર છે. સમજાણું? .. નથી આવ્યું?

કહે છે, જુઓ આ '**પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;...**' કોને પચખાણ કીધું? કે જે કર્મના નિમિત્તથી થતાં શુભાશુભભાવ એને થવા દેતો નથી. સ્વરૂપમાં ઠર્યો છે. તેને શુભાશુભ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણામનું કાર્ય જે કર્મ એનાથી પાછો ખસ્યો છે. સ્વરૂપમાં ઠર્યો એ આત્મા પ્રત્યાખ્યાન સ્વરૂપની અરાગી પરિણતિપણે પરણમ્યો એને પ્રત્યાખ્યાન કહે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ ધીમે ધીમે તો ચાલે છે. આમાં કાંઈ એકદમ ઓલા પ્રોફેસરો બોલે એવું કાંઈ નથી ચાલતું.

ભાઈ! તું જોને, વિચાર તો કર જરી કે ભગવાન આખો ચૈતન્યધામ, સમજાય છે? મોટી ભૂમિ પડી છે મોટી. એવો ભગવાન ધ્રુવ, એનું જ્યાં અંતર સ્વાદ અને ભાન આવ્યું છે હવે એ ભાનમાં વિશેષ ઠરવા માગે છે. વિશેષ ઠરવું એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રના પ્રકાર ત્રણથી વર્ણન કર્યું છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વર્તમાન ખસવું આલોચના. હવે એ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા હવે આપણે અત્યારે ચાલે છે.

જીવ પુદ્‌ગલ કર્મના નિમિત્તથી થતાં. વસ્તુમાં તો ક્યાં છે પાક-શુભાશુભભાવ? એટલે પર્યાયમાં કર્મના પાકથી થતાં, તેના લક્ષણથી થતાં, તેના લક્ષથી થતાં જે શુભાશુભભાવ એનાથી વર્તમાનમાં નિવર્ત્યો છે. નિવર્ત્યો છે એટલે વસ્તુમાં ઠર્યો છે. એ ઠર્યો છે માટે તે પરિણામના કારણભૂત કર્મ એનાથી નિવર્ત્યો માટે એને પ્રતિક્રમણ કહેવું. અને એ ભાવનું કાર્ય. અહીં ભાવથી નિવર્ત્યો છે. તેથી તેનું કાર્ય નથી, તેથી તે નથી નિવર્ત્યો. માટે એ ઠર્યો અરાગપણે પરિણામપણે તે આત્માને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો આ પચ્ચખાણ. ભારે ભાઈ પચ્ચખાણની વ્યાખ્યા. એય.. ગુલાબચંદભાઈ! આ બધું સમજવું પડશે, આ દુઃખના દાઝેલામાંથી નીકળવું હોય તો.

મુમુક્ષુ :- નીકળવું હોય તો ને?

ઉત્તર :- નીકળવું હોય તોની વાત કરીએ છીએ. આહાહા..!

અરે..! એને ટાણા આવ્યા ને માંડ. માંડ ટાણા આવ્યા એમાં ગુમાવ્યા એણે. ક્યાં એકેન્દ્રિયમાં અને ક્યાં બે ઇન્દ્રિયમાં! આહાહા..! કોઈ ધણી ધોરી ન મળે. દુઃખી.. દુઃખી... દુઃખી... અરે..! આચાર્ય તો કહે છે ને કે અરે..! કાં તું કોઈ દુઃખની દશા થઈ હોય ને એને સંભારીને પણ તું અંદર આવ. કાં તો દીક્ષા લેતી વખતે જે તને વૈરાગ્યની દશા હોય એને સંભારીને પણ આવ, કાં કો'કના મરણ દેખીને પણ આવું મરણ થાશે એને યાદ કરીને પણ તું અંતરમાં આવને ભાઈ! એમ કહે છે. સમજાણું કાંઈ? દીક્ષાકાળ આવે છે ને? દીક્ષાકાળ એવો શબ્દ આવે છે અષ્ટપાહુડમાં. દીક્ષાકાળમાં.

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશમાં આવે છે.

ઉત્તર :- હા એમાં આવે છે. આવે પણ આ તો અષ્ટપાહુડ પોતે કુંદકુંદાચાર્યમાં દીક્ષાદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાળમાં જે તને વૈરાગ્ય થયો, આહાહા..! એ કાળને સંભારીને પાછો આવ અંદર પાછો આવ. અને એવા દુઃખના પ્રસંગ થયા હોય, રોમે-રોમે દુઃખ લાગતું હોય. આહા..! સમજાય છે? પેશાબ બંધ થાય અને સળી ઓલી લોઢાની નાખે અંદર અને એમાં આંતરડી તૂટે અને એ સળી એને લાગે તે લાગે. આહાહા..! એ પીડા એવી લાગે.. બાપુ! એ પીડાના કાળને યાદ કરીને પણ અંદર આવને હવે. વૈરાગ્ય કરને, વૈરાગ્ય કરને. એમ કહે છે. આહાહા..! જુઓને! જીવણલાલજીને થતું ને. સહન થાય નહિ, આંખમાંથી આંસુ ચાલ્યા જાય. સળી નાખીને અંદર. એમાં લોહી થયું. નાખનારો આપણો હતો. ક્યાં ગયો? ક્યાં ગયા ડોક્ટર? પહેલું શરૂઆતમાં નાખ્યું.. આહાહા..! એમાં પછી ક્યાંક ગયા હતા ત્યારે થયું હતું. રૂંવાટે રૂંવાટે આમ અગ્નિ બળતી હતી. અરે..! મહારાજ! આપે શરણભૂત માર્ગ આપ્યો. નહિતર તો મરી જાત. એમ કહે બિચારા હોં! અરે..! આ દુઃખ! આ દુઃખ! ઇન્દ્રિયમાં ચામડીમાં કાણું નાનું અને લોઢાની સળી નાખે પેશાબ બંધ થયો હોય ને. અને એ એની પીડા એકત્વબુદ્ધિ છે રાગમાં અને એ પીડા (સહી ન જાય). ક્યાંય ઊભો થાય તો પીડા, સૂવે તો સૂવાય નહિ, બેસે તો બેસાય નહિ. બાપુ! એવા રોગના કાળના દુઃખ સંભારીને પણ પાછો વળને, પ્રભુ એમ કહે છે. આહાહા..!

આ દમ ચડે ત્યારે સામું જોવાય નહિ લ્યો! એટલી વ્યાધિ થાય. આહાહા..! એ જાણે કો'કને થાય છે. પણ બાપા! તને અનંત વાર થયું ગયું ભાઈ! એ દુઃખ છે વિકારનું. એ વિકારમાં એકત્વબુદ્ધિના દુઃખ છે, ભાઈ! એ દુઃખ એને લઈને થયા છે. એ દુઃખને ટાળવા હોય તો નિર્વિકારી પ્રભુ ભગવાન છે ને એની દૃષ્ટિ કર, એનો આશ્રય કર, એનો સત્કાર કર, એને અનુભવ. એ વિના દુઃખને ટાળવાનો બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

એક રાત રહી હોય સાંજથી સવાર. આહાહા..! રાત મોટી થઈ પડે એમ કહે લ્યો. એક કલાક પણ એ વ્યાધિ... વ્યાધિ... વ્યાધિ. એવી ૩૩ સાગર નરકમાં ગઈ ભાઈ! આહાહા..! એવા એક ૩૩ સાગર નહિ એવા અનંત ૩૩ સાગર. બાપા! તારો કાળ ક્યાં ગયો? અનંત કાળનો તું, એ અનંત કાળ ગાળ્યો ક્યાં? આવી વેદનામાં કાળ ગાળ્યો છે, ભાઈ! તને શેના હરખ? શેની હોંશુ પરની અને શેના હરખ આવે છે પરના? ભગવાન આત્મા આનંદસ્વરૂપ પોતે ઘર તારું છે ને એ ઘરમાં આવને, ભાઈ! આ બહાર ઘરમાં તો રખડતો દુઃખી થા છો. આહાહા..!

જુઓને કૃષ્ણ. એ કૌસુંબી નગરીમાં એ ત્રણ ખંડનો લાડો, આઠ હજાર દેવ સેવા કરે, પાણીનો પાનાર કોઈ ન મળે. આહાહા..! જેને સોનાના ગઢ મણિરત્નના કાંગરા સળગ્યા. પાણી નાખે તેમ ઘાસતેલ થાય. યોદ્ધાઓ પાણી ઉલેચીને નાખે. હજારો મણ આમ જાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોં! ત્યાં તો વધારે સળગે હળ.. હળ.. હળ. શું થયું આ? આ પાણી ઘાસતેલપણે પરિણમ્યું. પાપ થયા, પુણ્ય ગયા. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્ષણમાં વયા ગયા?

ઉત્તર :- ક્ષણમાં દેવ પણ ગયા અને રાજા પણ ગયા, છોકરા મરી ગયા અને રાણીઓ મરી ગઈ. આ નજરે દીઠા મા-બાપ બળે.. બળે. આહાહા..! સમજાય છે? આ મા-બાપ બળે (છે) તો આમ બહાર નીકળ્યા પોતે રથમાં બેસાડીને. એમ કે કોઈ ન મળે. બળદ સળગ્યા. બધા સળગ્યા. મા-બાપને કાઢવા શી રીતે? વાસુદેવ એના પિતા કૃષ્ણના અને બળદેવ અને માતા દેવકી. રથમાં બેસાડીને પોતે બળદ થઈને નીકળ્યા. ઓહોહો..! યોદ્ધા ત્રણ ખંડના એ બળદ થયા મા-બાપને કાઢવા. જ્યાં આવે છે દરવાજો (ત્યાં) આકાશવાણી થઈ. નીકળી જાઓ, નહિતર હમણા બધા મરી જશો. તમે બે સિવાય નહિ બચે. જોર ન કરો. હાય.. હાય..! દેવકી અને વસુદેવ. આહાહા..! કકળાટ.. કકળાટ.. કરતાં ત્યાં દેખે છે બહાર ઊભા છે ત્યાં મરી ગયા બેય. બાપુ! સંયોગની ચીજ જ એવી છે. સંયોગ વિનાનો આત્મા, પુણ્ય-પાપના ભાવ વિનાનો આત્મા એમાં આનંદ અને શાંતિ છે. સમજાણું કાંઈ? એને તારે ઘરે આવવું પડશે, ભાઈ! જો દુઃખને ટાળવા હોય તો આ અંતર વસ્તુ છે ત્યાં આવવું પડશે.

એ અહીં કહે છે, પ્રતિક્રમણ કરનાર ચારિત્રવંત.. આહાહા..! પુણ્ય-પાપના ભાવને ઉત્પન્ન થવા દીધા નથી. એને પુણ્ય-પાપ થયા, પૂર્વે થાતા એને થવા દીધા નહિ, તેને નિવર્તાવે છે તો એનું કાર્યરૂપ જે ભવિષ્યનું કર્મ, એને છોડે છે અને સ્વરૂપમાં ઠરે છે તે આત્મા પ્રત્યાખ્યાનરૂપે પરિણમે છે. એનું નામ પ્રત્યાખ્યાન, પચ્ચખાણ અને શુભાશુભરાગનો અભાવ ત્યાગ તેને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, આ તો બહારથી કર્યા પચ્ચખાણ અમારે કરવા છે. હવે એ ક્યાં ધૂળ પચ્ચખાણ છે. અજ્ઞાન છે. ત્યાં ક્યાં પચ્ચખાણ હતા. આહાહા..! અમારે પચ્ચખાણ છે, અમારે આ ખપતું નથી. આત્મા ખપતો નથી એક પહેલો, એમ કહે ને. આહાહા..!

જુઓ અહીંયાં. શુભ-અશુભ વિકલ્પ કાર્ય તેનાથી ભાવથી નિવર્ત્યો, વર્તમાનમાં શુભ-અશુભભાવથી નિવર્તવારૂપ પરિણતિ થઈ. એથી એ ભવિષ્યના કર્મથી પાછો હટ્યો અને પચ્ચખાણ થયું એમ કહેવામાં આવે છે. કહો, વીરચંદભાઈ! કહો, સમજાય છે કે નહિ આ પચ્ચખાણ? કેટલા પચ્ચખાણ કેટલા કર્યા હશે નાની ઉંમરમાંથી લ્યો બહારના. આહાહા..! અરે..! વસ્તુને જાણ્યા વિના બાપુ! ક્યાં ઠરીશ તું? પચ્ચખાણ તો ઠરવાની પરિણતિ દશા છે. ચારિત્ર છે આ તો. પચ્ચખાણના પરિણમન એ તો ચારિત્રની પરિણતિ છે. પ્રતિક્રમણના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણામ એ પણ એક ચારિત્રપરિણતિ છે. ચારિત્રપરિણતિને ત્રણ અપેક્ષાએ વર્ણવીને પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના કહેવામાં આવે છે. આવે છે ને? સાંજ-સવાર નથી બોલતા? ગયા કાળનું પડિક્કમણું, આવતા કાળના પચ્ચખાણ, વર્તમાન કાળનો સંવર એમ બોલે છે ને? ત્રણેનું ભાન ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિચ્છામી દુક્કડમ. જાવ. એય.. જયચંદભાઈ! આહાહા..!

'**પચખતો થકો,...**' પચખતો થકો, '**પ્રત્યાખ્યાન છે;...**' ભાષા જુઓ! સમજાય છે? શુભાશુભભાવને છોડતો, નિવર્તાવતો અને એનું કાર્ય પરને પચખતો થકો. સમજાય છે? ભાષા જોઈ? ઓલા ભાવોથી પોતાને નિવર્તાવે છે. એક વાત. તે આત્મા તેના કાર્યભૂત જે કર્મ એનાથી કર્મને પચખતો થકો. એમ. એને પચખતો થકો. ભવિષ્યના કર્મથી હટતો થકો. પોતાના સ્વરૂપમાં પરિણમ્યો છે એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક રહ્યો હવે સંવર-આલોચના. આલોચના છે ને? '**તે જ આત્મા,...**' તે જ આત્મા અને તે જ પર્યાય પાછી. એમ. એ પર્યાય તો તેની તે છે. શુભાશુભભાવ ઉત્પન્ન થયા નથી એવી જે પ્રતિક્રમણરૂપ પર્યાય, એવી જે પ્રત્યાખ્યાનની પર્યાય તે જ પર્યાયવાળો તે જ આત્મા. '**વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...**' એટલે કે વર્તમાન કર્મવિપાકને પોતાથી અત્યંત એટલે એ વિકલ્પનો ભેદ કર્યો એટલે વિકલ્પ થયા જ નથી. એનાથી જુદો અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો. રાગના ભાવથી અત્યંત જુદો પડીને '**ભેદપૂર્વક અનુભવતો થકો,...**' આત્માને એ શુભરાગથી ભેદ જુદો પાડીને પોતાના સ્વરૂપની સ્થિરતાને વેદતો, એ અનુભવતો થકો '**આલોચના છે.**' જોયું! ઓલું પોતે પ્રતિક્રમણ કીધું, એ પોતે પચ્ચખાણ, પચખતો થકો પ્રત્યાખ્યાન છે, આ અનુભવતો થકો આલોચના, આત્મા આલોચના છે. આત્મા આલોચના છે. કહો, સમજાણું કાંઈ? થી એમ શબ્દ છે ને એમાં? જુઓને આલોચના માટે. જે આત્મા ચેતે છે એમ. એટલે અનુભવે છે લીધું. છે ને એમાં? તે દોષને જે આત્મા ચેતે છે, એમ છે મૂળ પાઠ શ્લોક. એટલે અનુભવે છે. એટલે જ્ઞાતાભાવે જાણી લે છે. જાણી લે છે એટલે કે આ થયા એમ નહિ. સમજાય છે? આ થયા અને હવે જાણવું એમ ક્યાં છે ત્યાં? આહાહા..! ભારે વાત!

એનો માર્ગ તો ગૂઢ અને ગંભીર છે ભાઈ! તારા રસ્તા તો કેવળજ્ઞાન પામવાના, પરમાત્મા સિદ્ધપદ થવાના રસ્તા મહા ગૂઢ અને ગંભીર છે. એના ફળ સાદિઅનંત અનંત સમાધિ સુખમાં જેના ફળ છે. આહાહા..! એવો ભગવાન ઊંડે ઊંડે અંદરમાં એકાકાર થાય છે ત્યારે તેને વર્તમાનમાં કર્મના નિમિત્તે થયા, વિકલ્પ થયા છે અને પાછો ફર્યો છે વર્તમાન એ અત્યંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભેદપૂર્વક થયો. એમ. અનુભવતો થકો, ભેદપૂર્વક અનુભવતો. એટલે કે રાગ વર્તમાન છે અને ભેદપૂર્વક અનુભવે છે એમ વર્તમાન છે તો ભેદ નહિ. એ ભેદ એટલે થયો જ નથી. પહેલું તો કીધું હતું ને? પોતાને નિવર્તાવે છે. એની અહીં વાત છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપને પોતાથી... ઓલામાં એમ હતું તે ભાવોને નિવર્તાવે છે. અહીં એમ કહે છે તે વિપાકને પોતાથી, એ વિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો. વિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો એટલે વિપાકને એમ લીધું ભાઈ! આહાહા..! ભારે ભાઈ ગજબ!

આમ વિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક. પોતાથી એમ પાછું. આત્માથી એમ. ત્યાં રાગાદિ થયો જ નથી. આમ પોતાથી ભેદપૂર્વક અનુભવતો. આત્માને રાગ વિનાનો અનુભવતો થકો આત્મા આલોચના છે. તે આલોચના એટલે તે આત્મા સંવર છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, ઠીક આ સાંભળવાનું મળ્યું. કીધું હતું કે નહિ? છ જણ આવ્યા છે. કીધું, સાંભળશે તો ખરા એક કલાક વ્યાખ્યાન. આમ ક્યાં નવરા થાય એવું છે ગુલાબચંદભાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ખાલી જાય જ નહિ. આત્મામાં જાય. આત્મામાં જાય એ પાછો ફરે નહિ. અહીં તો આત્માના દરબારની વાત કરવી છે કે નહિ? આહાહા..!

ભગવાન આત્મા કેવળી પરમાત્મા સર્વજ્ઞદેવે કહેલો, હોં! એવો જે આત્મા દૃષ્ટિમાં આવ્યો, અસંખ્ય પ્રદેશી એટલે પહોળાઈમાં આટલો .. નાનો અને અનંત ગુણનું ધામ, એ દૃષ્ટિમાં આવ્યો અને હવે કહે છે કે શુભાશુભ પરિણામ વિપાક છે એનાથી. એ કર્મના વિપાકને પોતાથી ભેદ. ઓલા ભાવની વાત ન લીધી. કારણ કે ભાવ તો એ છે. પહેલા કહી દીધા છે.

'**તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને...**' એમ છે ને? ઓલાના આત્માને નિવર્તાવે છે એ તો પહેલેથી લીધું. આલોચના છે, લ્યો. એ આલોચના એટલે સ્વરૂપની અંતર વીતરાગતાની દશા થઈ વિકલ્પ પુણ્ય-પાપ રહિત, એવી દશાને આલોચના કહેવામાં આવે છે. એનું નામ સંવર છે અને એનું નામ ચારિત્ર છે અને એ ચારિત્રનો વૈભવ કેવળજ્ઞાનનું કારણ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**માગશર વદ ૫, ગુરુવાર તા. ૨૧-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૮૩ થી ૩૮૯, પ્રવચન-૪૩૩**

સર્વવિશુદ્ધ અધિકાર. અહીં સુધી આવ્યું છે, જુઓ! **'સદા આલોચતો થકો,...'** છે ને? શું કીધું અહીંયા? આ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને વર્તમાન સંવર એટલે આલોચના, એનો અધિકાર છે. એટલે કે ત્રણ રૂપે ચારિત્રસ્વરૂપ છે એનો અધિકાર છે. જે આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એવું ભાન થયા પછી સ્વરૂપમાં વર્તમાનમાં વર્તવારૂપ સ્થિરતા અને ચારિત્ર, એને લઈને પૂર્વના રાગના ભાવથી વર્તમાન નિવર્તે છે, ભવિષ્યના ભાવનું જે કારણ છે એનાથી પણ નિવર્તે છે. અને વર્તમાન કર્મના પાકથી અત્યંત ભેદ થયો એથી પૂર્વ અને પશ્ચિમ બેયના કારણ-કાર્યથી નિવર્તે છે. શું કીધું સમજાણું?

જુઓ! ઓલામાં બેમાં સાધારણ વાત કરી હતી. ત્રીજામાં એમ કહ્યું હતું કે **'વર્તમાન કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** એ કહ્યું હતું ત્યાં. પહેલામાં સાધારણ વાત કરી એમ કીધું. પછી અત્યંત લેશે બધામાં. આત્મા વસ્તુ છે શાંત, અનાકુળ આનંદ અને જ્ઞાનનું રૂપ છે એકલું. એવો આત્મા જે અંતર દૃષ્ટિમાં અનુભવમાં, પ્રતીતમાં, જ્ઞાનમાં જ્ઞેયરૂપે આવ્યો છે એને અહીંયાં આત્માનું સમ્યગ્દર્શન અને આત્મા એણે જાણ્યો એમ કહેવામાં આવે છે.

એ આત્મામાં હવે નિવર્તવાની વાતથી આમથી લીધું છે. જે કર્મનો પાક છે એનાથી થતા જે શુભ-અશુભભાવ છે, એનાથી નિવર્તે છે. ખરેખર તો વર્તમાન નિવર્તે છે. સમજાણું કાંઈ? કર્મના પાકથી થતાં શુભાશુભભાવ, એનાથી નિવર્તે છે એટલે કે એ થતા નથી. અને આત્માના શુદ્ધ સ્વભાવ તરફના આનંદની શાંતિની રમણતા છે એને વર્તમાન કર્મના ફળથી નિવર્ત્યો છે અને તે પરિણામનું કારણ કર્મ એનાથી નિવર્ત્યો છે અને તે પરિણામનું કાર્ય ભવિષ્યનું કર્મ એનાથી પણ નિવર્ત્યો છે. સમજાણું કાંઈ? આત્મા આત્મા કહે એ આત્મા, એમ નહિ. આત્મા છે ને? વાત તો આત્માની છે ને. એમ બધા કહે છે. કેમ ..ભાઈ! આત્મા છે પણ એ આત્મા કોને કહેવો એ સમજ્યો નથી.

મુમુક્ષુ :- .. એની જ કરવાની છે ને.

ઉત્તર :- હા, પણ એ શું છે એની એને ખબર ન મળે અને આત્મા શું કહેવો? આત્મા સંપ્રદાયમાં કહે કે આત્મા આમ કરો, પડિક્કમણું કરો, ફલાણું..

મુમુક્ષુ :- એનાથી આત્મા પવિત્ર થાશે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- હા. એનો અર્થ કે એ તો મિથ્યાત્વ થાશે એમ છે. જે કાંઈ ભાવ કરું, આમ કરું, આમ કરું એવો જે વિકલ્પ છે એ કર્તાપણે કરે છે, એને ક્ષણે ક્ષણે મિથ્યાત્વનો પુષ્ટિ ભાવ થાય છે.

મુમુક્ષુ :- ધર્મ થાય છે ને.

ઉત્તર :- ધર્મ ક્યાં અધર્મ થાય છે.

મુમુક્ષુ :- પડિક્કમણાથી અધર્મ થાય?

ઉત્તર :- પડિક્કમણું ક્યુ પણ? પડિક્કમણું કોને કહેવું? આત્મા શુદ્ધ ચૈતન્ય છે ત્યાંથી ખસી ગયો છે. એ પડિક્કમણું છે. સમ્યગ્દર્શનનું પ્રતિક્રમણ અને મિથ્યાત્વનો આદર.

મુમુક્ષુ :- અહીં જ આપ કહો છો પડિકમણાથી ધર્મ (થાય).

ઉત્તર :- આ બીજી વાત છે આ. સમજાણું કાંઈ?

જેને ચૈતન્યની સત્તા વસ્તુ સત્તા મહાન ચૈતન્ય સ્વભાવથી ભરેલો એ ભગવાન છે, જેની ખાણમાં એકલો આનંદ છે, એકલી શાંતિ છે, એકલું જ્ઞાન છે, એકલું દર્શન છે, એકલું વીર્ય છે, એકલી સ્વચ્છતા, એકલી પ્રભુતા (ભરી છે). એવી આખી ગાંઠ છે અનંત ગુણની ગાંઠ. એવો જે આત્મા એને અંતર સન્મુખ થઈને દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ છે એ પણ મારા સ્વરૂપમાં નથી, એમાં હું નથી, મારા સ્વરૂપમાં નથી, એમાં હું નથી. એવો અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને ભાન થઈને નિર્ણય થાય ત્યારે તેને આત્મા જાણ્યો અને આત્માનું સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો કરું, આ કરું... આ કરું.. એ તો કર્તાબુદ્ધિ છે. જ્ઞાનસ્વભાવી આત્મા છે એને માન્યો નથી. કાંઈક દેહની ક્રિયા કરું, આ ક્રિયા મારાથી થાય, તત્સ મિચ્છામી દુક્કડમ એ વાણી મારી છે, એ વિકલ્પ ઉઠ્યો એ મારી ચીજ છે, એમ માનનારા આસ્રવના સંબંધથી છૂટવું નથી. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના આસ્રવ એ સંબંધ વિનાનો છે. એ સંબંધ વિનાનો છે એને સંબંધવાળો રાખવો છે તો એ સંબંધમાં જ રખડશે. સંબંધ વિનાનો થશે નહિ. સમજાણું કાંઈ?

જેને આત્મા સાથે કર્મ, શરીર અને પુણ્ય-પાપના ભાવ એ વિકલ્પ ઉઠ્યો કે હું દયા પાળું, વ્રત કરું, મિચ્છામી (દુક્કડમ કરું) એવો જે રાગ, એવા રાગ સંબંધ. સંબંધ. એને આત્મા સાથે સમ્યક્ પ્રકારે સંબંધ... સંબંધ... સંબંધ છે એમ જેણે માન્યું છે તે મિથ્યાદષ્ટિ છે. તે તેના સંબંધથી છૂટશે નહિ પણ એના સંબંધમાં અનંત કાળ એમ ને એમ રહ્યા કરશે. અનંત કાળના સંબંધમાં તો વિવિધ પ્રકારના પરિણામ આવશે. શુભના-અશુભના એના ફળરૂપે નરકના, ઢોરના અનેક પ્રકાર આવશે. સમજાય છે કાંઈ?

જેણે પહેલેથી આત્મા એ શુભ-અશુભ જે દયા, દાન, વ્રતના વિકલ્પ છે એનાથી રહિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. રહિત છે એવો રહિત થવું છે. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા એને પરવસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સાથે કાંઈ સંબંધ નથી. સમજાય છે? પરવસ્તુ, એની શક્તિઓ, એની અવસ્થા અને તે કર્મ આદિ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને એના સંબંધે થતાં (ભાવ), અહીં તો એ શબ્દ લીધો છે ને? એના સંબંધથી થતાં હું આ કરું, આ કરું, દયા પાળું, ભક્તિ કરું, વ્રત કરું, પૂજા કરું એવો જે ભાવ એ કર્મના સંબંધથી થતો, સંબંધ વિનાનો છે એને સંબંધથી થતો ભાવ, એને પોતાના માનીને ત્યાં રોકાય છે એને સ્વભાવમાં નથી આવવું અને ચાર ગતિમાં રખડવું (છે) અને આસ્રવમાં રોકાવું છે. એમ છે. કહો, સમજાણું કાંઈ?

જેને જેવો આત્મા છે એવો પ્રાપ્ત કરવો છે એણે શું કરવું પહેલું? શું કર્યું? કે હું તો... પુણ્ય-પાપના શુભ-અશુભ વિકલ્પો રાગ છે, એમાં હું નથી અને મારામાં એ નથી, એમ ભિન્ન પાડીને જ્યારે આ રાગ મારામાં નથી ત્યારે રાગથી રહિત દૃષ્ટિ કરે ત્યારે રાગ મારામાં નથી અને મારામાં જ્ઞાન અને આનંદ છે. સમજાણું કાંઈ? ત્યારે એમ માને કે કર્મ, શરીર અને વિકાર મારામાં નથી. મારામાં નથી એમ ક્યારે થાય એને? અને મારામાં નથી એ બરાબર છે. પણ મારામાં નથી એમ થાય ક્યારે? કે એ પુણ્ય-પાપના રાગ અને નિમિત્ત, એના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી અને વસ્તુ સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકે ત્યારે એનાથી રહિત છે એવી દૃષ્ટિમાં રહિત થયો. વાત એવી છે, ભાઈ! આ તો અંતરની વાતું છે. એ કંઈ બહારથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. ભગવાનજીભાઈ! આહાહા..! આ દુનિયામાંથી આ બહારની ચીજો આ લીધી ને દીધી ને મૂકી, હોળી અગ્નિ સળગ્યા કરે છે એ તો કષાયની. આહાહા..!

ભગવાન આત્મા એ કષાયની અગ્નિથી રહિત છે. કષાય છે એ તો અગ્નિ છે. પુણ્ય અને પાપ બેય ભાવ કષાય-અગ્નિ છે. એ કષાય-અગ્નિથી રહિત એ તો શીતળ-શાંત અકષાય સ્વરૂપ છે. એને આત્મા કહીએ. એ આત્મા એવો છે એમ ક્યારે થાય? કે આસ્રવ અને અજીવમાં હું નથી અને હું આસ્રવ, અજીવ રહિત છું. ત્યારે એની દૃષ્ટિ આત્મદ્રવ્ય વસ્તુ ઉપર જાય ત્યારે એના પરિણમનમાં આસ્રવ અને અજીવ નથી એવી પરિણતિ ઊભી થાય. તે પરિણતિને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સ્વરૂપાચરણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ પછી એને જ્યારે ચારિત્ર કરવું છે હવે, તો ચારિત્ર ક્યાંથી લાવવું? કોઈ આ ક્રિયા કરવાથી તો પહેલેથી છે કે ક્રિયા અને રાગ હું નથી. સમજાય છે? દયા, દાન અને ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ હું નથી. હું નથી ત્યારે હું છું કોણ? એ તો જ્ઞાન, શાંતિ અને આનંદની મૂર્તિ આત્મા છે. એની દૃષ્ટિ થયે હવે એમાં ઠરવું છે એમાં. જેમાં હું છું એટલે છે હું એમાં ઠરવું છે. એ ઠરવું છે એનું નામ ચારિત્ર. તો એ ચારિત્ર કેમ થાય? કે કર્મના વર્તમાન પાકમાંથી થતા ભાવ, એનાથી વર્તમાનમાં ભેદ પાડીને ઠરે એટલે કે ભાવ થાય નહિ એમ એનો અર્થ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મના પાકમાં ભાવ થયા અને નિવર્તે એમ નથી. તો તો એ દૃષ્ટિ છે, ત્યાં સુધી તો દૃષ્ટિ છે ઈ. સમજાણું કાંઈ? પણ થયા એ થયા નથી. એમ કહે છે. અહીં ભાષા એમ લીધી '**થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે,...**' સમજાણું કાંઈ? દૃષ્ટિમાં આત્મા છે અને હવે એ પુણ્ય-પાપના ભાવ હજી નિમિત્તના સંગે અસ્થિરતાના થાય છે. સ્વભાવમાં નથી. સ્વભાવમાં શાંતિ છે એવી પ્રતીત અને ભાન થયા છતાં એ ભાવ છે. એ ભાવ છે એમાં એ ભાવ ન થાય એ સ્વરૂપ તરફની સ્થિરતા થતાં એ ભાવ ન થાય. ત્યારે એ ભાવથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. કહો, વજુભાઈ! આવી વસ્તુ છે, ભાઈ!

ત્યારે એ ભાવોના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે એમ કીધું. એટલે કે એ ભાવથી ભાવ ઉત્પન્ન ન થયો અને સ્વભાવસન્મુખ થયો ત્યારે એની પરિણતિ નિર્મળ થઈ એ પ્રતિક્રમણ, એ આત્મા, પોતે આત્મા થયો. સમજાણું કાંઈ? અને તે ભાવના.. છે ને? ભવિષ્યકાળના કર્મને પચખતો. એ ભાવનું કાર્ય. ભાવ જ થયો નહિ અહીંયા, ભાવ થયો નહિ. અહીં તો નિવૃત્તિ થઈ. એટલે એ ભાવનું કાર્ય જે ભવિષ્યનું કર્મ છે એનાથી પણ વર્તમાનમાં નિવર્ત્યો. સમજાણું કાંઈ? તે જ આત્મા પચખતો થકો, પ્રત્યાખ્યાન છે. એ પ્રત્યાખ્યાન થયો એ તો. પોતે પ્રત્યાખ્યાન થયો. સમજાણું કાંઈ? એટલે આત્મા આનંદ અને શાંતિસ્વરૂપ છે, એવું શાંતિસ્વરૂપ રૂપે પરિણમન થયું, વિશેષ પરિણમન થયું એ પચ્ચખાણ. એ પચ્ચખાણ એ આત્મા છે. પચ્ચખાણ એ આત્મા છે. અહીંથી નિવર્ત્યો એમ કહેવું અને અહીં ઠરવું બે એકની એક વાત છે. સમજાણું કાંઈ?

અને એ આત્મા '**વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક...**' અહીં અત્યંત શબ્દ લીધો. કારણ કે મૂળ તો અહીં વાત છે. વર્તમાનમાં વાત છે. ઓલી તો બે સમજાવી. વર્તમાનમાં જ કર્મના પાકના ફળ ઉત્પન્ન થતાં નથી અને આત્મા વીતરાગ સ્વરૂપ છે એવી જે દૃષ્ટિ છે, એમાં ઠરવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે એથી એને કર્મના પાકથી અત્યંત ભેદપૂર્વક આમાં આત્મામાં અભેદમાં ગયો. સમજાણું કાંઈ? આ પડિક્કમણું કોને કહેવું એની વ્યાખ્યા ચાલે છે આમાં ગોપાલજીભાઈ! સાંજ-સવાર જાવ ને સૌની સાથે? એય.. મિચ્છામી દુક્કડમ. એ પડિક્કમણા નથી. મારે આત્મા જોતો નથી એ પડિક્કમણું છે એને. આહાહા..! કારણ કે ચીજ જ શું છે એ નજરમાં આવી નથી. ત્યારે હવે ક્યાં ઠરવું અને ક્યાં ઠરીને પાછળથી વળવું? આમ વળવું એ ક્યાં એનામાં હોઈ શકે? સમજાણું કાંઈ? આહાહા..! આ સામાયિક પણ એવી અજ્ઞાનીઓની, પડિક્કમણા પણ એવા અજ્ઞાનીના. ક્ષણે ક્ષણે મિથ્યાત્વને પોષે એવા છે. એ.. ભગવાનભાઈ! હવે તો પાકા થયા ને અહીં તો. નહિતર તો ભડકે એવું હતું શરૂઆતમાં તો. આહાહા..! ભાઈ! તારા ઘરની તને કિંમત નથી. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? અને તું પરની કિંમત કરવા જા છો એ નહિ ખસે તારાથી. પરની કિંમત એટલે પરને જ્યાં મોટપ અને મહંતપણે અધિકપણે માનવા જાઈશ તો એનાથી નહિ ખસી શક, ચોર્યાસીના અવતારમાં રહેવું પડશે. સમજાણું કાંઈ?

'**કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક...**' પોતાથી છે ને? આહાહા..! પોતે જ પ્રતિક્રમણ છે. પોતે જ પચખતો પ્રત્યાખ્યાન છે. અને કર્મના પાક અત્યંત ભેદ, ત્યાં અત્યંત શબ્દ આવ્યો છે. એટલે વર્તમાન કરવું છે ને? ઓલી તો વાત (સમજાવી છે). એ તો વર્તમાનમાં ભેદ થયો, પડ્યો એટલે પૂર્વના કાર્યથી પણ ખસી ગયો. આહાહા..! કેવી શૈલીથી વાત લીધી છે! '**તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને પોતાથી...**' પોતાથી એટલે પોતે કોણ છે? કે આત્મા શુદ્ધ આનંદકંદ. એનાથી '**અત્યંત ભેદપૂર્વક...**' પુણ્ય-પાપના વિકલ્પો, એનાથી નિવર્તે એટલે થયા છે ને નિવર્તે છે એમ નહિ. થયા છે એને વર્તમાન ક્યાં નિવર્ત્યો છે? અને પછી નિવર્તવું છે? પછી તો વળી પાછો બીજો સમય આવશે. સમજાણું કાંઈ? સમજાવાની શૈલી શું કરે? કે કર્મના ભાવોથી પોતાને નિવર્તાવે છે. એટલે શું એનો અર્થ? સમજાણું? અચારિત્ર થઈ ગયું, ભાવ તો આવ્યા તો અચારિત્ર તો થઈ ગયું. હવે એને નિવર્તાવે ક્યારે? એ તો અમથો પણ નાશ થઈ જશે. પણ એનો અર્થ એ કે આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય છે, આનંદ છે, એવી દૃષ્ટિ છે એમાં સ્વરૂપમાં રમે છે. પોતાથી એને ભેદ પાડ્યા. પોતાનું સ્વરૂપ શુદ્ધ છે એમ અંદર ઠર્યો છે ત્યારે તે કર્મના પાકના પુણ્ય-પાપના ભેદને ઉત્પન્ન થવા દેતો નથી.

એ '**અત્યંત ભેદપૂર્વક...**' જુઓ! શું કહે છે? '**અનુભવતો થકો,...**' એમ ત્યાં લીધું. '**અનુભવતો થકો,...**' ત્યારે ભેદપૂર્વક અનુભવતો થકો એટલે શું? કોને અનુભવતો થકો? રાગથી નિવર્ત્યો એને? સમજાણું કાંઈ? વાત પહેલી સમજણની જ આકરી છે. પહેલી ચીજની પ્રાપ્તિ જ (કઠણ છે). પછી તો એનો રસ્તો સરળ-સીધો થઈ જાય છે. સમજાણું કાંઈ? '**અનુભવતો થકો, આલોચના છે.**' કહો, સમજાણું? ઓલામાં કીધું હતું ને? '**પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' એમ આવ્યું હતું. '**પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;...**' એટલે પોતે જ પ્રત્યાખ્યાન એમ લઈ લેવું ત્યાં બધામાં. ચીમનભાઈ! કાલે નહોતા. ઓલામાં કીધું ને પહેલું? '**પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' એમ પચખતો થકો, '**પોતે જ પ્રત્યખ્યાન છે;...**' એમ અનુભવતો થકો, '**પોતે જ આલોચના છે.**' એમ લઈ લેવું ત્યાં. છે ત્યાં? ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- ટીકામાં.

ઉત્તર :- ટીકામાં તો છે. 'પોતે જ' ક્યાં આવ્યું એમ મારું કહેવું છે. ત્રીજી લીટી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' પોતે જ પ્રતિક્રમણ છે એ અહીં સિદ્ધાંત આખો છે. સમજાણું? ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એવી જે અંતર દૃષ્ટિ થઈ છે અને અંતરમાં ઠર્યો છે એટલે કે પૂર્વના કર્મના નિમિત્તથી થતાં ભાવ એનાથી નિવર્ત્યો એટલે ભાવ થયા નહિ એટલે પોતે જ પ્રતિક્રમણ છે. એમ વર્તમાન પરિણામનું જે કાર્ય-કર્મ, અહીંથી નિવર્ત્યો એટલે કર્મથી પણ નિવર્ત્યો. એ પોતે ભાવથી નિવર્ત્યો એટલે કર્મથી પણ નિવર્ત્યો એટલે પોતે જ પ્રત્યાખ્યાન છે. આત્મા પોતે જ પ્રત્યાખ્યાન છે. અને વર્તમાન... મૂળ તો જોર વર્તમાનનું છે. એના ઉપર આ ત્રણે બોલ છે. વળી ભવિષ્યના પરિણામનું કાર્ય જુદું, ભૂતના કર્મનું કાર્ય જુદું એવું કાંઈ છે નહિ. વસ્તુ તો એકની એક છે. આહાહા..!

'**અત્યંત ભેદપૂર્વક...**' કર્મવિપાકને '**વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી)...**' આત્માથી, પોતાથી '**અત્યંત ભેદપૂવર્ક અનુભવતો થકો,...**' એટલે વિકલ્પને ઉત્પન્ન થવા દેતો નથી, સ્વરૂપને અનુભવતો થકો. વિકલ્પ છે નહિ એને અત્યંત ભેદપૂર્વક આત્માને અનુભવતો થકો પોતે જ '**આલોચના છે.**' આત્મા જ આલોચના છે. આલોચના કોઈ બીજી ચીજ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આલોચના આવે છે ને આપણે? સંવત્સરીને દિ' નહિ? વાંચે છે ને? આલોચન-જોઈ જાવું. જોઈ જાવું એટલે શું? એને જોઈ જાવું? એ તો આલોચના સ્વરૂપમાં ઠરે છે એનું નામ આલોચના કહેવામાં આવે છે. આવી વાત છે.

'**પૂર્વકર્મના કાર્યરૂપ...**' જુઓ! છે ને? '**સદા આલોચતો થકો,...**' પ્રત્યાખ્યાન પછી આવે છે. '**એ રીતે આત્મા...**' એ રીતે આત્મા. આવે છે ને? '**એ રીતે આત્મા...**' આ કીધી એ રીતે આત્મા '**સદા પ્રતિક્રમતો...**' કોઈ સમયે એમ કે વળી સાંજે પડિક્કમણું કરવું અને સાંજનું, રાતનું, સવારનું. દેવશીભાઈ હતા. દેવશી (દિવસે) પડિક્કમણું કરાવતા, રાયશીભાઈ હતા રાતે પડિક્કમણું કરાવતા, ખેતશીભાઈનો વારો આવ્યો. એ કહે કે ખેતશી પડિક્કમણું, ઓલો કહે કે ખેતશી પડિક્કમણું હોય નહિ. પણ મારો શું વાંક? ભગવાનજીભાઈ! રાયશીભાઈનું નામ હતું ને પડિક્કમણું બરાબર સવારે કરાવે ઈ. અને દેવશીભાઈ સાંજે પડિક્કમણું કરાવે. ભગવાનભાઈ! એટલે નામ.. તાકડે ઓલા બેય ન મળે. આવ્યું ખેતશીભાઈના નામે પડિક્કમણું કરવાનું. જ્યાં પડિક્કમણું આવ્યું ત્યાં ખેતશી પડિક્કમણું.. ખેતશી પડિક્કમણું અમે સાંભળ્યું નથી. ત્યારે રાયચંદ દેવશીના નામ આવતા અને મારો શું વાંક એમાં પણ? ખબર ન મળે કાંઈ રાયશી અને દેવશી શું કહેવાય અને ખેતશી શું કહેવાય? મિચ્છામી દુક્કડમ લ્યો ચાલ્યા. શું? ધર્મ મારે સમજવો નથી એનું મિચ્છામી દુક્કડમ. આહાહા..! શું કીધું ભીખાભાઈ?

'**એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો...**' છે ને? એટલે કે પ્રતિક્રમતો એટલે પ્રતિક્રમણ કરતો થકો. એમ. સમજાય છે? એની રીત અને એની વિધિ પણ જેને ખ્યાલમાં નથી એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરી શી રીતે (શકશે)? સમજાય છે કાંઈ? **'એ રીતે આત્મા સદા પ્રતિક્રમતો...'** નામ પ્રતિક્રમણ કરતો થકો. કરતો થકો. સ્વરૂપમાં રમતો થકો. એમ. **'સદા પચખતો થકો...'** જુઓ! તે જ સમયે. તે જ સમયે હોં, પાછો સમય બીજો નથી. સદા શબ્દમાં ક્યો સમય? પહેલું પડિક્કમણું, પછી પચખાણ અને પછી સંવર એમ ત્રણ ભેદ છે? અહીં તો સદા શબ્દ વાપર્યો એટલે કાંઈ પહેલું પડિક્કમણું અને પછી (પ્રત્યાખ્યાન એમ નથી). સદા તો એક સમયે ત્રણે છે. સમજાય છે કાંઈ? સદા પડિક્કમણું, સદા પચ્ચખાણ, સદા આલોચના. એ સદાય છે. એના ભેદ કે દિ' વળી રહ્યા? સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ ગજબ ટીકાની શૈલી! એવી વસ્તુને સિદ્ધ કરે છે.

આમ ભગવાન આત્મા નજરમાં જે લીધો છે એમાં ઠરે છે. બસ! એ સદા ઠરે છે એ ઠરેલો જ છે સદાય. પછી ગયા કાળનું પડિક્કમણું એને કહો, ભવિષ્યના પચ્ચખાણ કહો, વર્તમાનનો સંવર અને આલોચના કહો. વસ્તુ એની એ છે. કહો, સમજાણું કાંઈ? એમ કે વળી સાંજે પડિક્કમણું કરશું અને સવારે કરશું પછી મિચ્છામી દુક્કડમ. એ નહિ. એ તો કહે છે કે એ તો ..નો કોઈ વિકલ્પ હોય અને શુભભાવ આવે એ વાત જુદી. સમજાય છે? પણ વસ્તુનું પડિક્કમણું અને પચ્ચખાણ તો સદાય સમકિતીને ચારિત્રભાવમાં હોય છે. ચારિત્રભાવમાં. સમજાણું કાંઈ? પણ ચારિત્ર ક્યું? આ વેષ બદલ્યા અને લૂગડાં ફેરવ્યા અને નાગો થાય ઈ? એ નહિ. એ તો વાત અહીં કરે છે. એ તો આત્મા ચારિત્રરૂપ થાય. આત્મા પ્રત્યાખ્યાનરૂપ થાય છે, આત્મા પચ્ચખાણ, આત્મા આલોચના, આત્મા પોતે ચારિત્રરૂપ થાય એમ થયું ને ત્રણ થઈને? એ ત્રણ થઈને આત્મા ચારિત્રરૂપ થાય છે. એ કોઈ મન ને રાગ ને શરીરની અવસ્થા એ કોઈ ચારિત્ર છે નહિ. સમજાણું કાંઈ?

**'સદા પચખતો થકો અને સદા આલોચતો થકો, પૂર્વકર્મના કાર્યરૂપ...'** લ્યો! વસ્તુ તો એની એ છે હોં! પૂર્વ કર્મનું કાર્ય વર્તમાન પરિણામ. ઉત્તર કર્મનું કારણરૂપ એના એ ભાવ. **'અત્યંત નિવૃત્ત થયો થકો,...'** બેથી અત્યંત નિવૃત્ત થયો થકો પહેલી વાત લીધી બે. હવે અહીં અત્યંત આવ્યો શબ્દ. પહેલું સાધારણ હતું. **'પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે, તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...'** એમ હતું. હવે અહીં બેયમાં અત્યંત શબ્દ આવ્યો. શું કીધું?

**'પૂર્વકર્મના કાર્યરૂપ...'** એટલે પૂર્વકર્મ છે એનું કાર્ય શું? વર્તમાન પુણ્ય-પાપ થવા તે, ભાવ થવા તે. અને **'ઉત્તરકર્મના કારણરૂપ...'** ભવિષ્યનું કર્મનું કારણ શું? એ ભાવ થવા તે. એનાથી **'અત્યંત નિવૃત્ત થયો થકો,...'** વર્તમાનમાં. **'પોતામાં જ-જ્ઞાનસ્વભાવમાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ-' સમજાય છે? '**વર્તમાન કર્મવિપાકને...**' હવે ત્રીજો બોલ. '**પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...**' વસ્તુ તો એની એ છે હોં! ત્રણ પ્રકારથી વાત કરી છે. '**વર્તમાન કર્મવિપાકને પોતાથી...**' એટલે આત્માથી. આત્માથી એટલે આત્મા કોને કહેવો? વીતરાગ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે. એવા '**(આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...**' પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પડીને આત્માની શાંતિને-સ્થિરતાને અનાકુળ પરિણામ ચૈતન્યના વૈભવના પરિણામને વેદતો થકો. કહો, સમજાણું કાંઈ? એ વૈભવ શબ્દ આવ્યો હતો ને ઓલામાં. પૂર્વે નહોતો આવ્યો? વૈભવ શબ્દ આવ્યો હતો. કળશમાં આવ્યો હતો. એટલું યાદ છે. અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી. એક જ કળશ. અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતના.. જુઓ! જ્ઞાનની સંચેતના અનુભવી. ત્યાં પાછું જ્ઞાન લેશે. આહાહા..! ભારે ટીકા પણ! અમૃતચંદ્રાચાર્ય. કહો, સમજાણું?

જેણે એ આત્મા શુભ અને અશુભ પરિણામથી રહિત દૃષ્ટિમાં લીધો નથી તેને તે શુભ-અશુભ પરિણામ જ હું છું અને એ મારું કર્તવ્ય છે એમ માનીને બેસે છે. ચાહે તો એ સાધુ થયેલો હોય, નગ્ન મુનિ દિગંબર હો. આ તો દ્રવ્યલિંગ પણ નથી. જેટલા વસ્ત્રવાળા છે એ તો દ્રવ્યલિંગ પણ નથી. પણ જે દ્રવ્યલિંગી નગ્ન મુનિ હોય, બહારમાં અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ હોય તો એ અઠ્ઠાવીશ મૂળગુણના જે વિકલ્પ છે-રાગ, એ રાગસહિત છું એવું માન્યું છે અને રાગ એને મારે રાખવો છે અને અશુભને મારે ટાળવું છે. એવા ગ્રહણ-ત્યાગનો જે વિકલ્પ છે એ જ મારું સ્વરૂપ છે, એ જ મારી રીત છે અને એ જ મારું આચરણ છે. એવી જેની દૃષ્ટિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો અઠ્ઠાવીશ મૂળગુણને પાળતો હોય, જંગલમાં રહેતો હોય, મહિના-મહિનાના અપવાસ કરતો હોય. સમજાય છે કાંઈ? સાધુ તો નથી, પણ એ સમ્યગ્દૃષ્ટિ નથી. કેમ કે જેણે રાગના પરિણામને પોતાનું કર્તવ્ય માન્યું છે અને રાગ રહિત આત્મા છું એવી દૃષ્ટિ થઈ નથી. તો રાગરહિત દૃષ્ટિ થઈ નથી તો રાગરહિત પરિણમન નથી. એને તો રાગસહિતનું જ પરિણમન, કષાય સહિતનું જ પરિણમન છે. પર્યાયબુદ્ધિનું જ પરિણમન છે. ચાહે તો નગ્ન મુનિ હજારો રાણીને છોડીને બેસે, જંગલમાં રહેતો હોય. પણ જેને અંતરમાં એ રાગના પરિણામ તે મારા અને મારું કર્તવ્ય છે એમ જે કરીને બેઠો છે એ મિથ્યાદૃષ્ટિ આત્માનો અનાદર કરનારો છે. કહો, સમજાણું કાંઈ?

પોતામાં જ હવે લે છે. એટલું કહી (હવે કહે છે), '**અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...**' જુઓ! જુદા કરીને જાણતો. એક કરીને જાણતો અને માનતો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? હું આની દયા પાળું છું, હું આની દયા પાળું છું સામાની.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ મૂઢ છે મિથ્યાદષ્ટિ. સામાની પર્યાયનો કર્તા થાય એ મૂઢ છે. અને દયાનો ભાવ છે એ મને ધર્મ છે, એ વિકલ્પ છે એ મારો લાભદાયી ભાવ છે. એ વિકલ્પ સહિત આત્માને કલ્પ્યો એ આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? વિકલ્પને (અને) આત્માને અભેદ કર્યો. એ તો મિથ્યાદષ્ટિ છે. ઝીણી વાત છે. એમ કાંઈ સમજાય એવી નથી, બે ઘડી, બે કલાકે, કલાકે કાંઈ. ક્યાં ગયા જગજીવનભાઈ? ગયા? ગયા હશે. કહો, સમજાણું આમાં?

હવે કહે છે, '**પોતામાં જ-જ્ઞાનસ્વભાવમાં જ-નિરંતર...**' જુઓ! '**ચરતો હોવાથી...**' ઓલામાં કીધું ને. સદા અહીંથી નિવર્તતો હોવાથી, સદા પચખતો હોવાથી, સદા આલોચના કરી એ નાસ્તિથી વાત લીધી હતી. હવે અસ્તિથી લેશે. આ તો કથનની પદ્ધતિ શું કરવી? '**પોતામાં જ-**' પોતામાં એટલે પોતે કોણ? કે જ્ઞાન ને આનંદ ને શુદ્ધ સ્વરૂપ આત્મા તે. '**પોતામાં જ-**' એટલે '**જ્ઞાનસ્વભાવમાં જ-**' એમ. પોતામાં જ એટલે જ્ઞાન જાણવું... જાણવું.. જાણવું... જાણવું... જાણવું... જાણવું... એટલે ગુણ, ગુણમાં ગુણીનો આરોપ કરીને પોતે જ્ઞાન તે આત્મા, ગુણી આત્મા એવો જે જ્ઞાનસ્વરૂપ, એકલો જ્ઞાનસ્વરૂપ, પુણ્ય-પાપના વિકલ્પ અને દેહની સંબંધની ક્રિયારહિત એવો જે પોતાનો આત્મા. તેમાં '**નિરંતર ચરતો...**' લ્યો, નિરંતર વિચરતો, ચરતો. ચારિત્ર છે ને? ચરતો. ઢોર ચરે છે ને ઘાસ? એમ આ આત્માને ચરતો, શાંતિને ચરતો, શાંતિને વેદતો. આહાહા..!

'**નિરંતર ચરતો (વિચરતો, આચરણ કરતો)...**' લ્યો, આ આચરણ. એ શુદ્ધ આનંદમાં વિચરતો, એમાં વિચરતો. પુણ્યના વિકલ્પમાં પંચ મહાવ્રતાદિના વિકલ્પમાં નહિ. એ તો રાગ આસ્રવ છે. સમજાણું કાંઈ? નિરંતર. કોઈ સમયે પણ ચારિત્રવંત પંચ મહાવ્રતના રાગમાં પ્રવર્તે છે એમ નથી. એમ કહે છે. એને એ વખતે અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોવા છતાં એમાં વિચરે છે અને એમાં ચરે છે અને એને અનુભવે છે એમ નથી. સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે. એમાં કોઈનો પક્ષ પણ કેમ ચાલે એમાં? સમજાય છે? બીજી રીતે માને એથી પક્ષથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય? વસ્તુ તો છે ઈ છે. એમાં વાદવિવાદને પણ અવકાશ ક્યાં છે. એવી ચીજ જ છે.

કહે છે, પોતામાં એટલે જ્ઞાનસ્વભાવ. જ્ઞાનસ્વભાવ શબ્દે આખો આનંદ પૂર્ણ સ્વભાવ. એમાં નિરંતર ચરતો. જુઓ! આંતરા વિના. એટલે? વસ્તુની દષ્ટિપૂર્વક સ્વરૂપમાં ચરે છે, રમે છે, ઠરે છે. શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગભાવરૂપ ચારિત્ર. જેમાં શાંતિ ઘણી. એવી શાંતિમાં વિચરતો, શાંતિમાં ચરતો, શાંતિને અનુભવતો. શાંતિનું આચરણ કરતો. લ્યો, એ આચરણ. દેહની ક્રિયા એ ધર્મીનું આચરણ નહિ. ચારિત્રવંતનું એ આચરણ નહિ. આમ હલે ને બોલે ને જોઈને ચાલે એ આત્માનું આચરણ નહિ. એમાં ઈર્યાસમિતિ જોઈને ચાલવું એવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિકલ્પ ઊઠે એ પણ આત્માનું ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? એ તો અણાત્મા છે. પાંચ સમિતિ વ્યવહાર વિકલ્પ, પંચ મહાવ્રત એ તો આસ્રવ છે.

'**નિરંતર ચરતો...**' એમાં સ્વરૂપમાં નિરંતર ચરતો '**હોવાથી ચારિત્ર છે...**' આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનનો ગંજ અને જ્ઞાનનો પુંજ એમાં રમતો, ઠરતો એ જ્ઞાનને આચરતો, જ્ઞાનનું આચરણ કરતો, જ્ઞાનની સ્થિરતા કરતો એ આત્મા પોતે ચારિત્ર છે. સમજાણું કાંઈ? લ્યો, આમ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આ અમારું ચારિત્ર છે. અમારું ચારિત્ર કાંઈ પંચ મહાવ્રતમાં અને દેહના નગ્નપણામાં આવતું નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? મુનિદશા આવી હોય એને શરીરની નગ્ન દશા સહજ થઈ જાય એ જુદી વાત છે. અને એ વખતે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના કોઈ વિકલ્પ પણ હો, પણ એ ચારિત્ર નથી. ચારિત્ર તો શાંતિ, આનંદ મૂર્તિની અંદરમાં ઠરવું ઠરવું આનંદનું પ્રગટ થવું, શાંતિનું પ્રગટ થવું, અવિકારી પરિણતિ પ્રગટ થવી, એનું નામ ચારિત્ર છે. લ્યો! અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય કહે છે, આ અમારું ચારિત્ર. અમે એમાં છીએ. એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે (કોઈ) કહે, ચારિત્ર તો આ છે. પછી ગમે તેવો વેશ હોય અને ગમે તેવા વિકલ્પ એની સાથે શું સંબંધ છે? એમ વળી કહે. વળી એ ત્યાં લગાડે. કહો, સમજાણું? જાતિવેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય. ત્યાં લગાડે છે. પંદર ભેદે સિદ્ધ. એમાંથી એક ભેદ કાઢી નાખે તો અનંત સંસારી થાય. લ્યો, એવું લખાણ આવ્યું છે. વાંચ્યું કે નહિ તમે? તમને આપ્યું હતું, ભાઈને વાંચ્યું હશે. વાંચ્યા વિના રહે? ઓલી ચોપડી વાંચી ગયા કે નહિ હવે? નથી વાંચી?

મુમુક્ષુ :- અડધી વાંચી પણ બહુ રસ પડ્યો નહિ.

ઉત્તર :- રસ પડ્યો નહિ. પણ વાંચવામાં શું વાંધો છે? ગમે તેવું લખાણ હોય.

કહે છે... સમજાણું? આ ચારિત્ર છે. પાછું આવું ચારિત્ર માને ને કે જો ચારિત્ર આ છે. હવે પછી એને ગમે તેવો વેશ હોય અને ગમે તે લાઈનમાં પડ્યો હોય એને શું? એમ ન હોય. આવું ચારિત્ર જ્યાં હોય એની દશા નગ્ન થઈ ગયેલી હોય. એ વસ્ત્ર-પાત્ર સહિત હોય અને આવું ચારિત્ર હોય એમ ત્રણ કાળમાં બને નહિ. ભારે વાત.

મુમુક્ષુ :- નિર્મળ પર્યાય છે ચારિત્ર?

ઉત્તર :- નિર્મળ વીતરાગી પર્યાય છે આ તો. છતાં એ ચારિત્રદશા જ્યાં હોય ત્યાં કોઈ કહે પણ અમે વસ્ત્ર-પાત્ર લઈને બેઠા છીએ અને અમે ચારિત્રવંત છીએ. મૂઢ છો. તને ભાન સમ્યક્‌નું પણ નથી. સમજાણું કાંઈ? એય..! ગુલાબચંદભાઈએ દાંત કાઢ્યા. એની દીકરી છે ને. એના ભાઈની દીકરી દીધી છે ને? એય..! વજુભાઈ! એ બધા કુટુંબી છે. આ એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં બીજી રીતે આવે.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં બીજું આવતું હશે? કહો, સમજાણું આમાં? વસ્ત્ર-પાત્ર રાખે, મુનિપણું મનાવે એ તો મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે, અનંત સંસારી જીવ છે. એમ કહે છે. નિગોદના પંથે પડેલા છે.

મુમુક્ષુ :- મુક્તિના પંથે નહિ.

ઉત્તર :- ચારિત્ર એ મુક્તિનો પંથ. ભાઈ! એવું છે માર્ગ તો બાપા! એ કોઈના પક્ષની વાત નથી કાંઈ. કે દિગંબર સંપ્રદાયમાં આમ કહ્યું છે અને ફલાણા સંપ્રદાયમાં આમ કહ્યું છે. છે શું? આ તો વસ્તુસ્થિતિ જ આવી છે. સમજાણું કાંઈ?

અહીં તો પરમાર્થની વાત લીધી છે એટલે પરમાર્થની વસ્તુ આવી. એ વખતે વ્યવહાર કેવો હોય એ તો બીજા ગ્રંથમાં, શાસ્ત્રમાં આવે. એમાં એમ આવે, આધાકર્મી આહારનો વિકલ્પ ન હોય, સમજાય છે? વસ્ત્ર-પાત્ર તો હોય નહિ. તો એ વાત તો લીધી જ નથી. પુણ્ય-પાપના પરિણામ હોય તો એનાથી ભિન્ન છે. એની વાત લીધી છે. નિર્જરા અધિકારમાં. હોય ત્યારે લીધું છે. ઓલું તો હોય જ નહિ એટલે પ્રશ્ન શું છે? નિર્જરામાં વસ્ત્ર-પાત્ર રહિત છે અને ફલાણું છે એ તો વાત જ લીધી નથી. હોય જ તે. એમાં રહિત શું? સમજાણું કાંઈ? માર્ગ બાપુ એવો છે. એમાં ક્યાંય ફેરફાર જરી કરવા માગે તો આખો મિથ્યાત્વપણાનો .... આ તો આવ્યું ને? જુઓ! આ ચારિત્ર છે. બસ! આવું તો અમારી પાસે આત્મા છે ને અમે આ ચારિત્ર (પાળીએ છીએ). હવે સાંભળને! આત્મા કોને કહેવો એ સમજ્યો નથી તું.

આત્મા તો એ દેહની ક્રિયા, વસ્ત્રની ક્રિયા લેવી દેવી એ મારી છે નહિ. અને વસ્ત્ર લેવાનો વિકલ્પ પણ મારી વસ્તુની સ્થિતિમાં નથી. અને પહેલો હતો એ નથી ત્યારે એને ચારિત્રદશા થાય છે. સમજાણુ કાંઈ? '**નિરંતર ચરતો હોવાથી ચારિત્ર છે...**' લ્યો, આ પાછા સમાચાર આવ્યા ને. ચાર-પાંચ દિ'થી ત્યાં શું થયું? કોણ જાણે નહિ નાખતા હોય. વડવામાં. પંદર ભેદે સિદ્ધ. એમ કહે છે. અને હંમેશા હું કુંદકુંદાચાર્ય પાસે જાઉં છું. એ સાંભળ્યું નથી તમે હજી. સીમંધર ભગવાન પાસે. સીમંધર ભગવાન પાસે મહાવિદેહમાં જાઉં છું. સમજાય છે? શ્રીમદ્ મહાવિદેહમાં કેવળીપણે વિચરે છે. એ મેં નજરે જોયું છે. એમ કહે છે. ગપ્પા માર્યા છે ને. બેઠેલા જોઉં છું. આહાહા..! છે ને? ક્ષાયિક સમકિતી હતા અને ક્ષાયિક સમકિત લઈને ત્યાં મનુષ્યપણામાં ઉપજ્યા છે. એકે એક ગપ્પ છે. એય..! છોટાભાઈ! આવું બધું ચાલે છે તમારામાં. તમારામાં કહેવાય કે નહિ? સંપ્રદાય કહેવાય કે નહિ? એ જૂના દિગંબર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. કેમ બાબુભાઈ! એ જૂના દિગંબર છે આ બધા. આ તો બધા નવા થયા છે. આહાહા..! અરે..! ભાઈ! આ ભગવાનનો માર્ગ તો એક જ પ્રકારે હોય છે. એમાં બીજો હોઈ શકે નહિ.

આવો નિરંતર આત્મા આનંદ સ્વરૂપમાં રમે છે દૃષ્ટિપૂર્વક એને ભગવાન ચારિત્ર કહે છે. અને એ ચારિત્ર તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**(અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે).**' આવ્યું હતું ને એટલે સરવાળો કર્યો છે. '**અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો...**' લ્યો! આ સંચેતના જરી મૂકી છે ખરી ને. આ ચારિત્ર ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપના ભાનપૂર્વક સ્વરૂપમાં રમતો થકો, આનંદમાં, આનંદમાં, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... રમતો થકો '**પોતાને-જ્ઞાનમાત્રને-ચેતતો...**' પોતાને એટલે જ્ઞાનમાત્રને. જ્ઞાનમાત્રને એટલે? રાગને નહિ. મહાવ્રતનો વિકલ્પ છે પંચ મહાવ્રતનો એ પણ એક રાગ છે, એ કાંઈ ધર્મ નથી, એ કાંઈ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાત્રને-ચેતતો...**' એક જ્ઞાનસ્વરૂપ જ છું, ચૈતન્ય જાગતી જ્યોત. એવો એને અનુભવતો હોવાથી. આ જ્ઞાનમાત્રને અનુભવતો હોવાથી '**પોતે જ જ્ઞાનચેતના છે,...**' લ્યો! ચારિત્રવંત એ જ્ઞાનચેતનાવંત છે. જ્ઞાનને ચેતીને અનુભવે છે. એનું નામ ચારિત્ર છે. પુણ્ય-પાપના વિકલ્પો અને દેહની ક્રિયા કોઈ ચારિત્ર-ફારિત્ર છે નહિ. કહો, સમજાણું કાંઈ? '**એવો ભાવ (આશય) છે.**' જોયું! પાઠ છે ને.

'**ज्ञानचेतना भवतीति भावः**' છેલ્લો શબ્દ છે. સ્વયમેવ જ્ઞાનચેતના. સ્વયમેવ જ્ઞાનચેતના. પોતે જ જ્ઞાનચેતના છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું ચેતન એટલે અનુભવવું. જેમાં દયા, દાનના વિકલ્પનો પણ અભાવ છે. જેમાં એકલી વીતરાગી પરિણતિનું વેદન (છે) એને અહીં ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્ર તે મુક્તિનું કારણ છે. સમજાય છે કાંઈ? એવો ભાવ છે. લ્યો! '**भवतीति भावः**' એવો આશય છે.

હવે ભાવાર્થ. ભાવાર્થ આવ્યો ભાવાર્થ. '**ચારિત્રમાં...**' વ્યવહાર ચારિત્રમાં '**પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે,...**' વ્યવહાર ચારિત્રમાં એમ આવે. '**ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે અને વર્તમાન દોષથી આત્માને જુદો કરવો તે આલોચના છે. અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે;...**' કહો, સમજાણું કાંઈ? '**માટે નિશ્ચયથી વિચારતાં તો, જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે,...**' અહીં સરવાળો લીધો. ઓલો ત્રણ જુદા જુદા પાડ્યા હતા ને. ત્રણેનું એક જ સ્વરૂપ છે વર્તમાન.

'**જે આત્મા ત્રણે કાળના કર્મોથી પોતાને ભિન્ન...**' અને કર્મના ભાવથી પણ ભિન્ન. કર્મોથી ભિન્ન એટલે કર્મથી થતાં પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન '**પોતાને ભિન્ન જાણે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે,..**' ભગવાન આત્મા કર્મ અને કર્મના નિમિત્તે થતાં પુણ્ય-પાપના ભાવથી ભગવાન આત્માને ભિન્ન જાણે છે. કેમ કે એ ભિન્ન છે. ભિન્ન '**શ્રદ્ધે છે,...**' કેમ કે રાગ ને કર્મના પરિણામથી ભિન્ન છે. કહો, સમજાણું? '**અને અનુભવે છે,...**' ત્રણે આવી ગઈ વાત. ત્રણે કાળના કર્મોથી પોતાને ભિન્ન જાણે (છે) જ્ઞાનમાં. કર્મ, કર્મની સામગ્રી અંતર અને બાહ્ય. સમજાણું કાંઈ? અંતરમાં પુણ્ય-પાપનો ભાવ એ કર્મની સામગ્રી છે-શુભ-અશુભભાવ. બહાર સામગ્રી આ પૈસા, ધૂળ, બાયડી-છોકરા એ બાહ્યની સામગ્રી છે. એટલે કર્મ, કર્મની અહીં ભાવસામગ્રી અને બાહ્ય બધાથી આત્માને ભિન્ન જાણે છે અંતરમાં તેને આત્મજ્ઞાન અને સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે...**' જુઓ! શ્રદ્ધે છે. અને ત્રણે કાળના કર્મોથી આત્માને ભિન્ન '**અનુભવે છે,...**' એમ લેવું ત્રણે. આ જ્ઞાન, દર્શન અને ચારિત્રની વ્યાખ્યા. આમાં... સમજાણું કાંઈ? એમ નથી કહ્યું કે આટલું શાસ્ત્રનું જ્ઞાન હોય તેને જ્ઞાની કહીએ. આટલા શાસ્ત્રની, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય તો એને સમકિત કહીએ એમ કીધું નથી આમાં તો. અહીં તો ત્રણે કાળના કર્મોથી પોતાને ભિન્ન જાણે તેને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? ત્રણે કાળના કર્મથી ભગવાન આત્મા જુદો તદ્દન વિકલ્પથી ભિન્ન છે એમ શ્રદ્ધે તેને સમકિત કહીએ. અને ત્રણે કાળના પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન અને વર્તમાન પણ એનાથી ભિન્ન એવો આત્માને અનુભવે તેને ચારિત્ર કહીએ. કહો, સમજાણું આમાં?

'**તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે,...**' લ્યો! તે આત્મા.. કેમ આત્મા? કે ત્રણે કાળના કર્મોથી પોતાને ભિન્ન જાણે, ભિન્ન શ્રદ્ધે, ભિન્ન અનુભવે તેથી તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કોઈ જુદી ચીજ નથી એમ કહે છે. આત્માની અરાગી, વીતરાગી પર્યાય તે આત્માની પર્યાય, તે પ્રતિક્રમણ, તે આત્મા છે. સમજાણું કાંઈ? '**તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે...**' પ્રત્યાખ્યાન અહીં બહાર રહેતું હશે, રાગમાં રહે રહેતું હશે એમ છે?

ભગવાન આનંદસ્વરૂપ શુદ્ધ પવિત્ર આનંદધામ, એનું શુદ્ધ પરિણમન, પુણ્ય-પાપના શુભાશુભ પરિણામથી રહિત એવું જે પરિણમન તે પોતે પચ્ચખાણ છે. એનું નામ ખરો ત્યાગ છે. સમજાણું કાંઈ? જુઓ! પચ્ચખાણ એટલે ત્યાગ એનું નામ બોલાય. રાગના અભાવની અપેક્ષાએ. બાકી પોતે પરિણમનરૂપ પચ્ચખાણ છે એ જ ચારિત્ર, એ જ પચ્ચખાણ છે. ભારે બાપા! પણ એના કોઈ સાધન હશે કે નહિ? સમજાણું? એ વળી ઘણા માગે છે. સાધન-બાધન કેવા? રાગ તે સાધન હોય? વિકલ્પ તે સાધન હોય? સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે. એમ પ્રતિક્રમણસ્વરૂપ,...'** હવે આત્મા. **'પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે.'** તે જ સાચું ચારિત્ર છે. એને સાચું ચારિત્ર કહીએ, બાકી બધા ભ્રમણા કહીએ. કહો, સમજાણું આમાં? **'જે આ નિશ્ચયચારિત્ર,...'** છે. હવે છેલ્લું હતું ને જ્ઞાનમાત્ર? **'જે આ નિશ્ચયચારિત્ર, તે જ જ્ઞાનચેતના છે.'** લ્યો! કેટલા પડખા પાડીને વાત કરે છે. પુણ્ય-પાપના ભાવ વર્તમાન થાય નહિ એટલે અત્યંત ભેદ પડ્યો. એનું કારણ કર્મ, આનાથી ભેદ પડે તો એનાથી પડિક્કમણું થયું. એનું કાર્ય કર્મ, અહીંથી ભેદ પડ્યો તો એનાથી જુદો પડ્યો અને વર્તમાનમાં અત્યંત ભેદપૂર્વક આત્માને અનુભવતો થકો, આત્મા પોતે પ્રતિક્રમણ સંવરરૂપ છે તે જ જ્ઞાનચેતના છે. **'તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનનું અનુભવન) છે.'** કહો, સમજાણું આમાં?

**'તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.'** લ્યો! આ કેવળજ્ઞાનનું કારણ. કેવળજ્ઞાનનું કારણ કોઈ નગ્ન અવસ્થા, પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ કેવળજ્ઞાનનું કારણ છે જ નહિ. એ તો બંધનું કારણ છે બધું. સમજાણું કાંઈ? આ જે જ્ઞાનચેતના એટલે આત્માનો અનુભવ. વસ્તુ જે જ્ઞાન છે એનો અનુભવ, એની શ્રદ્ધા, શાંતિ એ બધું જ્ઞાનચેતના છે. રાગનો ભાગ જેમાં નથી. એવો જે આત્મસ્વભાવ, એનું જે ચેતવું એટલે વેદવું-અનુભવવું તે કેવળજ્ઞાનમય આત્માનું કારણ છે. કહો.

**'સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.'** સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? સાક્ષાત્ જ્ઞાનચેતના એટલે પૂરી ચેતના. એમ. પૂર્ણ થઈ ગઈ. સાક્ષાત્. સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાન ચેતના થઈ પણ અપૂર્ણ છે અને ચારિત્રમાં વિશેષ થઈ પણ હજી અપૂર્ણ છે. એ પૂર્ણ જ્યાં અંતર જ્ઞાનના આનંદનું વેદન કરતા કરતા એ આગળ વધી જાય ત્યારે એને કેવળજ્ઞાન થાય. પંચ મહાવ્રતના વિકલ્પ અને અઠ્યાવીશ મૂળગુણના રાગ અને દેહની નગ્ન ક્રિયા એ બધું કોઈ કેવળજ્ઞાનનું કારણ છે નહિ. એટલે મોક્ષનું કારણ નથી. એમ. મોક્ષનું કારણ એક જ છે આ. બે માર્ગ નથી મોક્ષના એમ કહે છે. સમજાણું? મોક્ષનો માર્ગ તો એક જ કીધો આમાં. બીજા શાસ્ત્રમાં બે કહે, એક શાસ્ત્રમાં એક કહે. એમ જુદું જુદું હશે? એ તો કથનની શૈલી બીજે શાસ્ત્રમાં આવે, વસ્તુસ્વરૂપ તો જે છે તે જ છે.

ભગવાન આત્મા શાંતિનો પુંજ પ્રભુ છે એકલો. એમાં તરબોળ થતાં જે શાંતિ વધે એનું નામ ચારિત્ર. અને એ ચારિત્રનો વૈભવ એ કેવળજ્ઞાનનું કારણ છે. કહો. કહો, આ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૈસા-બૈસા ને બધું સાધન આપે અને એનાથી દાન થાય એ મોક્ષનું કારણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આત્મા..

ઉત્તર :- ના. ના. આ કરોડપતિ. ભાઈ બીજું કહે છે કરોડપતિ હોય તો પૈસા ખર્ચે પચાસ લાખ. તો મોક્ષ થાય. તો પછી ગરીબ માણસને શું સમજવું? એમ. એમ. પૈસાથી ધર્મ થાય અને ચારિત્ર થાય. પચાસ લાખ ખર્ચી નાખીએ, જાવ. એક કરોડમાંથી પચાસ લાખ. એમ આપે તો નહિ ભડનો દીકરો કાંઈ એટલું બધું આપે નહિ. પણ કદાચિત અડધો ભાગ (આપે) કે મેં બહુ પાપ કર્યા હતા, મારા પૂર્વના પુણ્ય બળી ગયા, પાપ હતું .. કરોડ આવ્યા છે ને પચાસ લાખ આપું ધર્માદામાં. એ શાસ્ત્ર પ્રભાવનામાં ચાલો. સમજાય છે? જ્ઞાન ઉઘડતું નથી માટે. કહે છે કે ના ના, એ વિકલ્પથી જ્ઞાન ઉઘડે નહિ. લે.

મુમુક્ષુ :- આવે છે.

ઉત્તર :- આવે. એ વિનાની વાતું બધી. અંતરનું જ્ઞાન અને બહુમાન કરે અને એકાગ્ર થાય ત્યારે જ્ઞાનાવરણીય ખીલે. આહાહા..! એવી વાતું છે, ભાઈ! પોતે ચૈતન્યપિંડ છે એના આશ્રય વિના બધું સ્વઆશ્રય વિના કોઈ દિ' કલ્યાણ છે નહિ. જ્ઞાન પણ નથી, દર્શન નથી, આનંદ પણ નથી અને ચારિત્ર નથી, શાંતિ નથી, કાંઈ નથી. મોક્ષનો માર્ગ પણ નથી. લે. આહાહા..!

**'તે જ જ્ઞાનચેતનાથી...'** તે જ જ્ઞાનચેતનાથી **'સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.'** આમાં તો એ વાત લીધી. વ્યવહાર મોક્ષમાર્ગ વચ્ચે વિકલ્પ આવે માટે એનાથી થાય છે. એ તો બંધનું કારણ હોય વચમાં પણ એ મોક્ષનો માર્ગ છે જ નહિ. આહાહા..!

**'હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે, જેમાં જ્ઞાનચેતનાનું ફળ અને અજ્ઞાનચેતનાનું ફળ પ્રગટ કરે છે :-'** હવેની ગાથાઓમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૬, શુક્રવાર તા. ૨૨-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૪, ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૩૪**

૨૨૪ કળશ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર.

**ज्ञानस्य सञ्चेतनयैव नित्यं**
**प्रकाशते ज्ञानमतीव शुद्धम्।**
**अज्ञानसञ्चेतनया तु धावन्**
**बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।२२४।।**

બહુ ટૂંકું અને ઘણો સાર. જુઓ! છે ને નીચે?

'**શ્લોકાર્થ :- નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે;...**' એટલે શું કહ્યું? આત્મા જ્ઞાનસ્વરૂપ ધ્રુવ ત્રિકાળ છે. જ્ઞાન એટલે અહીંયાં આત્મા આખો. શુદ્ધ જ્ઞાન છે એ પુણ્ય-પાપના વિકલ્પ અને શરીરાદિથી રહિત એવો જે આત્મા એનું જે જ્ઞાનસ્વરૂપ પરમભાવ એ કાયમ નિત્ય છે. નિત્ય. એને નિત્ય નિરંતર સંચેતના. એવા જ્ઞાનસ્વભાવમાં નિરંતર એટલે આંતરો પડ્યા વિના એકાગ્ર અંતર થવું, સમ્યક્ પ્રકારે અંતર એકાગ્ર થવું. '**થી જ જ્ઞાન અત્યંત શુદ્ધ...**' પામે છે. એનાથી જ નિર્મળ અવસ્થા વિશેષ શુદ્ધ પ્રકાશે છે. લ્યો, આમાં ઘણી વાત કરી.

એક તો જ્ઞાનની સંચેતના એટલે કે વસ્તુ આત્મા ત્રિકાળ છે. શુદ્ધ ધ્રુવ, ધ્રુવ શુદ્ધ નિત્ય. એમાં સંચેતવું-એકાગ્ર થવું. જ્ઞાનાનંદ સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય છે, આનંદની ખાણ છે, કેવળજ્ઞાનનો કંદ છે. એમાં સમ્યક્ પ્રકારે અંતર પર્યાય દ્વારા એકાગ્ર થવું. વસ્તુ છે, એની શક્તિઓ છે એમ સિદ્ધ થઈ અને એમાં એકાગ્ર થવું, એમાં અંતર્મુખ થઈ એકાગ્ર થવું. કઈ રીતે? કે નિરંતર. અંતર સ્વરૂપના દ્રવ્ય સ્વભાવમાં એકાગ્ર નિરંતર થવું. એ પર્યાય થઈ. સમજાણું કાંઈ?

વસ્તુ શુદ્ધ ચૈતન્ય પદાર્થ એની શક્તિ-જ્ઞાન અને આનંદ એ નિત્ય. એમાં એકાગ્ર થવું એ વર્તમાન પર્યાય. સમજાણું કાંઈ? એકાગ્ર થવું એ વર્તમાન અવસ્થા. જો એ બદલી શકતો હોય તો એકાગ્ર થઈ શકે. અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પમાં જે એકાગ્ર છે એ અજ્ઞાનચેતના છે. એ સંસાર છે. એ દુઃખરૂપ ચેતના છે. આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, વસ્તુ છે. એમાં નિરંતર સંચેતન. અંતરમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપી નિરંતર તેનો અનુભવ કરવો. એનાથી જ જ્ઞાન એટલે આત્માની અત્યંત શુદ્ધિ એટલે મોક્ષમાર્ગની શુદ્ધિ એનાથી પ્રકાશે છે. કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાણું કાંઈ? જુઓ! આમાં તો મોક્ષમાર્ગ એક કહ્યો, દ્રવ્યને આશ્રયે કહ્યો, એકાગ્ર થવું પર્યાય કહી.

વસ્તુ જે છે એ નિત્ય છે. એની શક્તિઓ નિત્ય છે જ્ઞાન, આનંદ આદિ. એમાં એકાગ્ર થવું એ પર્યાય થઈ એ તો. એટલે કે તેના આનંદ અને જ્ઞાનનો અનુભવ કરવો. સમજાણું કાંઈ? કેવી રીતે? નિરંતર. વસ્તુ જેવી નિરંતર ત્રિકાળ છે એમાં અંદર એકાકાર, સ્વભાવમાં એકાકાર નિરંતર. અંતર રાગ અને વિકલ્પનો વચમાં ભેદ આવ્યા વિના. સમજાય છે કાંઈ? વસ્તુ સ્વરૂપમાં ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એમાં નિરંતર આંતરો પાડ્યા વિના એકાગ્ર થવું એ જ દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય, એ સ્વભાવમાં એકાગ્ર થઈ, તે જ પર્યાય મોક્ષનું કારણ થાય છે. વિશેષ શુદ્ધિનું એ પર્યાય કારણ થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે;...**' ભગવાન આત્મા પોતાના આનંદની ખાણમાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થતાં નિરંતર તે તરફના વલણની દશાથી અત્યંત શુદ્ધ, નિર્મળ પવિત્રતાની પર્યાય એ દ્વારા પ્રગટ થાય છે. અને એ દ્વારા, કેવળજ્ઞાન પણ એ દ્વારા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય અત્યંત શુદ્ધ પ્રકાશે છે. પોતાની નિર્મળ એકાગ્રતા દ્વારા શુદ્ધ સ્વભાવના અંશો અત્યંત નિર્મળપણે પ્રકાશે છે. કહો, આમાં તો આ એક જ મોક્ષમાર્ગ છે એમ કહ્યું. એની પર્યાય પલટી પરમાંથી હટી અને સ્વભાવમાં પલટીને એકાગ્ર કરવી એમ પર્યાય પલટી શકે છે, વસ્તુ કાયમ રહે છે. કહો, સમજાણું આમાં? અને આમ એકાગ્ર કરવું. તો એકાગ્ર પરમાં હતો, અંદર રાગદ્વેષમાં એકાગ્ર હતો ત્યાં આસ્રવ અને ભાવબંધ પણ સિદ્ધ થયો, ભાવબંધ અને આસ્રવનું લક્ષ તો પર ઉપર હતું એટલે પર કર્મ આદિ નિમિત્ત પણ સિદ્ધ થયું. એનાથી હટીને એટલે પુણ્ય-પાપના ભાવથી હટીને સ્વભાવમાં એકાગ્ર થવું એ એકાગ્ર થયો એ સંવર, નિર્જરા પણ પ્રાપ્ત થઈ અને સંવર, નિર્જરા દ્વારા આગળ શુદ્ધિ થઈને કેવળજ્ઞાન મોક્ષ થાય છે. કહો, સમજાણું આમાં? કેટલા તત્ત્વો એમાં આવી ગયા, જુઓ!

'**નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ...**' એમ છે ને? '**सञ्चेतनयैव**' એમ શબ્દ છે. '**एव**' એના સ્વરૂપમાં ચિદાનંદ સ્વરૂપ છે એની શાંતિ અને આનંદ આત્મામાં છે. અહીં જ્ઞાન પ્રધાન કરીને આત્માનું વર્ણન છે. પણ આત્મામાં શાંતિ ને આનંદ આદિ ત્રિકાળ પડ્યા છે. એમાં એકાકાર થવું, એકાકાર થવું. સમ્યક્ પ્રકારે તેનું વેદવું, તેનું એકાગ્ર થવું, તેનું ચેતવું, જાગૃત થઈને એમાં રમવું, એવી જે દશા તે જ અત્યંત શુદ્ધિ નામ વર્તમાન દશા સંવર, નિર્જરારૂપ, સ્વભાવની એકાગ્રતા એટલે શુદ્ધિરૂપ એ શુદ્ધિની વૃદ્ધિ થઈને અત્યંત શુદ્ધિ થઈ જાય તો કેવળજ્ઞાન આ દ્વારા થાય છે. કહો, સમજાય છે કાંઈ? કહો, વલ્લભદાસભાઈ! ભારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત ટૂંકી અને ઘણી. છેલ્લા અધિકાર છે ને હવે તો આ. જુઓને! આ ગાથાઓ ૩૮૨ તો થઈ ગઈ. ૮૨ થઈ ગઈને? ૮૬. ૩૮૬ થઈ ગઈ. ત્રણ રહી, પછી ઓલી ૧૫ આવશે.

કહે છે કે જે અનાદિકાળથી ભગવાન આત્માની વર્તમાન દશા વિકારના વલણમાં જે હતી એ અજ્ઞાનચેતના હતી. કેમ કે એમાં રાગ ને દ્વેષમાં, પુણ્ય અને પાપના પરિણામમાં જ્ઞાનનો અંશ છે નહિ. સમજાણું કાંઈ? એ અજ્ઞાનમાંથી ખસીને, પર્યાયમાં અજ્ઞાનથી ખસીને ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ તરફમાં એકાગ્ર થતાં એને આસ્રવ અને બંધ રોકાતા, સંવર અને નિર્જરાની દશા ઉત્પન્ન થતાં તે પૂર્ણ મુક્તિને એટલે મોક્ષને પામે છે. કહો, સમજાય છે કાંઈ? લ્યો, આ ક્રિયા. ભગવાનજીભાઈ! આ સામાયિક. આ સામાયિક, આ પોષો અને આ પડિક્કમણું.

મુમુક્ષુ :- પ્રત્યાખ્યાન નહિ?

ઉત્તર :- એ બધું આવી ગયું. પડિક્કમણું પછી આ પ્રત્યાખ્યાન, સંવર. ચારિત્ર. કહો, સમજાણું કાંઈ?

નિરંતર ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ કરી અને જેવી વસ્તુ છે તેમાં નિરંતર એકાગ્ર થવાની જે ક્રિયા છે એ જ ક્રિયા પૂર્ણ અત્યંત શુદ્ધતા, પવિત્રતા અને આનંદને પમાડે છે. '**અને અજ્ઞાનની સંચેતનાથી...**' જુઓ એક શૈલી! ભગવાન આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવની એકાગ્રતા છોડી અને એ પુણ્ય અને પાપ જે શુભ અને અશુભ વિકલ્પો છે એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો સ્વભાવ નથી. એવા શુભ કર્મચેતના કે કર્મફળચેતના, એ પુણ્ય-પાપનો ભાવ કે હરખ-શોકનો ભાવ એને અહીંયાં અજ્ઞાન કીધું છે. એ અજ્ઞાન સંચેતનાથી એવા અજ્ઞાનભાવમાં એકાગ્ર થવાથી... એ પુણ્યના વિકલ્પ પણ અજ્ઞાન છે એમ કહે છે. એ કંઈ જ્ઞાનસ્વરૂપ આત્મા નથી. ભગવાન આત્મા પોતાના સંચેતન સ્વભાવને ભૂલી, અનુભવને ભૂલી અને રાગ ને પુણ્ય ને વિકલ્પ હરખ-શોકના પર્યાયને સંચેતે એટલે વેદે-અનુભવે એનાથી બંધભાવથી, એનાથી ભાવબંધ ઉત્પન્ન થાય છે. અને એનાથી દ્રવ્યબંધ થાય છે એ પછી.

'**બંધ દોડતો થકો...**' જુઓ ભાષા! '**જ્ઞાનની શુદ્ધતાને રોકે છે...**' એ પોતે રાગમાં રોકાતું જ્ઞાન, પુણ્ય અને પાપના વિકલ્પથી રોકાતું જ્ઞાન શુદ્ધતાને રોકે છે. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાનની સંચેતનાથી ભગવાન પોતાના નિજઘરને ભૂલી અને અજ્ઞાન એટલે પુણ્ય અને પાપની લાગણી જે વૃત્તિ છે કે હરખ-શોકની લાગણી છે-ભાવ એમાં એકાગ્ર થાય, તેને અનુભવે અને બીજું ભૂલી જાય. બીજું ભૂલી જાય એટલે આત્મા ભૂલી જાય અને આ એકાગ્ર અનુભવે. ઓલામાં આત્માને એકાગ્ર થતાં પુણ્ય-પાપના વિકલ્પને ભૂલી જાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને સ્વભાવ ચૈતન્યની એકાગ્રતા કરતાં આનંદ આવે અને એ આનંદની શુદ્ધિ અંતર પૂર્ણ કરતા પૂર્ણ આનંદને પમાડે છે.

'**અજ્ઞાનની સંચેતનાથી...**' લ્યો! '**अज्ञानसञ्चेतनया तु धावन्**' દોડતો થકો અજ્ઞાન. એમ. સમજાણું? કેમ કે રાગદ્વેષના પરિણામ એ કાંઈ સ્વરૂપમાં નથી. પણ જાણે દોડતી ચીજમાં એકાગ્ર થાય એટલે વિકાર... વિકાર.. વિકાર.. વિકાર જ ઉત્પન્ન થાય. થઈને જ્ઞાનની શુદ્ધતાને. એટલે પવિત્રતાની પર્યાય જે પ્રગટ થવી જોઈએ તેને એ રોકે છે. સમજાણું કાંઈ? શુદ્ધતાને રોકે છે એટલે? કાંઈ શુદ્ધ પ્રગટ છે? પણ જે આત્મા પવિત્ર શુદ્ધ છે તેના લક્ષે, તેને આશ્રયે જે શુદ્ધતા પ્રગટવી જોઈએ એને ઠેકાણે રાગ અને પુણ્યના વિકલ્પમાં એકાગ્ર થતાં એ વર્તમાન પર્યાયમાં પ્રગટ થતું નથી, એને રોકે છે એ. શુદ્ધતાની પર્યાયને પ્રગટ થવા દેતું નથી. એવો અજ્ઞાનચેતનાનો બંધભાવનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? બહુ ટૂંકામાં. હવે આગળ આગળ જાય છે ને. એકદમ ટૂંકામાં બધું લઈ લીધું.

'**જ્ઞાનની શુદ્ધતા થવા દેતો નથી.**' જુઓ! ભાષા એમ લીધી ને? '**निरुणद्धि**' એમ શબ્દ ખરોને? '**बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः**' ખરેખર તો એ ભાવબંધ જ રુંધે છે. પછી ભાવબંધ દ્રવ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનચેતના કીધી છે ને? તો અજ્ઞાનચેતના તો પોતે જ રાગદ્વેષમાં પુણ્ય-પાપમાં એકાકાર થઈ ભગવાનને ભૂલી જાય છે. મહિમાવંત પ્રભુ ચૈતન્ય સ્વભાવ આનંદધામ એને ભૂલીને એકલા પુણ્ય-પાપ અને હરખ-શોકના વેદનમાં આંધળો થઈને વેદે છે. આંધળો એટલે ઓલા ચૈતન્યને જોતો નથી. એમ. સમજાણું કાંઈ?

ઓલાપણે શુદ્ધ પ્રકાશે છે એમ કહો તો અહીં '**निरुणद्धि**' શુદ્ધ પ્રકાશને રોકે છે તે અંધારું પ્રગટ થાય છે. સમજાણું આમાં? શુભ અને અશુભ વિકલ્પ, પુણ્ય અને પાપનો ભાવ અને હરખ-શોકનો ભાવ. હરખ-હરખ. આમ હરખ આવે. અને શોક. એવા જે ખુશી-ખુશી થવું વિષય વાસના આદિમાં. અને કોઈ મરે તો દુઃખનો ભાવ થવો એ બધી અજ્ઞાનચેતના છે. અજ્ઞાનચેતના તે શુદ્ધ પ્રકાશને રોકી અને અંધકારને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનની શુદ્ધતા થવા દેતો નથી.**' શુભ અને અશુભ રાગમાં એકાગ્ર થવાથી સ્વભાવની એકાગ્રતા તે થવા દેતો નથી. એમ કહે છે. સમજાણું આમાં? બીજી રીતે કહીએ તો પુણ્ય-પાપના વિકલ્પો જે છે આસ્રવ અનં બંધરૂપ, એમાં એકાગ્રતા થતાં અબંધસ્વરૂપ જે ભગવાન આત્મા એના અબંધ પરિણામ થવા જોઈએ તે પ્રગટ થવા દેતો નથી. એમ છે. '**જ્ઞાનની શુદ્ધતા થવા દેતો નથી.**' લ્યો! હવે એનો ખુલાસો કરે છે. જુઓ! આમાં એ તો તું ને તું તારા પ્રકાશને રોકે છે અને તું નો તું તારા પ્રકાશને પ્રગટ કરે છે. એમાં આમ વાત કહેવા માગે છે. કોઈ બીજું તને નડતું નથી અને બીજાની સહાયથી તારો પ્રકાશ તને થતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. બીજાના સહારાથી તારી શુદ્ધિ પ્રગટતી નથી અને તારી શુદ્ધિને બીજું કોઈ રોકતું નથી. બીજાથી થતું નથી અને બીજા તને રોકતા નથી એમ કહે છે. કહો, વલ્લભદાસભાઈ! આહાહા..! આવો ઉજળો વીતરાગનો માર્ગ ત્રણે કાળ ધોધ માર્ગ વર્તે છે. સાધકો અસંખ્ય તો એમ ને એમ બિરાજે છે. સમજાણું કાંઈ? અને બાધક જીવો તો અનંત છે. રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પમાં એકાગ્ર અનુભવ કરનારા એ તો અનંત છે કે જે શુદ્ધિ રુંધે છે. શુદ્ધિ રુંધાઈ ગઈ છે. શુદ્ધિનો સંવર થઈ ગયો. અને આને શુદ્ધિ પ્રગટ થાય છે એટલે અશુદ્ધિનો સંવર થઈ ગયો. કહો, સમજાણું આમાં?

ઓહોહો..! આચાર્યોએ પણ કામ કર્યા છે ને ગજબના! સંસારમાં જંગલમાં આત્મધ્યાનમાં મસ્ત રહેતા, છઠ્ઠે-સાતમી ભુમિકાએ ઝુલતા ઓહોહો..! ક્ષયોપશમની દશા, જગત પાસે સત્યને મૂકવાની કળા..! આચાર્ય અમૃતચંદ્રાચાર્ય જ્યારે આ શ્લોકમાં વિકલ્પ હશે, ત્યારે આમ કહે છે. આ શ્લોક રચે છે એ તો પરમાણુની પર્યાય થાય છે. પણ જ્યારે ઓલો વિકલ્પ છે ત્યારે કહે છે કે ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્ર થાય તે જ શુદ્ધિને વધારીને મોક્ષને આપે છે. અને જેટલો એ રાગમાં એકાગ્ર થાય છે, અહીં તો એકલો રાગની વાત છે અને હરખ.. હરખ.. હરખ... જગતની ચીજમાં પ્રેમ અને હરખ. અને શોક. એમાં એકાગ્ર થાય છે તો એનો શુદ્ધ ચૈતન્ય પ્રકાશનો આનંદ રોકાઈ જાય છે. આનંદ પ્રગટ થતો નથી. અંધારા દુઃખના પ્રગટ થાય છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય.**' સંચેતનની વ્યાખ્યા કરે છે. સંચેતન. સમ્યક્ પ્રકારે ચેતવું. એટલે શું? '**કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને...**' પછી જ્ઞાનમાં એકાગ્ર થઈને કે રાગમાં એકાગ્ર થઈને. સામાન્ય વ્યાખ્યા અત્યારે. કોઈ પણ પદાર્થ પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ. જેમાં એકાગ્ર થયો છે તેનો જ. અનુભવરૂપ, તેના સ્વાદરૂપ, તેનો અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય. આ સામાન્ય સંચેતનની વ્યાખ્યા. હવે બેયમાં લાગુ પાડે છે.

'**જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે.**' સમજાણું કાંઈ? આવી વાત. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત છે, ઝળહળ જ્યોત છે, આનંદનું સ્થાન છે, ઠરવાનું સ્થાન છે. જુઓ! વળી આવ્યું ને? નિર્જરામાં આવે છે ને. રહેનારના રહેઠાણનું સ્થાન છે. જેને રહેવું હોય એમાં રહી શકે એવું નિત્ય ધામ છે. નિર્જરા અધિકાર. એવો ભગવાન જ્ઞાન પ્રત્યે એટલે જે ધ્રુવ વસ્તુ છે, નિત્ય છે, એના પ્રત્યે એકાગ્ર ઉપયોગ થઈ. એક જ દૃષ્ટિ લક્ષમાં લઈ, વસ્તુને એક અગ્ર લક્ષમાં લઈ, એકને લક્ષમાં લઈ, ઉપયુક્ત થઈ, તેમાં એકાકાર થઈ, તેના તરફ જ એટલે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે તરફ, જ્ઞાન તરફ, આનંદ તરફ, આત્મા તરફ, ચેત રાખવી. ચેત રાખવી એટલે જાગૃત રહેવું. તે જ્ઞાનનું સંચેતન. તેને આત્માનું સંચેતન, જ્ઞાનનું સંચેતન-એને આત્માનું વેદન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અર્થાત્ તેને જ્ઞાનચેતના કહે છે.

ભગવાન આત્મા અંતરના આનંદનો સ્વાદ લે. એ આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, એનો સ્વાદ લે તેને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહાહા..! એનું નામ દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે અને એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે...**' એ ભગવાન આત્મા અંતર નિર્વિકલ્પ આનંદના રસના વેદન દ્વારા જ અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે. એટલે શુદ્ધિની વૃદ્ધિ થઈને કેવળજ્ઞાનરૂપે દશા થઈ જાય છે અથવા અત્યંત આનંદની દશારૂપ પરમાત્મા આત્મા થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને...**' સ્વરૂપમાં એકાગ્રતા થવાથી જ આત્મા શુદ્ધ થઈને કેવળજ્ઞાન ઉપજાવે છે. '**અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે અર્થાત્ કેવળજ્ઞાન ઊપજે છે.**' જુઓ! મોક્ષ કીધો, મોક્ષનો માર્ગ કીધો, સ્વભાવમાં એકાગ્રતા થાય એ કીધો, અહીંથી ખસી જા, આસ્રવ-બંધના પરિણામથી ખસી જા એમ કીધું, આસ્રવ-બંધનું લક્ષ અજીવ છે એનાથી પણ ખસી ગયો. સમજાણું કાંઈ? અજીવ અને આસ્રવ-બંધથી ખસ્યો, દ્રવ્યના સ્વભાવમાં ગયો, સંવર-નિર્જરા થઈ, સંવર-નિર્જરા શુદ્ધતા દ્વારા પૂર્ણ મોક્ષને પામે. કહો, આમાં તો આમ કહ્યું છે. વચ્ચે ઓલો શુભભાવ વિકલ્પ છે ને મોક્ષનો માર્ગ છે અને એનાથી આત્માની શુદ્ધિ થાય છે એમ નથી કહ્યું. અરે.. ભગવાન!

મુમુક્ષુ :- આચાર્ય કહે છે.

ઉત્તર :- આચાર્ય એકના એક બીજું કહે? એ તો કહે છે અમૃતચંદ્રાચાર્ય એમ પણ કીધું છે પંચાસ્તિકાયમાં. સાધન નથી. મોટી ચર્ચા આવી છે. જૈન ગેજેટ. અમે પૂછયું હતું સોનગઢપક્ષીઓને-વિદ્વાનોને કે ભાઈ સાધન અને સાધ્ય શું? ઉત્તર જ બીજો આપે છે. બીજો જ આપે છે. એલા ધોળું લૂગડું... સમજ્યાને? સાબુથી સાફ થાય. એમ પૂછયું શેનાથી થાય? કે દૂધ તો ધોળું જ હોય. એનો જવાબ આપે. એમ પૂછયું અમે કે ભાઈ, આ લૂગડું ધોળું શેનાથી થાય? હવે એનો ઉત્તર કે દૂધ ધોળું જ હોય. એવું અંદર લખ્યું છે. સમજાણું? અરે..! ભગવાન! ત્યાં તો એણે ઉત્તર એમ આપ્યો છે કે ભાઈ! વસ્તુનું શુદ્ધ સ્વરૂપ છે, એનું સાધન કરે છે એને આ વિકલ્પ છે માટે આ સાધન થાય એમ નથી. એની રુચિ છોડીને સ્વરૂપની દૃષ્ટિને કરે ત્યારે આત્માને ખરું સાધન થાય છે. પછી ઓલું નિમિત્ત છે તેને વ્યવહાર સાધનનો આરોપ દેવામાં આવે. એવો ઉત્તર આપ્યો છે. આ ઉત્તર અમે પૂછ્યો એનો તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે નહિ. સાધન અને ઈ સાધ્ય એમ કહો. એય..! વાંચ્યું છે કે નહિ થોડું થોડું? આહાહા..! ઠીક પણ ભગવાન છે ને એ પણ. કઈ રીતે તર્ક કરે છે! આહા..!

મુમુક્ષુ :- સાધન છે કે નહિ?

ઉત્તર :- અમે પૂછ્યું હતું કે સાધન છે કે નહિ? તમે કહો કે ધોળું.. દૂધ તો ધોળું જ હોય. એવો જવાબ તમારો. એય..! પંડિત! પંડિત-પંડિતની વાત છે ભાઈ આ તો. આહાહા..! અરે..! ભગવાન! તારા ખેલમાં જ્યાં ખેલતો હોય ત્યાં એની જ વાતું કરે ને એ તો. એને રાગ ને પુણ્યના વિકલ્પમાં એકાકાર લાગે છે ને તો એમાંથી કાંઈ સાધન, એમાંથી કાંઈ સાધન થાય? એમ કહે છે. પણ એમાંથી સાધન ક્યાંથી થાય? અહીં રાગની એકાગ્રતા એ સાધન છે? કે સ્વભાવની એકાગ્રતા સાધન છે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ સાધન ભેદે છે. હા, બીજું નથી એમ નહીં હોં! ચીમનભાઈ! પંચાસ્તિકાયમાં ભેદ સાધ્ય સાધન પણ કહ્યા છે. રાગ છે એ ભિન્ન છે, નિશ્ચય છે એ ભિન્ન છે. માટે એને પણ સાધ્ય સાધન કીધા. કીધા છે. એ તો પકડે કે નહિ એને? ભાઈ! ભિન્ન સાધ્ય સાધન એટલે શું? કે પોતે પોતાના સ્વરૂપમાં શુદ્ધતામાં એકાગ્ર થાય છે ત્યારે તેને તે પ્રકારની પ્રતિકૂળતાનો તીવ્ર અશુભભાવ નથી અને શુભભાવ અનુકૂળ છે એટલું નિમિત્ત ગણીને તેને વ્યવહારે સાધન કહ્યું છે. છે નહિ તેને કહેવું એનું નામ વ્યવહાર છે. પણ નિમિત્ત છે એને ઓળખાવ્યું છે. દરેકમાં ચર્ચા લાવે છે ને અત્યારે. હવે એ બધું આખું લેશે. આખી ચર્ચા. બહુ સારી વાતો છે. ... આવવા દ્યોને બહાર. અહીં ક્યાં ગોપવી રાખવાની વાત છે? એને જે બેઠું હોય એ એમ કહે. એમાં શું?

ભાઈ! અહીં તો કહે છે.. શું કીધું અહીં? જુઓ! કે રાગની એકાગ્રતા કરે તો જ્ઞાનની એકાગ્રતા થાય. એમ છે? રાગની એકાગ્રતા તે સાધન અને પછી સ્વભાવની એકાગ્રતા તે સાધ્ય? સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આ બધે જ્યાં હોય ત્યાં આ શાસ્ત્રે વાદ ભયં ગુણે ખલ ભયં. અરે..! ભગવાન! કાંઈ ભય-બય નથી. બાપા! સાંભળને હવે. શાસ્ત્રમાં શાસ્ત્રની ચર્ચામાં એ આ સાચા ને ખોટા. અરે.. ભગવાન! ક્યાં પડ્યો તું એમાં? આહાહા..! આવો માંડ વખત છે થોડો. આંખ મીંચીને ઉઘાડે એટલો પણ વખત કહેવાય નહિ. ૫૦-૬૦-૭૦ વર્ષ એટલે શું? આહાહા..! અનંત કાળ અનંત કાળથી આથડ્યો. અનંત કાળથી આથડ્યો.

અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ નિગોદ ને બટાટા-શક્કરકંદમાં બાપુ! અનંત વાર ગયો, ભાઈ! તારી વેદનાને તેં વેદી અને ભગવાન જાણે. એવું (છે). પણ હવે શું થાય? આમ જરી બહાર નીકળ્યો ત્યાં ભૂલી ગયો બધું. માણસપણે આવ્યો અને કાંઈક શરીરથી મોટું થયું જુવાન, કાંઈક વળી ઉઘાડ થયો ભણવાનો અને એમાં શાસ્ત્રની વાતું કાંઈક શીખ્યો. થઈ રહ્યું. પંડિતોનો સંસાર શાસ્ત્ર.

ભાઈ! એ શાસ્ત્ર તો પરવસ્તુ છે અને એ શાસ્ત્ર પોતે એમ કહે છે કે, ભાઈ! તારા સ્વરૂપમાં એકાગ્રતા થાય એ તને મોક્ષનું સાધન છે. વચ્ચે રાગ આવે અને જે વ્યવહાર સાધન કહ્યું હતું એ તો એવો અનુકૂળરૂપ એવો જ વિકલ્પ હોય છે એટલું દેખીને કહ્યું હતું. પણ એ છે તો અહીં સાધ્ય પ્રગટ્યું છે એમ છે નહિ. અને એ છે તો પૂર્ણ થશે આત્મા એમ છે નહિ. શું થાય? આમાં પણ શું આવ્યું? કે જેટલું અજ્ઞાન છે તેટલું તેને રોકે છે. સમજાય છે? એ તો રોકે છે એમ કીધું.

મુમુક્ષુ :- રોકે છે, પણ રાગ રોકે છે એમ ક્યાં કીધું છે?

ઉત્તર :- રાગનો વિકલ્પ છે, ચાહે સો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠે, વસ્તુ તો અભેદ છે એમાં ભેદનો વિકલ્પ ઉઠે એ પણ એને અંતર દશામાં જવામાં રોકે છે. વસ્તુ તો આવી સીધી સટ છે. ભગવાન ચૈતન્ય જ્યોત છે અંદરમાં બિરાજમાન. એની અંતર એકાગ્રતામાં કોઈપણ વિકલ્પ ઉઠે તે એને રોકે છે. અહીં શું કીધું? શુદ્ધિને રોકે છે. એમ કીધું કે નહિ? શુદ્ધિને '**शुद्धिं निरुणद्धि**' શું કીધું? જુઓ! '**बोधस्य शुद्धिं निरुणद्धि**' જુઓ! આહાહા..! છતાં એક ઠેકાણે એ ભલે અમુક ઠેકાણે આવે. ઘણે ઠેકાણે દ્રવ્ય સંગ્રહમાં આવે છે, પરમાત્મપ્રકાશમાં આવે છે. સાધન સાધ્ય બધું આવે. જ્યારે સાધ્ય અંતર પ્રગટ્યું છે સાધન નિશ્ચય, જ્ઞાનની એકાગ્રતામાં, ત્યારે બાકી ખાલી છે પૂર્ણ વીતરાગતા નથી, એટલે ત્યાં આગળ એવો વિકલ્પ દયા, દાન, વ્યવહાર શ્રદ્ધા આદિનો હોય છે. એને વ્યવહાર સાધન તરીકે કહ્યું છે. એટલું નિમિત્તનું જ્ઞાન કરાવવા. પણ એ વડે અંધારામાં સાધ્ય પ્રગટે છે, એ વડે એકાગ્ર અંતરમાં (થાય છે એમ નથી). રાગમાં એકાગ્ર થયેલો અહીં એકાગ્ર થાય એ વાત કેવી? થોડું અંધારમાં જાય તો પછી પ્રકાશમાં આવે. થોડો હેઠે ઉતરે તો પછી ઊંચે ચડવાનું એને સહેલું પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ પણ સવાલ કર્યો હતો એક જણે.

મુમુક્ષુ :- ના પાડે છે.. સાધન છે એમ એ કહે છે.

ઉત્તર :- એ કહેતો હતો એક જણ કે હેઠે ચડવાનો અભ્યાસ તો થયો એટલો. એમ કહે છે ભાઈ! આહાહા..! ભારે ભાઈ! એક દાખલો આપ્યો હતો. જુઓ! એક દાદરો છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નીચે ભોંયરામાં ઉતરવાનો અને એક દાદરો છે મેડીએ ચડવાનો. વચ્ચે હોલ છે. હવે જેને ઉપર ચડવું છે એને હેઠે દાદરે પહેલું પગથીયું મૂક્યા પછી ઉપર ચડાતું હશે?

મુમુક્ષુ :- પ્રેક્ટિસ.

ઉત્તર :- ઓલો કહે પ્રેક્ટિસ. પણ પ્રેક્ટિસ હેઠે ઉતરવાની છે કે ઊંચે ચડવાની છે? કારણ કે હેઠે ચડવામાં તો પાધરો પગ મૂકે ધબ થઈને. એમાં કોઈ ઓલી નથી. ઊંચે ચડવામાં તો આમ પગ ઊંચો કરવો પડે. સમજાણું? હેઠે ઉતરવામાં તો આખું શરીર છે ફટ મૂકે આમ. એમાં ક્યાંય ઓલું નથી. ધબ. અને ઓલું તો ઉપર આમ ઊંચું કરવું. ઊંચા કરવામાં આખું શરીરને મૂકવું ક્યાં ત્યાં? આહાહા..! પણ આ દાદરે ઉતરે ત્યારે જુઓને દાદરો ઉતરવામાં બહુ ઉતરવામાં (અઘરું) નથી. આ શેત્રુંજય ચડે ને? ચડવામાં બહુ ઓલું હોય. ઉતરવામાં તો આખું શરીર પડતું મૂકવું આમ નીચે પટ.. પટ.. પટ... પગથિયું સરખું જોઈએ. પડતું મૂકવાનું આખું શરીર. પણ ઊંચે ચડવામાં પડતું ક્યાં મૂકવું અને ક્યાં પગ મૂકવો અને ક્યાં રાખવો? આ ઊંચું કરવું અને સરખું રાખવું,..

મુમુક્ષુ :- ધક્કો મારે નીચે પડી જાય. ..

ઉત્તર :- ન જાય. પણ એમ હોય નહિ. વસ્તુસ્થિતિ એમ નથી. સમજાય છે? ઉપરથી પથરો ફેંકે તો નીચે પડી જાય લ્યો. પણ અહીંથી પથરો ત્યાં જઈને પડશે? એટલી વાત એમ છે બાપુ! ગતિ હેઠે કરતા ઉપર ચડી શકે એ વસ્તુ છે નહિ. શું થાય? વાદે ચડી ગયા અને રાગે ચડી ગયા. અંતર રસ્તે ચડે તો તો એને થોડી થોડી ખબર પણ પડે કે આ તો અંદર અહીંથી જાય અને અહીં એકાગ્ર થાય ત્યારે લાભ થાય. સમજાણું કાંઈ?

એટલે કહે છે, '**કેવળજ્ઞાન ઊપજતાં સંપૂર્ણ જ્ઞાનચેતના કહેવાય છે.**' લ્યો! કેવળજ્ઞાન થતાં ભગવાન આત્મા પોતાના આનંદ સ્વરૂપમાં એકાગ્ર થઈને સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો, એમાં એકાગ્ર થઈને શાંતિની દશા જે પ્રગટ કરી એ શાંતિ દ્વારા પૂર્ણ શાંતિને પ્રાપ્ત થાય છે. એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? હવે '**અજ્ઞાનરૂપ (અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો, તેના તરફ...**' કર્મ એટલે શું? કે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, કામ, ક્રોધ, હિંસા, જૂઠાના પરિણામ એ પરિણામને કર્મચેતના કહે છે. કારણ કે એ રાગ છે. સમજાણું કાંઈ? કર્મચેતના, કર્મરૂપ, રાગરૂપ. દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો વિકલ્પ અથવા હિંસાનો, જૂઠાનો, ચોરીનો વિષયભોગ વાસનાનો રાગ હોં! વિકલ્પ. એ કર્તા છે. એ રાગનું કર્મફળ કર્મ છે. હવે એને કર્મફળ. એમાં હરખ કરવો. અનુકૂળતામાં હરખ, પ્રતિકૂળમાં દ્વેષ. વિષયની વાસનામાં પ્રેમ અને પ્રતિકૂળતાના પરિષહમાં, પ્રતિકૂળતામાં દ્વેષ. એવું જે વેદન એ બધું કર્મફળ વેદન છે. એ હરખ-શોકનું વેદન દુઃખરૂપ વેદન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે!

**'અજ્ઞાનરૂપ...'** એટલે. બે વાત. **'અજ્ઞાનરૂપ (અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો,...'** આત્માના જ્ઞાનની દશામાં પુણ્ય અને પાપના પરિણામને કરવા અને તેનું ફળ હરખ-શોકને ખુશીપણે કે શોકપણે વેદવું એને કર્મફળ કહે છે. અને રાગાદિને કરવું એને કર્મચેતના કહે છે. આહાહા..! એને આત્માના ઉપયોગમાં રાગને લાવવો અને હરખને લાવવો. દ્વેષને લાવવો અને અંદર શોકને લાવવો. એવો જે વેપાર તેને કર્મરૂપ અને કર્મફળરૂપ ઉપયોગ.. **'તેના તરફ (-કર્મ અને કર્મફળ તરફ જ-) એકાગ્ર થઈ...'** જુઓને! ઓલામાં ચેત હતું ને ચેત? ઓલામાં ચેત રાખ્યું. તેના તરફ ચેત રાખવી. જરી .. અહીં વળી આમ કર્યું છે. ત્યાં **'એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો,...'** બસ રાગનો, વિકલ્પનો, પુણ્યનો, પાપનો, દયાનો, દાનનો, ભક્તિનો એ વિષયની વાસનાનો, કામનો, ક્રોધનો, માનનો, માયાનો, લોભનો, રતિનો, અરતિનો એનું જે વેદન **'તે અજ્ઞાનચેતના છે.'** એનું નામ અજ્ઞાનચેતના છે. જ્ઞાનના આનંદ સિવાયના રાગમાં એકાકાર થયો માટે તેને અજ્ઞાનચેતના કહે છે. કહો, સમજાય છે કાંઈ? ભારે ભાઈ ધર્મની આવી વ્યાખ્યા! માણસને પછી આ દયા પાળો ને વ્રત પાળો એ કે દિ' આવશે આમાં? પણ ઈ કહે છે કે પરની દયાનો વિકલ્પ કે વ્રતનો વિકલ્પ છે એ રાગ છે. સાંભળને. એ રાગમાં એકાકાર થવું એ કર્મચેતના છે, અજ્ઞાનચેતના છે, બંધચેતના છે, દુઃખરૂપ ભાવ છે. વાતની ખબર ન મળે અને ધર્મ કરવા નીકળી ગયો.

ક્યાં જા છો? તો કહે મારવા. કોને? દુશ્મનને. કેવો દુશ્મન છે નાતે? ખબર નથી. કેવડો ઊંચો છે? ખબર નથી. માણસ છે કે ઢોર? ખબર નથી. નાનો છે કે મોટો? ખબર નથી. ઠીક! ક્યાં રહે છે? ખબર નથી. કોને પણ મારવો છે? એક દુશ્મનને મારવા નીકળ્યો. ક્યાં રહે છે? મને ખબર નથી. કેવડો છે? મને ખબર નથી. કઈ નાતનો છે? મને ખબર નથી. માણસ છે કે ઢોર? મને ખબર નથી. દુશ્મન વાણિયો છે કે સિંહ? મને ખબર નથી. ઠીક! એય.. ન્યાલભાઈ! એવું છે. મને ખબર નથી મારવા નીકળ્યો. પણ કોને મારીશ? તું મરી જઈશ વચમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખબર નથી બરાબર છે.

ઉત્તર :- પણ ખબર નથી એનો અર્થ શું? તું ક્યાં પણ કાપીશ? પછી તલવાર આમ રહેશે. ખબર તો નથી કે કોને મારવો. વચ્ચે છોકરો આવશે તો મારી નાખશે એને. સમજાણું કાંઈ?

એમ ચૈતન્ય ભગવાન આત્મા રાગને ટાળવા માગે છે-દુશ્મનને. પણ ઈ છે કોણ? ક્યાં રહે છે? કેટલી સ્થિતિવાળું છે? કેમ કરેલું છે? એ તો દુઃખરૂપ છે કે સુખરૂપ છે? સમજાય છે? કાંઈ ખબર નથી. અમારે તો દોષ ટાળવા છે. ઠીક! નેમિદાસભાઈ! આંધળે આંધળું

ચાલે છે. સાધુ નામ ધરાવે ને બિચારા તોય બુદ્ધિ વિનાના બાવા થાય અને ભટકી મરે ચાર ગતિમાં. ભાન ન મળે પણ તું શું કરવા નીકળ્યો? ધર્મ. ક્યાં થાતો હશે?

મુમુક્ષુ :- એણે તો સંસાર છોડી દીધો.

ઉત્તર :- એણે સંસાર છોડ્યો. સંસાર ક્યાં રહે છે ખબર છે તને? લ્યો ઠીક!

એક સાધુને પૂછેલું, તું ત્રસ છો કે સ્થાવર? મને મારા ગુરુએ સમજાવ્યું નથી. બહુ સારી વાત. આહાહા..! ભગવાનના અપાસરામાં. પણ તું ત્રસ છો કે સ્થાવર? કીડી-મકોડા ત્રસ કહેવાય. અને સ્થાવર એકેન્દ્રિય. ઈ આપણને કાંઈ શીખવ્યું નથી. સામાયિક ત્રસ કે સ્થાવર? એમ પૂછ્યું હતું. સામાયિક ત્રસ કે સ્થાવર? એ આપણને ખબર નથી. એય..! ભગવાનભાઈ! કીધું, સામાયિક ત્રસ કે સ્થાવર? આપણે સામાયિક કરીને બેઠા. પણ એલા સામાયિક ત્રસ છે કે સ્થાવર? ઈ આપણને ખબર નથી. ઠીક! કહો, સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! બરાબર છે કે નહિ? કંઈક એવા મળ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાલે છે ને ઈ જ ચાલે છે. દોષ ક્યાં છે એની ખબર ન મળે. કહો, સમજાય છે?

અહીં અજ્ઞાનચેતનાની વાત ચાલે છે ને? તો અજ્ઞાનચેતના ક્યાં છે એની ખબર ન મળે. અરીસામાં જોવે. ડાઘ દેખાય ડાઘ. ઘસવા માંડે. પણ ત્યાં ઘસે અહીંથી ક્યાં દોષ છે ટળશે? અરીસામાં દેખાય ને? તલ-બલ હોય ને? અરીસામાં દેખાય અરીસામાં. કાળો ડાઘ દેખાય. કહે એ... ડાઘ આવ્યો. ઘસ. પણ ત્યાં ઘસે આ ક્યાંથી ખસશે? એમ શરીરને જીર્ણ કરી દ્યો, અપવાસ કરી નાખો. પણ દોષ ક્યાં છે એની ખબર છે? સમજાણું કાંઈ? લ્યો! અરિસામાં ઓલો દેખાણો. ઘસ અરીસાને. હવે ત્યાં પણ એ તો દેખાડે છે કે અહીં છે. એમ દેખાડે છે. ત્યાં ક્યાં દોષ હતો? તલ અને કાળપ ત્યાં ક્યાં હતું? એમ તારી દશામાં દોષ છે કે કાંઈ પરમાં છે કે કર્મમાં છે કે ક્યાં છે એ તને ખબર વિના ક્યાંથી દોષ ટાળીશ તું? સમજાણું કાંઈ? એ અહીં કહે છે. જુઓ! આ ઉપયોગને કરવો રાગ અને કર્મચેતના એનું નામ દોષ છે એમ કહે છે. ભગવાનભાઈ! એમ જ કર્યું છે કે નહિ?

મુમુક્ષુ :- .. કાંઈ કરવાનું જ નહિ?

ઉત્તર :- પણ કરવાનું એટલે શું? કીધું ને, આ પણ કરવાનું છે. પણ એ કરવાનું છે એ કરવાનું શું છે? એ સુખરૂપ છે કે દુઃખરૂપ છે? એ તો વિકલ્પ છે. વિકલ્પ છે એ તો દુઃખરૂપ છે. તો એને કરવો છે? એ તો કરે જ છો. એ તો કરે છો અનાદિ કાળથી. હવે એને ધર્મ કરવો છે તો શું કરવું છે એને? કહે છે કે જે અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પો

ઉઠે છે. આ કરું... આ કરું... આ કરું... એ વૃત્તિ ઉઠે છે. એમાં એકાગ્ર થાય એનું નામ અજ્ઞાનચેતના છે. કર્યું તો ખરું, પણ દુઃખને કર્યું. અને માને કે મેં ધર્મ કર્યો. હવે એને ખબર વિના? સમજાણું કાંઈ?

**'અજ્ઞાનરૂપ ઉપયોગને કરવો,...'** એમ છે ને મૂળ તો? પછી કૌંસમાં એનો અર્થ કર્યો છે કે આત્માના વેપાર અંદર વેપાર અને આચરણમાં આ અજ્ઞાનરૂપ એટલે રાગ ને પુણ્ય ને હરખ-શોકરૂપે કરવો, તેના તરફ જ એકાકાર થવું-એ પુણ્ય-પાપના વિકલ્પો થાય છે એમાં એકાકાર થવું, તેનો જ અનુભવ કરવો, એ રાગનો જ અનુભવ, હરખનો અનુભવ, શોકનો અનુભવ કરવો તે અજ્ઞાનચેતના છે, તે દુઃખરૂપ ભાવ છે. કહો, સમજાણું આમાં? **'તેનાથી કર્મનો બંધ થાય છે,...'** લ્યો! અહીં તો પછી એ મૂક્યુ છે ભાઈએ. બંધ છે ખરો ને ઓલા શબ્દમાં? પણ **'निरुणद्धि बन्धः'**. એ ભાવબંધ છે ઈ એને રોકે છે ખરેખર. આવે છે ને પંચાસ્તિકાયમાં? નથી આવતું? પોતે અટકે છે ઈ જ એને રોકે છે. આવે છે ને પંચાસ્તિકાયમાં? સ્વભાવ પ્રતિઘાત. સ્વભાવ પ્રતિઘાત. પોતે જ પોતાના સ્વભાવનો ઘાત કરે છે રાગમાં આવીને, એ જ અજ્ઞાનચેતના અને દોષરૂપ ભાવ છે. એને ટાળવો હોય તો તેને જાણવું જોઈએ અને જાણીને આત્મા તરફ વળવું જોઈએ. આત્મા કેવો છે એને જાણ્યા વળશે શી રીતે? હવે દોષનું એક કોર કહ્યું. સમજાય છે? હવે દોષ ટાળવા છે. હવે ગુણ કરવો છે-ધર્મ કરવો છે. ધર્મ પણ શેમાં કરવો છે? ખબર છે? શેમાં શું આ ધર્મ કરવો. પણ શેમાં? કે આત્મામાં. ત્યારે એ આત્મા કોણ છે? કેવો છે? કેટલો કાળ રહેનાર છે? એનામાં શું સત્ત્વ છે? તત્ત્વ શું છે? છે કાંઈ? સમજાણું કાંઈ?

**'તેનાથી કર્મનો બંધ થાય છે, કે જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે.'** લ્યો! ભાવબંધ રોકે છે અને દ્રવ્યબંધ નિમિત્ત તરીકે રોકે છે. કહો, એક શ્લોકમાં તો કેટલું કહી નાખ્યું.

**'હવે આ કથનને ગાથા દ્વારા કહે છે :-'** લ્યો!

**वेदंतो कम्मफलं अप्पाणं कुणदि जो दु कम्मफलं।**
**सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८७।।**
**वेदंतो कम्मफलं मए कदं मुणदि जो दु कम्मफलं।**
**सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८८।।**
**वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा।**
**सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८९।।**

નીચે હરિગીત.

**જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૭.**
**જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૮.**
**જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુઃખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૯.**

ટીકા. છે ને ટીકા એની?

'**ટીકા :- જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે...**' ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્ય ધ્રુવ વસ્તુ છે. ચૈતન્ય સ્વભાવનો સૂર્ય પ્રભુ છે. એમાં અંધારું છે નહિ. રાગરૂપી અંધારું એમાં નથી. પુણ્ય-પાપના ભાવ તે અંધારું છે. એ ચૈતન્ય પ્રકાશના નૂરના પૂરમાં નથી. એવું જે આત્મપૂર એનાથી અન્ય. જ્ઞાન સિવાય અન્ય ભાવો. એટલે પુણ્ય અને પાપના વિકલ્પો. '**એમ ચેતવું કે આ હું છું,...**' અજ્ઞાનચેતનાની સામાન્ય વ્યાખ્યા કરે છે. પછી એના બે ભેદ પહેલી ગાથામાં સામાન્ય છે અને બીજી બે ગાથામાં તેના વિશેષ કર્મ.. અજ્ઞાનચેતનાની સામાન્ય વ્યાખ્યા.

ભગવાન આત્મા પોતાના શુદ્ધ ધ્રુવ સ્વભાવમાંથી અનેરી ચીજમાં, એના સ્વભાવથી અનેરી, એટલે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ અને હરખ-શોકનો ભાવ, એમાં એમ ચેતવું- એમાં એમ અનુભવવું કે આ હું છું. ચાહે તો રાગ હો, ચાહે તો દ્વેષ હો, ચાહે તો હરખ હોય, ચાહે તો શોક હોય. આ સામાન્ય વાત છે પહેલી. ભગવાન આત્મા સિવાય શુદ્ધ પ્રભુ આત્મા એ સિવાય જેટલા પુણ્ય અને પાપ, હરખ-શોકના ભાવ (થાય) એ આત્માથી અન્ય છે. આત્માથી અન્ય છે. કેમ કે આત્મા જ્ઞાયકસ્વરૂપ છે અને પુણ્ય-પાપના હરખ- શોકના ભાવ આસ્રવસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

જ્ઞાન એટલે આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આત્મા. એનાથી અન્ય. જુઓ! એ પુણ્ય- પાપના ભાવો અને હરખ-શોકના ભાવો અન્ય કહે છે અહીંયાં. એના સ્વભાવની ચીજ નથી. ચાહે તો વ્રતનો વિકલ્પ હો કે અવ્રતનો હો, દયાનો હો કે દાનનો હો, ભોગનો હો કે રોગનો હો. એ વિકલ્પ રાગ છે તે આત્માના સ્વભાવથી અન્ય ભાવ છે. અન્ય ભાવ છે. એમાં એમ ચેતવું, આ હું છું. જે એમાં નથી તે હું છું એમ જે ચેતવું. સમજાણું કાંઈ? બહુ ટૂંકી ભાષા. જે અન્ય છે તેને મારું માનવું અને મારું છે તેને ભૂલી જવું. શ્રીમદ્દનું વાક્ય છે ને ટૂંકું એક? બહુ ટૂંકું. શ્રીમદ્ રાજચંદ્રનું બહુ ટૂંકું એક વાક્ય છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું અને સ્વને ભૂલી જવું. એ સંતોની શિખામણ પહેલામાં પહેલી છે. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં એ કહ્યું કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ શુદ્ધ ચૈતન્ય. એનાથી અન્ય પરભાવ. પુણ્ય અને પાપ, દયા અને દાન, કામ અને ક્રોધ, હરખ અને શોક એ બધો અન્ય ભાવ છે. અન્ય ભાવમાં એમ ચેતવું, **'અન્યમાં એમ ચેતવું...'** જુઓ કીધું અન્ય. હવે અન્યમાં એમ ચેતવું કે **'આ હું છું,...'** સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ આનંદમૂર્તિ. એનાથી અન્ય જે પુણ્ય-પાપનો રાગ અને હરખ-શોકનો વિકલ્પ એ અન્ય છે. આનાથી અન્ય છે. એ અન્યમાં આ વેદવું-અનુભવવું એ અજ્ઞાનચેતના છે. બહુ ટૂંકી વ્યાખ્યામાં એકલો સાર ભર્યો છે. સમજાણું કાંઈ?

નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયકનો સાધુ દિગંબર થઈને ગયો અનંત વાર પણ એ આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપથી જે અન્ય પુણ્ય-પાપનો વિકલ્પ અને હરખ શોક જે અન્ય છે એને હું છું એમ માનીને વેદતો હતો. તેથી એના પંચ મહાવ્રતના પરિણામ, દયા-દાનના પરિણામ, બ્રહ્મચર્યના વિકલ્પો એ બધા ખરેખર જ્ઞાનસ્વરૂપથી અન્ય હતા. એ અન્યમાં હું છું એમ માનીને વેદે છે. બસ, એનું નામ અજ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ?

ચાહે તો અગિયાર અંગનું જ્ઞાન હોય અને નવ પૂર્વનું હોય, અભવિને પણ હોય. સમજાણું? અને પંચ મહાવ્રતના પરિણામ હોય, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ હોય. એમ બેય. સમજાણું? પણ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી એ બધા અન્ય ભાવ છે. એ અન્ય ભાવમાં આ હું. અન્યમાં આ આત્મા એમાં નથી, અન્યમાં અન્યપણું છે, સ્વપણું નથી. છતાં એ ચેતવું કે આ આ. વિદ્યમાનતા તો કીધી. પુણ્ય-પાપના અને હરખ-શોકના ભાવ છે વિદ્યમાન છે. છે. એ **'આ હું છું,...'** આ હું છું. કહો, સમજાણું આમાં? આ એનું નામ દુઃખરૂપ અજ્ઞાનચેતના. સામાન્ય વ્યાખ્યા કરી એની. એનું નામ દુઃખના વેદનની અજ્ઞાનચેતના. એ પર્યાયરૂપ છે-અવસ્થારૂપ છે. સમજાણું કાંઈ?

**'તે બે પ્રકારે છે-'** હવે અજ્ઞાનચેતનાના પ્રકાર બે પાડે છે. સામાન્ય અજ્ઞાનચેતના લીધી, હવે એના પ્રકાર બે. એક **'કર્મચેતના અને કર્મફળચેતના. તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે આને હું કરું છું,...'** એમ આવ્યું હવે. કર્મચેતના બતાવવી છે ને. આત્મામાં કોઈ દયા, દાન, વ્રત અને કામ, ક્રોધના માન, માયાના પરિણામ થાય એ આત્માથી અન્ય છે. આત્માના સ્વભાવથી અન્ય છે. કહો, અહીં તો ભગવાનની ભક્તિનો રાગ તે આત્માથી અન્ય છે એમ કહે છે. કહો, એ ભક્તિથી પાછી મુક્તિ થાય. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા જગતને લાગી છે અનાદિની. કહો, વલ્લભદાસભાઈ! ભાઈ! આપણે એમાં આવે, ભક્તિમાં નથી આવતું? 'મુક્તિથી ભક્તિ અમને વ્હાલી.'

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ભગવાન મુક્તિ કરતા અમને ભક્તિ વહાલી છે.

ઉત્તર :- હા. એમ આવ્યું હતું. એય..! એ તો ભક્તો બોલે અંદર વિકલ્પથી. પણ એનો અર્થ સમજવો જોઈએ ને. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ કથન.

અહીં તો કહે છે, ભગવાન આત્મા શુદ્ધ નિર્વિકલ્પ રસકંદ છે આત્મા. એનાથી અનેરો કોઈપણ વિકલ્પ ઉઠે, દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, એ વિકલ્પ તેને હું કરું, આને હું કરું છું, આ મારું કર્તવ્ય છે અને આ હું કરું છું, તે કર્મચેતના છે. આને-અન્યને. અન્યને-આને. એમ. અન્ય આ. રાગ વિકલ્પ છે તે અન્ય છે અને આને હું કરું છું, આ મારું કર્તવ્ય છે એવી દૃષ્ટિ અને એવો ભાવ તેને અજ્ઞાનચેતના-કર્મચેતના કહે છે. સમજાણું કાંઈ? ભાષા બે લીધી. જુઓ!

'**જ્ઞાનથી અન્યમાં...**' એટલે ભગવાન આત્માનો શુદ્ધ ધ્રુવ સ્વભાવથી અનેરો વિકલ્પ-શુભ કે અશુભ એમાં '**એમ ચેતવું...**' એમાં એકાગ્ર થવું '**કે આને હું કરું છું,...**' આને હું કરું છું. એ મારું કાર્ય છે, એ મારું કર્તવ્ય છે, રાગાદિ મારું કર્તવ્ય છે. એવી દશાને કર્મચેતના કહેવામાં આવે છે. જે અજ્ઞાનચેતના છે. હવે એ અજ્ઞાનચેતના આત્માને શુદ્ધિમાં મદદ કરે? કહો, સમજાણું કાંઈ? જગતની સાથે મેળ ભારે આકરો પડે. કો'કે ક્યાંક મોક્ષ લગાડી દીધો, કો'કે કાંઈ કરાવી દીધું. 'સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા કંઈક પાવા.' આવે છે ને ઈ? મોહનીયના લાંબા ગાળા એમ કાંઈક આવે છે. બે કડી એવી આવે છે. 'સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા કંઈક પાવા..' અજ્ઞાની સંસારી તો સલવાણા છે પણ ધર્મને નામે રાગથી ધર્મ થાય, પુણ્યના વિકલ્પથી ધર્મ થાય એ સાંગો કહે સલવાણા ચડેલા. શાસ્ત્રને બહાને, ધર્મને બહાને ચડેલા સલવાણા છે એ મિથ્યાત્વમાં. 'માયા બડી મોહનીય, જેના વજ્રમય ગાળા...' લ્યો આવ્યું પાછું. 'માયા બડી મોહનીય, જેના વજ્રમય ગાળા એ સાંગો કહે સલવાણા, જેને કોઈક ચડ્યા ને કોઈક પાવા.' નેમિદાસભાઈ! એ તો પહેલા વાંચેલું ઘણું વાંચ્યું હતું ને.

અહીં કહે છે કે રાગનું કર્તવ્ય વિકલ્પ એ મારું કર્તવ્ય છે, એ મારું કામ (છે) એ કર્મચેતના, અજ્ઞાનચેતના અને તે મિથ્યાત્વભાવ છે. માટે છોડવા જેવું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**માગશર વદ ૭, શનિવાર તા. ૨૩-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૫, ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૩૫**

૩૮૭થી ૩૮૯ ચાલે છે. ટીકા-ટીકા. ફરીને એ ટીકા. એક બોલ ચાલ્યો છે.

શું કહે છે? '**જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે આ હું છું તે અજ્ઞાનચેતના છે.**' પહેલો એ સિદ્ધાંત એક. આત્મા એ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે. એને છોડીને જ્ઞાનથી અન્ય, અન્ય એટલે આત્મામાં થતાં પુણ્ય-પાપના વિકલ્પો રાગ. શુભ-અશુભ જે રાગ. શરીર, વાણી, મન તો આ પર જડ છે. આ તો જડ છે, ધૂળ માટી. કર્મ અંદર માટી ધૂળ. આત્મામાં.. પોતાનો શુદ્ધ આનંદસ્વરૂપ છે આત્મા. જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે એવો જે આત્માથી અન્ય-અનેરા. એટલે કે શુભ-અશુભ વિકલ્પ અને રાગ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસનાનો રાગ કે દયા, દાન, પૂજા, ભક્તિનો રાગ એ બેય વિકલ્પ છે તે હું છું. વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એને છોડી દઈને વિકલ્પ ને રાગ તે હું છું. અન્ય ભાવોમાં '**એમ ચેતવું (અનુભવવું) કે આ હું છું, તે અજ્ઞાનચેતના છે.**' તે દુઃખરૂપ ભાવ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત અવિનાશી જ્ઞાન અને આનંદનું અવિનાશી તત્ત્વ છે એ. એનું અંતર દૃષ્ટિ વસ્તુનું પોતાપણું છોડી દઈને અજ્ઞાની પોતામાં થતાં પુણ્ય અને પાપના રાગભાવમાં આ હું છું. આ હું છું એમ નહિ પણ આ હું છું. ચીમનભાઈ! બહુ ઝીણું. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત સૂર્ય ચૈતન્ય સૂર્ય છે. આત્મા એ અનાકુળ આનંદ અને એકલો જ્ઞાનની મૂર્તિ આત્મા છે. એવા તત્ત્વની જેને ખબર નથી, એવો ચૈતન્ય મહાપ્રભુ, મહાસત્તા એવો સ્વભાવ જેની અંતર દૃષ્ટિમાં નથી એ પોતામાં વર્તમાન થતાં દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો ભાવ એ રાગ છે. હિંસા, જૂઠું, ચોરીનો રાગ છે એ અશુભ છે અને આ રાગ શુભ છે-દયા, દાન, પૂજા.

મુમુક્ષુ :- ધંધા-વેપારનો..

ઉત્તર :- ધંધા-વેપારનો રાગ એ પાપરાગ છે. નોકરી કરવાનો ભાવ એ પાપરાગ છે. કહો, સમજાણું કાંઈ? આ હું વેપાર કરું, આ સંચા સીવું, આ ફલાણું કરું એ કરી શકતો નથી. ફક્ત એની વૃત્તિ જે ઉઠે છે અશુભભાવની એ પાપભાવ છે. અને દયા, દાન, વ્રત, પૂજાના ભાવ, ભક્તિના ઉઠે છે એ શુભભાવ છે. પણ બેય ભાવ તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ચૈતન્યની જાતનો એ ભાવ નથી. સમજાય છે કાંઈ? એણે નિજ સ્વરૂપનું સત્ત્વ અને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તત્ત્વ કેવડું છે એ એના લક્ષમાં નથી. એટલે એને જે કાંઈ વર્તમાનમાં સંયોગ દેખાય તે હું એ વાત તો અહીં લીધી નથી. કારણ કે સંયોગ આ શરીર, વાણી, મન તો પર પૃથક્ છે. તેથી એ હું છું એમ માનનારો તો તીવ્ર અજ્ઞાન છે. પણ એની દશામાં થતાં શુભ અને અશુભની વૃત્તિઓ જે રાગ વિકાર પુણ્ય કે પાપ. એ આ હું. જુઓ છે ને? '**જ્ઞાનથી અન્યમાં**...' જે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ સિવાય અન્ય ભાવોમાં એટલે પુણ્ય-પાપની લાગણીને વિષે '**એમ ચેતવું (અનુભવવું) કે આ હું છું,**...' એ રાગનો, પુણ્યનો, પાપનો ભાવ આ.. આ.. અસ્તિ બતાવે છે. એ હું છું. કારણ કે પર્યાયદૃષ્ટિ છે, વસ્તુદૃષ્ટિની ખબર નથી. અનાદિથી આત્મા શું? દ્રવ્ય શું? વસ્તુ શું? શક્તિ શું? તત્ત્વ શું? સત્ત્વ શું? એની ખબર નથી. એથી જે અજ્ઞાનભાવમાં ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપનો વિકલ્પ તે પોતે અજ્ઞાનસ્વરૂપ જ છે. એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માનું કોઈ કિરણ અને અંશ એમાં નથી. સમજાણું કાંઈ?

'**એમ ચેતવું કે આ હું છું, તે અજ્ઞાનચેતના છે.**' એ વિકારી અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાની અજ્ઞાનપણે એટલે સ્વરૂપના ભાન વિનાનો વિકારીભાવ તે અજ્ઞાન એટલે સ્વરૂપનો અભાવ એવો અજ્ઞાન પુણ્ય-પાપભાવ, એનો અનુભવ તે અજ્ઞાનચેતના છે. એ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? '**તે બે પ્રકારે છે-**' હવે. સામાન્ય વ્યાખ્યા કરીને હવે એના બે પ્રકાર (કહે છે). એક '**કર્મચેતના અને કર્મફળચેતના. તેમાં, જ્ઞાનથી અન્યમાં**...' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન છે એનાથી અન્યમાં '**(અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે આને હું કરું છું,**...' એ પુણ્ય-પાપનો રાગ એને હું કરું છું, આને હું કરું છું.

મુમુક્ષુ :- કર્મ કરે છે?

ઉત્તર :- કર્મ કરે એની વાત પણ ક્યાં છે? એની પર્યાયમાં હું કરું છું. એની દૃષ્ટિ પર્યાય ઉપર મિથ્યાબુદ્ધિ છે એમ છે. સમજાય છે કાંઈ? પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે, ચિદાનંદ સ્વરૂપ છે. એવું ન ભાન કરતાં, એનો નહિ આદર કરતાં, એ વસ્તુનો અંતરમાં ન સ્વીકાર કરતાં ફક્ત વર્તમાનમાં કૃત્રિમ પુણ્ય-પાપના વિકલ્પો (ઊઠે એમાં) આ મારું કર્તવ્ય છે, એ હું કરું, એ મારું કામ છે એને અહીંયાં કર્મચેતના કીધી છે. કાર્યરૂપ વેદન. કાર્ય નામ રાગ કરું, દ્વેષ કરું, આ કરું, દયા-દાનના પરિણામ કરું, એ પરિણામ કરું એવી કર્મચેતના. કર્મ નામ વિકારરૂપી, પરિણામરૂપી ચેતાઈ જવું એ દુઃખરૂપ ચેતના અજ્ઞાન છે, બીજ છે દુઃખનું. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એય..! મલૂકચંદભાઈ!

'**આને હું કરું છું,**...' આને હું કરું છું. એટલે જ્ઞાતા ચૈતન્યમૂર્તિ છે એ દૃષ્ટિમાં ન આવ્યો. વસ્તુ પોતે છે સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ જેનું રૂપ આત્માનું છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તે શાશ્વત અવિનાશી ભગવાન આત્મા પોતે. એવી દૃષ્ટિ ન કરતાં, આ રાગના, પુણ્યના, પાપના ભાવને આને હું કરું છું, આને હું કરું છું, એ દૃષ્ટિ, કર્મચેતના દૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિનું વિકારરૂપી કાર્યનો અનુભવ તેને અહીંયાં અજ્ઞાન કહેવામાં આવે છે. કહો, આ બધા કામ કોણ કરતા હશે? આ બધા પોટરી-બોટરીના થઈ ગયા ને? હમણાં સાંભળ્યું કે મરી ગયા, ગુજરી ગયા. નહિ? ગુજરી ગયા. હમણાં કો'ક કહેતું હતું. આવા પોટરીવાળા, પૈસાવાળા પણ મરી જતા હશે?

મુમુક્ષુ :- પૈસાવાળો હતો જ ક્યાં? આપ તો ના પાડો છો.

ઉત્તર :- પણ માણસ કહે છે ને. માણસ કહે છે ને. માણસ કહે, આટલા પૈસા પેદા કરતા, કરોડ રૂપિયા હતા ને ધૂળ રૂપિયા હતા, એ વાતું કરે છે માણસ. ધૂળેય નહોતા એના. એ તો માટી, જડ, ધૂળ છે. પૈસા તો ધૂળ છે. એના ક્યાં હતા? એના બાપના તો નહિ પણ એના ક્યાં છે? કહો, પરશુરામભાઈના હશે એમ? પરશુરામ ડોસા છે કે નહિ? છે. ક્યાં ત્યાં છે હમણાં?

મુમુક્ષુ :- વડોદરા રહે છે.

ઉત્તર :- વડોદરા.

મુમુક્ષુ :- મોરબી..

ઉત્તર :- મોરબી. અત્યારે ત્યાં નહિ હોય. એ કો'ક કહેતું હતું. ડોસા તો લાગે છે. હતા તો ખરા. અહીંયાં આવ્યા હતા બે વર્ષ પહેલા. ડોસા કોને કહેવા?

ભગવાન આત્મા ઓહોહો..! અનાદિ અનંત વસ્તુ આત્મા છે. એ કાંઈ નવી થયેલી ચીજ છે? નવો થાય આત્મા? અને તો હોય એ નાશ થાય? એવું આત્મ તત્ત્વ, સત્ સત્ શાશ્વત જ્ઞાનાનંદ. શાશ્વત આત્મા કીધો, પણ આત્માની સાથે એનો સ્વભાવ પણ શાશ્વત છે કે નહિ કોઈ? આત્મા તો સ્વભાવવાન થયો, પણ એનો સ્વભાવ શું? કે સ્વભાવ એનો જાણવું, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ એની શાશ્વત શક્તિ અને શાશ્વત એનું રૂપ છે. એવી શક્તિના સત્ત્વને નહિ માનતા એ હું છું એમ અંતર અનુભવ અને પ્રતીત નહિ કરતાં વર્તમાનમાં થતાં દયા, દાન, વ્રત, કામ ક્રોધના વિકલ્પો આને હું કરું છું એનું નામ કર્મચેતના કહેવામાં આવે છે. એ દુઃખરૂપ દશા, ઝેરરૂપ દશા છે એમ કહે છે.

ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. અમૃત અતીન્દ્રિય આનંદમૂર્તિ, સચ્ચિદાનંદ સ્વરૂપ છે ને? સત્ શાશ્વત ચિદ્ જ્ઞાનાનંદ જ્ઞાન જેનો આનંદ છે એવું એ સ્વરૂપ છે. એ આનંદ તે અમૃતસ્વરૂપ છે. એનાથી ઊલટો શુભ અને અશુભની વિકલ્પની વૃત્તિઓ રાગ કે દ્વેષ, એ આ હું કરું છું (એમ) એનું અસ્તિત્વ ત્યાં જાય છે. આ વિકારની વૃત્તિઓ ઉપર. આ..

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ... આ.. હું કરું છું એવી જે દૃષ્ટિ અને એવો જે ભાવ એને અહીંયાં કર્મચેતના કીધી છે. એ દુઃખરૂપ ભાવ છે, ઝેરનો અનુભવ છે, શાંતિને લૂંટનારો એ અનુભવ છે. કહો, સમજાણું કાંઈ? બધા કરોડોપતિઓ હશે બધા મનમાં તો એમ થાય ને કે આ હું કરું. પરનું કરું એની કાંઈ વાત લીધી નથી હોં. એ તો કરી શકતો નથી. કહો, ઘડીયાળના ધંધા-બંધા કરી શકતો નથી અહીં એમ કહે છે. ચીમનભાઈ! તેલને ચોખ્ખું કરતો નથી અહીં કહે છે.

મુમુક્ષુ :- માણસો કરે.

ઉત્તર :- માણસો પણ કરતા નથી. અહીં તો એ કહે છે. એની તો વાત લીધી જ નથી. એ તો જગતના તત્ત્વો છે એ પોતે પલટીને તેમાં કાર્ય એને કારણે થઈ રહ્યા છે. પણ એની વાત અહીં લીધી નથી. એ તો જગતના અજીવ તત્ત્વો છે. તેલ કહો કે દાણા કહો, આ વસ્તુ લોઢા કહો કે સોના, રૂપા, ધંધા આદિ. એ તો જગતની અજીવ ચીજ છે. એ અજીવ ચીજ રહીને, પરિણમવું, બદલવું, કાર્યરૂપ થવું એનો એ કર્તા જડ છે. એમાં આત્મા તો કર્તા અજ્ઞાનભાવે પણ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ.

કહે છે, ભગવાન આત્મા પોતાની સંપદા ચૈતન્ય ને આનંદની ઋદ્ધિ એવી શાશ્વત શક્તિને ભૂલી અને કૃત્રિમ, ક્ષણિક, વિકારના પુણ્ય-પાપના ભાવ મારા આ કરું, એવી જે માન્યતા અને એવો જે ભાવ તે દુઃખરૂપ, કર્મચેતના એને કહેવામાં આવે છે. આહા..! સમજાય છે કાંઈ? અને.. બીજો બોલ. અહીં સુધી તો કાલે આવ્યું હતું.

**'અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ, એવી સત્તા પ્રભુ સત્ત્વ આખું, ત્રિકાળ વસ્તુ, એનાથી અન્ય પુણ્ય અને પાપના રાગ હરખ-શોકના ભાવ **'આને હું ભોગવું છું,...'** સ્ત્રીનું શરીર કે પૈસા કે દાળ, ભાત ભોગવું છું એ વાત તો છે નહિ. કારણ કે એ કાંઈ આત્મા ભોગવી શકતો નથી. કારણ ઈ તો જડ છે, પર છે, માટી છે, ધૂળ છે. ફક્ત ભોગવવાનું અજ્ઞાનીને શું હોય છે? કે અંદર રતિ થાય, રાગ થાય, હરખ થાય, શોક થાય. આ ઠીક.. આ અઠીક. એવો હરખ-શોકને ભોગવે છે એમ જે અજ્ઞાની આત્માના આનંદ સ્વરૂપને ભૂલીને એ આ હરખ-શોકને હું ભોગવું છું. **'આને હું ભોગવું છું,...'** એ વિકારી ભાવનો હું ભોગનારો છું. એ અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? ભારે!

**'આને હું ભોગવું છું,...'** વસ્તુને નહિ, હોં! શરીરને, આ તો માટી જડ છે, આત્મા તો અરૂપી ચૈતન્ય છે. આને શું ભોગવે આ જડને? તેમ સ્ત્રીનું શરીર, માંસના હાડકા, એને શું આત્મા ભોગવે? તેમ પૈસો. ધૂળ એને શું ભોગવે? એમ દાળ, ભાત, શાક, મોસંબી, લાડવા ચુરમા, મૈસુબ એ માટી-ધૂળ છે. અડદિયા હોય આ શિયાળામાં તો લ્યો! અડદિયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લ્યોને. અડદિયો તો જડ, માટી, ધૂળ છે રૂપી. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ (છે). એને અરંગી ભગવાન અરૂપી એને ભોગવે શી રીતે? આત્મા રંગ વિનાની ચીજ છે. જેમાં આત્મામાં રંગ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી. એ આ રંગ, ગંધ ને સ્પર્શવાળી ચીજને અનુભવે શી રીતે? એટલે એનો અનુભવ તો આત્માને છે નહિ. એની અહીં વાત કરી જ નથી. સમજાણું કાંઈ? ફક્ત ભગવાન આત્માના આનંદનો અનુભવ, સ્વ-અનુસરીને દૃષ્ટિ છોડી દઈ અને વિકલ્પની વૃત્તિઓ જે હરખ-શોક આ ખાવા યોગ્ય છે, આ પીવા યોગ્ય છે. એવી વૃત્તિ હોં! એ વૃત્તિ જે કરી કે આ અનુભવ બસ ઓહો..! આ પૈસા, આબરૂ, કીર્તિ, ખુશી થાય છે અંદર. એ ખુશીનો જે હરખ છે ને હરખ, મારે આ વેદવા યોગ્ય છે અને કોઈ પ્રતિકૂળતા થતાં, દીકરો મરી ગયો, નિર્ધન થયો, શરીરમાં રોગ (આવ્યો) એવો શોક થાય અંદર, એ શોક આ મને ભોગવવા યોગ્ય છે. એ હરખ અને શોકને આ હું ભોગવું છું એ કર્મફળચેતના છે. એ વિકારના ફળને, દુઃખરૂપ ભાવને અનુભવવો એ કર્મફળ ચેતના છે. આત્મામાં વિકૃત ઝેરના અનુભવની દશા છે. સમજાણું કાંઈ?

બે (વાત) કીધી. પહેલું સામાન્ય વાત કરીને પછી એના બે ભાગ પાડ્યા. અજ્ઞાનચેતના એટલે કે આત્માના સ્વભાવથી અન્ય ભાવને પોતાના માનીને વેદવા એનું નામ અજ્ઞાન. હવે એના બે ભાગ પાડ્યા. એક કર્મચેતના અને કર્મફળચેતના. વિકારી પરિણામ કરવા લાયક છે એને કરું છું, અને એ મારું કર્તવ્ય છે એવું જે કરું છું એવા ભાવને અહીંયાં કર્મચેતના, મિથ્યાદૃષ્ટિની દુઃખચેતના, દુઃખનો અનુભવ છે એ. દુઃખનું કર્તવ્ય છે ઈ. અને આત્માના આનંદને ભૂલીને હરખ-શોકને વેદું છું. બહુ ટૂંકામાં લાવ્યા છે અહીં. આહાહા..! ઝેર કાઢે છે ઓલા કાકડીમાં જો ખાય ને ખબર છે કાકડીમાં કરે છે ને. ઉપર ઘસે છે. કાકડી હોય ને આખી? બટકું કરીને ઘસે. આખો ભગવાન આખો કાકડી અમૃતસ્વરૂપ છે. પણ ઉપર એકાકાર રાગ અને પુણ્યના વિકલ્પ અને હરખ-શોકમાં એકાકાર થઈ ઝેર કાઢે છે અંદરથી. કાકડીનું છે કે નહિ? જોયું હતું કે નહિ?

મુમુક્ષુ :- કાકડી.. ઝેર નીકળી જાય.

ઉત્તર :- નીકળી જાય. મીણો નાખે. એ પહેલાની વાત છે. અત્યારે ક્યાં ૬૦ વર્ષથી ક્યાં જોયું છે. પહેલા કરતાં એની વાત છે. સમજાણું? કાકડી કાકડી આવતી ને? અમારે ત્યાં તો બીજું આવતું પાલેજમાં તો શું કહેવાય? આરિયા કહેવાતા, આરિયા એક આવે છે. આરિયા ગુજરાતમાં આવે છે. એ તો બહુ મીઠી ચીજ નાની નાની આવે. પાલેજમાં ગુજરાતમાં. એ કાકડી મીઠા બધા. કાકડી તો લાંબી હોય.

ભગવાન આત્મા.. જુઓ! એ કાકડીના આકાર જેવો છે. એ પાતળું હોય ને .. બધું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ આ કહે છે કે ભગવાન ચિદાનંદ મૂર્તિ અમૃતસ્વરૂપ, અમૃતની ખાણ છે આત્મા. અતીન્દ્રિય અમૃત અને જ્ઞાનની ખાણ. એને વર્તમાન પર્યાય એટલે અવસ્થામાં એકાકાર રાગમાં ઘસીને ઝેર ઊભું કરે છે. આહાહા..! કહો, આ લાડવા ખાય છે ને મોટી પદમણીને ભોગવે છે ત્યારે કહે છે કે દુઃખને ભોગવે છે એમ કહે છે. આહાહા..! ભગવાન! કહે છે કે ભાઈ! તું પર તો ક્યાં ભોગવ, બાપુ! તું તો અરૂપી છો ને. તારામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની તો ચીજ અનાદિઅનંત અછેદ્ય, અભેદ્ય એવો પદાર્થ છો તું. એમાં કોઈ રંગ, ગંધ, રસ, સ્પર્શનું સ્પર્શવું કે અડવું પણ છે નહિ. હવે જે આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ચીજોનું લક્ષ જઈને તને એમ થાય કે આ કાંઈક કરું, રાગ કરું, આ પુણ્ય કરું, આ પાપ કરું, આ ભાવ કરું એવી કર્મચેતના અને આ ભોગવવાયોગ્ય હું આને ભોગવું છું, આ હરખને ભોગવું, શોકને ભોગવું, કહો, સમજાણું? દીકરો મરી જાય અને પછી રોવે અંદરમાં. શોક. એ શોકને અનુભવે છે. અને પાંચ-પચ્ચીસ લાખ મળે. મૂકો લાપસીના આંધણ. આજ પેદા થયા. એ રાગને હરખને ઝેરને અનુભવે છે એમ કહે છે.

મુમુક્ષુ :- સાચું સાહેબ.

ઉત્તર :- શું સાચું?

મુમુક્ષુ :- ઝેરને અનુભવે છે ઈ.

ઉત્તર :- પણ તમારા છોકરાને બેસે આ? કહો, સમજાણું કાંઈ? પાલખી કાઢીને રૂપિયા કેટલા પેદા કર્યા હશે કોણ જાણે? શું કહેવાય એ ફિલ્મ? પાલખીની ફિલ્મ. હેરાન-હેરાન થઈ જાય. એય..! હિંમતભાઈ! આરે..! પણ કોણ જાણે શું છે? દારૂ પીધો છે દારૂ. મિથ્યાશ્રદ્ધાનો દારૂ છે કહે છે. ભગવાન અમૃતની ખાણ છે ને નાથ! એમ કહે છે. તું તો અતીન્દ્રિય આનંદનો કંદ અને જ્ઞાનનો સૂર્ય છો. એવી અંતરમાં દૃષ્ટિ છોડી દઈ એવા મહાસત્તાના અસ્તિત્વને પ્રતીતમાં લીધા વિના એકલો આ ભોગવું, આ ભોગવું, હરખને-હરખને. હરખના ઘણાં પ્રકાર છે, શોકના ઘણાં પ્રકાર છે, ખુશી થવાના ઘણાં પ્રકાર છે, નારાજ થવાના ઘણાં પ્રકાર છે. એ બધા વિકલ્પની જાતને હું ભોગવું છું. કહે છે કે ભગવાન! એ આત્માના આનંદથી વિરૂદ્ધ ઝેરનો અનુભવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

તારી ચીજ તે ક્યાંથી? હવે આ બેય રીતે કહે છે કે અધર્મ છે એમ કહે છે. પુણ્ય-પાપના ભાવને કરું એ પણ અધર્મ ભાવ છે. અને હરખ-શોકને ભોગવું એ પણ અધર્મ ભાવ છે. આહાહા..! બહુ આકરું. નિજઘરની ખબર ન મળે. હું કોણ છું? ક્યાં છું? હું કેવડો, ક્યાં, કેમ છું એની ખબર ન મળે. એટલે બહાર દૃષ્ટિમાં રહ્યો અને જ્યાં-ત્યાં ઊભો થાય ત્યાં રાગ ઊભો થાય, દ્વેષ, ઊભો થાય, રતિ-અરતિ થાય, શોક થાય. બસ! એ

મારું કર્તવ્ય અને એનો હું ભોક્તા અને એ મને ભોગવવા યોગ્ય. કહે છે કે ઝેરની વાસનાને તું કરે છો અને ઝેરના ભાવને તું અનુભવે છો. ભાઈ! એને અજ્ઞાનચેતના બેયને એકરૂપે કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! બહુ આકરું પડે માણસને. આમ હોંશું હોય. પાંચ-પચ્ચીસ લાખ પેદા થતાં હોય, મોટરું આમ બબ્બે, પાંચ-પાંચ લાખની ભૂં.. ભૂં.. કરતી હોય. લ્યો! હવે એમાં બેઠો હોય ને માથે ઊંચે આમ હાલે. નાનો ટોપો પહેર્યો તો મોટો ટોપો માથે લ્યો. ઓહોહો..! શું છે આને તો જાણે. અને બંગલા હોય પાંચ-પાંચ લાખના અને દસ-દસ લાખના. અને જાળિયા ને માળિયા. આવળ, બાવળ અને બોરડી. આ જંગલમાં હોય છે કે નહિ? આવળ, બાવળ અને બોરડી. આ આવળ એટલે આવળ નથી થાતી? અને બાવળ થાય ને બોરડી થાય અને ઉપર થાય કાંટા. એમ આવળ, બાવળ અને બોરડી આ બધા છે. આહાહા..! સમજાણું? આહાહા..! આવળ નથી થાતી? આવળ ઓલી ફૂલ થાય ઓલા આવળ. આવળ ને બાવળ. બાવળ હોય, બોરડી હોય. હમણાં શિયાળો છે ને. નાના-નાના હોય લાલ-લાલ બોર. અને એક કોર આ પાક્યા. ચોથું આ જંગલમાં બેઠા આવતું હતું. આ ઓણ પાક્યું છે ને હમણાં નવા શું લાંબા-લાંબા? ગાંડો બાવળ. બહુ પાક્યો છે. એટલે આવળ, બાવળ અને બોરડી, ચોથો ગાંડો બાવળ કીધો આ. ઓલો બાવળ બીજી જાતનો.

મુમુક્ષુ :- એ પરદેશી.

ઉત્તર :- એ બીજો. આ પરદેશી. બીજો બાવળ જોડે હતો. બધું ચારે સાથે હતું જોડે પડ્યું હતુ. એક કાંટાવાળો બાવળ, એક આ લીલો. શું કીધું? વિલાયતી. ગાંડો બાવળ એ ચાર હતા એ ઉપરથી. આવળ, બાવળ અને બોરડી આ ચોથો સમજ્યાને આ શું કીધું? ગાંડો બાવળ. એ બધા ચાર વળગ્યા છે દુનિયાને. વજુભાઈ! લોકો તો એમ કહે છે કે છોકરા સારા, પૈસા સારા, રૂપાળા શરીર, બાયડી સારી કહ્યાગરી હોય, ખાવા બેઠો હોય ને માખી ઉડાડવા પંખો રાખે અને આમ કરતી હોય. દાળમાં માખી ન પડી જાય. ... ખાવામાં ધ્યાન હોય ને એટલે પછી.. દુનિયા કહે કે સુખી છે. અહીં કહે છે કે ઝેરનો અનુભવ કરે છે એકલો. આહાહા..! એ વખતનો રાગનો અનુભવ તે ઝેરનો અનુભવ છે. સમજાણું કાંઈ? તને ભગવાન અમૃતસ્વરૂપ ભગવાનની તને ખબર નથી. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા છે, એનો તને પ્રેમ નથી, એનો તને આશ્રય નથી, એનું તને શરણ નથી. આ શુભ-અશુભભાવ અને હરખ-શોકના ભાવનું કર્તવ્ય અને એનું શરણ અને એ ભોગવવું અજ્ઞાનભાવ છે, દુઃખરૂપ ભાવ છે. સમજાય છે? આહાહા..! કેવી ટૂંકી વાત નાખી! સમજાણું?

**'(એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે). તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે;...**' છે? તે સમસ્ત. સમસ્ત એટલે ઓલા પુણ્ય-પાપના ભાવ, શુભાશુભના અસંખ્ય પ્રકાર અને હરખ-શોક, શોક-હરખ, રાજીપો અને કરાજીપો એના પણ ઘણાં પ્રકાર. એ કર્મચેતના એટલે કાર્યરૂપ ભાવ અને ભોગવવારૂપ ભાવ. '**તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે; કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે...**' આવા ભાવથી આઠ કર્મ બંધાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! અહીં આઠેય પ્રકાર લીધા હોં! આયુષ્ય સુદ્ધા. આયુષ્ય સુદ્ધા. આયુષ્ય જે અહીંથી મરીને જશે, આયુષ્ય બંધાય છે એ અજ્ઞાનચેતનાથી બંધાય છે એમ કહે છે. આહાહા..! આત્માના ધર્મભાવથી બંધાય? આહાહા..! સમજાણું કાંઈ? કહો.

કહે છે કે, એ બે પ્રકારની સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે. એમાથી સંસાર ફાલે છે. બીજ ફાલીને વડ થાય છે ને? બીજ ફાલીને વડ થાય. એમ આ અજ્ઞાનચેતના ફાલીને ચોર્યાસીના અવતાર થાય. અથવા એ અજ્ઞાનચેતના... '**કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ,...**' એનું આ બીજ છે માટે એને બીજ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભગવાન આત્મા સ્વરૂપ શુદ્ધ એ તો મોક્ષનું બીજ છે. સમજાય છે કાંઈ? વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એ તો મોક્ષ નામ પૂર્ણ આનંદનું એ બીજડું છે. એમાંથી તો પૂર્ણ આનંદ ફાલીને ઝાડ ફાલે. પૂર્ણ આનંદનો બગીચો ખીલે. આ પુણ્ય-પાપ અને હરખ-શોકના ભાવ, એ સંસાર બીજ, આઠ કર્મનું કારણ અને કર્મ પોતે સંસારનું કારણ. માટે તેને અજ્ઞાનને જ સંસારનું બીજ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;...**' સંસરવું એટલે રખડવું. ચોર્યાસી અવતાર, નરક અને નિગોદ, મનુષ્ય અને દેવ, ઢોર અને ઢાંખર, એના અવતારમાં રખડવું એ બધું આ અજ્ઞાન બીજ એનું આ કારણ અજ્ઞાન. રાગભાવનું કરવું અને હરખ-શોકનું ભોગવવું એ સંસારનું બીજડું છે. આહાહા..! '**કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ,...**' જુઓ! અહીં તો આઠેય પ્રકારના કર્મને સંસારનું બીજ કહ્યું છે. શાતાવેદનીય બંધાવ. એમ આવ્યું ને? શુભભાવમાં કર્મચેતનામાં. શુભભાવ આવ્યું ને? તો શુભભાવ છે એનાથી શાતા બંધાય. એ શાતા એ સંસારનું બીજ અહીં છે પુણ્ય. એટલે શાતાવેદનીયને પણ સંસારનું બીજ કહ્યું છે. સંસારનું બીજ શાતાવેદનીય. એનું બીજ આ પુણ્ય, માટે એને અજ્ઞાનચેતનાને સંસારનું બીજ કહ્યું છે. શું કીધું?

'**કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ,...**' એટલે શાતાવેદનીય, નામ કર્મ, યશોકીર્તિ આદિ જે બંધાય ને? અને અશાતાવેદનીય, અપજસ કર્મ આદિ બંધાય, ઉચ્ચ ગોત્ર કે નીચ ગોત્ર બંધાય, ઉચ્ચ આયુષ્ય કે થોડું આયુષ્ય કે ઘણું આયુષ્ય બંધાય એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જે આઠ કર્મ તેનું આ બીજ છે. સમજાણું? અજ્ઞાનચેતના તેનું બીજ છે. સમજાણું કાંઈ? શાતાવેદનીય બંધાય કે અશાતાવેદનીય બંધાય, એ બધું સંસારનું બીજ છે. અને એનું બીજ આ અજ્ઞાન એટલે પુણ્ય-પાપના પરિણામ, હરખ-શોકના પરિણામ એનું કારણ છે. આહાહા..! ક્યાં નાખ્યું... સમજાણું કાંઈ?

'**સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે; કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ,...**' તે સંસારનું બીજ છે રખડવાનું અને એ બીજનું કારણ આ પુણ્ય-પાપના ભાવનું કરવું અને હરખ-શોકનું વેદવું એ અજ્ઞાનચેતના એ કર્મનું બીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તેનું તે અજ્ઞાનચેતના બીજ છે...**' શાતા-અશાતા બંધાય, ઉચ્ચ-નીચ બંધાય, યશોકીર્તિ, અયશોકીર્તિ બંધાય એ બીજ છે તેનું આ પુણ્ય-પાપનું કરવું, શુભાશુભનું થવું અને હરખ-શોકનું થવું એ એનું બીજ છે. ઓહોહો..!

'**માટે મોક્ષાર્થી પુરુષે...**' હવે આ વાત કરે છે. સમજાણું? પાઠમાં તો આટલું જ છે. હવે એમાંથી સવળું કાઢે છે. સમજાણું? પાઠમાં છે ને? '**सुहिदो दुहिदो य हवदि जो चेदा**' '**सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।**' આમ જાણીને મોક્ષાર્થી પુરુષે આત્માના આનંદના પૂર્ણ આનંદની પ્રાપ્તિના પ્રયોજનવાળા જીવે '**અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે...**' એ વિકારી પરિણામનું કરવું અને હરખ-શોકનું ભોગવવું, એવી જે અજ્ઞાન દશાની ચેતના એનો પ્રલય. પ્રલય એટલે નાશ કરવા માટે, એને નાશ કરવા માટે '**સકળ કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને...**' એટલે કે પુણ્ય-પાપના રાગને અને હરખ-શોકના... પહેલા પુણ્ય-પાપના ભાવ. '**સકળ કર્મના સંન્યાસની...**' લ્યો, આ સંન્યાસ. આનું નામ સંન્યાસ. આ લૂગડા ફેરવ્યા અને સંન્યાસ (કહે) એ સંન્યાસ નહિ. આહાહા..! અંદર જે પુણ્ય-પાપનો ભાવ, જે રાગનું કાર્ય તેનો સંન્યાસ એનું નામ ત્યાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શુભ-અશુભ જે રાગ થાય તેનો સંન્યાસ, એનો ત્યાગ. કોના આશ્રયે? ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ, એનો આશ્રય લઈને કર્મનો સંન્યાસ-કર્મનો ત્યાગ કરવો એ મોક્ષાર્થીએ અજ્ઞાનચેતનાને નાશ કરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં?

'**મોક્ષાર્થી પુરુષે...**' હવે ફેરવી વાત. આ વસ્તુ સમજાવીને જેને આત્માના આનંદનું પ્રયોજન છે, જેને મુક્તિ કરવી છે, બંધનથી મુક્ત થાવું છે. સમજાણું કાંઈ? જેને આ પુણ્ય-પાપના કર્તૃત્વનો ભાવ અને હરખ-શોકના વેદનનો ભાવ, એવું જે ઝેરરૂપ બંધન છે, એનાથી જેને મુક્તિ મેળવવી છે એટલે શાંતિ મેળવવી છે, એવા શાંતિના શાશ્વત સ્વભાવ જે શાંતિ અને એમાંથી જેને શાંતિ પ્રાપ્ત કરવી હોય એણે શું કરવું? એટલે ધર્માર્થીએ ધર્મને કેમ કરવો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- મંદિરમાં જાવું.

ઉત્તર :- મંદિર આ નિજઘર છે એમાં જાવું. એ મંદિર છે. ભગવાન આત્મા આનંદનું ધામ છે તે નિજમંદિર છે. કોઈ અપાસરામાં ગયા એટલે ધર્મ નથી, દેરાસરમાં ગયા એટલે ધર્મ નથી. સોનગઢ અને રૂપગઢ એવું આવ્યું છે હમણાં. ... અપાસરામાં નથી, દેરાસરમાં નથી, ફલાણામાં નથી, સોનગઢમાં નથી, રૂપગઢમાં નથી. એક જણો વળી એમ કહે. પોતે જાણે હું.. અરે.. ભગવાન!

ભાઈ! આત્માનો ધર્મ કાંઈ બહાર કોઈ શરીર ને કોઈ મકાન કોઈ સ્થાનમાં, કોઈ ડુંગરે, કોઈ પર્વતે અને કોઈ મંદિરે નથી. ત્યાં તો નથી પણ આત્માના પરિણામ પુણ્ય-પાપના થાય ત્યાં ધર્મ નથી. અહીં તો ઈ વાત કરે છે. હવે એ તો બીજી તો ક્યાં વાત રહી? સમજાય છે? મોક્ષાર્થી એટલે કે સંસારના બંધનથી છૂટવાના અર્થીએ અજ્ઞાનચેતના એટલે પુણ્ય-પાપનું કરવું અને હરખ-શોકનું ભોગવવું એવો જે અજ્ઞાનનો અનુભવ એને પ્રલય કરવા માટે, એનો નાશ કરવા માટે સકળ કર્મનો ત્યાગ. સકળ કર્મનો ત્યાગ. એમાં કોઈ પણ વિકલ્પનો ભાવ રાખવો એ નથી. સકળ કર્મ. સમજાય છે? કર્મ એટલે રાગ. એના ત્યાગની ભાવનાને નચાવીને એમ પછી લેવું. છેલ્લો શબ્દ છે ને? નચાવવું એટલે પરિણમાવવું.

જે રાગભાવ છે, જે પુણ્યભાવ છે, જે પાપભાવ છે, અસંખ્ય પ્રકારના શુભ અને અશુભભાવ છે એને છોડવા માટે એના ત્યાગની ભાવના એટલે કે તેના અભાવની ભાવના એટલે ચૈતન્ય ભગવાનની ભાવના. અભાવથી તો વાત કરી છે. સમજાણું કાંઈ? '**સકળ કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને...**' એટલે રાગાદિના વિકલ્પ જેટલા અસંખ્ય પ્રકારના પુણ્યના-પાપના હો, તેના અભાવની ભાવના એટલે જ્ઞાનાનંદ ભગવાન આત્મા તેના સન્મુખની ભાવના. સમજાણું કાંઈ? '**તથા સકળ કર્મફલના સંન્યાસની ભાવના...**' લ્યો! સમજાણું? અને કર્મફળ. જે કર્મ બંધાણું છે ને? એના ફળનો ત્યાગ, એને ભોગવવાનો ત્યાગ. કહો, હરખ-શોકને બધી (ત્યાગની) રીતે ભોગવવાનો ત્યાગ. પરને તો ભોગવતો નથી. '**સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને...**' એટલે કે હરખ-શોકનો અભાવ કરવાની ભાવના એટલે સ્વભાવ સન્મુખના અનુભવની ભાવના. એમ. ભારે ધર્મનું રૂપ ઝીણું અને માણસો ક્યાંના ક્યાંય ગોઠવી દીધા. જિંદગી પૂરી થઈ જાય અને ચાલ્યા જાય રખડવા. આહાહા..! આવો મનુષ્યપણાનો કાળ માંડ કરવાનો આવ્યો ત્યાં ક્યાંકના ક્યાંક ખોસી ઘાલ્યા બિચારાને.

અહીં તો કહે છે કે ભગવાન! તારે જો વિકારથી છૂટું થવું હોય, એ પુણ્ય-પાપના કર્તૃત્વથી અને એના હરખ-શોકના ફળથી છૂટવું હોય તો એના ત્યાગની ભાવના, એના ત્યાગની ભાવના, એના અભાવની ભાવના. એટલે? કે ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે તેની એકાગ્રતાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાવના. સમજાણું કાંઈ? એની '**ભાવનાને નચાવીને,...**' નચાવવું એટલે પરિણમાવીને. નાચ કરવો. એ રાગના ભાવમાં અને હરખમાં નાચતો હતો, પરિણમતો હતો. જે પુણ્ય-પાપના રાગમાં અને હરખ-શોકમાં પરિણમતો હતો, પરિણમતો એટલે પર્યાયમાં તેને કરીને ભોગવતો હતો એના ત્યાગના ભાવને નચાવીને. એવા પુણ્ય-પાપ અને હરખ-શોકના ભાવનો અભાવ એવો આત્માના ભાવને પરિણમાવીને. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો પકડાવું મુશ્કેલ પડે. એ કરે કે દિ' બિચારા? .. ન મળે, કોઈ દિ' સાંભળ્યું ન મળે. એમ ને એમ રાખ્યા હોય. આ કરો, રોજ પૂજા કરો, હમણા ભક્તિ કરો, ફલાણું કરો, પાંચ લાખની મૂડી હોય, દસ લાખની. બે લાખ ખર્ચી નાખો તો ધર્મ થાય. ધૂળમાં પણ નહિ થાય. સાંભળ! સમજાણું કાંઈ? એ વખતનો તારો શુભભાવ એ ધર્મ નથી એમ અહીં તો કહે છે. આહાહા..! એ શુભભાવનું મારું કર્તવ્ય છે એમ માન તો મૂઢ છો. મૂંઢાઈ ગયો છો કહે છે. ગુમડું જેમ મૂંઢાઈ જાય છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ આમ ચૈતન્ય છે. મહાપ્રભુ દ્રવ્ય છે ને વસ્તુ? વસ્તુ છે, પદાર્થ છે, એની શક્તિઓ શાંત, આનંદ આદિ ત્રિકાળ છે. એમાં રાગાદિ અને હરખ-શોકનો ભાવ નથી. એટલે એમાં એકાગ્ર થતાં આનો અભાવ થઈને શુદ્ધનું પરિણમન થાય તેને મુક્તિનો ઉપાય અને તેને ધર્મ કહે છે. કહો, સમજાણું કાંઈ? પણ પહેલું આમાં કરવું, કાંઈક બીજો હળવો રસ્તો હશે કે નહિ? એમ કહે છે. આહાહા..! ભાઈ! થઈ શકે એવું હોય તો આ છે. બીજું શું કરશે? રાગની મંદતા એ તો કહે છે, રાગ છે, વિકાર છે. પહેલો રાગ મંદ કરીએ, પુણ્ય કરીએ, દાન કરીએ પછી (ધર્મ થશે). અહીં તો કહે છે ને એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. એ તો આત્માના આનંદથી વિરૂદ્ધનું ઝેર છે. પહેલું આ કરીએ અને પછી આ કરીએ એવું એમાં તો આવતું નથી કાંઈ. પહેલું ઝેર પીએ અને પછી અમૃત લે. એમ છે? આહાહા..! આકરી વાત છે માણસને. એય..! ધર્મ આવો એકાંત થઈ જાય. વ્યવહાર જોઈએ. પણ વ્યવહારનો એ રાગ છે. સાંભળને. વ્યવહાર પહેલો હોય તો નિશ્ચય થાય. એ સાધન અને સાધ્ય, એય..! મારીને .. ફલાણું-ઢીંકણું.. કેટલા લાકડા ખોસ્યા છે લોકોને. પણ આંખ-દૃષ્ટિ ફેરવ. એ સિવાય કોઈ ઉપાય નથી.

શુભ-અશુભભાવ શુભ હો કે અશુભ હો, હરખ હો કે શોક હો. એ કૃત્રિમ, ક્ષણિક, અનિત્ય વિકાર દુઃખ ઝેર છે. એને છોડવાની ભાવના, એને છોડવાની ભાવના. એમાં કોઈને રાખવાની એમ નથી. કે આ શુભ રાખું અને અશુભ છોડું એમ છે એમાં? કહો, સમજાણું? ભક્તિમાં એવા લીન થઈ જાય કે આમ પરમાત્મા સાથે એકાકાર થઈ જાય. ભક્તિ નહોતા અહીંયાં આપણે ભોગીભાઈ કરતા? જોયું છે કરતા? ત્યાં એ ચાલતી હતી. નહોતી કરતા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં? અહીં કરતા હતા ને. દેરાસરમાં. એ લોકોનું ત્યાં ચાલતું હોય ને. એ ભાઈ કાલે કહેતા હતા. ત્યાં હંપીમાં ગયા હશે. ઓલા અમરચંદ છે ને અમરચંદ? ભાવનગરવાળા નહિ? હંપીમાં ગયા. ત્યાં એવી ભક્તિ કરે કે આ શું માંડ્યું તમે? બહુ ધખ્યો હતો એને. અમરચંદ નથી આવતો? ભાવનગરવાળો. તળાજા રહે છે. એ ત્યાં ગયા હશે હંપી. વલ્લભાદાસભાઈ .. રાતે બાયું અને આદમી ભેગા થઈને કાંઈ ઠેકાણું નહિ એવી એકલી ભક્તિ કરે. બધું ઘણું લખીને આવ્યા. ખુબ ધખ્યા. શ્રીમદ્‌ની પાછળ આ શું માંડ્યું? બાયું ત્યાં આદમી શી રીતે રાતે કેમ કરે? શું કરો છો આ? એ લખીને લાવ્યા રિપોર્ટમાં. દુનિયાને શું કરવું છે? બધા બાયું ભેગા, ભાયું ભેગા અને આમ ધૂન લગાવી દે. શેની પણ ધૂન? બહાર લગાડવી છે કે અંદરમાં? એ તો રાગની (ધૂન) છે. આ ભગવાન હોય તો આમ ઓલા હાથમાં હોય ને? કરતાલ. કરતાલ. કર એટલે હાથમાં તાલ. એમાં શું પણ? એ તો એક શુભ વિકલ્પ છે પુણ્યનો અને એ મારું કર્તવ્ય છે એ પણ મિથ્યાદૃષ્ટિનું ઝેર છે. આહાહા..! કહો, ભીખાભાઈ! આહાહા..! બાબુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગાંડી હોય? વિકલ્પ હોય પણ એની મર્યાદા હોય ને. ભિન્ન રાખીને વિકલ્પ હોય. અરે.. ભગવાન! બાપુ! અહીં તો એ વાત કરે છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય એ પણ ત્યાગના અભાવની નાચના કર એમ કહે છે, પરિણમન કર એમ કહે છે અહીં તો. આહાહા..! જેનાથી કર્મ બંધાય એવો જે ભાવ, એના ત્યાગની ભાવનાની આ વાત કરે છે અહીં. આહાહા..! પચ્ચખાણ અને પડિક્કમણું બતાવવું છે ને? ત્રણ બોલ લે છે ને? ૪૯ ભંગ. સમજાણું?

**'સકળ કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવના તથા સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવીને,...'** હવે શું કહે છે? અસ્તિ લીધી હવે. **'સ્વભાવભૂત એવી...'** જુઓ! પુણ્ય-પાપના રાગ અને હરખ-શોક એ તો વિભાવભાવ છે. સમજાણું કાંઈ? **'સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને...'** જુઓ! આ પર્યાયની વાત ચાલે છે હોં! ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એમાં એકાકાર થતાં **'સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને...'** દેખો! શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમાનંદ પ્રભુ, એની અંતર એકાગ્રતા, એને સ્વભાવભૂત **'ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.'** જુઓ! ભાષા કેવી છે! ભાષા લીધી ને? સદાય લીધી ને ભેગી? એમ કરીને કહે છે કે ભાઈ! તું ચૈતન્યદ્રવ્ય છો, જ્ઞાયકમૂર્તિ છો. એની સન્મુખની એકાગ્રતાની રમણતા, તેની જે જ્ઞાનચેતના એટલે જ્ઞાનનો અનુભવ, સમજાણું?

**'ભગવતી જ્ઞાનચેતના...'** આહાહા..! પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકનો ભાવ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મહિમા વિનાનો ભાવ હતો, ઝેરવાળો ભાવ હતો. ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય ધ્રુવ આનંદ, એમાં એકાકાર થઈને મહિમાવાળી ભગવતી જ્ઞાનચેતના. જુઓ! આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. એને અહીંયાં ભગવતી જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા અનાકુળ આનંદ અને જ્ઞાનનું તેજ સૂર્ય પ્રભુ, એની અંદરમાં એકાગ્રતા, એના સન્મુખની એકાગ્રતા એવી જે ભગવતી મહિમાવાળી, સ્વભાવભૂત મહિમાવાળી, સ્વભાવભૂત મહિમાવાળી જ્ઞાનચેતના. એટલે શુદ્ધ ભગવાન આત્માનું દર્શન-જ્ઞાન અને ચારિત્રની રમણતા એને અહીંયાં સ્વભાવભૂત ભગવતી જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આનો ત્યાગ કરીને અને આ સ્વભાવભૂત ભગવતીને પ્રગટ કરીને એમ કહે છે. આહાહા..!

જુઓને! અત્યારે તો આ કેવા રોગ થાય છે! આ કેન્સરના, શું કહેવાય? હાર્ટના. હાર્ટ એટેક. અબજો રૂપિયા પડ્યા હોય, મોટા સોનાના દાગીનાના લાટા પડ્યા હોય. કેન્સર થયું. હવે ડોક્ટર કહે કે કાંઈ ઉપાય નથી બાપા! હવે ભગવાનનું નામ લ્યો. પહેલા કેમ કહેતા હતા ને? છોકરા બધા એમ કહે. બાપા, હવે ભગવાનનું નામ લ્યો. પણ પહેલેથી કહેવું હતું ને આ પાપ કર્યા પહેલા. ભગવાનનું નામ નહિ, આ ભગવાન આત્મા એને સ્મરણ કર હવે, એમ કહે છે. પણ ભગવાન આત્મા કેવો છે એવી જ્ઞાનમાં, મતિમાં, અવગ્રહ, ઈહામાં નક્કી કર્યો હોય તો એનું સ્મરણ કરે ને? કર્યા વિના કોનું કરે? કોઈ વાત ખ્યાલમાં હોય કે આ વસ્તુ (છે) તો એનું સ્મરણ કરે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શું ચીજ છે? એ જેણે વિચારીને નિર્ણયમાં લીધી નથી એ સ્મરણમાં શી રીતે લેશે? સમજાણું કાંઈ? ભગવાનનું સ્મરણ એટલે આ સ્મરણ.

'**સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ...**' ભાષા જુઓ! '**એકને સદાય નચાવવી.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બે નહિ.

ઉત્તર :- નહિ. નહિ. એકને નચાવવી એમ કહે છે. એનો ભાવ એમાં આવે છે નીચે. કળશમાં આવે છે. આ એક ઉપર વજન છે ને. એકને સદાય નચાવવી. એટલે કે સદા લીધું નિરંતર અને ભગવાન દ્રવ્ય સ્વભાવ જે ચૈતન્યમૂર્તિ, એની એકાગ્રતાનું પરિણમન નિરંતર કરવું, એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજા બે માર્ગ-ફાર્ગ છે નહિ. નિરંતર શબ્દ આવે છે. પણ આ તે ભગવતી સ્વભાવભૂત જ્ઞાનચેતના. કેટલી ભાષા આચાર્યે પોતે વાપરી છે. સમજાણું કાંઈ? '**नाटयित्वा स्वभावभूता भगवती ज्ञानचेतनैवैका नित्यमेव नाटयितव्या**'.

કહે છે કે ભાઈ! ભગવાન આત્મા ચૈતન્ય આનંદની ખાણ પ્રભુ છે. અને એ પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકનો ભાવ તો ઝેર મૂર્તિ છે એ તો. એવા દુઃખને ટાળવા માટે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ઝેરને ટાળવા માટે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની એકાગ્રતા, એની એકાગ્રતા એવી જે સ્વભાવભૂત જ્ઞાનચેતના જ, એને જ. માણસ કહે કે એને પણ કરે અને આને પણ કરે તો અનેકાંત કહેવાય. ભગવાનના માર્ગમાં 'જ' તો હોય નહિ. એમ નથી કહેતા? અરે..! સાંભળને. એ.. છોટાભાઈ! આમાં તો આ 'જ' આવ્યું. એકાંત આવ્યું એકાંત. આહાહા..! એ જ અનેકાંત છે. '**ભગવતી જ્ઞાનચેતનાને જ એકને...**' એકને અને સદાય, એક ને અને સદાય. એક જ સ્વભાવ સન્મુખની એકાગ્રતાનું પરિણમન તે જ મોક્ષનું કારણ છે. બાકી કોઈ મોક્ષનું કારણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.**' લ્યો! '**તેમાં પ્રથમ, સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવે છે :-**' કાવ્ય છે. ૨૨૫.

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।**
**परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।२२५।।**

લ્યો! કર્મની સામે નિષ્કર્મ.

'**શ્લોકાર્થ :- ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) સમસ્ત કર્મને...**' એટલે પુણ્ય-પાપના વિકલ્પરૂપી રાગને. કહો! આ પડિક્કમણું. ગયા કાળનું પડિક્કમણું, આવતા કાળના પચ્ચખાણ અને વર્તમાન કાળનો સંવર એમ. છે ને અતીત? અતીત એટલે ગયા કાળનું પડિક્કમણું, વર્તમાનનો સંવર, અનાગતના પચ્ચખાણ. એવા ગયા કાળના પુણ્ય-પાપના રાગને, વર્તમાનના પુણ્ય-પાપના રાગને કે ભવિષ્યના રાગથી બંધાય તેવા ભાવને '**સમસ્ત કર્મને...**' લ્યો, આનું નામ પડિક્કમણું અને આનું નામ પચ્ચખાણ. પડિક્કમણા કરે છે ને પડિક્કમણા, સાંજ-સવાર જઈને.

મુમુક્ષુ :- એ તો વ્યવહાર છે.

ઉત્તર :- વ્યવહાર તો, નિશ્ચય હોય તો એ શુભભાવ હોય ત્યારે વ્યવહાર કહેવાય. નિશ્ચય વિનાના ભાવ વ્યવહાર કેવા? આંધળા છે. સમજાણું કાંઈ?

'**ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) સમસ્ત કર્મને...**' પુણ્ય-પાપના રાગને '**કૃત-...**' કરવા યોગ્ય છે, કરાવવા યોગ્ય છે, અનુમોદવા યોગ્ય છે. એ '**મન-વચન-કાયાથી ત્યાગીને...**' નવ નવ કોટીએ છોડીને, લ્યો કહે છે. કોઈપણ પ્રકારે એ કરવા જેવા પુણ્યભાવ છે કે પાપભાવ છે, મનથી, વચનથી, કાયાથી, કરવું, કરાવવું અને અનુમોદવું. કહો! આવી વાત છે. ઓલામાં કીધું હતું ને? સંસર્ગ ન કરવો. સંસર્ગ ન કરવો આવ્યું હતું ને? મન-વચન-કાયાથી રાગ ન કરવો એમ આવ્યું હતું પુણ્ય-પાપમાં. પહેલા ..... વાત લીધી. ટૂંકામાં લીધું એકદમ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે કે કોઈ કાળમાં ગયા કાળના પુણ્યને પણ આદરવા લાયક છે એમ નહિ, વર્તમાનના નહિ, ભવિષ્યના નહિ. પાપના તો નહિ. પણ શુભભાવ પણ કરવા લાયક હતો, પૂર્વે પુણ્ય કર્યા હતા તો આ મનુષ્યદેહ ને આ મળ્યું તો ખરું. કહે છે કે એ ભાવનો ત્યાગ કર. એ કર્મનો અંતરથી ત્યાગ કર. નહિતર ઝેર ચડશે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? ભાઈ! પૂર્વે પુણ્ય કર્યા તો આ મળ્યું, આ પૈસા મળ્યા, આ મળ્યું, ધૂળ મળી.

મુમુક્ષુ :- માટે ભોગવો.

ઉત્તર :- ભોગવવાને એમ કે એમાંથી દાન કરીએ લ્યો. પૈસા હશે તો દાન કરશું, તો દાનમાંથી પાછું પુણ્ય થાશે. ધૂળેય નહિ થાય. સાંભળને. મરી જઈશ ત્યાં. પુણ્યને લઈને વૈભવ અને વૈભવ મળ્યા એટલે અભિમાન થશે. અને અભિમાન થશે (એટલે) મતિ જાશે અવળે અને અવળે જતાં થશે અજ્ઞાન. અને અજ્ઞાનથી જાઈશ ચાર ગતિમાં રખડવા. કહો, સમજાણું આમાં?

'**હું પરમ નૈષ્કર્મ્યને અવલંબું છું.**' વાહ! જુઓ! ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો જે નિષ્કર્મ અવસ્થા તે '**પરમ નૈષ્કર્મ્ય (-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું.**' શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ તેની પર્યાયને પ્રગટ કરું છું. કહો, '**(એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.)**' એમ વિશેષ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૮, રવિવાર તા. ૨૪-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૩૬**

ત્રણ ગાથાનો અર્થ છે. જુઓ ટીકા. શું કહે છે?

મુમુક્ષુ :- ઉપોદઘાત છે ને.

ઉત્તર :- ઉપોદઘાત અહીંયાં એમ છે. એ કહે છે આ જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે આ હું છું તે અજ્ઞાનચેતના છે. એની આ વ્યાખ્યા. પહેલો શબ્દ છે ને?

**'જ્ઞાનથી અન્યમાં (-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું (અનુભવવું) કે આ હું છું, તે અજ્ઞાનચેતના છે.'** એટલે શું હવે? એ તો શબ્દ થયો. આમાં કાંઈ સમજાય નહિ. શાંતિભાઈ કહે, આમાં સમજાય નહિ. ગ્રીક-લેટિન લાગે. આ આત્મા છે ને અંદર જ્ઞાન-જ્ઞાન-જાણનાર. જાણનાર જાણે છે તે આત્મા છે. સમજાય છે કાંઈ? જાણે છે. જેમાં જણાય છે, જેમાં જણાય છે તે આત્મા. જે સત્તામાં, જેના હોવાપણામાં આ.. આ.. આ.. ઘટ-પટ શરીરાદિ જેની હયાતીમાં, જેની સત્તામાં, જેના હોવાપણામાં જણાય છે કે આ, આ એ જાણનાર તે આત્મા. કહો, સમજાય છે કાંઈ? કહો, આ તો સહેલું છે કે નહિ?

મુમુક્ષુ :- એક, બેથી કીધું ને પછી.. સમજાઈ જાય કાંઈ?

ઉત્તર :- હા એટલું. હજી આ તો આત્મા છે એમ એટલું સમજાય છે? એમ કીધું. આ જ્ઞાનથી એની વ્યાખ્યા કરી. આ જ્ઞાન શબ્દ પહેલો પડ્યો એની વ્યાખ્યા કરી. જ્ઞાનથી એટલે શું? કે આત્માથી. એટલે શું? એનો અર્થ કર્યો આ. સમજાણું કાંઈ? જાણનાર. શ્રીમદ્‌માં આવતું નથી એમાં?

ઘટ પટ આદિ જાણ તું, જેથી તેને માન,
જાણનારને માન નહિ આ તે કહીએ કેવું અજ્ઞાન?

એમાં આવશે તમારે, શાંતિભાઈ! આત્મસિદ્ધિ આપી છે ને? એમાં દરેકનો અર્થ છે. એક એક લીટીનો અર્થ છે. આત્મસિદ્ધિ આપી છે વાંચવા. મેં કીધું વાંચે તો ખરા અહીંયાં આવ્યા છે એટલું થોડું.

આ આત્મા.. આ આત્મા જે છે એ આ દેહાદિનો જાણનાર છે. દેહરૂપે નથી. દેહાદિ છે એ દેહરૂપે એટલે જડરૂપે રહેલા છે. આ. અને એનો જાણનાર છે એ ચૈતન્યરૂપે જાણનારરૂપે રહેલ છે. એ જાણવું એનું સ્વરૂપ છે, જાણવું એનો ગુણ છે, જાણવું એની શક્તિ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાણવું એનો ભાવ છે. એ જાણવું... જાણવું... જાણવું... એવો જે ભાવ, એવો જે આત્મા એનામાં તો અનંત ગુણ છે. પણ અહીં મુખ્યપણે જ્ઞાનથી એને-આત્માને વર્ણવ્યો છે. જાણે છે જે આત્મા જાણનાર છે. તે જાણનાર જાણનાર સ્વભાવે ત્રિકાળ છે. એનામાં-અન્યમાં એ જ્ઞાનસ્વરૂપ એવો આત્મા એનાથી અન્યમાં. અન્ય એટલે એમ ચેતવું કે આ રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પો જે થાય છે ને? આ રાગની વૃત્તિ ઉઠે છે ને? આ કરું, આ ખાઉં, આ પીઉં, આ બોલું એવો જે ભાવ ઉઠે છે, એ ભાવ છે તે વિકાર છે. દયાનો, દાનનો, પૂજાનો, ભક્તિની ભાવ-વૃત્તિ ઉઠે છે તે વિકાર-શુભ વિકાર છે. અને હિંસાનો, જૂઠાનો, ચોરીનો, વિષયનો, ક્રોધ, માન, માયાનો ભાવ થાય તે પાપ વિકાર છે. એ બેય પુણ્ય-પાપના વિકાર તે આત્મા જે જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનાથી વિકાર અન્ય છે. કહો, સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ!

એ આત્મા વસ્તુ છે સત્ સત્. હોવાપણે જ્ઞાનના હોવાપણે. એ અનાદિ છે. છે એની શરૂઆત હોય નહિ, છે એ તો છે જ. છે એ તો છે જ. જ્ઞાનસ્વરૂપ છે.. છે.. છે... ગયા કાળનો કોઈપણ સમય લ્યો તો તે નહોતો એમ એ છે નહિ. અને ભવિષ્યનો કોઈપણ સમય લ્યો તો નહિ રહે એમ નથી. કારણ કે સત્ છે, વસ્તુ છે, સત્ છે, સત્ છે. તો કહે છે કે એ સત્ હોવાપણે વસ્તુ જે છે જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા છે. એ જ્ઞાન, શાંતિ, આનંદ, હોવાપણું, અસ્તિત્વપણું, વસ્તુત્વપણું એવો જે આત્મા, એનાથી અન્ય. અન્ય એટલે કે પુણ્ય અને પાપની વૃત્તિઓ ભાવ થાય છે. આ રળવાનો ભાવ થાય, કમાવાનો ભાવ થાય, ભોગનો ભાવ થાય, દયાનો ભાવ થાય. કહો, એ તો સમજાય કે નહિ?

મુમુક્ષુ :- કમાવાનો ભાવ ક્યાં...

ઉત્તર :- કમાવાનો ભાવ એ પાપ છે. વૃત્તિ ઉઠે છે ને? આ કરું.. આ કરું.

મુમુક્ષુ :- એમાં બીજાને લાભ થાય.

ઉત્તર :- ધૂળેય લાભ થતો નથી. કોને લાભ થાય? એ ડોક્ટરો એમ માનતા હશે કેટલાક એમ ને આપણે પરોપકાર કર્યો. રૂપિયા માટે રળવાની વૃત્તિ કરે છે. ધૂળેય નથી. એય.. નવરંગભાઈ! કહો, સમજાણું આમાં?

અહીં કહે છે કે જ્ઞાન સિવાય અન્યમાં. એટલે પોતાની જાત છે એ ચૈતન્ય સ્વરૂપ છે. જાણવું... જાણવું.. જાણવું... અને એકલું જાણવું છે એમાં તો આનંદ પણ પડ્યો છે અંદર. એવો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ કાયમ રહેનારો, જ્ઞાન અને આનંદની જેની અંદર શક્તિ અને સત્ત્વ છે. એવો ભગવાન આત્મા, એનાથી અનેરું. શરીર તો અનેરું છે જ. આ વાણી જડ આ તો અનેરી છે જ. પણ શુભ અને અશુભ પુણ્ય અને પાપના,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દયા, દાન, વ્રતના વિકલ્પ થાય રાગ; હિંસા, જૂઠા, ચોરી, વિષય અને ખાવા-પીવાની વૃત્તિ ઉઠે એ બેય વિકાર છે. એ વિકાર ચૈતન્યના શુદ્ધ સ્વરૂપથી અન્ય છે. કેમ કે એ વિકાર ટળી શકે છે. જે ટળી શકે છે એ એના સ્વરૂપમાં નથી. કહો, સમજાય છે કાંઈ?

આ સાકરમાં મેલ હોય છે ને? સાકરમાં. દૂધ નાખે છે ને ધોવા? બુરુ કરવા. બુરુ તો નથી થાતું, થાય છે સારું પણ લોકો એને બુરુ કહે છે ને. આ સાકર મેલ હોય ને ખાંડમાં. પછી દૂધ નાખીને સાફ કરે. ત્યારે કહે બુરુ કર્યું. ચોખ્ખું કર્યું કહેવાય. છે સારું અને એને બુરુ કહે. લોકોની ભાષા જ ઊંધી છે બધી. એમાંથી મેલ દૂધ નાખીને (સાફ કરે). ત્યારે મેલ હતો કે નહિ? અને મેલ વિનાની એ ચીજ હતી કે નહિ? ખાંડ છે મીઠી, સાકરનો પિંડ પોતે છે. અને એમાં જે મેલપ છે એ સાકરનું સ્વરૂપ નથી. જો હોય તો નીકળી શકે નહિ. એનું હોય એ નીકળે નહિ અને નીકળે એ એનું નહિ. કહો, આ સિદ્ધાંત તો બરાબર છે?

મુમુક્ષુ :- એ તો સમજાય એવું છે.

ઉત્તર :- આ સાદી ભાષાથી તો લેવાય છે. એ માંડ એકડે.. ના પાડતા હતા. ભાવ આવ્યો એમાં આવરણ એ શું? કહે લ્યો. આવરણ શું અને ભાવ શું અમારો? આસ્રવ એટલે શું? કોઈ દિ' સાંભળ્યું ન હોય. એય..! નવરંગભાઈ! આ ઈ જ કહે છે અત્યારે.

જે આત્મા વસ્તુ છે શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત અવિનાશી આત્મા (છે). એનામાં જેટલો પુણ્ય-પાપનો ભાવ દેખાય છે તે મેલ છે. જેમ એ ખાંડમાં મેલ છે. દૂધ નાખીને ચોખ્ખું થાય છે. જો એનો સ્વભાવ હોય તો છૂટો પડે નહિ. અને છૂટો પડે છે તે એનો મૂળ સ્વભાવ નહિ. એમ આત્મામાં જે પુણ્ય અને પાપના મેલ છે એ ટળી શકે છે. ટળે ત્યારે આત્માને ધર્મ થાય અને શાંતિ થાય. માટે પુણ્ય અને પાપના ભાવ એ આત્માનું નિર્વિકારી સ્વરૂપ છે, એનાથી તે વિકલ્પોની જાત, રાગની જાત જુદી છે. સમજાણું કાંઈ? આ તો જુદું છે જ. આ તો જડ-માટી-ધૂળ છે. ખબર છે નહિ? આ પડ્યું રહ્યું અને ચાલ્યો જાય છે અંદરથી. આ મૂકીને ચાલ્યો જાય છે. સમજાય છે કાંઈ?

માણસ એમ કહે ને મરે ત્યારે શું કહે? જીવ ગયો એમ કહે. મરી ગયો, અહીં મરી ગયો જીવ એમ કહે છે? જીવ ગયો અહીંથી. એ જીવ ગયો. એમ કહે. .. ડોક્ટરો વળી એમ કહે, નાડ પકડાતી નથી, ગયો લાગે છે હવે. ત્યારે શું ગયું? કાંઈક વસ્તુ હતી કે નહિ કાંઈક? અસ્તિપણે, હોવાપણે કોઈ ચીજ હતી કે નહિ? એ ગઈ. આ તો પડ્યું રહ્યું. આ તો ધૂળ હતી પડી રહી. અંદર શરીર વ્યાપક ચૈતન્ય જ્ઞાનજ્યોત છે સૂર્ય, એ ચૈતન્યનો સૂર્ય છે આત્મા. એ અંદરથી ચાલ્યો ગયો. ત્યારે આ એની હોત તો આ જુદી પડે નહિ અને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની નથી માટે છૂટી પડીને ચાલી જાય છે.

હવે એ સિવાય પુણ્ય-પાપના ભાવ પણ એના નથી ખરા. નવા કરે તો થાય અને ન કરે તો ન થાય. એથી આત્મામાં જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય એ દુઃખરૂપ છે. એ આત્માથી અન્ય છે. '**એમ ચેતવું કે આ હું છું,...**' જુઓ છે? એ શુભ-અશુભ રાગ ઉપર દૃષ્ટિ જઈને એનો જાણનાર ભિન્ન છે એવું જ્યાં સત્તાનું ભાન નથી, તેને પુણ્ય-પાપના વિકલ્પની લાગણી તે હું છું, '**આ હું છું.**' કેટલા અર્થ થયા. જ્ઞાનથી અન્ય. જ્ઞાન એટલે આત્મા, એનાથી અન્ય. એટલે અન્ય એટલે જ્ઞાન સિવાય અન્ય ભાવ. અન્ય ભાવ એટલે પુણ્ય-પાપના ભાવ. એમ ચેતવું કે આ હું છું. ઝીણી વાત છે પણ ભાઈ! એણે સમજવી પડશે આ દુઃખથી મુક્ત થવું હોય તો. ચારેય ગતિમાં દુઃખ છે ભાઈ! ચાર ગતિના દુઃખને ડુંગરે બળી રહ્યો છે એ. ખબર નથી એને. શાંતિ અને આનંદ તો અંદર આત્મામાં છે. બહારના જેટલા ભાવ ઉઠાવે છે એ બધા દુઃખરૂપ છે, આકુળતા છે, અશાંતિ છે. સમજાણું કાંઈ? એ દુઃખરૂપ ભાવ, કહે છે કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એનાથી અન્ય છે. એમાં એમ અનુભવવું આ હું છું, આ હું છું, વિકાર તે હું છું. '**તે અજ્ઞાનચેતના છે.**' એ દુઃખરૂપ ભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અજ્ઞાન કીધું ને. જ્ઞાનની વિરૂદ્ધ અજ્ઞાન. ઓલું જ્ઞાન કીધું એ સુખ અને અજ્ઞાન કીધું એ દુઃખ. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાનથી અન્ય એટલે શું કીધું? અન્ય એટલે શુભ અને અશુભભાવ. ત્યારે શુભ -અશુભભાવ એ શું છે? વિકાર છે. વિકાર કહો કે દુઃખ કહો કે આત્માના આનંદથી અન્ય કહો. પણ કોઈ દિ' એ કર્યું (જ નથી), દરકાર જ કરી છે કે દિ' એની પોતાની? એમ ને એમ આંખ્યું મીંચીને અવતર્યો, એક અવતારમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો ચાલ્યો જ જાય છે ચોર્યાસીનો અવતાર. બહુ જ્યારે પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે રાડું પાડે. હાય-હાય મરી ગયા રે મરી ગયા. પણ મરી કોણ જાય, સાંભળને! અનુકૂળ સંયોગ હોય ત્યારે આહાહા..! લાભ. શું પણ લાભ? ધૂળ? એ તો બહારની ચીજ છે. તું કોણ છો અંદર? સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા વસ્તુ... એમાં આત્મસિદ્ધિમાં બહુ આવશે. પુસ્તક આપ્યું છે ને એમાં એક એકનો અર્થ આવશે. 'આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ, છે ભોક્તા નિજ મોક્ષ છે, મોક્ષ ઉપાય...' એક કડીમાં છ બોલ છે. છનો આખો વિસ્તાર છે. ૧૪૨ કડી. શ્રીમદ્દ્ ૨૯ વર્ષે બનાવ્યું છે એ આખું આત્મસિદ્ધિ શાસ્ત્ર. સાદી ભાષામાં, સરળ ગુજરાતી ભાષામાં છે. પણ હવે જેને આત્માની પડી હોય કે હું કાંઈક દુઃખી છું, મારે દુઃખ ટાળવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



(છે) એને માટે છે.

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- દુઃખી જ છે ને. નહિતર આ રાગ કરે શું કરવા? આ કરું ને આ કરું ને આ કરું એ બધું દુઃખી છે. એ દુઃખને સમાધાન કરવા માટે, દુઃખનું સમાધાન કરવા માટે આ કરું.. આ કરું.. એ કરવાની વૃત્તિઓ છે એ પોતે દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? 'ક્યા ઈચ્છત ખોવત સબૈ હૈ ઈચ્છા દુઃખ મૂલ' એ ઈચ્છાની વૃત્તિઓ ઉઠે છે એ પોતે જ દુઃખરૂપ છે. એને ખબર નથી. એ વિકાર છે, મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ પોતાના સ્વભાવને જે રીતે છે એ રીતે ન માનતા અન્ય ભાવ જે એનામાં નથી અને નવો ઊભો કરે છે. આ હું છું એવી માન્યતા તે અજ્ઞાનપણાની, જ્ઞાન વિરૂદ્ધ મિથ્યાશ્રદ્ધાની ચેતના, મિથ્યાશ્રદ્ધામાં અનુભવમાં આવી ગયો છે. એ મિથ્યાશ્રદ્ધાનો અનુભવ એ દુઃખરૂપ છે. એને સંસાર કહે છે, એને ચોર્યાસીના અવતારનું કારણ કહે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ પૈસાવાળા પણ સુખી નથી અને દેવ પણ સુખી નથી. કેમ કે સુખ તો આત્મામાં છે. એ આત્મા પોતે વસ્તુ છે અને વસ્તુ છે એમાં આનંદ છે. જેમ સાકરમાં ગળપણ પડ્યું છે, જેમ પીપરમાં તીખાશ પડી છે એમ આત્મામાં અતીન્દ્રિય આનંદ નામનો રસ પડ્યો છે. ખબર ન મળે એટલે શું કરે? કોને કહે? કોણ શી રીતે માને? કોઈ દિ' સામું જોયું નથી અને શું છે એનું અનુમાન પણ કર્યું નથી.

એ આત્મા વસ્તુ છે એમાં અતીન્દ્રિય આનંદ છે અને એકલો જ્ઞાન ચૈતન્ય સૂર્ય ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. જાણવું... જાણવું.. એવા સ્વભાવના હોવાપણા સિવાય જેટલો પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ થાય, એમાં એનું વેદવું, એમ અનુભવવું, એમ માનવું એમાં આખા પુણ્ય-પાપમાં જ હું છું એમ વેદવું એનું નામ અજ્ઞાન દુઃખરૂપ ભાવ છે, અજ્ઞાનચેતના છે. કહો, સુમનભાઈ! બરાબર હશે આ?

મુમુક્ષુ :- ચોખ્ખે ચોખ્ખું જ છે.

ઉત્તર :- હવે શું ચોખ્ખી વાત? પણ આમ બધા જુઓને આ. પાંચ-પાંચ, સાત-સાત, દસ-દસ હજારના પગાર મળે મહિને. ઓલા બધા પ્રોફેસર થઈને ફરે. શું કહેવાય? પ્રોફેસર ન કહેવાય. ઓફિસર. પ્રોફેસર. એ વિશેષ પ્ર. બીજું શું મૂળ તો પ્ર વિશેષ કરીને પ્રોફેસરનું ઓફિસર. ઓફિસરમાં પ ભળ્યો બીજું શું પ્રોફેસર. એ ઓફિસર છે ને? પ્રોફેસર. આ ઓફિસર. ધૂળેય નથી. દુઃખી છે બધા. એય..! રતિભાઈ!

એને અંદરમાં પુણ્ય અને પાપની વૃત્તિઓ-ભાવ થાય છે એ પોતે દુઃખરૂપ અને ઝેર છે, એમ કહે છે. ખબર નથી પણ. શું થાય? અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એ પુણ્ય-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પાપના ઝેરને આ હું છું એમ અનુભવવું એનું નામ દુઃખદશાનું વેદન છે એમ કહે છે. આહાહા..! નવરંગભાઈ! **'તે બે પ્રકારે છે-'** તેના બે પ્રકાર છે. છે? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે તો એને માટે અભ્યાસ જોઈએ. ડોક્ટરના પુસ્તક હોય લખેલા એલ.એલ.બી.ના કે એમ.એ.ના. બે ચોપડીના અક્ષરવાળો વાંચે. અક્ષર ભણેલો અક્ષર વાંચે. એ કંઈ ભાવ સમજે? કેમ અક્ષર તો વાંચે. ત્રણ ચોપડીવાળાને અક્ષર આવડે. ક, કા, કિ, કુ આ શબ્દ તો એ જ હોય ને. ભલે એમ.એ.ના ગુજરાતીમાં લખ્યા હોય. એ ગુજરાતીના શબ્દો વાંચે પણ એની સંધિનો ભાવ શું છે એ તો પકડી શકે નહિ. સમજાણું કાંઈ? એમ આત્માના અધ્યાત્મની અંતર તત્ત્વની વાત છે આ. એકલા શબ્દે કરીને સમજાય એવી નથી.

કહે છે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે જ્ઞાનાનંદ એને ભૂલી અને અનાદિથી એ શુભ-અશુભ, પુણ્ય-પાપના ભાવમાં આ હું છું, એટલે એમાં જ પોતાનું હોવાપણું માની, ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવનો અનાદર કરી અને દુઃખને વેદે છે એને અજ્ઞાનનો અનુભવ, દુઃખનો અનુભવ, સંસારનો અનુભવ, ઝેરનો અનુભવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કહેવામાં જ આવે છે ને.

ઉત્તર :- કહેવામાં એટલે લે! વાણી છે કહેવામાં આવે છે અને વાચ્ય છે એ એની પાસે છે એમ કહે છે. સાકરને કીધી તો સાકર લ્યો શબ્દ છે. સાકર આને કહેવામાં આવે. પણ સાકર શબ્દ છે. સાકરનું વાચ્ય તો ગાંગડો છે. ગાંગડામાં સાકર શબ્દ છે? અને શબ્દમાં ગાંગડો છે? પણ સાકર ગાંગડાને કહેવું કે આ સાકર કહેવામાં આવે છે એટલે? આ સાકર આ શબ્દે કરીને જણાવવામાં આવે છે. પણ શબ્દમાં સાકર નથી. સાકર તો ત્યાં છે. એમ આ અનુભવ દુઃખનો જે અજ્ઞાનીનો છે એમ કહેવામાં આવે એટલી તો વાણી થઈ. પણ એને જે રાગ-દ્વેષને પોતાના માને અનુભવે છે એ એનો ભાવ થયો. શું થાય પણ? મૂળ માર્ગ ભૂલીને પહેલી નિશાળે ચડ્યો નથી કોઈ દિ' આ.

મુમુક્ષુ :- પાટી ઉપર ધૂળેય નાખી નથી.

ઉત્તર :- પાટી ઉપર ધૂળેય નાખી નથી. ધૂળી નિશાળ પહેલી હતી. પહેલા ધૂળી નિશાળ હતી ને. ધૂળી નિશાળ કીધું ને. અમને પહેલો શબ્દ આપ્યો હતો. છ વર્ષની ઉંમર હશે લગભગ. આ તો ૭૮ થયા. ૭૨ વર્ષ પહેલાની વાત છે. **'सिद्धो वर्णसमाम्नायः'**. શબ્દ આવ્યો હતો પહેલા. પહેલું એ ચાલતું. જૂની ભાષા આપતા. ધૂળી નિશાળે હોં! પછી આ ચોપડી પહેલી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નામથી. ધૂળી નિશાળ હોય, માસ્તર હોય. લોટ અમથો લઈ જાય અને કાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



.. સીધુ આપે. એક વાર એનો નભાવ હોય આખો. એવું હતું તે દિ'. એમાં પછી પહેલો શબ્દ આ હતો. '**सिद्धो वर्णसमाम्नायः**'. આ શબ્દ પહેલો. આવે છે ક્યાંય? નવરંગભાઈ! કેમ આવે છે ને આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે કે આ શબ્દો અનાદિના છે. છે ને. નથી આમાં. પુસ્તક છે આમાં? મોક્ષમાર્ગ પ્રકાશક મૂક્યું નથી કોઈએ એમ કેમ? એ આવે છે. એ તો પહેલા અમને અમારા માસ્તર હતા નથુ માસ્તર. પણ ઘણા વર્ષની વાત છે ને. એ નથુ માસ્તર અને એક છોકરો વાંઢો સાધારણ ભોળો બિચારો મણિરામ. પછી આ શબ્દ પહેલો આપેલો. '**सिद्धो वर्णसमाम्नायः**'. કીધું આ શું બોલે? કાંઈ શીખવ્યા વિના આ બોલો કહે. કાંઈ શીખવ્યા વિના હોં! આ મોક્ષમાર્ગ ભાઈએ સવારે નહોતી વાત કરી? ઓલો પાંચ લાખનો હોલ કર્યો. એના કર્તા છે આ ટોડરમલ. સમજાણું? આ તો ઊંચું છે. એ તમને ન પકડાય. નહિતર તો એ પુસ્તક આપત પણ એ પહેલું તમને નહિ સમજાય. આત્મસિદ્ધિ આપ્યું. જુઓ! એ શબ્દ છે આમાં. ૧૧મું પાનું છે. જુઓ મોટા અક્ષર છે ને. કાળા દેખાય છે ને.

'**सिद्धो वर्णसमाम्नायः**' આ શબ્દ મને પહેલો આપેલો. શું છે એનો અર્થ સંસ્કૃતનો જુઓ. '**વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે.**' આ વાણીનો ઉચ્ચાર થવો એ અનાદિનો છે. નવો છે નહિ. '**વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે.**' શબ્દોનું સિદ્ધ થઈને બોલવું. આ શબ્દો એ અનાદિના છે. એ શબ્દોનો કોઈ કર્તા નથી. પરમાણુની પર્યાય શબ્દ થાય છે એ અનાદિથી સંપ્રદાય છે એનો. એ પહેલું શીખવતા હોં! પહેલું નિશાળમાં. હવે તમારી શૈલી બધી ફરી ગઈ. તમારે આવતું પહેલું એ? નહિ હોય. અમારે ગામડામાં ખરા ને. ઉમરાળામાં. પાંચ હજારનું ગામ ઉમરાળા. પહેલા એ નિશાળમાં આપતા. આ શબ્દો છે આ વાણીના એ અનાદિના છે. એ શબ્દો વસ્તુને બતાવે છે.

આત્મા. એ શબ્દ લ્યો. આત્મા. એ શબ્દ થયો. એ અનાદિનો સિદ્ધ છે આત્મા. એ શબ્દ બતાવે છે કોને? એ આત્મપદાર્થને. જેમ સાકર શબ્દ છે એ સાકર પદાર્થને બતાવે છે કે જો આ સાકર. સાકરમાં શબ્દ નથી, શબ્દમાં સાકર નથી. એમ આત્મા એ શબ્દ થયો. એ કોને બતાવે છે શબ્દ? આ પદાર્થને. આ ચૈતન્ય વસ્તુ જે આત્મા તેને આ શબ્દ બતાવે છે. શબ્દથી ત્યાં જાય લક્ષમાં કે આ જ્ઞાનસ્વરૂપ આત્મા એ આત્મા શબ્દે આ બતાવે છે. તો એ આત્મામાં શબ્દ નથી અને શબ્દમાં આત્મા નથી. પણ શબ્દ એનું વાચક છે-બતાવનાર કે આ આત્મા.

એમ અહીંયાં બતાવ્યું કે આત્મા અજ્ઞાનચેતના. એ તો શબ્દ થયો. પણ એનો ભાવ. કે આત્મા આનંદ સ્વરૂપને ભૂલી અને શુભ-અશુભ ભાવને વેદે છે એને અજ્ઞાનચેતના દુઃખરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ કહેવામાં આવે છે. કહો, ભગવાનજીભાઈ! ભારે વાતું ભાઈ! આ બધા પૈસાવાળા ખાતા-પીતા હોય. પાંચ-પાંચ, દસ લાખની ઊપજ થતી હોય તો કહે દુઃખી છે. દુઃખી છો. તને ભાન નથી આત્માનું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. સુખી તો છે ને.

ઉત્તર :- કોણ છે સુખી? ધૂળેય (સુખી નથી). કોણ કહે છે સુખી? ક્યાં હતો? સુખ હોય તો એને શાંતિ હોય તો એને ઈચ્છા ન થવી જોઈએ. ઈચ્છા થાય છે એમ જ બતાવે છે કે કાંઈક દુઃખ છે એને માટે ઈચ્છા થાય છે કે આમ કરું તો આમ થાય, એ ઈચ્છા પોતે જ દુઃખ છે. બરાબર હશે આ જયંતિભાઈ? ઈચ્છા દુઃખ હશે આ?

મુમુક્ષુ :- .. તેડવા આવ્યા છે.

ઉત્તર :- તેડવા આવ્યા છે? શું છે?

કહે છે... બહુ ટૂંકી ભાષા છે. ભાવ ઘણા ઊંચા છે. અધ્યાત્મ વસ્તુ છે ને એકદમ. વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશ વસ્તુ છે કાયમી, એની જેને ખબર નથી, એની કાયમી અવિનાશી શક્તિઓ અને અવિનાશી પોતે આત્મા એની જેને ખબર નથી. એ ક્યાંક પોતે હોવાપણું તો માનશે. આવું જે હોવાપણું છે એના હોવાપણાની ખબર નથી, ત્યારે હોવાપણું ક્યાંક માનશે. ક્યાં માનશે? કે જે પુણ્ય-પાપના વિકલ્પ થાય છે એમાં હોવાપણું માનશે. એના વિના આખી ત્રિકાળી ચીજ છે એનું હોવાપણું માનશે નહિ. કેમ કે એને ખબર નથી. સમજાણું કાંઈ? ન્યાયથી વાત છે કે નહિ આમાં? સુમનભાઈ!

મુમુક્ષુ :- આમાં કાંઈ ના પડાય એવું છે?

ઉત્તર :- ના પાડે તો કાંઈ ચાલે એવું જ ક્યાં છે આમાં?

એક માણસને કહે, એલા ત્યાં જાવ લક્ષ્મીચંદને બોલાવો. સમજાય છે? ત્યારે ત્યાં ગયો ત્યાં કોઈ દેખાણું નહિ. લક્ષ્મીચંદ કોણ હશે ત્યારે આમાં? કોણ હશે આમાં? તમારું નામ શું? કે ભાઈ, હું લક્ષ્મીચંદ. ત્યારે કહે, હા લાગે છે આ. લક્ષ્મીચંદ શબ્દ હતો, ખ્યાલમાં હતો અને લક્ષ્મીચંદ આમ કાંઈ નામ તો લખ્યું નથી એના ઉપર. એને બોલાવે છે. એની હયાતી માનીને ક્યાંક? માનીને? કે આ ઠેકાણે છે લક્ષ્મીચંદ. આ ઠેકાણે છે. એમ આત્મા શબ્દ છે. તો આત્માની હયાતી ક્યાંક માનવી જોઈએ કે નહિ? શબ્દ છે. ગોતવા નીકળ્યો તો કહે, એલા આ આત્મા અંદર. શાંતિભાઈ!

મુમુક્ષુ :- લક્ષ્મીચંદને ગોત્યા એમ?

ઉત્તર :- હા એમ. સમજાણું કે નહિ? મેં તો દાખલો બીજો આપ્યો છે. એક ફેરી કીધું લક્ષ્મીચંદને બોલાવો. આમ ઓરડો જોયો તો દેખાણો નહિ. ત્યાં તો ભાઈ લક્ષ્મીચંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. ભાઈ, નથી એમ નહિ, છે ત્યાં. પણ હું જોઈ આવ્યો ને. ખાલી ઓરડો છે ને. પણ ત્યાં છે. ત્યારે ઓલો લક્ષ્મીચંદ હતો અંદર કબાટમાં. કબાટના કાણા છે ત્યાં બેઠેલો. સમજાણું? કબાટમાં જરી કાણા હતા નાના નાના ત્યાં અંદર સંતાઈ ગયેલો. હવે એ કહે છે ત્યાં છે. ત્યારે હવે છે ક્યાં આમાં હવે? ત્યારે ગોતવો પડે. પણ ત્યાં છે અમે કહીએ છીએ. હમણાં ગયો છે ને ત્યાં છે. અહીં દેખાતો નથી. ત્યારે જુઓને બીજે ક્યાંક એટલામાં. ઓલા કાણાવાળા જ્યાં જોયા અંદર જોયું તો આ રહ્યો.

એમ આ શરીરરૂપી ઓરડો. સાંભળો પાછો દાખલો સમજો. આમાં એક આત્મા છે એમ કહ્યું. ત્યારે આ શરીરને જોવા માંડ્યું ત્યારે શરીરમાં આત્મા તો દેખાતો નથી ક્યાંય. ત્યારે હવે અંદર જો અંદર. ત્યારે ઓલા કાણા છે ને જરી? ઓલા બહાર અંદર હોય ને ઝીણા. અંદર બેઠો હોય. એમ જ્ઞાનનો ઉઘાડ, વિકાસનો અંશ જે પ્રગટ છે પ્રગટ. જાણવાનો પ્રગટ અંશ. એ અંશમાં દેખાય કે આ અંશ દ્વારા આ આત્મા છે. એના દ્વારા દેખાય એ આ રહ્યો લક્ષ્મીચંદ. સમજાણું કાંઈ? રતિભાઈ!

પણ એ જ્યારે જોવામાં ન આવ્યો, કે આવો આત્મા છે એમ જોવામાં ન આવ્યો ત્યારે પરમેશ્વર એમ કહે છે કે એને પુણ્ય અને પાપના ભાવ ઉઠે છે ને એ એના પરિચયમાં આવ્યો તો એ હું છું એમ એણે માન્યું. અને એ પુણ્ય અને પાપના ભાવ તેને દુઃખરૂપ દશા એટલે અજ્ઞાનચેતના કહે છે. એના બે પ્રકાર. કર્મચેતના અને કર્મફળચેતના. હવે અજ્ઞાનચેતનાના બે પ્રકાર. આત્માની વિકારી દુઃખદશાના બે પ્રકાર. સમજાણું કાંઈ? એલ.એલ.બી. અને એમ.એ. ભણવું હોય તો તો માથા ફોડે ત્યાં. ઓલા મેટ્રીક માટે તો ઓલા બાંધતા ખબર છે ને પહેલા? ચોટલી બાંધે કે આમ ન થઈ જાય. ઝોલું ન આવે. શાંતિભાઈ! એમ થાતું ને પહેલા. બહુ હોય ને. રાતે દીવો લઈને કરે. પરીક્ષામાં ટાઈમ ન હોય. દીવો લઈને .. જરીક માથું...

મુમુક્ષુ :- જરાક ઝોલું આવે તો ખેંચાય.

ઉત્તર :- ખેંચાય એટલે ઊંઘ ન આવે. ત્યાં એટલી દરકાર સમજવાની. આ આત્મા પોતે કોણ છે એને સમજવાની દરકાર ન મળે. કોણ પોતે કોણ એની ખબર ન મળે. બેખબરો ત્યાં કહો, સમજાણું આમાં?

કહે છે, એ અજ્ઞાનના બે પ્રકાર - એક કર્મચેતના અને બીજી કર્મફળચેતના. હવે **'તેમાં, જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે આને હું કરું છું,...'** શું કીધું? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા છે ચૈતન્યમૂર્તિ, એને ભૂલી અને પુણ્ય-પાપના વિકલ્પને હું આ કરું છું. છે ને? આને હું કરું છું. ભાષા જરી ટૂંકી. અને ઘણી જ દુઃખરૂપ દશાનું વર્ણન છે. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ રાગને આને હું કરું છું. રાગ થાય છે ને પુણ્ય-પાપનો. એને હું કરું છું. આને હું કરું છું. એવી જે કર્તાબુદ્ધિ છે એને અહીંયાં કર્મચેતના-દુઃખરૂપ કાર્યને અનુભવે છે એમ કહેવામાં આવે છે. નવરંગભાઈ! ભાઈ! આ તો થોડો પરિચય કરે તો સમજાય એવું છે. અનંત કાળમાં કોઈ દિ' એણે આ કર્યું નથી. દુનિયાના વિદ્યાના અભ્યાસ, દુનિયાના રળવાના અભ્યાસ, રખડવાના અભ્યાસ, દુઃખી થવાના અભ્યાસ. મરીને ક્યાં જશે? કોઈ શરણ નથી. અહીંથી આંખ મીંચાણી જાય કૂતરે ને કાગડે ને. કોઈ છે પૂછનાર ત્યાં? શરણ છે? પાંજરાપોળ છે ત્યાં? કે આત્મા દેહ છૂટશે ત્યારે ક્યાંક જાશે તો ખરો કે નહિ? હોવાપણું કાયમ છે તો ક્યાંક રહેશે કે નહિ? અને અત્યાર સુધી રહ્યો કે નહિ? ક્યાં રહ્યો? આ ચોર્યાસીના અવતારમાં રહ્યો. સમજાય છે કાંઈ? અને આ ભાન નહિ કરે તો હજી ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાશે ચાર ગતિના. એને સૂઝ પડતી નથી. સમજાણું?

કહે છે, '**જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે આને હું કરું છું,...**' જ્ઞાનાનંદ ભગવાન પોતાના સ્વરૂપને ભૂલી અને શુભ-અશુભ જે પુણ્ય-પાપના ભાવ એને હું કરું છું એટલે એને હું કરું છું એટલે એ રૂપે હું થાઉં છું. એમ. એ રૂપે હું થાઉં છું, એને હું કરું છું એટલે એ રૂપે હું થાઉં છું. એનું નામ કર્મચેતના. વિકારી પરિણામને-આને હું કરું છું. એ વિકારી પુણ્ય-પાપના ભાવ આને હું કરું છું એટલે આ રૂપે હું પરિણમું છું, આ રૂપે હું થાવ છું, આ રૂપે હું રહું છું, આ રૂપે હું થયેલો છું. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- એટલો કોણ વિચાર કરે છે?

ઉત્તર :- કોને નવરાશ છે આવી? દુઃખથી મુક્ત થવાના ઉપાયની કોને ગરજ છે? દુઃખના ઉપાય કરી રહ્યો છે બિચારો. રાજા-મહારાજા, દેવ દુઃખી... દુઃખી... દુઃખી.. આવે છે .. નવે સોહી ... નહિ સોહી સેનાપતિ એગંત સુખી મુનિ વીતરાગી. ધર્મી સુખી. કોણ ધર્મી એટલે? એ પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પડી મારું સ્વરૂપ ચિદાનંદ છે, એવી દૃષ્ટિ અને એકાગ્રતા છે તે આ જગતમાં સુખી છે. બાકી બધા જગતમાં દુઃખી છે. શાંતિભાઈ! સાચી વાત હશે? આહાહા..! એગંત સુખી મુનિ વીતરાગી.

ચિદાનંદ સ્વરૂપ આત્મા જેમાં વીતરાગતા ભરી છે. એ સ્વરૂપ જ એવું છે. આ રાગ-દ્વેષ થાય છે એ વીતરાગ સ્વરૂપ આત્માની વિકૃત-વિપરીત અવસ્થા છે. પુણ્ય-પાપના ભાવ થાય છે એ વસ્તુ સ્વરૂપનું વિકૃત સ્વરૂપ છે. પુણ્ય-પાપ ભાવ છે એ આત્માનું વાસ્તવિક કાયમનું સ્વરૂપ નથી. કાયમનું સ્વરૂપ તો શુદ્ધ ભાવ અને વીતરાગ આત્મા છે. એવો જે વીતરાગી સ્વભાવ આત્મા એ પુણ્ય-પાપપણે હું પરિણમું છું, શુભપણે હું થાઉં છું, પુણ્યપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું થાઉં છું એમ થયેલા ભાવને કર્મચેતના કહે છે. સમજાણું કાંઈ? એ દુઃખરૂપભાવ છે. હું દુઃખરૂપે થાઉં છું. આહાહા..!

ભગવાન આત્મા આનંદની ગાંગડી છે. એ તો આનંદનો ગાંગડો. સાકર છે ને સાકર? એ તો મીઠાશનો ગાંગડો છે. એને ચીરો. આ ગોળના રવા થાય છે ને ગોળના રવા? એ રવાને ચીરો તો તો ગોળ જ નીકળે, એમાંથી ગળપણ નીકળે. એમાંથી ખાર નીકળે? આ કોલ્હાપુરના નથી થતાં? અડધા નંબરનો ગોળ. સાંભળ્યો છે? ઊંચો બહુ ઊંચો થાય છે. આ કોલ્હાપુરનો થાય છે ને. બહુ ઊંચો. અડધા નંબરનો ગોળ. બહુ ઊંચો અને ચોખ્ખો મેલ વિનાનો. સફેદ.. સફેદ.. સફેદ... સફેદ... આમ આવો. અમે ત્યાં ગયા હતા ને તો એક જણાએ આપ્યો હતો. આ લઈ જાવ મહારાજ થોડો. એક આપણે છે ને ત્યાં? દડવાના છે લક્ષ્મીચંદભાઈ. ગૃહસ્થ માણસ છે દશાશ્રીમાળી. એવો પણ એના ગોળનો કટકો આટલો મીઠો, હવે એમાંથી જરી ચીરો કરીને આમ નીકળે પ્રવાહી તોપણ ગળપણ નીકળે. એમાંથી કાળીજીરી નીકળે? અફીણ છૂટે એ રવામાંથી? એમ આત્મા તો સાકર અમૃતનો રવો છે. પણ ક્યાં ભગવાન જાણે. કહો, સમજાણું કાંઈ? એ અમૃતનો.. સમજાય છે? શું કીધું એ રવો રવો કીધું ને? કોલ્હાપુરી રવો.

ભગવાન આત્મા જેમ શેરડીમાં મીઠાશ જે રસ છે અને કૂચો જે છે એ બે જુદી ચીજ છે. કહો, બરાબર છે? શેરડી છે ને શેરડી? મીઠાશ. મીઠો રસ છે એ ખરેખર એ તો શેરડીનો રસ એ સ્વભાવ છે. કૂચો એનો સ્વભાવ છે? પીલી નાખે તો કૂચો ભિન્ન પડીને રસ ભિન્ન પડી જાય છે. તો ખરું સ્વરૂપ શેરડીનું ઓલો મીઠો રસ છે તે છે. એમ આ શેરડી જેવું સાંઠા જેવું આ શરીર ઊભું છે જુઓ. એમાં પુણ્ય અને પાપ એ કૂચા છે અને આત્મા છે એ શેરડીના રસ જેવો આનંદકંદ છે. સમજાણું કાંઈ? વાત તો સમજાય છે કે નહિ? આ સાંઠો છે ને ઊભો છે જુઓ ને આમ આમ. આ માટી છે શરીર. હવે એમાં ચૈતન્ય શરીર વ્યાપક છે બધે. જ્યાં જ્યાં જુઓ ત્યાં જાણવું છે કે નહિ? અહીં અડાડે તો જાણે, અહીં અડાડે તો જાણે. ત્યાં તો પણ પેટમાં કાંઈક થાય છે. એ મને અહીં થાય છે. ત્યાં જાણનાર છે કે નહિ? એ જાણનાર આખા શરીરમાં વ્યાપક છે. એ જાણનાર આખા શરીરમાં વ્યાપક છે. એ આખું જ્ઞાન તે અમૃત અને આનંદનું ભરેલું તત્ત્વ છે. એ અમૃતની શેરડી છે. આ શરીર જુદી ચીજ. હવે ઓલો કૂચો જે છે એ પુણ્ય ને પાપના વિકલ્પ તે કૂચો છે. શુભ અને અશુભના રાગ તે કૂચો છે. એ કૂચો છે એને ચાવે છે એ દુઃખને ચાવે છે. સમજાણું કાંઈ? ભારે પણ આ. એની એને ખબરું ન મળે.

કહ્યું હતું ઓલું હમણાં નહિ? પાંચ વર્ષ.. જામનગર ઓલા વકીલ છે ને? જયસુખલાલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વકીલ. જયસુખલાલ વકીલ ને? વકીલ છે. એ બિચારો પહેલો વકીલમાં .. પહેલા લાવ્યા. બે વર્ષ પહેલા ગયા હતા ને. વીરજીભાઈ માટે. એના દીકરી સાથે વીરજી વકીલ. જૂના હતા ને. વીરજીભાઈને અને નરશીભાઈને બહુ પ્રેમ. નરશીભાઈ તમારા મામા. વીરજીભાઈ વકીલ ૯૩ વર્ષે ગુજરી ગયા. બહુ મગજ. ગયા હતા ત્યાં એ જયસુખભાઈ વ્યાખ્યાનમાં આવ્યા પહેલા વકીલ. આ મહારાજ શું કહે છે? વકીલ ને ભણેલા ખરા ને .. માનેલું હોય. સાંભળો તો ખરા પણ બે દી. ભારે આ વાત કરી. આ તો બીજી વાત છે. એ તમારે વનેચંદભાઈ એમ હતા. તમારા દાદા થાય કે કાકા શું થાય? વનેચંદ મોદી. એ ત્યાં હતા ને પોરબંદર. રેવન્યુ કાંઈક હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા હતા ને. (સંવત) ૧૯૮૭ની સાલમાં. ૮૭નું અમારું ચોમાસું હતું ને ત્યારે હતા. પછી આવતા, કો'કવાર આવે. ઘરે બૈરાને પ્રેમ બહુ સારો. આમ બિચારા સંપ્રદાયની ક્રિયા (કરે). બીજી ખબર કાંઈ ન મળે. પણ આને તો શું છે? મહારાજ! આ બધું શું છે ભાઈ અમને તો હંબક જેવું લાગે છે. પંદર દિ' તો સાંભળો. કીધું પંદર દિ' તો સાંભળો અહીં તમે આવીને. તમારું હંબક છે કે અમારું તમને નક્કી કરી દઈએ. પછી તો આવવા લાગ્યા હોં! આવવા લાગ્યા ને. આ તો હંબક અમારું લાગ્યું. આ તો વસ્તુ બીજી લાગે છે. પરિચય ન મળે અને કાંઈ ખબર ન મળે. એ ત્યાં જયસુખભાઈને બિચારાને લાગ્યું. એનો છોકરો છે ભત્રીજો. એ છોકરાને આત્માની વાત કરી. સાત વર્ષનો. અત્યારે દસ વર્ષ થઈ ગયા. આ તો બધી વાત અનુભવથી. મહારાજ! તમે આત્મા જુઓ-જુઓ કરો છો. આંખ મીંચીએ તો અંધારું દેખાય. ક્યાં જોવો અમારે આત્માને? શાંતિભાઈ! છોકરાએ પ્રશ્ન કર્યો હોં સાત વર્ષનાએ. પ્રભુ! આત્મા જુઓ અને આત્મા જાણો. તો આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. આ દેખીએ તો આમ દેખાય. હવે આત્મા અમારે ક્યાં જોવો?

ભાઈ! આત્માને અંધારું દેખાય છે. તું કહે છો કે અંધારું દેખાય છે. અંધારું અંધારાના અસ્તિત્વમાં દેખાય છે કે કોઈ અંધારું ચૈતન્ય પ્રકાશના અસ્તિત્વમાં અંધારું દેખાય છે? શાંતિભાઈ! લોજિકથી સમજશે તો ખરો કે નહિ કંઈક એને? આ અંધારું અંધારાના હોવાપણામાં દેખાય છે? કે અંધારું ચૈતન્ય પ્રકાશ છે તેમાં ચૈતન્યના નૂરમાં આ અંધારું દેખાય છે? દેખનારો અંધારારૂપે નથી. દેખનારો જ્ઞાનરૂપે છે. એ છોકરો બહુ ડાહ્યો છે. સાત વર્ષનો. હમણાં પછી બે વર્ષ થયા. એ તો પછી બીજી (વાત) કરી. કેવળી વિનય કરે એ શું? હુશિયાર છે. આત્મસિદ્ધિમાં છે ને. ભાઈ! તને ખબર નથી, બાપુ! અંદર ચૈતન્ય જાણનાર છે. પાંચ-પચાસ વર્ષની વાત કોણ યાદ રાખે? પચાસ વર્ષની વાત, વીસ વર્ષની વાત, સો વર્ષની,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ એંસી-એંસી વર્ષની વાત કોણ યાદ રાખે છે? આ શરીર યાદ રાખે છે? અંદર પુણ્ય-પાપના રાગ યાદ રાખે છે વિકલ્પ ઉઠે ઈ? જાણનારની તાકાત છે કે ૫૦-૫૦ વર્ષને જાણે. અને તે ૫૦ વર્ષની વાત આમ કાલની જેમ યાદ કરે એમ ૫૦ વર્ષની યાદ કરે ફડાક. એ કંઈ પાના ફેરવવા ન પડે. આ તો પાના ફેરવવા પણ પડે કે એક પછી એક. ઓલી તો ૫૦ વર્ષની વાત આમ તાજી. કાલે હોય એવી તાજી થાય. એવી ૫૦-૫૦ વર્ષની વાત. ૮૦-૮૦ની. લ્યોને ભાઈ હતાને આપણે ગોંડલના નેમિચંદ કોઠારી હતા. મૂંછવાળા. ૯૯ વર્ષ, ૯૮ વર્ષ. નેમિચંદ આપણા હતા ગોંડલના. એનો દીકરો ૮૦ વર્ષનો. બેય આવેલા. કીધું કેટલું યાદ આવે છે? કહે, ૯૦ વર્ષનું યાદ આવે છે. ૯૮ વર્ષની ઉંમર હતી. ૯૦ વર્ષ. ત્યારે ૯૦ વર્ષનું યાદ કરનારો કોણ છે એમાં? કે જેની હયાતીમાં આટલી સ્મૃતિ છે કે ૯૦-૯૦ વર્ષની વાત યાદ રાખે. એ શરીરની તાકાત છે? અંદર પુણ્ય-પાપના વિકલ્પ થાય એની તાકાત છે? પુણ્ય-પાપ તો ભૂલાઈ જાય છે. જાણનારો અંદર ચૈતન્ય એવો તાકાતવાળો છે કે સો-સો વર્ષની વાત પણ યાદ કરે. એ તો જાતિસ્મરણ થાય તો ઘણા પૂર્વભવનું પણ યાદ કરે. એવા ચૈતન્ય તેજમાં એટલી તાકાત છે કે જે ત્રણ કાળ જાણી શકે એવો એ આત્મા છે. આહાહા..! એવા આત્માને જ્ઞાનસ્વરૂપને ભૂલી અને વર્તમાનના પુણ્ય-પાપના વિકલ્પ મારું કર્તવ્ય છે, એ રૂપે હું પરિણમું છું, એ રૂપે હું થાઉં છું. એનું નામ ભગવાન કર્મચેતના દુઃખરૂપ દશા કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એને જ્ઞાનસ્વરૂપે પરિણમે. શુદ્ધરૂપે પરિણમે. એ તો એની દશા છે. એ તો સુખરૂપ થઈ, શાંતરૂપ થઈ, ધર્મદશા થઈ. પણ એની તો ખબર ન મળે. એથી પુણ્ય અને પાપ આ હું કરું છું. ભાષા બીજી આવી. આ હું પરિણમું છું. ભાઈ! એમ આવ્યું, કરું છું. સમજાણું કાંઈ? આહાહા..! આ હું પુણ્ય-પાપના ભાવ એ રૂપે હું થાઉં છું. એ એણે ક્યાં વિચાર કર્યા છે આવા પણ. પણ અહીં તો આચાર્ય સમજાવવામાં શાસ્ત્રના ભણનારાઓ સુધી આવ્યા છે, એને પણ કહે છે કે ભાઈ! તને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ થાય છે ને? એ રીતે હું થાઉં છું એ તારી દૃષ્ટિ તો વિકાર ઉપર છે. અંતર જ્ઞાનસ્વરૂપ ઉપર જો દૃષ્ટિ હોય તો જ્ઞાનાનંદ ચૈતન્ય છું. તો હું જ્ઞાન અને આનંદરૂપે થાઉં છું એ મારું કાર્ય હોય. રતિભાઈ! આહાહા..!

મારું કાર્ય શું છે અને આ ઊંધું કાર્ય શું છે એની એને ખબર ન મળે. આ પરનું કાર્ય તો કરી શકતો નથી હોં! આ હાથને હલાવવો કે આ જડની આ છે, તેમ છે એ તો જડની દશા છે. ફક્ત એનામાં આત્માના સ્વભાવનું કાર્ય શુદ્ધરૂપે, આનંદરૂપે દશા થવી એ એનું ખરું અને વાસ્તવિક કાર્ય છે. પણ એ વાસ્તવિક તત્ત્વના, કારણ તત્ત્વને જ્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભૂલ્યો છે એથી તેના કાર્ય તત્ત્વનું પરિણમન એને છે નહિ. કહો, સમજાણું આમાં? કારણ તત્ત્વને ભૂલ્યો અને કાર્ય ભાષા જ કઈ જાતની! ગ્રીક-લેટિન જેવી. એટલે ફરીને એનો અર્થ કરીએ કે આત્મા જે છે એ જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુ અસ્તિ છે. એ કાયમની છે. જો એની દૃષ્ટિ કરી હોય તો તો એને કારણ બનાવી અને શાંતિ અને શ્રદ્ધા અને જ્ઞાનનું પરિણમન થવું એ એનું કાર્ય છે. એ કાર્ય એ કાર્ય સુખરૂપ છે, આનંદરૂપ છે અને જન્મ-મરણને ટાળવાનું એ કાર્ય છે. સમજાણું કાંઈ? બીજા કામ તો કરી શકતો નથી, પણ આટલું અજ્ઞાનભાવે કરે. શું કરે? કે શુભ-અશુભની લાગણીઓ થાય તે હું એ રૂપે થાઉં છું. બસ! હું તો એ છું. એ મારું કાર્ય છે, એ મારું કર્મ છે, એ મારું કર્તવ્ય છે, એ મારી કાર્યવાહી છે. વસ્તુ જ્ઞાનાનંદ છે એના હોવાપણાને અનાદિથી ભૂલ્યો છે એથી એને પુણ્ય-પાપના હોવાપણાનું ભાસન થઈ, એ મારું કામ છે, એને અહીંયાં ભગવાન દુઃખરૂપ કાર્યની દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! આમાં કાંઈ ના પડાય એવું નથી હોં! કેમ હિંમતભાઈ! બરાબર હશે આ? શું કાર્ય કરો છો? લોઢાના નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- લોઢાના નહિ?

ઉત્તર :- લોઢાના કામ નથી કરતા. આ ડોક્ટર-બોક્ટર ઈંજેક્શ મૂકવાના અને દવા લેવા-દેવાના કામ કરતા જ નથી એમ કહે છે અહીં તો. એ તો જડની અવસ્થા છે. એ કરે છે એ કે ઓલો વિકલ્પ ઉઠે છે એ મારું કર્તવ્ય અને એ રૂપે પરિણમું છું એમ કરે છે. કહો, સમજાણું આમાં? .. ઉપર દેખાય. દેખાય એટલે ક્યાં દેખાય? ક્યાં દેખાય છે? શેમાં દેખાય છે? અને શું દેખાય છે? આમ નક્કી થવું જોઈશે ને? દેખાય છે એટલે ક્યાં દેખાય છે? શું દેખાય છે? શેમાં દેખાય છે? અને શું દેખાય છે? શાંતિભાઈ! પણ ન્યાય તો કરવો પડશેને બાપુ! એમ ને એમ કાંઈ આંધળું ચાલતું હશે? દેખાય છે ક્યાં? એ તો જ્ઞાનમાં દેખાય છે કે જાણનાર છું એ. હવે દેખાય છે શું? કે આ થાય છે એમ દેખાય છે. શરીરમાં આમ આમ થાય છે એ દેખાય છે. હું કરું એમ દેખાય છે? હું કરું તો તો બહારમાં થવું જોઈએ એ પ્રમાણે. થાય છે એમ દેખાય છે. દેખનારો આ થાય છે એમ જાણે છે. હું કરું છું એમ થાય તો તો શરીરની ક્રિયા ઈચ્છા થાય એ પ્રમાણે થાતી નથી. પક્ષઘાત થાય છે. અંદર જાણનાર બેઠો છે. આમ કરવું હોય તો કરી શકતો નથી. કારણ કે પરમાણુમાં એ શક્તિ જ નથી એ વખતે. એ આમ આમ થાય એ બધી જડની ક્રિયા થાય છે. એને દેખે છે. કરે છે એમ નહિ. દેખે છે. છતાં કર્તા માને છે. એ એનો કર્તા તો થઈ શકતો નથી, પણ એના કર્તાનું જે અભિમાન છે અંદર, એ અભિમાનપણે પરિણમે છે એને કર્મચેતના અને દુઃખચેતના કહે છે. કહો, સમજાણું આમાં? ભારે વ્યાખ્યા ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કે નહિ અંદર? સમયસાર. કણબીઓ કૃષિકાર બધા રસ લેવા લાગ્યા છે. ચંદુભાઈ! કાનાતળાવના આવ્યા છે ને સાત-આઠ જણા. એ પણ રસ લેવા લાગ્યા છે.

મુમુક્ષુ :- એ તો બહુ..

ઉત્તર :- હા. ઘણા વર્ષથી. આ તો વસ્તુ જ આવી છે. એને સમજવી પડશે. જો દુઃખ ટાળવું હોય અને રખડવું મટાડવું હોય તો. બાકી રખડી રહ્યો (છે). ચોર્યાસીના ધોકા ખાધા કરે છે. દુઃખમાં દાઝી રહ્યો છે. દાઝેલું અનાજ તે સારું ન લાગે. લ્યો! દાઝેલું અનાજ પણ સારું ન લાગે. દોણાઈ ગયેલું દૂધ પણ ઠીક ન લાગે. દોણાઈ ગયું હોય ને? દોણાઈ ગયું હોય. ખીચડી દોણાઈ જાય, દૂધ દોણાઈ જાય. આ કહે છે કે એય..! વિકારમાં તું દોણાઈ ગયો છે, બાપા! તને ખબર નથી. સમજાણું કાંઈ? પછી કર્યું કે નહિ? શું કર્યું? એય..! દોણાઈ ગયો અમારે તો દરેક શબ્દાર્થ જોઈએ. દોણાઈ ગયુંનો ધાતુ શું છે અને દોણાઈ ગયોમાં શબ્દ શું છે? એ પાછું અમારે .. એ ન ચાલે. દોણાઈ ગયું એમાં ધાતુ શું છે? દુ ધાતુ છે એ? દુ-ધાતુ દોણાઈ ગયું, દોણાઈ ગયું. દુઃખી થવું. દોણાઈ-નાશ થયો એમ?

મુમુક્ષુ :- દુઃખી થવું પણ અર્થ છે.

ઉત્તર :- દુઃખી થાવું પણ ખીચડી દોણાઈ ગઈ એમાં દુઃખી ક્યાં થવું છે? એનો અર્થ કરો ને? અમારે તો અહીં શબ્દ જોઈએ ચોખ્ખો. એ અમારે પંડિત છે. દોણાઈ ગયોનો અમારે બરાબર શબ્દાર્થ જોઈએ. પહેલા મેં .. આપ્યું હતું. કીધું એમ ને એમ આપશો નહિ. એનો અર્થ બતાવો પહેલા. મને યાદ નહિ રહે કીધું કાંઈ. ભાઈ! ૬૮ના વૈશાખ. ૬૮ના વૈશાખમાં. દુકાન છોડી ત્યારે. દુકાન છોડીને. દામનગર ૬૮ના વૈશાખ. પહેલા ... સ્તુતિ છે ભગવાનની. કીધું, મને સમજાશે નહિ. તમે અર્થ કરો. ... એટલે શું? એનો અર્થ કહે કે સુધર્માસ્વામી પૂછે છે કે. જંબુસ્વામી, સુધર્માસ્વામી એમ પૂછે છે કે. એમ. શબ્દમાં અર્થ સમજાય વિના ગોખ્યા કરવું શું એનો અર્થ? પહેલું દોણાઈ ગયું એનો અર્થ શું? ખીચડી દોણાઈ ગઈ એમાં ક્યાં દુઃખ છે?

મુમુક્ષુ :- એને દૂર રાખો.

ઉત્તર :- બસ, એ વાત. પણ એ ક્યાં બોલે ત્યારે ને સરખું. એ અમારે પંડિત છે મોટા સંસ્કૃત વ્યાકરણના મોટા. જજ છે મોટા. દોણાઈ ગયાનો અર્થ કરો. દોણાઈ ગઈ એટલે ખીચડી દોણાઈ ગઈ. એમ આત્મા દોણાઈ ગયો એમ અહીં મારે સિદ્ધ કરવું છે હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અહીં કર્યો હતો ને ભાઈએ. .. નામાંથી કાંઈક કાઢ્યું હતું ભાઈએ. માટી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



. દુ એટલે ધાતુ છે દુ. .. ના. નાસ નથી લેતો ઓલો પાણીમાં? એવો કાંઈક ભાષામાંથી અર્થ નીકળે છે.

એમ આત્મા. જેમ ખીચડી દાઝી ગઈ, દૂધ દોણાઈ ગયું એમ આત્મા પુણ્ય-પાપના ભાવ કરું છું એ દોણાઈ ગયેલો છે ભાવ. આહાહા..! નવરંગભાઈ! આહાહા..! અરે..! તને તાજો આત્મા શું છે એ તને ખાતા-અનુભવતા આવડતો નથી. એમ કહે છે. આહાહા..! દોણાઈ ગયેલું તારે ખાવું છે? એ ભોગવવામાં આવશે. આ કરવામાં આવ્યું. ભાઈ! તું ભગવાન છો ભાઈ! જેટલા પરમેશ્વર અરિહંતો થયા, કેવળી થયા એ બધા આત્મા હતા. જેટલા પરમેશ્વર અરિહંત થયા, સિદ્ધ ભગવાન, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. એ બધા આત્મા છે. કેમકે આત્મા પોતે અંદર શક્તિમાંથી પ્રગટ થઈને પરમાત્મા થયા છે. એન્લાર્જ કર્યું છે. અંદરમાં હતી એની પર્યાય પ્રગટ કરી છે. શાંતિભાઈ! એમ ભગવાન આ આત્મા પણ એવી શક્તિવાળું આખું તત્ત્વ છે. જેમાંથી કેવળજ્ઞાન અને પરમાત્મા સિદ્ધ અરિહંત થઈ શકે એવું આ તત્ત્વ છે. એવા તત્ત્વને તે રીતે સત્તામાં માનવામાં ન આવે અને એનાથી વિરૂદ્ધ દોણાઈ ગયેલો પુણ્ય-પાપનો વિકલ્પ એ મારું કાર્ય માને, કહે છે કે એ દુઃખી છે તું. એ દુઃખના કાર્યનું વેદન તને છે, ભાઈ! એ દુઃખ તારું કાર્ય અને તેનો તું કર્તા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનો અર્થ કર્યો. દુઃખ તો..

ઉત્તર :- દુઃખની ખબર ન મળે. મૂઢની જેમ ચાલ્યો ગયો છે એમ ને એમ. દુઃખ ક્યાં હશે? દુઃખ એક શબ્દ છે લ્યો! દુઃખ શબ્દ છે ને? એ તો વાચક. લ્યો! વાચક. એનું વાચ્ય શું? જેમ સાકર શબ્દ છે એ વાચક, વાચ્ય સાકર. સાકર પદાર્થ વાચ્ય કહેવાયું આ. એમ દુઃખ શબ્દ છે. તો શબ્દનું વાચ્ય ક્યું? એ દુઃખ શું છે? દુઃખ કોઈ વસ્તુ છે? દુઃખ કોઈ શક્તિ છે? દુઃખ કોઈ અવસ્થા છે? દુઃખ કોઈ ભાવ છે? તો દુઃખ કેટલા કાળ રહે છે એ કાંઈ ખબર છે?

મુમુક્ષુ :- હજી અમે કે દિ' વિચારવા બેસીએ? અમારો ધંધો કરીએ કે એ કરીએ?

ઉત્તર :- ધૂળમાંય ધંધામાં માલ નથી. મફતનો હેરાન થાય છે. એય..! નવરંગભાઈ!

ભગવાન! કહે છે કે સાંભળને પ્રભુ! એ પુણ્ય-પાપના જે ભાવ થાય છે ને એ વિકારીભાવ છે ને એ દુઃખરૂપ દશા છે. દુઃખરૂપ છે. કેમ કે ભગવાન આત્મા વસ્તુ એ અતીન્દ્રિય આનંદકંદ સાકરની મીઠાશનો રવો છે. એવો આત્મા પોતાના ભાનમાં ન આવે અને એની એને ખબર ન મળે એટલે ક્ષણિક વિકારમાં પોતાપણું માની અને પુણ્ય-પાપપણે હું પરિણમ્યો છું, એ જ હું છું એ દુઃખદશાને કર્મચેતના કહેવામાં આવે છે. આવું જીવે અનંત વાર કર્યું છે. સમજાણું કાંઈ? એ કર્મચેતના છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે આને હું ભોગવું છું,...'** હવે બીજો બોલ. શરીર તો માટી, માંસ છે. એને આત્મા ભોગવી શકે નહિ. સમજાય છે? દાળ, ભાત, લાડવા જડ, માટી, ધૂળ છે. એને આત્મા અનુભવી શકે નહિ. શરીર છે માખણ જેવું સ્ત્રીનું એને આત્મા ભોગવી શકે નહિ. એ તો જડ, માટી, ધૂળ છે. ત્યારે ભોગવે શું? કે એને હરખ-શોકની વૃત્તિઓ થાય છે-ભાવ, એને ભોગવે. તો કહે છે કે અજ્ઞાની જીવ, અનાદિથી આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ ન કરતાં એ હરખ-શોકને હું ભોગવું છું, એને હું વેદું છું એ અજ્ઞાનરૂપ દુઃખદશાને અનુભવે છે. સમજાણું કાંઈ? શિરો કે મેસુબ કાંઈ ખાઈ શકતો નથી. એ તો જડ છે. આત્મામાં કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. આ રંગ, ગંધ, સ્પર્શ તો આ માટીના જડમાં છે. એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શ એ વસ્તુ અરૂપી છે. તો અરૂપી રૂપીને અનુભવે એ તો કોઈ દિ' બની શકતું નથી. ત્યારે શું અનુભવે અજ્ઞાનમાં? જુઓ! એ કહે છે.

**'જ્ઞાનથી અન્યમાં...'** એટલે આત્માના સ્વભાવથી અન્યમાં **'એમ ચેતવું કે આને હું ભોગવું છું,...'** આને હું ભોગવું છું એટલે હરખને હું ભોગવું છું. ખુશી પોતે થઈ જાય છે ને ખુશી? રાજીપો થઈ જાય છે ને? એ રાજીપો છે એ રાગરૂપ ભાવ છે, દુઃખરૂપ ભાવ છે. એને હું અનુભવું છું. એ દુઃખરૂપને અનુભવું છું. એ મૂઢદશા છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ આકરો કહે છે આ તો. કોઈ રીતે આ દયા પાળીને, વ્રત પાળીને ધર્મ થઈ જતો હશે કે નહિ? કહે, ના. ના. સાંભળને. દયાનો ભાવ એ વિકલ્પ છે, એ તો શુભરાગ છે. એ શુભરાગનું કરવું એ પણ મિથ્યાત્વ છે. અને શુભરાગનું વેદવું એ પણ મિથ્યાવેદન છે. જ્ઞાનાનંદ સ્વરૂપ છે એના ભાન વિના એ કરવું અને ભોગવવું માને છે એ જ અનાદિ સંસારનું બીજડું છે. જુઓ! બીજ કહેશે. સમજાણું કાંઈ?

**'આને હું ભોગવું છું,...'** કોને? સ્ત્રીના શરીરને, મેસુબને નહિ. પણ એ સંબંધમાં થતો વૃત્તિ-ભાવ. આમ હોંશ આવી જાય છે ને હરખ. અને પ્રતિકૂળ થાય તો શોક. એ શોક એક અસ્તિત્વ વસ્તુ છે વિકાર. એ વિકારને અનુભવું છું એનું નામ કર્મફળચેતના છે. દુઃખના ફળનો અનુભવ છે. એને આત્માની ખબર નથી. એને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ? આવો તે કઈ જાતનો ધર્મ હશે! ઓલું તો કહે કે સામાયિક કરી નાખો બે ઘડી. પડિક્કમણું કરો. ચાલો ભાઈ પડિક્કમણું કરીએ. મિચ્છામી દુક્કડમ. એ મિચ્છામી દુક્કડમ તારા ખોટા છે. અંદર આ આનંદ છે અને વિકાર તે ખોટો છે એમ અંતર દૃષ્ટિ કરી અને એને ટાળે ત્યારે એને મિચ્છામી દુક્કડમ કહેવામાં આવે. આમ મિચ્છામી દુક્કડમ મોઢે બોલે મિચ્છામી દુક્કડમ થાય નહિ કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મિચ્છામી દુક્કડમ એવા શબ્દ પડ્યા છે. તો મિચ્છા એટલે મારા આત્મામાં જે હરખ-શોકના ભાવ થાય એ મિથ્યા-જૂઠા છે. મારું સ્વરૂપ નથી. એ મિચ્છામી-મારું દુષ્કૃત્ય છે. દુષ્કૃત્ય છે-ભૂંડું કૃત્ય છે. મારું એ કૃત્ય નથી. એમ જ્યારે આત્માના આનંદની દૃષ્ટિ કરીને એને ટાળે ત્યારે તેનું મિચ્છામી દુક્કડમ કર્યું કહેવામાં આવે. શાંતિભાઈ! આવું પડિક્કમણું છે બાપુ! આ કાંઈ જુદી જાતની વાત છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

'**જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું...**' એટલે અનુભવવું '**કે આને હું ભોગવું છું,...**' હરખ અને શોક, રાજીપો અને અરતિ, દિલગીરી અને હોંશ એવા જે ભાવો, એ અસ્તિત્વ છે ને? દિલગીરી એટલે અસ્તિત્વ છે ને દુઃખનું? એના વિકારના ભાવને-આને હું ભોગવું છું એ અજ્ઞાનચેતના છે. એ વિકારીને હું ભોગવું છું એ અજ્ઞાનભાવ છે. પહેલું કહ્યું હતું અજ્ઞાનચેતનાનો આ બીજો પ્રકાર છે. અજ્ઞાનચેતનાનો આ બીજો પ્રકાર છે. પહેલો કરું છું એવો અજ્ઞાનચેતનાનો પ્રકાર અને બીજો ભોગવું છું એવો. આને ભોગવું છું. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે એની હયાતીની દૃષ્ટિ જો હોય તો તો જ્ઞાન અને આનંદને ભોગવું છું એ એની દશા હોય. સમજાણું કાંઈ?

'**તેમ કર્મફળચેતના છે. (એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.) તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;...**' એ રખડવાનું બીજડું છે ઈ. આહાહા..! ચોર્યાસીના અવતારમાં રખડવાનું આ બીજડું છે. એ બીજ ફાલે તો ચોર્યાસીના અવતાર થાય. એમ કહે છે. ભગવાન આનંદસ્વરૂપ છે એ મોક્ષનું બીજ છે. અંદર વસ્તુ સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન ભગવાન પરમેશ્વરે જોઈ એવો જ આ આત્મા. એણે પ્રગટ કરી દશા પરમાત્મા એવો જ આ આત્મા. એ મોક્ષની દશાનું બીજડું આત્મા વસ્તુ છે. પુણ્ય-પાપનું કરવું અને હરખ-શોકનું ભોગવવું એ રખડવાનું બીજ છે. અથવા આઠ કર્મ છે એ રખડવાનું બીજ, એ કર્મનું બીજ આ અજ્ઞાનભાવ છે. એનાથી આઠ કર્મ બંધાય છે. આવા ભાવથી.. કહે છે ને કર્મ બાંધ્યા અને કર્મ છોડ્યા. નથી વાતું કરતા? એ આઠ કર્મ જડ ઝીણી વસ્તુ છે. લોગસ્સ-બોગસ પણ નહિ આવડતો હોય. શાંતિભાઈ! લોગસ્સ નહિ આવડતું હોય. લોગસ્સમાં આવે છે એમાં એક. એ કર્યું ન હોય ને. પાછા ઊભા થઈને રળવા ગયા ને. એ લોગસ્સમાં પાઠ આવે છે સામાયિકનો એક. 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;...' આવે છે ને?

મુમુક્ષુ :- બધાને આવડે છે.

ઉત્તર :- એ ઘણાને આવડે. આ લોકોને છોકરાઓને કરેલા હોય. જૈનશાળાએ જાય તો મોઢે કરાવ્યા હોય. મોઢે કરાવ્યા હોય. એનો ભાવ શું છે એ તો કાંઈ ખબર ન મળે. સમજાવનારને ખબર ન મળે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં કહે છે, અહીં તો બીજું કહેવું છે કે '**સંસારનું બીજ છે;...**' કોણ? અહીં તો ઓલું 'વિહુયરયમલા' કહેવું છે. પણ એ યાદ ન આવ્યું. ભગવાન કેવા છે પરમેશ્વર? આ સિદ્ધ ભગવાન. નમો સિદ્ધાણં કરે છે ને? એ આઠ કર્મ રહિત થઈ ગયા છે. એ આઠ કર્મ છે એ રખડવાનું બીજ છે. સમજાણું કાંઈ? કર્મ.

એ અહીં કહે છે, '**સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;...**' રાગ ને પુણ્ય-પાપનું પરિણમવું અને હરખ-શોકરૂપે ભોગવવું એ સંસારનું બીજડું છે. એ દુઃખ એમાંથી ફાટશે. પોતે દુઃખ છે અને એમાંથી દુઃખ ખીલશે. કળી જે નાની છે એમાંથી એક કળી ખીલીને ફૂલ થાય. એમ જેને પુણ્ય-પાપના પરિણામનું કર્તવ્ય અને ભોગવવું જે સ્વીકાર્યું છે એ કળી ખીલીને ચોર્યાસીના અવતારના દુઃખ ફાલશે. સમજાણું?

'**કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે...**' જુઓ! રખડવાનું કારણ તો આઠ કર્મ જડ માટી કર્મ છે. એનું આ અજ્ઞાનચેતના બીજ છે. માટે અજ્ઞાનચેતનાને ટાળવું હોય એણે આત્માની દૃષ્ટિ કરવી. એમ કહે છે. એ છેલ્લું કહે છે, જુઓ! '**મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે સકળ કર્મના સંન્યાસની ભાવનાને...**' ભાવવી. હું આનંદ અને જ્ઞાનમૂર્તિ આત્મા ત્રિકાળ છું. એવા અજ્ઞાનભાવની ચેતનાને ટાળવા આત્માર્થીએ આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરીને એની ભાવના કરવી. એ ભાવનાથી અજ્ઞાન ટળે છે અને સુખી થવાય છે. એને ધર્મ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**માગશર વદ ૯, સોમવાર તા. ૨૫-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૫-૨૨૬, ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૩૭**

ટીકાનો છેલ્લો એક ભાગ થોડો રહ્યો છે. ત્રણ. '**માટે મોક્ષાર્થી પુરુષે...**' એમ. શું કહે છે? કે આત્મામાં પુણ્ય અને પાપના જે ભાવ થાય છે-વિકાર, તે મારું કર્તવ્ય છે અને તે હું છું એવી માન્યતા તેને દુઃખરૂપ છે. અને એ દુઃખના ભવસાગરમાં ડૂબાવાનું કારણ છે. સમજાણું? આત્મા વસ્તુ જે છે એ તો જ્ઞાનાનંદ ધ્રુવ શાશ્વત ચિદાનંદ મૂર્તિ છે આત્મા. એને ભૂલીને અનાદિથી જે પુણ્ય અને પાપ, શુભ-અશુભ જે રાગ થાય છે એ હું છું અને એ મારું કર્તવ્ય છે અને એ રૂપે પરિણમું છું એ જ મારી દશા છે. એ દશાને અહીંયાં અજ્ઞાનચેતના દુઃખરૂપ ભાવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

અને આત્મામાં હરખ-શોકના ભાવ થવા, હરખ-શોક. અનુકૂળ ચીજને દેખીને હરખ કરવો, પ્રતિકૂળ થઈને શોક કરવો એ વિકાર છે, દુઃખરૂપ ભાવ છે. એનું વેદન તે આત્માને દુઃખ કરે છે. એની એને ખબર નથી કે હું દુઃખી છું. કેમ કે એણે અનાદિથી ચૈતન્ય સ્વભાવ છે તેને જાણ્યો નથી અને એ શું ચીજ છે તેની એને ખબર નથી. સમજાણું કાંઈ? એથી એ દુઃખી છે. દુઃખી છે એટલે પોતાના ત્રિકાળી આનંદ સ્વરૂપને ભૂલી અને વર્તમાનના વિકારી પરિણામનું જ કર્તવ્ય અને વેદન માની અને અજ્ઞાનચેતના એટલે અજ્ઞાનભાવમાં રમી રહ્યો છે. એ જેને ટાળવું હોય એણે શું કરવું? મોક્ષાર્થી પુરુષે. જેને દુઃખથી મુક્ત થવું હોય, દુઃખથી મુક્ત થવું હોય એવા મોક્ષાર્થીએ. સમજાણું? એ દુઃખના ભાવ છે. શુભ-અશુભ પુણ્ય-પાપના ભાવ કે હરખ-શોકના ભાવ એ દુઃખરૂપ ભાવ છે. એનાથી જેણે મુક્ત થવું હોય એણે શું કરવું એમ કહે છે. જેને રાખવા હોય એ તો અનાદિથી રાખે છે. સમજાણું કાંઈ?

'**મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે...**' ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એનો આશ્રય લઈને પુણ્ય-પાપના વિકલ્પો રાગ અને હરખ-શોકનો ભાવ એને પ્રલય કરવા માટે '**સકળ કર્મના સંન્યાસની ભાવનાને...**' પરિણમાવવી. એટલે કે પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવ એ કૃત્રિમ ક્ષણિક છે. એને પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એનો આશ્રય લઈને, એનું અવલંબન લઈને, એના અભાવરૂપ પરિણમન કરવું એ વિકારના ત્યાગની ભાવના કહેવામાં આવે છે. જુદી જાત છે આ બધી. વજુભાઈ! આ બધા માપમાં આવતું હશે તમારે ઈજનેરમાં? ઓલા બધા લાકડા માપે અને લોઢા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માપે. આ માપ.

કહે છે કે અજ્ઞાનનું માપ અંદર પુણ્ય-પાપ અને હરખ-શોક છે એ અજ્ઞાન એને માપે છે કે આ હું ચીજ છું. પ્રમાણ કરે છે એ પોતે, એ માપ કરે છે આ હું ચીજ છું. સમજાણું કાંઈ? બાહ્ય ચીજની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? એને એમ લાગતું હોય એની વાત છે કે આ આત્મા મને સુખ કેમ નથી? અને સુખ હોય તો એને પરની ઈચ્છા હોઈ શકે નહિ. સમજાય છે? કે પર કાંઈક લઉં તો હું સુખી થાઉં એમ હોઈ શકે નહિ. તો એને આત્મામાં સુખ છે નહિ એને દશામાં. વસ્તુમાં સુખ છે. એ તો પોતે સુખસ્વરૂપ જ આત્મા છે. કારણ કે વસ્તુ છે એ અનાકુળ આનંદ સ્વરૂપ નિર્દોષ સ્વરૂપ જ છે. પણ એવા નિર્દોષ સ્વરૂપના ભાન વિના જેટલા એ પુણ્ય અને પાપના વિકાર કરે અને હરખ-શોકના ભાવ કરે એ પોતે દુઃખ છે, પણ એને દુઃખ લાગતું નથી. પણ જેને સાંભળીને એમ ખ્યાલમાં આવ્યો હોય કે આ કાંઈક કહે છે એ આત્માના સ્વભાવથી આ વિરૂદ્ધ ભાવ છે અને એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપ એ સંસારના ઊંડે ઊંડે લઈ જવાને-નિગોદાદિ દશામાં લઈ જવાને કારણભૂત છે એ. સમજાણું કાંઈ? એવું જેને જાણમાં આવે અને એને ટાળવા હોય તો શું કરવું?

'**અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા...**' અજ્ઞાન એટલે બેય પ્રકારના. શુભ-અશુભભાવ અને હરખ-શોકનો ભાવ. એનો નાશ કરવા માટે '**સકળ કર્મના સંન્યાસની...**' કોઈપણ વિકલ્પ ને રાગ ને દ્વેષ ને હરખ એ મારું સ્વરૂપ નથી. હું તો આનંદ ચૈતન્ય સ્વરૂપ આનંદકંદ ધામ આત્મા છું. સર્વજ્ઞ પરમેશ્વરે પણ આત્માનું અંતર સાધન કરીને પરમેશ્વર પદ મેળવ્યું છે. સમજાય છે કાંઈ? આ આત્મા દેહથી જુદો, વાણીથી જુદો એ પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકની વિકૃત અવસ્થા, એનાથી જુદો, એનો અભાવ કરવા માટે, એ વસ્તુ છે વિકાર એનો અભાવ કરવા માટે એને ચિદાનંદ સ્વભાવનો આશ્રય લઈને એ વિકારના અભાવરૂપ પરિણમન એણે કરવું. શું કીધું? છે ને જુઓ!

'**સકળ કર્મના સંન્યાસની ભાવના...**' એટલે કે હું આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છું, એવી અંતર્મુખ દૃષ્ટિ કરીને એ પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકના ભાવના ત્યાગરૂપ ભાવનાની પરિણતિ કરવી. ભારે વાત આકરી. પકડવામાં આવવી મુશ્કેલ. લોકોને અભ્યાસ ન મળે ને, અભ્યાસ ન મળે. એણે અનાદિના દુઃખના અભ્યાસ કર્યા છે. દુઃખી કેમ થાવું એનો અભ્યાસ કર્યો છે. નવનીતભાઈ! બરાબર હશે? આ બે-પાંચ હજાર પગાર મળે એ બધા દુઃખી થવાના રસ્તા છે, હોં!

મુમુક્ષુ :- થોડો પગાર લેવો એ સુખી..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- થોડો પગાર લે ને (વધારે) પગાર લે, એ મમતા એ દુઃખ છે એકલું. ભારે વાત ભાઈ!

આત્મા તો અક્રિય રાગ વિનાની અક્રિયબિંબ ચૈતન્ય વસ્તુ છે. રાગ વિનાની અક્રિય હોં! એવી વસ્તુ ભગવાન આત્મા પોતે છે. પોતે છે. પણ એવા અસ્તિત્વનું હોવાપણાની જેને ખબર નથી અનાદિ કાળની. કેમ કે અનાદિ કાળથી આમ ઈન્દ્રિયો અને વર્તમાન ખંડ જ્ઞાનના લક્ષે બહાર ઉપર એની દૃષ્ટિ જાય છે. એથી એને પુણ્ય અને પાપના ભાવ કરી અને સંતોષ માને છે કે અમે કાંઈક ઠીક છીએ, કાંઈક કરીએ છીએ અને હરખ-શોકના અનુભવ કરીને અમે કાંઈક વેદીએ છીએ, અમે કાંઈક સારો અનુભવ કરીએ છીએ (એમ માને છે). પણ એ બધો દુઃખનો અનુભવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ દુઃખ વર્તમાન વસ્તુ જે છે એ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદ સ્વરૂપ છે, વસ્તુ છે ને? ત્રિકાળ રહેનાર છે ને? અને રહેનાર છે તો એમાં વસેલી શક્તિઓ, વસ્તુમાં વસેલી શક્તિઓ છે ને? વસ્તુ છે તો એમાં વસેલી-રહેલી શક્તિઓ છે કે નહિ? એ શક્તિઓ આનંદ અને જ્ઞાનાદિથી ભરેલો ભંડાર ભગવાન છે. કહે છે કે એને ભૂલીને ચાહે તો એ દયા, દાન, વ્રતના ભાવ કરે, ચાહે તો હિંસા-જૂઠાના ભાવ કરે અને ચાહે તો અનુકૂળ દેખીને હરખમાં આવી જાય, પ્રતિકૂળ દેખીને શોકમાં (આવે), એ બધી દુઃખદશા છે. સમજાય છે? એ દુઃખદશાનો પ્રલય-નાશ કરવો હોય તો શું કરવું? કે દુઃખની દશાના ભાવનો ત્યાગ, એ ભાવનો ત્યાગ, એ ભાવનો ત્યાગ. એટલે કે ત્રિકાળ આનંદસ્વરૂપનો આશ્રય લઈને શુદ્ધ પરિણમન કરવું. આહાહા..! અહીં તો નાસ્તિથી વાત કરી છે. સંન્યાસની ભાવનાને નચાવવી એનો અર્થ ઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ ભગવાનજીભાઈ નથી?

મુમુક્ષુ :- ગામડે ગયા છે.

ઉત્તર :- ગામડે ગયા છે, ઠીક! સમજાણું? ભગવાનભાઈ આઘો વયો ગયો. આઘો વયો ગયો છે. આહાહા..!

અંદર આત્માનું સ્વરૂપ તો ભગવાન જ છે. સચ્ચિદાનંદ શુદ્ધ આનંદસ્વરૂપ જ્ઞાનની મૂર્તિ એકલો અવિકારી, વીતરાગી સ્વભાવરૂપ શાશ્વત રસકંદ છે આત્મા. એનો આશ્રય લઈ અને આ દુઃખ દશાને ટાળવી હોય તો આત્માનું અવલંબન લઈને પરિણમન કરવું એમ કહે છે. જે પરિણમન એટલે અવસ્થા દુઃખની થાય છે એને ટાળવી હોય તો આનંદ સ્વરૂપ આત્માને લક્ષમાં-દૃષ્ટિમાં લઈ એના અભાવરૂપ પરિણમન કરવું અને આત્માના આનંદરૂપી અવસ્થાનું પરિણમન કરવું. એમ કહે છે. આહાહા..! સમજાણું? આ કરવું શી રીતે અમારે? દેરાસર કરવું હોય તો કરી નાખીએ, દયા પાળવી હોય તો એ કરી નાખીએ. ભાઈ! તું વસ્તુ છો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને? વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્યઘન છે. પણ એનો એણે કોઈ દિ' અનુમાનથી, શ્રવણથી, સત્સમાગમે કોઈ નિર્ણય કર્યો નથી. તેથી નિર્ણય વિના એની દશા અનાદિ કાળની જે પ્રવાહમાં જાય છે પુણ્ય-પાપ, હરખ-શોક એમાં પડ્યો છે. એ પ્રવાહ તો આખો દુઃખરૂપ છે. એ વહેણ જ આખા પુણ્ય-પાપના, હરખ-શોકના વહેણ વાય છે એ દુઃખરૂપ છે. અને એમાં કોઈ વખતે તીવ્ર દુઃખ થાય નરક-નિગોદમાં જાય, મંદ હોય તો વળી સ્વર્ગમાં જાય, પણ એ બધી દુઃખદશા જ છે. સમજાણું કાંઈ? મોક્ષાર્થીએ એ વિકારના ભાવના ત્યાગની ભાવનાને, એટલે કે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ છે તેની એકાગ્રતાને નચાવવી એટલે પરિણામવવી. એક વાત.

'**તથા સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને...**' અને પૂર્વે જે કર્મબંધ પડ્યું છે, એના પણ ફળનો ત્યાગ કરવો. એટલે આત્માના આનંદની ભાવનામાં પૂર્વના કર્મના ફળનો ત્યાગ અને સ્વભાવના આનંદની પ્રાપ્તિ કરવી. એવી '**સ્વભાવભૂત...**' સંન્યાસની ભાવનાને નચાવવી. એ ભાવના કેવી છે? કે સ્વભાવભૂત. શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ એવો આત્મા આનંદસ્વરૂપ છે, એની અંતર એકાગ્રતા કરવી કે જે સ્વભાવની જાત છે. એ પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવ એ તો વિકારી દુઃખરૂપ કલંક હતું. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વસ્તુને પહેલો નિર્ણયમાં તો લે કે આ ચીજ આખી વસ્તુ છે, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ આમ પદાર્થ છે. અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ, એમાં એકાગ્ર થવું. એનાથી વિકારના પરિણામ એટલે દુઃખના પરિણામનો અભાવ થાય છે. એવી '**સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને...**' ભગવતી જ્ઞાનચેતના. ભાષા જુઓ! પુણ્ય-પાપના ભાવ, હરખ-શોકના ભાવ મહિમાવાળા નહોતા. આહાહા..! અબજોપતિ હોય ને સ્વર્ગનો દેવ હોય. સમજાય છે? નવમી ગ્રૈવેયકનો દેવ મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી અહીંથી ગયો. કહે છે કે એને પણ મિથ્યાત્વના ભાવ એટલે અસત્યભાવ, અસત્યભાવ સત્ય સ્વરૂપથી વિરૂદ્ધ અસત્યભાવ અને રાગદ્વેષની જ દશા, દુઃખરૂપ દશાનું જ પરિણમન છે એને. નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી ગયો. અહીં દ્રવ્યલિંગી સાધુ હોય અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પોમાં રહેતો હોય, તો પણ તેની દૃષ્ટિ વિકાર ઉપર, રાગ ઉપર અને તેના અંશ ઉપર છે (તેથી) તે અજ્ઞાની દુઃખી જ છે. હજારો રાણીને ત્યાગ કરીને નગ્નપણું લીધું હોય કે થયું હોય અને અંદરમાં અઠ્યાવીશ મૂળગુણ આદિ દયા, દાન, વ્રતના પરિણામ હોય, પણ એ પરિણામ વિકારી છે એના ઉપર દૃષ્ટિ છે તેથી તદ્દન અસત્યના સેવનને ધર્મસેવન માને છે. સમજાણું કાંઈ? એવા દુઃખની દશા ટાળવી હોય તો એણે વર્તમાન દશામાં વિકૃતભાવને ટાળવા માટે ત્રિકાળી ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ છે એનો આશ્રય કરી, એને અવલંબી અને શુદ્ધ પરિણમન કરવું કે જેથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અશુદ્ધ દુઃખ દશાનો નાશ થાય. આ ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ?

'**ભગવતી જ્ઞાનચેતનાને જ...**' એમ. '**એકને સદાય નચાવવી.**' આહાહા..! સદાય પરિણમન કરવું. ભગવાન આત્માની સન્મુખ જોઈને પ્રભુ ચૈતન્ય સ્વભાવ સાગર છે, એની સન્મુખ જોઈને શુદ્ધની એકાગ્રતાનું ચૈતન્યનું પરિણમન કરવું એ એક જ સુખનું કારણ છે. કહો, સમજાણું આમાં? શું કરવું આમાં કાંઈ સૂઝ પડતી નથી, કેટલાક કહે છે. પણ આ કરવાનું નથી કહેતા? આમ જે કરે છો વિકાર પુણ્ય-પાપ અને હરખ-શોકના (ભાવ), એનાથી રુચિ છોડીને અંતર ત્રિકાળ વસ્તુની દૃષ્ટિ અને સ્થિરતા કરવી એ કરવું. નવનીતભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? '**સદાય નચાવવી.**' એનો કળશ કહે છે. એ આપણે આવી ગયું છે. ફરીને લીધું છે ને આ.

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।**
**परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।२२५।।**

'**શ્લોકાર્થ :- ત્રણે કાળના સમસ્ત કર્મને કૃત-કારિત-અનુમોદનાથી અને મન-વચન-કાયાથી ત્યાગીને...**' એટલે શું કહે છે? કે આત્મામાં થતાં પુણ્ય અને પાપના રાગ અને હરખ-શોકનો ભાવ એને મનથી પણ પ્રશંસવો નહિ, કાયાથી એને સેવવો નહિ અને વાણીથી એને ઠીક કહેવો નહિ. રાગનો એક અંશ છે શુભાશુભ કે હરખ-શોકનો એક અંશ છે, એને મનથી, વચનથી, કાયાથી કરણ, કરાવણ અને અનુમોદન નવ નવ કોટીએ એટલે કોઈ અંશે ઠીક છે એમ ન રાખીને બધા પ્રકારે મન-વચન-કાયાએ કરણ-કરાવણ-અનુમોદનથી એ ઠીક નથી. સમજાણું કાંઈ? છે, શ્લોક છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું અંદર છે આ. છે એને બતાવો ભાઈ! માંડ માંડ આવ્યા છે. સૂઝે એવું નથી આમાં હાથ. ઓલા ગજમાં સૂઝે. છે ઓલી કોર જુઓ. ક્યાં બતાવ્યું? એય..! નેમિદાસભાઈ! બરાબર છે? પણ શું કાંઈનું કાંઈ કરે છે. બતાવો ભાઈ એને સરખું.

હવે '**ત્રણે કાળના...**' છે એમાં? ત્રણ કાળના એટલે શું? કે ગયા કાળનો કોઈપણ પુણ્ય અને પાપનો ભાવ કે હરખ-શોકનો ભાવ કે વર્તમાનનો પુણ્ય-પાપનો ભાવ અને હરખ-શોકનો ભાવ કે ભવિષ્યને માટેનો પુણ્ય-પાપ અને હરખ-શોકનો ભાવ, મનથી, વચનથી, કાયાથી, કરણ, કરાવણ, અનુમોદનથી ઠીક નથી. એમ છોડી દઈને. સમજાણું કાંઈ? પાછળનો અધિકાર છે ને એકદમ સંકેલીને ટૂંકામાં આવ્યું છે.

જેટલા વિકલ્પો થાય છે શુભ-અશુભ કે હરખ-શોક એ ભૂતકાળની અપેક્ષાના, વર્તમાનની અપેક્ષાના કે ભવિષ્યની અપેક્ષાના એ તો વર્તમાનના ત્યાગમાં બધું આવી ગયું. એમાં મનથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ ઠીક છે, કરવું-કરાવવું-અનુમોદવું કે વાણીથી ઠીક અનુમોદવું. કરણ-કરાવણ-અનુમોદન, કાયાથી નવ નવ પ્રકારે. કારણ કે અખંડ વસ્તુ છે... એનો બધો ત્યાગ કરીને, અખંડ વસ્તુ ચૈતન્યનું અવલંબન લઈને એમ કહે છે. સમજાણું કાંઈ?

'**હું પરમ નૈષ્કર્મ્યને અવલુંબું છું.**' જુઓ! એક જ વાત. એનો કોઈ અંશ મને રાખવા જેવો છે રાગનો કોઈ મનથી, વાણીથી એમ નહિ. એ બધા વિકલ્પો શુભાશુભ અને હરખ-શોક દુઃખરૂપ છે, એ દાવાનળ છે, કષાયનો દાવાનળ છે. ભગવાન આત્માની શાંતિ પાસે એ દાવાનળ છે. એ દાવાનળનો કોઈ અંશ પણ મનથી, વાણીથી કે કાયાથી રાખવા જેવો ઠીક છે, કરવા જેવો, કરાવવા જેવો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ '**ત્યાગીને હું પરમ નૈષ્કર્મ્યને (-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું.**' મારો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ પૂર્ણ આનંદ સ્વરૂપ એને અવલંબીને એ નિર્મળ અવસ્થા કરું છું. લ્યો, આનું નામ પડિક્કમણું. આ પડિક્કમણું કરે છે ને સાંજ-સવાર? કહે, પડિક્કમણું કરી આવ્યા. પડિક્કમણું કોને કહેવું એનું ભાન ન મળે. આનું નામ પચ્ચખાણ અને આનું નામ સંવર એટલે આલોચના. ગયા કાળનું પડિક્કમણું, વર્તમાન કાળનો સંવર અને આવતા કાળના પચ્ચખાણ. આવે છે? ગડિયામાં આવે છે ઓલા. પડિક્કમણાના ગડિયામાં. આહાહા..!

કહે છે કે ગયા કાળનું પડિક્કમણું એટલે શું? કે કોઈપણ પુણ્ય-પાપનો રાગ ઠીક નથી, મન-વચન અને કાયાએ કરણ-કારણ-અનુમોદનથી. વર્તમાનનો કોઈપણ વિકલ્પ ઠીક નથી, મન-વચન-કાયા-કરણ-અનુમોદનથી. ભવિષ્યને માટે પણ એ રાગ મને લાભ કરશે કે બંધ થશે તો? એમ છે નહિ. સમજાણું કાંઈ? એ બધાને છોડી દઈને. '**હું પરમ નૈષ્કર્મ્યને અવલંબું છું.**' હું તો પરમ નામ ઉત્કૃષ્ટ એવો જે ભગવાન આત્મા, એની અવસ્થાને... એમ છે ને અહીં? એની અવસ્થાને અવલંબુ છું એમ ભાષા છે. નૈષ્કર્મ્ય અવસ્થાને અવલંબું છું. અવસ્થાને-કર્મને. ઓલી વિકારી અવસ્થા છે ને એ છૂટે છે. અવલંબે છે તો ત્રિકાળીને. પણ અવસ્થા નિર્મળ થાય છે એ પરિણમું છું એટલે એ અવલંબુ છું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**(એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.)**' લ્યો! આમ પ્રતિજ્ઞાનો અર્થ એ છે કે શુદ્ધ ચૈતન્યમાં અંદર વસ્તુની દૃષ્ટિ કરી અને અંદર ઠરવું એ નવ નવ કોટીએ વિકારના ત્યાગની પ્રતિજ્ઞા છે. મારે હવે રાગ કરવા જેવો નથી. સમજાણું કાંઈ? કાલે તો ઓલા જરી હતા ને? ઠેઠથી લીધું હતું ને? ડોક્ટર હતા.

'**(હવે ટીકામાં પ્રથમ, પ્રતિક્રમણ-કલ્પ અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ કહે છે :-)**' એ પછી ભંગ છે. ૪૯ છે ને કરવું નહિ, કરાવવું નહિ, કર્તાને અનુમોદવું નહિ, મનથી-વચનથી-કાયાથી, ભૂતકાળ-વર્તમાન કાળ અને ભવિષ્ય કાળ. એ એક એના ૪૯ ભંગ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો એક સાથે બધાનો ત્યાગ એમ કહે છે. પછી એનો કળશ છે. છે ને કળશ? ૨૨૬ કળશ છે. એ ભંગો છે બધા એના પ્રકારો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવશે આમાં અર્થમાં. એના અર્થમાં જ આવશે. પ્રતિક્રમણ કરનાર જુઓ પહેલો ભંગ છે લ્યો. આમાં પહેલી શરૂઆતમાં. પહેલો ભંગ લ્યો. આ કળશ બોલાઈ ગયો ને? એના પછી જુઓ.

'**જે મેં (પૂર્વે કર્મ) કર્યું,...**' છે ને કળશ પછી? પૂર્વે મેં પુણ્ય-પાપના રાગ અને વિકાર ને સુખ-દુઃખ મેં કર્યું '**કરાવ્યું, અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો.**' લ્યો, આ મિચ્છામી દુક્કડમ આવ્યું આ. જાધવજીભાઈ! મિચ્છામી દુક્કડમ કરે છે ને? મિચ્છામી દુક્કડમનો અર્થ શું? '**તે મારું...**' એટલે કે હું એક આનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું, એનો આશ્રય લઈને, પૂર્વે મેં જે આશ્રય વિના જે પુણ્ય અને પાપ, મન, વચન, કાયાથી કર્યા, કરાવ્યા, અનુમોદ્યા હતા એ મારું દુષ્કૃત, મારું ખોટું કૃત હતું. જુઓ! શુભ અને અશુભભાવ બધા ખોટા કૃત હતા એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એકલો પ્રભુ પુણ્ય-પાપના વિકલ્પ અને રાગ વિનાનો આત્મા છે વસ્તુ ત્રિકાળી આનંદ. એ સિવાયનો કોઈપણ વિકલ્પ શુભ કે અશુભ હો એ મિથ્યા કરું છું. એ મને લાભદાયક નહોતો, હું એને છોડું છું. મારી ચીજ શુદ્ધ ચૈતન્ય છે એને અવલંબીને આને હું મિથ્યા એટલે મારું આ દુષ્કૃત છે. એ દુષ્કૃત છે. મારું સાચું કૃત્ય નથી. '**(કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે...**' જુઓ! જે કાંઈ શુભ-અશુભ ભાવ કરે કે કરાવે કે કર્તાને ઠીક અનુમોદન કરે, સંમત થાય, કોઈ પુણ્ય-પાપ કરતો હોય એ એને સંમત થાય કે ઠીક છે.

મુમુક્ષુ :- પુણ્ય તો કરે છે.

ઉત્તર :- પુણ્ય તો કરે છે. ભાઈ! એ તો એને હોય છે. પણ એ છે સંસારનું બીજ. આહાહા..! લખાણમાં એટલું બધું આવે છે. લખ્યા જ કરે છે લોકો. પુણ્ય તો કરવા જેવું, પુણ્ય તો એનું પહેલું કર્તવ્ય છે. ભાઈ! એ તો કરે છે, એ તો કરે છે તો અનાદિથી કરે છે. કહો, સમજાણું કાંઈ? પણ જેને હજી પુણ્યના પરિણામ ઠીક છે, ગયા કાળના કરેલા, અત્યારના થાય છે અને ભવિષ્યમાં થશે તો ઠીક. એ તો અજ્ઞાનદશા અને સંસારનું બીજ છે એ તો. કહો, ખેતશીભાઈ!

કર્મ કરવું, કરાવવું કે કરનારને સંમત થવું એ સંસારનું બીજ છે. કોઈપણ ભગવાન આત્માના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિર્વિકલ્પ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ ચાહે તો શુભ કે અશુભ બેય બધા તે દુષ્કૃત છે અને તે સંસારનું બીજ છે. સંસારનું એટલે રખડવાનું એ બીજ છે. ચાર ગતિમાં રખડવાનું એ બીજડું (છે). એ બીજમાંથી ચાર ગતિના રખડવાના ફાલ ફાલશે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યભાવથી સ્વર્ગ મળે એ તો દુઃખનું ફળ છે એમ કહે છે. આહાહા..! અહીં તો હજી સ્વર્ગનો દેવ ને વાત કરે દેવની ત્યાં વહાલપ થઈ જાય અંદર.

મુમુક્ષુ :- મોઢું ભરાઈ જાય.

ઉત્તર :- હા. મોઢું ભરાઈ જાય. અને એમાં પાંચ-પચાસ લાખ અને કરોડ, બે કરોડની વાતું કરે ત્યાં આહા..! શું છે પણ? સાંભળને! એય..! મલૂકચંદભાઈ! આહાહા..! બાપા! પાંચ-પાંચ લાખની પેદાશ એક દિવસની. એવો જે હરખ થાય છે ને, કહે છે કે મૂઢ છો, દુઃખમાં દુઃખના ડુંગરમાં માથા ફોડે છો તું. તને સુખની પ્રાપ્તિ કેમ થાય એની ખબર નથી. સમજાણું કાંઈ?

**'એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી...'** એટલે ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગને ભૂતકાળના, વર્તમાનના અને ગયા કાળના, ભવિષ્યના કોઈપણ મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદવાથી હેયબુદ્ધિ થઈ. કોઈ કરણમાં કો'ક ઠીક આદરણીય છે અને કો'ક કરણ એ આદરણીય નથી એ કાંઈ વસ્તુ છે? મનથી આદરવા લાયક છે અને કાયા-વાણીથી આદરવા લાયક નથી એમ કહે છે. અથવા કાયા-વાણીથી આદરવા લાયક છે અને મનથી આદરવા લાયક નથી. એમ છે? કોઈ બે ભંગ પડતા હશે? સમજાણું કાંઈ? આહાહા..!

દુઃખના ત્રાસમાં જુઓને. સવારે જોયું પેલા છોકરાને આહાહા..! શું હજી સમાચાર આવ્યા નથી ને? નવનીતભાઈની મોટર આવી હતી ને એમાં એક છોકરાને લઈ ગયા. પચ્ચીસ વર્ષનો જુવાન છે કણબીનો. આવ્યા હતા વિનંતી કરવા આવ્યા હતા. કણબી છે કણબી. પાંચ-સાત જણ આવ્યા હતા. વિનંતી (કરવા આવેલા). સ્વાધ્યાય મંદિર કરવું છે. છે કણબી. પણ આનો રસ છે. રાતે અગ્યાર વાગેથી આંચકી ઉપડી. બહુ આંચકી (ઉપડી) તો અસાધ્ય થઈ ગયો. પચ્ચીસ વર્ષનો જુવાન છે. મા-બાપ.. આવ્યા હતા. ગયા બધા પછી એ મોટરમાં લઈ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાઈ આવ્યા હતા. .... ઠીક! અહીં તો બહુ આવતા. .. ઘણાં આવતા. અહીં તો બહુ આવતા હતા. હું .. જુવાનજોધ. બાણ જેમ બાણ વળે ને. ભાઈ ઊભા હતા હરગોવિંદભાઈ. શું છે? મોઢુ બંધ નથી, ઉઘાડું છે ધનુર તો ન કહેવાય. એને તો ધનુર જેવી ચેષ્ટા બધી, કાંઈ ભાન ન મળે. આ દશા દેહની. એમાં ભગવાન પીલાય છે એકત્વબુદ્ધિએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..! એને ખબર નથી. એવી દશાઓ તો અનંત વાર થઈ છે. સમજાય છે? એ જુવાનજોધ શરીર સાંઢડા જેવું લાગે. બાપુ! કયે ક્ષણે પલટશે? એ તો પરવસ્તુ છે એ તો પલટતી જ છે. કયે ક્ષણે છૂટશે અને કયે ક્ષણે શું થશે વિકૃતપણું? સ્વતંત્ર છે. ભગવાન આત્મા એનાથી નિરાળો છે. એ તો નિરાળો છે, એનાથી કાંઈ થાય નહિ. આત્માની દશાથી એમાં કાંઈ ન થાય. જે ત્યાં થવાનું તે જ થવાનું. પણ આત્માની દશામાં ભૂલીને જે વિકાર કરે છે એનું પણ અહીં કહે છે કે પ્રાયશ્ચિત કર. એટલે પાછો ફર અને સ્વભાવની દૃષ્ટિમાં આવ. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! કોણ સામું જોનાર છે ત્યાં? બાયડી ઊભી હોય, છોકરા ઊભા હોય, શું કરે? એમ કે હાય.. હાય.. આ થાય.

મુમુક્ષુ :- પોતાનો જીવ જ શું કરે?

ઉત્તર :- નહિ, આ તો ઓલા એમ કહે છે. આ તો પોતે શું, પોતે તો ભાનમાં ન મળે. આહાહા..! આ દશા.. આ દશા. આવી તો દશાઓ અનંત વાર (થઈ). આ તો સાધારણ દશા છે. પણ નરક અને નિગોદની દશાના દુઃખ જોયા હોય, સાંભળ્યા હોય, ભગવાન કહે છે કે અમે જાણીએ અને એણે વેદ્યા છે. પણ ભૂલી ગયો. ભૂલી જાય. જરીક કાંઈક ઠીક બહાર શરીર ઠીક અને કાંઈક ઠીક આ મળ્યું ત્યાં ભૂલી ગયો. શું છે? બાપા! આ તો બધી બહારની સંધ્યા છે. એ બહારની સંધ્યા ખીલેલી એ ખીલ્યું બંધ થઈ જશે, અંધારા થઈ જશે. સમજાણું કાંઈ? ભાઈ! તેં તારી સંભાળ કરી નથી. સમજાય છે? તેં તને જાળવ્યો નથી, તેં તેને જોયો નથી, તેં તેને જોયા વિના જાળવવો શી રીતે? આહાહા..! આ જાળવવાની મહેનતું કરી છે એણે. શરીરને જાળવવું, આને જાળવું, ધૂળેય નહિ જળવાય તારાથી. એ તો પર છે. અહીં તો અંદરમાં પુણ્ય-પાપના ભાવને જાળવવાનો-રાખવાનો ભાવ તે અજ્ઞાનનું બીજડું છે. આહાહા..! સમજાય છે?

કહે છે કે એવા અજ્ઞાનના દુઃખને ટાળવું હોય તો એણે ભગવાન આત્માના સ્વભાવનું શરણ લેવું અંદર. વસ્તુ શું છે તેનું જ્ઞાન કરી, વસ્તુ શું છે તેની શ્રદ્ધા કરી અને વસ્તુ શું છે તેનો આશ્રય કરવો. સમજાણું કાંઈ? એમ **'દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી...'** બધું હેય, લ્યો! શુભ અને અશુભ રાગ કે હરખ-શોકનો ભાવ એ હેય છોડવા લાયક છે. નવ નવ કોટીએ છોડવા લાયક (છે). નવ કોટીએ એટલે મનથી, વચનથી, કાયાથી, કરણ, કરાવન અને સંમત થવું. બધી રીતે છોડવા જેવું છે. સમજાણું કાંઈ? બીજો પણ શુભભાવ કરે તો સારું છે ત્યાં તો એ સંમત થયો, વિકાર ઠીક છે એમ થયું. એટલે કે આત્મા રાગ વિનાની ચીજ છે તે અઠીક છે એમ થયું. આહાહા..! ભારે પણ એણે ડાળા ગાળ્યા છે ને પણ. કાળ ગાળ્યો છે ને ઊંઘે. ખબર ન મળે, ખબર ન મળે. ગાંડા પાગલ. શરીર

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈક સુંદર મળે, પૈસા કાંઈક હોય પાંચ-પચાસ લાખ, બે લાખ, કરોડ. પાંચ-પચાસ લાખમાં સખ નથી આવતું.

મુમુક્ષુ :- .. પૈસા જ ગણાતા નથી.

ઉત્તર :- પૈસા જ ગણાતા નથી. ધૂળેય નથી, સાંભળને.

આ આત્મામાં ભાઈ! ચૈતન્યલક્ષ્મી પડી છે એને ભૂલીને તું પુણ્ય-પાપના પરિણામને પણ સારા માન, મને ઠીક છે એમ માન, બાપુ! એ અસત્ય મિથ્યા માન્યતા દુઃખરૂપ છે. સમજાય છે? દુઃખના બધા ફણગા છે. એમાંથી દુઃખ ફાલશે. ભગવાન આત્મા એ દુઃખના અજ્ઞાનબીજથી નવરો થવા, છૂટવા માગતો હોય તો એણે સ્વભાવનું શરણ લેવું. સમજાણું કાંઈ?

'**આવી ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડ્યું, તે જ તેનું મિથ્યા કરવું છે.**)' શુભ અને અશુભભાવ, તેનું મમત્વ છોડ્યું, હેય જાણ્યું, છોડવાયોગ્ય છે. ભગવાન આત્મા અંદર આનંદ છે, જ્ઞાનસ્વરૂપ છે એ અંતર આદરવા લાયક છે. બાકી ક્યાંય સુખ છે નહિ. જેટલી બહારની સામગ્રી અનુકૂળ દેખીને હોંશ આવવી એ ઝેર છે કહે છે. સમજાણું કાંઈ? અને પ્રતિકૂળ દેખીને ખેદ કરવો એ ઝેર છે. આહાહા..! કહો, હીરાભાઈ! શું હશે હવે? બે-ચાર-પાંચ લાખ થાય તો ઠીક, એ તો ખરું કે નહિ? પણ ત્યાં એનો બાપ ત્રીસ રૂપિયા રળતા અને આ વીસ હજાર રળે, પચ્ચીસ હજાર તો ઠીક કહેવાય કે નહિ એટલું? આહાહા..!

મુમુક્ષુ :- રળવાનો ભાવ...

ઉત્તર :- એ રળવું એટલે વિકલ્પ છે અને વિકલ્પ એટલે દુઃખ છે, દુઃખ એટલે કે સંસાર છે. આહાહા..! સમજાણું? આમ જેને અંદર સંસારના દુઃખના બીજડા જેને ભાસ્યા હોય એને આત્માના સ્વભાવનો આદર કરીને હેય કરી નાખવા. છોડવા જેવા છે અને આ આદરવા જેવું આત્માનું સ્વરૂપ છે. એ આદરવા જેવો નથી ભાવ. એવી વાત છે. લોકોને એમ થઈ જાય કે પણ આ કોણ જાણે થોડું થોડું પહેલું પુણ્ય તો કરવા દયો. પુણ્ય તો કરવા દયો. સાધન છે ને, સાધન છે ને. નિશ્ચય ન થાય ત્યાં સુધી આ તો કરવા કરે. પણ એ તો કરે છે, એ ક્યાં પ્રશ્ન છે? એ તો અનાદિની રુચિમાં પડ્યો છે. એની રુચિ છોડ્યા વિના સ્વભાવની રુચિ થશે નહિ. એક મ્યાનમાં બે નહિ રહે. પુણ્ય-પાપના વિકારની રુચિ રાખવી અને સ્વભાવની રુચિ થવી-બે રહેશે? એથી કહે છે કે હેયબુદ્ધિ કર. કહો, શાંતિભાઈ! આહાહા..! એનું નામ મિથ્યા કહે છે.

'**દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી...**' અને સ્વભાવબુદ્ધિ થઈ આ એનું નામ દુષ્કૃત કર્યું કહેવામાં આવે છે. હવે એનો શ્લોક ઓલી કોર ૨૨૬. ૫૫૯ નવા પુસ્તકમાં છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२६।।**

આ પ્રતિક્રમણની વ્યાખ્યા છે. પડિક્કમણું કેમ કરવું એની આ વ્યાખ્યા છે. સાંજ-સવાર જઈને મિચ્છામી દુક્કડમ કરે એને પડિક્કમણાની ખબર નથી. જે અંદર શુભભાવને પણ સારો માને અને સાંજે પડિક્કમણા કરે એ મિથ્યાત્વના ભાવને સેવે છે. ભગવાનજીભાઈ! એ પડિક્કમણા વખતે પણ જે શુભરાગ ઉઠે છે એ મને ઠીક છે અને લાભદાયક છે, આનાથી પાપ ટળે છે એ માન્યતા મિથ્યાત્વની, અસત્યબુદ્ધિની છે. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂતકાળમાં)...**' એટલે ગયા કાળમાં '**કર્મ કર્યાં,...**' આ પ્રતિક્રમણ કહેવાય છે. ગયા કાળમાં જે શુભ-અશુભભાવ કર્યા '**તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને...**' એટલે એનાથી રહિત થઈને, નાસ્તિ કરીને (કહે છે), '**હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ નિરંતર વર્તું છું...**' આહાહા..! શું કહે છે? ભગવાન આત્મા જાણનાર ચૈતન્ય સ્વરૂપ છે. એવો આત્મા ચૈતન્ય સ્વરૂપ આત્મા. ઓલો પુણ્ય-પાપ અને વિકલ્પ એ આત્મસ્વરૂપ નહોતું. પુણ્ય-પાપના ભાવ એને છોડી દઈને ચૈતન્ય સ્વરૂપ આત્માનું. ભગવાન જ્ઞાન સ્વરૂપ છે. હું પોતે શુદ્ધ આનંદ જ્ઞાનસ્વરૂપ છું. એવા આત્મામાં આત્માથી એટલે નિર્વિકલ્પ દશાથી નિરંતર વર્તું છું. પોતાથી એટલે નિર્વિકલ્પ દશાથી, રાગ વિનાના આશ્રય વિના સ્વભાવને આશ્રયે નિર્વિકલ્પ રાગ વિનાની પરિણતિથી વર્તું છું. આ '**(એમ જ્ઞાની અનુભવ કરે છે).**' એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

દુઃખ લાગે તો ભાગે ત્યાંથી. દુઃખ જ લાગતું નથી. કાંઈક ઠીક લાગે ત્યાં આ... એક જણ કહેતો હતો. મહારાજ કહે છે કે ચાર ગતિના દુઃખ... તમે દુઃખી છો. આમાં ક્યાં દુઃખી દેખાય છે? આ શરીર ઠીક છે, પાંચ-દસ હજાર પેદા કરીએ છીએ, પચ્ચીસ-પચાસ હજારની મૂડી છે. દુકાન ચાલે છે, છોકરા કામ કરે છે, થોડી વાર બે-ચાર કલાક કદાચ જાવું પડે તો એમાં દુઃખી છીએ ક્યાં? કહો, જાધવજીભાઈ! પણ ભાઈ! તને એ વૃત્તિ ઉઠે છે ને કે આ જાઉં અને આ કરું, એ વૃત્તિ પોતે જ દુઃખરૂપ છે. તને દુઃખની વ્યાખ્યાની ખબર જ ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? શરીર સારું હોય લ્યો! આ મલૂકચંદભાઈનું શરીર કેવું જુઓ, લઠ જેવું છે શરીર. છોકરા પૈસાવાળા. પાંચ કરોડ રૂપિયા. બે છોકરા પાસે. હવે? સમજાય છે ને? બેઠા હોય આવે તો કહે, બાપુજી! અમે તમને નથી કહેતા હોં! હવે આમાં દુઃખ ક્યાં આવ્યું? એય..! કપુરભાઈ!

મુમુક્ષુ :- એ તો આપે વર્ણન કરવાનું રહ્યું ને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- પણ ભાવ જે છે કે આ ઠીક કહે છે અને ઓલો વિકલ્પ ઉઠે છે એ બધું પોતે દુઃખ છે. કપુરભાઈ! આહાહા..! અરે.. ભગવાન! કેમ હશે એય? તમારા ભાઈને સુખી કહે છે માણસો. ડોસા કરતા પૈસા વધી ગયા એની પાસે. ભલે છોકરાને વધ્યા પણ કહેવાય તો એના ને. એના કહેવાય ને? કહેવાય, હોં! હોય નહિ. ભારે ભાઈ આ.

અહીં તો કહે છે કે એ પૈસા પણ ન હોય અને અંદરમાં શુભભાવની ક્રિયા હોય દયા, દાન, વ્રતની... સમજાય છે? છતાં એ રાગ છે અને એના ઉપર દૃષ્ટિ છે તે મિથ્યાત્વભાવ છે. એ દુઃખભાવ છે. એ દુઃખભાવ છે. મિથ્યાશ્રદ્ધા (છે) કે રાગ ઠીક છે એવી મિથ્યાશ્રદ્ધા એ ત્રિકાળ આનંદથી ઊલટી અવસ્થાના પરિણામ છે. એ દુઃખ છે. મિથ્યાશ્રદ્ધાનું દુઃખ એને લાગતું-જણાતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! ત્રિકાળ ભગવાન અનાકુળ આનંદ અને એ આનંદ અને અનંત ગુણનો બધો આનંદ, એવું જેનું સ્વરૂપ એનાથી વિરૂદ્ધ રાગાદિ ભાવ એને ઠીક માને છે એ અસત્યબુદ્ધિ, મહા મિથ્યાબુદ્ધિ, મોટો અભિપ્રાયમાં મહા આકુળતાનું દુઃખ છે એને. પણ વિપરીત માન્યતાનું દુઃખ એને લાગતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વર્તમાન વિપરીત માન્યતા દુઃખરૂપ છે કે પુણ્ય પરિણામ ઠીક છે, પાપમાં મને મજા પડે છે, બીજા મને અધિકપણે ગણે છે તો ઠીક, એટલો તો હું આગળ વધ્યો ને? આહાહા..! લ્યો! આપણા બાપ પાસે કાંઈ નહોતું. આ જુઓ બાહુબળે મેળવ્યું. વળી આટલી મૂડી થઈ, આ મકાન કરાવ્યા પાંચ લાખના. આટલા દાગીના થયા, ધૂળ થઈ. સમજ્યાને? કહે છે કે એ તારો ભાવ જ દુઃખરૂપ છે અને તે અમે મેળવ્યું અને અમને ઠીક છે તેવી મિથ્યાશ્રદ્ધા મહાદુઃખની ખાણ છે. પોતે દુઃખ અને દુઃખની ખાણ. એમાંથી દુઃખ ફાટવાના બધા વધારે. એ પર્યાય હીણી થઈ ને જવાની નિગોદદશામાં ઘર કરશે. એવી વાત છે. સમજાણું કાંઈ? જ્યાં નિગોદમાં એ આત્મા પોતે છે એની પણ ખબર નથી. દુનિયા માનશે નહિ એને આત્મા. એક શરીરમાં અનંત આત્મા કોણ માને? સમજાણું? બહાર કાંઈક વધેલો હોય, પાંચ-પચાસ લાખ મુડી, મકાન-બકાન, આબરૂ-કીર્તિ હોય તો માને કે આ છે હોં! હવે ઓલો તો શરીર પણ હારી ગયા, વાણી ન મળે, મન ન મળે, એક શરીરમાં અનંતા આત્મા. આહાહા..! અને એક એક આત્માને મિથ્યા અભિપ્રાયનું અનંતું દુઃખ. મૂર્છાઈ ગયા છે. દુઃખની એટલી દશા છે કે મૂર્છાઈ ગયા છે. આહાહા..!

અરે..! વસ્તુ ચૈતન્ય અમૃતસ્વરૂપ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી ચૈતન્યનો ઊંડો કૂવો, એ તો ભગવાન અમૃતનો કૂવો છે. એમાંથી અમૃત નીકળ્યા જ કરે એવી ચીજ છે. એને ભૂલીને આ વિકારના પુણ્ય-પાપના ભાવમાં રગડાઈ ગયો છે, એકાકાર થઈ ગયો છે એ મિથ્યાશ્રદ્ધાનું મહાન પાપ અને મહાન દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને છોડવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય તો હું નિષ્કર્મ ચૈતન્ય સ્વરૂપ આત્મામાં આત્માથી નિરંતર વર્તું. જુઓ! નિરંતર શબ્દ ત્યાં પણ વાપર્યો છે. કોઈ ક્ષણ પણ રાગનો કણ ઠીક છે એ હું માનતો નથી. આહાહા..!

વીસ વર્ષનો જુવાન છોકરો હોય અને પચાસ લાખ કે કરોડની મૂડી હોય અને એમાં બે-પાંચ લાખ ખર્ચ્યા હોય. અને બબ્બે મહીનાથી આમ તાજા લાડકા લાડુ ને એવું થાતું પહેલા હોં! હવે તો બધું ગયું. વખત નથી. પહેલા તો બબ્બે મહિનાથી એને લાડવા ખવડાવે સારા અને ઓલા અમારે હતા ને દામોદર શેઠ. એના પહેલા છોકરા માટે તો બહુ કરેલું. ત્યારે પૈસા દસ લાખ. રાયચંદ માટે. બબ્બે મહિનાથી આમ સારા ઢોલિયા, સારા ઓલા, સારા મકાન, ખાવા-પીવાના બધા આમ સવાર-સાંજ બધી રીતે એને માટે સ્વતંત્ર ખાવાના શિરા, પુરી, ફલાણું-ઢીંકણું. મકાન નવા, નવા ઢોલિયા, નવા મકાન અને શરીર જુઓ તો રૂપાળું આમ મોટું પંજાદાર. દામોદર શેઠનો દીકરો. (સંવત) ૧૯૭૫માં પરણ્યો હતો, વૈશાખમાં. આસો મહિનામાં કાળ કરી ગયો. છ મહિના. સમજાણું? રાડ.. રાડ.. લોકોને ગામમાં રાડ. શું છે પણ? પંજાદાર છોકરો. ભણતો હતો પૂનામાં. પછી આ પૈસાવાળા માણસ ને ખાવામાં આપે બહુ. બાપા! અમે સારે ઘરે આવ્યા છીએ. ઘોડાગાડીયું ઘરે છે. મહીને બસ્સો રૂપિયા તો ગુંજાના ખર્ચના જોશે. સુમનભાઈ! એના મા દેતા. બીજો ખરચ તો ઠીક તમારો ચોપડીયુંનો ને ફલાણો. બસ્સો રૂપિયા જોશે. ઘરે ઘોડાગાડીમાં અવતર્યા છીએ. આ મર્યો. છ મહિને મરી ગયો હોં! છ મહિને. અને મોસાળ હતું .. લેંઘીયું આવી લેંઘીયું કહેવાય છે ને એ? લેંઘીયું.. એવી ગાય, એવું બોલે એવું બોલે. રોવરાવે ખૂબ. ગામને રોવરાવે હોં! છ મહિનાના પરણેતરે ફૂ.. થઈ ગયો. અને પછી ગામમાં મોસાળ આવ્યું એનું. આવે ને કાણે આવે ને શું કહેવાય તમારે? કાણે આવે. ખરખરે આવે કે નહિ? બધું દેવા આવે ને મોસાળ. અને સાથે બાયું લાવ્યા, લેંઘીયું રાજમાં હતી. કોઠારીની લેંઘીયું કહેવાય દાસી બહુ રોવરાવે. ગામમાં કકળાટ. એ બાયું નીકળી જ્યાં સામે ૨૫-૫૦ માણસ સો અને .. એ તો રાડેરાડ. રોવે.. રોવે.. ગામ રોવે. દામોદર શેઠ કહે, તે દી મને રુદન આવ્યું પહેલું ખૂબ. મર્યો ત્યારે તો ઠીક. સમજ્યાને? એવા દુઃખ દેખે ત્યારે એમ લાગે. પણ એ તો સંયોગનું દુઃખ તું માને છો. સમજાય છે?

એ તો સંયોગને તેં દુઃખ માન્યું છે. સંયોગ એ દુઃખ નથી. એમાં આકુળતા જે પુણ્ય-પાપના ભાવની અને હરખ-શોકની થઈ એ દુઃખ છે. એના તત્ત્વ દુઃખતત્ત્વ તો એ છે. આસ્રવ ને ભાવબંધ તત્ત્વ એ દુઃખતત્ત્વ છે. એ દુઃખતત્ત્વ સંયોગી છે? સમજાય છે? દુઃખતત્ત્વ ક્યાં રહેતું હશે અને કેટલી સ્થિતિનું છે? એ તો તારામાં વિકારી અવસ્થા થવી શુભ-અશુભ એ દુઃખતત્ત્વ છે. દુઃખતત્ત્વ નથી ચૈતન્યમાં, દુઃખતત્ત્વ નથી પરમાં. પરની જ્યારે આવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવસ્થા થાય હાય.. હાય.. આહાહા..! આ કર્મ આવું! સંસાર સમુદ્ર ખારો લાગે એવો છે. થોડીવાર હોં! સંયોગને લઈને એ તો. સંયોગ આવા છે માટે. ખેતશીભાઈ! છ મહિનાના પરણેતર હોં! હાય.. હાય.. ગામમાં કકળાટ કકળાટ. બીજે ચોમાસે વિનંતી કરી. બીજે ચોમાસે ૭૫માં મરી ગયો. ૭૬માં ચોમાસું કર્યું. ૭૬ની વાત છે. એ ૭૫માં ગુજરી ગયો. એ વખતે લોકોને ઓલી પ્રતિકૂળતાના (દુઃખ લાગે છે). આમ અનુકૂળતા હતી ને શરીર સુંદર અને રૂપાળો હતો. એ મોટું શરીર પંજાદાર. સમજાણું? બાર વર્ષની ઉંમરમાં મેં એને જોયેલો પણ શરીર તો પંજાદાર. ગૃહસ્થ માણસ ખાધે પીધે. ઘરે .. ઘરે .. રાજવાળો મોટો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આરબો ઘરે. મોટા ... આહાહા..! ડેલીમાં પેસતા. અંદર ઘોડા. ઘણી ઘોડીયું, ઘણા ઘોડા હોં! એક-બે નહિ. વાણિયા દશાશ્રીમાળી.

મુમુક્ષુ :- એટલા તો મલૂકચંદભાઈને...

ઉત્તર :- અત્યારે ઘોડા ને મકાન ક્યાં છે ત્યાં. અત્યારે મોટરું ભું.. ભું.. થાય. આહાહા..!

કહે છે કે એ પણ દુઃખી. એ સંયોગને લઈને નહિ. એ વિકલ્પ ઉઠ્યો છે ને અરેરે..! અમને આ? એ તારો ભાવ દુઃખરૂપ છે. આહાહા..! પણ એને દુઃખની સ્થિતિ ક્યાં થાય છે અને કેમ થાય એની ખબર ન મળે. પછી દુઃખ આ માને પ્રતિકૂળ અને અનુકૂળ હોય એને સુખ માને. એ અનુકૂળતામાં પણ તું વિકલ્પ કરે છો એ સુખ માને છો એમાં. પણ એ મિથ્યા શ્રદ્ધા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવા ભાવનો અહીં ત્યાગ કરે છે. અહીં તો એમ કહે છે. પડિક્કમણું કરતાં એવા શુભ-અશુભ જે ભાવ તેને હું નિષ્કર્મ અવસ્થાથી છોડું છું. અને નિરંતર સ્વભાવમાં વર્તું છું. એમ જ્ઞાની અનુભવ કરે છે. લ્યો!

‘**ભાવાર્થ :- ભૂતકાળમાં કરેલા કર્મને ૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને...**’ જુઓ! ગયા કાળમાં શુભ-અશુભ ભાવ જે થયા એ બધાને ૪૯ ભંગ એટલે પૂરેપૂરા ભંગથી જૂઠું કરનારું ‘**પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને...**’ જુઓ! જ્ઞાની આત્મા પોતાના જ્ઞાન અને આનંદ સ્વરૂપમાં લીન (થઈને). જ્ઞાનસ્વરૂપ આત્મા એમ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. ઓલો રાગસ્વરૂપ છે નહિ. એમાં ‘**લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે, તેનું આ વિધાન (વિધિ) છે.**’ તેનું આ વિધાન પ્રતિક્રમણની આ વિધિ છે. આહાહા..! સાંભળી પણ નથી, વિચારી નથી અને શું કરે? પછી એમ કહે, એય..! આમ કરે છે, એ તો આમ કરે છે.

‘**મિથ્યા કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે :- જેવી રીતે, કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું;...**’ દાખલો આપે છે. ધન-ધન. ‘**પછી તેના પ્રત્યે મમત્વ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છોડ્યું...**' સમજાણું? કોઈના પાંચ-પચ્ચીસ લાખ આવી ગયા સોંઘા ભાવમાં. કો'ક માલના. પછી ખબર પડી કે ઓય! આ તો ઓલા પકડવા આવ્યા છે. હાય.. હાય..! આ અમારું નહિ. સમજાણું? ૩૦ લાખનું કાપડ હતું એક ખંભાતનું. એક શેઠનું. ૩૦ લાખનું. પેટીયું ઉતરેલી. વગર ઓલે રાખ્યું. પોતે લેવા ગયો કાપડ દરિયાએ. ત્યાં અમલદાર આવેલા. કીધું, આ તમારું કાપડ છે? ના, અમારું નથી. જુઓ! ત્રાસ થવાનો હતો તો એ જાતની મમતા છોડી. કેદમાં નાખશે. ૩૦ લાખ તો જાશે પણ મારી નાખશે કેદમાં. નામ-બામ લખેલું નહિ. હતા એના. એનું કાપડ. પણ અમલદાર આવેલા કે ભાઈ, કોનું છે આ? શું છે આ? એ કહે કે મારું કાંઈ છે નહિ. થઈ રહ્યું. સરકાર લઈ ગઈ.

એમ રાગ-દ્વેષનો માલ આવ્યો ઉતર્યો અંદરથી, પણ જેને ભાન થયું કે આ મારો માલ નહિ બાપા! હું એ નહિ. હું તો આનંદ ને જ્ઞાન છું. મમતા ઊડી ગઈ મમતા. ઓલા ૩૦ લાખ છોડી દીધા લ્યો. ફડાક દઈને. મરી જઈશું આમાં. પકડાશું તો ૩૦ લાખ તો જાશે એ તો જાશે પાછું કેદમાં ખોસી ઘાલશે. એમ પુણ્ય અને પાપનું જેને દુઃખ લાગે એને એનું ધણીપતું છોડી દેવું. કહો, સમજાણું? પરનું ધણીપતું તો છોડવું પણ અહીં તો રાગદ્વેષના પરિણામનું સ્વામીપણું, ધણીપતું છોડી ભગવાન આત્મા શુદ્ધ આત્મા છે એનું અવલંબન કરવું.

'**પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો;...**' પછી ઓલા પૈસાનો ભોગવવાનો અભિપ્રાય રહ્યો? હવે લઈ જાય, કો'ક લઈ જાય તો ઠીક. સમજ્યાને? આ ચોર કેટલાક હોય છે ને, કો'કનું લૂંટ્યું હોય ને કો'કના બંગલામાં નાખી જાય. આવ્યું હતું તમારે નહિ? ત્યાં પોરબંદર. એય..! ..ભાઈના દીકરાના નવા મકાન કર્યા ને બે લાખના. કો'ક પોટલું મૂકી ગયું સોનાનું. અરે.. આ શું? પકડાઈ જશે તો નાખ્યું ત્યાં. હવે એ ત્યાં ખબર પડે. પણ આ કોની ચીજ? બાપુ! અમારી નથી આ. અમે નથી કરી. કોણ જાણે કોણ બારણા ઉઘાડીને આમ મૂકી ગયું અંદર. એ આમ થઈ રહ્યું. ખબર છે ન્યાલભાઈ! તમારા છોકરા સાથે થયું હતું. નવા બંગલા કર્યા હતા ને. મોટું પોટલું મૂકી ગયું કો'ક ચોરીને. એમ પકડાવાનો હશે, કાંઈ હાથ ન આવ્યું તો મૂકી ગયો. એવું સાંભળ્યું હતું. બાપા! અમે નથી એના કર્તા. અમે લીધું નથી અને આ કો'ક મૂકી ગયું છે. એમ પુણ્ય-પાપના ભાવ અમારા નથી. કો'કના કરેલા છે-કર્મના. અમારા નથી. સમજાણું?

કમાયા સમાન નથી, લ્યો. '**ભૂત કાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે; તેવી રીતે, જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેના ફળમાં લીન ન થયો, ત્યારે ભૂત**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**કાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે.**' એનું નામ ખરેખર આત્માના આનંદ સ્વરૂપને અવલંબીને વિકલ્પનો ત્યાગ કરવો એનું નામ પ્રતિક્રમણ છે. એ પ્રતિક્રમણ કલ્પની વ્યાખ્યા કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૧૦, મંગળવાર તા. ૨૬-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૭, પ્રવચન-૪૩૮**

૨૨૭ કળશ.

**मोहाविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२७।।**

૨૨૭ છે. કળશ કળશ-૨૨૭. નીચે અર્થ. જુઓ! શું અધિકાર ચાલે છે આ? સાચું ચારિત્ર. સાચું ચારિત્ર. નિશ્ચય ચારિત્ર એટલે સાચું ચારિત્ર. એ ચારિત્ર કેવું હોય? કે આત્મા ચૈતન્યમૂર્તિનો પહેલો અનુભવ સમ્યગ્દર્શન હોય. સમજાય છે કાંઈ? આ આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ આનંદ અને જ્ઞાયક છે, એવો અંતર સ્વસ્વભાવ સન્મુખની અનુભવમાં પ્રતીતિ હોય એને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન પછી સાચું ચારિત્ર કેવું હોય એની વાત ચાલે છે. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પછી ચારિત્ર કેવું હોય? લોકો કહે છે ને આ ચારિત્ર પંચ મહાવ્રત પાળે એ ચારિત્ર છે ને દેહની નગ્ન ક્રિયા થઈ જાય એ ચારિત્ર છે. એ ચારિત્ર નહિ એમ કહે છે.

ચારિત્ર એને કહીએ કે જે આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક પ્રકાશનો આનંદનો પિંડ છે, એના સ્વરૂપમાં રમતાં જે દૃષ્ટિ સમ્યક્ થાય, પછી સ્વરૂપમાં રમવું-ચારિ એટલે સ્વરૂપમાં રમવું. આનંદમાં ચરવું, રમવું. એવી વીતરાગી અંતર દશાને ચારિત્ર કહે છે. કે જે દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. જુઓ! એનો અર્થ.

મુમુક્ષુ :- ચારિત્રનો અર્થ...

ઉત્તર :- ચારિત્રનો એ અર્થ છે કે આત્મા.. આ આત્મા છે ને અંદર? એ આત્મા વસ્તુ છે આમ શાશ્વત. એમાં શાશ્વત સમજાય છે? નિત્ય. એમાં નિત્ય જ્ઞાન અને આનંદાદિ શાંતિ નિત્ય ભરેલી છે. નિત્ય ભરેલી સમજો છો ને? નિત્ય ભરા હુઆ હૈ. તમારી ભાષા સમજીએ છીએ થોડી થોડી. આત્મા શાશ્વત ચિદાનંદ જ્ઞાનમૂર્તિ એનો અનુભવ થતાં એ શુદ્ધ ચૈતન્ય અને આનંદ છે. એવી દૃષ્ટિ થતાં પછી આનંદ સ્વરૂપમાં રમવું. રમવું સમજ્યા? લીન થવું. આત્મા આનંદધામ છે-ધામ, એમાં લીન થવું, ચરવું, રમવું, જમવું, વિશેષ આત્માના આનંદનો અનુભવ કરવો એનું નામ ચારિત્ર છે.

મુમુક્ષુ :- એ ચારિત્રની વ્યાખ્યા...

ઉત્તર :- ભગવાનની ચારિત્રની વ્યાખ્યા જુદી છે. કાંઈ અમારા ઘરની નથી આ. કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હીરાલાલજી શેઠ! કહો, સમજ્યા? રતનલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના એ વાત સાચી છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ઠીક કહે છે.

મુમુક્ષુ :- ... ...

ઉત્તર :- ચારિત્રનો નાશ કરે છે. બરાબર છે. પૂછે છે તો બરાબર પૂછે છે ને. બરાબર છે તમારું. ક્યુ ચારિત્ર?

મુમુક્ષુ :- એ કહે છે કે ત્યાં ચારિત્રનું પાલન થતું જ નથી.

ઉત્તર :- પણ ચારિત્રની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :- ... સમજાવો.

ઉત્તર :- બરાબર છે. પણ ચારિત્ર કોને કહેવું? લખ્યું છે, જુઓ! નહિ, નહિ. બરાબર છે.

દેખો! '**(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે-)**' દેખો! નિશ્ચય નામ સાચું, ચારિત્રને અંગીકાર કરનાર એમ કહે છે. એટલે એમ જાણે છે, એમ માને છે, એમ અનુભવે છે.

મુમુક્ષુ :- .. ચારિત્રની ના પાડે છે.

ઉત્તર :- પણ ચારિત્ર કોને કહેવું? આ નગ્નદશા એ ચારિત્ર નથી. એ તો નગ્ન જડની દશા છે. અને આત્મામાં અહિંસા, સત્ય, દત્તના કોઈ ભાવ થાય પંચ મહાવ્રતના એ શુભરાગ છે. એ ચારિત્ર નથી. હીરાલાલજી! ચારિત્ર શું છે? ઈ અહીં કહે છે, જુઓ!

આત્મા આ જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદકંદ છે, વસ્તુ છે એમાં એકાકાર થઈને ચરવું. ચરવું એટલે ચરવું-રમવું-લીન થવું એને પરમેશ્વર ચારિત્ર કહે છે. એ ચારિત્રનું અસ્તિપણું કોઈ દિ' નાસ્તિ થઈ શકે નહિ. દેહની ક્રિયા અને રાગના પરિણામને કોઈ ચારિત્ર કહેતું હોય તો અહીં નિષેધ કરાય છે. રતનલાલજી! ઠીક! નિષેધ કોનો કરાય છે? કે આ દેહની ક્રિયા નગ્ન થઈ ગઈ માટે ચારિત્ર થયું? નહિ. ત્રણ કાળમાં નહિ. અને અંદરમાં કોઈ દયા, દાન, વ્રતના પરિણામ થયા. આમ દયા કરું, વ્રત પાળું, આ કરું એ શુભરાગ છે. એ ચારિત્ર નથી. ભગવાન પરમેશ્વરનું કહેલું ચારિત્ર એ છે કે, ભગવાન આત્મા આનંદનો કંદ છે એ વસ્તુના સ્વરૂપમાં એકલી શાંતિ પડી છે. એ શાંતિનો અનુભવ કરીને શાંતિમાં રમવું, અંદર જમવું. વીતરાગ પર્યાય પ્રગટ કરવી એને ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. ..!

મુમુક્ષુ :- એ લોકો કહે છે કે ચારિત્ર વિના સમ્યગ્દર્શન નથી થતું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- લ્યો ઠીક કહે છે. આ સમ્યગ્દર્શન વિના ચારિત્ર નથી થતું એમ છે, ભાઈ! ઈ કહે છે.

મુમુક્ષુ :- જ્યાં સુધી ચારિત્ર ન થાય, ત્યાં સુધી સમ્યક્ કઈ રીતે થાય?

ઉત્તર :- ઠીક! ગાંડા છે ને. પણ ચારિત્ર તો સપ્તમ ગુણસ્થાન, છઠ્ઠે ગુણસ્થાન હોય અને સમ્યગ્દર્શન તો ચોથે હોય. પહેલા સમ્યગ્દર્શન વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? પણ અભ્યાસ કરવો જોઈએને થોડો. થોડો અભ્યાસ કરવો. ભાઈ! ચારિત્ર તો આત્મામાં વીતરાગ દશાનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર વીતરાગ દશા થાય પછી સમ્યગ્દર્શન થાય? પહેલા સમ્યગ્દર્શન થાય પછી ચારિત્ર થાય છે. પહેલા સમ્યક્ ચોથું ગુણસ્થાન હોય, ચોથું ગુણસ્થાન...

મુમુક્ષુ :- પહેલા જ્ઞાન પ્રાપ્ત કરો.

ઉત્તર :- જ્ઞાન કરો પહેલા શું ચીજ છે? વસ્તુ શું છે? વિકાર શું છે? એને પહેલા સમજીને પછી અનુભવદૃષ્ટિ થાય. સવારમાં આવ્યું નહોતું? કે સમ્યગ્દૃષ્ટિને આસ્રવ, બંધ છે નહિ. ચારિત્રની પછી વાત લીધી. પહેલા તો અંતરાત્મામાં શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદકંદ છે એનો અંતર અનુભવ થવો, અંતરમાં લીનતાની પ્રતીત થવી એને તો હજી પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન કાંઈ વ્રતના પરિણામથી થાય કે બહારની ક્રિયાકાંડથી થાય એમ છે નહિ. સમજ્યા? તદ્દન વાત ઊંધી છે બધી.

મુમુક્ષુ :- હવે પંડિતોને...

ઉત્તર :- પંડિત હવે પંડિત કોને કહેવા એ શેઠિયાને સમજવું પડશે. એટલી મહેનત કરવી પડશે. રતનલાલજી! સમજવું પડશે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ ચારિત્ર.. હા, બસ એ છે. લ્યો! એ નક્કી કરવું હવે. એ બરાબર બે ન્યાય છે. કે ચારિત્ર તો ચરવું. ચારિત્રમાં શબ્દ શું છે? ચરવું. ચરવું એટલે જમવું, રમવું. હવે શેમાં રમવું? કોઈ ચીજનો અનુભવ થયો હોય એમાં રમવું. પણ ચીજનો અનુભવ ન હોય તો રમવું શેમાં આવ્યું? હીરાલાલજી!

મુમુક્ષુ :- .. સમ્યગ્દર્શનની વ્યાખ્યા શું કરે?

ઉત્તર :- એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિતદર્શન. હવે ચારિત્ર લઈ લ્યો એ. ધૂળેય નથી. હમણાં કીધું ને, એક જણો આવ્યો હતો કે કંઈ ગોઠતું નથી લ્યો. હવે ચારિત્ર લઈ લઈએ. કીધું, ચારિત્ર કહેવું કોને? ત્રણ દિવસ પહેલા આવ્યા હતા અમારી પાસે એક. ક્યાંય ગમતું નથી. ચારિત્ર કહેવું કોને? શું ચારિત્ર? હજી સમ્યગ્દર્શન તો કર. સમ્યગ્દર્શન શું ચીજ છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રેણિક રાજા. સાંભળ્યું છે? સમ્યગ્દર્શન હતું. ચારિત્ર નહોતું. સાંભળ્યું છે કે નહિ? શ્રેણિક રાજા. ભગવાન મહાવીર પરમાત્માના સમવસરણમાં હતા. આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન હતું. ચારિત્ર નહોતું. તીર્થંકરગોત્ર બંધાણું છે. પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં વર્તમાન છે. સમ્યગ્દર્શન... પણ ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. સાંભળ્યું છે કે નહિ? હીરાલાલજી! એ સાંભળ્યું છે કે નહિ? એ તો ઘણા અભ્યાસી છે. એ તો સવારે ઘણી વાત ચાલી હતી સમ્યગ્દર્શનની. સમયગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે.

અહીંયાં તો સમ્યગ્દર્શન... શ્રેણિક રાજા. ભગવાન પાસે આત્માનું ભાન થયું હતું અંદરમાં. શુદ્ધ ચૈતન્ય મૂર્તિ આનંદની એવી પ્રતીત, એવો અનુભવ થયો કે એ જ સમયે સમકિત લઈને કેવળજ્ઞાન લેશે. એ ક્ષાયિક સમકિત હતું તો એમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. વિકલ્પ આવ્યો. પહેલા નરકનું આયુષ્ય બંધાણું હતું તો નરકમાં ગયા. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે અત્યારે. અઢી હજાર વર્ષ થઈ ગયા. સાડી એક્યાશી હજાર વર્ષ છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. પહેલા તીર્થંકર. ચારિત્ર નહોતું. સમ્યગ્દર્શન હતું. પછી અહીં આવશે ત્યારે રાગાદિનો ત્યાગ કરીને આ ચારિત્ર અંગીકાર કરશે, ત્યારે કેવળજ્ઞાન થશે. હજી સમ્યગ્દર્શન પહેલા અને ચારિત્ર પછીની ખબર ન મળે. પહેલું ચારિત્ર અને પછી સમ્યગ્દર્શન. પહેલા ઘોડા પાછળ જોડવા અને ગાડી મોઢા આગળ કરવી. શેઠ! ઘોડાગાડી હોય છે ને? ઘોડા પાછળ રાખે. આહાહા..! આંધળું ખાતું તે કાંઈ ભાન ન મળે. અને શેઠિયાઓને ખબર ન મળે કે આ શું છે? એમ ને એમ કહે, જય નારાયણ. જે કહે ઈ. એ.. રતનલાલજી! વાત તો સાચી છે. એ અમારા બહેન એવા પ્રશ્ન ન કરે હોં! ચંદાબહેન તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કરે કે નહિ સમ્યગ્દર્શન વિના.. કરે. કરે. વાત સાચી છે તમારી.

જુઓ આ સાંભળો. નિશ્ચય નામ સાચા ચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે '**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન કર્મ...**' જુઓ ભાષા હવે. હું આત્મા આવો છું. આત્મા આવો છું કે મોહ, જે કર્મ મોહ છે એમાં જે રાગ અને દ્વેષ, દયા, દાન, વિકલ્પ આદિ જે ઉઠે છે એનાથી હું ભિન્ન છું. મોહનો વિલાસ શબ્દ પડ્યો છે? મોહનો વિલાસ. મોહનો પ્રભાવ. એનાથી જે શુભ-અશુભભાવ થાય છે, પુણ્ય અને પાપનો ભાવ થાય છે એ મોહનો વિલાસ છે, વિકાર છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય છે એ વિકાર છે, મોહનો વિલાસ છે. .. શુભ-અશુભ પરિણામ બેય.. નવનીતભાઈને બોલાવ્યું નહોતું? રાગ-દાહ. રાગ તો દાહ છે, અગ્નિ છે. શુભ રાગ હો કે અશુભ રાગ હો. બેય વિકલ્પ છે, રાગ છે. ખબર ક્યાં છે હજી સમ્યગ્દર્શનની? ચારિત્ર ક્યાંથી આવ્યું? અહીં તો પહેલેથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મિથ્યાત્વના નાશની વાત કરે છે, ભાઈ!

'**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન કર્મ...**' પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ જે વિકલ્પ થાય છે-રાગ '**તે સમસ્તને આલોચીને...**' આલોચીને એટલે કે એ મારું સ્વરૂપ જ નથી. એનું સ્વામીપણું છોડી દઈને. શુભ-અશુભ રાગ થાય તેનું સ્વામીપણું છોડી દઈને. સ્વામીપણું સમજ્યા? ધણીપતું. મારું છે એવું ધણીપતું છોડી દે. અંદર આનંદકંદ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે. પણ વસ્તુની ખબર ન મળે, આ તે હું કોણ છું ને ક્યાં છું? સમજાણું કાંઈ?

શ્રીમદ્ રાજચંદ્રે ૧૬ વર્ષમાં કહ્યું. રતનલાલજી! ૧૬ વર્ષે. ૧ અને ૬. ૧ અને ૬. ૧૬ વર્ષે.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા એ રાખું કે પરિહરું?

૧૬ વર્ષે કહે છે. એનો અર્થ સાંભળો.

'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' જુઓ! આની સાથે સંબંધ આવશે.

કોના સંબંધે વળગણા છે રાખું કે પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનમાં સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

એટલો એક શબ્દ ૧૬ વર્ષે. ૧૬ વર્ષે એક કડી એવી પાંચ કડીનો એક પાઠ. એવા ૧૦૮ પાઠ.

મુમુક્ષુ :- આત્મિક તત્ત્વ એટલે શું?

ઉત્તર :- હવે કહીએ છીએ ને. હળવે હળવે કહીએ અર્થ. જુઓ! અહીં કહે છે, જુઓ!

'**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન કર્મ...**' કર્મ એટલે પુણ્ય અને પાપ. એ મારું સ્વરૂપ નથી. હું કોણ છું? હું આત્મા (છું). ક્યાંથી થયો? કે ત્રિકાળ. ખરું સ્વરૂપ મારું શું છે? કે પુણ્ય અને પાપ જે કર્મ એટલે રાગ. પુણ્ય અને પાપના વિકલ્પો અને કર્મ જે જડ એ મારામાં બિલકુલ નથી. હું એનાથી નિરાળો છું. કહો, સમજાય છે કાંઈ? શું સ્વરૂપ છે મારું ખરું? અંદર વસ્તુ ખરી મારી ચીજ શું છે? આ દેહ તો માટી-ધૂળ છે. અંદર પુણ્ય-પાપના રાગ થાય છે દયા, દાનના, વ્રતના, એ પણ રાગ આત્માનું સ્વરૂપ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? હવે એની ખબર ન મળે ને થઈ ગયા ચારિત્ર. એકડા વિનાના મીંડા કોરે કાગળે. સમજો છો? શૂન્ય શૂન્ય. એકડો નહિ પહેલા. એમ સમ્યગ્દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું પણ? અહીં તો પહેલા સમ્યગ્દર્શનની વાત કરે છે ચારિત્રમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું આત્મા મોહકર્મના સંગથી જે શુભ અને અશુભભાવ, જે કર્મ નામ વિકાર પરિણામ જે છે એ હું નથી. હું નથી. મારી ચીજમાં નથી. હું એનો સ્વામી નથી, હું એનો ધણી નથી, હું એનો સ્વામી એટલે કે મારી ચીજ છે એમ હું માનતો નથી. સમજાણું કાંઈ? જુઓ! '**તે સમસ્તને આલોચીને...**' એટલે સ્વામીપણું છોડી દઈને. '**(-તે સર્વ કર્મની આલોચના કરીને-)...**' લ્યો! પહેલી તો હજી સમ્યગ્દર્શનની વાત કરે છે અહીંયાં. ત્યાંથી લઈને વાત કરે છે. આહા..! હું એક જ્ઞાનના સૂર્યનો ચૈતન્યમૂર્તિ પ્રભુ છું. એવો આત્મા એ પુણ્ય અને પાપના વિકલ્પો નામ વાસનાની લાગણી વૃત્તિઓ જે ઉઠે એ તો આસ્રવ છે. એ તો સવારમાં કહ્યું હતું. એ આસ્રવ છે. એ આસ્રવ એ મારું સ્વરૂપ નથી. આસ્રવતત્ત્વ ભિન્ન છે, આત્મતત્ત્વ ભિન્ન છે. સમજાય છે કાંઈ? પણ એ જ્ઞાન જ ન મળે, શ્રદ્ધા ન મળે, ઓળખાણ ન મળે ને બહારથી થોથા ફેરવી દીધા. નગ્નપણા ને એ ક્રિયાને ચારિત્ર ભગવાન કહેતા નથી. અનંત વાર એવું દ્રવ્યલિંગ ધારણ કર્યું.

મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો,
પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.

એ છ ઢાળામાં આવે છે.

મુમુક્ષુ :- એ છ ઢાળામાં આવ્યું.

ઉત્તર :- એ છ ઢાળામાં લખ્યું છે. લખ્યું એને સમજવું પડશે. છ ઢાળા છે ને. પહેલા આવ્યું હતું ને.

મુમુક્ષુ :- સમજ્યો નથી.

ઉત્તર :- સમજ્યો નથી, બસ.

મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. પાંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો રાગ લઈ અને મુનિવ્રત લીધું અને નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. પણ આતમજ્ઞાન-એ રાગ વિકલ્પથી ભિન્ન મારું ચૈતન્ય આનંદસ્વરૂપ છે એ આનંદનો સ્વાદ આવ્યા વિના.. 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' છે એમાં? આત્મા આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ સત્ શાશ્વત છે.. છે... છે... તો એમાં આનંદ પણ છે.. છે... અને છે. એવો આનંદનો સ્વાદ આવ્યા વિના મુનિવ્રત અનંત વાર લીધા. મીંડા થયા એકડા વિનાના. .. એમાં છે ને ઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત બહારના ક્રિયાકાંડ એમાં મુનિ ક્યાં હતો?

મુમુક્ષુ :- એ ચારિત્ર કે દિ' હતું?

ઉત્તર :- સમ્યગ્દર્શન નથી ત્યાં ચારિત્ર કેવું આવ્યું? 'પણ આતમજ્ઞાન બિન..' હું ભગવાન આત્મા અનંત આનંદથી ભરપૂર આત્મા. જેમ ખડી. ખડીનો દાખલો આપ્યો છે આમાં. ખડીમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સફેદાઈ ભરી છે, એમ આત્મામાં એકલો આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ હોં. અતીન્દ્રિય. આ ઈન્દ્રિયના ભોગમાં જે રાગ છે એ તો દુઃખ ઝેર છે. ભગવાન આત્મા એ રાગની પાછળ અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એનો અંતર આનંદનો.. અહીં કહે છે મોહવિલાસથી સ્વામીપણું છોડીને. હવે નાસ્તિ કરી. હવે અસ્તિ કરે છે.

'**હું નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ નિરંતર વર્તું છું.**' જુઓ! આનું નામ ચારિત્ર. હું આત્મા નિષ્કર્મ આત્મા. પુણ્ય-પાપના રાગ વિનાનો આત્મા. આહાહા..! અજીવતત્ત્વ શરીર ને આ શરીર અને કર્મ છે એ તો અજીવતત્ત્વ છે. સાત તત્ત્વના નામ સાંભળ્યા છે કે નહિ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. હવે આ શરીર, કર્મ તો આ અજીવતત્ત્વ માટી અજીવ છે, કર્મ અજીવ છે. હવે અંદર પુણ્ય અને દયા, દાન, વ્રત પરિણામ થાય એ તો આસ્રવતત્ત્વ છે. આત્મા એ છે? આત્મા તો આસ્રવથી ભિન્ન છે. એ જ કહે છે અહીં. નિષ્કર્મ આત્મા છે. જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એ પુણ્યના રાગથી ભિન્ન છે. એવો અનુભવ થઈને એવા સ્વરૂપમાં જો.

'**નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મા...**' એટલે હું તો ચૈતન્ય સ્વરૂપ છું. જાણક-દેખન આનંદ સ્વરૂપ હું છું. એવા '**આત્મામાં આત્માથી...**' એટલે રાગ રહિત આનંદદષ્ટિથી સ્વરૂપમાં રમવું, ઠરવું '**નિરંતર વર્તું છું.**' આ એનું નામ સમ્યગ્દર્શન સહિત ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? નવનીતભાઈ કહેતા હતા સવારમાં જરી. શરીરના જોરદારવાળા તપસ્યામાં ઉતરી ગયા, પૈસાના જોરવાળા દાનમાં ઉતર્યા. બેમાં ધર્મ માનીને ચાલી ગયા, વયા ગયા. વાત સાચી, કીધું. શરીરનું જોર હોય તો થોડા ઉપવાસ કરી નાખ્યા. થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી ધર્મ હવે તારો. લાંઘણ કરીને મરી જા ને. હજી આત્મા શું છે એની દૃષ્ટિનું (ભાન નથી) ... અને પૈસાવાળા હોય એ પાંચ-પચાસ લાખ ખર્ચી નાખે. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. તારા કરોડ ખર્ચને. ત્યાં ક્યાં ધર્મ હતો? ..જી! ગોદિકાને કહ્યું હતું. ગોદિકાએ સોળ લાખ ખર્ચ્યાંને ગયા વર્ષે. સોળ લાખ. પૈસા તો કરોડ હશે કે નહિ હોય, પણ સોળ લાખ (ખર્ચ્યા). શું એમાં તમને ધર્મ થાય છે? સોળ લાખ કોણ છે? સોળ લાખ તો જડની પર્યાય છે. મંદિર-બંદિર બન્યું એ તો એને કારણે બન્યું. તમને ભાવ થયો, રાગની મંદતાનો શુભ. બસ એટલું. પણ એ ધર્મ નથી. રતનલાલજી! શેઠિયાને એમ કહે કે આ તમે મંદિર બનાવ્યું માટે તમને ધર્મ થશે. ધૂળમાંય નથી ધર્મ. મહારાજ! હું ક્યાં કહું છું? હું ક્યાં કહું છું કે મેં ખર્ચ્યા છે. શું પૈસા તમારા હતા? એ તો અજીવતત્ત્વ છે. હીરાલાલજી! એ તો અજીવતત્ત્વ છે. અજીવ તમારી ચીજ છે? આ શરીર અજીવ-માટી છે. એ તમારી ચીજ છે? તમારી હોય તો જુદી પડે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુદી હોય એ તમારી રહે? લક્ષ્મી અમે ખર્ચી. લક્ષ્મી તેં ખર્ચી છે? ધૂળની પર્યાય, પરમાણુની પર્યાય. એમાં તમને શુભભાવ થયો. ભક્તિનો શુભભાવ થયો. ભક્તિ પ્રભાવના... તો શુભરાગની મંદતા એ તો પુણ્ય છે, સંવર-નિર્જરા ધર્મ નથી.

સાત તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. તો પુણ્ય આસ્રવ થયો. ધર્મ નથી. ધર્મ તો પુણ્ય આસ્રવથી ભિન્ન મારો (આત્મા છે)... એ કહે છે અહીંયાં, ચૈતન્ય મૂર્તિ મારી ચીજ છે, એ આત્માના સ્વભાવનો સ્પર્શ કરવો, આનંદના સ્વભાવનું વેદન કરવું એનું નામ એની પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન. પછી સ્વરૂપમાં આનંદમાં ઘણું લીન થવું એનું નામ ચારિત્ર. સમજાય છે કાંઈ? ખબર ન મળે કાંઈ. આંધળે આંધળા. અંધો અંધ પલાય. આંધળો ચાલનાર અને આંધળો દેખાડનાર. નવનીતભાઈ! કૂવામાં પડશે બેય.

અહીં તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. આ કોઈની કલ્પનાનો માર્ગ નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે એ પરમેશ્વરે કહેલું આ સંતો કહે છે. એ કુંદકુંદાચાર્ય આઠ દિ' ત્યાં ગયા હતા ભગવાન પાસે. બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા. સમજાય છે કાંઈ? ત્યાં ગયા હતા આઠ દિન. જુઓ! આ કુંદકુંદાચાર્ય છે ને ફોટો? આઠ દિન રહ્યા હતા ત્યાં. આઠ દિન ગયા પછી આ શાસ્ત્ર રચ્યા છે ત્યાંથી આવીને. પોન્નુર હિલ. મદ્રાસથી ૮૦ માઈલ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ગઈ સાલ ગયા હતા ને. ગત સાલ નહિ, (સંવત) ૨૦૨૦ની સાલમાં. ૨૦માં ગયા હતા. પહેલા (સંવત) ૨૦૧૫માં ગયા હતા. બે વાર ગયા હતા. સમજાણું કાંઈ?

ભગવાન એમ કહે છે, એમ કુંદકુંદાચાર્ય જગતની-ભરતની પાસે પ્રસિદ્ધ કરે છે ભરતક્ષેત્રમાં. ભાઈ! પરમેશ્વર તો એમ કહે છે કે આત્મા... જેટલા કર્મ જડ છે એ પર છે અને કર્મના સંગથી જેટલો પુણ્ય અને પાપનો વિકલ્પ-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ થાય એ બધો વિકાર છે. એ વિકાર રહિત મારું સ્વરૂપ છે એ નિષ્કર્મ મારી ચીજ છે. વિકારરૂપી કર્મ નામ કાર્ય એનાથી ભિન્ન મારી ચીજ છે. નિષ્કર્મ છે. એમાં આસ્રવ અને કર્મ છે નહિ. એવી ચીજમાં અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. પછી એમાં સ્વરૂપમાં આનંદની, અતીન્દ્રિય આનંદનો ઉભરો આવવો. ઉભરો સમજો છો? ઉફાન આવે છે ને દૂધમાં? દૂધમાં ઉફાન આવે છે ને? એમ આત્મામાં આનંદ એટલો પડ્યો છે કે એમાં એકાગ્ર થતાં જેમ દરિયામાં દરિયાના કાંઠે ભરતી આવે. ભરતી સમજ્યા? બાઢ. બાઢ આવે છે ને બાઢ? એમ આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, એમાં એકાગ્ર થઈને વર્તમાન દશામાં આનંદ આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિશેષ આનંદ. અતીન્દ્રિય આનંદનું વેદન. એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. એ ચારિત્ર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન સાંભળ્યું હોય તો સાંભળે પહેલું. રતનલાલજી! પ્રશ્ન કરે છે ને. વાત સાચી. જ્યાં હોય ત્યાં એ પ્રશ્ન કરે છે. ચારિત્ર લઈ લ્યો તો સમકિત થાશે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ચારિત્ર કોની પાસે લેવું?

ઉત્તર :- ચારિત્ર શેમાંથી લેવું? ઉપરથી આવે છે કાંઈ? આહાહા..! પણ તમે દરકાર કરી નથી ભાઈ રતનલાલજી! ખરેખર તો. તમે પોતે વિચાર અને મનન કર્યું નથી. એમ ને એમ આ રળવામાં જેમ રસ છે એવો અહીં રસ નથી. સાચી વાત હશે? નહિ તો નિર્ણય કરવો જોઈએને કે આ શું વસ્તુ છે?

અહીં તો ચૈતન્ય વસ્તુ છે કે નહિ અંદર? આ રજકણ છે આ તો માટી જડ છે. આ તો ધૂળ છે રાખ. આ તો રાખ છે. હવે અંદર કોઈ ચીજ છે કે નહિ? કોઈ ચીજ વસ્તુ છે કે નહિ? અને છે તો એમાં શક્તિ સ્વભાવ ગુણ સત્ત્વ છે કે નહિ? સત્ છે એનું સત્ત્વ છે કે નહિ? સત્ આત્મા તો એનું સત્ત્વ છે કે નહિ? સત્ત્વ એટલે વસ્તુ સ્વભાવ. જ્ઞાન, આનંદ, શાંતિ એનો સ્વભાવ ત્રિકાળ છે. એ જ્ઞાન અને આનંદ સ્વભાવવાળું તત્ત્વ પુણ્ય-પાપના વિકારનું કાર્ય જે છે એનાથી ભિન્ન છું હું. એવી પહેલી દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય છે. પહેલું. એ એકડો. પછી સ્વરૂપમાં લીન આનંદમાં થાય છે, એના ઉપર શૂન્ય ચડી એટલે દસ થયા એ ચારિત્ર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે. એવું છ ઢાળામાં આવે છે. પોતાના સ્વરૂપમાં.. સમકિતની વ્યાખ્યા પણ એમાં આવી ને. 'પરદ્રવ્યસે ભિન્ન આત્મરુચિ ભલા હૈ.' એમાં આવે છે ભાઈ! ગોદિકાજી! ભાઈ .. એમાં આવે છે-છ ઢાળામાં. 'પરદ્રવ્ય સે ભિન્ન...' લાવોને. છ ઢાળા લાવો, ભાઈ! છ ઢાળામાંથી કહીએ ઠીક, રતનલાલજીને ઠીક પડે. છ ઢાળા આપી છે ને તમને કાલે? એમાંથી અર્થ કરીએ તો તમને ઠીક પડે. તમારે શેઠિયાઓને બધાને તૈયાર થાવું પડશે સમજીને. એમ આંધળે આંધળું ચાલ્યું છે અત્યાર સુધી. નવનીતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખોટી વાતને ચાલવા દે તો એમાં તમારો વાંક છે એમ કહે છે અહીં. કેટલામી કડી છે? ત્રીજી ઢાળ. ત્રીજી ઢાળ ને? શું કીધું? આપણે શું ચાલે છે? આ રહ્યું જુઓ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ,' કેટલામો શ્લોક છે? ૩૩. સળંગમો ૩૩. ૯૨ છે ને? પાનું ૯૨. કાઢો ભાઈ તમારા ગુંજામાં છે ને? કાઢો છે કે નહિ? .. પણ આપણે નામું મેળવવું હોય તો. એ ૩૩ જુઓ. ૩૩મો શ્લોક. ૩ અને ૩. ૩૩. જુઓ ૩૩ 'પરદ્રવ્યનતૈં ભિન્ન' છે ભાઈ? નક્કી કરવું પડશે શેઠ! બધા તમે એમ ને એમ ચલવ્યું છે અત્યાર સુધી. જુઓ ૩૩ છે ને ૩૩? 'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ,...' જુઓ! શું (કહે છે)? 'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ,...' શું કહે છે? જુઓ! એ કહે છે ઈ. પુણ્ય-પાપના રાગ અને કર્મ, શરીર એનાથી ભિન્ન આત્મા 'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં...' આપ એટલે શું? આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ 'આપમેં રુચિ,...' એની જે દૃષ્ટિ એ 'સમ્યક્ત્વ ભલા હૈ,...' એનું નામ સમકિત છે. પછી જુઓ!

'આપરૂપકો જાનપનોં સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ;...' આપરૂપકો જ્ઞાન ચૈતન્યસૂર્યનું જ્ઞાન, અંતર આત્માનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન કળા છે. એનું નામ ભગવાન સમ્યગ્જ્ઞાન કહે છે. હવે ચારિત્ર. દેખો હવે ચારિત્ર. 'આપરૂપમેં લીન રહે થિર, સમ્યક્ચારિત સોઈ,...' લ્યો! છે? ગાગરમાં સાગર ભરી દીધો છે એમાં. પણ વાંચવાની નવરાશ ક્યાં છે? 'આપરૂપમેં લીન...' જુઓ છે? ભગવાન આત્મા આત્માનું રૂપ શું છે? ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ આપરૂપમેં લીન અંદર આનંદમાં લીન રહે. 'સમ્યક્ચારિત્ર સોઈ,..' એ સમ્યક્ચારિત્ર એને સોઈ, તેને સમ્યક્ચારિત્ર કહે છે. કહો, આટલું તો યાદ રાખજો કે આ કડીનો અર્થ ત્યાં ચાલતો હતો. આહાહા..! નિશ્ચયની વાત સમજ્યા ને?

પરદ્રવ્યથી ભિન્ન, એ જ અહીં કહે છે, જુઓ! સમસ્ત કર્મના નિમિત્તથી થયેલ પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ પરદ્રવ્ય છે. કર્મ પણ પરદ્રવ્ય છે. એનાથી ભિન્ન આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ, એની રુચિ, અનુભવમાં રુચિ કરવી એનું નામ સમ્યક્ ભલા હૈ. એ સાચું સમકિત છે. હવે આ સમ્યક્ થયા વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? ..જી!

મુમુક્ષુ :- બધું લઈ લે તો થાય.

ઉત્તર :- શું લે ધૂળ લે? પહેલા મીંડા કરી લે પછી એકડો મૂકશે. શેનો મૂકશે એકડો? અને પછી 'આપરૂપકા જ્ઞાન ભલા હૈ.' બહારની નહિ શાસ્ત્રભાષા નહિ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એનું જ્ઞાન કરવું એનું નામ જ્ઞાન છે. શાસ્ત્રના ભણતર-બણતર એ જ્ઞાન નહિ એમ કહે છે અહીં તો. પરના ભણતર. ભણતર સમજ્યાને આ? એય..! સુમનભાઈ! આ સુમનભાઈ યાદ આવ્યા. આ બધા ભણ્યા છે ને તેલના.. શું કહેવાય એ બધું વિજ્ઞાન તેલનું? અજ્ઞાન.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- એ તો તમારી વકીલાતને પણ અજ્ઞાન કીધું હતું. આ બધું અજ્ઞાન છે ભણતર બહારના. દસ-દસ હજારના પગાર લાવે ને ધૂળના પગાર લાવે એ બધું અજ્ઞાન છે. જ્ઞાન એને ન કહીએ. એને તો ન કહીએ પણ શાસ્ત્રના લક્ષે થયેલું જ્ઞાન એને જ્ઞાન ન કહીએ. જ્ઞાન તો એને કહે છે કે આત્મા આનંદમૂર્તિ જ્ઞાનનો ગાંગડો જ્ઞાનનું પૂર છે. જ્ઞાનનું નૂર છે, ચૈતન્યપૂર છે. એમાં એકાકાર થઈને જે જ્ઞાનની દશા થાય, તેને ભગવાન સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં લખ્યું છે ને. બેય શેઠિયાને તો આપ્યું છે, ત્રણેને આપ્યું છે, એ માટે તો છ ઢાળા. પહેલા દર્શન આવ્યું. ભાઈ રતનલાલજી! પહેલા દર્શન આવ્યું કે ચારિત્ર આવ્યું પહેલા? (તત્ત્વાર્થ સૂત્રમાં) પણ આવે છે ને? તત્ત્વાર્થસૂત્ર. નહિ? સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સાંભળે.

મુમુક્ષુ :- પાઠ પણ કરે.

ઉત્તર :- પાઠ પણ કરે, ખબર નહિ. વાત સાચી છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી, અને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાને દરકાર હોય તો ભ્રમણ કરાવનાર કોણ હોય જગતમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતાને ખબર નથી. પોતાને ખબર નથી માટે બીજા ફેરવે. ભૂલમાં નાખી દે.

જુઓ! '**મોહના વિલાસથી ફેલાયેલું...**' વિસ્તાર પામેલું. આત્માના સ્વભાવમાંથી વિસ્તાર પુણ્ય-પાપ પામતું નથી એમ કહે છે. આહાહા..! ભગવાન આત્મા આનંદનો કંદ અને આનંદની ખાણ છે. એક સોનાની ખાણ હોય અને એક લોઢાની ખાણ હોય. ખાણ સમજો છો ને? લોઢું કાઢવું હોય તો લોઢામાંથી નીકળે, સોનું કાઢવું હોય તો સોનામાંથી નીકળે. એમ અહીંયાં કહે છે કે કર્મ છે એ લોઢાની ખાણ છે. કર્મના નિમિત્તે જે પુણ્ય અને પાપના ભાવ (થાય) એ લોઢાની ખાણના ભાવ છે. મારા નહિ. આહાહા..! ખબર નથી. દરકાર જ કરી નથી. લહેર કરવું, ખાવું, પીવું ને આ થયું. મરીને જશે ક્યાંક નરક અને નિગોદ. એય..! નવનીતભાઈ! નહિ રહે સદાય આ બધું. સંધ્યાના લાલ રંગ થયા હોય, ઘડીકમાં અંધારા. એમ આ પાંચ-પચ્ચીસ વર્ષ આ બધું રહેશે પછી જાશે અંધારે નરકમાં. સમજણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરી લે. સમ્યગ્દર્શન શું ચીજ છે એની સમજણ કર્યા વિના જન્મ-મરણ મટશે નહિ. પહેલું સમ્યગ્દર્શન છે. શેઠ! પહેલું સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- ચોથું ગુણસ્થાન...

ઉત્તર :- ચોથું ગુણસ્થાન પહેલું આવે અને છઠ્ઠું આવે પહેલું અને ચોથું પછી આવે? ચારિત્ર છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આવે. અને સમકિત ચોથે આવે. પહેલું છઠ્ઠું-સાતમું આવે અને પછી ચોથું આવે.

મુમુક્ષુ :- શ્રાવકનું નહિ?

ઉત્તર :- શ્રાવકનું પાંચમું. પહેલું ચોથું આવે કે પછી શ્રાવક આવે કે શ્રાવક થઈ ગયા આ વ્રત લઈને શ્રાવક થઈ ગયા? મિથ્યાદષ્ટિ છે. શ્રાવક કે દિ' હતો? જાધવજીભાઈ! કહો, કપુરભાઈ!

મુમુક્ષુ :- બધું એમ ને એમ ચાલ્યું જાય.

ઉત્તર :- એમ ને એમ ચાલ્યું, આંધળું ચાલ્યું. આહાહા..! કહે છે, જેને જેમ ઠીક પડે (એમ કરવા મંડ્યા).

મુમુક્ષુ :- શ્વેતાંબર બનાવી દે.

ઉત્તર :- શ્વેતાંબર બનાવી દે. આહાહા..! ગજબ છે ને. એમ કે આ નગ્ન થાય તો. નગ્ન થયા એ સાધુ થયા. પણ નગ્ન તો ભાઈ અનંત વાર થયા, નવમી ગ્રૈવેયક ગયો ત્યાં. અંતરમાં રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન આત્માનો અનુભવ કરી અને સ્વરૂપમાં ઠરે તેને ચારિત્ર કહે છે. એ ચારિત્ર તે મુક્તિનું કારણ. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ પછી સમ્યગ્દર્શનની વ્યાખ્યા પહેલી કરી. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં એમ કરી. કે પાધરી ત્રણ વાત કરીને પાછી ચારિત્રની વ્યાખ્યા કરી? સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્રમાં.

મુમુક્ષુ :- ચારિત્ર લે તો આવે.

ઉત્તર :- ક્યું પણ ચારિત્ર? હજી સમ્યગ્દર્શન વિના ચારિત્ર કેવા? મિથ્યાચારિત્ર છે. બાળવ્રત ને બાળતપ છે. અજ્ઞાનથી ભરેલા વ્રત અને અજ્ઞાનથી ભરેલી એની ક્રિયા છે. સમજાણું કાંઈ? ચારિત્રનો નાશ કરી નાખે છે. (લોકો) એમ કહે છે. મિથ્યાચારિત્ર જૂઠું છે એનો અહીં નાશ કરે છે. ભગવાન આત્મા...! મહા કુંદકુંદાચાર્ય જુઓને! સ્વરૂપમાં રમતા, આનંદમાં રમતા હતા. આ મુનિઓ જુઓને! આને દુઃખ નથી હોં! અંદર આનંદ છે. આનંદ છે. સિંહણ ખાય છે ને? એની માતા છે આ ભવની. આ સિંહણ. અને આ એક મુનિ છે. સુખી છે અંદર.

મુમુક્ષુ :- .. ખાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- ખાય છે કોને? કોણ ખાય? આત્મા આનંદસ્વરૂપમાં અંતર લીન છે. આનંદમાં લીન છે એ ચારિત્ર છે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું ને આ પહેલું? હજી સમ્યગ્દર્શન કરે પછી ખબર પડે. સમ્યગ્દર્શન પહેલી ચીજ શું છે એ એણે સમજવું પડશે. સમજણ કરીને પછી જીવ શું, પુણ્ય શું, પાપ શું, સંવર શું, મોક્ષ શું (એ સમજાય).

મુમુક્ષુ :- વિદ્વાન લોકો તો સમજી જાય છે.

ઉત્તર :- વિદ્વાન પણ સમજતા નથી. વિદ્વાનનું કાંઈ કામ નથી અહીંયાં. અહીંયાં તો સાચી રુચિનું કામ છે. વિદ્વાનનું શું કામ છે? ભણ્યા બધા અગિયાર અંગ નવ પૂર્વ અનંત વાર ભણ્યા. અગિયાર અંગ અને નવ પૂર્વ પણ અનંત વાર ભણ્યો. એમાં શું થયું? સમજાણું કાંઈ? રુચિ ભલા હૈ. આમાં લીધું. પરદ્રવ્યનતૈ ભિન્ન આપકી રુચિ ભલા હૈ, એમ કહ્યું ત્યાં. જ્ઞાન વિશેષ હોય કે ન હોય એની સાથે સંબંધ નથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનું યથાર્થ પહેલા જ્ઞાન કરીને, રાગ ભિન્ન છે, પુણ્ય-પાપ ભિન્ન છે, મારા સ્વરૂપમાં તો નિર્મળાનંદ પરમાત્મા હું છું. એવી અંતરની દૃષ્ટિ અનુભવની કરવી એનું નામ પહેલું સમ્યગ્દર્શન કહે છે. આ સમ્યગ્દર્શન વિના એની કોઈ વાત સાચી નથી. એ તો શ્રાવકરત્નકરંડચારમાં પણ આવ્યું છે ને? આમાં પણ આવ્યું. સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર અને જ્ઞાન મિથ્યા છે. આવે છે ને ક્યાંક આમાં? કેટલામાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. નહિ. અહીં તો સમ્યક્ છે ક્યાંક. એ ક્યાંક આવે છે. બધું કાંઈ યાદ રહે છે? 'મોક્ષમહલ કી પરથમ સીઢી,...' લ્યો એ આવ્યું. આવી ગયું બરાબર દેખો. ૪૮મો શ્લોક છે. ૪૮ કાઢો. ૪ અને ૮. ૪૮ કળશ. લ્યો એ જ આવ્યો બરાબર.

મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન-ચરિત્રા,
સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા;

'મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન-ચરિત્રા,' સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર 'સમ્યક્તા ન લહે,...' સાચાપણું પામે નહિ. તે દર્શન. એનું નામ સમ્યગ્દર્શન 'ધારો ભવ્ય પવિત્રા;...' હે ભવ્ય જીવો! પહેલા સમ્યગ્દર્શન ગ્રહણ કરો. કહો, સમજાણું કાંઈ?

'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખૌવે,
યહ નરભવ ફિલ મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ.

સમ્યક્ નહિ હોવે એમ લખ્યું છે પહેલા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દૌલ સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખૌવે,
યહ નરભવ ફિલ મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ.

સમ્યગ્દર્શન જો ન થયું તો નિરર્થક છે બધું. એકડા વિનાના મીંડા રણમાં પોક છે. કોઈ સાંભળે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિગંબર કોને કહેવા? સંપ્રદાયમાં જન્મ્યો એટલે દિગંબર થઈ ગયો? સમજાણું કાંઈ? કેટલું આ કહે છે, જુઓ! પછી કહ્યું જુઓ ૪૯માં. છે ને દોહા?

સમ્યક્ શ્રદ્ધા ધારી પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;
સમ્યક્ શ્રદ્ધા ધારી પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન.

સમ્યગ્દર્શન પછી જ્ઞાન કરો.

સ્વ-પર અર્થ બહુધર્મજુત, જો પ્રગટાવન ભાન.

લ્યો! એવી વાતું લીધી છે લ્યો! પછી પણ છે ને? ચારિત્રની વાત આવે છે ને? એમાં જ આવે છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ્ઞાનની વાત છે. પછી? ૫૬માં છે. ૫૬-૫૬.

પુણ્ય-પાપ ફલમાહિં, હરખ-વિલખૌ મત ભાઈ,
યહ પુદ્ગલ-પરજાય ઉપજિ વિનસૈ ફિર થાઈ;
લાખ બાત કી બાત યહી, નિશ્ચય ઉર લાઓ,

લાખ વાત કી વાત યહ નિશ્ચય ઉપર લાઓ. લાખ વાતની વાત. લાખ તો વાત કહે છે પણ અનંત વાર.

તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

હું આત્મા આનંદકંદ એની દૃષ્ટિ કરો. લાખ વાતની વાત પહેલી ઈ છે, એ વિના તારા બધા મીંડા છે. એમ કહે છે ભાઈ રતનલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પછી છે ને. સમ્યગ્જ્ઞાની હોય. જુઓ. એ ૫૭.

સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત લીજૈ,

.. ચારિત્રની વાત છે. પહેલા સમ્યગ્દર્શન, પછી સમ્યગ્જ્ઞાન.

સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત લીજૈ,
એકદેશ અરુ સકલદેશ, તરુ ભેદ કહીજૈ;

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પછી શ્રાવકના વ્રત અને પછી મુનિના. પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પછી. સમ્યગ્દર્શન-જ્ઞાનની ખબર નહિ ને થઈ ગયા ચારિત્ર અને વ્રત? છે એમાં? 'સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત...' દઢ ચારિત્ર લઈ લે પછી. સ્વરૂપમાં સ્થિરતાનું ચારિત્ર લે. અંશે સ્થિરતા થાય એ પાંચમું ગુણસ્થાન શ્રાવકનું, વિશેષ સ્થિરતા થાય એ છઠ્ઠું. વસ્તુ એવી છે પણ હવે જેને આ જન્મ-મરણના ત્રાસ થયા હોય અને દુઃખથી મટવું હોય એની વાત છે ભાઈ આ. સમજાણું? જન્મ-મરણ ચોર્યાસીના અવતાર જ્યાં હોય ત્યાં. આહાહા..! જુઓને દશા. દેહમાં રહ્યા રાડેરાડ પાડે, પીડા થાય તો. ભગવાન! પોતે અંદર આનંદ છે ને. હાય હાય રે મારાથી સહન થતું નથી. મને મારો, મને મારી નાખો. એમ એક જણ કહેતો હતો. એક શેઠ હતો. ઓલો વા થયો હતો ભાઈ વા. વા થાય છે ને? શરીરમાં વાનો રોગ. પૈસાદાર ઘણા. ત્યાં તો અમારે પહેલા દસ લાખ થાય તોપણ ઘણા કહેવાતા ને. હવે પૈસા વધી ગયા. એને વા થયો. અરે..! અને બંદુકથી મારી નાખો. મારાથી દુઃખ સહન નથી થતું. બહુ પીડા અંદર. એ પીડા કોની છે? આત્મા અને રાગની એકતા માની છે એની પીડા છે.

મુમુક્ષુ :- દર્દની નહિ?

ઉત્તર :- દર્દની નહિ. દર્દ તો જડની પર્યાય છે. એ તો માટી છે. એમાં દર્દ થયું એમાં તને શું? આત્મા દર્દને સ્પર્શતો પણ નથી. દર્દને આત્મા સ્પર્શતો પણ નથી. કેમ કે આત્મા તો અરૂપી છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. આ તો રંગ, ગંધની ચીજ છે. એ તો આત્માને અડતા પણ નથી. ખબર નથી શું ચીજ છે. શું થાય છે એની ખબર નથી. ફક્ત એ ચીજમાં કાંઈ થાય તો એય.. મને થયું. બસ! એવો રાગદ્વેષ કરે છે. એ રાગદ્વેષ એ દુઃખ છે. એ રાગદ્વેષથી રહિત ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એમાં લીન થવું અનુભવ કરીને એનું નામ ચારિત્ર પરમેશ્વર એને કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ!

'**(અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' આત્મા એટલે શું? આત્મા એટલે શું? કે ચૈતન્યસ્વરૂપ. જ્ઞાન અને આનંદ જાણવું-દેખવું એ સ્વરૂપ તે આત્મા. જેના સ્વભાવનું અમાપપણું એવો સ્વભાવ એ આત્મા. '**આત્માથી...**' રાગ નહિ, પુણ્યના વિકલ્પથી નહિ. પોતાના સ્વરૂપમાં પોતાના શુદ્ધ સ્વરૂપથી નિરંતર વર્તવું, નિરંતર સ્વરૂપમાં વર્તવું. દેખો! '**નિરંતર વર્તું છું.**' એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. હીરાલાલજી! આ બધા શેઠીયાઓને પણ જવાબદારી છે, હોં! આ બધું ખોટું નભાવ્યા કરે છે એમ ને એમ. આહાહા..! એવી વાત છે. જુઓને! કુંદકુંદાચાર્ય તો બે ને બે ચાર જેવી વાત કરે છે. અહીં કાંઈ કોઈનો પક્ષ નથી. કે ભાઈ આને સારું લાગે તો ઠીક અને ન સારું લાગે તો અઠીક. તમને સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો સમજો, ન સમજાય તો તમારે ઘરે રહો. '**નિરંતર વર્તું છું.**' દેખો! એનું નામ ચારિત્ર. આત્મા રાગરહિત, પુણ્યરહિત, સ્વરૂપ નિર્મળાનંદ છે એમાં વર્તવું, એમાં રમવું, એમાં લીન થવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્ર તે મુક્તિનું કારણ છે. એ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ. એય.! છોટાભાઈ!

ભાવાર્થ. એનો ભાવાર્થ છે ને? '**વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે...**' કર્મ જડ છે ને, એનું ફળ આવે, કહે છે. '**તેના વિષે જ્ઞાની એમ વિચારે છે...**' એના વિષે ધર્મી એમ માને '**કે-પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે,...**' પુણ્ય-પાપના ભાવ એ કાંઈ મારું સ્વરૂપ નથી. એ તો કર્મનું કાર્ય છે. દૂર કરવા, હોં! દૂર કરવા. કર્યું છે પોતાની પર્યાયમાં. પણ મારો સ્વભાવ એમાં નથી. હું ચૈતન્ય શુદ્ધ જ્ઞાનાનંદ (છું). એ કર્મના કાર્યરૂપે દયા, દાન, વ્રતના પરિણામ થયા એ પણ મારું સ્વરૂપ નથી. એ એનું કાર્ય છે. એ કર્મ બાંધ્યું તેનું કાર્ય છે. એને આશ્રયે થયા ને એનું કાર્ય (છે). મારા સ્વરૂપનું કાર્ય તો આનંદ છે. ભગવાન તો આનંદની મૂર્તિ આત્મા છે. એનું કાર્ય તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ એનું કાર્ય છે. દુઃખ થવું એ આત્માનું કાર્ય છે? સમજાણું કાંઈ? એ તો ભૂલ છે. ભૂલ તો ભગવાન પોતે ભૂલે છે ત્યારે પરના નિમિત્તના સંગે થાય છે. આહાહા..! એણે કોઈ દિ' વિચાર કર્યો જ નથી. સમજાણું? મને આ દુઃખ છે ક્યાં અને મને સુખ કેમ થાય? કોણ માથાકૂટ કરે? ચાલે છે એમ ચાલે. સમજાણું?

કહે છે કે ભાઈ! આ દેખનાર જે જગતને દેખે છે એવો આત્મા એ કોઈ ચીજ છે કે નહિ? આ શરીર છે, આ કર્મ છે, આ રાગ છે એમ જાણે છે ને? એમ જાણે છે ને? એ જાણનાર છે એ રાગ અને પરથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? આ રાગ થયો, આ દયાના ભાવ થયા એ તો જાણનારો છે. જાણનારમાં રાગ નથી. એ રાગ થયો એ જાણનારમાં નથી. ભિન્ન છે. પણ અજ્ઞાનીને ભિન્નપણાનું ભાન નથી, તેથી રાગ મારામાં છે એમ મિથ્યાદૃષ્ટિપણે માને છે. સમજાણું કાંઈ? જેમ શરીર, વાણી, આ કર્મ મારામાં નથી, એમ કર્મના કાર્ય જે છે એ મારામાં નથી. સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એમાં વિકૃતભાવ જે દેખાય, મેલ દેખાય એ જડનું કાર્ય, મારું નહિ. કઈ રીતે? કે મારા સ્વભાવની દૃષ્ટિમાં એ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી,...**' પરિણમનાર નથી, એમ. પરિણમનાર નથી. હું તો આત્મા છું અને આત્મામાં તો ચૈતન્યની ખાણ છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એમાં આ પુણ્ય-પાપનું પરિણમવું એ હું નહિ, હું નહિ. હું તો શુદ્ધ આત્માના આનંદરૂપે પરિણમું એ હું છું. આહાહા..! સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા વસ્તુ ચૈતન્ય બંગલો આનંદકંદ પ્રભુ છે. એમ ધર્મી પોતાના સ્વભાવને શુદ્ધ જાણતો એ પુણ્ય-પાપના ભાવનું કાર્ય મારું નહિ, હું એનો સ્વામી નહિ, એ મારી ચીજ નહિ, એ મારામાંથી થયેલા નહિ, એમાં હું નહિ. આહાહા..! આવો વિવેક કરવો પડશે. એ વિના સુખી નહિ થાય. દુઃખીના દાળીયા છે બધાય. દુઃખના દાવાનળે સળગે છે જગત આખું. એ પુણ્ય અને પાપ ને ભ્રાંતિમાં પડ્યા એ બધા દુઃખના ડુંગરામાં બળે છે, ઝળે છે. બાહ્યની સામગ્રી લાખ-કરોડ હોય ચક્રવર્તીના રાજ પણ અંદરમાં વિકારી પરિણામ આ હું અને આ તે. એ દુઃખ અને દાવાનળ છે. બરાબર છે? હીરાલાલજી!

ભગવાન આત્મા..! લ્યો! હવે વળી હીરાલાલજી ને હીરાભાઈ. હીરાની કિંમત થાય છે શું કરવા? હીરાની કિંમત શું કરવા કરે? કે થોડી ચીજ મળે અને ટકાઉ ચીજ છે. ટકાઉ છે ને? ટકે. થોડી મળે, ટકાઉ છે અને એનો પ્રકાશ વિશેષ છે. માટે લોકોએ એની કિંમત આપી. હવે એ કરતાં તો આત્મા ત્રિકાળ ટકાઉ છે. ત્રિકાળ. હીરો તો ભૂક્કો થઈ જાય બહુ અગ્નિ થાય તો બળીને રાખ પણ થઈ જાય. ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની (ચીજ) ત્રિકાળ તત્ત્વ ટકાઉ છે. ટકાઉ ચીજ છે, નિત્ય રહેવાવાળી છે. અને તેનો પ્રકાશ, ચૈતન્યમૂર્તિ પ્રકાશ છે એનો તો. એ માટે આત્માની કિંમત કરીને પુણ્ય-પાપની કિંમત છોડી દેવી અને પુણ્ય-પાપના ફળની કિંમત છોડી ભગવાન આત્માની કિંમત કરવી આ એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

'**મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી,...**' આહાહા..! હું એનો પરિણમનાર નથી એમ કહે છે. ધર્મી એમ જાણે છે કે ઓહો..! મારી ચીજ તો ચૈતન્યના પ્રકાશનું નૂર જે પૂર છે તે હું છું. '**હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.**' જે પુણ્ય-પાપના ભાવ વિકલ્પ ઉઠે એ હું નહિ, મારું કર્તવ્ય નહિ. હવે આ તો પુણ્યનો ભાવ દયા, દાનનો ભાવ થયો ત્યાં ચારિત્ર થઈ ગયા. કહો, સમજાણું આમાં? '**હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું. તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે.**' લ્યો! મારી પ્રવૃત્તિ તો દેખવું-જાણવું એ મારી પ્રવૃત્તિ છે. પુણ્યના પરિણામ એ મારી પ્રવૃત્તિ નહિ. આહાહા..!

આ તો દેહ માટી જડ છે. રજકણો તો એના થઈને રહ્યા અને એના થઈને બદલે છે. કર્મ પણ એના થઈને અજીવ રહ્યા છે. કર્મના સંગે ભગવાન આત્માના સ્વભાવને ભૂલી અને જેટલો ભાવ થાય બધો પુણ્ય-પાપનો એ હું નહિ. મારી પ્રવૃત્તિ એ નહિ. ધર્મી એમ સમજે છે. મારી પ્રવૃત્તિ તો દર્શન-જ્ઞાનસ્વરૂપ જે હું છું, એનું દેખવું-જાણવાની લીનતા રહે એ મારી પ્રવૃત્તિ છે. કહો, સમજાય છે કાંઈ? વાત સાંભળવા મળે નહિ. એ વિચારે કે દી? અને રુચિ કે દી કરે અને પરિણમાવે કે દી? મોંઘી વસ્તુ થઈ પડી. સમજાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ નથી કહ્યું ભગવાને કે પૈસા મળવા મોંઘા છે. દેવલોક મળવો મોંઘો છે. હવે એ અનંત વાર મળ્યું ધૂળ, હવે સાંભળને. એઈ..!

મુમુક્ષુ :- એ તો અનંત વાર મળ્યા.

ઉત્તર :- મળ્યા. આહાહા..! ભાઈ! પૈસા આમ દેખાય તો કેટલું લાગે છે, લ્યો! એઈ..! પોપટભાઈ! લ્યો એમના સાળા પાસે પૈસા છે. આ પોપટભાઈ બેઠા છે ને? એમના સાળા પાસે ચાલીસ કરોડ અત્યારે. આ બેઠા છે ને ભાઈ એ. એમની દીકરી બાળબ્રહ્મચારી છે. એમના સાળા છે ગોવામાં. શાંતિલાલ ખુશાલ. ચાલીસ કરોડ. એક દીની એંશી હજારની પેદાશ. મેંગેનીઝ નીકળે છે. ૨૫-૩૦ માઈલમાં લીધેલી છે. અને હમણાં સાડી અઠ્યોતેર લાખની જમીન લીધી એમના સાળાએ. ચાલીસ કરોડ તો છે. સાડી અઠ્યોતેર લાખની જમીન ... લીધી. એંસી કરોડનું એલ્યુમિનિયમ નીકળ્યું એમાં. એંસી કરોડનું. ધૂળના ઢગલા. હેરાનના પાર ન મળે. એય..! રતનલાલજી! એ રતનલાલ નહિ કાંકરાલાલ છે.

અહીં તો ભગવાન આત્મા ચૈતન્યહીરો, એની કિંમત કરીને સ્વરૂપમાં રમે તેને ચારિત્ર અને તેની કિંમત દેવામાં આવે છે. બાકી બધી તુચ્છ કોડીની કિંમત છે. આ પુણ્ય પરિણામ થાય એ કોડીની કિંમતના છે એમ કહે છે. એવી દૃષ્ટિ થયા વિના આત્મામાં ચારિત્ર થાય નહિ અને ચારિત્ર વિના કોઈ દિ' મુક્તિ થાય નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૧, બુધવાર તા. ૨૭-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૨૮-૨૨૯, પ્રવચન-૪૩૯**

૨૨૮ કળશ. પ્રત્યાખ્યાનની વાત છે ને. પ્રતિક્રમણ અને આલોચનાની વાત આવી ગઈ. પ્રત્યાખ્યાન. ભવિષ્યનું પ્રત્યાખ્યાન કોને કહેવું? આ પચ્ચખાણ-પચ્ચખાણ કરે છે ને માણસ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ત્યાગ. એ ત્યાગ કોને કહેવો? પચ્ચખાણ ધર્મ, ત્યાગધર્મ કોને કહેવો? જુઓ છે.

'**(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે :-)**' કહે છે એટલે કે અનુભવે છે. એમ. છે ને? પ્રત્યાખ્યાન. છે ૨૨૮.

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२८।।**

આ પચ્ચખાણની વ્યાખ્યા છે-પચ્ચખાણ. કહો, નેમિદાસભાઈ! આ પચ્ચખાણ-પચ્ચખાણ કરે છે ને બધા? શેના પચ્ચખાણ? કઈ રીતે પચ્ચખાણ?

કહે છે કે, '**પ્રત્યાખ્યાન...**' એટલે પચ્ચખાણ '**કરનાર જ્ઞાની...**' એમ જાણે છે, એમ અનુભવે છે કે '**ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને...**' પુણ્ય અને પાપના ભાવ ભવિષ્યમાં ન થાય એટલે એનું કાર્ય ન થાય અને વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવ છોડીને અંતરમાં '**જેનો મોહ નષ્ટ થયો છે...**' જુઓ! મિથ્યાત્વથી જ વાત લીધી છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપના અંતરમાં રુચિને કારણે જેને પુણ્ય-પાપના પ્રેમનો મોહ જેનો નાશ થયો છે. સમજાણું કાંઈ? મોહ શબ્દે મિથ્યાત્વ છે અહીંયા. જેનો મિથ્યાત્વભાવ એટલે કે વાસ્તવિક આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એનાથી ઊલટો જે મિથ્યાત્વભાવ. પુણ્ય અને પાપના પરિણામમાં મીઠાશ, એમાં સુખબુદ્ધિ, એમાં હિતબુદ્ધિ, એમાં હું છું એવી પર્યાયબુદ્ધિ. સમજાય છે કાંઈ?

વસ્તુ અનંત ગુણથી ભરેલી વસ્તુ છે-પદાર્થ ભગવાન આત્મા. એની દૃષ્ટિ છોડી અને વર્તમાનમાં પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાનના રાગમાં-પ્રેમમાં પર્યાયબુદ્ધિમાં પડ્યો છે તેને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહે છે. એ મિથ્યાદૃષ્ટિનો ત્યાગ એટલે કે વસ્તુ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એવી અંતરમાં અનુભવ દૃષ્ટિ થવી તેને મિથ્યાત્વનો-પર્યાયબુદ્ધિનો ત્યાગ કહે છે. કહો, સમજાણું કાંઈ? શેનો ત્યાગ? આ શરીર, વાણી, મન તો કાંઈ આત્મામાં ગ્રહ્યા નથી કે એને છોડવા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. ફક્ત ભગવાન આત્મા પોતાની ત્રિકાળી સંપદાને છોડીને વર્તમાન પુણ્ય અને પાપના પ્રેમમાં અને હરખ-શોકના ભાવમાં પોતાપણું માનીને તેને પોતે છે એમ જાણીને વેદે છે, એનું નામ મિથ્યાદષ્ટિપણું, અસત્યપણું, જૂઠાપણું, ઝેરના અનુભવપણું એને પર્યાયબુદ્ધિમાં હોય છે. સમજાણું કાંઈ? એ પર્યાયબુદ્ધિનો ત્યાગ અને દ્રવ્યબુદ્ધિનું ગ્રહણ, એને અહીંયાં મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનું ગ્રહણ કહેવામાં આવે છે. કહો, સમજાય છે? કપુરભાઈ! બીજી જાત નીકળી આ. અત્યાર સુધી તો વ્યવહારના વ્રત લઈને બેસે, પચ્ચખાણ કરીને બેસે. એ જાત બીજી નીકળી આ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ એકલો અતીન્દ્રિય આનંદ અને શાંતરસનો કંદ દળ છે એ આત્મા. એની દષ્ટિ છોડી અને જેટલા પુણ્ય અને પાપ, કામ-ક્રોધ, દયા-દાન વિકલ્પો ઉઠે છે એ અંશમાં વર્તમાનમાં કૃત્રિમ અને વિકૃતભાવ છે. એ હું છું અને એ મારું કર્તવ્ય છે અને એ મારે કરવા જેવું છે એવી દષ્ટિ છે તેને ભગવાન પર્યાયબુદ્ધિ અંશબુદ્ધિવાળો મિથ્યાદષ્ટિ કહે છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વનો ત્યાગ. શી રીતે ત્યાગ થાય?

'**મોહ નષ્ટ થયો છે...**' ભવિષ્યના કર્મનો ત્યાગ ક્યારે થાય? કે જેનો મોહ નામ પુણ્ય અને પાપનો પ્રેમ અને રુચિમાં હોંશમાં જે વિકારમાં વર્તી રહ્યો છે એને વસ્તુ સ્વભાવ શુદ્ધ ચૈતન્યની અંતર દષ્ટિ થતાં તેનો મોહ નાશ થાય છે. એ મોહનો તેને પહેલો ત્યાગ થાય છે. કહો, સમજાણું આમાં? કહો, વજુભાઈ! મોહનો નાશ પહેલો થાય છે. મોહ એટલે શું? અહીં મોહ શબ્દ પડ્યો છે ને? છે ને? '**निरस्तसम्मोहः**' જે આત્મા છે એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળાનંદ પ્રભુ છે. પુણ્ય-પાપ ને કામ-ક્રોધ ને દયા-દાન વિકલ્પ છે એમાં સાવધાનપણે વર્તે, સાવધાનપણે વર્તે, એમાં પોતાપણે વર્તે, એને પોતાપણે જાણીને એને વેદે એનું નામ મિથ્યાદષ્ટિ અજ્ઞાની કહેવામાં આવે છે. કહો, સુમનભાઈ! શબ્દો તો સહેલા છે. ભાવ મોંઘો છે ભલે.

એ મિથ્યા દષ્ટિનો ત્યાગ પહેલો કેમ થાય? કે વસ્તુ કેવી છે? જુઓ! કહે છે ને? '**મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ...**' હું તો નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મા છું. પુણ્ય-પાપ અને શુભ-અશુભના ભાવ એવું જે કાર્ય એટલે કર્મ એટલે વિકાર એના અભાવસ્વભાવસ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એ નિષ્કર્મ વસ્તુ છે મારી. સમજાય છે કાંઈ? એ '**જેનો મોહ નષ્ટ થયો છે એવો હું...**' જુઓ! પાછો પોતાને ખાતરીથી કહે છે કે મારો મોહ નષ્ટ થયો એવો હું. ખબર પડે નહિ એમ નહિ. એમ કહે છે. નવનીતભાઈ! કેટલાક કહે ને કે ખબર ન પડે, ફલાણું ન થાય. આહાહા..! ભગવાન! તને ખબર ન પડે? બાપુ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાગે એને ખબર ન પડે? ઊંઘ ઊડી ને ખબર ન પડે એવું હોય? સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્યોત ભગવાન આત્મા જે વિકારના પરિણામમાં સાવધાનપણું હતું તે મિથ્યાત્વ હતું. એટલે મોહ હતો. મોહ એટલે પરમાં સાવધાન. એને આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ આનંદમૂર્તિ છે આત્મા, એમ અંતરમાં પોતાના પૂર્ણ સ્વરૂપને અવલંબીને જે દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દર્શન કહે છે, એમાં મિથ્યાત્વનો ત્યાગ છે. આ રીતે મિથ્યાત્વનો ત્યાગ થાય છે. કહો, સમજાણું આમાં? તેને વર્તમાનના પુણ્ય-પાપના પરિણામના રાગથી જ્યાં અભાવ-સ્વભાવરૂપે થયો એટલે ભવિષ્યના પુણ્ય-પાપ મારે કરવા છે એનો ત્યાગ થઈ ગયો. સમજાણું કાંઈ? ભારે પચ્ચખાણ ભાઈ! આ પચ્ચખાણની આ વિધિ કેવી? ઓલા ઊભા થઈને કહે, પાંચ આસ્રવ સેવવાના પચ્ચખાણ લ્યો. હિંસા, જૂઠ્ઠુ, ચોરી.. એ પાંચ પરિણામ હિંસાના રહેતા ક્યાં હશે? એની વર્તમાન પર્યાયમાં જે વિકારના ભાવ (થાય છે) તે જ હિંસા, તે જૂઠ્ઠું, તે ચોરી, તે અબ્રહ્મ અને તે પરિગ્રહ (છે). સમજાણું કાંઈ? નેમિદાસભાઈ!

આત્મા જ્ઞાનાનંદ (સ્વરૂપ છે). એણે પોતામાં આનંદને ન માનતા, ન જાણતા, ન અનુભવતા શુભ-અશુભરાગ એને જાણતા, એને માનતા, એને અનુભવતા દુઃખનું વેદન છે. તે મિથ્યાદૃષ્ટિનું વેદન છે. એ મિથ્યાત્વના ત્યાગ વખતે શું થાય છે? એ પર્યાયબુદ્ધિ ટળી અંશબુદ્ધિ અને સ્વભાવબુદ્ધિ ત્રિકાળ ચિદાનંદ સ્વભાવ છે એવી અંતર અનુભવ દૃષ્ટિ થતાં ત્યાં મિથ્યાત્વનો ત્યાગ એટલે મિથ્યાત્વનું પચ્ચખાણ થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? આ કઈ ક્રિયા પણ આવી? ક્રિયા કઈ કરવી? સામાયિક ને પોષા ને પડિક્કમણા, ઓલા કહે, એ કાંઈ કહેતા નથી. કાલે નહોતી વાત થઈ? ચારિત્રનો તો નાશ કહે છે ત્યાં. ઓલા રતનલાલજી કહે. અમે મુનિઓ પાસે જઈએ ત્યારે એમ કહે છે કે ત્યાં તો ચારિત્રનો નાશ કરે છે. ચારિત્ર આવ્યું હતું ને કાલે? હેં! ચારિત્ર છે અહીં લાગે છે. ચારિત્રનો નાશ કહે છે બીજા તો એમ કહે. એનો પ્રશ્ન એમ હતો.

ભાઈ! ચારિત્ર કહેવું કોને? શું આ દેહની ક્રિયામાં લૂગડા ફર્યા અને નગ્ન થયો એ ચારિત્ર છે? શું આત્મામાં કોઈ દયા, દાન, પૂજા, ભક્તિના, અનુકંપાના, સત્ય બોલવાના, બ્રહ્મચર્યના વિકલ્પ આવે રાગ શું એ ચારિત્ર છે? એ રાગ તો અહીં કર્મ કીધું. વિકાર છે એમ કીધું અહીં તો. દેહની ક્રિયા તો જડ છે. હવે એ રાગ જે છે તે કર્મ છે, વિકાર છે, અત્યાગ છે, અપચ્ચખાણ છે. એ મારું સ્વરૂપ છે તે મિથ્યાત્વ છે. એનો ત્યાગ એનું નામ સમ્યગ્દર્શન અને મિથ્યાત્વના ત્યાગ અને પચ્ચખાણ કર્યા કહેવાય. એ ત્યારે થાય કે વસ્તુ અખંડાનંદ પૂર્ણ શુદ્ધ વસ્તુને અવલંબી, ચૈતન્યની અનુભવદૃષ્ટિ પ્રગટ થતાં તે મિથ્યાત્વના ભાવનો ત્યાં ત્યાગ થાય છે. એ પહેલું મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન કર્યું. કહો, જાધવજીભાઈ! આવી વાતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે આ.

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- બરાબર છે, લ્યો ઠીક! આહાહા..!

આવો મિથ્યાત્વનો જ્યાં ત્યાગ નથી અને સ્વરૂપની દષ્ટિનું ગ્રહણ નથી ત્યાં સાચા વ્રત અને સાચા તપ હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં? કહો, ભીખાભાઈ! જાણે તો આવે ત્યારે બોલેને. ભગવાન આત્મા જ્ઞાનનો સૂર્ય છે આમ ચૈતન્યબિંબ છે અને અનાકુળ શાંતિ અને આનંદનો એ પોતે ધ્રુવ તારો છે. એવો ધ્રુવ તારો ચિદાનંદનો એની દષ્ટિ છોડી અને જેણે એ પુણ્યના વિકલ્પમાં પોતાપણું માની અને એટલો હું માનીને વેદે છે, એ ભગવાન પૂર્ણાનંદનો અનાદર કરીને મિથ્યાત્વને સેવે છે. આહાહા..! કહો, ખેતશીભાઈ! અરે..! એના ઘરની ભૂલ કેમ થઈ એવી એને ખબર ન મળે. તો ભૂલ કેવી છે, તેને કેમ ટાળવી એની કેમ ખબર હોય એને? એ.. ન્યાલભાઈ!

કહે છે કે, પચ્ચખાણ કરનાર એમ અનુભવે છે. કહે છે એનો અર્થ અનુભવે છે કે '**ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને...**' વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવ દષ્ટિમાંથી છૂટી એણે ભવિષ્યના પણ પુણ્ય-પાપ છોડ્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છોડ્યા એટલે? આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાયક છે એવું જ્યાં અંતર અનુભવમાં ભાન થયું ત્યારે મિથ્યાત્વ છૂટ્યું એમ કહેવામાં આવે છે. પછી સ્વરૂપમાં સ્થિર થતાં વીતરાગ પર્યાય પ્રગટ થાય છે ત્યારે એણે પુણ્ય-પાપના વિકલ્પો અસ્થિરતાના છોડ્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભવિષ્યના સમસ્ત કર્મને...**' કોઈપણ વિકલ્પ ભવિષ્યનો હો કે આ ભાવ થાય તો ઠીક, શુભભાવ પણ ભવિષ્યમાં થાય તો ઠીક. તો એમ નથી ત્યાં. કારણ કે શુભ અને અશુભ બેય દોષરૂપ છે. સમજાય છે કાંઈ? એવા દોષરૂપ ભાવને છોડીને. એટલે કે '**પચખીને જેનો મોહ નષ્ટ થયો છે...**' એટલે કે જેને રાગની એકત્વબુદ્ધિ નષ્ટ થઈ છે અને સ્વભાવમાં સ્થિરતા થતાં અસ્થિરતાનો પણ જ્યાં નાશ થયો છે. બેય ભેગું લેવું છે ને. સમજાણું કાંઈ? એવો હું. એવો હું. જેને રાગની એકતાબુદ્ધિ તૂટી છે, નિષ્કર્મ દશાવાળો હું (એમ પરિણમન થયું છે). નિષ્કર્મ અવસ્થા '**(અર્થાત્ સર્વકર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' કેવો છું હું? કે કોઈપણ વિકલ્પની જાત મારી ચૈતન્યની જાતમાં ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મામાં નથી. એવો ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ આત્મા, ચૈતન્ય સ્વરૂપ આત્મા (છે). એ પુણ્ય-પાપના રાગ સ્વરૂપ આત્મા નહિ. પુણ્ય-પાપના ભાવ તો આસ્રવસ્વરૂપ ભાવ (છે). સમજાય છે કાંઈ? એ આસ્રવનો ત્યાગ કરીને સંવર કરે છે. સંવર કહો કે પચ્ચખાણ કહો. ભારે વાત! કહો, ખેતશીભાઈ! કેટલા પચ્ચખાણ કર્યા હશે પહેલા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ઘણાં કર્યા.

ઉત્તર :- ઘણાં કર્યા? ખોટા. એય.. વીરચંદભાઈ! ખબર ન મળે, ખબર ન મળે. પોતાનું ધામ અને ઠામ ક્યાં છે? પોતાનું ધામ, ધામ અને સ્થાન સ્થાન ક્યાં છે? કેવડું છે? કેમ છે એની ખબરું ન મળે પછી જ્યાં થાય રાગાદિ ત્યાં રોકાઈ ગયો. કહો, મલૂકચંદભાઈ! નાગનેશમાં રોકાણો પછી વળી રાણપુરમાં રોકાણો, પછી વળી જ્યાં-ત્યાં વળી અહીં સોનગઢમાં રોકાણો. એમાં નહિ, કહે છે. પણ જ્યાં-ત્યાં પુણ્ય અને પાપના ભાવ કરીને ત્યાં રોકાઈ ગયો. જે પોતાનું ઠામ નથી, ધામ નથી, ઠરવાનું ઠેકાણું નથી સ્વસ્વભાવ નથી. એવા શુભાશુભભાવમાં રહીને ટક્યો, ઠેકાણા વિનાની ચીજમાં. એ મિથ્યાત્વ છે. એણે આત્માના સ્વભાવનો ત્યાગ કર્યો છે, મિથ્યાદષ્ટિએ. સમ્યગ્દષ્ટિએ વિકારભાવનો ત્યાગ કરીને સ્વભાવને ગ્રહણ કર્યો છે. સમજાણું કાંઈ? આવો ધર્મ! તેથી માણસ કહે, આ મોંઘુ છે અને એમાં સોંઘુ સોંઘુ કરે તો. એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, પહેલું આ કરો. આ કરો તો એને સહેલું લાગે. પણ સત્ય છે, એ સત્ય છે એ આવું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો એ રાગ છે અને અસત્ છે. એઈ..! આહાહા..! તારે સત્યથી શરૂ કરવું છે કે અસત્યથી શરૂ કરવું છે? સત્યની શરૂઆત સત્યથી થાય કે સત્યની શરૂઆત પહેલી અસત્ સેવીને થાય? આહાહા..! પહેલું કાંઈક આમ કહો એમ કહે. કેટલાક શેઠિયા પણ એવું કહે છે. પણ તારે કરવું છે કે નહિ? હવે દુનિયાનું દુનિયા પાસે રહી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેઠિયા ખોટા શેઠિયા છે. કપુરભાઈ!

અરે..! જ્યાં તારું પૂર્ણ સ્વરૂપ નથી અને વિકૃત રૂપ છે તેમાં તું પડ્યો અને તારે સત્ જોઈએ છે એમાંથી. એમાં સત્ ક્યાં મળે? એ તો અસત્ છે. અસત્ નામ ત્રિકાળી સ્વરૂપમાં એ નથી અને એ ભાવમાં ત્રિકાળી સ્વરૂપ નથી. શું કીધું? જેમ પોતે આત્મા છે એની અપેક્ષાએ પરવસ્તુ તે અસત્ છે. અસત્ નામ અવસ્તુ છે. આ આત્માની અપેક્ષાએ શરીરાદિ અવસ્તુ છે. એની અપેક્ષાએ ભલે વસ્તુ હો. એમ ત્રિકાળી આનંદ અને જ્ઞાયક સ્વભાવની અપેક્ષાએ પુણ્ય-પાપની વૃત્તિઓ તે અસત્ છે, અવસ્તુ છે, વસ્તુના સ્વભાવમાં નથી માટે અભાવરૂપ છે. એની અપેક્ષાએ ભાવરૂપ છે, પણ વસ્તુની અપેક્ષાએ તે અસત્‌રૂપ છે. સત્ તો જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ વસ્તુ તે સત્ છે. સમજાય છે કાંઈ? એ સત્‌ની શરૂઆત સત્‌થી થાય છે. એ સત્‌ની શરૂઆત અસત્‌ના સેવનથી (નથી થતી). પહેલું અસત્ અને પછી સત્ એમ હોઈ શકે નહિ, ભાઈ! એમ નથી. સમજાણું કાંઈ? શું થાય? અનંત કાળનો રખડ્યો, રઝળ્યો. એના નિજઘરની ખબર ન મળે. પરઘરમાં પણ શું છે, (શું) કરું છું એની ખબર ન મળે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યાં ભૂલ કેટલી છે એની ખબર ન મળે તો ક્યાં ભૂલ કેમ ટાળવી એની ખબર કેમ હોય એને?

અહીં તો એ કહે છે કે હું તો નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મા છું. '**આત્મામાં આત્માથી...**' આત્માથી એટલે શુદ્ધભાવ વડે '**નિરંતર વર્તું છું.**' મારો સ્વભાવ જે ચૈતન્ય વસ્તુ છે એવો જે આત્મા એના શુદ્ધભાવ વડે એમાં વર્તું છું. પુણ્ય-પાપનું કર્મ છે એથી રહિત મારી ચીજ છે એવી દૃષ્ટિ કરીને હું શુદ્ધભાવમાં, શુદ્ધભાવમાં નિરંતર વર્તું છું. એને રાગનું અને પુણ્ય-પાપનું પચ્ચખાણ થઈ ગયું છે. એમ કહે છે. સમજાણું કાંઈ? એની શ્રદ્ધામાં એ વસ્તુ જ્યાં સુધી ન આવે, ભાસન શ્રદ્ધાનું પણ ન થાય, તો એ અંતરમાં પરિણમન કેમ કરે? સમજાણું કાંઈ?

પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની એમ જાણે છે કે જેટલા પુણ્ય-પાપના રાગભાવ છે અને જડ કર્મ આદિ બધા છોડીને એ મારામાં નથી એમ જેનો મોહ નષ્ટ થયો છે. જેની પુણ્ય-પાપના ભાવની એકત્વબુદ્ધિ અને અસ્થિરતા જેની નષ્ટ થઈ છે. '**એવો હું નિષ્કર્મ...**' સર્વ પુણ્ય-પાપના રાગના કાર્યથી નિવર્તેલો મારા શુદ્ધ સ્વરૂપને અવલંબતો, મારામાં પોતાથી (પ્રવર્તતો વર્તું છું). ઓલો પાછો વિકલ્પ છે એનાથી વર્તું છું એમ નહિ. શુભ વિકલ્પ છે એ તો રાગ છે. એનાથી નિવર્તતો. મારા નિષ્કર્મ વસ્તુમાં મારા વડે પ્રવર્તતો '**નિરંતર વર્તું છું.**' પરિણમું છું, શુદ્ધ સ્વભાવપણે પરિણમું છું, શુદ્ધ સ્વભાવપણે પરિણમું છું. આ એનું નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ત્યાગ પચ્ચખાણ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નિશ્ચયચારિત્રમાં...**' નિશ્ચય નામ સાચા ચારિત્રમાં-સત્ય ચારિત્રમાં '**પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે-**' પચ્ચખાણની રીત અને ભાત. રીત-ભાત પચ્ચખાણની એવી છે '**કે-સમસ્ત આગામી કર્મોથી રહિત,...**' શુભાશુભ રાગ ચાહે જેટલો હો. એ મારું સ્વરૂપ જ નથી અને એનો મને અભાવ છે. એમ ભવિષ્યમાં પણ મારે તે ભાવ કરવા નથી. એ તો વર્તમાન કરવા નથી એટલે ભવિષ્યમાં પણ નથી એમ થઈ ગયું.

'**સમસ્ત આગામી કર્મોથી રહિત,...**' પુણ્ય-પાપના અને જડ કર્મ રહિત હું ભગવાન આત્મા '**ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું...**' જુઓ આવ્યું. શુભ-અશુભભાવ એ તો અપચ્ચખાણ છે, અત્યાગ છે. એનો ત્યાગ શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમાં શુદ્ધ ઉપયોગપણે વર્તવું. જેવી શુદ્ધ વસ્તુ છે એની પ્રાપ્તિ કરીને, દૃષ્ટિમાં, જ્ઞાનમાં એને પ્રાપ્તિ કરીને એમાં શુદ્ધઉપયોગ, શુદ્ધ આચરણપણે, શુદ્ધઉપયોગપણે વર્તવું '**તે પ્રત્યાખ્યાન.**' છે. લ્યો! આનું નામ પચ્ચખાણ. શુદ્ધોપયોગ તે પચ્ચખાણ છે. શુદ્ધોપયોગ સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ જે ભાવ છે એ અપચ્ચખાણ છે. હવે અહીં તો શુભભાવને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પચ્ચખાણ માને, એ પણ મિથ્યા દૃષ્ટિ સહિત. શું થાય? આત્મામાં જે ભાવ નથી એ ભાવ પ્રગટ કરી અને એને પચ્ચખાણ માને અને એ મારું દર્શન, સમ્યગ્દર્શન. હું શુભભાવને માનું છું એ સમ્યગ્દર્શન, એમાં રહું છું એનું નામ પચ્ચખાણ.

અનાદિનો દુઃખી થવાનો રસ્તો ગયો નથી એનો અર્થ આ છે. ટાણા આવ્યા ત્યારે ચૂકી ગયો છે. ટાણા નહોતા ત્યારે કાંઈ કરી શકતો નહોતો. એકેન્દ્રિયમાં, બે ઇન્દ્રિયમાં, ત્રણ ઇન્દ્રિયમાં નિરાધાર. ઇન્દ્રિયો ન મળે, મન ન મળે, વચન ન મળે. સાંભળવાના જોગ ન મળે, એવા પુણ્ય ન મળે અને એવો ઉઘાડ પણ ન મળે. ત્યાં તો શું કરે? જ્યારે જ્યારે માણસપણાના કે દેવપણાના ટાણા આવ્યા, ઉઘાડના અંદર વિકાસ પણ ખરો અને ઇન્દ્રિયો પણ ખરી અને કાંઈ સાંભળવાના જોગ પણ મળ્યા, પણ એને આ આત્મા અખંડાનંદ પૂર્ણ છું એ દૃષ્ટિ કરવી અને મિથ્યાત્વનો ત્યાગ કરવો એની એને કિંમત આવતી નથી. અને તે વિના એને સાચા પચ્ચખાણ થતા નથી. બાળવ્રત અને બાળતપ થાય. જ્યાં દૃષ્ટિ રાગ અને પુણ્ય ને પાપના રાગની મીઠાશ ઉપર પડી છે એને રાગની મંદતામાં તીવ્ર રાગનો ત્યાગ, તીવ્ર રાગનો ત્યાગ પણ એ તો મિથ્યાત્વભાવની પુષ્ટિનો ભાવ છે. સમજાણું કાંઈ?

ઝીણું તો ઘણું ભાઈ પણ વસ્તુ એવી છે. બહુ ધીરેથી સૂક્ષ્મપણે શાંતિથી આખો સ્વભાવને વિકારમાંથી ફેરવી અને સ્વભાવમાં લાવવો, અપૂર્વ વાત છે. સમજાય છે કાંઈ? અને વિકારના પરિણમનની પ્રતીતિ છોડી અને ત્રિકાળ સ્વભાવની પ્રતીતિમાં-સમ્યક્‌માં લાવવો (એમાં) અનંત પુરુષાર્થ છે. અને એ વિના એની જાગૃતિ થયા વિના (ઠરી શકે નહિ). જાગતો ઠરી શકે. જાગ્યા વિના ઠરવું શેમાં?

આ આત્મા જે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એ આ આત્મા જે છે એ તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ છે. એને પુણ્ય-પાપના વિકલ્પોનું કામ જે રાગ છે, એના અભાવસ્વરૂપ છે એ આત્મા. એવા આત્માને અંતરમાં દૃષ્ટિમાં, અનુભવમાં લઈ અને ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, પોતાના ચૈતન્ય સ્વરૂપની પ્રવૃત્તિ કરે, જેમાં પુણ્યના-પાપના વિકલ્પનો અભાવ ઠરે અને જેમાં શુદ્ધ સ્વરૂપની પરિણતિ થાય તેને શુદ્ધોપયોગ ને પચ્ચખાણ ને ધર્મ કહે છે. કહો, સમજાણું કાંઈ? અરે..! એના ઘરમાં શું છે એની એને ખબર ન મળે. સમજાણું? અને આ શુદ્ધોપયોગ ઘરમાંથી નીકળે છે. બહારમાંથી નીકળતો નથી. સમજાણું કાંઈ?

આ દેહ તો માટી છે, આ તો જડ છે, માટી-ધૂળ છે. એ કાંઈ આત્મા છે? હવે અંદરમાં દયા, દાન, વ્રતના પરિણામ ઉઠે એ તો વૃત્તિ ઉઠે છે, વિકલ્પ ઉઠે છે. એ તો શુભરાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયની વૃત્તિ ઉઠે એ પણ એક પાપરાગ છે. એ તો ઝેર છે, દુઃખરૂપ છે. એવા શુભભાવને પચ્ચખાણ કહેવાય? એ તો અત્યાગભાવ છે, વિકારભાવ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દુઃખરૂપ છે, ઝેરરૂપ છે. એવા પરિણામનો અભાવ શુભાશુભનો લક્ષમાં કરી અને ચૈતન્ય શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરી અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની પ્રવૃત્તિનો પરિણમનરૂપ ભાવ થવો તેને અહીં ભગવાન શુદ્ધઉપયોગ ને ધર્મ ને પચ્ચખાણ કહે છે. આ વિના પચ્ચખાણ ને ધર્મ ત્રણ કાળમાં ક્યાંય હોતા નથી. કહો, સમજાણું કાંઈ? છે એમાં. જુઓ છે કે નહિ? પાઠને મેળવો ને. નામા મેળવે છે કે નહિ? દિવાળીના નામા મેળવે કે નહિ? ભાઈ, અમારા ચોપડામાં આમ નીકળ્યું અને તમારામાં આમ નીકળ્યું. લાવો મેળવીએ ભાઈ! ભગવાનના ચોપડા આમ કહે છે. આહાહા..!

કહે છે, નિશ્ચય ચારિત્ર એટલે સાચા ચારિત્રનું પ્રત્યાખ્યાન એટલે પચ્ચખાણની વિધિ. એ વિધિ વિધાન એટલે રીતભાત-રીતનો પ્રકાર એવો છે કે '**સમસ્ત આગામી કર્મોથી રહિત,..**' પુણ્ય ને પાપના વિકારી પરિણામથી રહિત '**ચૈતન્યની પ્રવૃત્તિરૂપ...**' જ્યારે અહીં નાસ્તિ કીધી, શુભ-અશુભભાવની પ્રવૃત્તિનો અભાવ, ત્યારે ચૈતન્ય સ્વરૂપની પ્રવૃત્તિનો સદ્ભાવ. ગ્રીક-લેટિન જેવું લાગે. કોઈ દિ' એના ઘરની વાત સાંભળી નથી ને. અને ધર્મ કરીએ છીએ. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ કોને કહેવો એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

સમસ્ત કર્મોથી રહિત પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકાર જે વૃત્તિઓ ઉઠે છે, એનાથી રહિત અને ચૈતન્ય પ્રવૃત્તિરૂપ. ભગવાન આત્મા ચૈતન્ય નામ જ્ઞાન, દર્શન, આનંદરૂપ જે આત્મા છે ચૈતન્ય એની પરિણતિ, એની પ્રવૃત્તિ, એનું પરિણમન, એનું એકાકાર થઈ અને શુદ્ધ ભાવનું થવું, એ શુદ્ધોપયોગમાં વર્તવું તેને ભગવાન પ્રત્યાખ્યાન અને પચ્ચખાણ કહે છે. એને પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા પચ્ચખાણ કહે છે. બાકી બધાને અપચ્ચખાણ અને અધર્મ કહે છે. નેમચંદભાઈ! ભારે વાત!

'**તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને...**' તેથી ધર્મી જીવ, ધર્મી એટલે કે પોતાના પવિત્ર આત્માના સ્વરૂપનો અનુભવી જીવ '**સમસ્ત કર્મોનું...**' પુણ્ય-પાપના રાગનો ત્યાગ કરી, '**પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.**' લ્યો! એનું નામ ભગવાન પચ્ચખાણ કહે છે ભાઈ! એને ચારિત્ર કહે છે. એ પચ્ચખાણ ભાવને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર અને આવતા કાળના પચ્ચખાણ. એ ત્રણે એકરૂપ આત્માના શુદ્ધ ચૈતન્યની પ્રવૃત્તિરૂપ પરિણામને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? શુભાશુભ ભાવની પ્રવૃત્તિ એ તો અચારિત્ર છે. સમજાણું કાંઈ?

'**અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :- વ્યવહારચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ,...**' પ્રતિજ્ઞા કરી હોય એમાં કોઈ અશુભભાવ થયા હોય તો એનું પ્રતિક્રમણ (કરે), અશુભભાવ છોડીને શુભભાવ થાય. '**આલોચના તથા પ્રત્યાખ્યાન...**' શુભભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય ત્યાં. '**અહીં નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી...**' ભગવાન આત્માનું ચારિત્ર, અંતર ચારિત્ર. માણસ નથી કહેતા? કે આનું ચારિત્ર આવું છે, આનું વર્તન આવું છે. એમ આત્માનું ચારિત્ર. આત્મા એટલે આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. એનું ચારિત્ર એટલે સ્વરૂપમાં ઠરીને આનંદનો અનુભવ-વેદન કરવું, અતીન્દ્રિય આનંદનું વેદન કરવું એ ચૈતન્યનું પ્રવર્તન છે.

એ '**નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત...**' દેખો! જેટલો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગની રમણતા કરે, એનાથી જેટલો વિરૂદ્ધ ભાવ છે '**સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે.**' શુભ અને અશુભભાવ દોષસ્વરૂપ છે એમ કહે છે. આહાહા..! એ પુણ્ય અને પાપના બેય ભાવ દોષસ્વરૂપ છે. આરે..આરે..! રાડ નાખે છે ને. છે એમાં છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પાઠમાં જોવું જોઈએ કે નહિ? ત્યાં ઓલામાં જોવો છો. દુકાને જાવ છો ને સંભાળ કરવા થોડી? ..ભાઈ કરે છે કામ પણ સંભાળ કરવા જાય બે કલાક ત્યાં. કેમ ચાલે છે કેમ નહિ. એમ અહીં સંભાળ, અહીં શું કરે છે એમ જોવું જોઈએ ને? કહો, સમજાણું આમાં?

'**સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે.**' સર્વ. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ ઉઠે એ પણ દોષરૂપ છે, પુણ્યરૂપ છે, વિકારરૂપ છે, દોષસ્વરૂપ છે. આહાહા..! રાડ નાખે બિચારા, હોં! પોકાર બિચારા કરે છે. ભાઈ! તેં તારા ઘરની કિંમત કરી નથી બાપુ! તને તેથી એમ લાગે છે. ભગવાન બિરાજે છે ને અંદર ચૈતન્ય સ્વરૂપ. અનંત અનંત શાંતરસનું આનંદનું ધામ ભગવાન છે ને ભાઈ! જેના ભેટે તારા કલ્યાણ થાય એવો પ્રભુ તું છો. એ પુણ્ય-પાપના પરિણામના ભેટે ભગવાન! તારું અકલ્યાણ છે. આહાહા..! દોષ છે એ તો. સમજાણું કાંઈ?

અરે..! નિરાધાર.. શરણ આત્મા, કોઈ કાંઈ શરણ નથી બહારમાં એને. આહાહા..! એ મરણના, રોગના, પીડાના.. આહાહા..! એમાં પડ્યો આમ. હાય.. હાય..! કુટુંબ બધું ભેગું થયું પચાસ પોણોસો. પછી લાખ, બે લાખ, પાંચ લાખની મુડી હોય અંદર દેખાય અને હજીરા. હાય.. હાય.. બાપુ! ત્યાં શરણ કોણ છે ભાઈ? એ કોઈ દેહ શરણ નથી, આ અંદર વિકલ્પ ઉઠે અંહહહ.. ભગવાન.. ભગવાન કરો બાપુ! એ ભગવાન ભગવાન કરે એ રાગ છે. લે, એ શરણ નથી. હાય.. હાય..! તારા ભગવાનને સંભાળ. એય.. કપુરભાઈ! ભારે વાત ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હાર્ટ ફેઈલ થતું હશે તો એમ થતું હશે ને? બાલુભાઈને એમ થઈ ગયું હતું કે નહિ? તમે ત્યાં હતા કે નહિ? બાલુભાઈને થયું ત્યારે. કો'ક એમ કહેતું હતું. અહીં તો લ્યોને એક સેકન્ડમાં પ્રેમચંદભાઈ. એક સેકન્ડમાં. આહાહા..! આમ સૂવે તો ફૂ.. ગયો આત્મા. જાવ. દેહ માટીનો પિંડલો આમ ને આમ ઊભો રહ્યો ભગવાનને છોડીને. આત્મા વયો ગયો અંદરથી. આવો .. એણે કોઈ દિ' આત્મા શું છે એની ખબર લીધી નહિ.

ખબરા વિના દેહને છોડ્યો નથી, દેહ છૂટી ગયો છે. દેહ છોડ્યો ક્યારે કહેવાય? એમ કહે છે. ઈ કહે છે અહીં. દેહ અને રાગ છોડ્યો ક્યારે કહેવાય? કે ભગવાન ચિદાનંદ સ્વરૂપની અંતર અનુભવની પ્રવૃત્તિની પરિણતિ શુદ્ધઉપયોગ કરે ત્યારે તેણે પરનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે. દુનિયા માને ન માને એની સાથે સંબંધ નથી. વસ્તુ તો આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એમાં કાંઈ પરમાર્થના પંથ બે-ત્રણ-ચાર ન હોય. પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ આ ધર્મ-કેવળી પણ્ણંતો ધમ્મો શરણં-આ શરણ છે. કહો, સમજાણું કાંઈ?

જેટલા '**શુદ્ધોપયોગથી વિપરીત...**' ભગવાન આત્માના શુદ્ધ સ્વરૂપ એ તો પવિત્ર (છે). એ શુદ્ધ સ્વરૂપ છે ક્યાં? કેમ દેખાતું નથી માણસ એમ કહે છે. પણ તું રાગના, પુણ્ય-પાપમાં રોકાઈ ગયેલો એ રાગ વિનાની ચીજને જોયા વિના દેખાય શી રીતે? સમજાણું? રાગ ને પુણ્યના પરિણામના પ્રેમમાં રોકાણો, ભગવાન પડ્યો રહ્યો આખો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એ. એ રાગના પુણ્યના પ્રેમ છોડ અને સ્વરૂપનો પ્રેમ કર ત્યારે તને ખબર પડે આ વસ્તુ ઓહોહો..! આ તો શુદ્ધ ચૈતન્યદળ શુદ્ધ છે, પવિત્ર છે. ત્યારે તેની પરિણતિ નામ પર્યાયમાં શુદ્ધનું પરિણમન થાય. એને ભગવાન પચ્ચખાણ અને ધર્મ કહે છે. પણ પાધરે કાંઈ ઠેકડો મરાતો હશે? વળી એમ કેટલાક કહે. એય..! નેમિચંદભાઈ! અરે.. ભગવાન! શું કહે છો તું? ઠેકડો એટલે આ. એ વિકારી પરિણામની રુચિ છોડી, ભગવાન નિર્વિકાર તેનો અનુભવ કરવો અને અસ્થિરતા છોડીને સ્વરૂપમાં સ્થિરતા કરવી એ એનો માર્ગ છે. ઠેકડો કહે કે હળવો કહે, છે તે આ છે. સમજાણું કાંઈ?

કહે છે, નિશ્ચય ચારિત્રનું સ્વરૂપ એવું છે કે '**શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે. તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું-**' દેખો! કર્મચેતના. કર્મચેતના એટલે? પુણ્ય-પાપના ભાવને કર્મચેતના કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભ કર્મચેતના. હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ અશુભ કર્મચેતના. એ બધી કર્મચેતનાસ્વરૂપ વિકારસ્વરૂપ છે. એ '**કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું-ત્રણે કાળનાં કર્મોનું-પ્રતિક્રમણ,...**' એ કર્મચેતના અહીં. કર્મફળચેતના પછી લેશે. અહીં તો પ્રતિક્રમણ, આલોચના એ કર્મચેતનાની વ્યાખ્યા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. કર્મફળચેતનાની પછી લેશે. સમજાણું કાંઈ?

'**કર્મચેતનારૂપ પરિણામોનું-**' એટલે શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ બધા કર્મચેતનારૂપ પરિણામ છે. એને '**ત્રણે કાળનાં કર્મોનું-પ્રતિક્રમણ,...**' ત્રણે કાળના કર્મોનું એવા પુણ્ય-પાપના ત્રણે કાળના કર્મો-કામ, એનું પ્રતિક્રમણ. ગયા કાળના પરિણામનો ત્યાગ, વર્તમાનનો આલોચના-સંવર, ભવિષ્યના પ્રત્યાખ્યાન. તે '**કરીને જ્ઞાની સર્વ કર્મચેતનાથી જુદા...**' સર્વ કર્મચેતનાથી જુદા. માથે લીધું હતું ને શુદ્ધોપયોગ? એ ત્યાં નાખ્યો એને. શુભભાવ એ કર્મ વિકાર છે. એનાથી ભૂતકાળનું પ્રતિક્રમણ કર્યું કે એ પુણ્ય-પાપના ભાવ મારા કર્યા હતા એ નહિ. વર્તમાન નહિ. ભવિષ્યમાં નહિ. હું તો એક શુદ્ધ ચૈતન્ય આનંદકંદ આત્મા છું, એમ અવલંબીને '**સર્વ કર્મચેતનાથી જુદા પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં....**' પોતાના શુદ્ધઉપયોગ. એ જ્ઞાનનો વેપાર, દર્શનનો વેપાર, આનંદનો વેપાર. અંદર. જે ઓલો પુણ્ય-પાપનો વેપાર હતો એનાથી છૂટીને ભગવાન આત્માના શુદ્ધ ચૈતન્યનો વેપાર. '**શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે...**' ભાષા કેવી! ચોપડામાં આવે નહિ. ગ્રીક-લેટિન જેવું લાગે. કોઈ દિ' સાંભળ્યું નથી, રસ્તો લીધો નથી. આવું આવતું હશે ક્યાંય? પોપટભાઈ! ચોપડામાં આવતું હશે કે નહિ? ગોવામાં આવતું હશે કે નહિ? ગોવામાં આવે, ગપ આવે ત્યાં. આહાહા..! અરે..! ભગવાન! હા પણ પૈસા પેદા થાય ત્યારે એવો ફૂલી જાય ને અંદરથી. જાણે અમે થયા મોટા શેઠિયા. જૂઠાના. જૂઠાના શેઠ એટલે જૂઠામાં શ્રેષ્ઠ. શેઠ એટલે શ્રેષ્ઠ.

અહીં તો ભગવાન કહે છે કે પુણ્ય-પાપના પરિણામનો શેઠ થા ત્યાં સુધી જૂઠો મિથ્યાદૃષ્ટિ છો. કહો, સમજાણું કાંઈ? જૂઠો. જૂઠી દૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. મિથ્યાદૃષ્ટિ કહો કે પુણ્ય-પાપના સ્વામીપણે હું છું એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ (છે). ત્યાં સુધી જૂઠો છે. એ જૂઠો ધૂણે છે. પાળિયાદમાં હતો ને એક. પાળિયાદમાં એક હતો વિશાશ્રીમાળી. એના સુરધન હતા. જૂઠો-જૂઠો. કોઈ બાપ-દાદાના થઈ ગયેલા જૂઠા. ઘણા વર્ષ પહેલા. પછી ઓલો ધૂણે. પછી અહીં સામાયિક, પોષા, પડિક્કમણા કરે. એલા પણ તમે આ ભુવા થઈને આ શું કરો તમે? તમે સામાયિક, પોષા, પડિક્કમણા અને વળી એક કોર ભુવો? કહે, મહારાજ! હું ધુણતા વખતે હું જુઠો છું એમ કહું છું. પણ તું જૂઠો તો ઓલો સુરધન છે તો તું ધુણતા કહે જૂઠો છું એનો અર્થ કે ઓલો જુઠો છે એમ આવે છે. જૂઠો હોય ને ઘણા પેઢીનો. એના દાદાનું નામ હતું. સુરધનનું. સુરધન સમજ્યાને સુરધન? સુરધન ન હોય તમારે? સુરધન પથરો રાખે ....

મુમુક્ષુ :- અવગતિએ ગયા હોય ને પાછા..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- હા એ. પછી ઓલો ધુણે. કોણ છો? જૂઠો. એ કહે કે ખોટો છું હું, એમ કહે. ત્યારે ઓલો શું સમજે? કે ઓલો જૂઠો છે ને આપણો સુરધન એ આવ્યો લાગે છે. પણ તમે આવા માયાકપટ કરો છો, કીધું. એ ભુધરભાઈ હતા ભુધરભાઈ. વિશાશ્રીમાળી પાળિયાદના હતા. પણ તમે આ શું કરો છો? હું તો બોલું છું મહારાજ કે હું જૂઠો છું. એ સમજે કે ઓલો જૂઠો દાદો આવ્યો એમ કહે. મારે શું કરવું? એય..! મલૂકચંદભાઈ! વિશાશ્રીમાળી હતા ને? પછી તો અહીં રહેતા બોટાદમાં. .. આહાહા..!

કહે છે, ભગવાન! તું પુણ્ય-પાપના ભાવને મારા માનીને પરિણમે છો એ જૂઠો ધુણે છો. સમજાણું કાંઈ? તારા બાપ-દાદા જૂઠા કહે છે. જૂઠા પુણ્ય-પાપનો ભાવ તારો જૂઠો. આહાહા..! એ ભગવાન આત્મા તો પુણ્ય-પાપના વિકલ્પના રાગરહિત, એની કર્મચેતના રહિત જે આત્માના શુદ્ધોપયોગની પ્રવૃત્તિ એવાં **'આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે...'** **'પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે...'** એમ. સમજાય છે? **'અને તેમાં સ્થિર થવાના વિધાન વડે...'** બે વાત લીધી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ દળ એની અંદર અનુભવની પ્રતીત અને એનું જ્ઞાન અને એમાં રમણતા, સ્વરૂપમાં રમણતા, સ્વરૂપમાં લીનતા-ચારિત્ર. એવા **'વિધાન વડે નિષ્પ્રમાદ દશાને...'** **'નિષ્પ્રમાદદશાને પ્રાપ્ત થઈ,...'** નિષ્પ્રમાદ દશા થાય તેને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન આ દશાને ચારિત્ર કહે છે. નિષ્પ્રમાદ દશાને ચારિત્ર કહે છે. અને પછી **'શ્રેણી ચડી,...'** એવી સ્થિરતા કરીને જ્યાં ધારા ઉગ્ર શુદ્ધ થાય, **'કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે.'** ત્યારે આત્મા સર્વજ્ઞ પરમેશ્વર થવાને, અરિહંત થવાને સન્મુખ થાય છે. નમો અરિહંતાણં એ ત્યારે થાય છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યફલા અરહંતા.

ઉત્તર :- લ્યો, કો'ક કહેતું હતું આ મહારાજ .. ઓલા સાધુ આવ્યા હતા. પણ ભગવાન તો મહાવિદેહમાં છે. તમે કહો છો ભગવાન (છે). ક્યાં? પણ એ દેખાતા નથી. મેં કીધું, પણ આ સામાયિકમાં આ પ્રતિજ્ઞા કરો છો. હે ભગવાન! સમજ્યાને? આમ કરો છો કે નહિ? સામાયિકમાં આજ્ઞા લ્યો છો કે નહિ સીમંધર ભગવાનની? કે સીમંધર ભગવાન ક્યાંક છે કે આમ ને આમ આ દિશા છે? આ ઉત્તર દિશામાં આપણે પ્રતિજ્ઞા લઈએ છીએ. પણ ઉત્તર દિશામાં કાંઈ દિશાની છે કે ભગવાન છે કોઈ અંદર? સમજાણું કાંઈ? સામાયિક કરે ને જ્યારે પ્રતિજ્ઞા કરે. હે સીમંધર ભગવાન. ... ગડિયા બધા હોં! કાંઈ ભાન ન મળે. સીમંધર ભગવાન આમાં દેખાતા નથી. પણ તમે પ્રતિજ્ઞા કરો છો ત્યારે.. આહાહા..! ખબર ન મળે કાંઈ. કો'ક ઉગમણી છે. હે ભગવાન! પણ ત્યાં ભગવાન છે કે નહિ ક્યાંય? કે આ દિશા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? દિશાને પગે લાગે છે? એ દિશામાં પરમેશ્વર બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર તીર્થંકર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમેશ્વર બિરાજે છે. સમજાય છે કાંઈ? જાધવજીભાઈ! લેતા કે નહિ એમાં? સામાયિકમાં લે છે ને? આજ્ઞા નથી લેતા? એ તો ભગવાન છે. ત્યાં ક્યાં આજ્ઞા આપે છે એ? દરેકમાં લે. ખબર ન મળે કે ભગવાન ક્યાં છે. ત્યાં છે પણ .. આ દિશાને પગે લાગો છો એમ ને એમ દિશા લાંબી ચાલી જાય એને?

ત્યાં મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર બિરાજે છે અત્યારે. કેવળજ્ઞાની પરમેશ્વર અરિહંતપદે. નમો અરિહંતાણં. ચોવીસ તીર્થંકરો તો સિદ્ધમાં મોક્ષ પધાર્યા છે. એ હવે અરિહંત છે નહિ. આ તો અરિહંતપદે બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. ભગવાન બિરાજે છે હજી. અબજો વર્ષથી બિરાજે છે અને અબજો વર્ષ હજી રહેશે. કરોડ પૂર્વનું તો જેનું આયુષ્ય છે. હવે એ અરિહંતપદ કેમ પ્રાપ્ત થાય છે? આમ પ્રાપ્ત થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મામાં '**શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના વિધાન વડે નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ,...**' પછી સ્વરૂપમાં સ્થિરતા વિશેષ ઉગ્ર થઈ '**કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે. આ, જ્ઞાનીનું કાર્ય છે.**' લ્યો! ધર્મીનું આ કાર્ય છે. દેહની ક્રિયા એ આત્માનું કાર્ય નથી ધર્મીનું. દયા, દાનના પરિણામ એ આત્માનું કાર્ય નથી, એ વિકાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું! '**આ રીતે પ્રત્યખ્યાનકલ્પ સમાપ્ત થયો.**' લ્યો! પચ્ચખાણની વ્યાખ્યા પૂરી થઈ. પ્રતિક્રમણની પહેલી કરી હતી, પછી આલોચનાની કરી હતી, પછી પચ્ચખાણની. ત્રણેનો ત્રિકાળનો ત્યાગ થઈ રાગનો સ્વરૂપમાં ઠરવું, આનંદમાં રમવું એને ભગવાન ચારિત્ર કહે છે.

'**હવે સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવવા વિષેનું કથન પૂર્ણ કરતાં, કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો! ૨૨૯.

**समस्तमित्येवमपास्य कर्म**
**त्रैकालिकं शुद्धनयावलम्बी।**
**विलीनमोहो रहितं विकारै-**
**श्चिन्मात्रमात्मानमथावलम्बे।।२२९।।**

'**શ્લોકાર્થ :- (શુદ્ધનયના આલંબન કરનાર કહે છે કે-)**' આના અર્થનું ભાઈ, એ જ કર્યું છે. સવારમાં આવ્યું હતું ને? શુદ્ધનય આસ્રવમાં. એ જ અર્થ આમાં કર્યો છે ટીકામાં. શુદ્ધનય એટલે, શુદ્ધનય છે ને આ? એટલે શું? કે આત્મા પુણ્ય-પાપના રાગ વિનાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ છે, એ સર્વ કલંક પુણ્ય-પાપના કર્મ આદિ કલંકથી રહિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા છે. એને શુદ્ધ કહીએ. એને નય એટલે તેની પ્રાપ્તિ. તેના તરફ સન્મુખ થઈને નય નામ વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિ. એ વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિને શુદ્ધનય કહે છે. સમજાણું કાંઈ? તેથી લીધું હતું ને ઓલા કળશમાં? શુદ્ધનય એટલે આત્મા. શુદ્ધનય એટલે આત્મા એમ લીધું. મેં કીધું, આ અર્થ કાઢ્યો સારો આણે બે ઠેકાણે.

વ્યવહારનય એટલે? કે પુણ્ય-પાપના વિકલ્પને જાણનારા નયને-જ્ઞાનના અંશને-વ્યવહાર કહે છે. અને શુદ્ધનય એટલે? ત્રિકાળી સ્વરૂપ જે શુદ્ધ આનંદકંદ આત્મા છે ધ્રુવ ચિદાનંદ મૂર્તિ, એની શુદ્ધ, એને નય એટલે તેની પ્રાપ્તિ. તેની વર્તમાન શ્રદ્ધા-જ્ઞાનમાં તે સ્વરૂપની પ્રાપ્તિ એટલે કે આત્માની પ્રાપ્તિ, એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાષા કઈ જાતની! ગ્રીક-લેટિન જેવી લાગે. શુદ્ધનય. વળી શુદ્ધનો આ અર્થ, વળી નય એટલે પ્રાપ્તિ. સમજાણું કાંઈ? ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ (છે), એ વસ્તુ છે. શબ્દો એવા છે અને એનું વાચ્ય પણ એવું છે.

ભગવાન આત્મા શુદ્ધનયનું આલંબન કરનાર એટલે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરનાર. સમજાણું કાંઈ? પુણ્ય-પાપની પ્રાપ્તિ એ તો વ્યવહારનયની પ્રાપ્તિ વિકારની પ્રાપ્તિ છે. ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય વસ્તુ આનંદ છે એવો શુદ્ધ છે તેને નય નામ પ્રાપ્તિ. અંતર દૃષ્ટિ દ્વારા બહિર દૃષ્ટિને છોડી અંતર દૃષ્ટિ દ્વારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ, આત્માની પ્રાપ્તિ તેને અહીં શુદ્ધનય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

‘**પૂર્વોક્ત રીતે...**’ પૂર્વે કહ્યા ત્રણ પ્રકાર. કીધા હતા ને? ‘**ત્રણે કાળના સમસ્ત કર્મોને દૂર કરીને-...**’ ગયા કાળના પુણ્ય-પાપ એ હું નહિ, વર્તમાનના પણ નહિ, ભવિષ્યના પણ નહિ. ‘**શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર)...**’ એટલે શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનાર. કહો, સમજાણું કાંઈ? શુદ્ધનયને અવલંબનાર એટલે પૂર્ણ સ્વરૂપ ધ્રુવ તેને અવલંબનાર અથવા શુદ્ધ સ્વરૂપ તેને પ્રાપ્ત કરનાર ‘**વિલીનમોહ (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)...**’ જુઓ! ભાષા બધે મોહ જ લીધો છે પહેલો. મિથ્યાત્વ જેનો નાશ થયો છે. મિથ્યાત્વ એટલે એ પુણ્ય અને પાપના વિકારને પોતાના માનીને એ હું છું એમ માનીને અનુભવ કરવો એનું નામ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આ તો બહારના કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને એ મિથ્યાત્વ. સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને માને એ સમકિત. સાંભળને! એ બધી વાત તો બહારની છે. આ અંદરની વાતમાં... કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને એ તો તીવ્ર મિથ્યાત્વ છે જ. ભગવાને કહેલા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને તોપણ એ શુભરાગ છે. પરદ્રવ્ય તરફનું વલણ છે ને એટલું?

આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ. સમજાય છે? એની અંતર દૃષ્ટિ કરીને મિથ્યાત્વનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નાશ કરવો એને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. બધાને મોહ જ લીધો છે. સમ્યગ્દર્શન.. જુઓ ઓલામાં લીધુંને હું નિષ્કર્મ. મોહ નષ્ટ થયો એવો હું. મોહ નષ્ટ થયો એવો હું. અહીં પણ વિલિનમોહ થયો એવો હું. બધામાં એ લીધું છે. મૂળ તો વાત એ લેવી છે ને. સમજાણું કાંઈ?

ધર્મી એમ અનુભવે છે કે હું તો ત્રિકાળી શુદ્ધ આનંદસ્વરૂપ છું તેને પ્રાપ્ત થયેલો, એવો હું. મારું મિથ્યાત્વ નષ્ટ થયું છે.

મુમુક્ષુ :- ખબર પડી ગઈ?

ઉત્તર :- ખબર પડી ગઈ. ઓલા કહે, ખબર પડે નહિ સમકિતની. આ આંધળો છે આત્મા? એ ખબર પડે નહિ ભાઈ! મિથ્યાત્વની ખબર પડે? એ ખબર પડે નહિ. આ ચારિત્રની ખબર પડે. વ્રત ક્રિયા કરે એ ચારિત્ર. ધૂળમાંય ચારિત્ર નથી.

**'એવો હું (સર્વ) વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબું છું.'** હું ભગવાન પરમાત્મસ્વરૂપ હું શુદ્ધ ચૈતન્ય છું, ભગવાન કેવળીએ જોયેલો એવો. એને હું અંતરમાં આશ્રય કરીને ઠરું છું. એનું નામ ભગવાન પચ્ચખાણ અને ચારિત્ર કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૧૨, ગુરુવાર તા. ૨૯-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૩૦, પ્રવચન-૪૪૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૨૯ કળશ થઈ ગયા. ૨૩૦. હવે શુભાશુભ ભાવનું પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના એટલે સ્વરૂપની દૃષ્ટિ કરવી અને સ્થિર થવું એનું નામ કર્તાપણાનો ત્યાગ છે અને આત્માના આનંદના પરિણમનનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ? હવે ભોક્તાપણું અથવા કર્મફળચેતના. બધી એક જ વાત છે. જે આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એવી દૃષ્ટિ ધર્મીને થઈ છે અને એમાં લીન થવામાં વિશેષ પ્રયત્ન કરે છે. એટલે પૂર્વે અજ્ઞાનભાવે બંધાયેલા જે કર્મો હતા.. સમજાણું કાંઈ? જેને આત્માની શાંતિ પ્રગટ કરવી હોય અને અશાંતિ એટલે દુઃખ ટાળવું હોય એણે શું કરવું એ ચાલે છે. ૨૩૦ છે. છે ને? ૨૩૦ કળશ છે. સમજાણું કાંઈ? કહે છે... ૨૩૦. સમજાણું કાંઈ? બસ થઈ ગયું, નીકળી ગયું હવે. મલૂકચંદભાઈ! તમારે વાર લાગે. પેલા ચોપડા જોવા હોય તો વાર ન લાગે, આમાં વાર લાગે. સમજાણું કાંઈ? આ તો ૨૩૦ કળશ કીધો એને વાર લાગે કાઢતા. એય..! નેમિચંદભાઈ!

કહે છે... ૨૩૦ છે એનો અહીં ઉપોદ્ઘાત કરીએ છીએ હજી તો. આ આત્મા છે ને? સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે આત્મા તો શુદ્ધ ચૈતન્ય અને આનંદ દીઠો છે. શુદ્ધ ચૈતન્ય અને આનંદ. આત્મા છે એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ એટલે શાશ્વત રહેનાર અને ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. એ ભગવાન આત્માનું તો ચિદ્ઘન-જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ છે. એને ભૂલી અને જે આ પુણ્ય-પાપના ભાવ થાય છે એ મારું કર્તવ્ય છે અને એ મારું સ્વરૂપ છે એમ જે માને છે એ મિથ્યા અજ્ઞાનદશામાં દુઃખ થવાની દૃષ્ટિ છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

જેને સુખી થવું હોય એટલે ધર્મી થવું કહો કે સુખી થવું હોં પાછું! ધર્મ કરે અને સુખી ન થાય એમ નહિ. સુખી એટલે કાંઈ આ બહારના ધૂળ મળે પૈસા એ કાંઈ સુખ-બુખ નથી. સુખી એટલે આત્મા અંદર આનંદનો કંદ છે. સુખના સ્વભાવથી ભરેલો, આત્મામાં સુખવૈભવ ભરેલો છે. સમજાય છે? આ દુનિયામાં બહાર વૈભવના ઢગલા ધૂળના કહે છે ને? ભાઈ, આ બે-પાંચ કરોડ મળ્યા ને આ બધા વૈભવ મળ્યા. મળ્યા એટલે મર્યા અને રળ્યા એટલે રોયા. રડ્યા, રળ્યા કહે છે ને? આ રળ્યા પાંચ-પચાસ લાખ. રળ્યા છે. ધૂળમાંય નથી એમાં આત્માને.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- તો થઈ રહ્યું. એ માટે તો કહે છે. ઓળખાણ કર એમ કહે છે. એ માટે કહે છે કે પહેલી ઓળખાણ તો કર કે સુખ ક્યાં છે? અને મારે શું જોવે છે? તો સુખ તો આત્મામાં છે. કાંઈ બાહ્ય સામગ્રીમાં સુખ નથી. બહારમાં ધૂળમાં સુખ, આત્માનું સુખ બહારમાં હોય? તો કહે છે કે આત્મામાં આનંદ નામનો વૈભવ છે. એ વૈભવની પ્રાપ્તિ જેને કરવી હોય એણે પહેલા આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એવી અંતર દૃષ્ટિ કરવી પડશે. અને પુણ્ય-પાપના ભાવ એ હું નહિ, શરીર નહિ અને બહારના ધૂળના ફળ તો હું નહિ. સમજાય છે કાંઈ? એટલે જ્ઞાનાનંદ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જે જોયો અને જે પ્રગટ કર્યો એવો ભગવાન આત્મા અંતર આનંદના વૈભવથી ભરેલો પદાર્થ છે. એને આનંદની રુચિ કરી અને પુણ્ય-પાપમાં દુઃખરૂપ છે એની રુચિ છોડી અને સ્વભાવનો આશ્રય લેવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. એ સમ્યગ્દૃષ્ટિ જીવ વર્તમાનમાં પુણ્ય-પાપના પરિણામનું કર્તવ્ય મારું છે એમ સ્વીકારતો નથી. સમજાય છે કાંઈ? મગનભાઈ! વાત એવી છે બાપુ! એના ઘરની વાત એવી છે કે એણે ઘર કોઈ દિ' જોયા નથી. ઘરમાં જોવાની દરકાર પણ કરતો નથી. આંખ્યું ઉઘાડતો નથી. પરઘરમાં ફરે અને માને કે અમે સુખી છીએ. દુઃખના ઢગલામાં સળગી રહ્યો છે. દુઃખના દાવાનળે સળગી રહ્યો છે.

અહીં પરમેશ્વર એમ કહે છે પરમાત્મા, કે ભાઈ! તું આત્મા છો ને. એ આત્મા છે એના અંતરમાં તો આનંદ આદિ અનેક શક્તિઓનો વૈભવ આત્મામાં પડ્યો છે. એ શક્તિની તું પ્રતીત કર-શ્રદ્ધા કર-વિશ્વાસ કર-કે આનંદ અહીં છે. બહાર નથી. પૈસામાં નથી અને પુણ્ય-પાપના ભાવ થાય દયા, દાન, કામ, ક્રોધના એ પણ આસ્રવ છે. એમાં પણ સુખ નથી. કહો, સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ કરે એટલે એને પછી પુણ્ય-પાપના પરિણામમાં સુખબુદ્ધિ ન રહે. એટલે આ મારું કર્તવ્ય નથી એમ જાણીને એને છોડી દે છે. અને પછી પૂર્વના અજ્ઞાનભાવે કે કોઈ જ્ઞાનભાવે બાકી કાંઈ અસ્થિરતાથી બંધાણા હોય. જ્ઞાનભાવે કેમ કીધું? કે ઓલા તીર્થંકરગોત્ર આદિ બંધાયેલા પડ્યા છે ને. સમજાય છે કાંઈ? અસ્થિરતાને કારણે પડ્યા હોય અજ્ઞાનભાવે. પણ પૂર્વના ભાવથી બંધાયેલી એટલી વ્યાખ્યા. જે કાંઈ કર્મ પડ્યા હોય એના ફળ કાળે એ ફળ મારું નથી. મારું ફળ તો આનંદ, હું તો શુદ્ધ ચૈતન્ય આનંદ છું. આનંદના અનુભવના ફળમાં, કર્મના ફળને છોડી દે. એ ઝેરના ફળ છે. આહાહા..!

ભગવાન આત્મા આનંદનું કલ્પવૃક્ષ છે. અને કર્મ છે એ ઝેરનું ઝાડ છે. અહીં તો ઓલા કર્મ સારા હોય અને જ્યાં પૈસા મળે તો કહે આહાહા..! ઝેરના ફળ છે, સાંભળને! ઈ કહે છે જુઓ ૨૩૦. કળશ છે ને ૨૩૦. ઉપર શ્લોક છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।**
**सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।।२३०।।**

ભગવાન સંત મુનિઓ દિગંબર આચાર્ય ભગવાન આત્માના અનુભવની સ્થિરતાની વાત કરી રહ્યા છે. ભાઈ! ધર્મી જીવ છે એ... જુઓ!

'**શ્લોકાર્થ :- (સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર કહે છે કે-)**' એટલે? મારો સ્વભાવ તો આનંદ સ્વરૂપ છે એટલે એ આનંદના ફળને વેદનારો એવી ભાવના નામ સ્વરૂપમાં એકાગ્રતા કરે છે કે પૂર્વે બંધાયેલા કર્મના ફળને હું છોડી દઉં છું. મારે એ ફળ ભોગવવું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભોગવી શકે જ નહિ. જડને તો ભોગવી શકતો નથી. પૈસા, દાળ, ભાત, બાયડીનું શરીર, પૈસા, હજીરા. હજીરો એટલે આ મકાન. એને તો કાંઈ ભોગવી શકે? આત્મા તો અરૂપી છે. આત્મામાં કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. એ કાંઈ પરના ભોગવે નહિ. ત્યારે ભોગવે શું? તેનું લક્ષ કરીને હરખ ને શોક ને ભાવ કરે તેને ભોગવે. એ તો દુઃખરૂપ છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો ધર્મીની દૃષ્ટિની વાત છે ને. અજ્ઞાની તો હરખ-શોકને વેદીને અમે મજા કરીએ છીએ. ખુશી થાય, રાજી થાય. શરીર અનુકૂળ હોય, કાંઈક પૈસા હોય તો મહા બાદશાહી છે હમણાં. ઝેર છે. તારા ભાવમાં રાગનું ઝેર ચડ્યું છે તને.

મુમુક્ષુ :- હમણાં તો અમારો દિવસ છે.

ઉત્તર :- અમારો દિવસ છે હમણાં એમ કહે વળી. ધૂળમાંય દિવસ નથી તારા. તારા દિવસ તો કોને કહીએ? કે આનંદ સ્વરૂપનો સ્વકાળ આવીને આનંદ પ્રાપ્ત થાય એને સ્વદિવસ કહીએ. કહો, ભીખાભાઈ! કહો, સારા છોકરા પાકે તો ખુશી થાય અને પૈસા પાકે તો ખુશી થાય એ અજ્ઞાની છે એમ કહે છે. આહાહા..!

ભાઈ! તું કોણ છો? ક્યાં છો? કેટલા વૈભવથી ભરેલો તું છો? ભગવાન! તેં તને જોયો છે, જાણ્યો છે, માન્યો છે? એમ કહે છે. કે આ પરનું જ માન્યું? આ શરીર, વાણી, ધૂળ અને આ પુણ્ય-પાપના ભાવ થાય એ હું. એ તો વિકાર છે. અને આ બધું તો પર છે. શરીર, પૈસા, બાયડી, છોકરા, ધૂળ એ તો પર છે. હવે તું કોણ છો? તારામાં શું છે? એ તેં કોઈ દિ' માન્યું છે? જોયું છે? ભગવાન કહે છે કે તું છો આનંદમૂર્તિ. આહાહા..! તારા મધ્યબિંદુમાં એટલે તારા ધ્રુવધામમાં આનંદ છે ભાઈ! શાંતિ છે ત્યાં, સ્વચ્છતા છે ત્યાં, પ્રભુતા છે ત્યાં. તારું જીવનથી ભરેલું તત્ત્વ આનંદથી જીવંતનું ભરેલું તત્ત્વ એ તું છો. સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ કરી અને બહિર્દૃષ્ટિએ કરેલા કર્મના ફળને જ્ઞાની છોડી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દે છે એમ કહે છે. શું કીધું જુઓ!

'**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...**' આ તો બહુ અધ્યાત્મ શબ્દ છે ને એટલે ટૂંકામાં ઘણું છે આ. ઓહો..! હું તો આત્મા છું અને મારામાં તો શાંતિ (ભરી છે). ભગવાન પરમાત્મા કેવળીએ જે શાંતિ પ્રગટ કરી એ શાંતિ મારામાં છે. હું વાત કરું, ભગવાને અનંત શાંતિ પ્રગટ કરી, અનંત આનંદ પ્રગટ કર્યો એ ક્યાંથી એણે પ્રગટ કર્યો? કાંઈ બહારથી આવે એવો છે? અંતરમાં છે એમાંથી પ્રગટ થાય છે. એવો જ હું છું. એમ વિશ્વાસ કર, પ્રભુ! તું વિશ્વાસ કર. વિશ્વાસ કર્યો એટલે કહે છે અરે..! હું તો આનંદના ધામરૂપ આત્મા છું. 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ.' સર્વજ્ઞ ભગવાન પરમાત્મા એમ કહે છે પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ. 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંતગુણ કેવળી બોલે એમ.' ભગવાન એમ કહે છે ભાઈ! અને તું વિશ્વાસ કર. જ્યાં હું કહેવાઉં ત્યાં અનંત ગુણ છે. જ્યાં અનંત ગુણ છે ત્યાં હુંપણું છે. સમજાણું કાંઈ? જ્યાં પુણ્ય-પાપ છે ત્યાં હુંપણું નથી અને જ્યાં પુણ્ય-પાપના કારણે બંધાયેલા કર્મ છે તેમાં હુંપણું નથી અને એના ફળમાં પણ હુંપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીજીવને '**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...**' સંભળાય છે કાંઈ? થોડુંઘણું. આહાહા..! એક કોર જુઓ! ભગવાન આત્મા છે ને એ તો આનંદ અને શાંતિનું કલ્પવૃક્ષ છે. કહો, શાંતિભાઈ! બેય શાંતિભાઈ જોડે બેઠા છે. એક દિલ્હીના અને એક અંકલેશ્વરના. સમજાણું કાંઈ? આ આત્મા... આ તો દેહ માટી રજકણ ધૂળ છે, અજીવ છે. કર્મ છે અંદર આઠ કર્મ જેને એ પણ અજીવ જડ ધૂળ છે. પુણ્ય-પાપના ભાવ થાય એને ભગવાન આસ્રવ એટલે વિકારી ભાવ કહે છે. એ સિવાય તું કાંઈ છો કે નહિ? જેને આત્મા કહીએ, જેને હુંપણું કહીને કાયમ ટકી રહે એવું કોઈ તત્ત્વ છે કે નહિ? હુંપણું માનીને કાયમ ટકી રહે એવો કોઈ તું છો કે નહિ?

ભગવાન આત્મા જેમાં હુંપણું માનીને કાયમ ટકે એ તો ચિદાનંદ સ્વરૂપ આનંદ અને શાંતિનું ઘર એ આત્મા છે. સમજાણું કાંઈ? એ ધર્મી પોતાના હુંપણાના ભાનમાં જ્યાં-જ્યાં હુંપણું લાગુ પડ્યું છે ત્યાં ત્યાં આનંદ અને શાંતિ છે. એવા હુંપણાના ભાનમાં પૂર્વે કર્મના બાંધેલા રજકણોનું ફળ આવે એમાં હું નથી. મારે ભોગવવા નથી. હું તો મારા ચૈતન્યના આનંદને ભોગવનારો છું. આહાહા..! કપુરભાઈ! ક્યાં ગયા ગુણવંતભાઈ! આ સમજાય છે? આ સમજવા જેવું છે હોં! પૈસા-બૈસામાં ધૂળમાં કાંઈ નથી. આહાહા..! આફ્રિકામાં તો બહુ પૈસા. જ્યાં ત્યાં ધૂળ બહુ દેખાય, માણસ વાતું બહુ કરે. એની પાસે દસ લાખ છે ને વીસ લાખ છે ને પચાસ લાખ છે. ધૂળ લાખ છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ધૂળ ધૂળમાં છે.

ઉત્તર :- સાચી વાત છે. ભગવાનજીભાઈ નથી હમણાં, નહિ? ઘણા વખતથી નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તું તો આત્મા મહિમાવાળો છો ને પ્રભુ! તારી મહિમા પૈસા લઈ જાય? તારી મહિમા પૈસા લઈ જાય? એ પુણ્ય-પાપ તારી મહિમા લઈ જાય? તને લૂંટે? આ તે કાંઈ કેવું? ભગવાન! તારામાં તો એવી મહિમા છે કે જે મહિમાની વાણી વીતરાગની વાણીમાં પૂરું આવી શકતું નથી. એવો તું ચૈતન્ય પ્રભુ છો ને. ભગવાન! એનો તું અંતર વિશ્વાસ કર, અંતર જોઈને જો આ શું છે આ? વિશ્વાસ કરેલો પોતાના સ્વભાવની શાંતિની સંપદાને જાણેલો દૃષ્ટિવાળો કહે છે કે હું તો મારા આનંદના સ્વરૂપમાં ભરેલો એને હું અનુભવું છું. પૂર્વના કર્મના ઝેરના ફળને, હું અમૃતવાળો આત્મા (ભોગવતો નથી). એ કર્મના ફળ તો ઝેર છે. આહાહા..! અમૃતની સંચોડી નાળીયેરી ભગવાન આત્મા અને કર્મ ઝેરના ફળ. મારે ને એને ફળને શું એકતા હોય. આહાહા..! ભારે આકરું. કહો, મલૂકચંદભાઈ! બરાબર હશે? દુઃખ લાગતું હશે? પણ દુઃખ ક્યાં લાગે છે? એમાં લાખ-લાખ રૂપિયાની બે-બે લાખની મોટરું. ભૂં.. ભૂં.. થાય. હમણાં લાવ્યા હતા ને ભગવાનજીભાઈ? ત્યાંથી આફ્રિકાથી છોકરો લાવ્યો હતો સવા લાખની મોટર. મોમ્બાસાથી. ભગવાનજીભાઈ છે ને. એ અહીં છે. હમણાં અહીંથી ગયા. સવા લાખની લાવ્યા હતા. કાંઈ થોથા જેવી લાગતી હતી. મને કહે પગલા કરો. પણ આમાં શું કાંઈ મને લાગતું નથી આમાં સવા લાખ. આવડી હતી બેસવાની ટૂંકી અને આમ ઊંચું હશે કાંઈ સંચો બંચો ઊંચી જાતનો હશે કાંઈક. સવા લાખની. શું આમાં સવા લાખ? ધૂળમાંય નથી કાંઈ. આહાહા..! ભગવાન પોતાના લક્ષે ચડતા જેની કિંમત લાખની શું કોઈ કિંમત જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન પ્રભુ, ઓલા લાભ સવાયા નથી આપણે વાણિયા લખતા? ઓલા વરસ બેસતાએ લખે છે ને? લાભ સવાયા. ઓલા બારણા ઉપર લખે. ચોપડામાં લખે. એ લાભ સવાયા એ નહિ. અહીં લક્ષ કર તો લાભ સવાયા એમ કહે છે. અહીં ભગવાન આત્મા આનંદનો કંદ છે ને પ્રભુ. તારામાં ક્યાં ખામી તારે ખજાને છે કે તારે ગોતવાપણું પરમાં હોય? પરની સામું જોવે ઈ, મને કોઈ મોટો કહે. પણ ક્યાં ત્યાં સુખ છે, સાંભળને! તું મોટો છો અંદરમાં. આહાહા..! પરિપૂર્ણ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ તારું છે. અરિહંત ભગવાને પ્રગટ કર્યું છે અને તારું એવું છે.

એવો આત્મા એમ વિચારે છે કે અરે..! મને '**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...**' ભાષા જુઓ! આ તીર્થંકરગોત્ર બાંધ્યું એને પણ વિષ ઝેરનું કર્મ કહે છે એમ કહે છે આમાં હોં. ૧૪૮

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવશે. એઈ..! આહાહા..! એ આવે પુણ્યની વાતું આવે ત્યારે. એ વખાણ તો આત્માના છે. બહારને શું છે? આમાં ૧૪૮માં આવતું હશે કે નહિ? પંડિતજી! આવે છે લ્યો. આહાહા..!

ભગવાન! આત્માની જેને અંતર દૃષ્ટિની મહિમા આવી છે ને, એને આત્મામાં પૂર્વભાવથી કોઈ બંધાયેલા કર્મ હતા, એને કહે છે કે એ તો ઝેરના, કર્મરૂપી વિષ-ઝેર વૃક્ષના ફળ છે એ. '**મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...**' મારે જોતા નથી. સમજાય છે? જેમ મોઢામાં આવી ગઈ કડવી ચીજ. પછી તો મારા અંતર ઉતર્યા વિના નીકળી જાવ. એમ થાય કે નહિ એને. થુ કરીને કાઢી નાખે. થુ.. આહાહા..! સમજાણું કાંઈ? એમ ધર્માત્મા પોતાની શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને લઈને કર્મના ફળ ઝેર જેવા દેખાતા તેને થુ કરીને છોડી દે છે. એને ગળે ઉતરવા દેતો નથી. કહો, સમજાણું કાંઈ? કડવું ફળ આવી ગયું લ્યોને કોક. અરે..! આ ચુરમું ખાતો હોય (એમાં) કોઈક કાંકરી આવી ગઈ. એમાં આવી જાય ને? સાકરનો ભૂકો હોય એમાં કાંકરી ધોળી, ચીરોડી આવી જરી ઓલા ચુરમામાં. કાઢી નાખે છે કે નહિ? કે ગળે ઉતારે છે?

એમ ભગવાન આત્મા અરે..! હું શાંતિસ્વરૂપ. મારું શાંતિસ્વરૂપ છે. એવી અંતર દૃષ્ટિની એકાગ્રતામાં કર્મના ફળરૂપે કોઈ શુભ-અશુભ રાગ અને હરખ-શોકના પરિણામ થયા, છોડી દે છે. આ તો ઝેર છે. મારે ગળે ઉતારવા જેવા નથી. એટલે મારા સ્વભાવમાં એકતા કરવા જેવા નથી. એને પૃથક્ રાખીને મારો અનુભવ કરવા જેવો છે. કહો, સમજાણું કાંઈ? આ તો મૂળ રકમની વાત છે. આહાહા..!

વાહ! જુઓ કર્મરૂપી.. બે જ વાત છે. એક કોર ભગવાન આત્મા વસ્તુ, વસ્તુ. અને એક કોર પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતનામાં ગયા. અને એ પુણ્ય-પાપના ભાવથી બંધાયેલા કર્મો, એના ફળ એ ભોક્તાના કર્મફળચેતના એ ઝેરનું ઝાડ છે. ભગવાન અમૃતનું ઝાડ છે અને પુણ્ય-પાપના ભાવ ઝેર હતા. એનાથી બંધાયેલી પ્રકૃતિ પણ ઝેર છે. અને એનું ફળ ઝેર છે. કહો, સમજાણું કાંઈ?

'**કર્મરૂપી વિષવૃક્ષના ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...**' છૂટી જાઓ. ભાષા તો એમ જ આવે ને. એનો અર્થ છે કે પોતાના આનંદ સ્વરૂપમાં દૃષ્ટિ છે અને તેને જ ભોગવવાની એકાગ્રતા છે. તેથી તે કાળે કર્મનો ઉદય આવતા જે ફળ આવે એમાં જોડાણ નથી. જોડાણ અહીં છે માટે ખરી જાઓ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ધર્મીને આમ અનુકૂળતા ઈન્દ્રાણીઓની દેખાય તો એમાં હરખનો ભાવ એને નથી આવતો એમ કહે છે. ઝેર ભાળે છે એને. આહાહા..! અરે..! વૃત્તિ! અરે..! આ વૃત્તિ ઝેર છે. મારા અમૃતસ્વરૂપને લૂંટનારી છે. સમજાણું કાંઈ? કાળો નાગ કોઈ રબ્બરનો છે એમ ધારીને પકડ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય કે આ રબ્બર પડ્યું છે. પકડ્યું આમ જ્યાં રાખે.. આહા..! નાગ કાળો છે. છોડ. આ. રબ્બરના થાય છે ને? રબ્બરના થાય, લાકડાના થાય. એ દેખાવે આબેહુબ જાણે સર્પ હોય એવા લાકડાના પણ થાય ને. જરી જરી ઓલી કરીને આમ કરે. આપણે ચંદુભાઈને ત્યાં. ચંદુલાલ. ગોંડલમાં હતા ને. રેવન્યુ. કેવા?

મુમુક્ષુ :- કેળવણી અધિકારી.

ઉત્તર :- કેળવણી અધિકારી. ચંદુલાલ પટેલ. ત્યાં ઉતારો હતો ને તો સર્પ આમ લાકડાનો સર્પ પડ્યો હતો. જોઈ લ્યો આબેહૂબ. પણ વળે આમ બધા એના ઓલા હોય. એમ થાય કે આ સાચો સર્પ આવી ગયો હાથમાં. એલા છોડ.

એમ આત્મા આનંદસ્વરૂપ છે એવી જેને ધર્મની દૃષ્ટિ છે એને કર્મના ફળ ઝેર જેવા લાગે છે, સર્પ જેવા લાગે છે. આહાહા..! ભારે વાત ભાઈ! દસ-દસ, વીસ-વીસ લાખના બંગલા. ક્યાં ગયા ભાઈ ગયા? લીંબડીવાળા ગયા? પોપટભાઈ? ગયા હશે. ચાલીસ લાખનો બંગલો ગોવામાં છે ને. એના સાળાને. પોપટભાઈ છે ને? લીંબડીવાળા આવ્યા હતા ને. એના સાળા રહે છે ને ત્યાં. ગોવામાં રહે છે. શાંતિલાલ ખુશાલ. ચાલીસ કરોડ અને એંસી કરોડ નીકળ્યા નવા હમણાં. ધૂળના ઢગલામાં હેરાન થવાના. હેરાન થવાના રસ્તા છે. ખેતશીભાઈ!

અહીં તો કહે છે, પરમાત્મા પોતે જ પરમસ્વરૂપે ભગવાન બિરાજે છે. એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ ધર્મીની એને ઝેરના ફળ ભોગવ્યા વિના છૂટી જાય. મને હોંશ નથી એમાં. મારો ઉત્સાહ છે મારા સ્વભાવમાં. એના પ્રત્યેનો ઉત્સાહ ભંગ થઈ ગયો છે. કર્મના ફળ પ્રત્યેનો ઉત્સાહ ભંગ થઈ ગયો છે. અજ્ઞાનીને આત્માનો ઉત્સાહ ભંગ થઈ ગયો છે અને પરના ઉત્સાહની જાગૃતિ વર્તે છે. કહો, સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! આહાહા..! છોકરા હોય છ-છ આઠ-આઠ છોકરા અને લાંબા છ-છ હાથના લાંબા ધોળા પીંડલા જેવા. અને બબ્બે કરોડ પેદા કરતા હોય. હોંશ તો આવે કે નહિ? ઝેરની હોંશ છે કહે છે.

મુમુક્ષુ :- ઝેર છે અને ધૂળ.

ઉત્તર :- ઝેર છે બાપા! તને એમાં નથી મીઠાશ ભાઈ! પણ તેં મીઠાશ માની છે. એ ઝેરના ઘૂંટડા છે. આહાહા..! એ ઝેરના ઘૂંટડા ભગવાન! તું ક્ષણે ક્ષણે પીવે છો અને માને છે કે મને સુખ છે.

ભગવાન આત્મા અંતરમાં શાંત અનાકુળ આનંદનો વૈભવ પડ્યો છે ને તારો. આ હમણાં વૈભવ યાદ આવે (છે). હમણાં હાથમાં આવ્યું હતું ને પુસ્તક. હરિભાઈએ લખ્યું છે ને. બહુ સારું લખ્યું છે હોં. હરિભાઈએ એક એક શક્તિ ઉપર બહુ મહેનત કરી છે. પુસ્તક પંદર રૂપિયે ન મળે એવું સાડા ત્રણે મળશે. એવું છે. બહાર પડશે ત્યારે... આ છે ને. આવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પંદરે પણ ન મળે. સાડા ત્રણની કિંમત રાખી છે. કીધું હશે. કહો, સમજાણું કાંઈ?

આત્મ વૈભવ. એનું નામ આપ્યું છે એ ને? એનું નામ આપ્યું છે આત્મ વૈભવ. આત્મ વૈભવ. આત્માની શક્તિઓ ૪૭ એ આત્મ વૈભવ છે. પહેલી છપાઈ ગઈ છે. એનું આત્મ પ્રસિદ્ધિ નામ આપ્યું છે. અને આનું નામ આત્મ વૈભવ. આ .. બહાર આવશે. એની . છે ને. આ તેરશે. ચૌદ દી રહ્યા. કુંવરજીભાઈ આવવાના છે ને. ગુજરી ગયા છે ને ભાગીદાર તે દી. કુંવરજીભાઈ. પોષ સુદ તેરશે છોકરાઓ આવશે. એમના તરફથી છે ને. પાંચ હજાર રૂપિયા આપ્યા છે. બહુ પુસ્તક સારું છે. પણ એના પ્રમાણમાં શું ખપે છે એ જુદી વાત છે. કહો, સમજાણું કાંઈ? પહેલા તો લેવાઈ ગયા ઝડપથી એકદમ. પછી ઠંડુ થઈ જશે.

મુમુક્ષુ :- વાંચન.

ઉત્તર : વાંચન હવે આનું કાંઈ શક્તિનું વાંચન. આમાં આવશે ત્યારે આપણે વાંચન ચાલશે આમાં. આમાં આવશે કે નહિ? આમાં ૪૭ શક્તિ આવશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આવશે પણ હવે બધું છપાય છે કાંઈ વારંવાર. એમાંથી સાર સાર લઈ લેશે હરિભાઈ. આહાહા..! હવે ચાલ્યું આવે છે ને એ શક્તિનું? ચાલ્યું આવે છે. આ થોડાક પાના છે.

કહે છે, અરે..! જેણે આત્માના આનંદના ફળ ચાખ્યા. આત્માનું સમ્યગ્દર્શ એટલે? આત્માની પ્રતીતિ અને ભરોસો એટલે? આત્મા છે તેનો વિશ્વાસ એટલે? કે આત્મા આનંદસ્વરૂપ અને શાંતિસ્વરૂપનું વેદન થઈને આત્મા આનંદ છે એમ ભરોસો આવ્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દેહદેવળના રજકણમાં પ્રભુ પોતે ચૈતન્યમૂર્તિ (છે) એવી અંતરમાં દૃષ્ટિ ને શ્રદ્ધા ને વિશ્વાસ અંતરમાં આવ્યો એથી એમાં આનંદ હતો અને અનંત શક્તિઓ છે એનો અંશ બધો આનંદ આદિ એમાં પ્રગટ થયો છે. તેથી ધર્મીને કર્મના ફળમાં ઝેર જેવું લાગે છે. મેં બાંધ્યા હતા માટે કર્મ ભોગવશું એમ કહે છે ને લોકો? અમે બાંધ્યા હતા પૂર્વે પૂણ્ય. ભોગવશું. ઝેરને ભોગવીશ. સાંભળને!

મુમુક્ષુ :- એ તરફ લક્ષ જતાં પાપ છે.

ઉત્તર :- ઝેર છે ત્યાં. અમે બાંધ્યા હતા પુણ્યના ફળ. જુઓ! આવી સંપદા અને તમે ગરીબ માણસ સાધારણ. તમને આવડે નહિ, રળતા પણ ન આવડે. એમ વળી કેટલાકને ખુમારી ચડી જાય છે. એય..! કપુરભાઈ! બાપ કરતા કાંઈક છોકરો કાંઈક વધી જાય તો આની પાસે પાંચ લાખ અને ઓલાને પચાસ લાખ થાય તો ખુમારી ચડી જાય. બાપ કરતા વધી ગયો સવાયો. સવાયો શું કરવા? એની પાસે દસ લાખ, તારી પાસે પચાસ લાખ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાંચ ગણો માનને. માનવું છે ને? ત્યાં ક્યાં ઝેર છે ત્યાં.

મુમુક્ષુ :- .. ઝેર ચડ્યું છે.

ઉત્તર :- ઝેર ચડ્યું છે. આહાહા..! કહો, વજુભાઈ! શું હશે આ? આહાહા..!

શું કહે છે અહીં? પ્રભુનું માહાત્મ્ય બતાવે છે. આત્માનું હોં! આત્મા જ્યાં અંતર પોતાના સ્વભાવ અને શક્તિઓનું સત્ત્વ તત્ત્વ ભગવાન, એનો જ્યાં પ્રતીત અને ભરોસો સમ્યગ્દર્શન થયું અને પુણ્ય-પાપનો ભરોસો ઉડી ગયો. એમાં હું નહિ. અને કર્મ હું નહિ. અને કર્મના ફળ એ હું નહિ. હું હોઉં ત્યાં શાંતિ હોય અને હું ન હોઉં ત્યાં શાંતિ ન હોય. સમજાણું કાંઈ? આહાહા..!

‘**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...**’ એ તો નાસ્તિથી વાત કરી. એ નાસ્તિથી કરી. હવે અસ્તિથી કરે છે. ‘**હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને...**’ દેખો! હું મારો ચૈતન્ય ચૈતન્ય જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવો સ્વરૂપ આત્મા, એવો સ્વરૂપ આત્મા. એ રાગસ્વરૂપ નહિ, કર્મના ફળસ્વરૂપ નહિ, હું તો મારા ચૈતન્ય સ્વરૂપ આત્માને ‘**નિશ્ચળપણે સંચેતું છું-**’ સં-સમ્યક્ પ્રકારે ચેતું છું એટલે ‘**અનુભવું છું.**’ જુઓ! છે ને? સ્વાદ લઉં છું, એમ કહે છે. મગનભાઈ! આહાહા..! હું તો આત્મા છું. એ ચૈતન્ય જ્ઞાન આનંદ સ્વરૂપ છે એવો જે આત્મા તેને હું સંચેતું એટલે આસ્વાદ લઉં છું. હું તો આત્માના આનંદના સ્વાદને લઉં છું. એમ ધર્મી અનુભવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ દેડકું આવડું હોય ને સમ્યગ્દર્શન પામે છે. ભગવાનના સમવસરણમાં જાય, દેડકું હોં! દેડકા અને હાથી ને જુઓને. અંદરમાં આત્માના આનંદને હું તો વેદું છું. આ શરીર નહિ, કાદવ-બાદવ ખાય એ કાદવ મારો નહિ અને હું એમાં નહિ. સમજાણું કાંઈ? ચક્રવર્તીના રાજ હોય સમકિતીને. ભરત ચક્રવર્તી લ્યોને. ભગવાન ઋષભદેવના પુત્ર. છ ખંડના રાજ, છન્નુ હજાર સ્ત્રી, ઈન્દ્રો મિત્રો જેના. હું તો ચૈતન્ય સ્વરૂપ આત્મા છું તેને વેદું-અનુભવું છું. આ ચીજ મારા અનુભવમાં આવે એવી નથી અને હું એને અનુભવતો નથી. આહાહા..! કહો, નેમિદાસભાઈ! જુઓ! આવી ધર્મદૃષ્ટિ છે. ત્યાં ગપ્પા માર્યા હતા અત્યાર સુધી બધે કલકત્તે ને...

‘**ચૈતન્યસ્વરૂપ આત્મા...**’ ભાષા જુઓ! એ કાંઈ રાગસ્વરૂપ અને પુણ્યસ્વરૂપ કે હરખ-શોકસ્વરૂપ આત્મા નથી. ‘**ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે...**’ ચળું નહિ એ રીતે આત્માના શાંત સ્વભાવને સંચેતું છું એટલે વેદું છું એટલે આસ્વાદ લઉં છું એટલે અનુભવું છું. ભારે વાત ભાઈ! આ ધર્મ લોકોને એવો લાગે છે ને કે કાંઈક પહેલું રાગની ક્રિયા કરે ને તો આવું થાય. એટલે લોકોને અંદર શલ્ય પડ્યું છે ને ત્યાં. કાંઈક કષાયની મંદતા ને દયા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દાન, ભક્તિ ને વ્રત, ભક્તિ કરીએ તો આ થાય. પણ એ તો બધો રાગ છે. રાગ કરતાં આ ન થાય. સમજાય છે? એ રાગની રુચિમાં પડ્યો એટલે આ હાથ આવતું નથી. એ એને ખબર પડતી નથી. હજી ગોતે શાસ્ત્રમાંથી પણ. આવું પામવા માટે કોઈ રાગ ને પુણ્ય ને સાધન છે? હા. પંચાસ્તિકાયમાં કહ્યું છે કે સાધન છે. સોનું ને પથરો ઓગાળવો હોય તો અગ્નિ સાધન છે. એમ આત્માને કર્મને ટાળવા હોય તો રાગનું પહેલું વ્યવહાર સાધન છે. વ્યવહાર સાધન કરે પછી નિશ્ચય શુક્લધ્યાન થાય ત્યારે શુદ્ધઉપયોગ થાય. પહેલો શુભઉપયોગ રહે. ચોથેથી સાતમા સુધી એ શુભોપયોગ રહે એ શુદ્ધતાનું કારણ છે આઠમાનું. આવું કહે છે. અરે.. ભગવાન! ઊંધે પડ્યો ક્યાં તું આ? આજે આવ્યું છે બધું આ. બધું આવું આવ્યું છે. અજીતકુમાર ખુબ લખે છે. ભલામણ કરે છે હોં બધાને. એ કાનજીસ્વામી! તમારા પક્ષમાં માનનારા વિદ્વાનો એ બધાને (કહ્યું છે), તમે ચેતો, ચેતો. તમે એમ માનો કે આ શુભભાવથી પહેલો ધર્મ થાય છે અને પછી શુદ્ધતા તો શુદ્ધઉપયોગ તો આઠમે-દસમે હોય. તમે શુદ્ધોપયોગ પહેલા અને સ્વરૂપાચરણ ચોથેથી.. સ્વરૂપાચરણ ચોથેથી. ન હોય. સ્વરૂપાચરણ તો શુક્લધ્યાન થાય ત્યારે હોય. અરે.. ભગવાન! ભાઈ! તું આખી ચીજ છો. એ જ્યારે અંતર દૃષ્ટિમાં આવે ત્યારે અનંતા ગુણોનું પરિણમન શુદ્ધ થાય. અને શુદ્ધ થાય તો એમાં અનંતાનુબંધીનો અભાવ થઈને સ્વરૂપાચરણ પણ શુદ્ધ થાય. ઈ માનવું નથી. ચોથે સ્વરૂપાચરણ (ન હોય). પછી ટીકા કરે. ચોથે સ્વરૂપાચરણ થાય તો પછી આ મુનિને મુનિપણું લેવાની જરૂર શું? ત્યાં ને ત્યાં મોક્ષ થઈ જાય સ્વરૂપાચરણમાં. અરે.. ભગવાન! કહો, સમજાણું કાંઈ?

મૂળ પહેલી ચીજની દૃષ્ટિ શું છે અને એ દૃષ્ટિમાં કેટલું ફળ આવે છે એની ખબર નથી. સમ્યગ્દર્શન થતાં શાંતિ આવે, આનંદ આવે, શુદ્ધઉપયોગ પહેલો થાય. શું થાય? આ તો સર્વજ્ઞ ભગવાનનો માર્ગ છે, આ કાંઈ કોઈનો કલ્પેલો નથી. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન હતું. ભાઈ! એનો કહેલો માર્ગ એ કાંઈ બીજાથી ખંડ્યો જાય નહિ. આહાહા..! ભગવાન આત્મા..! ચારિત્રગુણ છે એનો અંશ ન આવે સ્થિરતામાં તો પછી સમ્યગ્દર્શન થયું ક્યાંથી? જેટલા ગુણો છે એનો અંશ આવવો જોઈએ કે નહિ? એ વાત તો કરી હતી બહુ ત્યાં. હતા ને તમે જેતપુર. નહિ ઓલો? મુલતાની મંદિરમાં ગયા હતા. પંડિતો બધા હતા. કૈલાસચંદને બધા સાત-આઠ મોટા મોટા પંડિતોમાં વાત કરી હતી. જુઓ ભાઈ! અનંત ગુણ છે, જ્ઞાનાદિ પ્રગટે છે અંશે તેને ચોથું ગુણસ્થાન કહેવાય. પહેલા સ્વરૂપાચરણ તો કબલ્યું, મિથ્યાત્વ ગયું. આ ના પાડે છે. અરે.. ભગવાન! પણ તારે માનવું પડશે આ. એમ હઠ કરવા જઈશ તો હઠીલો થઈને રખડવું પડશે. ઈ આને હઠ કહે છે. એય.. વજુભાઈ! કહે બાપુ. એને તેમ લાગે તો કહે. બાપુ! આ વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્ય છે ને. અને એના અનંત ગુણો છે કે નહિ એમાં? અનંત ગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. તો એ આખી વસ્તુની જ્યાં અંતર દૃષ્ટિ થઈ અને ભાન થયું ત્યાં એ વસ્તુ જેટલી શક્તિ છે એટલો અંશ નિર્મળપણે પ્રગટે નહિ તો દ્રવ્યદૃષ્ટિ થઈ ક્યાં? ઓલી તો પર્યાયદૃષ્ટિમાં હતું. પુણ્ય-પાપ રાગ મારા અને એક અંશ મારો. એ તો પર્યાયદૃષ્ટિમાં બધા ગુણો ઢંકાઈ ગયેલા હતા. સમજાણું કાંઈ? એ મોટો લેખ આવ્યો છે સ્વરૂપાચરણનો. ન હોય.. ન હોય.. ન હોય. હવે ભાઈ ઘણી વાર લખ્યું ન હોય. તમારા બેય પંડિતોમાં વાંધા ઉઠ્યા, સોનગઢમાંથી નીકળતા. અરે.. ભગવાન! આહાહા..!

ભાઈ! તું પુણ્ય-પાપનું આચરણ કરતો ને અનાદિથી? એ તો મિથ્યાત્વભાવ હતો. પુણ્ય-પાપનું અને હરખ-શોકનું વેદન હતું એ તો મિથ્યાત્વભાવ હતો. હવે વેદનમાં આત્મા આવે તો કાંઈક થાતું હશે કે નહિ નવું? ફેર શું પડ્યો? આ આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. એમ રાગ ને પુણ્યને માનીને અટકેલું એમાં તો વેદન તો એકલું વિકાર અને દુઃખનું હતું. એની દૃષ્ટિ ખસી, અંશ ઉપરની દૃષ્ટિ ખસી અને અંશી એટલે ત્રિકાળી વસ્તુ જેવો છે તેવો, એમાં પ્રતીત જ્યાં આવી અનુભવમાં, ભાનમાં ત્યારે શું આવ્યું એમાં? થયું શું? એ અશાંતિનું વેદન હતું, એ આમ આવ્યો ત્યારે શાંતિનું વેદન થયું. રાગ-દ્વેષનું વેદન હતું એ દુઃખનું આવ્યું, આમ આવ્યો ત્યાં આનંદનું વેદનું થયું. આ અસ્વચ્છતાનું વેદન હતું, સ્વચ્છતાનો ભરેલો ભગવાનનું વેદન (થયું) તો સ્વચ્છતાનો અંશ આવ્યો. અહીં કાંઈ પર્યાયમાં પ્રભુતા પડી હતી? પામરતા છે એ તો. એ પામરતાની શ્રદ્ધામાં તો પામરતાનું વેદન હતું. જ્યાં પ્રભુતાની શ્રદ્ધા થઈ તો પ્રભુતાની શ્રદ્ધામાં પ્રભુતાનું વેદન આવ્યું સમસ્તનું. સમજાણું કાંઈ?

ઈ કહે છે કે આ બધું ઈ મનાવે છે બધાને એટલે એ પ્રમાણે માને છે. આંધળા છે બધા. એમ કહે છે. ભગવાન! એય..! તમને બધાને આંધળા ઠરાવે છે. હા પાડે છે બધા ત્યાં. ભાઈ! એમ કાંઈ હા પાડે? એમ હોય? બાપા! કાંઈક વિચાર કરે. વેપારી માણસ છે. કાંઈક માલ લેવા જાય તો કાંઈક ઠીક લાગે ત્યાં હા પાડે. નહિ તો કહે, નહિ... નહિ.. નહિ. એમ ને એમ માની લે વગર વિચાર્યે?

ભાઈ! તું આત્મા છો ને અને આત્મામાં તો શાંતિનો સાગર સ્વભાવ છે ને. હવે એ આત્માની દૃષ્ટિ થાય ત્યારે એને સ્વરૂપની સ્થિરતાનો અંશ, શાંતિ એટલે ચારિત્ર, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા પ્રગટ્યા વિના એ વસ્તુની પ્રતીત શી રીતે આવી? જેટલા ગુણોની પ્રતીત કરે છે એ ગુણોની પ્રગટતાના અંશના વેદન વિના આ ગુણરૂપ છે એમ પ્રતીતિ આવી ક્યાંથી? શું કીધું સમજાણું કાંઈ? આહાહા..! ભરોસો તો કોઈ કાંઈ વસ્તુમાં, જ્ઞાનમાં આવે એનો ભરોસો હોય કે વસ્તુ ખ્યાલમાં આવે નહિ એનો અનુભવ કરવો? સમજાણું કાંઈ? તો આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનંત શાંત અને આનંદ આદિ ગુણનો પિંડ છે એવી પ્રતીત થતાં એ અનંતા ગુણના અંશનું વેદન આવ્યું એ દ્વારા આખો અનંત આવો છે એમ પ્રતીતમાં આવે છે. સમજાણું કાંઈ? નહિતર પ્રતીતમાં શું? કરો શ્રદ્ધા. શેની પણ કરે? સસલાના શીંગડા ન હોય એની કરો શ્રદ્ધા. ન થાય. એમ આ તો આત્મા છે એ જેવો છે એવા અનંતા ગુણવાળો એની પર્યાયમાં અંશે તે જાતની પ્રગટ (દશા થયા) વિના પ્રતીત કોની કરવી? બરાબર છે? મગનભાઈ! આહાહા..! એમ ને એમ ઉભાંગડે છે પ્રતીત. એ તો મિથ્યા પ્રતીત છે ભાઈ! આહાહા..!

એટલે અહીં કહે છે કે મારો આત્મા તો આવો છે ને. સંચેતવું, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા છું. એ ચૈતન્યની સાથે જેટલા અવિનાભાવી ગુણો છે સંબંધ ધરાવનારા એ બધાને હું મારી પર્યાયમાં પ્રગટપણે અંશે એને વેદું છું. આહાહા..! એથી મારે કર્મના ફળનો અનુભવ જોતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાની કહે છે કે-**' જ્ઞાની કહે છે '**કે-જે કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું જ્ઞાતા-દૃષ્ટાપણે જાણું-દેખું છું,...**' હું તો જાણનાર-દેખનાર ચૈતન્યનો કંદ પ્રભુ છું. માટે કોઈ હરખ-શોકનો વિકલ્પ આવે એને મારી જાતમાં ભેળવ્યા વિના એને જાણું-દેખું. સમજાણું કાંઈ? આરે.. આરે..! ભારે વાત! '**જ્ઞાતા-દૃષ્ટાપણે જાણું-દેખું છું, તેનો ભોક્તા થતો નથી,..**' ઝેરનો ભોક્તા થાય તો પછી આત્મા આનંદ સ્વરૂપ છે એનો ભોક્તા ક્યારે થાય? ધર્મીની દૃષ્ટિ તો આત્મા ઉપર છે અને આત્માના સ્વભાવોની શક્તિની અંશે પ્રગટતા છે. એનો ભોક્તા છે. હરખ-શોકનો ભોક્તા નથી. સમજાણું કાંઈ?

'**માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ; હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થયો થકો...**' એટલે ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્રતાની પરિણતિમાં રહેતો થકો '**તેનો દેખનાર-જાણનાર જ હોઉં.**' હું તો, કોઈ વિકલ્પ આવે હરખ-શોકનો તેને મારામાં ભેળવ્યા વિના તેનો પર તરીકે જાણનાર-દેખનાર રહું. આનું નામ ધર્મદૃષ્ટિ ને સમ્યગ્દૃષ્ટિ ને આનું નામ અનુભવ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'**અહીં એટલું વિશેષ જાણવું કે-અવિરત,...**' એટલે ચોથા ગુણસ્થાનમાં. ચોથું ગુણસ્થાન અવિરત સમ્યગ્દૃષ્ટિ છે ને? અવિરત સમ્યગ્દૃષ્ટિ ચોથું ગુણસ્થાન. દેશવિરતિ એટલે પાંચમું ગુણસ્થાન શ્રાવકનું. તથા પ્રમત્ત છઠ્ઠું ગુણસ્થાન મુનિનું. સાચા મુનિની વાત છે હોં આ. આ બધા બહારથી ત્યાગી થઈને બેઠા છે મુનિ છીએ એ મુનિ-બુનિ નથી. આહાહા..! જેને આત્માના દર્શન ને પ્રતીત ને અનુભવ થયો છે એ ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા થઈ છે તેને શ્રાવક ને મુનિ કહીએ છીએ. એમ કહે છે ભગવાન. સમજાણું કાંઈ?

એવા ચોથા ગુણસ્થાનવાળા અવિરત એટલે હજી અંદરમાં અસ્થિરતાનો ત્યાગ નથી, પણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાન થઈ ગયું છે. '**દેશવિરત...**' કાંઈક સ્થિરતા અંશે છે અને '**પ્રમત્તસંયત...**' વિશેષ સ્થિરતાનો અંશ છે. એવી '**દશામાં તો આવું જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે,...**' જ્ઞાન-શ્રદ્ધાન પ્રધાન છે હોં! ગૌણપણે અંદર સ્થિરતા આદિ છે પણ મુખ્યપણું અહીં છે એમ કહ્યું છે. હજી પ્રમત્તદશા છે ને એથી.

'**અને જ્યારે જીવ અપ્રમત્ત દશાને પામીને...**' સપ્તમ ગુણસ્થાનને પામે ત્યારે '**શ્રેણી ચડે છે...**' સ્થિરતા થાય. શ્રેણી એટલે એકાગ્રતા વધે. '**ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે.**' લ્યો! સમજાણું કાંઈ? પ્રત્યક્ષ વિશેષ સ્થિરતા થાય એને સાક્ષાત્ અનુભવ કહે છે. સમજાણું આમાં? ઓલામાં પ્રધાન છે એટલે હતું તો ખરું ગૌણપણે, હોં! મુખ્યપણે એને જ્ઞાન અને શ્રદ્ધા છે. અને સાતમા (ગુણસ્થાન) પછી મુખ્યપણે એકલો ઉપયોગ શુદ્ધ છે. સ્થિરતા થઈ એટલે.

'**(હવે ટીકામાં સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છે :-)**' નચાવે એટલે પરિણમાવે છે. લ્યો! '**હું (જ્ઞાની હોવાથી)...**' લ્યો! છે ને? '**હું..**' '**नाहं मतिज्ञानावरणीयकर्मफलं भुञ्जे**' એમ શબ્દ છે સંસ્કૃત. ન પછી આવશે. '**હું...**' ધર્મી હોવાથી. ધર્મી એટલે? '**(જ્ઞાની હોવાથી)...**' જ્ઞાની એટલે? શુદ્ધ સ્વરૂપના ભાનવાળો હોવાથી. સમજાણું? શુદ્ધ સ્વરૂપના ભાનવાળો હોવાથી. '**મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ભાષા જુઓ! મતિજ્ઞાનાવરણીય કર્મ પડ્યું છે ને? એના ફળને હું ભોગવતો નથી. થઈ ગયો કેવળી? કેટલાક એમ કહે. સાંભળને ભાઈ! ભગવાન આત્મા પોતાના અંતરના જ્ઞાન ને આનંદને સરાણે ચડ્યો અંદર સમ્યગ્દર્શનથી માંડીને. સમજાય છે? એથી પોતાના સ્વરૂપની શુદ્ધતા ક્ષણે ક્ષણે સ્વરૂપ તરફની એકાગ્રતા છે તેથી મતિજ્ઞાનાવરણીયના નિમિત્તમાં જે અલ્પજ્ઞપણું જે કાંઈ હતું તેનું ત્યાં અધિકપણું રહેતું નથી. શું કીધું? ફરીને.

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન હોવાથી હું તો જ્ઞાની છું, ધર્મી છું. મારું સ્વરૂપ પવિત્ર (છે). આઠ વર્ષની બાલિકા હોય તોપણ એ સમ્યગ્દર્શન પામેલી હોય તો હું તો ધર્મી છું ને જ્ઞાની છું. મારો સ્વભાવ શુદ્ધ છે એવું મને ભાન છે. એથી મારું વલણ શુદ્ધ સ્વભાવ તરફનું નિરંતર છે. તેથી મતિજ્ઞાનાવરણીયના નિમિત્તમાં જે કાંઈ થોડી અસ્થિરતા, જે અલ્પજ્ઞતા છે એને હું અધિકપણે નથી જાણતો. હું તો મારા સ્વભાવને અધિકપણે જાણું છું. માટે તે મતિજ્ઞાનાવરણીયના ફળને ભોગવતો નથી. કહો, મગનભાઈ!

મુમુક્ષુ :- જ્ઞાન ઉઘડ્યું નથી.

ઉત્તર :- ઉઘડ્યું ન હોય એ ભલે એના તરફ છે પણ એના ઉપર દૃષ્ટિ નથી એટલે એનો ભોગવટો નથી એમ કહે છે અહીં તો. હું તો જ્ઞાયક સ્વરૂપ તરફમાં અધિકપણામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વર્તનારો (છું). અલ્પજ્ઞપણું જે છે એ પણ મારું નહિ એમાં નહિ રહેનારો, એનાથી અધિકપણે વર્તનારો તેના ફળને હું ભોગવતો નથી. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંશબુદ્ધિ ગઈ છે ને? આહાહા..! જુઓ! આ સ્વરૂપ છે આવું હોં! મતિજ્ઞાન પ્રકૃતિ છે જડ અને એના ફળ તરીકે જ્યારે એમાં જોડાય છે ત્યારે જ્ઞાનની, મતિની હીનતારૂપ દશા થાય છે. હીનતારૂપ. પોતાથી હોં! પણ એમાં ઓલું નિમિત્ત છે. પણ એ નિમિત્ત અને હીનતારૂપનું પરિણમન પર્યાયદૃષ્ટિમાં લક્ષમાં હતું. અંશદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિમાં હતું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, એકલો જ્ઞાનસ્વભાવ છે. એની એકાગ્રતામાં જ્ઞાનની ભેદશક્તિ અંશે વધી છે આ બાજુ એથી ઓલા અલ્પજ્ઞપણાનો આશ્રય મને નથી અને તેથી તેનું વેદન મને નથી. એમ કહે છે. ઝીણું પડે એવું છે થોડું. હળવે હળવે જાણવું પડશે. આહાહા..!

વસ્તુ છે ને ભગવાન આત્મા એ ચૈતન્યના પ્રકાશનું નૂર છે. હવે એ જ્યાં અંતરમાં દૃષ્ટિમાં આવ્યું અને પ્રતીત થયો અને ધર્મદૃષ્ટિ થઈ. ધર્મ નામ આત્માના પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ. એ દૃષ્ટિ થતાં પૂર્ણ સ્વભાવ ઉપર જ તેનું લક્ષ અને જોર છે. એથી અપૂર્ણતા જે નિમિત્તના કારણે અંદર જે પોતાને પ્રગટતી લક્ષે એનો એ માલિક નથી, કર્તા નથી માટે ભોક્તા હું નથી. બહુ ઝીણું. આ સ્થિતિ સર્વજ્ઞ સિવાય જ્ઞાનગુણ ને આ પાંચ પર્યાય અને એના પાંચ આવરણના નિમિત્તો, એ નિમિત્તમાં જોડાણ નહિ, મારું જોડાણ સ્વભાવ તરફ છે, એ દ્રવ્ય-ગુણ સિદ્ધ કર્યા પરિપૂર્ણના અને પર્યાયની અપૂર્ણતા હોવા છતાં આ તરફનું વલણ છે, માટે મારો ભોગવવાનો કર્મફળનો ભાવ છે નહિ.

કોઈ કહે કે મતિજ્ઞાનાવરણીય ન ભોગવે એ તો કેવળી થાય ત્યારની વાત હશે. અહીં તો જ્યાં હોય છે થોડું પૂર્વે બંધાયેલું કર્મ જે પડ્યું છે એના કાળ-ફળ ટાણે જરી પર્યાયમાં ત્યાંના તરફની મચક જાય છે એ હું નહિ. હું તો જ્ઞાયક તરફનો ઢળનારો, એને વેદનારો આને ભોગનારો નહિ. કહો, સમજાણું આમાં? બહુ ઝીણું લાગે. આ પાછળનો અધિકાર તો ઘણો તીક્ષ્ણ, તીખા વીરતાના વીર્યથી ભરેલો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા મહાન વૈભવના સામર્થ્ય અને મહિમાવાળો (છે) એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થયો, કહે છે કે પણ મારામાં અપૂર્ણતા ને નિમિત્તતા બેય મારામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનનો પર્યાય, જ્ઞાયક તરફ વળેલો છે એથી એકતાની અભેદતાને અનુભવનારો છું. ભિન્નતાની અલ્પજ્ઞતાનો હું વેદનારો નથી. આહાહા..! કહો, પાટણીજી! આ કોણે કર્યું છે? પાંચમા આરાના માણસ માટે કીધું છે? કોના માટે કીધું છે? આચાર્યે લખ્યું છે એ કોના માટે? અત્યારે નહિ હોય. આઠમે ગુણસ્થાને (હોય). આઠમું ગુણસ્થાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો છે નહિ અત્યારે. ત્યારે મફતના રણમાં ગાંગર્યા છે મફત? રણમાં ગાંગર્યા સમજ્યાને? ઊંટ ગાંગરે એમ ગાંગર્યા છે આ? બાપુ! એમ નથી ભાઈ! એ કરુણાબુદ્ધિથી ભગવાન સંતોની વાણી વિકલ્પ થયો અને આવી ગઈ છે, એના જ્ઞાનમાં તો કહે છે, ભાઈ! વસ્તુની દૃષ્ટિ થાય ત્યારે તો બધી અલ્પજ્ઞ પર્યાયથી પણ અધિકપણે દૃષ્ટિમાં આત્મા વર્તે છે. સમજાણું કાંઈ? એથી મતિજ્ઞાનાવરણીયના ફળને હું ભોગવતો નથી એમ એ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ કર્મનું લક્ષ થઈ અને પર્યાય થાય એને વેદે તો મિથ્યાદૃષ્ટિ છે એ. સમજાણું કાંઈ? કે જે વાસ્તવિક અખંડ પૂર્ણ સ્વરૂપ છે એ તો પ્રતીતમાં આવ્યું નહિ. મતિજ્ઞાનાવરણીય નિમિત્ત અને એના જોડાણમાં અલ્પજ્ઞતા. એની દૃષ્ટિ છે એ તો અંશદૃષ્ટિ છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે, અસત્ દૃષ્ટિ છે, દુઃખદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુણ્ય-પાપથી આપ આગળ લઈ ગયા.

ઉત્તર :- અહીં તો અહીંથી ઉપાડ્યું છે ને મતિજ્ઞાનથી. હવે ઓલું આવશે તો ત્યાં આવશે. હજી તો અહીં ઉપાડ્યું છે પહેલા બોલમાં. પહેલા બોલમાંથી જ એની શરૂઆત થાય છે યથાર્થની. પછી એની સંધિમાં ૧૪૮ પ્રકૃતિ છે.

વસ્તુ છે એ જ્ઞાન, આનંદ આદિ પરિપૂર્ણ સ્વભાવવાળી ચીજ છે કે નહિ? એક છે. વસ્તુ એક છે તો એના ગુણો પણ એક એક એટલે અખંડ છે કે અપૂર્ણ છે? અખંડ છે. એક છે એટલે એનો ગુણો પણ, એક છે એટલે ગુણ પણ અખંડ છે એટલે ગુણ પણ પૂર્ણ છે. લોજિકથી સમજવું પડશે ને ન્યાયથી? એમ આમ દૃષ્ટિ થતાં ધર્મીને દૃષ્ટિ સ્વભાવ સાધક ઉપર અંતર પડી છે. એથી તેને અલ્પજ્ઞનું વેદન, મતિનું વેદન છે મને અલ્પજ્ઞનું, એમ નથી માનતો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું?

આત્મા જ્યાં વસ્તુ સ્વરૂપ છે, જેના ધામમાં તો અનંત ગુણ છે. એવા અનંત ગુણના શાંતિના રસની પ્રતીત થઈ. તો કહે છે કે હું તો અધિકપણે આત્મા છું. મારી પર્યાયમાં જરી નિમિત્તથી થાય એ દશાને હું ભોગવું એવો છું નહિ. ભોગવ્યા વિના ખરી જાઓ. આ એનું નામ સમ્યગ્દૃષ્ટિનું પરનું ન ભોગવવું કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૧૪, શુક્રવાર તા. ૩૦-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૧**

..રાગની હોંશના ઉત્સાહમાં દુઃખ ભોગવે છે. સમજાય છે કાંઈ? દુઃખ ભોગવતો હશે? ક્યાં આમાં દુઃખ કોને કહે?

મુમુક્ષુ :- સવારના પહોરમાં ઉઠીને જાવું.

ઉત્તર :- પણ ન જાવું પડે ત્યાં. એ તો વળી નોકર છે. નવનીતભાઈ જેવાને ક્યાં જાવું છે? એ તો પોતાની મરજી પ્રમાણે જાય ને આવે. એ પણ દુઃખી છે. નવનીતભાઈ! જે રાગ ઉઠે છે કે અહીં જાવું ને આમ થાય એ બધો દુઃખરૂપ ભાવ છે. પરાધીનતા છે માટે એને દુઃખ છે એમ નથી. આ બહારની અનુકૂળતા બધી હોય અને એને અનુકૂળતામાં જે ઉત્પન્ન થાય છે કે મને ઠીક છે, એ રાગ પોતે દુઃખ છે. ભાન ન મળે કે શું છે ચીજ અને હું કોણ છું ત્રિકાળી? જેના મારા સત્‌ના સત્ત્વમાં કાયમનું શું પડ્યું છે એમ ખબર નથી અને કૃત્રિમ વિકારના પરિણામમાં સુખ માનીને હોંશ માનીને રખડે છે.

મુમુક્ષુ :- હોંશ માનીને?

ઉત્તર :- હોંશ માનીને રખડે છે. ઉત્સાહ કરે છે, જુઓ. પૈસાવાળા થયા અમે. શરીર સુંદર મળ્યું. દસ હજારનો પગાર, પચ્ચીસ હજારનો પગાર મહિને. બાર મહિને ત્રણ લાખ પગાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે. આ તો તમારો આપ્યો, સુમનભાઈનો દાખલો મેં આપ્યો. તો બીજાની વાત લ્યોને, પગાર નહિ તો. દસ લાખની પેદાશ, એક મહિનાની પાંચ લાખની પેદાશ. એય..! ક્યાં ગયા? .. શેઠ! આ છોકરાનું લ્યો. પાંચ લાખની પેદાશ મોટા અઢી કરોડ રૂપિયા, બે કરોડ ઓલાને રખડતાને અને અઢી કરોડ અહીં. એ આવીને રોતો હતો અહીં. ઓલા પાસે બે કરોડ છે મોટા પાસે. ન્યાલ. હમણાં આવ્યો હતો. મલૂકચંદભાઈના બે છોકરા છે ને. બીજા નંબરનો અહીં. પહેલા નંબરનો ત્યાં. બે કરોડ. છોકરી એક જ છે. દીકરી. બે કરોડ. આવ્યો અહીં સાત વર્ષે.

કહે છે કે મહારાજ! ૪૩-૪૪ થયા હશે ને? ૪૪. ભાઈથી મોટો જરી. ૧૫ વર્ષ. મહારાજ! છોકરી એક જ છે ૧૮-૧૯ વર્ષની. બે કરોડ. છોકરો નથી કાંઈ. મહારાજ! ત્યાં યાદ આવો છો ને ત્યાં આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે હોં! એમ બિચારો કહે, હોં! .. બહુ હુશિયાર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં યાદ આવો છો અહીંની વાત ત્યાં મને આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. એમ કહીને રોયો આ રીતે. બહાર બેઠો હતો. આંસુની ધારા, હોં!

મુમુક્ષુ :- સુખી થવા માટે..

ઉત્તર :- એમ દુઃખી છે. અરેરે..! આ વાત ક્યાં? આ માર્ગ ક્યાં? હું ક્યાં આથડવા ગયો. કહો, સમજાણું કાંઈ? ઘડીક એમ પણ જ્યાં પાછા ત્યાં જાય ત્યાં પૈસા દેખાય, વૈભવ દેખાય, આ મોટા બંગલા-હજીરા દેખાય.

મુમુક્ષુ :- મહારાજ તો કો'કવાર યાદ આવે, એ તો બહુ ઝાઝીવાર યાદ આવે.

ઉત્તર :- કો'કવાર યાદ આવે. આ .. ઓહોહો..! લાવ ૩૦ લાખ અહીં નાખો, ૧૦ લાખ અહીં નાખો, ધૂળ લાખ અહીં નાખો. મોટરું આ કરો, ધૂળની આ કરો. બબ્બે લાખ, સવા લાખની મોટરું. હવે એમાં દુઃખ ક્યાં લાગે? મૂરખ છે, અહીં તો કહે છે. સુખ તે એમાં છે? એ તો કલ્પના તારી એ તો દુઃખરૂપ ઝેર છે. ગુજરાતી સમજો છો ને? એ તો ગુજરાતમાં રહે છે ને હવે તો. મુંબઈમાં. બરાબર બોલતા હતા. રાતે બોલતા હતા ત્યારે સમજતા હતા. કીધું બોલે છે હવે. સમજાય છે કાંઈ?

ભાઈ! તને ખબર નથી. એ સુખ નથી કલ્પનામાં પુણ્ય-પાપની અને નથી સુખ બાહ્યની ચીજમાં. સુખનું ધામ ભગવાન આત્મા છે. ભાઈ! તને ખબર નથી. તારા અંતરમાં વસ્તુ છે એનો કાયમી સ્વભાવ આનંદ, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વભાવ શાંતરસ છે. એવી જેને દૃષ્ટિ નથી એ દુઃખી છે. એ દુઃખની દૃષ્ટિ જેને ટળી છે એટલે પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિમાં સુખપણું ટળ્યું છે. હું આત્મા છું, હું આનંદ છું, શુદ્ધ છું, એવી અંતરના સ્વભાવના ભાવની જેને પ્રતીતિ અંતર સન્મુખ થઈને અનુભવમાં આવી છે એ જીવ સુખી છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

એ જીવને અહીંયાં કહે છે કે એવો જે જીવ પોતાના આત્માના આનંદની દૃષ્ટિ થઈ છે એથી એને પુણ્ય અને પાપના ભાવનું કાર્ય મારું એમ સ્વીકારતો નથી. અરે..! આ તે હું હોઉં? હું તો જ્ઞાન છું, આનંદ છું ને. આ શુભ-અશુભ રાગ થાય છે એ તો ઝેર છે. એ કર્મચેતના મારી નહિ. મારું એ સ્વરૂપ નહિ. માટે તે પુણ્ય-પાપના ભાવને છોડીને સ્વરૂપમાં એકાગ્રતા થવા માગે છે. અને પૂર્વના પડેલા કર્મો જે છે એના ફળ કાળમાં પોતાની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય વસ્તુની છે તેથી તેના ફળ કાળમાં પણ આત્મા પોતાના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ છે એથી કર્મના ફળને ધર્મી ભોગવતો નથી. આત્માની એકાગ્રતાની શાંતિને ભોગવે છે. લોજિકથી તો વાત છે. આ કાંઈ ગડબડી વાત નથી. ન્યાયથી તો વાત પણ હવે કાંઈ દરકાર જ ન મળે જગતને. કહો, સમજાય છે કાંઈ? કેમ રાજકુમારજી! વાત બરાબર છે કે નહિ? કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સુખ છે ત્યાં? બહુ પ્રેક્ટિસ ચાલે છે માટે ઘણું સુખ છે એમ છે એમાં? ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- બહુ પ્રેક્ટિસ ચાલે તો ઘણું સુખ...

ઉત્તર :- દુઃખ છે. દુઃખ નથી તો શું છે? રાગ ઉત્પન્ન થાય છે કે ઓહોહો..! પૈસા મળે છે.. પૈસા મળે છે. પરલક્ષી ભાવ છે, વિકાર છે, દુઃખ છે, જંજાળ છે, આકુળતા છે.

અહીં તો એ તો આકુળતા (છે) પણ જેને શુભભાવ થાય-આ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા શુભ એ પણ આકુળતા છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! એ ક્ષણિક આકુળતાના ભાવ વિનાનો ત્રિકાળી અનાકુળ આનંદ સ્વરૂપ આત્મા છે. એવો જેને અંતરમાં સ્વભાવ દૃષ્ટિનો સ્વીકાર થયો છે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને ધર્મી કહીએ, એને સુખનો અગ્રેસર સુખી થવાને લાયક કહીએ એને. એ સુખ પરમાનંદની પ્રાપ્તિ કરવાને તૈયાર થઈ ગયો છે એ. કહો, સમજાય છે કાંઈ? એવો સમ્યગ્દૃષ્ટિ એમ ભાવના કરે છે... કહો, સમજાણું?

'**હું (જ્ઞાની હોવાથી)...**' છે? હું એ સિદ્ધ કર્યું પહેલું. હું. તો હુંમાં અસ્તિપણું બતાવે છે. હોવાપણું. હું આ. એમ બતાવે છે ને? હું આ. આકાશના ફૂલ અને સસલાના શીંગડા નથી તો આ સસલાના શીંગડા એમ હોઈ શકે? છે નહિ એને આ શું કહેવું? છે નહિ એને (એમ કહે કે) આ જગતમાં મોટી ચીજ છે કે નાની છે. પણ છે જ નહિ એમાં મોટી-નાની શું કહેવી? એમ આત્મા છે. ભગવાન આત્મા હું. હું એટલે? જેમાં હોવાપણામાં પૂર્ણ આનંદ અને શાંતિ એ હું. એ હું. આહાહા..! હું નથી પુણ્ય-પાપના ભાવમાં, હું નથી પૈસા, લક્ષ્મી, કુટુંબ ને શરીરમાં. હું જેને કહીએ ત્યાં તો શુદ્ધ આનંદ અને જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આ વાત પણ કયે પલાખે શીખવી? કોઈ દિ' માણસે રસ્તો લીધો નથી. અરે.. હેરાન-હેરાન દુઃખી બિચારા. આહાહા..! વીસ વર્ષનો છોકરો આમ મરતો હોય અને હાય.. હાય.. મા-બાપ માથા ફોડે હોં! એકનો એક દીકરો હોય. બે વર્ષનું પરણેતર. લીલા સાઠા જેવી દીકરી હાય હાય રે.. આ મકાનમાં મીઠાશ લાગતી હતી એ ભૂત જેવું લાગે. હાય રે છોકરા ગયા. બાયડી રાંડી રાંડ, છોકરો નહિ, નિર્ધનતા. સાધન હોય તો એનું લક્ષ કરે છે એ બધું પરાધીન છે.

ભગવાન આત્મા એ બધી પરાધીનતાની લાગણીઓ અને વસ્તુઓ એમાં નથી, આત્મા એમાં નથી. એમાંથી ભિન્ન છે એવો જે આત્મા. '**હું...**' એમ શબ્દ છે ને પહેલો? '**(જ્ઞાની હોવાથી)...**' મેં મારા સત્તાના શુદ્ધ સ્વરૂપમાં, આનંદ અને શાંતિ છે એમ મેં જાણ્યું છે એવો હું જ્ઞાની. એટલે મારા શુદ્ધ સ્વરૂપને મેં જાણ્યું છે કે હું તો આનંદ અને જ્ઞાન છું. એવો '**હું (જ્ઞાની હોવાથી)...**' જ્ઞાની હોવાથી. જ્ઞાનનું ભાન હોવાને કારણે '**મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહો..! શું વાત લીધી આચાર્યે!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારી જ્ઞાનની વર્તમાન દશા એને એક મતિજ્ઞાનાવરણીય નામનું કર્મ નિમિત્ત છે. હીણી દશા છે ને હીણી? ઓછી? એમાં એક મતિજ્ઞાનાવરણીય નામનું નિમિત્ત (છે). હીણી થાય એ અંતરના લક્ષે હીણી ન થાય. હીણી, ઓછી દશા જ્ઞાનની ઓછી દશા છે એ સ્વને લક્ષે ન થાય. એ પરને લક્ષે (થાય). તો પર જે ચીજ છે એને અહીંયાં મતિજ્ઞાનાવરણીય કહેવામાં આવે છે. એના લક્ષમાંથી જે કાંઈ પર્યાયની હીણી દશા થાય એ હું નહિ. આહાહા..!

એ '**મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' હું તો જ્ઞાયક છું. એ પછી લેશે. નથી ભોગવતો એ નકાર લીધો. મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિ તેનું લક્ષ જે હોય તો એની હીણી દશાને અનુભવે. સમજાય છે કાંઈ? મતિજ્ઞાનાવરણીયના લક્ષે થયેલી હીણી દશા એનું લક્ષ ત્યાં હોય તો તેને અનુભવે. પણ ધર્મીનું લક્ષ મતિજ્ઞાનાવરણીયની હીણી દશા ઉપર નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા હું ચૈતન્ય સ્વભાવનો દરબાર ભરેલો છે મારામાં. એવા દરબારી ઊંચી ચીજનું સત્ત્વ તે હું. એમાં આ મતિજ્ઞાનાવરણીયમાં જોડાયેલી દશા એને હું ભોગવતો નથી. કેમ કે મારું લક્ષ ત્યાં નથી. મારું લક્ષ ચૈતન્ય શુદ્ધ ધ્રુવ ઉપર છે. આહાહા..! નવનીતભાઈ! જ્ઞાનની દશા ઓછી તો દેખાય છે કે નહિ? પૂર્ણ હોય તો કૈવલ્ય હોય. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો એનો સ્વભાવ છે સ્વતઃ. જ્ઞાનની વર્તમાન અવસ્થા ઓછું જાણવાની ઓછું જે છે એટલું જ જેને લક્ષ અને તેમાં જેની રુચિ છે એ તો અસત્યદૃષ્ટિ છે એથી તેને ઉણી દશાનું વેદન દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? હું વસ્તુપણે ભગવાન આત્મા અનંત ગુણનો દરબાર આત્મા છે. એવો હું એ મતિજ્ઞાનાવરણીયની નિમિત્તતામાં જે પર્યાયની હીણી દશા નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં થાય એ સંબંધ જ હું નથી. ભાઈ! આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વ્યવહાર છે. મારો સંબંધ ભગવાન પૂર્ણાનંદ ઉપર થયો છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ?

મીરાબાઈ કહે છે ને એના ઈશ્વરની ભક્તિ કરવામાં? રાણા કહે છે. રાણો કહે છે. ભક્તિ એની છે. રાણો પરણીને આવ્યા છે. મોટો રાજા ચિત્તોડનો રાજા. અરે.. મીરાં મારા રાજમાં આવ. તને રાણી-પટરાણી કરી દઉં. પણ આની ઈશ્વરની પ્રીતિ એવી જાગી ગયેલી. ઈશ્વર માનીને હોં. 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહી રે બાંધુ.' આ મીંઢોળ નથી બાંધતા? આ પરણે ત્યારે. ઓલા લાકડા. પોલા લાકડા. પોલા લાકડા. મીંઢોળ. મીંઢોળ કહે છે તમારે? શું કહે છે એને? શું કહે. આટલા આટલા ગોળ બાંધે.

મુમુક્ષુ :- ટંકણ.

ઉત્તર :- ટંકણ કહે એને? મીંઢોળ કહે અમારે અહીં. 'પરણી મારા પીયુજીની સાથ રે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બીજાના મીંઢોળ નહી રે બાંધું. નહી રે બાંધુ રે રાણા નહી રે બાંધુ, નહી રે બાંધુ રે રાણા નહી રે બાંધુ. પરણી મારા પીયુજીની સાથ.' મારો ઈશ્વર મને અંદર ભાળે છે. એની સાથે મને પ્રીતિ લાગે છે. હવે મારી પ્રીતિ ત્યાં નહિ લાગે.

એમ સમ્યગ્દ્રષ્ટિ કહે છે 'લગની લાગી દ્રવ્યની સાથ એ પર્યાયના ભોગવવા નહિ રે કરું.' એ તો વાત હોય ઈ ખરી. પણ આ છે. મારો પીયુ પરમેશ્વર મારો પીયુ મારી પાસે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હું એક આનંદસ્વરૂપ છું. શુદ્ધ ચૈતન્યને ધારનારી ધાતુને ધારનારો હું છું. હું પુણ્ય-પાપને ધારું અને કર્મને રાખું અને કર્મના ફળને ભોગવું એ હું નહિ. એ હું નહિ. એ હું હતો ત્યાં વયો ગયો એ. આહાહા..! જે અનાદિથી કર્મના પુણ્ય-પાપના રાગનું કરવું અને તેના કર્મ બંધાયેલાને ભોગવવું એ હું નહિ હવે. એ બીજો થઈ ગયો હું હવે. આહાહા..! જુઓ! આનું નામ ધર્મદષ્ટિ. બાપુ! જેના ફળમાં શાંતિ છે. સમજાય છે કાંઈ?

'**હું (જ્ઞાની હોવાથી) મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' મારી પ્રીતિ, મારી પ્રીતિ, મારું લક્ષ-ધ્યેય તો શુદ્ધ ધ્રુવ ધ્યેય છે મારું. હું તો શુદ્ધ ધ્રુવ ધ્રુવ નિત્ય એનું મારું ધ્યેય છે. એ ધ્યેયમાં થતી પર્યાયને હું અનુભવું. હીણી અવસ્થાને અનુભવું એ મારું સ્વરૂપ છે નહિ. મગનભાઈ! આહાહા..! એ વીતરાગ માર્ગ સિવાય આ વાત ક્યાંય હોય નહિ. એક તો ત્રિકાળી ધ્યેય, એની વર્તમાન અવસ્થા, એને નિમિત્તરૂપ કર્મ, એ કર્મના અનંતા રજકણો, એની અવસ્થાનું જોડાણ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ વ્યવહાર તૂટીને જ્ઞાયક સ્વભાવ ઉપર નિશ્ચય થતાં તેની પર્યાય અભેદ થાય છે, પર્યાય અભેદ થાય છે તેથી ભેદનો અનુભવ મારે નથી. (આવી) સાચી વાત વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! બીજા ધર્મ અપૂર્ણ છે. ખબર છે ને? કહેતા હતા ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ગયું બધું. આ તો એક દાખલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હમણા નહિ. પહેલાની વાત છે આ તો. એ (સંવત) ૧૯૮૨ની વાત છે. ભાઈનું આવે છે ખરું ને? શ્રીમદ્‌માં આવે છે ને? એમ કે બીજા ધર્મ અપૂર્ણ છે, વિપરીત કેમ કહેવા? એમ કરીને. ભાઈ (સાથે) પહેલી વાત થઈ હતી. વાત અમારે થાય એકવાર હોય તો લક્ષમાં રહી જાય એમ ને એમ. પછી ૫૦ વર્ષે થાય. ખબર છે ને?

મુમુક્ષુ :- ...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- આત્મા પણ કહેવો કોને? આવો માને એને આત્મા માન્યો કહેવાય.

મુમુક્ષુ :- આત્માને માને તો ..

ઉત્તર :- આત્મા માનતો નથી. આત્મા અનંત ગુણનો પિંડ, શાંતિનો સાગર અને અખંડ અભેદ છે તેને માને ત્યારે આત્મા માન્યો કહેવાય. એક સમયના અંશને અને રાગને માને એ તો અણાત્મા છે. વ્યવહારે આત્મા, નિશ્ચયથી અણાત્મા છે. સમજાણું કાંઈ? ન્યાયથી સમજવું પડશે કે નહિ? એમ ને એમ ચાલે કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. શુદ્ધ ચૈતન્ય વસ્તુ ધ્રુવ.. ધ્રુવ.. નિત્ય.. નિત્ય... નિત્ય... નિત્ય.. કાયમનું એવું ને એવું તત્ત્વ છે. એની એક સમયની અવસ્થા અને રાગદ્વેષ એટલાને માનવો એ આત્મા અસ્તિક કહો વ્યવહારને માનનારો, ખરેખર એ વ્યવહાર અભૂતાર્થ અણાત્મા છે. એને આત્મા માને છે. એય..! હિંમતભાઈ! ભારે વાતું ભાઈ! બાપા! પરમાત્મા અનંત જન્મ-મરણના અંત કરીને... આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' શ્રીમદ્ કહે છે ને અપૂર્વ અવસરમાં? ૨૯ વર્ષે.

સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,<br>
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.<br>
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.

જે આત્માની દશામાં શરૂઆત અનંત સમાધિ નામ આનંદની થાય, અનંત જ્ઞાન અને દર્શનની થાય એ ક્યારે અવસર આવશે? એની ભાવનામાં આ ભાવના હોય છે. સમજાણું કાંઈ? એની ભાવનામાં આ ભાવના ભાવે તેને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. એમ વાત છે. સમજાણું કાંઈ?

કહે છે, હું એક ધર્મી છું. મારા વસ્તુના ધર્મો જે સ્વભાવ છે એનો ધરનાર હું એવો એક ધર્મી છું. એ મારા સ્વરૂપમાં શુદ્ધતા ને આનંદ ને અનાકુળતા ને શાંતિ પડી છે. એવું પરિપૂર્ણ તત્ત્વ તેને અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ્યું છે તેને ખરેખર આસ્તિક કહેવામાં આવે છે. આ આસ્થાને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ હું એક ધર્મી કર્મના ફળને નથી ભોગવતો. એ તો નાસ્તિથી વાત કરી. ત્યારે છે શું?

'**ચૈતન્યસ્વરૂપ આત્માને જ...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ વસ્તુ સ્વભાવવાન, વસ્તુ સ્વભાવવાન. એનો સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ, જાગૃત ચૈતન્ય દર્શન, આનંદ આદિ સ્વરૂપ એ હું. એવા '**આત્માને જ...**' જુઓ! હીણી દશાને નહિ અને આવા આત્માને જ હું '**સંચેતું છું...**' ઓહોહો..! સમજાણું કાંઈ? '**ચૈતન્યસ્વરૂપ...**' જુઓ! પાછો આત્મા કેવો? આ કીધો. ચીમનભાઈ! આ આત્મા. છે શબ્દ? જુઓ! એક એક શબ્દમાં (મર્મ છે). ચૈતન્યસ્વરૂપ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો ચૈતન્યસ્વરૂપ તે ચૈતન્યમાં અપૂર્ણતા કેવી? પૂર્ણ ચૈતન્યસ્વરૂપ એવો આત્મા. એ આત્મા થયો અને ચૈતન્યગુણ થયો એને, એને જ સંચેતું છું. એ પર્યાય થઈ. શું કીધું? દ્રવ્ય-ગુણ-પર્યાય આ ત્રણ આવ્યા. હું ચૈતન્યસ્વરૂપ આત્મા. જાણવું એ જાણવાની સાથે અનંતા અવિનાભાવી એટલે કે જ્યાં જાણવું છે ત્યાં આનંદ છે અને આનંદ છે ત્યાં જાણવું છે- એકબીજા વિના હોઈ શકે નહિ એવા જે અનંતા ગુણો એવું જે ચૈતન્ય સ્વરૂપ, એવો જે આત્મા એ આત્મા વસ્તુ થઈ અને ચૈતન્ય સ્વરૂપ એના ગુણ થયા. ગુણ નામ શક્તિ થઈ, શક્તિ નામ સત્‌નું સત્ત્વ-ભાવપણું થયું. ભાવપણું. સમજાણું કાંઈ? એને જ સંચેતું છું. લ્યો! અહીં તો પણ રાગદ્વેષ થાય છે તને. રાગદ્વેષ મને છે જ નહિ. અને કર્મના ફળની પર્યાય જ મારામાં નથી ને. એય..! વજુભાઈ! આહાહા..!

ભગવાન આત્મા હું તો આત્મા છું. અને ચૈતન્યસ્વરૂપ એ મારો સ્વભાવ છે, શક્તિ છે, સત્વનું સત્વપણું, સત્‌નું હોવાપણું, સત્‌નું ભાવપણું એની પ્રતીતિ થઈ છે અનુભવમાં. માટે હું તેને સંચેતું છું. સં-એના બેયના અર્થ કરશે. હું સંચેતું છું. **'અર્થાત્ એકાગ્રપણે અનુભવું છું.'** એ સંચેતનો અર્થ કર્યો. **'એકાગ્રપણે અનુભવું છું.'** મારી અંતર એકાગ્રતા તો વસ્તુ તરફ જ છે. સમજાણું કાંઈ? હું એકાગ્રપણે અનુભવું છું. હવે એને સંચેતું છું એની વ્યાખ્યા કરે છે. સં-નો અર્થ એકાગ્ર કર્યું, ચેતુંનો અર્થ અનુભવં કર્યું. છે ને શબ્દ? એની વ્યાખ્યા કરે છે.

'**(અહીં ચેતવું એટલે અનુભવવું,...**' હું ભગવાન આત્મા જે મારા ધ્યેયમાં મને મારું સ્વરૂપ જે ભાસ્યું છે એ વિષય મારો પર્યાયમાં, એને વિષય મેં કર્યો છે, મેં ધ્યાનમાં તેનો વિષય કરીને એને હું અનુભવું છું. સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દષ્ટિને દ્રવ્ય ને ગુણ ને પર્યાય ત્રણે શુદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અશુદ્ધ જે પરિણમન છે એ તો મિથ્યાદષ્ટિમાં શુદ્ધપણાના ગુણ ને ગુણીની એકતાનું ભાન નહોતું ત્યારે પુણ્ય-પાપના વિકલ્પની એકતામાં અશુદ્ધ પરિણમન મિથ્યાત્વ હતું ત્યાં હતું. સમજાય છે કાંઈ? ભારે ધર્મ! લોકો કહે પણ આવું મોંઘુ કરી નાખ્યું. પણ મોંઘુ આવું છે એમાં મોંઘુ કરે કોણ? કેટલાક કહે છે, સોનગઢવાળાએ મોંઘુ બહુ કર્યું. પણ ભગવાનને કહે જા કુંદકુંદાચાર્યને. આહાહા..! લોકોએ માન્યું છે ક્યાંક અને નીકળ્યું કાંઈક એટલે એને લાગે એય..! આ બધો ધર્મ? આ મૂળ ધર્મ? પણ આવો ધર્મ છે ત્રણ કાળ ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' સમજાણું કાંઈ?

કહે છે, એકાગ્રપણે હું તો અંતર ચાહે સો વિકલ્પ હો પણ ધ્રુવ તરફની દૃષ્ટિનું એકાગ્રપણું ધર્મીને કોઈ દિ' ખસતું નથી. સમજાણું કાંઈ? ત્યારે કહે, આવું અમારે ન હોય તો? ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય તો એમ કર. આ કરવા જેવું છે. એ તો કહે છે. ત્યારે અમારે કરવું શું? પણ આમ કર. વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે સત્ શાશ્વત જ્ઞાન આનંદ એની દૃષ્ટિ કર, એમાં ઢળ, એમાં વળ, એને ધ્યેય બનાવ, એને ધ્યાનનો વિષય કર. સમજાણું કાંઈ? આ કરવા જેવું છે. બાકી બધા હેરાન થવાના રસ્તા છે.

'**(અહીં ચેતવું એટલે અનુભવવું,...**' હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છું એને અનુભવું છું. અનુ એટલે વસ્તુની શક્તિઓ-સ્વભાવ તેને અનુસરીને મારી દશા થાય એને અહીંયાં અનુભવવું, ચેતવું કહેવામાં આવે છે. અથવા વેદવું. અનુભવવું અથવા વેદનમાં વેદનમાં શાંતિ આવે. રાગ પુણ્ય-પાપના ભાવ નહિ પણ કર્મના ફળના લક્ષમાં જે અલ્પજ્ઞતા એ નહિ. હું તો આત્મા તરફના ધ્યેયમાં મારા સ્વરૂપને જ વેદું છું. વેદનમાં વિકાર નથી. વેદનમાં અલ્પજ્ઞનું લક્ષ નથી એથી મારા ધ્રુવના લક્ષે જે દશા થાય તેને હું વેદું છું. ભારે કામ આકરું. કહો, સમજાણું?

'**ભોગવવું.**' ત્રીજો શબ્દ. ભોગવવું. અનાદિથી વર્તમાન પર્યાય એટલે દશામાં જે હરખ-શોકનો અનુભવ હતો, હરખ-શોકનો અનુભવ-ભોગવટો હતો, એ મિથ્યાદૃષ્ટિમાં, અસત્યદૃષ્ટિમાં, પર્યાયબુદ્ધિમાં વિકારનો અનુભવ-ભોગવટો હતો. એ વસ્તુની દૃષ્ટિ થતાં હું મારા શુદ્ધ સ્વભાવને પર્યાયમાં ભોગવું છું. એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? હવે એની વ્યાખ્યા કરે છે. એ તો ફક્ત ચેતવાની વ્યાખ્યા કરી ત્રણ. પણ શબ્દ સંચેતુ છે ને? એટલે ચેતવું એટલે અનુભવવું એટલે વેદવું અને ભોગવવું એવા ચાર શબ્દ થયા. હવે સં કરે છે. સંચેતન શબ્દ પડ્યો છે ને? સંચેતવું.

'**સં ઉપસર્ગ લાગવાથી,...**' વ્યાકરણનો નિયમ છે ને સં-ઉપસર્ગ છે. '**સંચેતવું એટલે એકાગ્રપણે અનુભવવું...**' એટલે મારા ધ્રુવના ધ્યેયની એકાગ્રતા કોઈ દિ' ખસતી નથી. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? છે ને એમાં જુઓને અંદર. આ તો પાઠ સાથે મેળવવું પડશે કે નહિ? શાસ્ત્ર શું કહે છે, એના ભાવ શું છે એને સમજવા પડશે કે નહિ? સમજ્યા વિના ક્યાં જાશે ઈ? સમજાણું કાંઈ? તેથી સમજાણું કાંઈ એમ આવે છે ને? શું કહેવાય શબ્દ? સાબલે મધ્યે તમારા વિસામાનું વાક્ય આવે ને તમારે. કાંઈક કાંઈક હોય ને કો'ક કો'કને? સમજાય છે? સમજાય છે? અમારે છોટાભાઈને શું આવે છે? કાંઈક એવું આવે છે. સમજ્યા કે? સમજ્યા કે? એવું આવે. એ તો એ શબ્દ કુદરતી હોય છે. સમજ્યાને? તમે કીધું હતું ને એકવાર?

અમારે મામા હતા ને. સંસારમાં મામા હતા વૃદ્ધ. ઘણી જમીન પણ કોઈ નહોતું. વાંઝિયા હતા. એક છોકરો મરી ગયો. પછી ઘણી વાર કહે સાબલે મધ્યે. આપણી બહુ નાની ઉંમર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આઠ-દસ વર્ષની. સાબલે મધ્યે. આમ કહે. પણ જૂના માણસ, ગૃહસ્થ માણસ. એક વાર નાની ઉંમરમાં કહ્યું, મામા! આ સાબલે મધ્યે શું કહો છો તમે? આપણને કાંઈ સમજાતું નથી. સાબલે મધ્યે એમ બોલતા. પછી કહે એનો અર્થ એવો છે કે મને પણ ખબર નથી. આ બધા બોલે છે એટલે બોલું છું. પછી કો'કને મેં પૂછ્યું કે આ શું બોલે છે મામા? કે એમ બોલે છે વાત કરતાં કરતાં બીજા સાથે વાત કરતા, સાબલે મધ્યે એટલે સાહેબને ભલી મતિ થાય જે. એય..! નવનીતભાઈ! આ તો બધા ૭૦ વર્ષ પહેલાની વાતું છે. સમજ્યાને? તે દિ' નાની ઉંમરમાં આ શબ્દ શું કહે? આ શું કહે છે? બહુ વૃદ્ધ હતા. ઘણાં મકાન અને ઘણી દુકાન બધું હતું. .. છોકરો એક હતો. મરી ગયો. પાંજરાપોળ. સાબલે મધ્યે. સાહેબને ભલી મતિ થાય જે. એમ. એક વાક્યમાં કહેતા બીજું વાક્ય કહેવું હોય લાંબુ તો એના વચ્ચે આમ બોલતા. સાહેબને ભલી મતિ થાય જે. એવી તો પહેલી બોલવાની રીત હતી ભાઈ નવનીતભાઈ! કાઠિયાવાડમાં. સામા સાથે વાત કરતા. સાહેબને ભલી મતિ થાય.

એમ અહીં કહે છે કે આત્માને સમજાય કે.. એમ. સમજાય છે? એમ આવે છે ને? સમજાય છે? એ સાબલે મધ્યેનો જ અર્થ છે. એમ કે સાહેબને ભલી મતિ એટલે સમજાય કે. એમ. એઈ..! આહાહા..! અરે..! એણે પોતાની જાતની ઘરની સંપદા જોવાને ઉત્સાહ કર્યો નથી કોઈ દિ'. બહારની રખડપટ્ટી, હેરાન.. હેરાન... હેરાન. શરીર ઓલું થાય. ધનુર થાય તો આમ આમ થાય. હાય.. હાય. મા-બાપ જોવે. પછી કહે, અરેરે..! આપણે પાપ કર્યા હશે. એણે કર્યા હશે અને આપણે જોયા હશે. સમજ્યાને? એમ કહે. શું કરે ત્યાં કોણ ભાગ લેવો છે ધૂળેય તે કોઈ. મોઢું ફાડીને બેસી રહે ત્યાં. અરે..! ઘણા ભાઈ ડોક્ટરોને બોલાવ્યા, ઈંજેક્શન આપ્યા પણ કાંઈ પાછું હટતું નથી. દર્દ એવું આવે કે નહિ? પછી છેલ્લે મરવા ટાણે આવ્યા પછી. ડોક્ટરો કહે ભાઈ જુઓ, ઘણા ઈંજેક્શન આપ્યા, ઘણું કર્યું પાછું હટતું નથી. ખાનગી કહી જાય. નભશે નહિ બહુ. કો'કને કહે નભશે નહિ હવે. માટે ધ્યાન રાખવું. આખી રાત ધ્યાન રાખવું. સૂઈ ન જવું તમારે. સૂઈ ગયો ને મરી જશે તો પાછું ઓલું થાશે. ધ્યાન રાખવું રાતે. વારાફરતી જાગતા રહેવું. એનો અર્થ કે મરી ન જાય એકલો.

મુમુક્ષુ :- આબરૂ જાશે.

ઉત્તર :- આબરૂ જાશે. ક્યારે મરી ગયા? પણ ઘણાંને એવું થયું છે. મેં પૂછયું કેટલા વાગે મરી ગયા. રાતે મરી ગયા. કેટલા વાગે? ક્યારે મરી ગયા? હીરાભાઈના બાપને થયું હતું. આ હીરાભાઈના બાપને એવું થયું હતું. ક્યારે મરી ગયા ખબર નહોતી. એવા ઘણાના દાખલા અમારે તો ઘણા આવ્યા હોય ને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ..નું થયું હતું.

ઉત્તર :- હા. .. નું થયું હતું, તમારે મોટો ઓલો ત્રણ કરોડના બંગલામાં સૂતો હતો. એ પણ ક્યારે મરી ગયો સૂતા ખબર નહોતી કોઈને. સવારે ઉઠ્યા ત્યારે જુએ તો ત્યાં મોટા મોટા બેરિસ્ટર હોય. શું કહેવાય? ડોક્ટરો. બેરિસ્ટર હોય તમારા જેવા. ત્યાં ઓલા મોટા શું કહેવાય મોટા ડોક્ટરને? મોટા સર્જન. એમ કહેવાય ને? એ બિચારો ગયો હશે ત્યાં રાતે ખલાસ. સવારે ઉઠાડવા જાય તો (કંઈ નહિ). આહાહા..! એ પાછું બહાર પાડતા મુશ્કેલ પડે. ઝટ બોલાય નહિ. બહુ મોટા રાજા મરે ને તો એમ ન બોલાય. એ પોઢી ગયા છે એમ કહે. રાજાને એવો રિવાજ છે ભાઈ અહીંયાં. રાજા મરી જાય ને. મરી ગયા ન કહેવાય. રાજા પોઢી ગયા. બહારમાં એમ કહે, પોઢી ગયા છે રાજા. દરબાર પોઢી ગયા એમ કહેવાય. મરી ગયા ન કહેવાય. મોટા રાજા હોય. દસ-દસ લાખની ઊપજ, કરોડની ઊપજ બાર મહિને કરોડ-કરોડની ઊપજ. દરબાર પોઢી ગયા. ત્યારે ઓલા સમજે ઠીક મરી ગયા. મરી ગયા એમ ન બોલાય. આહાહા..! ઓલો મરીને નરકે ગયો હોય તોપણ પોઢી ગયા. અહીંયા માંસ ખાતો હોય, દારૂ પીતો હોય. મરીને હેઠો ગયો હશે. પાણીનો પથરો મૂકે એમ જાય હેઠે. પોઢ્યા. નરકમાં ગયા પોઢ્યા. આહાહા..! અરે..! એને આત્માની ખબર ન મળે. સમજાણું કાંઈ?

અને ઓલો રતલામનો રાજા એક હતો ભાઈ. એ તો દસ નહિ? રતલામનો રાજા. દસ લાખની ઊપજ બાર મહિને. દસ લાખની. આ રતલામ. એ આવ્યો હતો ડોક્ટર અમારી પાસે આવ્યો હતો ડોક્ટર. અહીં બેઠો હતો. એ પોતે કહે તાવ બહુ આવ્યો દરબારને તાવ. તાવ બહુ આવ્યો એટલે એને એમ ન કહેવાય કે સાહેબ! આપને તાવ આવ્યો છે એમ ન કહેવાય. ત્યારે? સાહેબ આપના દુશ્મનને તાવ આવ્યો છે. એટલી હીણી ભાષા સાંભળવી પાલવે નહિ. મરીને જાય નરકે ભલે. આહાહા..! એ ડોક્ટર કહેતા હતા હોં ઓલા ડોક્ટર. એ હરકિશન. લાલજીભાઈના ભાઈબંધ. લાલજીભાઈના ભાઈબંધ તમારે એય..! ચીમનભાઈ!

મુમુક્ષુ :- અહીં આવ્યા હતા ત્યારે.

ઉત્તર :- હા એ. અહીં આવ્યો હતો ને. અને પછી આવ્યો હતો. બે વાર આવ્યો હતો. ત્યાર પછી પણ આવ્યો હતો. એ પછી આ બોલતો હતો મારા રાજાને હવે ઊપજ દસ લાખની બહારની. દસ લાખ પણ ધૂળ જેવા. અત્યારે દસ લાખ કેટલાય પેદા કરે છે. એને એમ ન બોલાય કે સાહેબ આપને તાવ આવ્યો એમ ન બોલાય. કહો આટલું અપમાન! આહાહા..! નરકમાં રવ-રવ નરકે જાય ત્યાં અપમાનનો પાર ન મળે. એણે પણ સહ્યા છે ને. આપના દુશ્મનને તાવ આવ્યો છે તો બીજા ડોક્ટરને બોલાવી લ્યો. એમ ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને બહુ ન કહેવાય. કહો, નવનીતભાઈ! આહાહા..! અરે..! ભગવાન! ક્યાં તેં સહન કર્યા બાપા! મૂળામાં, શક્કરકંદમાં, બટાટામાં જન્મ્યો તે માલ ચાર પૈસાનો શેર લીધો. અત્યારે તો મોંઘું હશે તમારે. પણ પહેલાની વાત છે. ચાર પૈસે શેર લે તો ઓલી છોકરી સાથે હોય તો કહે મૂળો બા. બાપા! મને મૂળો દ્યોને. મૂળો-મૂળો સમજાય છે ને? મૂળી. મૂળામાં બેઠો હોય એ ભગવાન. આ મૂળામાં મફતમાં જાય. મફતમાં વેંચાણો. એને અહીં એટલું અપમાન સહન થાતું નથી. આહાહા..! મૂળો આપે. એવો આપણે રીવાજ હતો પહેલા. શાક લેવા જાય ને. છોકરી સાથે હોય એના બાપ સાથે. મૂળા પડ્યા હોય ને. નાની મૂળી ન પડી હોય? તો કહે લઈ જા.. લઈ જા. એ મૂળીમાં અનંત વાર બેઠો છે બાપા! તને ખબર નથી ભાઈ! આવા અવતાર કરતા.. કરતા.. કરતા... તું અનાદિનો છો. રહ્યો હતો એમાં. એ જ્યાં એને આકુળતા અને દુઃખ લાગે છે જીવને.. આહાહા..! અરે..! મારી ચીજ કઈ છે? હું શાંતિ ગોતતો, પણ શાંતિ ક્યાં છે? સમજાણું કાંઈ? એ શાંતિ અંતરમાં જોતા ધર્મી શાંતિમાં એકાગ્ર થાય છે. એ સંચેતવું એનું નામ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મારી શાંતિનું ઝરણું, એ શાંતિ એટલે અકષાય ભાવનું ઝરણું તો હું છું. એમાં એકાગ્ર થતાં શાંતિ વેદાય એ મારી ચીજ છે. બાકી કર્મના ફળને વેદન કરું અને પુણ્ય-પાપ એ મારી ચીજ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ભારે ભાઈ! એ એક બોલ થયો. એક બોલ થયો ને. કાલે કહ્યો હતો થોડો.

હવે, '**હું શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો...**' બીજું કર્મ છે. આત્મા જ્ઞાનસ્વભાવ છે વસ્તુ એનો સ્વભાવ. એની પર્યાય એટલે અવસ્થા પાંચ પ્રકારની થાય છે. અવસ્થા. અવસ્થા એટલે હાલત-દશા. એક મતિજ્ઞાન, એક શ્રુતજ્ઞાન, એક અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન. પાંચ અવસ્થા છે. એ પાંચ અવસ્થાના નિમિત્તો આવરણ પાંચ છે. સમજાણું કાંઈ? એમાં મતિજ્ઞાનાવરણીયની વાત કહી. હવે બીજું શ્રુતજ્ઞાનાવરણીય. જે શ્રુતજ્ઞાનની અવસ્થા હીણી દેખાય છે એ શ્રુતજ્ઞાનાવરણીયના લક્ષે. વિકાસ નથી એ પરના લક્ષે હીણી થાય છે. સ્વના લક્ષે હીણી ન થાય.

ભગવાન તો ચૈતન્ય મધ્યબિંદુમાં, જેમ દરિયાના મધ્યબિંદુમાં એટલી તાકાત છે પાણીની આમ ભરતી જ્યારે આવે, કાંઠે આવે તો ત્રણ ત્રણ, ચાર ચાર માથોડા ઉછળે પાણી. એ કાંઈ ઉપરથી આવે છે? અને કદાચિત્ ૧૧૮ ડિગ્રીનો તડકો હોય પણ જ્યારે કાંઠે જ્યારે દરિયાનું પાણી આવે એ મધ્યમાંથી ઉછળે છે. મધ્યબિંદુમાં એટલું પડ્યું છે કે ફડાક બહાર આવે. સમજાણું? એમ આત્માના મધ્યબિંદુ ધ્રુવમાં, ધ્રુવ નામ કાયમ છે એવું મધ્યબિંદુમાં બેહદ જ્ઞાન અને બેહદ શાંતિ પડી છે. પણ ક્યાં ગોતવા જવું? કોઈ દિ' નજર કરી નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુમાન કરીને આવો હોય એવું પણ નક્કી કર્યું નથી. સમજાણું કાંઈ? કહે છે કે એ શ્રુતજ્ઞાન એક ઉઘડેલું જ્ઞાન ઓછું દેખાય છે ને? એમાં શ્રુતજ્ઞાનનું નિમિત્ત છે શ્રુતજ્ઞાનવરણીય.

'**હું શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એ હીણી દશા મારી નહિ. આહાહા..! એને ખેદ નથી. હીણી દશા એટલે કે અરર...! અરે..! હું તો જ્ઞાનનો પિંડ છું ને. ચૈતન્યસ્વરૂપ આત્મા છું. તેના તરફની એકાગ્રતા એ મારી ચીજ છે. આ શ્રુતનું થોડું આવડ્યું, ન આવડ્યું એની સાથે એને સંબંધ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? એ હીણી દશા. જુઓને! પર્યાયને ઉઠાવીને દ્રવ્યદૃષ્ટિ થઈ ત્યાં પર્યાયનો મને અનુભવ નથી એ જાતનો. એમ કહે છે. સમજાણું કાંઈ? જે જ્ઞાન મધ્યબિંદુમાં ચૈતન્યસ્વરૂપ જે આત્મા. એ આત્મા દ્રવ્ય થયો, ચૈતન્ય ગુણ થયો. એટલે શ્રુતની પર્યાય હીણી જે એમાં છે એ તરફ લક્ષ નથી. લક્ષ અહીં છે. એથી શ્રુતજ્ઞાનાવરણીયના નિમિત્તના ફળમાં હીણી દશા (થાય) એને હું ભોગવતો નથી. તેમ તે તરફ મારું લક્ષ નથી. તેને મેં ધ્યેય બનાવ્યું નથી. મારા ધ્યેયનું ધ્યાન તો સ્વરૂપ ધ્રુવ ઉપર છે. ભારે વાતું! ભારે વાતું. આચાર્યે તો ઊતાર્યું છે ને પણ. સમજાણું કાંઈ? જ્યાં મારી પ્રીતિ છે ત્યાં બધું ભર્યું છે. એમાં એકાગ્રતા છે. મારી એકાગ્રતા કર્મના નિમિત્તના ફળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! થઈ ગયો કેવળી? તો એમ કહે. લ્યો! શ્રુતજ્ઞાનાવરણીયના ફળને હું ભોગવતો નથી. ઓહોહો..! હવે સાંભળને. કેવળી અહીં ક્યાં કહેવું છે? કેવળીની એ પણ પર્યાય છે કહે છે, સાંભળને. એય..! આહાહા..! કેવળ થઈ જાઓ એ જુદી વાત, પણ કેવળ તે એનો અનુભવ-એક સમયની પર્યાયનો અનુભવ મને નથી એમ કહે છે અહીં. પર્યાયના લક્ષે પર્યાયનો અનુભવ નથી. દ્રવ્યના લક્ષે થાય તે પર્યાયની મને દરકાર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધ અનુભવે એ તો થઈ ગઈ દશા. હવે અહીં તો સાધકપણે છે એટલે મારે પર્યાય તરફનું લક્ષ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? 'આ તે રંગ શાના રે બીબે બીજી ભાતું પડે.' એ બીજે બીબે ભાતું બીજી પડે, કહે છે અહીં તો. ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ છે ને. એ ધ્રુવમાં જ્યાં ધ્યાનમાં એની દૃષ્ટિ પડી છે જ્યાં. કહે છે કે એ શ્રુતજ્ઞાનાવરણીયની પર્યાય એનું હીણું જે ફળ, શ્રુતજ્ઞાનાવરણીયનું નિમિત્ત અને આ નૈમિત્તિક બેય વ્યવહારમાં હું નથી એમ કહે છે. એવા બેય વ્યવહારમાં હું નથી. આહાહા..! થઈ ગયો નિશ્ચય? હવે સાંભળને! નિશ્ચય થયો.

ભગવાન આત્મા જ્ઞાનના બિંદુના મધ્યબિંદુમાં... સમજાય છે? શું આવે છે? શ્રીમદ્‌માં આવે છે ને. 'પ્રવચન સમુદ્ર બિંદુમાં ઉલસી આવે જેમ, ચૌદ પૂર્વની લબ્ધિનું ઉદાહરણ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તેમ...' સમજાય છે? 'પ્રવચન સમુદ્ર બિંદુમાં ઉલસી આવે...' ઉછળે જેમ અંદરથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે શુદ્ધ ચૈતન્યનું અંતર અપરિમિત સત્ત્વ અને શક્તિનો જેનો સ્વભાવ અમાપ છે એમાંથી ફાટ્યો પ્યાલો પર્યાયમાં. એને શું કહેવું? સમજાય છે? એ ચૌદ પૂર્વની લબ્ધિ આમ થઈ જાય છે. એ કાંઈ ભણ્યે ગણ્યે થાતા નથી. સમજાણું કાંઈ? ભણવા-ગણવામાં તો વિકલ્પ થાય અને વિકલ્પ તો પરલક્ષી થાય. આહાહા..! એ શ્રુતનું અહીં તો યાદ આવ્યું હોં! ચૌદ પૂર્વ આવે છે ને? લ્યો આમાં એ આવ્યું. ચૌદ પૂર્વ અને બાર અંગ એ ક્યાંથી ઉઘડે છે? એમ કહે છે. આમ વસ્તુ છે ને. પણ એને બેસવું કઠણ ભારે પડે છે. કારણ કે પર્યાયના પ્રગટ અંશને જ અંદાજેથી જોયો, અનુભવ્યો ને જાણ્યો ને માન્યો. આખી ચીજ જે અપ્રગટ પર્યાયની અપેક્ષાએ અપ્રગટ વસ્તુ અપેક્ષાએ પ્રગટ. સમજાણું? એને અપરિણામી વસ્તુ કહીએ. ક્યાં ગયા જગજીવનભાઈ? એવો ભગવાન આત્મા...

સોગાનીના પત્રમાં અપરિણામી બહુ આવશે. લખ્યું છે કે નહિ થોડું થોડું? લખ્યું છે? તો સમજાશે. અપરિણામીનો અર્થ કે પર્યાય વિનાનું તત્ત્વ-દ્રવ્ય. સમજાણું કાંઈ? એક વાર તો એમ પણ કહી દીધું કે પરિણામી અને પરિણામ એમ ન કહો. અપરિણામી અને પર્યાય એમ કહો. આવે છે? વાત સાચી છે. એમ કે પરિણામી વસ્તુ અને પર્યાય, પરિણામી અને પર્યાય.. લોકોને તો એવું લાગે એવું છે. કાળ જ એવો છે. ભાઈ! એ તો વસ્તુની સ્થિતિ એવી છે. વસ્તુ ભગવાન ધ્રુવ છે ત્યાં પરિણમવું છે ક્યાં? પરિણમન એ તો પર્યાયમાં પરિણમન છે. વસ્તુ જે ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિઅનંત એકરૂપ ચૈતન્ય જેને કાળની શરૂઆત ને કાળની હદ નહિ, સ્વભાવનું માપ નહિ. શું કીધું?

ભગવાન આત્મા જે ધ્રુવ છે એની કાળની શરૂઆત શું? છે ને. ભવિષ્યમાં નાશ છે ક્યાં? અને વર્તમાન સ્વભાવનું માપ શું છે ધ્રુવનું? અમાપ તત્ત્વનું તત્ત્વ છે આ તો. સમજાણું કાંઈ? એ એવા ભગવાન આત્માના ગુણ પણ સાંભળ્યા નથી એણે. વસ્તુ સ્તવન કહે છે ને. વસ્તુ સ્વતન, પરમાત્મ પ્રકાશમાં. રામચંદ્રજી જેવા મહાપુરુષો ગૃહસ્થાશ્રમ છોડી શક્યા નહોતા ત્યારે વસ્તુનું સ્તવન કરતા. વસ્તુની સ્તુતિ કરતા, એમ કહે છે. વિકલ્પ દ્વારા પણ. આહાહા..! ત્રણ ખંડના બાદશાહ મોટા રાજા. જેને ઘરે આઠ-આઠ હજાર દેવ સેવા કરે. ચક્રવર્તીને સોળ-સોળ હજાર દેવ સેવા કરે. એ વસ્તુનું સ્તવન કરતા. ભાન હતું ને. જ્યારે બેઠા હોય સભા આદિ દિવાન ખાનામાં બેઠા હોય તો વસ્તુનું સ્વતન કરે. અરે..! રાજાઓ ભગવાન આત્મા મહારાજા છે. મહારાજાની દૃષ્ટિ કરો તો તમને સ્વતંત્ર રાજ આત્માનું મળે. આ રાજ ધૂળ છે. સમજાણું કાંઈ? એમ વસ્તુનું સ્તવન કરતા રામચંદ્રજી જેવા જંગલમાં રામ ને લક્ષ્મણ ને સીતા ત્રણેય સ્વાધ્યાય કરતા. પુસ્તક-બુસ્તક નહોતું કાંઈ. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા આવી ચીજ છે. જંગલ એકલું આહાહા..! શાંત. જે બંગલામાંથી બહાર નીકળ્યા ન હોય, એ ચાલી નીકળ્યા વનમાં. સમજાય છે? પિતાની આજ્ઞા થઈ કે તારી માએ મારી પાસે વચન માગ્યું હતું. ભાઈ! એ વચન એણે માગ્યું હતું પહેલા ત્યારે એમ માગ્યું હતું કે ભરતને રાજ મળે. પિતાજી! .. આપનું વચન. સવારે નક્કી થઈ ગયેલું કે રામચંદ્રજીને ગાદી અને સવારમાં વન. ભગવાનજીભાઈ! પિતાજી! આપની આજ્ઞા શીર.. માતા પિતા. મારી માતાએ અમને વચન આપ્યું.

મુમુક્ષુ :- ... ક્રિયા ચાલે છે.

ઉત્તર :- એ ક્રિયા ચાલતી નહોતી. આમ જાય પછી ચાલશે. 'રઘુકુળ રીતિ ઐસી રે ચલી આયી. રઘુકુળ રીતી ઐસી રે ચલી આયી, પ્રાણ જાય પણ વચન ન જાય.' રઘુવર કહે છે એમના પિતાજીને. અમારા કુટુંબ.. રઘુકુળ ઐસી રીતી રે ચલી આયી. પ્રાણ જાય પણ વચન ન જાય. પિતાજી આપના વચન પ્રમાણ છે. મારી માતા... ઓરમાન માતા હતા. ઓરમાન માતા પાસે જાય છે. માતા! અમે વનમાં જઈએ. અરે..! બેટા! અર..ર..ર..! વનમાં? માતા તમે વચન આપ્યું. અરેરે..! ધિક્કાર થઈ ગયો મારા વચનને. પછી કહે કે અરેરે..! મેં ગજબ કર્યો. હું મારા ભરતને રાજ સોંપીને ભરત ખુશી થશે એમ માનતી હતી. ભાઈ! મેં એના હૃદયને ન જોયું. એને કહું છું કે રાજ તો નાખુશી થાય. અરેરે..! મારો મોટો ભાઈ જાય, મારા પિતા તુલ્ય ભગવાન જાય છે અને હું રાજ ન કરી શકું, બા! હું ન કરી શકું. અરે..! દીકરા! તારા હૃદયને હું પરખી ન શકી. હું જાણું કે તને રાજ મળશે એટલે તું ખુશી થઈશ. મને ખબર ન પડી બાપુ! મારી ભૂલ થઈ. પછી રામચંદ્રજીને કહે છે, રામ! હવે? બાપુ! હવે તો આપના વચન નીકળ્યા પ્રમાણ છે. આહાહા..!

એ બહાર વનમાં ગોષ્ટીયું કરે આત્માની. આહાહા..! સમજાણું કાંઈ? જંગલમાં ભીલની પેઠે રખડે. આહાહા..! જેને મોક્ષ જવાનું છેલ્લું શરીર છે. રામચંદ્રજીને છેલ્લું શરીર છે. એને ત્રણ ખંડના યોદ્ધા બાદશાહ મોટા. સિંહ આવે તો આમ કાનબુટ્ટી પકડે તો પેશાબ છૂટી જાય સિંહના. એટલા બળ પરાક્રમ. એ અમે નહિ, હોં! અમે તો આત્મા આનંદકંદ છે તેના અનુભવનારા છીએ અમે. આહાહા..! સમજાય છે? અલ્પજ્ઞપણું કર્મના નિમિત્તના લક્ષે થાય તે ઉપર અમારું ધ્યેય ને લક્ષ નથી. અમે તો આત્મામાં છીએ. એવા આત્માનું વેદન એને અહીંયાં કર્મના ફળનો અનુભવ નથી એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**માગશર વદ ૦)), રવિવાર તા. ૩૧-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૨**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. કર્મફળના ત્યાગની ભાવનાનો અધિકાર છે. એટલે શું? જેને સુખી થવું હોય અને તે પણ શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી હોય. સુખી થવું હોય એમ તો બધા કહે છે આપણે સુખી થાવું છે. પણ કેવું સુખ? ક્ષણિક માનેલું કે શાશ્વતું? શાશ્વતું સુખ હોય તો એ આત્મામાં છે. આત્મા શાશ્વત છે તો એમાં સુખ આનંદ પણ શાશ્વત છે. નિત્ય આનંદ છે એમાં. એ આનંદ કેટલો છે? કે અનંતગુણો છે. જેમાંથી આનંદ અનંત અનંત આનંદ કાઢો તો પણ એ અનંત આનંદની ખાણ ખૂટે એવી નથી.

મુમુક્ષુ :- ખૂટે નહિ એવી ખાણ તો..

ઉત્તર :- એવું હોય? કહો, સુમનભાઈ! આ રૂપિયા .. કરતાં આ બધું સારું છે અંદરનું. જુઓ! કહો, સમજાણું આત્મા? સમજાણું આત્મા? આત્મા સમજાણો. એટલે પ્રશ્ન થયો. એક ભાઈએ પ્રશ્ન કર્યો હતો. અંદર કર્યો હતો કે આત્મા શું? કહો, સમજાણું? આત્મા આ. એક ભાઈએ પ્રશ્ન કર્યો હતો અંદર. મેં કીધું, સાંભળવા આવજો વ્યાખ્યાનમાં આવશે. આ આત્મા. સમજાણું આત્મા? એટલે આત્મા એટલે શું?

આત્મા એટલે કે જેમાં અતીન્દ્રિય આનંદ અનંત અનંત ભર્યો છે એને આત્મા કહીએ. કેટલો આનંદ? કે જેમાંથી અનંત આનંદની પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અનંત આનંદની અવસ્થા અનંત કાળ સુધી કાઢો તો ખૂટે નહિ એવો એ આનંદવાળો આત્મા છે. કહો, સમજાણું કાંઈ? કોઠીમાંથી તો ઘઉં આદિ પડ્યા હોય ને તો કાઢતા કાઢતા કોઠી ખાલી થઈ જાય. ભલે સો મણની ભરી હોય કે બસ્સો મણની. તેલ પણ ભરતા હતા ને મોટી કોઠીઓ. બસ્સો-બસ્સો મણની. લોઢાની કોઠીઓ ભરતા. પણ એ તો અમુક વખતે ખાલી થઈ જાય. કારણ કે એ તો બહારના રજકણોની સંયોગી ચીજ છે. સંયોગી એટલે સંયોગના રજકણવાળું તત્ત્વ એ તો અમુક કાળ રહે અને પાછું ખલાસ થઈ જાય.

આ આત્મા તો સ્વભાવિક ચીજ છે. કોઈ સંયોગી ચીજ નથી કે કોઈના મળવાથી આત્મા થયો હોય. એ તો અનાદિ શાશ્વત સ્વભાવિક વસ્તુ છે. અને અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય એ પણ સંયોગી ભાવ ક્ષણિક કૃત્રિમ છે. એ કાંઈ કાયમ રહેનારા નથી. કાયમ રહેનારો તો ભગવાન આત્મા નિત્ય અને એનો આનંદ પણ નિત્ય. કેટલો આનંદ નિત્ય? કે એની પર્યાયમાં અનિત્ય આનંદ પર્યાયમાં-અવસ્થામાં નિત્ય આનંદ, પૂરો આનંદ, પૂરો આનંદ કાઢો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તે અનંત કાળ કાઢો તોપણ ખૂટે નહિ એવો નિત્યાનંદ છે આત્મા.

મુમુક્ષુ :- એટલો તો ખૂટે ને કાઢ્યો હોય તો?

ઉત્તર :- કીધું ને, કાઢે તોપણ ખૂટે નહિ એમ કીધું અહીં તો. ખૂટે જ નહિ કોઈ દિ'. આ સામું જોવે તો આત્મામાં અનંતા ગુણ છે એમ કહે છે. ખૂણે ખાંચરે આડેઅવળે જાય તો દેખાય એવું નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આત્મા સામું. શું કીધું આ?

આ દેહ છે એ તો માટી છે. એ તો ખૂટી જશે. એટલે સંયોગે છે એટલે ખલાસ થઈ જશે. આ પુણ્ય-પાપના ભાવ થાય એ પણ કરે તો નવા થાય, કરે તો નવા થાય. એમાં ખાણમાં નથી કે અંદરથી નીકળ્યા કરે. સમજાય છે કાંઈ? પણ એ પુણ્ય-પાપના ભાવની પાછળ આત્મા જે છે એ તો અનંત અનંત જ્ઞાન અને અનંત આનંદ છે કે જે કાઢે કોઈ દિ' ખૂટે નહિ અને જેની ખાણ કોઈ દિ' અધૂરી થાય નહિ. એવો આત્મા છે લ્યો! સમજાણું કાંઈ? આ શરીરાદિ છે એ તો સંયોગે છે તો આવે ને જાય.. આવે ને જાય.. ખલાસ થઈ જશે, એના વિના એકલો રહી જશે. હવે એના પુણ્ય-પાપના ભાવ, પુણ્ય-પાપના ભાવ. રજકણો કર્મ આવે ને જાય, પુણ્ય-પાપના ભાવ છે એ વિકારી છે. એ કરે નવા તો થાય, જૂના જાય, નવા થાય, જૂના જાય, નવા થાય. એ કાંઈ કાયમ રહે એવી ચીજ નથી. કાયમ રહે એવી ચીજ તો આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ ધ્રુવ આનંદનો કંદ એકલો જેનો સ્વભાવ જ, સ્વભાવ જ શાશ્વત સત્ત્વ અનંત બેહદ જેનો સ્વભાવ જેના આનંદને હદ અને માપ શું? એવો આનંદ આત્મા છે એની દૃષ્ટિ કરવી એને સમ્યગ્દર્શન કહે છે. કેમ કે જેવું છે તેવી એની પ્રતીત થઈ. બહારમાં જો આનંદ ધૂળમાં માને તો મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? બહારના આમાં ખાવા-પીવાના સુખ. લ્યો, આ શિયાળામાં તો અડદિયા ખાય. શું કહેવાય? અડદિયા કહેવાય ને અડદિયા? સાલમપાક ખાય, મુસળીપાક ખાય. શરીર કેવા તાજા રહે. ઊનના કોટ પહેરે. શું છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉનના કોટ પહેર્યા પહેર્યા મરી જાય. અડદિયા ખાધા હોય પેટમાં અને ઊનના કોટ પહેર્યા બસ્સો-બસ્સો, પાંચસોના આમ.. આમ.. ટોપા મોટા પહેર્યા હોય ગરમ. એમાં ને એમાં મરી જાય. દેહ છૂટી જાય. કારણ કે આ તો નાશવાન ચીજ છે આ ક્યાં કાયમી ચીજ છે? એમાં ને એમાં .. લ્યો આ..આ.. એડવર્ડ ને મરી ગયો ઈ શું કીધું? જ્યોર્જ. સાડા ત્રણ કરોડના બંગલામાં. તે દિ'નો સાડા ત્રણ કરોડ હોં! હવે તો વધતું જાય છે ને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૈસાની કિંમત.

મુમુક્ષુ :- પૈસાની કિંમત નથી વધતી, બહારની...

ઉત્તર :- પૈસાની એટલે ઓલી માલની કિંમત. એમ. માલની કિંમત. પૈસાની કિંમત તો ઘટતી જાય છે. માલની કિંમત વધતી જાય છે ને મોંઘવારી. સાડા ત્રણ કરોડનો. અત્યારે વળી દસ કરોડનો કહેવાતો હશે, વીસ કરોડનો કહેવાતો હશે. મરી ગયો પણ એમાં હોં! એ બંગલે ન રાખ્યો, એ શરીર પણ કાયમ ન રહ્યું અને ભાવ જે હતા એ અંદર ફેરફારવાળા એ પણ કાયમ ન રહ્યા. અહીં અમુક ભાવ હતા, પાછા બીજા ભાવ, પાછા ત્રીજા ભાવ. કેમ કે નવા નવા કરે તો થાય નહિતર કાંઈ અંદરમાં નથી કે ચાલ્યા આવે. સમજાણું કાંઈ? અંદરમાં તો જ્ઞાન અને આનંદ ભર્યો છે. અંદરમાં એકાગ્ર થતાં ચાલ્યો જ આવે આનંદ ને શાંતિ. એને પ્રગટ કરવાનું નથી. એ તો અંદરથી ચાલ્યા જ આવે. ચાલીને આવતા હશે? કહો, સમજાણું કાંઈ? ભારે વાત!

આત્મા સત્ શાશ્વત આનંદ એની જ્યાં દૃષ્ટિ થઈ એ સુખને પંથે પડ્યો. એને સુખ સ્વભાવની રુચિ-દૃષ્ટિ થઈ. એ સુખ સ્વભાવની દૃષ્ટિમાં એને પુણ્ય-પાપનો પણ આદર નથી અને એની વર્તમાન અવસ્થા હીણી હોય એનો એને આદર નથી અને વિશેષ હોય એની એને પ્રસન્નતા નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો આદર તો નથી પણ અવસ્થા હીણી હોય એનો ખેદ નથી અને વિશેષ અધિક અવસ્થા ખીલી હોય એની પ્રસન્નતા નથી. આહાહા..! કહો, ચંદુભાઈ!

ભગવાન આત્મા..! જુઓ, અહીં કીધું ને? '**હું (જ્ઞાની હોવાથી) મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહોહો..! હું એક આત્મા અનંત આનંદની ખાણ એવો હું છું. એ ધ્રુવ ચૈતન્યની જ્યાં દૃષ્ટિ થઈ એટલે કહે છે કે મતિજ્ઞાનમાં હીણી અવસ્થા છે એમાં મારું લક્ષ જ નથી, એમાં હું નથી, એને હું ભોગવતો નથી. અને એ જ્ઞાનની અવસ્થામાં ખીલવટ કોઈ જાતિસ્મરણાદિની થાય, મતિની ધારણામાં ઘણી ધારણા થઈ જાય. ઘણી. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા. સમજાણું કાંઈ? એ પર્યાયમાં ઉઘાડની ધારણા ઘણી થઈ જાય. અનેક ભવો જાણવામાં આવે તો કહે છે કે એ કાંઈ એનાથી મને પ્રસન્નતા નથી. એટલો કાંઈ હું નથી. એટલામાં હું નથી. હું છું ત્યાં પૂર્ણતા છે ત્યાં અપૂર્ણતા નથી. આહાહા..! મગનભાઈ! સમજાણું કાંઈ?

એક સમયમાં ભગવાન ચૈતન્ય સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ધ્રુવ સ્વભાવ એવી જ્યાં દૃષ્ટિ સત્ છે તેવી દૃષ્ટિ થઈ તે સમ્યગ્દૃષ્ટિ થઈ. સમ્યગ્દૃષ્ટિ થઈ એટલે સત્યના વહેણ અંદર શરૂ થઈ ગયા. શાંતિના, આનંદના, સમ્યગ્જ્ઞાનના, સમ્યક્વીર્યના અંદર પર્યાય પ્રવાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શરૂ થયો. પણ એ ધ્રુવ ઉપર દૃષ્ટિ આપતા. સમજાણું કાંઈ?

કહે છે કે હું એ મતિજ્ઞાનનો ઘણો વિકાસ હોય તો પણ મારો એમાં આદર નથી. અને અલ્પજ્ઞ અવસ્થા થાય નિમિત્તના લક્ષમાં હીણી એને હું ભોગવતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ અખંડ જ્ઞાયકમાત્ર છું. તેના તરફ મારું વલણ અને ધ્રુવ તરફ મારું ધ્યેય હોવાથી મારી વર્તમાન અવસ્થામાં સ્વભાવની એકતા થાય તેને અનુભવું છું. ભંગ પડે તેને હું અનુભવતો નથી. એમ કહે છે. ભારે. કહો, સમજાણું? સમ્યગ્દૃષ્ટિ એમ માને કે હું શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દાળ, ભાત, લાડવા એને તો હું ભોગવતો નથી. આ પુણ્ય-પાપના ભાવને હું ભોગવતો નથી, પણ અલ્પજ્ઞ દશા કર્મના નિમિત્તના સંગે થઈ તેને હું ભોગવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે લાગે. આ પણ ક્યાંની વાત હશે?

મુમુક્ષુ :- ભગવાનના ઘરની.

ઉત્તર :- ભગવાનની ઘરની પણ અહીં આત્મામાં ક્યાંથી આવી ગઈ?

ભાઈ! તું ભગવાન પૂરો છો બાપુ! ભાઈ! તારું ભગવાનપણું મહિમાવાળો પદાર્થ જ આખો પૂરો છે. વર્તમાન ભગવાન છે. વર્તમાન કેવળજ્ઞાન અનંતી કેવળજ્ઞાનની પર્યાયો જે ગુણમાં પડી એવો વર્તમાન ભગવાન આત્મા તું પોતે છો. પર્યાયે પ્રગટેલો એક સમયનો ભગવાન. આ તો અનંતી પર્યાયનો પિંડ એવો ગુણ અને અનંતી પર્યાયનો પિંડ એવો આનંદ એવો તું ભગવાન મહિમાવાળો છો. સમજાણું કાંઈ? એવા આત્માની દૃષ્ટિ હોવાને લીધે ધર્મી કહે છે, હું મતિજ્ઞાનાવરણીય એક કર્મ છે પૂર્વે બંધાયેલું, એના સંયોગના ફળને હું ભોગવતો નથી. એ ભાવ મારો નહિ કર્મ તો નહિ પણ તેના સંગમાં અલ્પજ્ઞ (દશા છે) એટલો હું નહિ.

એમ શ્રુતજ્ઞાનાવરણીય. શ્રુતની અવસ્થા મારી હીણી થાય એને હું ભોગવતો નથી અને વિશેષ અધિક હોય તોપણ કેવળજ્ઞાનને અનંતમે ભાગે છે અને મારા સિદ્ધ ભગવાન મારું સ્વરૂપ છે એને અનંતમે ભાગે કેવળ છે અને એને અનંતમે ભાગે શ્રુતજ્ઞાન છે. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? શ્રુતજ્ઞાનનો બાર અંગનો ઉઘાડ હો. એ તો કેવળજ્ઞાનને અનંતમે ભાગે છે અને કેવળજ્ઞાન પણ મારા ધ્રુવ ગુણના સ્વભાવની અપેક્ષાએ અનંતમે ભાગે છે ઈ. કહો, પ્રવિણભાઈ! આવું બધું પ્રવિણપણું કરવું પડશે એમ કહે છે. નહિતર નહિ ચાલે. આહાહા..!

મુમુક્ષુ :- નહિ ચાલે?

ઉત્તર :- નહિ ચાલે. સુખી થવામાં નહિ ચાલે બીજો રસ્તો. એમ. જ્યાં ત્યાં માની લે આમ કરશું, આમ કરું. ભગવાન-ભગવાન ભજશું. દયા-દાન ને વ્રત કરશું, કાંઈક દાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરશું, પૂજા કરશું. કાંઈ ચાલે એવું નથી. એમાંથી કાંઈ ધર્મ થાય એવો નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં? ઓહોહો..!

ભગવાન તારો ત્રણ લોકનો નાથ છે ને પ્રભુ! ઓહોહો..! જેને તું ત્રણ લોકનો નાથ અરિહંત તરીકે સ્વીકારે છો ને, એવા અરિહંતની પર્યાયના પદો તો અનંતા પદ તારા સ્વભાવમાં પડ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એમાં ન હોય તો આવશે ક્યાંથી? અને હોય તો તને બીજે નજર કરવાની જરૂર નથી. એવો શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની અંતર દૃષ્ટિ કરતાં ધર્મી એમ સમજે અને અનુભવે છે કે હું પરનો તો ભોક્તા છું જ નહિ. પૈસા, શરીર, દાળ, ભાત, સ્ત્રીનું શરીર, હાડ, માંસ, હાડકા, મોસંબી અને સાલમપાક એનો તો હું ભોગવનારો નથી. પણ એના તરફનો જરી વિકલ્પ ઉઠે એનો પણ હું ભોક્તા નથી. એ તો નથી પણ મારી દશામાં જરી હીણી અવસ્થા નિમિત્તના સંગે નૈમિત્તિક ભાવ થાય એ નિમિત્ત-નૈમિત્તિક ભાવ બધો વ્યવહારમાં જાય છે. મારા નિશ્ચય સ્વભાવમાં તેનો આશ્રય નથી તેથી તેને હું અનુભવતો નથી. ભારે કામ બાપા આકરું.

લોકોને ધર્મ સમજવો મહા ચીજ એ ચીજની તો કાંઈ ગણતરી ન મળે. કાં તો અહીં કાંઈક દયા પાળે, ભક્તિ ને વ્રત ને પૂજા ને હો.. હા.. (કરે) એની મહિમા. હવે રાગ મહિમા લઈ જાય એને આત્માની મહિમા ક્યારે આવે? સમજાય છે? અને કાં તો બહુ તો એનો ઉઘાડ આવે કાંઈક મતિ-શ્રુતનો વિશેષ. એ મહિમા વઈ જાય ત્યાં. હવે આની મહિમા ક્યાંથી આવે? કાંઈક ઉઘડેલું જ્ઞાન હોય ત્યાં બસ! અમને આવડ્યું, અમે આવા છીએ, અમે આવા છીએ. વાદવિવાદ કરીને હઠાવી દઈએ, આમ કરી દઈએ, ફલાણું કરી દઈએ, ભગવાન! એ તું એવડો નથી. સમજાણું કાંઈ? હું આત્મા, જેને આત્મા કહીએ એ તો બેહદ જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અનંત શક્તિઓનો એ તો ખજાનો છે. એવા ખજાનાને ખોલનારો હું કર્મના સંગમાં થતી દશાના ભાવને હું ભોગવતો નથી. ત્યારે હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના આત્માને અનુભવું છું. અભેદ દૃષ્ટિ થતાં, સ્વરૂપ ઉપર દૃષ્ટિ રહેતા જેટલી અવસ્થા અભેદ થાય તેને અનુભવું છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ થયું ને એ તો. સંચેતુ તો આત્માને અનુભવવું છે. એ પર્યાયને જ અનુભવે છે. આત્માને-દ્રવ્યને ક્યાં અનુભવે છે. **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું...'** ચેતું એટલે એને અનુભવું છું. દ્રવ્યને અનુભવવું... દ્રવ્ય તો દ્રવ્ય છે દ્રવ્યને ક્યાં વેદવું છે? આ તો વેદવાની વ્યાખ્યા છે, અનુભવવાની છે, ભોગવવાની છે. સમજાણું કાંઈ? એ આત્મા જ થયો. એ અભેદપણે જે દૃષ્ટિ અને સ્થિરતા થઈ એ આત્મા. એવા આત્માનો અનુભવ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવ્યા હતા, કાલે કહ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા વસ્તુ છે. એનો ત્રિકાળી ચૈતન્ય અને આનંદ આદિ સ્વભાવ છે. એથી ધ્રુવ ઉપર દૃષ્ટિ જતાં, ધ્રુવ પરિપૂર્ણ વસ્તુ ઉપર દૃષ્ટિ પડતાં તેની પર્યાયમાં અભેદતા જે જાગી એને હું અનુભવું છું. એમ છે. સમજાણું કાંઈ? આત્માને સંચેતું એટલે આત્મા તો જ્ઞાયક ત્રિકાળ ધ્રુવ છે. ધ્રુવને કાંઈ વેદાતું નથી. આહાહા..! ભાષા એમ છે, ઈ જ આત્મા કહેવાય. વસ્તુ સ્વભાવ, એની પરિપૂર્ણ ઉપર દૃષ્ટિ પડતાં જે અવસ્થા થઈ તેને આત્મા કહીએ. ભેદ પડે અને રાગ થાય તેને આત્મા કહેવાતો નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ. ધર્મની રીત પણ... આહાહા..! બે બોલ થયા છે. હવે આજે ત્રીજો. ઓલા બે તો ઉઘાડ હોય છે. અહીં તો ઉઘાડ ન હોય તો પણ, કહે છે, અને હોય તો પણ એના તરફના વલણનું મારું સ્વરૂપ નથી.

ત્રીજો બોલ. '**હું અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, સમ્યગ્દૃષ્ટિ એમ પોતાના શુદ્ધ સ્વભાવની અધિકતાના લક્ષમાં રહેલો, અવધિજ્ઞાનાવરણીયનું નિમિત્ત અને અવધિજ્ઞાનનો ભાવ હોય તો પણ કહે છે કે હું એને અનુભવતો નથી. આ અવધિજ્ઞાન ઉઘડેલું હોય તો પણ એટલો હું નથી, એની મને વિશેષતા નથી. સમજાણું કાંઈ? આમ ઘણા ભવો ભાળે, અસંખ્ય ભવ ભાળે અવધિજ્ઞાનમાં. અવધિજ્ઞાનમાં અસંખ્ય ભવ ભાળે અને બીજાની વાત પણ અસંખ્ય ભાળે. જાતિસ્મરણમાં અવગ્રહ, ઈહા, ધારણામાં... છે કે નહિ? મારે આ ખોટ ગઈ પાંચ લાખની કે દિ' પૂરી પડશે? એટલા ભવ ભાળે તો એટલું ન ભાળે? કાંઈ સમજે નહિ બિચારા. લોકો બિચારા રાંકા થઈને ફરે. ભિખારી થઈને જ્યાં-ત્યાં ફરે છે. ખબર નથી. એની જાતિસ્મૃતિની દશામાં તો પૂર્વે ધારણામાં જે મતિનો બોલ થયેલો એ ધારણામાંથી પણ કેટલુંક સ્મૃતિમાં ક્ષયોપશમ વર્તમાન ઉપયોગ થાય એટલું આવે. એ ફલાણાને પૂછું કે આ મારો રોગ છે એ કઈ દવાએ મટશે? આત્માનો રોગ છે એ આત્માના સ્વભાવના આશ્રયે મટશે એમ એ જાણે. એય..! ચંદુભાઈ! હજી તો એને રોગ મટાડવો છે. મટ્યા હવે તારા. એક રોગ પછી બીજો રોગ થશે. જ્યાં સુધી આત્માની પ્રતીત અને અનુભવ ન હોય ત્યારે એવા રોગો અનંત (થશે.) સોળ રોગમાં સાતમી નરકે જાઈશ. સોળ રોગે, જન્મતા સોળ રોગ. એ ૩૩ સાગર સુધી. હવે અહીં કેટલા વર્ષ? ૫૦, ૬૦, ૭૦, ૧૦૦. બહુ તો ૧૨૫ લ્યોને કો'કને.

મુમુક્ષુ :- ૧૮૦ વર્ષ

ઉત્તર :- આવે તો શું છે? કો'ક આવે એમાં શું છે પણ ૧૮૦માં. ૧૦૦ સુધી છે શાસ્ત્રમાં. ૨૦૦ થાય ત્યાં સુધી વાંધો નથી એમાં શું છે? કહો, સમજાણું આમાં? એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે શું પણ? કેટલો કાળ ત્યાં? ૩૩ સાગર નરકમાં. એક આટલું ગુમડું પાકે તો રાતે ઉંઘ ન આવે. લબકારા મારે ત્યાં. લોહીનું પરુ થાતું હોય. લોકો કહે છે ને, સો લોહીના બિંદુનું એક પરુ. એમ થાય ને? સો લોહીનો બંધવાનો એક પરુ થાય છે એમ કહે છે. એમ કાંઈક કહે છે કે નહિ? સાંભળ્યું છે કે નહિ? એવું કહે છે ભાઈ, સાંભળ્યું. આપણે ક્યાં જોવા ગયા છે. ડોક્ટરને ખબર પડે. આ ડોક્ટર રહ્યા. શું કહેતા હશે? એ વાત કરે છે. ઓલું પરુ થાય ને પરુ સમજો છો? પસ. એમ કે સો લોહીના બિંદુ બળે અથવા ઘટે ત્યારે એક બિંદુ પરુનો થાય. એવી વાતું સાંભળેલી. કોને ખબર છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એવા રોગ તો અનંતા આવ્યા ૩૩ સાગરના, ભાઈ! નજર પડી નથી તારી લાંબી. અહીં તો એક જરી કાંઈક તૂટે ને એક ભાગ ઓછો થાય ત્યાં ગોઠતું નથી એને. ચંદુભાઈ! કાંઈક મૂડીમાંથી ઘટે. છોકરા પાંચ હોય ત્રણ હોય એમાંથી એક મરે. બાયડી ૫૦ વર્ષે પણ મરે હાય.. હાય..! શું છે પણ? છતે છોકરે રોતા .. નથી ખબર? કહો, સમજાણું કાંઈ? આઠ-આઠ છોકરાવાળા. એક જણો બિચારો કહેતો હતો અમને હોં ઘણા વર્ષ પહેલા. છોકરા ત્રણ-ચાર અને છોકરો પણ મોટો વેપારી હોં! પૈસા-વેપાર ગામમાં બહુ આબરૂદાર. બાયડી-ભાયડો બે રહે જુદા. ૮૦-૮૦ વર્ષના. વહોરવા ગયેલા. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૮૦ની સાલની વાત છે. વહોરવા ગયેલા. કીધું મહારાજ! છતે છોકરે છોકરા વિનાના છીએ. કોઈ સામું જોતું નથી. ૮૦ વર્ષની ડોસી અને અને હું ૮૦ વર્ષનો. બે ઘડીને ખાઈએ છીએ. ગામમાં ઓલા છોકરાને વહિવટ મોટો વેપાર મોટો. દાણાનો, ઘાસતેલના ડબાનો મોટો મોટો વેપાર. એય..! મગનભાઈ! ડોસા કહેતા હતા બિચારા હોં! અમે ૮૦-૮૦ વર્ષના. છોકરા મોટા થયા, બધા સાધન છે. કોઈ અમને કરી દેતું નથી. કોઈ ઘરે આવતું નથી. કોઈ સામું જોવા આવતું નથી. કીધું બાપા! તમારા પુણ્ય નહિ. એમ પછી કીધું. બીજાનો ઓરતો ન કરવો. પુણ્ય હોય તો મળે. બાકી શું થાય? છતે છોકરે અછતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ધૂળ કરતો હતો? હેરાન થઈ ગયા એને માટે પછી રળી રળીને પૈસા આપ્યા ત્યાં. ભણ તું આ ભણ તું. પછી ગયું એ ગયું. પછી એમાંથી કાંઈ આવે એવું છે? એય..! મલૂકચંદભાઈ! આવે તો પણ કોની પાસે? એ તો રાગ આવે એની પાસે. પૈસો તો ત્યાં રહી ગયો. આહાહા..! ૩૩-૩૩ સાગરના ભવ ભગવાન અનંત કર્યા. અનંત. વિચાર તો કર ભાઈ! તારું રહેવું અનંત કાળનું અને અનંત કાળના દુઃખોમાં અસંખ્ય-અસંખ્ય વર્ષો કાઢ્યા એવા. સાંભળ્યા જાય નહિ વેદ્યા કેમ ગયા હશે? અને ગયા ને પણ. વેદ્યા કેમ જાય છે શું? આહાહા..! અહીં જરી પાંચ-પચાસ વર્ષમાં માણસપણું જ્યાં આવ્યું. હું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પહોળો ને શેરી સાંકડી થઈ રહી. જાવ. ઓહોહો..! અમારે આ છે, અમે આવા છીએ, અમે આવા છીએ. એ એવા તેવા તું નથી. અમે છીએ પૂર્ણાનંદનો નાથ એમ કહે છે. સમજાણું કાંઈ?

અમારા ખજાનામાં કેવળજ્ઞાન નીકળે તો પણ ખૂટે નહિ એવો ખજાનાવાળો હું છું. આહાહા..! સમજાય છે? દુઃખની તો ગંધ પણ જ્યાં નથી. પણ આનંદનો પાર નથી. એવો ભગવાન આત્મા, એના અંતરમાં જતા જે આનંદ ને શાંતિ આવે એને હું વેદનાર છું. બીજો વેદનાર હું છું નહિ. દુઃખ તો ક્યાં હતા? ગંધમાં પણ ન મળે દુઃખ. અલ્પ દુઃખ પણ નહિ, અલ્પ સુખ પણ નહિ. હું તો પૂર્ણાનંદનો નાથ છું. એવી દૃષ્ટિમાં જે આનંદ આવે એ આનંદનો પીનારો નિર્વિકલ્પ રસનો તે હું છું. સમજાણું કાંઈ?

આનંદઘનજી એક ફેરી કહેતા. 'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં. લાગી લગન હમારી જિનરાજ...' જિનરાજ એટલે આત્મા હોં! 'સુજસ સુણ્યો મૈં..' ભાષા તો એમ જ છે ને. 'કાહુકે કહે કબહૂ ન છૂટે લોકલાજ સબ ડારી.' દુનિયા શું કહેશે? દુનિયા કેમ માનશે? એને ઘરે લોકલાજ રહી. 'કાહુકે કહે તો કબહુ ન છૂટે લોકલાજ સબ ડારી. જિનરાજ સુજસ સુણ્યો મૈં' ભગવાન તારો આત્મા, એનો સુજસ જ્યારથી સાંભળ્યો, લોકલજ્જા છૂટી ગઈ. દુનિયા કેમ માને છે? કેમ નથી માનતી? એ ઉપર અમારી નજર છે નહિ. કહો, સમજાણું કાંઈ?

એમ કહે છે કે '**અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' થઈ ગયો પરમાત્મા? અરે..! પરમાત્મા પણ કોને જોવું છે અહીં તો કહે છે. ઈ કહેશે હમણાં. ઈ પર્યાય છે. કેવળજ્ઞાનને અહીં ક્યાં.. એ કહેશે. પછી અહીં હજી આવે છે. '**અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' હું તો એ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ આત્મા, તેની દૃષ્ટિમાં શક્તિની વ્યક્તતા પ્રગટ થતાં તેને હું વેદું, અનુભવનારો હું છું. એમ ધર્મી પોતાને અંતરમાં માને ને અનુભવે છે. એ લાખ-કરોડ સ્ત્રીમાં બેઠો (હોય) છતાં એ આમ માને છે. ક્યાંય હું નથી, હું કોઈ પરનો ભોગવનાર નથી. એ લીધું નથી પરનો. આ ભોગવનાર છું, આનો નથી. એમ અનેકાંત આવી જાય છે. સમજાણું કાંઈ? લ્યો!

અવધિ. કેટલું? આખા લોકનું અવધિજ્ઞાન થાય. સમજાય છે? અને વળી પરમઅવધિ તો લોક જેટલું હોય અસંખ્યાતા લોક હોય તો પણ જાણે પરમઅવધિ. તો પણ કહે છે કે વિકાસની પર્યાયની મને અધિકતા અને પ્રસન્નતા નથી. હું તો પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું ને. એવા સ્વરૂપની અંતર અધિકતાને લઈને એ અવધિજ્ઞાનના પ્રગટ દશાની અધિકતા મને ભાસતી નથી. કહો, સમજાય છે કાંઈ? હીણપણું તો હું નહિ, પણ અધિકપણું એમાં પ્રગટે એ અધિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મને નહિ. ભારે વાત! ઝઘડા મફતના કરે. એ તકરારું આમાં. પુણ્યની ક્રિયા અને શુભથી આમ થાય. અરે..! ભગવાન! ક્યાં તું રહ્યો? ભાઈ! તું દુઃખી થઈશ, બાપા! દુઃખી તું ભાઈ! એ રસ્તે તને લાગતું હોય અને તું મનાવીશ પણ એ નહિ ચાલે. કુદરતનો જે સ્વભાવ છે એની આગળ અન્યાય નહિ ચાલે. સમજાણું કાંઈ? આમ થાય. શુભભાવ કરતાં કરતાં ધર્મ થાય. શુભભાવ આમ સાધન છે. પછી શુદ્ધ સાધ્ય છે. અરે..! ભગવાન! એમ ન હોય. એ ભગવાન પોતે સાધન લઈને જ પડ્યો છે. એને શુભના સાધનની જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં અટક્યા એને આ વાત બેસવી.. છોટાભાઈ! ભારે કઠણ પડે. અને પછી વિરોધ કરે. બાપા! વિરોધ ભાઈ! તારો વિરોધ છે, હોં! એ કોઈ કોઈનો વિરોધ કરતું નથી. કોણ કોનો વિરોધ કરે? કોણ છે એની એને ખબર ન મળે. કોણ છે આત્મા એની ખબર ન મળે તો વિરોધ કોનો કરે એ? આહાહા..!

મુમુક્ષુ :- ઈ એને ખબર નથી.

ઉત્તર :- ખબર નથી. પોતાનો કરું છું એ ખબર નથી. અરે..! કાળ ચાલ્યા જાય છે, ભાઈ! એ દેહના છૂટવાને સન્મુખ કાળ છે. આહાહા..! તારે ક્યાં જાવું છે? શું કરવું છે? શેમાં કરવું છે? એની તને ખબર નહિ, ભાઈ! દિવસ ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? એ કરવાનું તો ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની ધ્રુવની દૃષ્ટિના ધ્યેયમાં લઈને એકાકાર થાવું એ કરવાનું સુખના પંથના રસ્તામાં છે. સમજાણું કાંઈ?

'**ચૈતન્યસ્વરૂપ આત્માને સંચેતું છું.**' એ ત્રણ બોલ થયા.

ચોથો. '**હું મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! મનઃપર્યયજ્ઞાન થયું નથી ને નથી ભોગવતો? ન ભોગવતો હોય તો તો મનઃપર્યયજ્ઞાન થઈ જાય. અવધિજ્ઞાનાવરણીયના ફળને ન ભોગવે તો તો અવધિજ્ઞાન થઈ જાય. હવે સાંભળને. થાય, ન થાય એનો પ્રશ્ન અહીં ક્યાં છે? પર્યાય ઉપર બુદ્ધિ ક્યાં છે? પર્યાય અંશ આવે ને જાય એના ઉપર દૃષ્ટિ ક્યાં છે? વસ્તુ ભગવાન ધ્રુવ ચૈતન્ય છે એવો ભગવાન આત્મા જ્ઞાયક ભાવની ખાણરૂપ પ્રભુ એની અંતર દૃષ્ટિ હોવાથી, એનો આશ્રય હોવાથી મનઃપર્યય જ્ઞાનાવરણીયકર્મના નિમિત્તને મનઃપર્યયજ્ઞાન ન હોય એનો મને અનુભવ નથી. સમજાય છે કાંઈ? અને ઉઘડેલું હોય એની મને અધિકતા નથી. આહાહા..! સામાના ભવની વાત જાણે, અઢી દ્વીપની વાત જાણે, અઢી દ્વીપના મનુષ્ય, ઢોરના મનની જાણે. હવે એની જાણે ને? પણ આત્મા એક સમયમાં ત્રણ કાળની જાણે એ પણ આત્માને અધિકતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ખાવ .. ખાજા કહે ને? ખાવ, ખાણ ને ખાજા પણ અમારી પાસે નથી ને ભાઈસાહેબ! એ નથી નહિ, છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાજા પાસે ગયા ને. દુકાળ પડેલો. અરે.. મહારાજા! આ અમારે કાંઈ નહિ. રોટલા, બાજરા, જુવારના દાણા નથી હોં! ખાંડ ને ખાજા ખાવને. પોતે ખાંડ ને ખાજા ખાતા હતા. ખાંડ ને ખાજા (ખાવ). પણ રોટલા મળે નહિ ક્યાંથી ખાંડ ખાજા ખાય? રાજાને શું ખબર પડે. અરે..! અહીં કહે છે, પણ ખાને ખાજા અંદરમાં પડ્યા છે ને. પણ અમને ક્યાં ખબર પડે? અહીં તો અમે દુઃખ વેઠીએ છીએ. ભાઈ! દુઃખ વેઠવું એ તો ક્ષણિક ઊલટી દૃષ્ટિનું પરિણામ છે. ભગવાન આત્માની સુલટી દશામાં દુઃખ-બુખ છે નહિ. એ તો ખાજાના અહીંયાં પડ્યા છે અહીં ખાજા. ઓલી તો ખાજાની વાત હતી. સમજાણું કાંઈ? શું થાય? આ બહાર જ ભળાય. આ હાડકા ભાળે, રૂપાળા ભાળે આ ભાળે, આ ભાળે. એમાં પૈસા કાંઈક ભાળે, એમાં બંગલા બંગલા ભાળે કાંઈક, એમાં દરરોજની પેદાશ હોય લાખ-લાખની. બબ્બે લાખની. જુઓ! આમ ચાલ્યા આવતા હોય ધૂળ. એય..! એને પાંચ-પાંચ, દસ-દસની પેદાશ. છોકરો કહેતો હતો એક ફેરી. આ .. મૂકી દે પાંચ હજાર દિવસમાં આવે એવું છે. સાંભળેલું છે ને. આપણને કોની ખબર છે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ તો કહો છો, ધૂળ છે...

ઉત્તર :- એ તો કહીએ છે પહેલું. ધૂળ આવે છે ધૂળ હંમેશા. મમતામાં મરી જઈશ ત્યાં. ધૂળ તો (રૂપી) છે. આ મને આવ્યું મરી જઈશ ત્યાં. આહાહા..! અહીં તો શાસ્ત્ર કહે છે કે જ્યાં પરનું કરવાનું બુદ્ધિ (છે) ત્યાં આત્માનું મરણ છે. આહાહા..! જેમાં કરવાપણું નથી, જેમાં જાણવાપણું છે એમાં કરવાપણું ઊભું થાય એ જાણવાના જીવનને મૃત્યુ કરે છે. સમજાણું કાંઈ? કહો, નેમિચંદભાઈ! તમે બહુ કરો છો ત્યાં પોરબંદરમાં. પાંજરાપોળનું કેટલું કરો છો અને કેટલામાં મોઢા આગળ હોવ છો. ભાઈ! તો પણ ત્યાં જાવું પડે મોઢા આગળ. પૈસાવાળા હોય તો ઓલા કાંઈક આપશે મોઢા આગળ બેસાડોને ખુરશીએ. જગતની પણ ડાકણ. માયાની ડાકણ પણ ભારે, લલચાવે અંદર લલચાવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ. .. અરે..! કાકાસાહેબ! તમારે આવવું પડશે. ના ન પડાય. કાકાસાહેબ! એમ કહે પાછા. એકલા કાકા ન કહે. કાકાસાહેબ! આવવું પડશે. ચાલો પતંગિયા પડો ધૂળ. અરર..! ભગવાન! ભારે પણ કરે છે એવું ને. વળી હોંશથી કરે પાછો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરવું? કરવાનું કરવું એ આત્મામાં નથી, પરનું હોં! રાગ કરવો, રાગનું કર્તૃત્વ કરવું ત્યાં ચૈતન્યના જીવનનું મૃત્યુ છે. એ જીવતા જીવને આવડતું નથી. જીવને જીવતા આવડતું નથી તે કર્તા થઈને ત્યાં મરણ કરે છે એમ કહે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો કહે છે, મનઃપર્યયજ્ઞાન મને ન હો તો પણ એને માટે મને ખેદ નથી. ઉઘડેલું હો તો મને એની પ્રસન્નતા અને અધિકતા નથી. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું. આહાહા..! સમજાણું કાંઈ? '**હું મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ગજબ વાતું કરે છે પણ આચાર્ય શું નાખે છે ને! એક વસ્તુની દૃષ્ટિ અને વસ્તુની ખાણ બતાવવા માટે આટલી વાતું કરી છે. સમજાણું કાંઈ? ભાઈ! જેમાં આનંદના ઘુંટડા આવે એવો તો તું છો. એમાંથી વિકાર આવે એવો તું નથી. આહાહા..! અને હીણું ભાસે એવો તું નથી. ભાઈ! તારામાં તો પૂર્ણ પડ્યું છે ને! આહાહા..!

પદ્મનંદી પંચવિંશતિમાં આવે છે ને સ્તવનમાં. હે નાથ! આપે તો આત્માના ખજાના ખોલીને મૂક્યા. હવે જગતનો ક્યો એવો રાજા હશે કે ધૂળના ખજાનામાં રહીને ત્યાં અટકશે? અને આ ખજાના ખોલવા તૈયાર નહિ થાય? સમજાય છે? ભગવાનની સ્તુતિ આવે છે ને. ઋષભદેવની સ્તુતિ. પદ્મનંદિ આચાર્ય દિગંબર સંતો જંગલમાં રહીને આત્માની સિદ્ધો સાથે વાતું કરી છે. આત્મા સિદ્ધ હોં! સિદ્ધ ભક્તિ આવે છે ને. નિર્જરામાં નથી આવતી? સિદ્ધ ભક્તિ એટલે? એ આત્મા હોં! સિદ્ધ એટલે ત્યાં ઓલા સિદ્ધ નહિ. એ સિદ્ધ ભક્તિ છે. એ સિદ્ધ તું સિદ્ધ જ છો. એની ભક્તિ-એમાં એકાગ્રતા એ સિદ્ધ ભક્તિ છે. ઓલા સિદ્ધ ભગવાનનો તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? નિર્જરા અધિકારમાં આવે છે.

અહીં કહે છે, હું તો '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' ઓહોહો..! જુઓ! સભામાં પણ બહુ પુણ્યશાળી હોય અને બહુ પૈસાવાળો હોય અને બહુ દાગીના પહેરેલા હોય તો બધાની નજર ત્યાં ખેંચાય. આહાહા..! સભાપતિ કોણ છે? સભાનો નાયક કોણ છે? હવે તો સાધારણને બેસાડી દે છે. હવે તો કાંઈ નથી. પહેલા તો મોટા રાજાઓ હતા ને? પુણ્યશાળી એવા રાજા હતા. ૫૦-૫૦, કરોડ-કરોડની ઉપજ હોય મોટા રાજા. એની પરંપરા ચાલી હોય તો એના ખજાના, પૈસા, આવે તો એની મહિમા, એની ગંભીરતા ઓહોહો..! બધાનું .. ખેંચાઈને ત્યાં દૃષ્ટિ જાય. એમ કહે છે, ભગવાન મોટો રાજા છે. એ રાગ ને નિમિત્તને અલ્પજ્ઞમાંથી ખેંચાઈને ત્યાં નજર જાય એવો એ છે. સમજાય છે કાંઈ? એવા ભગવાન આત્માની જેને દૃષ્ટિ થઈ એ કહે છે કે હું તો મનઃપર્યયજ્ઞાનાવરણીયનું કર્મ છે અને એના ફળમાં હીણી દશા ઉઘડેલી છે એનું મને લક્ષ પણ નથી. એનું મારે કામ પણ નથી અને હું એને ભોગવતો નથી.

પાંચમું. આ વાત ભારે. પંચમ આરાનો જીવ એમ કહે છે કે સમકિતી. '**હું કેવળજ્ઞાનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો,...**' બસ! કેવળજ્ઞાનાવરણીય ટળી ગયું? થઈ ગયું કેવળ? હવે સાંભળને. આ થયું નથી એની તો વાત નહિ પણ થાય એની અહીં પ્રસન્નતા નથી,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અધિકતા નથી. ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્યની જ્યાં દૃષ્ટિના આનંદ અને શાંતિ આવી, એ તો કેવળજ્ઞાન આવે છૂટકો છે એને. લાવવું (છે) તે આવ્યા વિના રહેશે નહિ. જેની ખાણમાં પડ્યું છે કેવળજ્ઞાન. ત્યાં દૃષ્ટિ છે તો આવ્યા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાન સ્વભાવ, જ્ઞાન સ્વભાવ. અને સ્વભાવની અનંતતા, અનંતતા બેહદતા એવા જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થતાં... અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને, આવે છે ને પ્રવચનસારમાં? ઈ વાત આ જ કરે છે મૂળ ત્યાં તો. જ્ઞાનથી લીધું પણ આખી વસ્તુ છે. એકરૂપ ચૈતન્ય ભગવાન એને જ્યાં કારણપણે અંદર દૃષ્ટિમાં ગ્રહ્યો એટલે કેવળજ્ઞાન થયા વિના છૂટકો નથી. કારણ કે જ્યાં દૃષ્ટિ પડી છે ત્યાં દબાણ થાય છે. દબાણ થતાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ ફડાક દઈને બહાર આવે છે અંદરથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આ ભારે વાત! એ કોઈ વર્તમાન પર્યાય પ્રગટેલી છે એને લઈને કેવળજ્ઞાન નથી આવતું એમ કહે છે. તેમ પુણ્યના પરિણામ હતા માટે એને લઈને કેવળજ્ઞાન આવે છે અને સંહનન મજબૂત છે માટે કેવળજ્ઞાન આવે છે એમ નથી. પણ આવે છે કે નથી આવતું એ બેય ઉપર મારું લક્ષ નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો પિંડલો પ્રભુ છે. એના સ્વભાવની શક્તિ શું હદ કહેવી? એવો ભગવાન જ્યાં અંતર દૃષ્ટિમાં સમ્યગ્જ્ઞાનમાં વર્તે છે. કહે છે કે હું કેવળજ્ઞાનના ઉદયને.. આ કેવળજ્ઞાનની પર્યાય નથી માટે એને ભોગવતો નથી એમ નથી. હું એને ભોગવતો જ નથી. હું તો મારા જ્ઞાયક સ્વભાવ તરફની એકાગ્રતા જે ચૈતન્ય ધ્રુવ એને અનુભવું છું. કહો, ધ્રુવને અનુભવું છું એમ કહે છે. અનુભવ તો પર્યાયનો છે. સમજાણું કાંઈ?

આત્મા.. આત્મા એટલે શું? ઓહોહો..! પરમાત્મા. સમજાણું કાંઈ? પરમાત્મા છે હોં! અપ્પા સો પરમઅપ્પા. ભગવાન આત્મા પરમાત્મા તે કેવા પરમાત્મા? અનંતા પરમાત્માનું રૂપ તે આત્મા. પર્યાયરૂપી પરમાત્માનું રૂપ તે અનંત પરમાત્માનું રૂપ આત્મા. એવો આત્મા અંતરમાં દૃષ્ટિમાં આવીને જ્યાં અનુભવ થયો, તો કહે છે કે ધર્મીને કેવળજ્ઞાનાવરણીયના ઉદયનો કેવળજ્ઞાન નથી માટે અનુભવ નથી, એનો અનુભવ નથી. સમજાણું કાંઈ? અને કેવળજ્ઞાન લેવા માટેની પણ જેને ઈચ્છા નથી. કારણ કે જેની ખાણમાં એવા અનંતા કેવળજ્ઞાન પડ્યા છે ત્યાં એકાકાર દૃષ્ટિ છે એના આનંદ આગળ કેવળજ્ઞાન આવો અને પરિણમન થાવ, મારું લક્ષ ત્યાં નથી. મગનભાઈ! આવી વાત તો વીતરાગ માર્ગમાં હોય, હોં! એક સમયની પર્યાય, કેવળજ્ઞાન એને પણ ઈચ્છતો નથી. અને હીણી દશા છે, કેવળજ્ઞાનનો અભાવ છે એને અનુભવતો નથી. નથી એનો તો અનુભવ નથી? ના. અહીં તો છે ત્રિકાળ જ્ઞાનાનંદનો અનુભવ છે. કહો, દ્રવ્ય સિદ્ધ કરે છે, અનંતી શક્તિઓ સિદ્ધ કરે છે અને એનો અનુભવ અભેદ તેને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાયને સિદ્ધ કરે છે. હીણી પર્યાય જ્ઞાનમાં જાણવાલાયક રહી ગઈ, અનુભવવા લાયક નહિ, એને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**હું...**' હું એટલે આત્મા. આત્મા એટલે અનંત શક્તિનો પિંડ તે આત્મા. એ જ્ઞાનાવરણીય કર્મના ફળને, કેવળજ્ઞાન નથી માટે તેના ફળને હું ભોગવતો નથી. મગનભાઈ! ભારે વાત ભાઈ! વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનામાં એકાગ્રતા હોવાથી ધ્રુવના ધ્યેયને પકડીને ધ્યાનમાં એને લઈને એકાગ્ર કર્યો છે, હવે એને કેવળજ્ઞાનની પર્યાયની હીનતા છે એ લક્ષમાં નથી. લક્ષમાં નથી તેથી એનો અનુભવ નથી. જ્યાં લક્ષ છે ત્યાં એ પર્યાય એમાં આટલી છે જ નહિ. એ તો મોટો ખંડ, મોટો સરોવર છે એ તો. મોટી ખાણનો એ ભાવ છે. અનંતી અનંતી. સોનાની ખાણ નીકળે તો ખુશી ખુશી થઈ જાય છે ને. સમજાણું? મેંગેનિઝ નીકળ્યું ૨૫ માઈલમાં. આહાહા..! ત્યાં ખુશી (થઈ જાય). એક અબજનું એલ્યુમિનિયમ નીકળ્યું એલ્યુમિનિયમ, રખડવાનું. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોખ્ખું દુઃખ દેખાય છે. દુનિયા ગાંડી એમ કહે કે આને કરોડ રૂપિયા, બે કરોડ ને પાંચ કરોડ ને ધૂળ કરોડ. આંકડા ગણવા છે ને એને? પૈસાના ભાવ વધી ગયા, ઘટી ગયા પાછા. ઘટી ગયા એટલે તારે ગણવું છે ને. એ તો જે છે ઈ છે. સોનાના ભાવ વધી ગયા, રૂપાના વધી ગયા, દાણાના વધી ગયા. દાણો તો જે ભાવે છે પર્યાય તે છે. એમાં ભાવ વધી ક્યાં ગયો? તારી કલ્પનામાં હતું કે બે રૂપિયા બાજરો મળે છે એ પંદર રૂપિયે મળે છે. એ ભાવ વધી ગયો. એ તારી કલ્પનાનું રૂપ છે. બાજરાનો ભાવ વધી ગયો તો સારો બાજરો થઈ ગયો આવડો મોટો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં થયો છે? પંદર રૂપિયે મળે. બે, દોઢે મળતો એનો એ પંદરે મળે છે. બાજરો મોટો થઈ ગયો છે અહીં તમારે અત્યારનો? સોનું થઈ ગયું લ્યો, બસ્સો રૂપિયાનું તોલો. શું કાંઈક કહે છે ખરું. બસ્સો રૂપિયાનો ભાવ તોલાનો. તોલો રૂપિયા ભાર દસ ભાર થઈ ગયા? શેનો ભાવ વધ્યો? કલ્પના તેં કરી કે આ ભાવે મળતો હતો અને આ ભાવે (મળે છે). તારી કલ્પના છે. ત્યાં તો છે ઈ છે.

અહીં વધી ગયો ભાવ આત્મામાં. આહા..! જેની કિંમત મેં રાગની અને અલ્પજ્ઞની કરી હતી એ ભાવ વધી ગયો. ભગવાન પૂર્ણાનંદનો નાથ હું છું. ભાવ વધ્યો પ્રતીતમાં, શ્રદ્ધામાં, અનુભવમાં. સમજાય? એ ભાવ વધીને કેવળજ્ઞાન થવાનું. એટલે કેવળજ્ઞાન લેવાની પણ ધર્મીને ઈચ્છા નથી. કહો, મગનભાઈ! આહાહા..! અમારે તો કાંઈ મોક્ષ પણ જોઈતો નથી, કેવળજ્ઞાન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જોઈતું નથી. એને ભગવાન શું હવે આપશે? શ્રીમદ્માં આવે છે એક પત્રમાં. શ્રીમદ્માં એક પત્ર આવે છે એવો કે અમારે તો કેવળજ્ઞાન પણ જોઈતું નથી. હવે ભગવાન મને શું આપશે બીજું? આ ભગવાન આત્મા આખો પડ્યો છે દૃષ્ટિમાં, હવે અમારે જોવે છે શું બીજું? આહાહા..! કહો, સમજાણું કાંઈ? પૈસાવાળા દેખે ને પૈસાવાળા. બુદ્ધિના બારદાન હોય તો પણ પૈસાવાળા ડાહ્યા કહેવાય. અને પૈસા વિનાનો હોય અને હોય બુદ્ધિવાળો બિચારો તો કહે, પાછળ બેસ. શું એને આવડે છે? ત્યાં એને શું એને આવડે એને ઝીલે લોકો. પણ મૂર્ખાઈની વાતું કરે છે ઈ. એની પાસે પૈસા થઈ ગયા બે, પાંચ, દસ કરોડ. શું એને આવડે છે? મૂરખ છે મોટો. સમજાય છે કાંઈ? બહારની આવડતમાં મૂરખાઈ છે તારી. સાંભળને! હવે બહારની આવડત પણ મૂર્ખાઈ છે અને નહિ આવડતની પણ અહીં દરકાર નથી જ્ઞાનીને તો. લૌકિકના જાણપણાની તો દરકાર નથી પણ શાસ્ત્રના જ્ઞાનની વિશેષતાની પણ જ્ઞાનીને દરકાર નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આવા પ્રશ્ન કરે, સભામાં બેઠા હોય. ઉત્તર દેતા આવડે. એને બધા નજરું કરે. આપણે એવા થઈએ તો સારું. લ્યો. એય..! મીઠાશ કેવી લાગે. બે-પાંચ-દસ હજાર માણસ ભેગું થયું. વીસ હજાર. બધા ટગ ટગ જોતા હોય.. આહાહા..! આવા થઈએ ને તો સારું. શું થાવું છે તારે? ભાષાની પર્યાય નીકળે એ તો જડની છે, એમાં તારે શું છે? અને અંદરનો ઉઘાડ થોડો હોય એ તો અલ્પજ્ઞ પર્યાય છે, એમાં ક્યાં આખો આત્મા આવી ગયો? સમજાણું કાંઈ? ભારે ભાઈ! ભગવાનની ઊંધી લીલા પણ ભારે. આહાહા..! લાખ માણસ ભેગું થયું હોય ને આમ. શું આ ગાય છે ને છોકરાઓ? શું કહેવાય? પૂજામાં નથી ગાતા? ભીડ ને.. શું છોકરા ગાતા હતા શું સવારમાં?

મુમુક્ષુ :- ચાહે ઓર દેખલો...

ઉત્તર :- ચારોં ઓર દેખલો ભીડ છે અપાર રે. એય..! છોકરાઓ! ગાતા હતા ને સવારમાં? નહિ? પૂજામાં નહિ? ચારોં ઓર દેખલો ભીડ છે અપાર. ભીડ બેસુમાર હૈ. ખુશિયા અપાર હૈ, ખુશિયા અપાર હૈ. એમાં છે શું પણ? કીડીયું ઘણી ભેગી થાય.

અહીં તો આત્મા અખંડાનંદ પ્રભુ છે. ચારે બાજુથી નજર કરીને ત્યાં જો. 'ખુશિયાં અપાર હૈ.' ત્યાં આનંદ અપાર છે. બાકી ક્યાંય આનંદ છે નહિ. છોકરાઓ પૂજા-ભક્તિ કરતા હતા સવારમાં કરતા હતા. આજે રવિવાર હતો ને. ચારોં ઓર દેખ લો આનંદનો પાર ન મળે કહે છે. આત્મામાં હોં! અસંખ્ય પ્રદેશે મધ્યમાં દેખો, ઉપર દેખો, હેઠે દેખો, ખૂણે ખાંચરે દેખો ચારે કોર આનંદ ને આનંદ છે. સમજાણું? એવો અતીન્દ્રિય આનંદ નાથ પ્રભુ, એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ અને કરવા જેવું એ એણે કર્યું. સફળ થઈ ગયો કહે છે, જા! આ કેવળજ્ઞાનાવરણીય નથી તો એના અમને અબળખા પણ નથી અને દુઃખ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ! આ તો જાણે આઠમા ગુણસ્થાનની વાત હશે આ? ઓલા કહે, આઠમાની વાત છે. હવે સાંભળને! અહીં તો સમ્યગ્દર્શનની વાત છે. સમજાણું કાંઈ? શુદ્ધઉપયોગ આઠમે હોય. સ્વરૂપાચરણ આઠમે હોય. આ શું કરવા કહે છે સ્વરૂપાચરણ ચોથે? એને ચારિત્ર લેવું નથી અને એમાં ને એમાં સ્વરૂપાચરણમાં કેવળજ્ઞાન લઈ લેવું છે એને. એ એમાંથી કાઢ્યું. ભગવાન પણ છે ને જબરો. અરે..! ભગવાન! બાપુ! તને રાંક કોણ કહે? તું છે તો ભગવાન, પણ હવે તું હાથે કરીને આવું કરે એને શું કહે? આહાહા..! ભગવાન! આ સ્વરૂપાચરણ સિવાયની આ વાત છે?

વસ્તુ ભગવાન ચૈતન્ય છે એની દૃષ્ટિમાં સ્વરૂપમાં સ્થિરતાના આચરણનું વેદન છે એમ કહે છે. એમાં અમને કેવળજ્ઞાન હો કે ન હો એની સાથે સંબંધ નથી. કેવળજ્ઞાનના અભાવનું વેદન નથી, એમ કહે છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છું. એવી જ્યાં અંતર દૃષ્ટિ પડી, ખલાસ થઈ ગયો. મુક્તિ થઈ ગઈ. પર્યાયમાં થોડી વાર (છે) એ વાર નહિ લાગે. સમજાણું કાંઈ? એટલે કહે છે કે કેવળજ્ઞાનના અભાવનો અમને દરકાર નથી એમ કહે છે અહીં તો, લ્યો! આહાહા..! કહો, શશીભાઈ! જુઓ! એવા પાંચ બોલની વાત કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૨, સોમવાર તા. ૧-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. જેને આત્માની શાંતિ જોઈતી હોય અને દુ:ખ ટાળવું હોય એણે શું કરવું એ વાત છે. બીજી રીતે કહીએ તો ધર્મ કરવો હોય તો ધર્મ કેમ થાય? અને એને અધર્મ કેમ ટળે? પાંચ બોલ આવી ગયા છે. કર્મના ત્યાગના થયા. ધર્મીને જેમાંથી શાંતિ અને ધર્મ નીકળે એવો પદાર્થ દૃષ્ટિમાં હોય છે. સમજાણું? ધર્મી જીવને... અધર્મીને જ્યાં પુણ્ય ને પાપ ને વિકાર છે ત્યાં એની દૃષ્ટિ હોય છે. અને કાં એના ફળમાં દૃષ્ટિ હોય છે અનુકૂળ-પ્રતિકૂળમાં. એટલે એમાં રખડે છે અનંત કાળથી.

મુમુક્ષુ :- ભક્તિમાં હોય તો મજા પડે છે.

ઉત્તર :- ધૂળમાંય નથી પુણ્યમાં મજા કોણ કરતું હતું? ધાર્યા ક્યાંય થતા નથી કોઈના. ધાર્યા થાય તોપણ રાગ છે, આકુળતા છે એમ કહે છે અહીં. જેની દૃષ્ટિ આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર નથી અને જેની દૃષ્ટિમાં વર્તમાન પુણ્ય-પાપના ભાવ અને તેના ફળમાં જેની રુચિ, જેનો ઉત્સાહ અને હું કાંઈક અધિક છું એમ જે બતાવવા માગે છે એ બધા મિથ્યાદૃષ્ટિ દુ:ખના પ્રવાહમાં વહે છે. સમજાણું કાંઈ?

પોતાનો આત્મા જે અનંત શાંતિ અને સંપદાનો ધણી છે, એની જેને અંતરમાં અધિકતા, વિશેષતા, મોટપ, માહાત્મ્ય આવતું નથી અને જેને પોતાની વર્તમાન દશામાં અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, વીર્યતા અલ્પ અને કોઈ પુણ્ય-પાપ અને એના ફળ એમાં જેને અધિકપણું, વિશેષપણું, માહાત્મ્યપણું, મોટપપણું ભાસે છે, એની દૃષ્ટિમાં અધર્મ છે. સમજાણું કાંઈ? અને અધર્મમાં પોતે રચી-પચી રહ્યો છે. ચાહે તો બાહ્યમાં ત્યાગી હો. પણ અંતરમાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિને વિશેષપણે, અધિકપણે દૃષ્ટિમાં, લક્ષમાં લીધા વિના એ બહારમાં, બહાર પડવું છે એને, બહાર વીર્ય... આવ્યું હતું ક્યાંક નહિ? બહિર્વીર્ય. આવ્યું હતું ને બહાર? બહાર પડવું છે આમ બહાર બહાર આમ. રાગથી, પુણ્યથી, પાપથી, ઉઘાડથી, મહિમાથી, જગત મોટો કહે એ રીતે. સમજાય છે કાંઈ? એમ જેની દૃષ્ટિમાં અધિકપણું બહારની કોઈપણ અંશમાં, રાગમાં કે સંયોગમાં અધિકપણું ભાસે છે તે બધી દૃષ્ટિ અધર્મ છે, મિથ્યાત્વ છે અને દુ:ખના ફળમાં જવાના અને દુ:ખી વર્તમાન છે. કહો, સમજાણું કાંઈ?

જેને હવે આત્માનો ધર્મ નામ શાંતિ અને અધર્મનો અંત લાવવો છે, દુ:ખનો અંત લાવવો છે અને શાંતિની પ્રાપ્તિ કરવી છે એને શું કરવું અને કેમ હોય છે એ વાત ચાલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. મગનભાઈ! આહાહા..! એણે તો આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. વસ્તુ વસ્તુ છે તો એમાં આનંદ અને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા, અનંત અનંત સ્વચ્છતા, પ્રભુતા, શાંતિ ને આનંદ જેમાં પડ્યો છે. એવો આત્મા એને દષ્ટિમાં લઈ અને અનુભવ કરવો કે હું તો શુદ્ધ આત્મા છું. હું કોઈ અપવિત્રવાન નથી અને કોઈ અપવિત્રતાથી મોટપ બતાવનારો હું નથી. મારી પવિત્રતામાં પૂર્ણતા પડી છે અંદર. એની દષ્ટિને લઈને ધર્મીની શરૂઆત વસ્તુના ધ્રુવપણાને અવલંબીને જે દષ્ટિ થઈ ત્યાંથી તેને ધર્મની શરૂઆત થાય છે. એ દષ્ટિ આત્મામાં શુદ્ધ ચૈતન્ય ઉપર હોય છે તેથી તે ધર્મી એમ જાણે ને અનુભવે છે. અહીં તો એમ કહે છે, જ્ઞાની હોવાથી આમ ફળને ભોગવતો નથી. એનો અર્થ એનું સ્વરૂપ સમજાવે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! અહીંયાં આવ્યું છે.

'**હું...**' પાંચ બોલ પછી. હું. આચાર્ય પોતે પણ પોતાથી કહે છે અને જગતને સમજાવે છે. એ શૈલીએ સમજાવે છે. ભાઈ! આપણે વિચારીએ. આવે છે ને? મોક્ષ અધિકારમાં આવે છે. શૈલી તો એમ જ હોય ને. આપણે વિચારીએ કે આ રાગાદિ આત્માનો સ્વભાવ છે કે શું છે? ઊંડી તપાસ કરો આત્માની. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ અને અલ્પજ્ઞપણું એક અંશપણામાં આખો માનવો, બાપુ! એ કાંઈ આત્માની ચીજ છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પરિપૂર્ણ ચૈતન્ય છું, આનંદનું આનંદનું ધામ છું. એ આનંદનો પ્રવાહનો તાણો કાઢ્યા કર તો પણ તાણો ખૂટે એવો નથી. પુણીમાંથી તો તાણો કાઢતા કાઢતા પુણી ખૂટી પણ જાય. પુણી છે તે પૂરી થઈ જાય. આ ભગવાન આત્મા એવો છે ભાઈ એને બેસતું નથી. એની મહિમા એને લાગતી નથી. જગતની આ બધી રૂપ રંગીલી ચીજો અને રૂપ રંગેલા પુણ્ય-પાપના ભાવ એમાં એ રંગાઈ ગયો છે. એને ચૈતન્યનો રંગ ચડ્યો નથી. સમજાણું કાંઈ?

જ્યાં ચૈતન્યના રંગે ચડ્યો, ભગવાન આત્મા હું તો પૂર્ણ શુદ્ધ આનંદ છું. મારી સ્થિતિ તો શુદ્ધ ધ્રુવ (છે). જેમાં વિકાર તો નથી, પર તો નથી પણ એક એક સમયની પર્યાયને પણ એ ધ્રુવપણું તો અડતું પણ નથી. સમજાય છે કાંઈ? એવો હું અસ્તિ તરીકે... 'હું' શબ્દ છે ને? હું. આવો હું. હું આત્મા. અરે..! અગમ્યને ગમ્ય કરવો છે, અરૂપીને દષ્ટિમાં લેવો છે. નહિ ભાવેલાની ભાવના કરવી છે. ભાવેલાની ભાવના છોડવી છે. આહાહા..! એવો ભગવાન આત્મા જ્યારે.. આ જુઓને દુઃખમાં આવી પડે ને. આહા..! ચારે કોર દુઃખ-દુઃખ લાગે. ટાંગા તરફડે. હાય.. હાય..! આમ થાય ને આ થાય. જુઓને ઓલા છોકરાનું જોયું છે તો આહાહા..! શું કીધું? ... આમ આંતરડા. ૨૫ વર્ષનો જુવાન પણ આમ હાય.. હાય. ઘણાએ આશા છોડી દીધી. આમાં બચશે નહિ. પણ આયુષ્ય હોય તો જીવે. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ દુઃખને ભાળતો નથી. ઈ જ્યાં અનુકૂળતા કાંઈક ભાળે અને કાંઈક અંદરમાં ક્ષયોપશમ આદિનો, જ્ઞાનાદિનો, વીર્યનો કાંઈક વિકાસ દેખાય ત્યાં તો જાણે હું મોટો થઈ ગયો અને હું અધિક થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈક વળી પાપના પરિણામ છોડે કૃત્રિમ બીજા હોં! અસ્થિરના. મિથ્યાત્વના પરિણામ છોડે તો તો એને કામ થાય. પણ કાંઈક રાગની મંદતા કરી દયા, દાન પરિણામ કરે અને અસ્થિરતાના પાપના પરિણામ છોડે ત્યાં એમ જાણે મેં કાંઈક ધર્મ કર્યો અને હું કાંઈક વધ્યો છું, આગળ જાઉં છું. પણ એ હેઠે ઉતરે છે એની એને ખબર નથી. કારણ કે રાગની મંદતાના ભાવ અને વર્તમાન જ્ઞાનમાં વિકાસનો અંશ છે એટલો માનતા એ હેઠો ઊતરી જાય છે. હેઠો ઊતરી, પર્યાયમાં હેઠો ઊતરીને નિગોદ તરફની ગતિ છે એની. આહાહા..! સમજાય છે કાંઈ? આ બધા આવા પડદા થોડા નહિ રહે. આ તો પાંચ, પચ્ચીસ, પચાસ વર્ષની વાતું છે.

ભગવાન આત્મા આખો ચૈતન્યબિંબ છે. (ફક્ત) વાણીએ ન આવવું જોઈએ. એના ભાવમાં ભાસનનો મહિમા આવવી જોઈએ કે હું એક વસ્તુ છું અને એ વસ્તુમાં તો બધી શક્તિઓ પરિપૂર્ણ પડી છે. એવો આત્મા છું. એવી જ્યાં દૃષ્ટિ થઈ છે, સમ્યગ્દર્શન થયું, આત્માનું જ્ઞાન એટલે વસ્તુનું જ્ઞાન થયું. જે નહોતું તેનું જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી. એનામાં નહોતું તેનું જ્ઞાન એ જ્ઞાન નથી. રાગનું કે પરનું જ્ઞાન એ જ્ઞાન નથી. કારણ કે એમાં એ નથી. પણ છે એનું જ્ઞાન થયું. હું તો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ છું. વસ્તુ છું અને પરમાત્મા જ છું પોતે. આહાહા..! એવી અંતરમાં દૃષ્ટિ થવી અને એનું પરિણમન થવું શુદ્ધતાનું એ જીવ એમ માને છે, કહે છે, અનુભવે છે.

'**હું...**' આ હું શબ્દમાં એટલું સમાય છે. આહાહા..! હું ચૈતન્ય મહાસત્તા પ્રભુ '**ચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહોહો..! ધર્મીની દૃષ્ટિમાં વસ્તુ સ્વભાવવાળું તત્ત્વ આખું દૃષ્ટિમાં પડ્યું છે. એથી કહે છે કે હું શરીરને, બહારની ચીજોને, સ્ત્રીઓને, મકાનને, આબરૂને તો હું ભોગવતો નથી. હું તો એને ભોગવતો નથી. અજ્ઞાનપણે પણ મેં એને ભોગવ્યું નથી. પણ મારામાં જે પુણ્ય-પાપના વિકલ્પો થાય તેને જ અજ્ઞાનપણે ભોગવતો, એ અત્યારે હું એને ભોગવતો નથી. એ ઉપરાંત મારામાં ચક્ષુદર્શનાવરણીય કર્મ એક પ્રકૃતિ છે, એના લક્ષમાં જે કાંઈ હીણી અવસ્થા આંખથી અંતર દેખવાની પર્યાયમાં હીણી અવસ્થા છે એને પણ હું ભોગવતો નથી. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ચંદુભાઈ! ભારે વાતું!

અહીં તો હજી જરી શરીર કાંઈક ઠીક હોય, માંસના લોચા રૂપાળા હોય, આ કાંઈક હોય ત્યાં આહાહા..! અરે..! શું કરે છે? પ્રભુ! શું કરે છો તું? એ જડ છે, ભગવાન!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જડનો અનુભવ જીવને ન હોય, એ જડનો અનુભવ જીવને ન હોય. સમજાણું કાંઈ? એ જીવને અજ્ઞાનભાવે પણ વિકાર ને અલ્પજ્ઞ દશાનો અનુભવ હોય. જડનો તો હોય જ નહિ. આહાહા..!

અહીં તો ધર્મી પોતાનો ચૈતન્ય ભગવાન આતમરામ (છે) એવી જ્યાં દૃષ્ટિ છે ત્યાં કહે છે કે હું, હું શુદ્ધ સત્તા ચૈતન્ય ભગવાન હું. એ મારી પર્યાયમાં આંખ તો નિમિત્ત છે. અંદરમાં ઉઘાડરૂપ અવસ્થા જે ચક્ષુના નિમિત્તથી ઉઘાડરૂપ અવસ્થા (છે) એમાં ચક્ષુદર્શનાવરણીય એક પ્રકૃતિ છે. કેમ? કે અવસ્થાનું હીણાપણું સ્વલક્ષે ન થાય. એટલે પરલક્ષે ચક્ષુદર્શનાવરણીયની અવસ્થા હીણી થાય છે એ હીણીને હું ભોગવતો નથી. ઓહોહો..! રાગને, પુણ્ય-દયા-દાનને તો નહિ, પરવસ્તુને તો નહિ, પણ આ અલ્પજ્ઞ અવસ્થા ચક્ષુદર્શનાવરણીયના નિમિત્તમાં પર્યાયની હીણી એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહાર એ મારો નથી, હું એમાં નથી. માટે હું એને ભોગવતો નથી. આહાહા..! જાધવજીભાઈ! બહુ કામ પણ (આકરું). કામ બીજું નીકળ્યું આ. ધાર્યું હતું લોકોએ કાંઈક ધર્મને, નીકળ્યો ધર્મ બીજી જાતનો.

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્ય પરમેશ્વર વીતરાગદેવે તો આ રીતે ધર્મનું સ્વરૂપ કહ્યું છે. સમજાય છે કાંઈ? એમાં તો જરી કાંઈક અનુકૂળતા બહારની જરીક દેખે, શરીર ઠીક હોય, બાયડી કાંઈક ઠીક હોય, મકાન કાંઈક ઠીક હોય, પૈસા ને કાંઈક ઠીક માનતો હોય ત્યાં તો થઈ રહ્યું આહાહા..! ભાઈ! એ ઝેરના સંચે પીલાઈ ગયો છો. પ્રભુ! તને ખબર નથી. સમજાણું કાંઈ? એ ઝેરના શું કહેવાય ઘાણીમાં? ઘાણીને ઓલું હોય. ઘાણી-ઘાણી. પીલે છે ને તલને? ઘાણીમાં ઘાણીમાં પીલે છે ને? લાકડું નથી મોટું આવડું? ઉપર તલ નાખે, આ કોર પીલાય. એમ ભગવાન! તારા શુદ્ધ ચૈતન્યના સ્વરૂપની સાવધાની વિના પરમાં ક્યાંય પણ અલ્પજ્ઞ જ્ઞાનમાં, રાગમાં અને પરની સાવધાનીમાં ગયો એ મિથ્યાત્વની ઘાણીએ પીલાવ છો, ભાઈ! સમજાણું કાંઈ?

એને જ્યારે ધર્મ કરવો હોય તો હું એક વસ્તુ છું, પદાર્થ છું. વસ્તુ છે તે પોતાના સ્વભાવથી કાયમની શક્તિઓથી (ખાલી ન હોય). વળી કો'ક પૂછે છે કે આત્મા છે. તો આત્મામાં વળી શક્તિ? પણ ભાઈ! તું એટલું તો નક્કી કર કે વસ્તુ છે એ વસ્તુ થઈ ગયો. હવે વસ્તુ છે એટલે પછી, હવે વસ્તુ એટલે શું ત્યારે? વસ્તુ એટલે શું? આ પરમાણુ વસ્તુ છે. એટલે શું? કે એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ કાયમ છે માટે. એમ આત્મા શું? કે એમાં આનંદ ને જ્ઞાન ને શાંતિ કાયમ છે માટે. સમજાણું કાંઈ? આ તો વસ્તુ એક નામ લે, વસ્તુ એટલે પાછું વસ્તુમાં સ્વભાવ શું છે? વસ્તુ અને વસ્તુના સ્વભાવ વિના વસ્તુ ખાલી હોય? વસ્તુ કીધી એને વસ્તુમાં સ્વભાવ નથી તો વસ્તુ શું પણ ત્યારે? કે આ જ્ઞાન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવ, આ રંગ સ્વભાવ. પરમાણુમાં રંગ સ્વભાવ, ગંધ સ્વભાવ. જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ. અહીં સ્વચતુષ્ટય. પરમાણુમાં પણ રંગ, ગંધ, રસ, સ્પર્શ એ ચાર સ્વભાવ છે. અહીંયાં આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય સ્વભાવ છે ચતુષ્ટય. ત્યાં ચાર છે અને અહીં ચાર છે મુખ્ય. આમ તો અનંતા ન્યાં પણ છે અને આ પણ અનંતા છે. સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા,... ભાઈ! તારે ધર્મ કરવો છે ને? તો ધર્મ કરનારો આત્મા કેવડો? કેવો છે? એ તને ખબર વિના ધર્મ શી રીતે કરીશ? ધર્મ કરવો છે ને? ઠીક કરવું છે ને? તો ઠીક કરનારો કેવડો છે? ક્યાં છે? કેમ છે? એની ખબર વિના ઠીક શેમાં કરશે? શરીરમાં કરશે? પુણ્ય-પાપમાં કરશે? શેમાં કરશે? અલ્પજ્ઞ દશા ઉઘાડની પર્યાયદષ્ટિમાં ઠીક કરશે? કરશે શેમાં ઠીક ઈ? સમજાણું કાંઈ? ઓહોહો..!

અનંત કાળનો પીડાયેલો, ભાઈ! હવે ટાણા આવ્યા ભાઈ! ચૂકીશ નહિ, કહે છે. સમજાણું કાંઈ? ટાણામાં ચૂકીશ નહિ. માંડ વખત મળ્યો, બાપુ! અનંતે કાળે આ મનુષ્યદેહ મળે, એમાં આ વસ્તુનો યોગ અને આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, લાંબુ આયુષ્ય અને એમાં સત્‌ની વાતનું શ્રવણ એ તો મહા દુર્લભ, દુર્લભ ને દુર્લભ છે. એમાં પણ જ્યારે અંદર ખ્યાલમાં આવીને રુચિ, દષ્ટિ કરવી એ તો મહાદુર્લભ છે. સમજાણું કાંઈ? ભગવાને એમ નથી કહ્યું કે પૈસા મળવા દુર્લભ છે. એમ કીધું છે ક્યાંય?

મુમુક્ષુ :- કે દિ' મળે છે પણ?

ઉત્તર :- પણ આ બધા પૈસા કહે છે ને. લોકો પૈસાવાળા કહે છે ને. વાળા. પૈસાવાળા છે. બાયડીવાળો, છોકરાવાળો, મકાનવાળો, આબરૂવાળો, પૈસાવાળો. શું કહેવું પછી? ખેતરવાળો, પાદરવાળો. કેટલા વાળા પણ એને? વાળા નીકળ્યા છે બધા. વાળા. ઓલા રોગ નથી થતો? વાળો નથી નીકળતો? આવડો આવડો નીકળે. પાણી હોય ને એમાંથી અહીંથી નીકળે આવડો મોટો. આ મોટા વાળા વળગ્યા છે. સળગી ઉઠ્યો છે. ભાઈ! તને ખબર નથી. એ કષાયઅગ્નિએ તારી શાંતિ બળી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા શાંત શાંત નામ અકષાય સ્વભાવ (છે). એવો અકષાય સ્વભાવ જ્યાં દષ્ટિમાં આવ્યો-પ્રતીતમાં આવ્યો, ભાનમાં આવ્યો (તો) કહે છે કે મારે ભોગવવાની યોગ્યતા તો અંતર ચૈતન્યની અભેદ દષ્ટિ અને અભેદ અવસ્થા તેને હું ભોગવનારો છું. હું પરને ભોગવું એ મારામાં તો અજ્ઞાનમાં પણ નહોતું. પુણ્ય-પાપને ભોગવું અજ્ઞાનમાં હતું એ ભાનમાં હવે નથી. અલ્પ જ્ઞાનનો જે અનુભવ હતો એ દષ્ટિ પર્યાયમાં અને અપૂર્ણમાં હતી ત્યાં સુધી તેનો અનુભવ હતો. હું પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છું એમાં એકત્વ થાઉં તેટલો મારો અનુભવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. મગનભાઈ! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? આ કઈ જાતનો ધર્મ? કેટલાક કહે. આવો ક્યાંથી કાઢ્યો? ક્યાંથી કાઢે? અનાદિનો ભગવાનનો છે. સમજાય છે? તને ખબર નહોતી એટલે કાંઈ નવું છે એમ થઈ જાય? અનાદિનો અનંત વીતરાગ પરમેશ્વરો કેવળી ત્રિલોકનાથ કહેતા આવે છે અને કરતા આવ્યા છે. કહેતા આવ્યા, જીવો કરતા આવ્યા છે અને પૂર્ણને પામીને સિદ્ધપદ પણ થયા છે. સમજાણું કાંઈ?

હું. એ શબ્દમાં જ મહા (ગંભીરતા છે). 'હું' આચાર્ય પોતે કહે છે. કહે છે ને? આચાર્ય પોતે કહે છે. છદ્મસ્થ છે કે કેવળી? છદ્મસ્થ છે. બસ! છદ્મસ્થ છે એટલે ચક્ષુદર્શનાવરણીયની પર્યાયમાં જરી હીણી દશા નથી? છદ્મસ્થ છે ને એને હીણી દશા પ્રકૃતિ ચક્ષુદર્શનાવરણીય છે, એના નિમિત્તમાં નૈમિત્તિક જરી છે એ હીણી નથી? ના. મારે નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**ચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એ તો નાસ્તિથી વાત પહેલી કરી. ત્યારે હું. આમ લેવું પછી. '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' ભાષા જુઓ! જ ચેતુ છું. ભાઈ! કાંઈક ઊણપ ને કાંઈક રાગ ને કાંઈક કર્મની પ્રકૃતિનો અનુભવ કાંઈક તો કહે, થોડો તો કહે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે ભગવાન! મારી પર્યાયમાં જ્યાં ચક્ષુદર્શનાવરણીય જ નથી. એ એની પર્યાયમાં રહી એ તો પ્રકૃતિ, જડમાં પર્યાયમાં રહી. મારો પર્યાય જે એના લક્ષે થતો એ તો લક્ષ ત્યાં હતું, તેમાં હતું, ત્યાં સુધી લક્ષ હતું. અહીં દૃષ્ટિમાં લક્ષ આવતાં તેનું લક્ષ મારામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું! બીજો કોઈ માર્ગ હશે? એમ પૂછે કેટલાક. આ વાત સિવાય બીજો કોઈ માર્ગ હશે? આ માર્ગ આ જ છે. બીજો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

હું ચૈતન્યસ્વરૂપ છું. જાણનાર-દેખનાર સ્વ-રૂપ, સ્વ-રૂપ મારો ભાવ, મારું રૂપ, મારો સ્વભાવ તેવો આત્મા. હું તો એવો આત્મા જાણન-દેખન સ્વરૂપ એની સાથે હવે આનંદ ને શાંતિસ્વરૂપ એવો જે આત્મા તેને જ, તેને જ. છે ને? '**આત્માને જ સંચેતું છું.**' જુઓ! આનું નામ અનેકાંત છે. કાંઈક આત્માને, ચૈતન્યને અનુભવું છું અને કાંઈક હીણી દશાને અને રાગને અનુભવું છું-એ બે અનેકાંતમાં આવતું નથી. લ્યો, અહીં તો એ જ કીધું. સમજાણું કાંઈ? આ બધું દેખાય છે ને? સમ્યગ્દૃષ્ટિ હોય, લડાઈમાં હોય, વિકલ્પ હોય, શુભરાગ હોય. એમાં એ નથી. એમાં એ નથી. એનાથી વેગળો છે. ધર્મી એનાથી વેગળો છે અને જે આત્માનો સ્વભાવ છે એનાથી તો અવિનાભાવે એકાકાર દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

કર્મની સંન્યાસ આ કહે છે. એ કર્મની પ્રકૃતિના નિમિત્તમાં જરી અલ્પજ્ઞ એનો ત્યાગ છે મારે, સંન્યાસ છે. આનો આદર છે, આનો ત્યાગ છે. આહાહા..! કહો, સમજાણું આમાં? એ આઠ આઠ વર્ષના છોકરાઓ કેવળજ્ઞાન પામ્યા છે. સાંભળ્યું છે? કેવળજ્ઞાનનો કંદ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એને ક્યાં ગોખવું પડે છે કે ધારવું પડે છે કે આટલું ધારું તો કેવળજ્ઞાન થાય. આહાહા..! ભગવાન અંતરમાં-દૃષ્ટિમાં ધાર્યો, જાઓ! આઠ વર્ષે કેવળ. આઠ વર્ષે કેવળ! અને તરત અંતર્મુહૂર્તે મોક્ષ!! અનાદિ સંસારનો અંત અને સાદિઅનંત સિદ્ધની શરૂઆત. વચમાં આઠ વર્ષનો કાળ સંસારનો. કોઈ જીવ એવા હોય, લ્યો! નિગોદમાંથી નીકળીને માણસ થાય. કોઈ દિ' માણસ થયા ન હોય.

'**હું ચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ભગવાન! પણ નિગોદને અત્યાર સુધી ભોગવી ભોગવીને કાળ ગયો ને અનંત? એ હવે નહિ. હવે નહિ.. હવે નહિ. મારી દશાની દિશા ફરી ગઈ છે. સમજાય છે કાંઈ? મારી દશામાં પરલક્ષી જ્યાં સુધી ભાવ હતો ત્યાં સુધી મેં એને ભોગવ્યું. એ તો સંસાર હતો. મારી દશા, દિશા મારી ફરી ગઈ છે. સમજાણું કાંઈ? આત્મા '**હું ચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' શું ઓલો કહે છે? વારંવાર કહે છે. સામું તો જુઓ કો'ક. ઓલો કાંઈક કહ્યા કરે છે વારંવાર. અરે.. ભગવાન! કહો, સમજાણું?

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, શાંતિ... શાંતિ... શાંતિ. કષાયની ભઠ્ઠીમાં સળગતો હતો ને અનાદિથી. દેવપણે, નારકીપણે કે આ ધૂળના શેઠિયાપણે. ધૂળના શેઠિયા ને? ભગવાનજીભાઈ! એય..! એ બધા કષાય અગ્નિમાં શેકાણા છે. શેકાય છે. એ શક્કરકંદને જેમ અગ્નિમાં નાખે અને શેકાય, એથી અનંતગુણો શેકાય છે કષાયમાં. ભાઈ! એને ખબર નથી. મિથ્યા અભિપ્રાય મહાકષાય છે. અલ્પજ્ઞ અને રાગની અધિકતામાં હોંશું કરવી એ મિથ્યાત્વની અગ્નિમાં શેકાય છે. અહીંયાં આત્મા કહે, અરે..! હું એ નહિ, હોં! હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું ને. મારા સ્વભાવમાં તો અલ્પજ્ઞતા પણ હું નથી ત્યાં વળી રાગ ને નિમિત્તતા ક્યાંથી આવી? કહો, સમજાણું? આ તો ઉડાવી દીધું નિમિત્તને લ્યો! આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્ત હતું કે દિ'?

ઉત્તર :- હતું કે દિ'? હું ભગવાન છું ને. ચૈતન્યસ્વરૂપ આત્મા છું ને. એ આત્માને હું સંચેતું છું. સં નામ એકાગ્ર થઈને, જ્ઞાન તરફ એકાગ્ર થઈને તેને વેદું છું, તેને ભોગવું છું, તેને જાણું છું, તેમાં હું છું. કહો, સમજાણું કાંઈ?

બીજો બોલ. '**હું અચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' આંખ સિવાય આ ચાર ઈન્દ્રિયો છે ને? અહીં છે કાન, આ સ્પર્શ એ ચાર ઈન્દ્રિયો તો જડ છે. પણ અંદરમાં એના નિમિત્તમાં એક અચક્ષુ પ્રકૃતિ છે. એ ચારેય ઈન્દ્રિયોના ભાવની હીણપ દશામાં એ નિમિત્ત છે. ચારેય ઈન્દ્રિયોથી જાણવાની દશામાં હીણી દશામાં એ અચક્ષુ પ્રકૃતિ એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એ નિમિત્ત છે. કહે છે કે નિમિત્ત અને નૈમિત્તિક સંબંધનો હીણી દશાનો ભાવ એ મારો સ્વભાવ નહિ, હું એનો સ્વામી નહિ, હું એને ભોગવું નહિ. સમજાણું કાંઈ? ભારે ધર્મ આવો ભાઈ!

મુમુક્ષુ :- સત્ય ધર્મ.

ઉત્તર :- ભાઈ! આ તો દયા પાળે, ચોવિહાર કરે, કંદમૂળ ન ખાય એ બધો ધર્મ હતો અત્યાર સુધી. આવો ક્યાંથી કાઢ્યો ધર્મ? આ અમારે શેઠિયા રહ્યા જૂના માણસ. પૂછો એને અપસરામાં કોઈ દિ' સાંભળ્યું હતું આવું ત્યાં?

મુમુક્ષુ :- પ્રકાશમાં આવે ત્યારે થાય ને.

ઉત્તર :- આહાહા..! ભગવાન! તારો પ્રકાશ બાપુ! ભાઈ! તને તારી મોટપ આવતી નથી અને તું મોટપ પરને દઈ દે છો ને એમાં તારી હીણી દશા થાય છે. સમજાય છે? એ રાગને, નિમિત્તને અને અલ્પજ્ઞપણાને મોટપ દઈ દે છો, પ્રભુ! એમાં તારી હીણી દશા છે.

'**હું અચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' હું તો ચૈતન્ય સ્વરૂપ ભગવાન સામાન્ય જ્ઞાયક સ્વરૂપ તેના ધ્યેયમાં જે અવસ્થા નિર્મળ થાય તેને અનુભવું છું એમ કહે છે. એના ધ્યેયને અભેદને અનુભવું છું. એમ. આખો આત્મા ધ્રુવ ક્યાં અનુભવાય છે? સમજાણું કાંઈ? પહેલાના ઓલામાં આવ્યું હતું. ૨૯ બોલમાં અનુભૂતિથી ભિન્ન છું એમ આવ્યું હતું. એ ત્યાં અભેદદૃષ્ટિ થઈ અનુભૂતિને ભેગી લીધી. સમજાણું કાંઈ?

'**હું અવધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! અવધિદર્શન વયું ગયું? પણ અહીં પર્યાયની હીણી દશા અને અવધિદર્શન નથી એ કોણ કહે છે, માને છે કોણ એને? મારામાં તો આખું દર્શન પૂર્ણાનંદ અનંત દર્શનનો પિંડ હું આત્મા છું. અનંત બેહદ કેવળદર્શન પ્રગટે એવા કેવળદર્શનની પર્યાય તો ત્રણ કાળને દેખે તો એક સમયની છે. એવી તો અનંતી કેવળદર્શનની સાદિઅનંત કાળ, સાદિ અનંત... અનંત... અનંત.. એવી જે પર્યાય તો મારા દર્શનગુણમાં પડી છે. સમજાય છે કાંઈ? એ કેવળદર્શન મારા દર્શનગુણમાં પડ્યું છે. એક નહિ. એવા અનંત કેવળદર્શન મારા દર્શનગુણમાં પડ્યા છે. મગનભાઈ! ભારે વાત ભાઈ! એવા દર્શનનો ધરનારો ભગવાન એવી અભેદ દૃષ્ટિને લઈને દર્શનાવરણીયના નિમિત્તમાં દર્શનાવરણીયનો ઉઘાડ નથી, કહે છે કે એને નથી તે નથી મારામાં એ નથી. ઉઘાડ નથી તે મારામાં નથી. હું એને ભોગવતો નથી, હું એને માનતો નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી થોડું કાંઈક વિભંગ થાય કાંઈક જાણે ભવને, સાત ભવને જાણે તો ઓહોહો..! ભવ દેખાણા. અભવિને મિથ્યાદૃષ્ટિને સાત ભવ દેખાય છે. સાત દ્વીપ અને સાત સમુદ્ર. સાત દ્વીપ દેખાય, અને સાત સમુદ્ર (દેખાય) મિથ્યા દૃષ્ટિમાં. એને એમ કે ઓહોહો..! સાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દ્વીપ સમુદ્ર દેખાય અંદરમાં. શું થયું પણ હવે? એ તો એક સમયની પર્યાયનો પરલક્ષી વિકાસ એ આત્માનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ?

હું આત્મા... ધર્મીને એવી દૃષ્ટિ અને અનુભવ હોય છે કે '**હું અવધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' આહાહા..! એક પાંચ હજારનો પગાર હોય એના બદલે એક હજાર થઈ જાય પાંચમાંથી તો હાય.. હાય..!

મુમુક્ષુ :- પચાસ રૂપિયા ઓછા થાય તો...

ઉત્તર :- પચાસ ઓછા થઈ જાય. અમે મોટા મોટા આંકડા ગણ્યા તમારા છોકરાના. મોટા આંકડા છે ને મોટા બધાને જુઓને. કહો, સમજાણું કાંઈ? પહેલા તો એમ થાતું પચ્ચીસનો પગાર અને દસ જ્યાં આવે પાંત્રીસ. ઓહો..! પાંત્રીસ .. હોળી સળગે છે સાંભળને હવે. અને એનો પાંચસોનો પગાર હોય એમાં પચાસ ઓછા થાય (તો) હાય.. હાય.. મોઢું કોને બતાવવું? મેટ્રીકમાં નાપાસ થાય તો કાંકરીયું તળાવ ગોતે. મલૂકચંદભાઈ. એ તળાવ છે ને મોટું? ત્યાં પડે છે, સાંભળ્યું છે ને. અમે નીકળ્યા ત્યારે સાંભળ્યું હતું. નીકળ્યાને ત્યારે કે આ કાંકરીયું તળાવ છે અહીં પડે છે. અહીં પડને હવે, ત્યાં શું પડે છે? અહીં મોટું અકાંકરીયું તળાવ ચિદાનંદ કેવળજ્ઞાનનો કંદ આત્મા છે. ત્યાં જાને, કેવળજ્ઞાન થશે તને. અહીં મરી જઈશ, મરીને નિગોદમાં જઈશ! જરીક એક નાપાસ થાય ત્યાં એને ગોઠતું નથી. અનંત કાળથી આત્માનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી નાપાસ થતો આવે છે એની એને ખબર નથી. આહાહા..! ભગવાનની કોર્ટમાં એને નાપાસ ગણ્યો છે. ભગવાનની આજ્ઞામાં નાપાસ (છે). ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો આશ્રય છોડી, એનું અવલંબન છોડી, એની મોટપ-અધિકતા છોડી તારી દશામાં ઉઘાડમાં, રાગમાં અધિકતા છે તો નાપાસ છો. સિદ્ધપદને માટે નાપાસ છો. ચાર ગતિ રખડવા માટે પાસ છો, જા. કહો, સમજાણું આમાં? આહાહા..! આમ મોઢું થઈ જાય. વજુભાઈ નાપાસ થયા હતા ને પહેલા. આ વજુભાઈ નાગરભાઈના દીકરા. પહેલા અહીં આવ્યા ત્યારે નાપાસ થયા હતા. અહીં પહેલા આવ્યા હતા ને, (સંવત) ૧૯૯૧માં. મારી નાખ્યા નહિ? ૯૧ માં આવ્યા હતા. નાપાસ થયા તો મોઢું ફેરવે. શું છે પણ કીધું. તમારે દુકાન કરવી છે? તમે તો વેપારી માણસ છો. તમારે નોકરી કરવી છે? શું છે પણ પાસ ન થાય તો. એટલું પણ જ્યાં થાય ત્યાં હાય... હાય.. આ છોકરા સંબધીના જેની સાથે આપણે વાતચીત કરીએ એની પાસે શી રીતે બોલવું? મોઢું શી રીતે દેખાડવું? અધિકપણું શી રીતે બતાવવું? આમ ઢીલુંઢપ થઈ જાય. પણ આ અનાદિ કાળથી ભગવાન અખંડાનંદ પ્રભુ આ પૂર્ણમાંથી નાપાસ થતો આવ્યો, કોને મોઢું દેખાડવું એમ તો કર. આહાહા..!

'**હું અવધિદર્શનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો હવે એ તો ગયું. '**હું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**કેવળદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' છદ્મસ્થ થઈને આચાર્ય ને સમ્યગ્દૃષ્ટિ કહે છે, મારી દૃષ્ટિ જ્યાં છે ત્યાં અપૂર્ણતા નથી. હું તો શુદ્ધ પૂર્ણ છું ને, વસ્તુ છે ને, સ્વભાવ છે ને, એકરૂપ છે તો વસ્તુ સ્વભાવ એકરૂપ છે તો અખંડ છે. એ અખંડની દૃષ્ટિને લઈ કેવળજ્ઞાનાવરણીયની પર્યાય જે કર્મની છે એના નિમિત્તે કેવળદર્શનની પર્યાય નથી ઉઘડેલી, નથી ઉઘડેલી એને હું ભોગવતો નથી. નથી ઉઘડેલીને હું ભોગવતો નથી. ઉઘડેલો આખો આત્મા છે તેના તરફ એકાગ્ર થઈને એને ભોગવું છું. સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ! આવો ધર્મ ક્યાંથી હશે આ? રાડ્યું પાડે છે લોકો. આહાહા..!

ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાં સંચેતન નામ એકાગ્ર થઈને અનુભવવું. એમાં હીણી દશાનો આશ્રય નથી, લક્ષ નથી માટે વેદન મને નથી એમ કહે છે. કહો, મગનભાઈ! આહાહા..! '**કેવળદર્શનાવરણીયકર્મના ફળને...**' હજી તો રાડ પાડે છે ઓલા. મતિ અને શ્રુતજ્ઞાન એ કેવળજ્ઞાનનો અંશ છે. ત્યાં રાડ નાખે. શ્રુતજ્ઞાનનો નિર્મળ અંશ કેવળજ્ઞાનનો અંશ છે. હવે ઓલો કહે કે નહિ, એને સ્વભાવ ન કહેવો, વિભાવ કહેવો. વિભાવ નિયમસારમાં ચાર જ્ઞાનને કીધા છે. એય..! કીધા છે કે નહિ? મતિ, શ્રુત, અવધિને વિભાવ કીધા છે. પણ એ કઈ અપેક્ષાએ? અપૂર્ણ છે તો વિભાવ કીધા છે. કઈ અપેક્ષાએ? પૂર્ણની અપેક્ષાએ. બાકી એનો એક અંશ છે એ કેવળજ્ઞાનનો અંશ જ છે. એ આગળ વધીને કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? પણ તકરાર... તકરારર... તકરાર. એય..! આમ કહે છે. મતિજ્ઞાનને કેવળજ્ઞાનનો અંશ કહે છે. એ ખોટું છે. કારણ કે કેવળજ્ઞાનાવરણીય સર્વઘાતિ હોય. સર્વઘાતિમાં અંશ ઉઘડે અને અંશ ન હોય એમ હોય નહિ. તકરાર તે પણ કેટલી તકરાર?

મુમુક્ષુ :- આવી દલીલો હોય.

ઉત્તર :- આવી દલીલો. ભગવાન! શું કરે છે તું આ? ભાઈ! તારી પૂર્ણતામાં ભલે દૃષ્ટિ ત્યાં હો, પણ સ્વભાવનો જે અંશ ઉઘડ્યો છે એ શાંતિ છે એમાં. બીજ ચંદ્રમા ઊગ્યો છે. એ ચંદ્રમા બીજ થઈને પૂનમ થઈ જવાનો છે. પણ પૂર્ણ નથી એટલી અપેક્ષાએ એને કેવળજ્ઞાન-દર્શન વિનાની ચાર દશાને વિભાવ પણ કહ્યો છે. એમાં કઈ અપેક્ષા છે એ ન સમજે. ચંદુભાઈ! ચાર જ્ઞાનને વિભાવ કહ્યા અને એક બાજુ ચાર જ્ઞાનને કેવળજ્ઞાનનો સ્વભાવનો અંશ કીધો. એક બાજુ સર્વઘાતિ પ્રકૃતિનો અંશ ઘટે અને ક્ષયોપશમ થાય એમ હોઈ શકે નહિ. ઉઘડે ત્યારે આખું ઉઘડે નહિતર આખું આવરણ.. એમ કહ્યું. અરે..રે..! ભારે વાતું ભાઈ! અપેક્ષા સમજ, બાપા! તારા જ્ઞાનની વિશાળતા છે, ભાઈ! એ જ્ઞાનની વિશાળતા છે. એ જ્ઞાન બધા ન્યાયની અપેક્ષાને ગળી જાય છે. સમજાય છે કાંઈ? ક્યાંય અટકતો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ભગવાન પરિપૂર્ણ છો ને નાથ! આહાહા..! ભાઈ! તારું રક્ષણ કરનાર તો તું આત્મા છો. અને નહિ મળેલી ચીજને મેળવનાર આનંદ આદિ ને કેવળજ્ઞાન એ તું આત્મા છો. એ અલ્પ જ્ઞાન કાંઈ પૂર્ણતાને નહિ પમાડે. સમજાય છે? અને કર્મની પ્રકૃતિ ખસી જશે તો પૂર્ણતા થશે એમ પણ નથી. પરિપૂર્ણ ભગવાન પડ્યો ત્યાં તાટ માર એકાગ્રતાની કેવળજ્ઞાન ફટ થાશે. સમજાણું કાંઈ? કેમ બેસે? ઓલા સલવાણા છે ને લાકડા ઘણાં? આમ થાશે ને ફલાણું થાશે. સર્વઘાતિ પ્રકૃતિનો કંઈપણ અંશ ઘટે નહિ. વળી તમે કેવળજ્ઞાનનો અંશ કહો છો એ વિરૂદ્ધ છે. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! અહીં તો કહે છે, એ અંશ જે નિમિત્તના લક્ષે ઘટ્યો છે એનો હું અનુભવનાર નથી. લે. સમજાણું કાંઈ? દૃષ્ટિએ જ્યાં સૃષ્ટિ પ્રગટી છે. સમજાય છે? અભેદપણે પ્રગટી તેનો અનુભવનાર છું. જેટલો ભેદ નિમિત્તના લક્ષમાં જાય એ બધો વ્યવહાર છે, તે હેય છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

'**હું કેવળદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ચૈતન્ય ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ, જેની ખાણમાં તો અનંતા સિદ્ધો ભગવાન પડ્યા છે. એના પ્રવાહમાંથી આવીને સિદ્ધપર્યાય આવશે. એમ અલ્પજ્ઞમાંથી અને રાગમાંથી અને વજ્રનારાચ સંહનનમાંથી નહિ આવે. જેમાં દૃષ્ટિ પડી છે એમાં એ બધું ભર્યું છે. જેમાં દૃષ્ટિ પડી છે, પરિણમન એમાં બધું ભર્યું છે. એને લઈને હું અલ્પજ્ઞ પર્યાયને અનુભવતો નથી, કહે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું!

મુમુક્ષુ :- બહુ સરસ.

ઉત્તર :- બહુ સરસ છે. એ ચાર થઈ. હવે રહી પાંચ.

'**હું નિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' બસ! થઈ ગઈ? નિંદ્રા વઈ ગઈ? સાંભળો. ભગવાન આત્મા ચૈતન્યધાતુ આનંદકંદને ધારેલી ચીજ છે એ તો. એમાં ટકાઉ, ટકાઉપણું તો આનંદ ને શાંતિ ને શુદ્ધતા ને સામાન્યનું ટકાઉપણું છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં કહે છે કે નિદ્રાની પ્રકૃતિ એક નિમિત્ત છે અને એને લઈને જરી નિદ્રાની અવસ્થા પ્રમાદની આવે, પણ એ મારા ભોગવવાનો એ ભાવ નથી. હું એ નથી. એમાં એ નથી, હું એને ભોગવતો નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? એ નિદ્રાના કાળમાં એ નિદ્રાની અવસ્થાને ભોગવતો નથી એમ કહે છે. કેમ કે દૃષ્ટિ સ્વભાવની ઉપર પડી છે અને સ્વભાવનું શુદ્ધ ચૈતન્યમૂર્તિનું પરિણમન છે. એ પરિણમનને રોકનાર કોઈ છે નહિ અને હીણી અવસ્થા તેની પોતાના સ્વભાવમાં, દ્રવ્ય-ગુણમાં નથી પણ એકતા થઈ એમાં હીણી અવસ્થા નથી. મગનભાઈ! કહો, આવું ક્યાં હશે? થોડું ઘણું હશે ક્યાંક વેદાંતમાં ફલાણે ઠેકાણે. આ તો

ગજબ વાત છે ને! એ તો કહ્યું નહોતું? કેવળજ્ઞાની વિનય કરેનો અર્થ આવો કરો. આવે છે ને? વિનય કરે ભગવાન. કીધું, એનો અર્થ આવો કરો, ભાઈ! ખળભળાટ થયો. ભાઈ! એમ ન હોય, બાપુ! વિનય કરોનો અર્થ, કેવળી પૂર્ણ છે એને ક્યાં કોનો વિકલ્પ છે અને કોને વિનય કરે? ત્યારે એ વખતે કહ્યું કે એનો અર્થ આવો કરો કે પૂર્વે ગુરુનો વિનય કર્યો હતો એ જ્ઞાનમાં આવી ગયું છે એને ખ્યાલમાં. ઓલા કહે, એમ આશય નહોતો. વાત સાચી છે આશય નહોતો પણ અર્થ કરવો આ બરાબર છે.

મુમુક્ષુ :- તત્ત્વની સાથે આમ બેસે છે.

ઉત્તર :- તત્ત્વ રીતે તો આમ બેસે છે, ભાઈ! એ તો ભલે એ પ્રકારે હોય. ખળભળાટ થઈ જાય. એય..! આમ ફેરવી નાખ્યું. અરે.. ભગવાન! ફેરવ્યું નથી. જેમ છે તેમ કરી દીધું છે. કહો, ભગવાનભાઈ! આમ બધા જ્યાં હોય ત્યાં સલવાણા. સમજાય છે? 'માયા બડી મોહની જેના વજ્રમય ગાળા, સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા કંઈક પાળા.' કો'ક શાસ્ત્રને બહાને સલવાણા, કોઈક કાંઈકને બહાને સલવાણા. સલવાણા સમજો છો ને? ફસાઈ ગયા. ક્યાંક ક્યાંક ફસાણા, ક્યાંક ફસાણા. ઓહોહો..! લપસી ગયા. કેળનું હોય ને ઓલું કેળનું? છાલ. એમાં સારી કડક હોય સિમેન્ટની સરખી. મુંબઈ જેવી સરખી, પડ્યો હોય તો એમાં પગ આવે તો ભૂ.. પડે. આખો લપસી જાય. એક પગ આમ ને એક પગ આમ. આહાહા..! બાર બાર મહિના સુધી ઉંધે કાંધ આમ રાખવું પડે આ સરખું કરવા. ખીલા મારે અહીં. નહોતું આપણે હરગોવિંદભાઈને થયું હતું, મગનભાઈને થયું હતું. આમ પગ ઊંધો રાખી. ભાઈસા'બ ઘડીક આમ નહિ? પડખું આમ થાતું હોય એને છ-છ મહિના સુધી આમ રહેવું પડે. ભાઈ! કોઈ રીતે જીવાય? પણ આત્મા માટે કરવું હોય તો કહે, ઈ મારે ન થાય, ઈ મારે ન થાય. સમજાણું કાંઈ?

કહે છે કે, નિદ્રા મારે નથી, મેં નિદ્રા લીધી નથી અને નિદ્રામાં હું નથી. એમ કહે છે. આહાહા..! કહો, ખેતશીભાઈ! લ્યો, આવી વસ્તુ છે હોં! આવી સાંભળવા પણ ત્યાં ક્યાં પડારમાં હતી? એ તો વળી આવી ગયા પાનીબહેનને લઈને. ખરેખર તો પાનીબહેનને લઈને છે ને બધું. આ તો સાંભળવું મળવું મુશ્કેલ છે, આ શું ચીજ છે ઈ. સમજાણું કાંઈ?

આ તો પરમાત્મા ત્રિલોકનાથના ઘરની વાતું છે. એના ઘરવખરાનો ઉકેલ થાય છે આ. આહાહા..! ભગવાનના ઘરમાં તો કેટલો ઘરવખરો ભર્યો છે! આ ભગવાન આત્માના પેટ ઊંડા છે. કેટલો ઘરવખરો! પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એવી જ્યાં પૂર્ણ દૃષ્ટિ ઈદં પૂર્ણ આત્માની દૃષ્ટિ થઈ એ ધર્મ થયો, સમ્યગ્દૃષ્ટિ થયો, અપૂર્ણ નિદ્રાની વેદના હું નથી. આહાહા..! અધિકપણે જ્યાં દ્રવ્ય ભાસ્યું, પર્યાયથી પણ અધિક અને રાગથી ભિન્ન ભાસ્યું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમાં એ નિદ્રાની પર્યાયને હું ભોગવતો નથી. કહો, સમજાણું આમાં?

સદાય જાગતો કહે છે. એમ અહીં તો કહે છે. એઈ..! આહાહા..! જુઓને! તેથી તો એકદમ જ્યાં સ્થિરતા વધી જાય છે ત્યારે મુનિને તો એક પાછલા પહોરમાં થોડી એક નિદ્રા છઠ્ઠા ગુણસ્થાનના કાળથી જરીક ઓછી એવી નિદ્રા આવે છે. જુઓ! શું કહે છે ઈ? સમજાણું? મુનિદશા જ્યાં થાય છે... અહીં તો મુનિ છે પોતે, તો મુનિને પણ આવી રીતે રાત્રિના પાછલા ભાગમાં થોડી જરી નિદ્રા આવે. તે કેટલી? છઠ્ઠા ગુણસ્થાનનો કાળ તેનાથી થોડી. એ નિદ્રાનો હું અનુભવ કરનારો નથી, કહે છે. સમજાણું કાંઈ? એ મુનિ કલાક, બે કલાક ઘોરે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ચોથા કાળની વાત છે.

ઉત્તર :- ચોથો કાળ અને પાંચમો કાળ ધર્મ તો એક જ હશે. બે છે? ચોથા કાળની સુખડીમાં ગોળ, લોટ ને ઘી (નખાય). પાંચમા કાળની સુખડીમાં ત્રણ હશે કે બીજું નાખતા હશે? ગોળને ઠેકાણે ગારો ને ઘીને ઠેકાણે પેશાબ, લોટને ઠેકાણે ધૂળ. શું હશે? ચોથો આરો અને પાંચમો આરો. સુખડી ત્રણની જ થાય. એમ દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ જ મોક્ષનો માર્ગ ચોથે આરે ને પાંચમે આરે. એમાં ક્યાંય ફેર નથી. સમજાણું કાંઈ? આહાહા..! ઉડાડી દીધું. નિદ્રા ઉડી ગઈ? હતી કે દિ' તે ઊડે? અહીં તો હતી જ નહિ મારામાં, એમ કહે છે. હું જ્યાં છું ત્યાં તો પૂર્ણ આનંદ જાગૃત સ્વભાવ મારો છે. મગનભાઈ! આહાહા..! વાહ..! સમજાણું?

સાચા મુનિ છે, ભાવલિંગી મુનિ હોય છે એને તો એટલી દશા જાગૃત થઈ ગઈ હોય છે. વનમાં-જંગલમાં, સિંહની પેઠે આરડતા હોય આનંદમાં. એક રાતના ત્રણ પહોરે તો સૂવાનું ન હોય. ચોથે પહોરે થોડો આમ જરીક નિદ્રા લે. મુનિ છે, આચાર્ય છે, કુંદકુંદાચાર્ય મુનિ છે. અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનારા પણ સંત મુનિ છે. અમે નિદ્રાને અનુભવતા નથી. આહાહા..! ત્યારે શું થઈ ગયા કેવળી? કેવળી કોણ કહે છે? કેવળી કોણ કહે છે? કેવળીની ક્યાં દરકાર છે એમ કહે છે અહીં. સમજાણું? જેના પેટમાં અનંતા કેવળ પડ્યા છે, હવે તારે કેવળીનું અહીં શું કામ છે? કહે છે. એ તો થઈ જશે એની મેળે કેવળ. અહીં અમારે શું કામ છે? કામ છે અમારે દ્રવ્યનું. એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્ય સૂર્ય અને આનંદના કિરણો જ્યાં દૃષ્ટિ થઈને ફાટ્યા, કહે છે કે હું તો અભેદને અનુભવું છું. જેટલો એ જ્ઞાન-દર્શનનો દર્શનાવરણીયમાં નિમિત્તથી ભેદ પડીને અંશ જાય છે એનો અનુભવનાર નથી, એનો અનુભવનાર નથી. સમજાણું કાંઈ? હું તો ચૈતન્ય સ્વરૂપને અનુભવું છું. નિદ્રા વખતે નિદ્રાને અનુભવું અને પછી ચૈતન્યને અનુભવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ બે ભાગ હશે? જાગૃત છો ને ભગવાન તું, કહે છે. ચૈતન્ય સ્વરૂપ જાગૃત ચૈતન્ય સૂર્ય છે ને. સમજાણું?

શું કહે છે? આવા મોટા બત્તીવાળા નથી આવતા? સર્ચ લાઈટ. બબ્બે હજાર નંબરની, શું કહેવાય એ? ત્યાં હતો ને? બાહુબલીમાં. બે બાજુ આવડા મોટા. તે દિ' ત્યાં કહ્યું હતું, આ તો સાધારણ છે અને આ તો ચૈતન્યસૂર્ય, એમાંથી અનંતા કિરણો ફાટે છે અંદર. સર્ચ લાઈટ આત્મા ચૈતન્યનો છે. એવો ભગવાન આત્મા એમાં એકાગ્ર થતાં કિરણો ફાટે છે અંદરથી. અભેદને અનુભવનાર, નિદ્રાનો અનુભવનાર અને ભોગવટો કરનાર નથી. કહો, સમજાણું?

વળી એમ કહે નિર્જરાના અધિકારમાં. સમકિતી સચેત-અચેતને ભોગવે છે. લે.. ત્યાં વળી ભોગવે કીધું. એઈ..! મગનભાઈ! નિર્જરા અધિકારમાં આવે છે ને પહેલી ગાથા? એક ફેરી કહ્યું હતું તમે, ખબર છે? કે આ સચેત કહ્યું હતું તો પરને પર કહે છે માટે કહે છે. દેખે માટે કહે છે. ખબર પણ નહિ હોય, તમે એક ફેરી કહ્યું હતું. આ સચેતને ભોગવે એમ કીધું છે. એ તો લોકો માને છે અને દેખે છે માટે. એ તમે કહ્યું હતું એક ફેરી ઘણાં વર્ષ પહેલા. અહીં તો કોઈપણ શબ્દ હોય રહી જાય મગજમાં અંદર. એ એણે કહ્યું હતું. કે આ સચેત-અચેતને ભોગવે છે. આવે છે ને પહેલી ગાથા?

અહીં ના પાડે છે કે અહીં નિદ્રાને ભોગવતો નથી, વળી સચેત-અચેતને ભોગવે એ ક્યાંથી આવ્યું? ત્યાં એમ આવ્યું છે. પાઠ પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે. હું નિદ્રાને ભોગવતો નથી. ત્યાં કહે છે કે સમકિતી સચેત સ્ત્રી આદિને, વનસ્પતિ આદિને ભોગવે. આ પૈસા ને લૂગડા. હીરો-બીરો અચેત છે ને બધું? ભોગવે છે, કહે છે. ભાઈ! એ તો ત્યાં કહ્યું છે દુનિયા દેખે છે એ દૃષ્ટિએ એને વાત કરી છે. સમજાણું કાંઈ? ત્યાં ભોગવે એમ કહે અને અહીં ભોગવતો નથી (એમ કહે), વિરૂદ્ધ છે? ત્યાં બીજી વાત કીધી છે. આની પાસે બાયડી છે, આની પાસે રાજ છે. હા, અમે શિરો ખાતા અને ભજીયા ખાતા. એ પણ શિરો ને ભજીયો થાળીમાં ખાતા. અમે તો અધ શેર ખાધું અને એણે તો શેર ખાધું. એઈ..! ભોગવતો નથી? આ ભોગવે છે ને. સાંભળને! તારી દૃષ્ટિ ત્યાં સંયોગ ઉપર છે એટલે તું સંયોગથી દેખે છે. જ્ઞાની નથી ભોગવતો સચેત-અચેત વસ્તુને અને જ્ઞાની નથી ભોગવતો તે તરફના હરખ-શોક અને રાગને. અને નથી ભોગવતો એ અલ્પજ્ઞ પર્યાય જે નિદ્રાની છે એને. સમજાણું કાંઈ? આહાહા..! એય..! વજુભાઈ! એક કોર અહીં કહેવું અને એક કોર ત્યાંને ત્યાં કહેવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક. એ ઠીક પડ્યું એને. કહો, સમજાણું આમાં?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ! ભગવાન આત્મા...! ત્યાં તો લોકો એમ જોવે છે ને એની દૃષ્ટિએ એને વાત કરી છે. એમ નથી કહ્યું કે ભોગવે છે. એમ કહ્યું જ નથી. એ તો લોકો આમ કહે છે એ અપેક્ષાએ તને સમજાવ્યું છે કે સચેત-અચેત ભોગવે છે તો જ્ઞાનીને નિર્જરા થાય છે. લે.. વળી ભોગવે છે એમ કીધું અને વળી ભોગવતા નિર્જરા થાય. બેય વિરૂદ્ધ છે. સચેત-અચેતને ભોગવતા નિર્જરા થાતી હશે? એ તો એટલો વિકલ્પ છે જરી. અને પરને તો ભોગવી શકતો નથી. એને વિકલ્પ છે એને ભોગવતો નથી. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી એવા સંયોગમાં ઊભો દેખીને તને એમ થાતું હોય કે આને બંધ થાય છે. તો એમ બંધ નથી. એને તે તે ક્ષણે નિર્જરા થાય છે. એમ દૃષ્ટિને ફેરવીને જો, જોતા આવડે તો. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નથી. એ તો બહારની વાત દેખાડવા માટે સમજાવે તો એમ બતાવે. કંઈક અપેક્ષાઓ હોય. બધી અપેક્ષાને સમજવી જોઈએ ને. આ ઠેકાણે નિદ્રાને ભોગવતો નથી કહે છે, એ જરી પર્યાયની.. ત્યાં કહે કે સચેતને-અચેતને ભોગવે. સચેતને ભોગવે સમકિતી? એ સમકિતીની વાત છે ત્યાં. મુનિને સચેત કહી દીધું ને કે શિષ્ય આદિ સચેત કહેવાય. સમજાણું કાંઈ? અહીં તો સચેત વનસ્પતિ આદિને ભોગવે. કહો, સમકિતી હોય, મોટી આમ ફસલ પાકી હોય, બાજરાના ડુંડા મોટા આવડા પાંચ-પચ્ચીસ વીઘામાં, લીલુછમ જેવું અંદર ચાલ્યો જાય દોડીને અંદર, ખાતો જાય. લોકો કહે, જુઓ આ ખાય. ઓલો સમકિતી છે. ભગવાન કહે છે, કાંઈ ખાતો નથી. એ તો જોવે છે થાય છે. એય..! ખેતશીભાઈ! વાતું ભારે ભાઈ! સમજાણું કાંઈ? એ વખતની શાતાનો જરી વિકલ્પ છે એને પણ ખાતો નથી. આહાહા..! આ તે કાંઈ દૃષ્ટિના ફેરે.. બહારના ગજે માપવા જાય એ માપ આવે એવા નથી.

અહીં તો કહે છે કે નિદ્રાને હું ભોગવતો નથી. બસ! નિદ્રા કાંઈ આવતી નહિ હોય તમને જરીએ? ના, અમને તો છે જ નહિ કાંઈ. અમે જ્યાં છીએ ત્યાં તો જાગૃત જ છીએ. સમજાણું? એવી આત્માના સ્વભાવની દૃષ્ટિમાં એટલું જોર છે કે જે નિદ્રાની પર્યાયને પણ સ્વીકારતો નથી. સ્વભાવને સ્વીકારે છે. તેથી ક્ષણે ક્ષણે શુદ્ધિ વધે અને નિર્જરા થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૩, મંગળવાર તા. ૨-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૪**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કર્મફળના ત્યાગની ભાવનાનો અધિકાર છે. એટલે શું? કે આ આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય વસ્તુ છે. આત્મા એક સમયમાં શુદ્ધ ચિદ્‌ઘન ધ્રુવ આનંદ આદિ અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ છે. એક. એક સમયની અવસ્થા પણ એ સમયમાં છે. બે. એ અવસ્થામાં રાગ-દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ પણ છે. ત્રણ. અને સંયોગી નિમિત્ત ચીજ છે. એ ચાર. કહો, સમજાય છે કાંઈ? હવે એ ચારમાં ક્યાં દૃષ્ટિ દેવાથી એને ધર્મ થાય અને ક્યાં દૃષ્ટિ દેવાથી એને અધર્મ થાય એ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફરીથી વાત સમજાવો.

ઉત્તર :- ફરીને કહીએ છીએ ને હળવે-હળવે. ડોક્ટર તો સમજે છે. ગુજરાતી ભાષા સમજે છે. બોલી શકતા નથી.

આ આત્મા છે ને વસ્તુ? આત્મા અરૂપી અરૂપી પણ એક વસ્તુ છે. જેમ આ રૂપી જેમ વસ્તુ છે એમ અરૂપી જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી પણ એ વસ્તુ છે, પદાર્થ છે, ધ્રુવ છે, અનાદિઅનંત અવિનાશી તત્ત્વ છે. સમજાય છે કાંઈ? જેમાં જ્ઞાનભાવ, દર્શનભાવ, આનંદભાવ એવા ભાવોનું સ્વરૂપ તે આત્મા તે ત્રિકાળી અવિનાશી છે. એક વાત. અને એની વર્તમાન અવસ્થામાં-પર્યાયમાં-એક સમયના ઉઘાડમાં અંશરૂપે વિકાસ છે જ્ઞાનનો, દર્શનનો, વીર્યનો, પુણ્ય-પાપના વિકૃત ભાવનો એટલે અવસ્થા છે. પુણ્ય-પાપના ભાવ પણ છે. ત્રણ. અને નિમિત્ત પણ કર્મ, શરીરાદિ સંયોગો પણ છે.

હવે જેને અનાદિથી એ નિમિત્ત ઉપર દૃષ્ટિ છે, પુણ્ય-પાપ ઉપર દૃષ્ટિ છે અને એના અંશનો ઉઘાડ છે એવી અવસ્થામાં જેની દૃષ્ટિ છે, અવસ્થામાં જે બેઠો છે, અવસ્થામાં જેની રુચિ છે એનું નામ મિથ્યાદૃષ્ટિ અને અધર્મનો સાધક કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ચાર વસ્તુમાં ત્રણ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી તેની મિથ્યા દૃષ્ટિ છે. કહો, ચંદુભાઈ! આ તો હવે સહેલું છે કે નહિ?

હવે જેને આત્માનું કલ્યાણ કરવું છે, તો એ કલ્યાણ એટલે આનંદ જ્યાંથી પ્રગટ થાય ત્યાં એણે દૃષ્ટિ મૂકવી પડશે. નવનીતભાઈ! તો એ કાંઈ નિમિત્તમાં દૃષ્ટિ મૂકે કાંઈ આનંદ પ્રગટ થાય એવું નથી. કેમ કે આત્માનો આનંદ નિમિત્તમાં નથી. પુણ્ય અને પાપના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ થાય એમાં કાંઈ આત્માનો આનંદ નથી. એ તો પોતે વિકારી દુઃખરૂપ અવસ્થા છે. એમાં આનંદ ક્યાં? અને એક સમયની અવસ્થાનો અંશ છે એમાં તો આત્માના આનંદથી ઊલટી દુઃખ દશાનો ભાવ છે. અને એ ભાવને જાણનારી એક સમયની અવસ્થા એમાં કાંઈ આનંદ નથી. સમજાણું કાંઈ? એટલે કે એની અવસ્થામાં રહીને અવસ્થાની દૃષ્ટિ કરવી એ તો અનાદિની છે. એ તો દુઃખદૃષ્ટિ છે એ તો પરિભ્રમણનું કારણ છે.

હવે જેને કલ્યાણ કરવું છે એણે ક્યાં દૃષ્ટિ દેવી? કે જેમાંથી કલ્યાણ હોય અને કલ્યાણ નીકળે એનામાં દૃષ્ટિ દેવી. તો કલ્યાણ એટલે આનંદ અને શાંતિ એ તો આત્માનો સ્વભાવ કાયમી છે ત્યાં છે. આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનું ધ્રુવ રૂપ છે, એમાં દૃષ્ટિ દેતાં એને પર્યાયનો અહંકાર, રાગનો અહંકાર અને નિમિત્તના અહંકારનું મિથ્યાત્વ છૂટી જાય છે અને આ હું છું એવી દૃષ્ટિ સમ્યક્ થાય છે. સમજાણું કાંઈ? કહો, ડોક્ટર સમજાય છે ને? ભાષા તો સહેલી છે, હોં! ભાવ આકરા છે ખરા. આહાહા..!

કોઈ દિ' એણે કર્યું નથી. બહારની વાતું આ કરું ને આ કરું ને આ કરું. જેમાં નથી આનંદ અને જેમાં નથી શાંતિ. સમજાય છે કાંઈ? કાં સંયોગોને ફેરવું. તો ફેરવે શું થાય? તારાથી કાંઈ ફરે એવું છે? એ તો જગતની ચીજ એને કારણે ફરે. કાં પુણ્ય-પાપને ફેરવું. પાપ છોડીને પુણ્ય કરું અને પુણ્ય છોડીને પાપ એવા જે વિકલ્પને ફેરવવા એ તો વિકાર છે. સમજાય છે કાંઈ? અથવા પાપના પરિણામ છે કષાયની તીવ્રતાના એને મંદ કરું. એ મંદ કરું એવો પણ તીવ્ર મિથ્યાત્વનો ભાવ છે ત્યારે મંદ કરું એવી કર્તૃત્વબુદ્ધિ થાય છે. સમજાય છે કાંઈ? એની દૃષ્ટિ કષાય કરું, આમ કરું એમ છે ને? મંદ પણ કરું એમ છે ને? તો કરું છે. વસ્તુ તો વિકાર વિનાની છે. કરું છે એ દૃષ્ટિ મિથ્યા નામ વિકારી દૃષ્ટિ છે. વિકારી દૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો કે મિથ્યાત્વ કહો. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

હવે જ્યારે એને ધર્મ અને કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના દુઃખનો અંત લાવવો હોય તો એણે જ્યાં જન્મ-મરણના અંતની તાકાત છે એવા આત્માના સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવી પડશે. કહો, સમજાણું કાંઈ? કહો, એ બરાબર છે? ભગવાન આત્મા પર્યાયમાં વ્યક્ત પ્રગટ નથી. અંશમાં પણ આખો ક્યાં આવે ઈ. વર્તમાનનો એક અંશ એક સમયની દશાનો, એમાં આખું તત્ત્વ ક્યાં આવે? એટલે આખું તત્ત્વ જે ધ્રુવ સામાન્ય એકરૂપ સ્વભાવ અભેદ છે, ચૈતન્યનો પિંડલો છે એના ઉપર દૃષ્ટિ આપતાં સમ્યક્પણું, સત્યપણું પ્રગટે છે એટલે સાથે સુખ પણ પ્રગટે છે. કહો, સમજાય છે કાંઈ? અસત્યપણાની માન્યતામાં તો દુઃખ સાથે હતું. સમજાણું કાંઈ? વાત પણ એવી લાગે ને. એને એમ થાય કે આ તો કોના ઘરની? આ શું કહે છે? ભાઈ! આ તારા ઘરની વાત છે બાપુ! એમાં ઘરમાં વલણ કરવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ મહાસુખનું કારણ છે. ભગવાન આત્મા ચૈતન્યઘન છે, વસ્તુનો પિંડ, સ્વભાવનો પિંડ વસ્તુ છે, શાંત અને આનંદની તો ત્યાં મોટી ખાણ છે. એવું એકરૂપ ચૈતન્ય છે ત્યાં અંતર્મુખ દૃષ્ટિ કરતા જે શાંતિ, સમ્યક્તા અને અનાકુળ આનંદ આદિ પ્રગટ થાય, શાંતિ એટલે સ્થિરતા અને અનાકુળ એટલે આનંદ. સમજાય છે કાંઈ? પ્રતીત, શાંતિ અને અનાકુળ આનંદ આદિ પ્રગટ થાય એ ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડવાથી થાય છે. કહો, સમજાણું આમાં? ભારે પણ આ વાત તે કોની કરે (છે)?

અંતર વસ્તુ આખી મોટી, પ્રભુ પડ્યો છે ને મોટો! ઓહોહો..! ધ્રુવ તે કેટલો ભારે! કેટલો ભારે! એક પર્યાય સહન કરી શકે નહિ. એટલી શક્તિઓનો પિંડ આખો આત્મા છે. અરૂપી પણ ઘન છે.. ઘન છે... ઘન છે. એને વિકલ્પના ઘન નાખો તો અંદર ગરે એવો નથી એવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ પુણ્ય-પાપની વૃત્તિઓ વિકલ્પ ઉઠે છે ને એ ઘન વસ્તુમાં અંદર નાખવા જાવ તો ગરે એવું નથી એવું ધ્રુવ તત્ત્વ છે ઈ. તો વળી કર્મ ગરે અને પરવસ્તુ એમાં પેસે એવું તો છે નહિ. લોકોને એવું લાગે આવી અધ્યાત્મની વાતુમાં... પણ બાપુ! સત્ય જ આ છે. ભાઈ! સત્ય આ છે. બીજી રીતે કષાય મંદ હો, દયા, દાન, ભક્તિ, વ્રત, પરિણામ હો. પણ હો તો એ તો દુઃખરૂપ પરિણામ છે. એનાથી તારું હિત નથી થવાનું. એ નથી થવાનું એમાં તો રાડ નાખી જાય છે. હાય..હાય..! અરર..! પણ હિત તે અહિતના પરિણામમાં હિત ક્યાંથી લાવવું? શું થાય? ભગવાન અનાકુળ આનંદ સ્વરૂપ છે એનો અનાદર કરી અને એક રાગની મંદતાની ક્રિયામાં સર્વસ્વ લાભ ને કલ્યાણ માને છે એ દૃષ્ટિ અંશદૃષ્ટિ છે. ભગવાન ત્રિકાળી આનંદનો એ અનાદર પોતે દૃષ્ટિમાં કરે છે. તેથી સત્યનો અનાદર તે અસત્યદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ છે. હવે એ દૃષ્ટિનું માપ પાપનું કેટલું છે એ આવે નહિ ખ્યાલમાં. સમજાય છે કાંઈ? કો'કને મારતો હોય ને કાં આમ કરતો હોય જૂઠું બોલતો હોય બહાર ભાષાથી તો લાગે હા. પણ આ મોટો જૂઠો થાય છે અંદરમાં ઈ? સમજાણું કાંઈ? ત્યારે હવે સાચો થાય એ કેવો થાય એની આ વ્યાખ્યા છે અહીં. બરાબર છે કે નહિ?

ભગવાન આત્મા.. ભાઈ! તું પોતે શુદ્ધ ચિદાનંદ પરમાત્મા છો. જ્યાં તું છો ત્યાં તો રાગ પણ નથી, પુણ્ય પણ નથી, વ્યવહાર પણ નથી અને સંયોગ પણ નથી. અને એક સમયની અવસ્થા પણ તે વસ્તુ પૂર્ણ છે એમાં નથી. દૃષ્ટિ કરનાર પર્યાય છે. પણ એ પર્યાય ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? સમજાય છે? વસ્તુ છે ને વસ્તુ? ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સદશ સામાન્ય સ્વભાવ એવો જે આત્મા તત્ત્વ, એમાં અંતર દૃષ્ટિ. છે દૃષ્ટિ પર્યાય. પણ આ વસ્તુ છે એમ પર્યાયમાં થતાં, આ વસ્તુ છે એમ પર્યાયમાં થતાં... પર્યાય હું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું એમ નહિ. ધ્રુવ વસ્તુ છે એમ પર્યાયમાં થતાં સમ્યક્તા થાય છે, સત્ પૂર્ણ સત્નો સ્વીકાર, સત્કાર થાય છે. ત્યાં શાંતિ ને આનંદ ને સમ્યક્તા પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિને કેમ હોય છે એ વાત ચાલે છે.

નિદ્રા સુધી આવ્યું છું. નિદ્રા છે ને? '**નિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' શું કહે છે? હું તો એક શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ છું ને. આ એક ગોળનો રવો હોય ને મોટો ઊંચો. અડધા નંબરનો ગોળ નથી કહેતા? આ શું કોલ્હાપુરમાં? કોલ્હાપુર-કોલ્હાપુર છે ને? કોલ્હાપુર ને? અડધા નંબરનો ગોળ થાય છે રવાનો ઊંચો બહુ કહેતા. અમને આપ્યો હતો ત્યાં થોડોક. અધ મણ આપ્યો હતો. ત્યાં મોટરમાં નાખ્યો તો ઉંદરડા ખાઈ ગયા. માંડ માંડ ફતેપુરમાં કાઢ્યો એને. ઉંદર ગરી ગયેલો. ઊંચો ગોળ ઊંચો. ત્યાં મોટરની પાછળ નાખેલો હશે ને. અહીં તો ઓલા લેતા ને કાળી દવામાં. શું કહેવાય? .. રાખમાં જરી લેતા ને રાખમાં થોડી. એ ગોળ થોડોક નાખે. લક્ષ્મીચંદભાઈ લાવ્યા છે. આ તો કહે છે કે આ તો અડધા નંબરનો નહિ, આ તો પહેલા નંબરનો છે. ભગવાન આત્મા પહેલા નંબરનો આખો આનંદરસનો રવો છે. એ પણ કેમ બેસે? ક્યાંથી કાઢવું? નજરમાં આવે નહિ. પણ બાપુ! તું નજર કર તો ખબર પડે ને. નજર કર્યા વિના એ કાંઈ આમાં દેખાતું નથી, દેખાતું નથી.

એક દાખલો આપ્યો હતો એક ફેરી પહેલા? સવારના આઠ વાગ્યા હોય, સવારના આઠ. ઓરડામાં સૂતો હોય માણસ. ઓરડો એક હોય, બારણુ એક હોય. બારણું કર્યું હોય બંધ અને સૂતો હોય આંખ મીંચીને. ત્રણ ગોદડા ઓઢ્યા હોય. પછી ઓલા કહે કે એય..! ઉઠ તો ખરો આ સોનાના નળિયા થયા. સોનાના નળિયા એટલે આ સૂરજ ઊગ્યો એમ. આ તડકો થાય છે ને માથે? આ કહે, મને કાંઈ દેખાતા નથી. પણ તને ક્યાંથી દેખાય? ઉઘાડ આંખ ત્યારે ને. ગોદડા ત્રણ ઓઢ્યા, આંખ બંધ, ઓરડો એક એને પણ બંધ કર્યું છે તેં. સાંકળ દઈને બેઠો છો.

એમ ભગવાન આત્મા આ કર્મ, શરીરના રજકણના દળના ઓરડામાં બેઠો છે. સાંકળ મારીને કે આ હું છું શરીર. અંદર કર્મના પડદા ઓઢ્યા છે મિથ્યાદર્શન આદિના પડદા. અંદરમાં એકત્વ થઈને પડ્યો છે અને એને પછી કહે કે એ આત્મા આવો છે. તો કહે, મને દેખાતો નથી. પણ નજર અહીં કર ત્યારે થાય ને. અહીંથી નજર ફેરવ ને થાય તો દેખાય કે એ વિના દેખાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખરું કહેવું છે એમ આવ્યું છે ને? કહો, સમજાણું આમાં? એ ખરું થાવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એમ આવવું જોઈએ અંદરમાં. અહીં તો કહે છે.. ભાઈ! અહીં તો જે હોય એમ આવે ને. આહાહા..!

જુઓને એક અધિકાર લીધો છે આચાર્યે. ગજબ કામ કર્યા! ઓહોહો..! કહે છે કે, કર્મના ફળનો મારે ત્યાગ છે. એટલે કે હું તો આનંદસ્વરૂપ છું ને એના આનંદના ફળનો મારે અનુભવ છે. સમજાય છે કાંઈ? હું તો આનંદના, આનંદના, નિર્વિકલ્પ શાંતિના રસના ઘૂંટડા પીનારો છું. આહાહા..! સમજાણું કાંઈ? કહ્યું કે નહિ? આ આનંદઘનજીમાં આવે છે.

આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે,
આશા ઔરન કી ક્યા કીજે.
ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશાધારી.

કૂતરાની જેમ સવારે નીકળે ને દસ વાગે, નવ વાગે. ટૂકડો અહીં આવશે... ટૂકડો અહીં આપશે... ટૂકડો અહીં આપશે. 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશાધારી.' જ્યાં ત્યાં કૂતરાની પેઠે, મને કોઈ સારો કહો. એ ભિખારી થઈ ગયો છે. મને કોઈ મોટો કહો. હું કાંઈક પ્રસિદ્ધિમાં આવું એવું કાંઈક તમે કરો. ઠીક! ભિખારી છે કૂતરાની જેવો. મોટો ભિખારી છે. આહાહા..!

'ભટકત દ્વાર દ્વાર લોકન કે...' કૂતરો હોય ને? નવ વાગે ભૂખ લાગે ને? જરી ગંધ આવે ને ઓલા રાંધણાની. ખાવા બેસે, રોટલી કરે, ચોખા બહાર કાઢે ને. આમ તો બંધ પડ્યું હોય, પણ ઓલું કાઢે ત્યારે એની ગંધ આવે બહાર. બરાબર ખાવા બેઠા હોય ત્યારે ગંધ આવે ને. એ વિના તો ઢાંક્યું હોય બધું. ગંધ આવે ત્યાં જઈને ઊભો રહે. એમાં વળી લાકડી સરખાઈની મારે તો એય.. ભાગે. અરે..! કૂતરાની જેમ કહે છે 'ભટકત દ્વાર લોકનકે કુકર આશાધારી.' એમ આત્મા પોતાના આનંદધામને ચૂકી જ્યાં ત્યાં અહીં મને આપશે, અહીં મને મળશે, આ મને મોટો કહેશે, આ મને આમ કહેશે, આમાં હું સારો કહેવાઈશ. અરે..! કૂતરા જેવા ભટકીને મરી ગયો. ત્યાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

ભાઈ! તું આનંદ છો ને. તારી પાસે આનંદ છે ને પ્રભુ! તારી પ્રભુતામાં ક્યાં અપૂર્ણતા છે? પ્રભુતા નામનો તારામાં ગુણ છે. ૪૭ શક્તિ આવશે. આ ઈ જ છપાય છે ને. માગે છે પણ ઓલી ચિઠ્ઠી છાપ્યા વિના શી રીતે દેવી સૌને? કો'ક સાડા ત્રણ પાંચ હજાર પડ્યા તો સાડા ત્રણે મળી .. થઈ હશે. એટલે કહ્યું ભાઈ, નાખો આમાં તમારું. કેટલું નાખ્યું છે તમે? એય..! ચંદુભાઈ! આત્મ વૈભવ છપાણું છે ને. છપાઈ ગયું છે. આવી ગયું છે. બહાર આવી ગયું છે. આ તેરસને દિ' આપશે. બહાર પડશે. એમાં બધું આવ્યું છે ઘણું. એક એક શક્તિનું વર્ણન બહુ સારું આવ્યું છે.

પ્રભુતા નામનો ગુણ છે પ્રભુ! વસ્તુ છે ને. તો વસ્તુ છે તો એ પરિપૂર્ણ છે. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિપૂર્ણ છે તો એમાં પ્રભુતા નામનો એક સ્વભાવ છે. એ પ્રભુ નામ દરેક ગુણે પરમેશ્વર છે. દરેક ગુણે પરમેશ્વર છે. જ્ઞાન પણ પરમેશ્વર, આનંદ પણ પરમેશ્વર, અનંતા ગુણે પરમેશ્વર પૂરો છે ઈ. એવો પ્રભુ પરમેશ્વર આત્મા છે એના ઉપર દૃષ્ટિ દેતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય તેને ભગવાન ધર્મ કહે છે. એ ધર્મીને એમ છે કે હું પુણ્ય-પાપના ફળને તો કરતો નથી, પુણ્ય-પાપને કરતો નથી, મારું કરવું તો શુદ્ધ સ્વરૂપનું પરિણમન છે એ મારું કરવું છે. કેમ? પૂર્વના બંધાયેલા કર્મના ફળમાં મારું જોડાણ નથી. મારું જોડાણ તો આમ અંતરમાં... અંતરમાં... અંતરમાં... આનંદ તરફ છે.

એથી કહે છે કે '**નિદ્રાદર્શનાવરણીયકર્મના...**' નિદ્રા નામનું કર્મ છે અને જરી કાંઈક નિદ્રા પણ આવી જાય છે. એ અસ્તિ છે. એનું પરિણમન હું કરનારો કર્તા જ નથી. તો હું એનો ભોક્તા પણ નથી. કર્તા તો ઓલામાં નાખ્યું હતું ૪૯ બોલમાં. પણ અહીં બીજી રીતે નાખ્યું. ભોક્તા નથી એમ કરીને કર્તૃત્વ નથી એવું નાખી દીધું છે. સમજાણું કાંઈ? કર્તામાં તો એમ નાખ્યું હતું કે શુભ અને અશુભ રાગ એ ઝેર છે ને. ભગવાન આત્મા તો આનંદ છે ને. એવી આનંદની અંદર રસમાં રસીલો ભગવાન આત્મા થતાં એને પુણ્ય-પાપના ઝેરના પરિણામને કરવું, કરાવવું કે અનુમોદવું હોતું નથી.

એ ઉપરાંત અહીંયાં ભગવાન આત્મા અંતર સામાન્ય ધ્રુવ ચૈતન્ય આનંદ ઉપર દૃષ્ટિ હોવાથી ધર્મીની દૃષ્ટિ ધર્મી એવો આત્મા તેના ઉપર હોવાથી તેને કર્મના ફળ ટાણે જેટલો નિદ્રાનો જરી ભાવ થાય, અસ્તિ રૂપે હો, પણ એ અસ્તિનું પરિણમન પણ મારું નહિ અને એનો ભોક્તા પણ હું નહિ. ઝીણું ભારે ભાઈ! કહો, સમજાણું કાંઈ? આહાહા..! આઠ વર્ષની દીકરી ચક્રવર્તીની હોય ને, તોપણ અંદર ભાન થતાં આમ અનુભવે છે. બોલીને પુંજી બધી તારી પાકે છે.

કહે છે કે '**હું નિદ્રાદર્શનાવરણીયકર્મના...**' એક આવી ગયું છે કાલે. પણ એ નિદ્રાનો અર્થ એ બહુ થાક લાગ્યો હોય ને ત્યારે સૂવે છે ને જરી? એને નિદ્રા કહીએ. થાક ઉતારવા કે ઓલું ઉતારવા. પણ એ નિદ્રાની જે પર્યાય છે એમાં નિમિત્ત છે કર્મ ત્યાં. એ બેય હું નહિ અને એના ફળનો અનુભવ હું નહિ. કારણ કે એનાથી અધિકપણે હું આનંદ છું, એ આનંદના અનુભવની આગળ આ અનુભવ મારો છે જ નહિ. પણ સૂતો નહિ હોય સમકિતી? મુનિ પણ સૂવે છે પાછલા પહોરે જરી. ના ના ભાઈ! એ તો જાગતો છે અંદર. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેની દૃષ્ટિમાં ચડ્યો અને જેને અંતર ભેટા ભગવાનના થયા, ઈ કહે છે કે આ નિદ્રાની પર્યાયે હું પરિણમતો પણ નથી, આ કાંઈ પરિણમન મારું છે? એ મારા સ્વભાવમાં છે પ્રમાદનું પરિણમવું ઈ? અને એ મારું ફળ છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું તો આનંદ છું. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

કેટલાક વળી કહે, આવો મોંઘો ધર્મ ક્યાંથી કાઢ્યો? સોંઘો હતો ને આ ક્યાંથી કાઢ્યું? અરે.. ભગવાન! સાંભળને ભાઈ! તેં માન્યો હતો. સમજાય છે? આહાહા..! કડવા કારેલામાં સાકરની લગડી માની તેં, એમાં શું કરવું પણ હવે એમાં? ભાઈ! ધર્મ તો આવી ચીજ છે, બાપુ! આહાહા..! જેને વર્તમાન શાંતિ મળે. ધર્મમાં વર્તમાન શાંતિ મળે. શાંતિ પછી મળશે અને ધર્મ અત્યારે કરું એમ નહિ. કારણ કે અશાંતિ પણ વર્તમાન... શું કહેવાય છે આ વેપારને? નગદ. શું કહેવાય? આ પૈસા આવે ને રોકડિયો. રોકડિયો-રોકડિયો. ભાઈ, ભૂલી જવાય છે તમારી (ભાષા). આ રોકડિયો વેપાર હોય ને ભગવાનજીભાઈ! રોકડિયો નગદ વેપાર. ડોક્ટર પૈસા મૂક પહેલા, કહે. રામજીભાઈ કહે, મૂક પહેલા સો પછી વાત કરશું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ લેવા ક્યાં જાય? એક જ મિનિટ થાય ત્યાં કહે, મૂક બીજા બસ્સો. વકીલો ઉઘરાણી લેવા જાતા હશે? ડોક્ટર તો વળી જાતા હોય કદાચ. કહો, સમજાણું? રોકડિયો ધર્મ છે અને રોકડિયો અધર્મ છે. રોકડિયો. રોકડિયો.

ભગવાન આત્મા આનંદ સ્વરૂપને ભૂલી અને વિકાર અને અલ્પજ્ઞતામાં દૃષ્ટિ કરવી એ રોકડિયું દુઃખ છે. દુઃખ છે, ત્યાં દુઃખ છે. આહાહા..! અને જ્યાં આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ સ્વરૂપ-આ હું છુ હોં! આ પર્યાય વડે આ હું છું એમ બે ભાગ પાડવા નહિ પણ આ હું છું. એમ. સમજાણું કાંઈ? ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા પરિપૂર્ણ પરમાત્મા છું. એવી દૃષ્ટિ થતાં, કહે છે કે, ધર્મીને નિદ્રાનો પર્યાય એના અસ્તિત્વમાં નથી. એના અસ્તિત્વને એ માનતો જ નથી. માને છે એને એ જાણે છે કે છે. મારામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં તો ઊડી જાય એવું છે બધું ઊંઘ-બુંઘ ને બધું ઊડી જાય. આ ઊંઘ ઉડાડવાની તો વાત ચાલે છે આ. ચૈતન્યના સ્વભાવને જાગૃત પર્યાયને અંદર જો જાગૃતથી. આ ધ્રુવ ચૈતન્ય સત્તા છે. વસ્તુ છે, વસ્તુ છે, સ્વભાવ છે, પૂર્ણ છે, અભેદ છે. એવી દૃષ્ટિ થતાં ધર્મીને નિદ્રાની પર્યાય થાક ગાળવાની નિદ્રા થાય છે એ હું નથી. .. હું નહિ.

'**નિદ્રાનિદ્રા...**' બેઠા બેઠા જરી ઝોલા આવી જાય છે. બેઠા બેઠા આવે ને? એ નિદ્રાનિદ્રા કહેવાય છે. એ નિદ્રાનિદ્રા નામની પ્રકૃતિ છે એક, એમાં જોડાવાથી એવી અવસ્થા થાય. ધર્મી કહે છે કે મારે છે નહિ. આ ઉદય છે. તો કહે, ના. મારે છે જ નહિ. ઉદય છે ને. અમુક ગુણસ્થાન સુધી તો ઉદય છે એમ કહે છે અહીં તો લ્યો! એય..! ક્યાં? વળી ભૂલી ગયા હશે. ક્યાંક છે આવે છે. અમુક ઉદય સુધી. અમુક ગુણસ્થાન સુધી ઉદય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૧૨મા સુધી છે. એમ ખ્યાલ તો આવ્યો હતો અંદરથી. ૧૨મા સુધી. અહીં તો કહે છે, ચોથેથી નથી. ઉદયમાં જ હું નથી એમ કહે છે. આરે.. આરે..! એ ચર્ચા આવી ગઈ છે મોટી પહેલી. ભાઈ, આ નિદ્રાનિદ્રા તો બારમે છે. હવે સાંભળને! બારમે હોય તો ભલે પર્યાયમાં હોય, આત્મામાં નથી. લે. સમજાણું કાંઈ? જુઓને! કઈ શૈલીએ વાત કરી છે! ઓલો ઉદય છે તો જરીક ઓલું થાય. ઉપર તો અપ્રમાદ છે. પણ નીચેમાં જરી આ ઉદય છે ત્યાં, છતાં ત્યાં આત્માના ધ્યાનમાં છે.

અહીંયાં તો જરી અંદર બેઠા બેઠા પણ (ઝોલા) આવી જાય ને. કહે છે કે એવી નિદ્રાનિદ્રાની પર્યાયમાં નિદ્રાનિદ્રા નામની પ્રકૃતિનું નિમિત્ત છે. ધર્મી કહે છે કે એનું ફળ હું ભોગવતો નથી. હું તો એનાથી અધિક આનંદ અને જ્ઞાનમૂર્તિ છું. મારા પાકમાં આનંદ પાકે તેનો હું અનુભવ કરું છું. આ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**નિદ્રાનિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' હું તો '**ચૈતન્યસ્વરૂપ આત્માને સંચેતું છું.**' લ્યો! આત્માને સંચેતું છું. દ્રવ્યને સંચેતું. દ્રવ્ય સંચેતાતું હશે? અનુભવમાં આવતું હશે? એ દ્રવ્યની પર્યાય જે દ્રવ્યમાંથી પ્રગટી એ દ્રવ્યને અનુભવું છું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કરવું છે એ કરતો નથી. નથી કરવા જેવું એ કરીને માને છે કે અમે કાંઈક કરીએ છીએ સારું. આહાહા..! બીજી થઈ ને? ત્રીજી. એટલે બારમી.

'**હું પ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' સમજાય છે? પ્રચલા. ઓલો બહુ નિદ્રા નિદ્રા હોય ને પ્રચલામાં તો બહુ નિદ્રા બેઠો બેઠો જામી જાય. અંગ ઉપાંગ આમ હલી જાય બહુ હલે. એમ થાય છે ને ઘણાંને. પ્રચલા. છે ને? એટલી બધી આમ... એ પ્રચલા નામની એક પ્રકૃતિ છે. એના નિમિત્તમાં એવી દશા થાય. એનું અસ્તિત્વ જ મારામાં નથી. એનું પરિણમન પણ નથી, કર્તા પણ નથી, ભોક્તા નથી. ભોક્તા નથી, એનો કર્તા નથી. સમજાણું કાંઈ? પણ છતું છે ને. તો એને ઘરે રહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! નિમિત્ત છે. છે. રાગ છે એ છે. પર્યાયમાં આ દશા છે. છે તે કોણ? એ તો જાણવા જેવું છે. મારી વસ્તુમાં આ નથી. સમજાણું કાંઈ?

પ્રચલા. એ પ્રચલા પ્રચલા. સમજાણું? એટલે ઘોડે ચડ્યો જાતો હોય તોપણ નિદ્રા લે. ઘોડે સમજો છો ને? ઘોડેસ્વાર. ઘોડેસ્વાર જતો હોય તો ઊંઘ આવે. ઘોડો ચાલતો હોય, પોતે ચાલતો હોય તોપણ નિદ્રા આવે. એ પ્રચલા-પ્રચલા. બેય ચાલતા છતાં નિદ્રા આવે. સમજાણું કાંઈ? એવી પ્રકૃતિ છે અને એ નિમિત્તમાં જોડાવાથી એ જાતની સ્થિતિ થાય છે. અહીંયાં કહે છે કે મારું જોડાણ તો આત્મા ઉપર છે. હું તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું ત્યાં હું છું. તેથી મારી પર્યાયમાં આ છે નહિ. એનું કર્તૃત્વ પણ નથી અને એનું ભોક્તૃત્વ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારામાં છે નહિ. મારા છે અને નથી. .. મોટો આત્મા એને લઈને આ નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**હું પ્રચલાપ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, હું તો ચૈતન્ય સ્વરૂપ છું. જ્ઞાન ચૈતન્યઘન પ્રભુ. એમાં અંતર નજર નામ પરિણમન હોવાથી ધર્મીને તે પ્રચલાપ્રચલાદર્શનાવરણીયનું ફળ છે નહિ. ઓહોહો..! ઉદય તો ત્યાં સુધી હોય. તોપણ કહે, નહિ. પરમ સ્વભાવમાં એકાગ્રમાં એ ઉદય અંદર અડતો પણ નથી એમ કહે છે. સમજાણું? ભિન્ન રહે છે ભિન્ન. સમજાણું? ઉદય અને ઉદયનું ફળ બેય સ્વભાવના ફળમાં ભિન્ન છે. સમજાણું કાંઈ?

'**હું સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એક નિદ્રા એવી થાય છે કે ઊંઘમાં ઉઠે. ભેંસુ પાળે, ડાબલા... સમજાય છે? કુચીયું ઉઘાડે, ડાબલો કાઢે ક્યાંક દાટી આવે. ઊંઘમાં ને ઊંઘમાં. ઊંઘમાં ને ઊંઘમાં એવા વઢે. બે જણા વઢે. જાગે ત્યાં ખબર નથી શું થયું. એવી એક નિદ્રા થાય છે. સમજાણું કાંઈ? ભાવનગરમાં એક ઓલા મોટા ઓટલા હતા ને. બે મજૂર સૂતા હતા. એમાં બેયને સ્ત્યાનની નિદ્રા. બેય ઉઠ્યા અને વઢ્યા. એવા વઢે એવા વઢે પડ્યા હેઠે. ઓટલા ઉપર સૂતા હશે ને પડ્યા હેઠે. ઘણાં વર્ષની વાત છે. સમજ્યાને? એલા પણ શું? એલા શું થયું? કાંઈ ખબર નથી. પણ વઢતા હતા માથે ઉપર ચડ્યા બેઠેલા. એ નિદ્રા એવી થાય છે. એક માણસ કહેતો હતો. રાતે ઉઠીને ભેંસ પાઈ આવે, બહાર જઈ આવે, ઉઠે ત્યારે ખબર પડે. ભેંસ કોણ પાઈ આવ્યું? પણ તું પાઈ આવ્યો હતો ને. મને ખબર નથી. કહો, એવી એક નિદ્રા (હોય છે). એ નિદ્રા જ એવી હોય. એ જાગતો જાગતો ન હોય. એ નિદ્રા જ એવી હોય. છોકરાને નથી (થતું)? લ્યો ને, નાના છોકરાને ઉઠાડો તો પણ બરાબર ઉઠ્યો ન હોય તો આમ ન બરાબર ઉઠે. કહેવું પડે કે ઉઠો, જાગ્યો છે કે નહિ? એમ કહેવું પડે. ત્યારે માંડ માંડ ચાલે. નહિતર વળી ઉપાડવો પડે. અહીં સૂઈ ગયો હોય ને. અહીં કહે છે કે એવી નિદ્રા પણ થાય છે આકરી. સમજાય છે? એ તો અમુક ગુણસ્થાન સુધી હોય છે. બહુ ખબર નથી. સમજ્યાને? પણ એમાં હું છું નહિ. કહો, સમજાણું કાંઈ?

દર્શન નામનો ત્રિકાળી સ્વભાવ એનો ધરનાર આત્મા, એનો આશ્રય હોવાથી આ પર્યાયની જે દશા છે તેનો કર્તા નથી અને તેનો ભોક્તા પણ નથી. કહો, સમજાણું કાંઈ? એવું ઘણા કહે છે હોં! એક જણો કહેતો હતો કે હું ઉઠ્યો હતો, ભેંસ પાઈ આવ્યો. સવારમાં શું કહેવાય? પ્હો કહે છે ને? પ્હો. એ બધી ભાષા છે ને. પ્હો એટલે પહોર થયા પહેલા અજવાળા થવા પહેલા જાય. ઘરે આવ્યો અને કહ્યું.. ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ? આ પહોર પહોર. પણ આ તો કો'ક માણસ કહેતો હતો કે મારે આમ થયું હતું. ખબર નહિ મને. જાગ્યા પછી ખબર પડી કે આ ભેંસ તું પાઈ આવ્યો હતો ને. આ પાઈને બાંધ્યો ને. કહે, મને ખબર નથી. એવી નિદ્રા. ભગવાન જાગતો જ્યોત એને પણ આ? કહે છે કે એ પણ મારા સ્વરૂપમાં છે નહિ. લ્યો!

'**હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે વેદનીય આવ્યું. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય બે થયા. આઠ કર્મ લેવા છે ને. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ ને આનંદનું ધામ, આનંદનું માંડલું મોટું પોતે છે. માંડલું સમજાય છે? આ સૂર્યનું માંડલું કહેવાય છે આ. સૂર્ય નહિ? સૂર્યનું મંડળ. અમુક ઠેકાણે .. અમુક ઠેકાણે આમ હોય. એમ ભગવાન આત્મા ચૈતન્યનું એકલું માંડલું, તેજનું માંડલું, આનંદનો કંદ છે. એવા આત્માની દૃષ્ટિ હોવાથી ધર્મીને આત્માનો અનુભવ હોવાથી તેને શાતા વેદનીયના નિમિત્તથી સંયોગ મળે અને તેમાં કાંઈક હરખ થાય એ હું નહિ. હું એને ભોગવતો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, સમજાણું કાંઈ? આ દૂધપાક ને મલાઈ ખાય. દૂધપાક ને મલાઈ. શાતાના ઉદયથી મળે. મલાઈ-મલાઈ સમજાય છે ને? મલાઈ સમજતા નથી? ઊંચી. મલાઈ ને હોય પાછા સાટા ભેગા મોળા. આ શાતાનો ઉદય. મળી સામગ્રી. ધર્મી કહે છે કે મારું લક્ષ જ ત્યાં નથી. ખાવા ટાણે પણ મારું લક્ષ ત્યાં નથી. મારું લક્ષ તો છે ત્યાં દ્રવ્યમાં. આહાહા..! ઓહોહો..! મારો દોર તો દ્રવ્ય ઉપર છે. મારો દોર અહીં આના વિકલ્પમાં અને આ ખાવાની ક્રિયા ઉપર નથી. સમજાણું કાંઈ? હવે એ અંતર દૃષ્ટિના માપથી જે માપ લેવું એ બહારવાળા દૃષ્ટિના માપે શી રીતે ખબર પડે એને? આ ખાય છે એમ આ પણ ખાતો નહોતો? છોડી દીધું હતું? ત્યાગ કર્યો છે? અને અમે તો ત્યાગ કર્યો છે. જુઓ! આઠમ છે તો. એઈ..! સાંભળને ભાઈ! તેં આખો આત્મા જ ત્યાગ કર્યો છે. આજ મેં આહાર છોડ્યો અને મેં રાગ મંદ કર્યો એ દૃષ્ટિ તારી પર્યાય ઉપર પડી છે. એટલે પર્યાયને જ આત્મા માનીને તે મિથ્યાત્વના ભાવમાં પડ્યો અને આત્માને છોડી દીધો છે. ધર્મીએ આત્માને ગ્રહ્યો છે ત્યારે જરી શાતાના સંયોગમાં વિકલ્પ આદિ હોય તે પણ હું નહિ. એના ફળને હું ભોગવતો નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ભાઈ! અમારા પુણ્ય કર્યા એ અમારે ભોગવવા. લ્યો! એક રાજા કહેતો હતો કે ભાઈ, આ હાથે અમે પાપ કરીએ, આ હાથે અમે ભોગવીએ. ક્ષત્રિયને ડર ન હોય. એક જણે એને ઉપદેશ આપ્યો કે મહારાજ આવું ન થાય. રાજા! સમજાય છે? ઓલા કુંજડા કુંજડા થાય છે ને? કુંજડા નહિ? કુંજડા મોટા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મોટા મારે. કુંજડાને મારે. મહારાજ! સેંકડો મારે હોં! પછી ઉપદેશ દેવા કો'ક ગયો. રાજા! આમ ન હોય. અરે..! તમને ખબર નથી અમે ક્ષત્રિય કહેવાઈએ. આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. મરી જઈશ પણ નહિ ભોગવાય ત્યાં. ભોગવાય ઈ હોંશથી નહિ ભોગવાય, રાડ પાડીને દુઃખી થઈને ભોગવીશ. આહાહા..! પણ પાવર ચડી જાય છે ને.

એમાં પાંચ-પચાસ લાખનો તાલુકો હોય રાજા. આ તો ઓલો કીધું નહોતું? દસ લાખનો તાલુકો. કયો કીધું? રતલામ. દસ લાખનો તાલુકો. ભાઈ નવનીતભાઈ! દસ લાખની ઉપજ બાર મહિનાની. પણ એને તાવ આવે એ તાવ આવ્યો એમ ન કહેવાય. તાવ સમજો છો? બુખાર. તાવ આવ્યો એમ ન કહેવાય. આપના દુશ્મનને તાવ આવ્યો છે ડોક્ટરને બોલાવશું? મરી ગયો છે ને. આવા ને આવા. હવે તારા દસ લાખ રૂપિયાનો તાલુકો શું, ભિખારા જેવા રાજા. સમજાણું? અને એને એટલું કહે ત્યારે... સાહેબ! આપના દુશ્મનને તાવ આવ્યો. વાત એક ન્યાયે સાચી કે દુશ્મન એટલે આત્માથી વિરૂદ્ધ એવું આ શરીર. શરીરમાં તાવ આવે પણ એને ક્યાં ખબર છે? ભગવાન આત્માને તાવ આવે છે કોઈ દિ'? એ તાવ તો આ શરીરની તાવ તો ઉષ્ણ પર્યાય છે. ઉષ્ણ. તો ઉષ્ણ પર્યાય તો સ્પર્શ ગુણની છે. તો સ્પર્શ તો પરમાણુમાં છે. આત્મામાં છે? પણ છતાં એટલા મોટપમાં એવા પોષાઈ ગયેલા, મોટપમાં પોષાઈ ગયેલા કે આપને તાવ આવ્યો એમ કહેવાય નહિ. મરીને ભલે નરકમાં જાય. ગજબ છે ને પણ. અહીંથી નીકળ્યા એવા હેઠે પડવાના. માંસ ખાય, દારૂ પીવે, પાપ કરે, અધર્મના કાળા કેર કરે. સમજાય છે? એ પથરો જેમ પાણી ઉપર મૂકો, પથરો-પથરો પાણીમાં મૂકો અને હેઠે પડે. એ અહીંથી હેઠે જવાના પણ તાવ આપને આવે છે એમ કહેવાય નહિ. નરકમાં જાશો એમ કેમ કહેવાય એને? આહાહા..! કેટલી મોટપ! અરે..! ભગવાન ક્યાં તારી મોટપ ગઈ પણ? આહાહા..! રાંકો થઈને રઝળે એને તાવ આવ્યો એમ કહેવાય નહિ.

કહે છે કે એ શાતાના એટલા ફળમાં મશગુલ થઈ ગયેલા. આમ ચારેકોર સામગ્રી, બંગલા આમ ઓહોહો..! ખમ્મા અન્નદાતા. બહાર બેઠા હોય તો. કોઈ છે? હા સાહેબ! અમે છીએ. બેઠા હોય બધા ઘણા. જાવ ફલાણું લાવો. ઓહો..! ભારે આ તો. કહે છે કે મરી ગયો છો પણ એમાં તું. એ શાતાની સામગ્રી મને મળી છે અને એમાં તને હરખ થાય છે એ તારા જીવનના મરણ છે ત્યાં. સમજાય છે? એ સમ્યગ્દષ્ટિ જીવને જીવતો રાખે છે પોતાને. એમ કહે છે. એ શાતા મને લલચાવે નહિ અને શાતાના સંગમાં કાંઈક જરી વિકલ્પ આવ્યો છે એ પણ મારા સ્વરૂપમાં વેદનમાં નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ લોક રૂઢી..

ઉત્તર :- એ લોક રૂઢી જગતની રખડવાની છે એકલી. મોઢે ભાર આવી ગયો કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એમ નથી કહેતા? પરણવા જાય ત્યારે કહે ને? ઓલો જરી તોતડો હોય તો. મોઢે ભાર આવી ગયો હમણાં ત્રણ દિ'. ભાર રાખે એટલે શું કરવું? શું કહે છે તું? દાંત ન કાઢવા ઝટ દઈને. ફલાણું ન કરવું. બહુ બોલવું નહિ. નહિતર કિંમત થાશે તારી. અહીં વર થઈને તું આવ્યો છો. મરવા. એય..! ચંદુભાઈ! મરવા આવ્યો છો. આહાહા..!

ભગવાન આત્મા આનંદ પ્રભુ, એને વર, એને વર, એમાં એકાકાર થા. એ ત્યાં આત્માની શાંતિ અને આનંદની પરિણતિ ઊભી થાય છે. સમજાણું કાંઈ? ઓલો મરી જાય છે. જ્ઞાની.. આહાહા..! સમકિતી છન્નું હજાર સ્ત્રીના લગનમાં બેઠો હોય. સમજાણું? ચક્રવર્તી. ક્યાંય હું નથી. મારામાં આનંદ છે ત્યાંથી હું ખસતો નથી. એ વિકલ્પમાં હું આવ્યો નથી અને સ્ત્રીનો સંગ મને છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દષ્ટિમાં આત્મા તરવરે છે દૃષ્ટિમાં. આનંદનું ધામ ભગવાન આત્મા પડ્યો છે દૃષ્ટિમાં. એને આ શાતાના ફળ અને શાતાનો સંયોગ ક્યાંય રુચિ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

ઓલામાં નહોતું થતું ઓલામાં? .. શું કીધું ભાઈ? ગાંધી નહોતા? બહુ દુઃખ થયું હતું. મુસલામાનો બહેનો, દીકરીઓ, માતાને નાગી કરી, ભાઈઓને નાગા કરી ઊભા રાખે. એટલું મુસલમાનનું જોર. આમ સગી મા, સગી બહેન હોં! બેયને નાગા કરે. જોડે ઊભા રાખે અને લે વિષય, લે રંગ. હાય.. હાય...! અરે..! ધરતી માર્ગ આપે તો સમાઈ જઈએ પણ આ અમને દેખવું પાલવતું નથી. એવા ઓલા પાછળ ઘોદા મારે લોઢાના ધગધગતા. ખસેડવા માટે. બહેન હોય એની સામે નાગા કરીને ખસેડે. અરર..! ભગવાન! આ ધરતી કંપી ધ્રૂજે તો પેસી જઈએ અંદર. આ જોયા જાતા નથી. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ મા અને બહેન સામે! અરર..! આ શું કરે છે? પ્રભુ!

એમ ધર્મીને આત્માના આનંદની આગળ એ રાગ ને શાતા ઝેર જેવા લાગે છે. અરે..રે..! આ શું છે આ? અમે આમાં સમાઈ જઈએ આત્મામાં, પણ આ રાગ અને શાતા અમને હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આનું નામ ધર્મની દૃષ્ટિ અને ધર્મી કહેવાય. એમ ધર્મ-ધર્મ કહે છે એમ ન હોય. સમજાણું કાંઈ? શાતા ઉદયની.. છ ખંડના રાજ, છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી. જેના શરીરમાં સુગંધ નીકળતા જેના કપડે ભમરા ફરતા હોય હજારો. એવી તો શરીરની સુગંધ હોય. એમાં ચક્રવર્તી સમકિતી બેઠો દેખાય છે. હું એ શાતાના ફળ ને તેના તરફનું વલણ એ બેયમાં હું નથી. સમજાણું કાંઈ? હું તો આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું. એના આનંદમાં આ ઝેરના ઘૂંટડા કેમ પીતા પાલવે? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આનંદ સ્વરૂપના જ્યાં પ્યાલા આનંદના ઘૂંટડા પીતો હોય ધર્મી એને આ શાતા અને એના સંયોગમાં થતો વિકલ્પ એ ઝેરના પ્યાલા કેમ પીવે? એ હું નહિ. આહાહા..! એટલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર તરફથી ઉદાસીન છે અને સ્વ તરફમાં એકાગ્રતા છે. સમજાણું કાંઈ?

**'હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** 'જ'. બીજી વાત નહિ, કહે છે લ્યો! ઓલો થોડો છે ને. મને નહિ.. મને નહિ.. મારામાં નહિ, મારા દ્રવ્યમાં નહિ, મારા ગુણમાં નહિ, મારી પર્યાયમાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન દ્રવ્ય વસ્તુ છે. એના આનંદ આદિ ગુણો છે. એની દૃષ્ટિને લઈને પરિણમન પણ શુદ્ધ ને શાંત ને આનંદનું છે. આ શાતા વેદનીયનું ફળ હું નહિ. મારામાં એ ફળ ન હોય, મારામાં તો આનંદનું ફળ હોય. મારો પાક તો શાંતિનો છે. અસંખ્ય પ્રદેશે શાંતિ ઠસોઠસ ભરી છે. અસંખ્ય પ્રદેશમાં શાંતિની અપરિમિતતા આમ ઠસોઠસ ભરી છે. એવી શાંતિને જાણનાર-વેદનાર એને આ અશાંતિનું વેદન મારું હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'હું અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** સાતમી નરકનો નારકી એને અશાતાવેદનીયનો સંયોગ એણે વેદ્યો અને ભગવાને જાણ્યો. સમજાણું? એવા રવરવ નરકના અપરિઠાણે નરકે. સાતમા નરકમાં પાંચ પાસડા છે. પાંચ. શું કહેવાય એ? બીલ. બીલ નહિ. નરકાવાસા. પાંચ નરકના વાસા એમાં પાંચ છે સાતમી નરકમાં. એમાં વચલો એક રવ રવ નરક છે અપરિઠાણા. ૩૩ સાગરની સ્થિતિ. એ વેદનાના સંયોગો સાંભળ્યા જાય નહિ. એનો એક કણ શીતનો જો અહીં લાવીને મૂકે તો દસ દસ યોજનની અંદરમાં માણસો મરી જાય. શીતનો કણ અહીં મૂકે ત્યાં મરી જાય એની શીતળતાથી. એમાં ૩૩ સાગર રહ્યો. પણ સમ્યગ્દૃષ્ટિ અંદરમાં ધર્મી છે. આહાહા..! 'નારકી બાહ્યકૃત દુઃખ ભોગત, પણ અંતર સુખની ગટાગટી.' આવે છે ને? દૌલતરામજીનું. એ શેઠ પહેલા આવ્યા ત્યારે બોલ્યા હતા. હુકમીચંદ-હુકમીચંદ. પહેલા આવ્યા (ત્યારે) બોલ્યા પણ ખબર નહિ શું છે આ. એ નારકીમાં દુઃખ નથી. આનંદની ગટાગટી કહે છે. પાણીના ઘૂંટડા પીવે ને આમ. ઘટ ઘટ મોસંબી પીતો હોય અને તૃષા સારી લાગી હોય, એમાં પાછું નાખ્યું હોય સરખાઈનું. બહુ ઠંડુ ન થાય તો આઈસ્ક્રીમ નાખ્યો હોય અને એમાં નાખી હોય થોડી સાકર. શેનું? મોસંબીના પાણીમાં. નવનીતભાઈ! અને તૃષા લાગી હોય આહાહા..!

એક ફેરી ભાઈ લાવ્યા હતા ને ઓલા ..ભાઈ કેવા? મરી ગયા એ. એનું નામ શું? પન્નાલાલ? પન્નાલાલ. પન્નાલાલ ઉમાભાઈ. આ અમદાવાળા શેઠ ગુજરી ગયાને બિચારા. દિગંબર દિગંબર છે ને. એકવાર બહુ તૃષા લાગી. મરી ગયા ને બિચારા અહીં પાલીતાણા મરી ગયા. આમ શ્વેતાંબર છે, શેઠિયા મોટા. .. દિગંબરનો પ્રેમ થઈ ગયેલો બહારમાં વ્યવહારમાં. અહીં આવ્યા હતા તરસ્યા. મોટર ઊભી રાખી. એવી તૃષા... એવી તૃષા.. હવે એને પાણી .. ખપે નહિ. અહીં વળી તપસીના ઓલામાં ગયા. હું બેઠો હતો. બહુ પાણી પીધું. કેટલું બે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શેર, અઢી શેર પાણી. આહાહા..! તૃષા. પછી દર્શન કરવા ગયા. એટલી તૃષા લાગી. એવી તૃષા હોય ને એમાં મોસંબીનું પાણી આઈસ્ક્રીમ નાખીને અને ઉનાળો ચૈત્રનો હોય, એમાં પાછી સાકર નાખી હોય. ઓલો કહે આહાહા..! અરે..! કાંઈ નથી ભગવાન સાંભળને! એ અંદર વિકલ્પ ઉઠ્યો છે તે દુઃખ છે. સમજાય છે કાંઈ?

અને અશાતા વેદનીયના ઢગલા પડ્યા છે સાતમી નરકે. રવ રવ નરક. સમકિતી જીવ છે ત્યાં. આહાહા..! આટલો વિચાર કરતા નથી કે આ પૂર્વના પંડિતો આમ કહી ગયા છે કે આ નારકીને બાહ્યકૃત દુઃખ ભોગત, અંદર સુખની ગટાગટી. ચોથું. ત્યાં તો પાંચમું ગુણસ્થાન પણ નથી. ત્યાં તો પાંચમું ગુણસ્થાન શ્રાવક નથી, મુનિ નથી. ચોથા ગુણસ્થાને અંતર સુખની ગટાગટી તો આમ કહે છે એનો વિચાર તો કર. તારે શું કરવું છે? સમજાણું કાંઈ? શું થાય? કોણ કોને કહે? કોણ કોને માને? ભગવાન છે ને. ના પાડવામાં પણ પૂરો છે અને હા પાડવામાં પણ પૂરો છે. એને કોણ ડગાવે? મેરુ પર્વત જેવો પડ્યો છે સવળો. એ સવળાને અવળો કોણ કરે? અને અવળો થયો એને સવળો કોણ કરે?

કહે છે કે એ રવરવ નરકમાં જાય છે મિથ્યાત્વ લઈને, હોં! સાતમી નરક છે ખરી ને? પણ ત્યાં સમકિત પામે છે. પાછા મરતા નીકળશે ત્યારે મિથ્યાત્વ લઈને નીકળશે. પણ વચલા કાળમાં મોટા રાજા-મહારાજા નરકમાં ગયા હોય ને. અહીંથી સાંભળ્યું હોય. ત્યાં પછી વિચાર (આવે), અરેરે..! આ શું છે આ? આ તે કાંઈ દુઃખના અંત ક્યાંય? આ શું ક્ષેત્ર છે? શું કાળ છે? શું સ્થિતિ છે આ? એમ ઓલું સાંભળ્યું હોય ને એ અંદરમાં ઉતારે છે ને હડપ દઈને અંદરથી વીજળી જેમ તારમાં હેઠે ઉતરી જાય હડપ. (એમ) ભગવાન ચૈતન્યના ચમત્કારમાં અંદર ઉતરી જાય છે. એ આત્માનો અનુભવ રવરવ નરકે કરે છે. અહીં જરી કાંઈ કહે કે અરે.. પણ અમને સંયોગ અનુકૂળ નથી. અમારે ખાવા મળતું નથી, ઢીંકણું નથી. અમે કેમ ધર્મ કરીએ? રાડું પાડે છે. ઓલાને ચોખાનો કણ પણ નથી અને પાણીનું બિંદુ પણ નથી. કાંઈક થોડી સગવડતા હોય તો કરીએ. ચારે કોર અગવડતા. બાયડીની સરખાઈ નહિ, છોકરાની સરખાઈ નહિ, પૈસાની દુકાનની સરખાઈ નહિ. સરખાઈ નથી એટલે શું? કોને પણ? તારે શું છે? એટલી સરખાઈ નથી. સાતમી નરકમાં એટલું દુઃખ છે. સમ્યગ્દૃષ્ટિ અંતરમાં જાણે છે કે હું તો આનંદ સ્વરૂપ શાંત અનાકુળ સ્વરૂપ છું. એવી દૃષ્ટિને લઈને તે સુખનો અનુભવ કરે છે પણ અશાતાના વેદનીયનો અનુભવ કરતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**અશાતાવેદનીયકર્મના ફળને....**' જુઓ! શ્રીકૃષ્ણ જેવા. લ્યો! તૃષા લાગી છેલ્લી. એટલી તૃષા.. એટલી તૃષા. પગલું ભરી શકતા નથી આમ. પાણી લેવા બળભદ્ર ગયા. છતાં અંતર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમ્યક્ આત્માનું ભાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વેદના. અરે..! ત્રણ ખંડનો અધિપતિ. 'તરસે તરફડે ત્રિકમો નહિ કોઈ પાણીનો પાનાર.' ત્રણ ખંડના ધણી જેને આઠ આઠ હજાર દેવ સેવા કરે. છન્નું હજાર. એમાં છન્નું હજાર નહિ પણ બત્રીસ.. સમજ્યાને? એવી સ્ત્રીઓ અને મોટું દ્વારકાનગર. આહાહા..! રાજકુમાર આમ જન્મેલા તૈયાર છે ને. ૨૦-૨૦ વર્ષના જુવાન. જ્યારે દ્વારકા સળગે તે સળગે, અગ્નિમાં જીવતા સળગે. કહો, સમજાણું? એમાં પણ કેટલાક સમકિતી હતા. ભાઈ! આહાહા..! શ્રીકૃષ્ણ અને બળભદ્ર બહાર નીકળ્યા. કરોડો મનુષ્યો જુવાન ૨૫-૨૫ વર્ષના રાજકુમારો, જેણે તડકો જોયો નહિ. એ અગ્નિમાં સળગે. દ્વારકા સળગાવી. અગ્નિ સળગે. હળહળ.. હળહળ. અંતર સમ્યગ્દષ્ટિ હતા એ અનુભવે છે કે એ વેદન અમને નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે? એમાં ને એમાં શાંતિ કરીને કેટલાક સ્વર્ગમાં વયા ગયા. દ્વારકા સળગતા સળગી ને સ્વર્ગમાં વયા ગયા. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્માના અંતર શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એના અંતર ભેટા થયા છે આત્માના. આનંદ સ્વરૂપ હું છું, બીજું છું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક તો રાડું પાડતા. હે કૃષ્ણ! અમે બળીએ છીએ સામું તો જુઓ. પણ ક્યાં જોવું? આખું નગર સળગ્યું એમાં કોની પાસે જોવું? સમજાણું? મા-બાપને બહાર કાઢવા ગયા તો માથે અવાજ થયો. નીકળશો તો નીકળવા નહિ દઈએ. નીકળી જાવ બે જણા. મરશે એમાં દટાઈને. આહાહા..! પ્રજાના પ્રતિપાળક એ માતા-પિતાના પાળક ન થઈ શક્યા. આહાહા..! પ્રજાના પ્રતિપાલક લાખોના પ્રતિપાલક વાસુદેવ બળદેવ અમારા હાકલે હાકલે હાકમું પણ પેશાબ કરી જાય એવા અમે, આ શું થયું આ? થર.. થર.. થાય. અમે તો આત્મા છીએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ આત્માના આનંદ આગળ એ અશાતાવેદનીયના સંયોગને ધર્મી ગણતો નથી અને તેના તરફનું જરી અસહનશીલતાના વિકલ્પને પણ જાણે છે, વેદતો નથી. આહાહા..! આ તે કઈ જાત! સમજાણું કાંઈ?

**'અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** ધર્મી એમ અનુભવે છે. હું તો ચૈતન્યસ્વરૂપ છું ને. મારા હોવાપણામાં તો દુઃખ પણ નથી, રાગ પણ નથી અને સંયોગ પણ નથી. મારા હોવાપણામાં તો આનંદ ને શાંતિ છે એવા આત્માને હું ભોગવું છું. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મની દશા કહેવામાં આવે છે. એમાં અધર્મની પર્યાય મારે નથી અને સંયોગ પણ મારે નથી. એમ ધર્મી અનુભવે છે. એને ધર્મી કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ સુદ ૪, બુધવાર તા. ૩-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૫**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. ધર્મ પામેલ જીવને શું હોય છે? કર્મના ફળને ધર્મ પામેલ જીવ ભોગવતો નથી એમ ચાલે છે. એટલે શું? કે જેને ધર્મની દૃષ્ટિ થઈ છે. ધર્મ એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ધ્રુવ અખંડ બિંબ એવી જેને અંતર ધ્રુવની, સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેને ધ્રુવ સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ છે. એવા ધર્મીને પુણ્ય-પાપના ભાવ, તેનું કર્તૃત્વ નથી. તેમ તેને કર્મના ઉદયથી ભાવ જરી થાય તેનું પણ તેને ભોગવવાપણું નથી. વસ્તુ છે એ ચૈતન્ય આનંદ જેનામાં અનંત આનંદ છે. આનંદગુણ છે પણ આનંદગુણ એટલો છે કે અનંત અનંત આનંદનો પ્રવાહ નીકળે તો પણ એ આનંદ ખૂટે નહિ. અનંત કાળ સુધી અનંત આનંદ પર્યાય પ્રગટ થાય તો પણ એ ખૂટે નહિ એવો આનંદ છે.

મુમુક્ષુ :- નીચે હોય તો તો ઓછો હોય ને.

ઉત્તર :- ઓછો-બોછો કાંઈ ન મળે. પૂરેપૂરો પૂર્ણ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જેને સંસારના વિકારી ભાવોમાં દુઃખ લાગ્યું હોય અને જેણે સુખ શોધવા અંતર દૃષ્ટિ કરી હોય, સમજાય છે કાંઈ? નિર્ધનતાનું દુઃખ અને નરકનું દુઃખ એમ નહિ. પણ શુભ-અશુભ વિકલ્પ રાગ છે તેનું દુઃખ લાગ્યું હોય કે એ દુઃખ છે, પરાધીનતા છે. એવું જેને દુઃખ લાગ્યું હોય એ શોધે છે આત્માને. આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય અમૃતનો સાગર છે. સમજાણું કાંઈ? એ અમૃતસાગરની મીટ માંડતા અંતર દૃષ્ટિ થતાં તેમાં અમૃતની આનંદની પર્યાય અને સ્વચ્છતા અને પ્રભુતા આદિ શાંતિની પર્યાય વેદાય છે. તેને કર્મના સન્મુખની દૃષ્ટિ નથી. એથી કર્મનું ફળ આવે તેનું એને વેદન નથી એટલે એનો ભોક્તા નથી. આમ છે. કહો, સમજાણું કાંઈ? થોડા રાગાદિ હોય છે એની અહીં ગણતરી નથી. કેમ કે એનાથી ક્ષણિકથી અધિક ચિદાનંદ આત્માની દૃષ્ટિને લઈ, અધિકપણું જ્યાં અંતરમાં શુદ્ધ ચૈતન્યનો આનંદ છે એની આગળ એ કર્મના ફળનું વેદન એ ગૌણતામાં જાય છે એટલે કે નથી. સમજાય છે કાંઈ? ધર્મની આવી વાત! કહો, સમજાણું?

ધર્મી ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય તો પણ તે ચક્રવર્તીના પદને ભોગવતો નથી એમ કહે છે. પરને શું ભોગવે? વસ્તુ જ્યાં પર છે, શરીર છે, વાણી, પૈસા-લક્ષ્મી એ તો જડ છે, પર છે, અજીવ છે. એને તો આત્મા અડી શકતો નથી. અડ્યા વિના ભોગવવું શું? અડ્યા વિના ભોગવવું શું? ફક્ત અડે છે ક્યાં? કે પોતાના આત્માના આનંદ સ્વભાવને ભૂલી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને મિથ્યાત્વમાં પુણ્ય-પાપના ભાવને અડે છે એટલે સ્પર્શે છે. એ દુઃખને વેદે છે. સમજાણું કાંઈ? શું હશે નેમિદાસભાઈ? આ બધા તમને સુખી કહે છે ને આ. બે જણા-હુતો ને હુતી. કાંઈ છે આગળ-પાછળ? અને પૈસા સગવડતા મકાન હોય, સુખની વસ્તુ હોય. એ દુઃખી હશે?

મુમુક્ષુ :- હુતો હુતી.

ઉત્તર :- હું એટલે હું અને તું એમ બે જણા લ્યો! અને બંગલા, પૈસા, કેટલી ખાનગી મુડી થોડીઘણી હશે, કેમ હશે કોણ જોવા ગયું છે? અને એ એના હાથમાં હશે કે નહિ? કોના હાથમાં હશે? એ પણ એ ચીજને ક્યાં ભોગવી શકે છે એમ કહે છે અહીં. સાચી વાત છે? આહાહા..! એ પરચીજને તો અજ્ઞાનપણે પણ પોતાના સ્વરૂપના અભાનપણે પણ પરવસ્તુ એટલે જડને તો આત્મા અડતો નથી એટલે અનુભવતો નથી. અડી શકતો નથી એટલે છૂટી શકતો નથી એટલે અનુભવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમ હશે મલૂકચંદભાઈ! નથી? ઘણો વૈભવ કહે છે માણસો. કરોડોપતિનો વૈભવ ઘણો કહે છે, લોકો વાતું કરે છે.

આત્મામાં થતાં પુણ્ય અને પાપના ભાવ અને એ મારા એવા મિથ્યાત્વરૂપી તીવ્ર કષાયની આકુળતા એને એક સમયની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં અડેલી છે. અડેલી છે એટલે એનામાં છે. એનો અનુભવ છે એને. સમજાણું કાંઈ? ધર્મદષ્ટિ થતાં વસ્તુ ભગવાન આત્મા આનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્ય આનંદની ખાણ છે. જે સિદ્ધ ભગવાનને અનંત આનંદ છે, સિદ્ધ ભગવાન પરમાત્માને અનંત આનંદ એક સમયનો. એવો એવો અનંત... અનંત.. અનંત... અનંત... અનંતગુણો આનંદ આત્માના આનંદગુણમાં છે. એવા બેહદ આનંદની એકત્વદષ્ટિ થતાં, રાગની એકત્વદષ્ટિ તૂટતા અને સ્વભાવ સાથે એકત્વદષ્ટિ થતાં એને કર્મના ફળ તરફનું લક્ષ નથી, દષ્ટિ છે સ્વભાવ ઉપર. એટલે અંતરમાં ભલે કોઈ રાગાદિ હરખ હોય છતાં તેનું ખરેખર સ્વભાવના આનંદની અધિકતાને કારણે તેનું વેદન જ્ઞાનીને નથી. એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ ભાઈ!

જુઓ! આ અશાતાવેદનીય છે ને? છેલ્લી આવી છે ને? **'અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** છેલ્લો બોલ આવ્યો સોળમો. જુઓ! આ મુનિઓ છે ને. લોકોને એમ લાગે છે કે આ સિંહ ખાય છે, અગ્નિ ભરી છે, શિયાળીયા ખાય છે. પણ એને દુઃખ નથી. આત્મા આનંદના ધામમાં જ્યાં અંતર દષ્ટિ પડી છે. જ્યાં સ્વરૂપ શુદ્ધ આનંદનો જ્યાં સ્પર્શ કર્યો છે. ધર્મી એવો આત્મા એમાં અનંત ધર્મ નામ આનંદ આદિ સ્વભાવ છે એનો જેણે સ્પર્શ કર્યો છે એને તો આનંદનું વેદન છે એમ કહે છે. દુઃખનું વેદન નથી. એ અશાતાનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વેદન નથી એમ કહે છે. અહીં કહે, સિંહ કરડે છે ને? કોને કરડે? એ તો જડની પર્યાયમાં ફેરફાર થાય. જડ ક્યાં આત્માની પર્યાયના અસ્તિત્વમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા છે એ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સમાપ્ત થાય છે. દ્રવ્ય એટલે શક્તિવાન, ગુણ એટલે શક્તિ અને એની અવસ્થા. એટલામાં એનું સત્‌નું પરિપૂર્ણપણું છે. એ કાંઈ શરીરની પર્યાયમાં જાય છે અને અડે છે એમ નથી. માટે શરીરની પર્યાયમાં કાંઈક થતાં જીવને દુઃખ થાય છે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! એના અસ્તિત્વમાં એટલે હોવાપણામાં પોતાનું ત્રિકાળી હોવાપણું આનંદ છે. શાંત... શાંત... શાંત.. અકષાય સ્વભાવ ચૈતન્યમૂર્તિ છે. એવી દૃષ્ટિ થતાં તેને શાંતરસનું વેદન છે. એને પુણ્ય-પાપનું અને કર્મના ફળની હીણી દશાના દુઃખની અવસ્થાનું એને વેદન નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ સોળમો બોલ આવ્યો છે.

સત્તરમો. '**હું સમ્યક્ત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ધર્મી જે છે, પોતે આચાર્ય પોતાની જ વાત કરે છે. પણ ધર્મી બધા એવા જ હોય છે. પણ પોતે આચાર્ય પોતાની વાત કરીને જગતને પ્રસિદ્ધ કરે છે. ભાઈ! હું તો આત્મા છું. મારામાં કર્મ, શરીર નથી, આ કુટુંબ પરિવાર નથી. મારી પર્યાયમાં વિકાર છે એ પણ મારા સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? એ વિકાર અને દુઃખની અવસ્થા બેય મારા સ્વભાવમાં અત્યંત અભાવ છે. દુઃખ એ આકુળતા છે ને? એ વિકાર છે. ખરેખર વસ્તુ ભગવાન આત્મા આનંદનું ધામ પ્રભુ એની દૃષ્ટિ થતાં વસ્તુમાં દુઃખની દશા અને કરવાની રાગની દશા એ એનામાં છે નહિ. દુઃખ છે એ વિકાર છે ને? વસ્તુના સ્વભાવમાં તો વિકારનો એટલે દુઃખનો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવની દૃષ્ટિવાળો એટલે હું, એવો હું તે શાતા-અશાતાના નિમિત્તના વિકલ્પને, પરના સંયોગને હું ભોગવતો નથી.

'**હું સમ્યક્ત્વમોહનીય...**' હવે અહીંયાં મુનિ છે, ક્ષાયિક સમકિત નથી એથી એને સમ્યક્ત્વમોહનીય એટલે જરીક મેલ અંદર થાય એવો એક ભાવ હોય છે. શ્રદ્ધામાં જરીક મેલ સૂક્ષ્મ એવો કે જે કાંઈ સમકિતને નાશ ન કરે. સમકિતને-આત્માની અનુભવદૃષ્ટિને નાશ ન કરે. પણ એક એવી પ્રકૃતિ છે કે જેનાથી જરીક મેલ થાય. પણ એ મેલનું ફળ ન આવે બંધનનું. એવી એક પ્રકૃતિ છે સમકિતમોહનીયની. સમજાય છે કાંઈ? એના ફળને હું ભોગવતો નથી કહે છે. કહો, ક્ષયોપશમ સમકિતી જીવ એને એ સમકિતમોહનીયની પ્રકૃતિ છે દર્શનમોહ. મોહકર્મને બે ભેદ છે-દર્શન-ચારિત્ર નામ. આવે છે ને? આત્મસિદ્ધિમાં આવે છે.

કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્ય આઠે,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.

દર્શનમોહનીય, ચારિત્રમોહનીય. દર્શનમોહનીય બોધથી હણાય, ચારિત્ર મોહનીય વીતરાગતાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હણાય. આવે છે ને એમાં?

કર્મ મોહનીય ભેદ બે, દર્શન-ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચુક ઉપાય આમ.

ભાષાએ આ તો અર્થ કર્યો. સમજાણું કાંઈ?

આત્મા... વાત એ છે કે આત્માનું ધ્રુવપણું અને અનંત આનંદપણું એને પ્રેમમાં, દૃષ્ટિમાં આવતું નથી. અને જ્યાં આખો ભગવાન પરિપૂર્ણ પડ્યો છે એવા અનંત ભગવાન પરમાત્મા જે છે, એક સમયની દશા છે પરમાત્માની-સિદ્ધની કે અરિહંતની, એવી અનંત પરમાત્મ દશાઓ આત્મામાં પડી છે. ભારે આ તો! સમજાણું કાંઈ? એવા ભગવાનની મહિમા જ્યાં નથી અને જેને પુણ્ય-પાપના રાગની અને હરખની મહિમાની અધિકતા છે એ મિથ્યાદૃષ્ટિ છે. ચાર ગતિમાં રઝળનારો પ્રાણી છે. અને એ દૃષ્ટિ પલટીને હું આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદમૂર્તિ (છું) એવી દૃષ્ટિ કરી છે, પરસન્મુખતા ટળી છે, સ્વસન્મુખતા થઈ છે એને ધર્મી કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

એવા સ્વસન્મુખ ભગવાન આત્મા પોતાના આનંદના સ્વભાવમાં હું સમકિતમોહનીયનું ફળ જરી (હોય છે) એને હું ભોગવતો નથી. જુઓ! પર્યાયમાં હોય છે સહેજ, હોં! છતાં હું ભોગવતો નથી. મારા અસ્તિત્વમાં અહીં આત્માના અંતરમાં નથી. જ્યાં દૃષ્ટિ છે ત્યાં નથી. માટે તેને હું ભોગવતો નથી. કહો, સમજાય છે કાંઈ? સમકિતમોહનીય દર્શનમોહનીયનો એક ભાગ છે. કપડું બહુ લીલા રંગનું હોય અને ધોઈ નાખે સાફ ધોવે તો આમ ચોખ્ખું લાગે. પણ જરીક ઝાંય. જુઓ! આ છે કે નહિ? શું તમારું કહેવાય? ગળું-ગળું? આ ગળીયો છે ને? કપડું? ગળી. પણ આ તો ઉઘાડી દેખાય છે ગળી. પણ સાફ કરી નાખ્યું હોય. સાફ ધોઈને સાબુથી ચોખ્ખું (કર્યું હોય તો) ધોળું લાગે. પણ જરી આવા બારણામાં આમ રાખ્યું હોય જરી તો ઊંડી ઝાંય દેખાય જરી. ઊંડી જરી ઝાંય દેખાય. એમ ભગવાન ચૈતન્યમૂર્તિ અસંખ્ય પ્રદેશી આનંદધામ એમાં સહેજ એવો કોઈ મલિન ભાવ અંશ જરી રહે છે કે જેનું કાંઈ ફળ પણ નથી, જેનું બંધન નથી, ફક્ત ક્ષાયિકસમકિત થયું નથી. એટલી દશાને પણ, કહે છે, હું ભોગવતો નથી. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

અરે..! વીતરાગમાર્ગ છે. આ તો વીતરાગમાર્ગ તો તારામાં છે. પણ વીતરાગમાર્ગ એટલે ક્યાંક છે એમ નથી. માર્ગ તો ક્યાંક રહેતો હશે ને? માર્ગ રહે છે ક્યાં? તારું સ્વરૂપ જ વીતરાગ છે. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. પરમેશ્વર-પરમ-ઈશ્વર વીતરાગતાનો નાથ આત્મા છે. એની અંતરમાં દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં સ્વભાવના વેદન આગળ એ સમકિતમોહનીયનું વેદન મારે છે નહિ. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' હું તો ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ એવો આત્મા, એને હું વેદું છું. વેદું છું એટલે ધ્રુવ કાંઈ વેદાતું નથી. પણ એને વેદું છું એટલે ઓલો રાગને અણાત્મા છે, દુઃખ તે અણાત્મા છે, ત્યારે શુદ્ધતા તે આત્મા છે એમ કહીને હું આત્માને વેદું છું. સમજાણું કાંઈ? આહાહા..!

'**હું મિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' જુઓ! સમ્યગ્દષ્ટિ છે એને મિથ્યાત્વ મોહનીય ઉદયમાં ન હોય. કોઈ પ્રદેશમાં પડી હોય એ ક્ષણે ક્ષણે ખરતી જાય છે. એટલે ખરતી જાય છે તો પણ કહે છે, મારું વલણ ત્યાં નથી. મારું વલણ તો શુદ્ધ આનંદ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉપર છે. કે જ્યાં એ મિથ્યાત્વના નિમિત્તથી કાંઈ થાય એ મારા સ્વભાવમાં છે નહિ. જોકે સમકિતીને એ પર્યાયમાં પણ થતું નથી. સમકિતી મુનિ તો જરી પર્યાયમાં થાય છે. મિથ્યાત્વનો ભાવ તો અંશે થતો નથી. પણ કહે છે કે પ્રદેશમાં પડ્યું હોય તો ખરી જાય, ક્ષણે ક્ષણે ખરી જાય છે. મારે ને એને કાંઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ?

'**હું મિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા. સમજાણું? મોટો બરફનો ડુંગર હોય બરફનો ડુંગર. એને જે ભેટે એને અગ્નિ શું કરે? અગ્નિનું વેદન એને નથી. ભગવાન શીતળ પિંડ છે પ્રભુ. અરાગી, વીતરાગી રસનો શીતળ શાંત આખો ડુંગર પરમાત્મા આત્મા છે. સમજાણું કાંઈ? આવો આત્મા? એવા શીતળ શાંત પરમાત્મા પોતે છે એની જેને દૃષ્ટિ થઈ છે એને અહીંયાં સમ્યગ્દષ્ટિ કહીએ, એને ધર્મી કહીએ. એ ધર્મી કહે છે કે મારે મિથ્યાત્વનો ઉદય છે જ નહિ અને એનું ફળ મારે છે નહિ. એ તો અમથુંય સમકિતીને હોતું નથી. આ જરી હોય છે પહેલા એને.

'**હું સમ્યક્ત્વમિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એ પણ હોતું નથી એને. સમકિતમાં ત્રીજી પ્રકૃતિનું ફળ પણ જરીએ હોતું નથી. એવી એક પ્રકૃતિ છે કે જેમાં કાંઈક આ પણ સાચું એટલે બેમાં થોડો મિથ્યા અને સમ્યક્ રહે એવી એક મિશ્ર પ્રકૃતિ થાય છે. એનું ફળ જ્ઞાનીને હોતું નથી. હવે કહે છે, હું આત્માના શાંત સાગરના જ્યાં છોળું અંદરમાં-દૃષ્ટિમાં ઉઠી, ભગવાન આત્મા શાંત... શાંત... શાંત... હલ્યો હલે નહિ. એ વિકલ્પથી પણ હલે નહિ એવું ચૈતન્યતત્ત્વ. ... આહાહા..! વજ્રનો અરૂપી સ્તંભ, જ્ઞાનવજ્રનો સ્તંભ એવો હું આત્મા મને '**અનંતાનુબંધિક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' કહે છે. આ પ્રકૃતિ તો જ્ઞાનીને હોતી નથી. પણ સત્તામાં કોઈ સંક્રમણ થઈને પડી હોય તો એના ફળને હું ભોગવતો નથી. પણ દરેકના હવે અર્થ બહુ લાંબા જરી.

હું-ધર્મી જેની દૃષ્ટિ આત્મા શુદ્ધ આનંદ ઉપર છે એવાને ધર્મી કહેવામાં આવે છે. એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મી કહેવામાં આવે છે. તે ધર્મી એમ ભાવે છે કે. અહીં એમ આવે છે ને? કર્મફળના સંન્યાસની ત્યાગની ભાવના નચાવે છે. હું અનંત એવો જે મિથ્યાત્વભાવ. અનંત એ મિથ્યાત્વને કહે છે. જે મિથ્યાત્વમાં અનંત સંસારને રખડવાની તાકાત છે. સમજાણું કાંઈ? વિપરીત માન્યતા એ પર તરફથી મને કાંઈક લાભ થાય, પુણ્ય પરિણામથી મને લાભ થાય એવું જે મિથ્યાદૃષ્ટિપણું એ મિથ્યાત્વમાં અનંતપણું ઝેરનું, રસનું રહ્યું છે. કે જેનાથી અનંત નરક અને નિગોદના ભવ થાય એવો એ મિથ્યાત્વભાવ તેને ભગવાન અનંત કહે છે. કેમ કે ભગવાન આત્મા અનંત આનંદનો પિંડ અનંત ગુણનો પિંડલો છે. એની વિરૂદ્ધની માન્યતામાં પણ અનંતપણું આવી ગયું છે એમ કહે છે. ઊલટું અનંતપણું. આહાહા..! સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્ય આત્મા, એમાં અનંત, એક એક ગુણ અનંત એવા અનંત ગુણનો પિંડ આત્મા છે વસ્તુ. એવી જેને દૃષ્ટિ નથી અને કાંઈક પુણ્ય અને પાપના રાગમાં મીઠાશ અને એમાં લાભ છે એવી જેને દૃષ્ટિ છે તેના મિથ્યાત્વમાં અનંતા ગુણોનો અનાદર થઈને ઊલટી વિપરીત માન્યતામાં અનંતપણું ઝેરનું અને ઊલટાપણું આવ્યું છે. સમજાણું કાંઈ? આ બધી વાત વિશેષ આવે ત્યારે તો બધી સમજવામાં આવે ને? બાકી તો વાત તો એ જ છે કે પર તરફની દૃષ્ટિ અને રાગની દૃષ્ટિ છોડીને સ્વભાવમાં દૃષ્ટિ કર. વાત .. છે એટલી છે. આવે છે ને ભાઈ નહિ ઢાળમાં? ઓલામાં. લાખ વાતની. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ..'

આ ભગવાન આત્મા લાખ વાતની વાત, અનંત વાતની વાત. અનંત શાસ્ત્રનો સાર ભગવાન આત્મા પરિપૂર્ણ પ્રભુ આનંદનો કંદ છે. બસ! તેની સામું જો અને એકાકાર થા. એ થયો એટલે સમ્યગ્દર્શન થયું અને એ મુક્તિના પદની નજીક થઈ ગયો હવે. વસ્તુદૃષ્ટિ થતાં મુક્ત તો થયો, મુક્તને ભાસ્યો તે મુક્ત તો થયો, પર્યાયમાં જરી અસ્થિરતા આદિ છે એ થોડા કાળમાં છૂટીને સિદ્ધપદને પામશે. આહાહા..! કહો, ડોક્ટર! આ જુદી જાતના ઈંજેક્શન છે આ બધા.

મુમુક્ષુ :- જન્મ-મરણના.

ઉત્તર :- હા. જન્મ-મરણના નાશ કરવાના છે. તમારે જરી રોગ મટે કે ન મટે એ તો બધું એને ઉદય હોય તો મટે. કહો, સમજાણું?

મુમુક્ષુ :- એ પ્રમાણે બીલ ચડે.

ઉત્તર :- હા, બીલ તો ચડે ને. મરે, ન મરે એની સાથે શું સંબંધ છે? કેમ એની સાથે સંબંધ છે? રોગ મટે તો જ પૈસા લેવા એવું કાંઈ છે? તો તો પછી એવા આંટા ઘણાય મારે. કહો, સમજાણું કાંઈ? બહુ કોઈ એવો સાધારણ માણસ હોય કે, ભાઈ આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છેલ્લી સ્થિતિએ મને બોલાવ્યો છે અને મને ખ્યાલ છે કે .. એનું હું નહિ લઉં. છેલ્લામાં નહિ લઉં. ભાઈ! એવું થાય છે ને? એવું સાંભળેલું. બધું સાંભળેલું છે. આપણે ક્યાં ઊભા રહીને જોયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવા ડોક્ટર હોય. કહે કે ભાઈ! છેલ્લી સ્થિતિએ મને બોલાવ્યો હતો અને એમાં તો પછી એક મિનિટ દેહની સ્થિતિ રહેવાની હતી પણ તમે મને બોલાવ્યો. મારા પણ ખ્યાલમાં આવ્યું છે કે આ રહેશે નહિ. ભાઈ! હું તો એવો કો'ક હશે એમ લઉં છું. એમ છે. છે. છે હોં આવા. સાંભળેલા છે.

મુમુક્ષુ :- થોડાક હોય.

ઉત્તર :- હા. થોડા હોય. કોઈ એક હોય લ્યોને. આપણે એક લ્યોને કોઈપણ. એવો હોય છે લ્યોને. કેમ? હીરાભાઈ! અહીં તો બધું જાણ્યું હોય ને જગતની બધી વાતું.

અહીં તો કહે છે કે પણ એ કાંઈ હું લેનારો નથી ને પરથી. મારે એમાં કાંઈ છે જ નહિ ને. હું તો અનંત આનંદનો પિંડ એનાથી વિરૂદ્ધ જે દૃષ્ટિ જે મિથ્યાત્વ એ અનંત છે. એને અનુબંધ. છે ને? અનંત એવો મિથ્યાત્વ. એને અનુસરીને થતો અનુબંધિ ક્રોધ. એને મિથ્યાત્વને અનુસરીને થતો ક્રોધ એવો જે કષાય. કષ નામ સંસાર, આય નામ લાભ. જેનાથી સંસાર રખડવાનો લાભ થાય એવો કષાય, એની વેદનીય એટલે એનું વેદવું એવો જે મોહભાવ તેના કર્મના ફળને હું ભોગવતો નથી. કહો, સમજાણું કાંઈ?

આ એક પ્રકૃતિનું નામ છે. અનંતાનુબંધી ક્રોધ કષાય, વેદનીય, મોહનીય. ભાષા કેટલી છે જોઈ? કષાય વેદવાનો જે મોહભાવ તેને હું વેદતો નથી. લ્યો હવે, અનંતાનુબંધીને વેદતો નથી ત્યારે શું થાતું હશે? કાંઈક સ્વરૂપાચરણ થાતું હશે કે નહિ? ત્યાંથી રાડું પાડે. ઓલા કહે, નહિ. આ વેદતો નથી ત્યારે શું વેદે છે? એ હતું ત્યારે કાંઈક અસ્થિરતા હતી અને ગઈ ત્યારે કાંઈક સ્થિરતા થઈ કે નહિ એમાં? અરે.. ભગવાન! એમાં પણ તકરાર. અરે..! પણ તને શું છે આ? સમજાય છે? શાસ્ત્રના વાદે શાસ્ત્ર ભણ્યા. અમારી વાત સાચી. ભાઈ! હવે રહેવા દે. સાચો તું છો અંદર, જાને ન્યાં. શાસ્ત્રની વાતુંને સાંભળીને પણ કાંઈ સમજાય એવું નથી. એ તો એક લક્ષ કરાવવા વાતું છે. પણ તું પોતાના આનંદ સ્વરૂપના લક્ષમાં ન જા ત્યાં સુધી બધું નિરર્થક અને ફોગટ છે. વાદવિવાદ તો ક્યાંય રહી ગયો મફત. આહાહા..!

ભગવાન આત્મા જેના ધામમાં તો શાંતિ અને આનંદ પડ્યો છે. એના અંતર દૃષ્ટિને લઈને ધર્મીને અનંત સંસારનું કારણ એવું મિથ્યાત્વ, એને સંબંધવાળો જે ક્રોધ અને સ્વભાવનો અનાદર કરે એવો જે ક્રોધ એનો જે કષાય-સંસારનો લાભવાળો, એ કષાય છે ને? ત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એનો લાભ થતો. તો આમ ગયો તો કાંઈક લાભ થાય છે કે નહિ? એ કષાયને હું વેદતો નથી. મારામાં નથી ત્યારે આ બાજુમાં કાંઈક લાભ છે કે નહિ? મિથ્યાત્વરહિત અને અનંત સંસારના કારણના સંબંધવાળો કષાય એ મારે નથી. અનંત સ્વભાવમાં એકાગ્રતાનું સ્વરૂપાચરણ તે મારામાં છે. આહાહા..! વસ્તુની ખબર ન હોય અને પોતાની દૃષ્ટિએ શાસ્ત્રના અર્થ કરે. શાસ્ત્ર કાંઈ બોલતું નથી. શાસ્ત્ર તો ભાષા છે જડ. પણ એનો શું ભાવ છે એ સમજે નહિ તો શાસ્ત્રના અર્થ પણ ઊંધા કરે. શું થાય?

ધર્માત્મા એ દેડકો હોય દેડકો નાનો કે આઠ વર્ષની દીકરી હોય, પણ આત્મભાન થયા. ચક્રવર્તીની દીકરી હોય. સમજાય છે? છતાં જ્યાં આત્મભાન થયા ત્યાં કહે છે કે અમને અનંત એવું મિથ્યાત્વ એનો જે સંબંધ ધરનારો ક્રોધ એવો જે સંસારના લાભવાળો ભાવ, એનું જે વેદન, એવો જે મોહ એ મને નથી. હું તો અનંત એવો આત્મા, એને સંબંધ કરનારી સ્થિરતા એવો જે અકષાયભાવ, એવું જે વેદન-મોહરહિતની સાવધાનીનું વેદન મને છે. એની સામે લઈએ તો. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આ તે કાંઈ વાદવિવાદની ચર્ચા છે? બાપા! આહાહા..!

ભાઈ! રોગ આવે અને આમ તડફડિયા મારે અને શરીરમાં ૫૦, ૬૦, ૭૦ વર્ષ રહ્યો હોય. એમાંથી છૂટવાના કાળે એકત્વબુદ્ધિ છે એ ટાંગા આમ તડફડશે એના. આહાહા..! આમ શરીરમાં ૬૦-૬૦ વર્ષ રહ્યો, ૭૦ વર્ષ રહ્યો, ૮૦ વર્ષ રહ્યો. હવે એમાંથી નીકળવું. રૂંવાટે રૂંવાટે જ્યાં જ્યાં આત્મા ત્યાં પરમાણુ બધા છે. હવે ત્યાં ત્યાં એની એકત્વબુદ્ધિ છે એમાંથી છૂટવું (એને કઠણ પડશે). એનાથી છૂટો નહિ પડ્યો હોય તો એના વેદનનો પાર નહિ રહે ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા હું તો અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં અનંત ગુણરૂપ ભાવ સ્વભાવવાળો એને હું અનંત એવા સ્વભાવને અકષાય ભાવને એને વેદનારો હું છું. સ્વરૂપની સાવધાનીમાં રહેલો. એને આ સ્વરૂપની અસાવધાનીનું નિમિત્ત કારણ એવો અનંતાનુબંધી ક્રોધનું વેદનીય-મોહનીયનું ફળ મને નથી. સમજાણું કાંઈ? એ 'જગતને મરણ તણી બીક છે, ધર્મીને આનંદની લહેર.' મૃત્યુ મહોત્સવ હોય છે. એ વળી કેવું!? સમજાય છે? બીજા આમ કહે, જુઓ આમ મરે. આહાહા..! ઝટ છૂટે તો સારું લોકો એમ કહે. અંતરમાં આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એના ઉપર દૃષ્ટિ છે. શાંતિનો રસ છે. એને દુઃખ છે જ નહિ. સમજાય છે કાંઈ?

જુઓ! બનારસીદાસમાં આવે છે ને? બનારસીદાસ થઈ ગયા ને. દેહ છૂટતા કાંઈ વાર લાગી. પંડિત હતા, જ્ઞાની હતા. સમજાય છે? કોઈ વાર લાગી આયુષ્યની સ્થિતિ હતી. કાંઈક તણાણું થોડો વખત. જોડેના વાતું કરવા લાગ્યા. પોતાને ભાષા બંધ થઈ ગઈ, વાચા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બંધ થઈ ગયેલી. ભાષા બંધ થાય એમ કહે છે ને? શું કહે છે? બોલી બંધ થઈ ગઈ. એમ કહો ને. તમારે બોલી ભાષા છે, અહીં અમારે વાચા બંધ થઈ ગઈ (એમ કહે). અને ઓલા જોડે વાતું કરે. અહીં જીવ નીકળે નહિ. પંડિતજીનો ક્યાંક જીવ વળગી ગયો લાગે છે. ગાંડા પણ આવા મૂર્ખાઓ પણ ... તો ખરો. એના આયુષ્યને હજી વાર છે છૂટવાને.

બનારસીદાસને દેહ છૂટવાને કાળે જરીક વાર લાગી થોડોક ... ઓલા જોડેના માણસો વાતું કરવા લાગ્યા કે પંડિતજીનો જીવ ક્યાંક (વળગ્યો લાગે છે). સાંભળે ખરા પણ ભાષા ન મળે, વાચા બંધ છે. ખ્યાલમાં આવી વાત. ક્યાંય મારો જીવ (અટક્યો નથી), મારો જીવ તો મારામાં જ છે. સમજાણું? મારું લક્ષ ક્યાંય નથી. મારી તો સ્વરૂપમાં દૃષ્ટિ છે હું ત્યાં છું. કહો. પછી શ્લોક લખી દીધો. ભાષા તો નહોતી. પાટીમાં.

જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના;
ચલે બનારસિદાસ, ફેર નહિ આવના.

આવા સંયોગમાં નહિ આવે. રોગ થાય ને તો થોડો લાંબો કાળ થયો, ત્યાં અટક્યો આવું કલ્પનારા! સમજાણું કાંઈ? જુઓ! ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં. ગૃહસ્થાશ્રમમાં નથી. ભાષા શું કહેવી? આત્મામાં છે ઈ. સમજાણું કાંઈ? ‘જ્ઞાન કુતક્કા હાથ’ જ્ઞાનની બરછી હાથમાં લીધી છે. ‘મારિ અરિ મોહના.’ મોહને માર્યો છે. ‘ચલે બનારસીદાસ’ અહીંથી જઈએ છીએ. ફરીને આ સ્થિતિમાં હવે આવશું નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવી કલ્પના કરનારા અને આ દેહની સ્થિતિનો આવો યોગ, ભવિષ્યમાં આવો દેહ નહિ હોય હવે. અને આવો સંયોગ પણ ભવિષ્યમાં નહિ હોય. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે, કાંઈક જીવ ચોંટ્યો લાગે છે. આ કહે કે અંદરમાં એકાકાર છે. જીવ ચોંટ્યો છે જીવમાં. આપણે એવી વાત કરે છે ને કાંઈક. છોકરો બહુ ભરાઈને બહુ વાર લાગે તો કહે ને, ભાઈ પુણ્ય કરો, પેંડા વહેંચો. પુણ્યે પાપ ઠેલાય. એમ નથી કહેતા? મરતા વખતે કહે છે. છોકરો જરી હોય ને બે વર્ષ છ મહિનાનો. ચાલતા નીકળતા નીકળતા વાર લાગે આયુષ્ય હોય એટલે. એ તો અજ્ઞાન છે. પણ લોકો એમ કહે કે છોકરાને પેંડા વહેંચો, કૂતરાને લાડવા નાખો, ફલાણું આ કરો, પુણ્યે પાપ ઠેલાય.

મુમુક્ષુ :- ગાયને ખડ નાખો.

ઉત્તર :- ગાયને ખડ નાખો, આમ કરો, બિચારા ગરીબોને રોટલા આપો. આઠ-આઠ દિ’થી છોકરાનો દેહ છૂટતો નથી અને અસાધ્ય થઈ ગયેલો હોય. એ તો આયુષ્યની સ્થિતિ છે. એમાં કાંઈ ત્યાં બહારના તું કર ત્યાં કાંઈક પાપ ફરી જાય એવું છે? સમજાણું? પણ લોકોની એવી આર્ય માણસની એવી રીતિ. મા ને બાપ એવા હોય. મહિના મહિના સુધી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તણાય હોં અસાધ્ય. અસાધ્ય થઈ જાય. ભાન ન મળે આત્માનું તો અસાધ્ય જ થાય ને. અસાધ્ય તો હતા જ પહેલેથી. સાધ્ય જ નહોતું કે હું તે આત્મા છું કે રાગ છું એનું સાધ્ય જ નહોતું, ભાન જ નહોતું. કહો, સમજાણું? એમાં છેલ્લી સ્થિતિએ કોઈ પાંચ-દસ-પંદર દિ' મહિનો-મહિનો તણાય. અસાધ્ય. ઓહોહો..!

જુઓને! આ ઓલા પારસીના બાપ છે ને? રાજકોટ. દસ્તુરનો બાપ છે. બાર મહિનાથી છે અસાધ્ય. ડોક્ટર. દસ્તુર ડોક્ટર આવ્યા હતા. એના પિતાજી છે. અહીં નાખીને આપે છે. બાર મહિનાથી બંધ. કાંઈ ખબર નથી. કો'ક કહે, તમારા બાપ બાર-બાર મહિનાથી આમ છે. ચડાવી દ્યોને એકાદ ઈંજેક્શન. અરર..! અરે..! .. કરનારા બાપ છે. એ એમ ન હોય. બાર મહિના સુધી ખેંચે રાખે છે તો દેને બિચારાને ઈંજેક્શન તો છૂટી જાય. ભાઈ! મારા બાપ છે, ભાઈ! મારા પિતા છે. એ બાપ કાંઈ બીજા બાપ થાય એવા છે? ચાર-ચાર મહિના સુધી ભાઈઓ .. ભાઈ. સેવાચાકરી કરે.

ધર્મીને પણ કોઈ વખતે થોડો એવો કલાક જાય, વખત જાય. જુઓ! આ શ્રીમદ્‌ને થયું છેલ્લે. બે કલાક સુધી આમ ગરેડિયો (ચાલ્યો). જોડેવાળા બેઠા એ કહે કે આ શું? ધર્મી સારો હોય એનું મરણ આમ થાય. ઝવેરભાઈ કહેતા ભાઈ! એના બનેવી. અમને તો કંઈ આસ્થા નહોતી. કારણ કે ત્યાગ ન મળે અને મરતા વખતે બે કલાક આમ ગરેડિયો ચાલ્યો. જોડેના ચાર ચાર મકાન પાસે સંભળાય એવો અવાજ. શું છે? એ તો જડની પર્યાય છે. સમજાય છે? થાય. પાછું એમ કહ્યું, હું સ્વરૂપમાં લીન થાઉં છું. મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ. એટલું વાક્ય કહ્યું. સમજાય છે? વાણીનો યોગ એટલું કહ્યું, મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ. સ્વરૂપમાં લીન થાઉં છું. દેહની ક્રિયા હોય થાય. પણ લોકો અજ્ઞાની બહારના ગજે માપે. કહો, સમજાણું કાંઈ? અશાતાનો ઉદય હોય, એ પવનને ... હોય એ પર્યાય થવાની હોય એ જાય ક્યાં? એ ક્યાં થાય? એ શું જ્ઞાની રોકી શકે છે એને? સમજાણું કાંઈ?

ધર્મની દૃષ્ટિ થતાં, કહે છે કે અનંતાનુબંધી અનંત સંસારના કારણનું વેદન મને છે નહિ. કહો, આહાહા..! સમજાણું કાંઈ? શરીરની એકત્વબુદ્ધિ, આત્મા પ્રત્યેનો અનાદર અને શરીર પ્રત્યેનો પ્રેમ એવા ક્રોધનું મને વેદન છે જ નહિ, ક્રોધ મારે છે જ નહિ. સમજાણું કાંઈ?

**'અનંતાનુબંધિક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી...'** લ્યો! એને ઓલું વેદન ઉપર નાખવું છે ને. એના ફળને હું ભોગવતો નથી. સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી કષાય હોય જ નહિ. સમજાય છે? છતાં કોઈ સંક્રમણ થઈને બીજા રૂપે પડ્યું હોય તો એ મારું એનામાં લક્ષ નથી. જ્યાં હું છું ત્યાં એનું ફળ મારામાં નથી. બીજો. **'હું અપ્રત્યાખ્યાનાવરણીય-**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એક અપ્રત્યાખ્યાનાવરણીય નામનું પ્રકૃતિ કર્મ છે કે જે આત્માને પંચમ ગુણસ્થાન થવા ન દે. દેશ રૂપે સ્વરૂપમાં ભાન હોવા છતાં સ્થિરતા એક અંશે સ્થિરતા થવી જોઈએ એમાં અસ્થિરતામાં એ પ્રકૃતિ નિમિત્ત છે. શ્રાવકપણું થવા ન દે. પંચમ ગુણસ્થાનપણું. એમાં આ પ્રકૃતિ નિમિત્ત છે. સમજાણું?

'**હું અપ્રતાખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' છતાં કહે છે કે એ થવા ન દે પણ એ મારું વેદન નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો! એ પ્રકૃતિ હો અને એના નિમિત્તમાં જરી અસ્થિરતા પણ હો. એ અસ્થિરતાથી મારી અધિકતા, શુદ્ધતા ધ્રુવ ઉપર છે. માટે તેને હું વેદતો નથી. નથી એને તો નથી, પણ છે જેને પ્રકૃતિ એના ફળ તરીકે પણ હું ભોગવતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન જ્યાં સ્વભાવનો સાગર ઉછળે છે ને! એમાં એકાગ્ર થતાં એ તો ભગવાન આત્મા શાંતિ ને આનંદથી ઉછળે છે. એવી અનુભવની દૃષ્ટિમાં એ અપ્રત્યાખ્યાનની અસ્થિરતાનું નિમિત્ત જે છે એવી અસ્થિરતા હો તો પણ તેનું વેદન મને નથી. કારણ કે એ કષાય છે. કષાયનો ભાવ તે આત્માના સ્વભાવમાં અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુના ભાનમાં પોતાને અપ્રત્યાખ્યાનાવરણીયનું પણ વેદન જાણતો નથી. કહો, સમજાણું? પંચમ ગુણસ્થાનમાં તો એ હોતું નથી અસ્થિરતાનો ભાવ, પણ ચોથામાં જરી હોય છે તોપણ કહે છે, એ મારું વેદન નથી. કારણ કે કષાયનો અંશ છે. કષાયનો અંશ ત્રિકાળ સ્વભાવના આશ્રયમાં છે નહિ. માટે હું એને વેદતો નથી. સમજાણું કાંઈ? છે?

'**હું અપ્રત્યાખ્યાન...**' એટલે પ્રત્યખ્યાનનો જે અંશ એનો અભાવ, એને આવરણ કરનારું જે ક્રોધભાવ એવો કષાય એટલે સંસારનો વિકાર, એનું વેદવું એવો જે મોહભાવ-પરમાં સાવધાની-એવા કર્મના ફળને હું ભોગવતો નથી. સ્વસ્વરૂપની સાવધાનીને લઈને પરસન્મુખના વેદનને હું ભોગવતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાની સાથે વેદનીય. વેદન છે ને એમ નાખ્યું છે. બધામાં નાખ્યું છે. મોહનીયમાં બધામાં વેદન નાખ્યું છે. ખરું તો એ છે ને વેદવાનું વિકારનું. બીજું વેદવામાં પણ રાગ હોય છે ને. એમ કહે છે. શાતા-અશાતા વેદવામાં તો રાગ હોય છે ને, ક્યાં ત્યાં.. આ વેદાય છે એ જ વેદન છે. શું કીધું? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય બીજા કર્મમાં વેદનમાં શું આવે? એના તરફનો વિકાર. એ વિકાર મોહમાં છે. માટે આનું વેદન લીધું આમાં. વેદન છે ને. નથી લીધું? ભલેને નથી લીધું. પણ એને અહીં અસ્થિરતાનું વેદન છે ને વિશેષ એ લીધું છે. ઓલું તો આખો ગુલાંટ મારે છે. આખો ઊલટો ભાવ છે ઓલો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો. એટલે જરીએ.. અહીં તો અસ્થિરતાનું વેદન છે એ અસ્થિરતાનું વેદન મારામાં નથી. કહો, સમજાણું કાંઈ? એ ઠીક પ્રશ્ન કર્યો. દર્શનમોહનીયનો અહીં પ્રશ્ન નથી. અહીં ચારિત્રમોહમાં જ વેદન. વેદવું અસ્થિરતાનું વેદન છે એની વાત લેવી. સમજાણું કાંઈ? આના અર્થ ન સમજે એને હજી આ શું કહે છે આ?

સમ્યગ્દૃષ્ટિ એટલે કે શ્રાવક હો કે મુનિ હો. સાચા ધર્મી. સાચા ધર્મી એટલે બહારના નામ ધારનારા શ્રાવક એ કાંઈ ધર્મી નથી. એ તો બહારના બધા નામ ધરાવે છે કે અમે શ્રાવક છીએ અને અમે મુનિ છીએ. એ બધા વાડાના છે. કોથળીમાં કરિયાતા અને માથે ભર્યા સાકર નામ. એવા બધા શ્રાવક અને મુનિના નામ છે. પણ આ આત્મા શ્રાવકપણું એટલે આત્મા આનંદ સ્વરૂપની અંતર અનુભવ વેદનમાં સ્થિરતાનો અંશ વધ્યો હોય છે એને શ્રાવક કહેવામાં આવે છે. આત્માની શાંતિ તો ચોથા ગુણસ્થાનમાં હોય છે. પણ પાંચમા ગુણસ્થાનમાં તો શાંતિનો અંશ વેદન વિશેષ હોય છે. જે સર્વાર્થસિદ્ધના દેવને જે ક્ષાયિક સમકિતીને ચૌદ પૂર્વના ધારીને વેદન એટલું નથી એટલું શાંતિનું વેદન એથી વધી ગયેલું શ્રાવકને હોય છે. એને શ્રાવક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી તો સાવજ કહેવામાં આવે છે. પોતાના સ્વરૂપને રાગમાં ભીંડે છે ને. વિકારમાં એકત્વ વેદન થવું એ તો પોતાના જીવના સ્વભાવને ખાઈ જાય છે વિકાર. અહીં તો આત્માના આનંદને જીવાડે છે. સમજાય છે કાંઈ?

શ્રાવકનો અર્થ કરે છે ને? શ્ર-શ્રવણ થવું, વ-વિવેક કરવો રાગથી ભિન્ન અને ક્રિયા એટલે સ્વરૂપમાં સ્થિર થવું. એનું નામ શ્રાવક છે. હજી સ્વરૂપ શું છે એની ખબર ન મળે, ધર્મ શું છે એની ખબર ન મળે અને થઈ ગયા શ્રાવક. ભક્તિ ને પૂજા ને કાંઈક વ્રત લીધા થઈ ગયા શ્રાવક. ધૂળેય નથી શ્રાવક. સમજાણું કાંઈ? ભારે!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..થી થાય. એમ થાય. એય..! દેવાનુપ્રિયા!

અપ્રત્યાખ્યાનાવરણીય એવો જે ક્રોધ, એવો જે કષાય, એનું જે વેદન એ મારામાં નથી. જાઓ. સમજાણું કાંઈ? થઈ ગયું? ૧૧. ૨૧.

**'હું પ્રત્યખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** લ્યો! એ આવ્યું પાછું. પ્રત્યાખ્યાન એટલે સ્વરૂપની સ્થિરતા જે પચ્ચખાણ રૂપે મુનિને હોય છે એને ન થવામાં પ્રત્યાખ્યાનાવરણીય એ ક્રોધ, એવો કષાય, એનું વેદવું, એનું સાવધાનપણું એવો એક ભાવ છે એ ભાવ જરી હોય છે ચોથે-પાંચમે. છતાં એનું વેદન મને નથી. એમ કહે છે. કહો, ચોથે-પાંચમે મને આ પ્રત્યાખ્યાનીયનો અસ્થિરતાનો જરી ભાગ છે. પચ્ચખાણ થવા દેતું નથી એ પચ્ચખાણ તો હું સ્થિર થઈ શકતો નથી. માટે તે નિમિત્ત પ્રકૃતિ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એ સ્થિરતામાં અસ્થિરતાનો અંશ જે છે એને હું વેદતો નથી. આહાહા..! અસ્થિરતાનું કર્તૃત્વ પણ નથી અને અસ્થિરતાનું ભોક્તૃત્વ પણ નથી. ભાઈ! આહાહા..! એવી શૈલી! બીજી રીતે લીધી.

આત્મા આનંદસ્વરૂપ એનું જ્યાં નિર્વિકલ્પ રસનું જ્યાં પીવું છે, પીણું છે. નિર્વિકલ્પરસનો એ પ્યાઉ આત્મા છે. આહાહા..! પ્યાવા કાંઠે પંથ બન્યો છે આવો. ... આ ભીમજીભાઈના ભાઈ શું કહેવાય મુરારી? જેઠાલાલ. જેઠાલાલ મુરારી હતા ને. એ (સંવત) ૧૯૭૭માં અમે આવ્યા ત્યારે એ બોલતા. પાટે બેસતા. ૭૭માં પહેલા આવ્યા ત્યારે. 'પ્યાવા કાંઠે પંથ બન્યો છે આ તો.' એમ બોલતા. ભીમજીભાઈના ... હતા અમલદાર છે ને ભાઈ. પ્યાવો એટલે આ પાણીનો પ્યાઉ થાય ને? આ પંથ બન્યો છે. કોઈ પી પીને ચાલ્યા જાય. પી પીને ચાલ્યા જાય. પ્યાવા કાંઠે પંથ બન્યો. એમ આ બધા આવી ને જાય, આવી ને જાય એને કાંઈ આત્માની સાથે સંબંધ છે નહિ. આ પ્યાવો આત્માનો એવો છે પિયાવો કે જેમાં અનંત આનંદ કૂવામાંથી પાણી નીકળે ને ઓલામાં અવેડામાં. પિયાવો હોય એમાંથી આવે ને.

ભગવાન આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ એનું જે ઘર-કૂવો ઊંડો કૂવો. એમાંથી પર્યાયમાં સ્વભાવની દૃષ્ટિ થતાં પર્યાયમાં પિયાવો શાંતિનો આવે. એના વેદન આગળ અસ્થિરતાનું વેદન મારે છે નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અમૃતનો કૂવો. ભગવાન અમૃતનો કૂવો છે. ઓલા કૂવાના પાણી તો ખૂટે. આ તો કેવા કહેવાય છે? પાતાળિયા. પાતાળિયા કૂવા થાય છે ને? છે ને. પાતાળિયો કૂવો છે. ઊંડે ઊંડેથી શેર આવતી જાય. ગમે તેટલા (નીકળે), ખૂટે નહિ. અહીં નથી ઓલી બાજુ ક્યાંક બોટાદ પાસે, નહિ? જનડા. જનડાનો કૂવો છે. સોળ કોષ, સોળ કોષ કૂવો એકસાથે .. સોળ. અઢાર હશે. પાણી ખૂટે નહિ. અંદરથી નીકળ્યું છે. સમજાણું? એ કૂવો..

મુમુક્ષુ :- એ બેય ખૂટી જાય, આ ન ખૂટે.

ઉત્તર :- હા, આ ખૂટે નહિ. એ તો ઓલો પ્રવાહ હેઠે છે ને. હેઠે પ્રવાહ ચાલ્યો જાય છે. એ પહેલો ખોદાવેલો. જ્યારે ખોદેલો માણસે ત્યારે એક વેંત રહી ગયેલો પથરો પાણીને આડે. પછી બહુ ખોદીને થાકી ગયા. બધું મૂકી દીધું પછી. એક નીકળી જાન. જ્યાં ઓલો કૂવો છે એ જાણીને એમ સવારમાં આપણે અહીં ખોટી થાવ. નીકળ્યા હશે વહેલા બાર વાગે, એક વાગે. આઘું જાવું હશે. બરાબર ત્યાં (આવ્યા). આપણે પાણી-બાણી ભરશું .. ચાલો. જ્યાં ઓલો પાણીનો કળશો નાખવા જાય બાંધીને પણ નીચે પથરા. કૂવો લાગે ઊંડો. કાંઈ ન મળે. કીધું, આ શું? કૂવો ખાલી કેમ? આમાં પાણી નહિ, મોટો કૂવો. એક જણાએ મોઢા આગળ પથરો પડ્યો હશે ને ઉપર દસ મણનો, વીસ મણ ઉપરનો. વેગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આમ ઘડેથી લઈને માર્યો અંદર. માર્યા ભેગો ઓલો એક વેંતનું દળ હતું એ તૂટ્યું અને પાણી.. પાણી.. ફૂવારો. એ ત્યારનો આ જનડાનો છે, બોટાદ પાસે. અઢાર કોષ એકસાથે જોત્યા છે. ભાઈ! સમજ્યાને? અઢાર કોષ. દરરોજ સવારથી સાંજ અઢાર કોષ પાણી. કોષ સમજો છો? પાણી કાઢવાનું શું કહે છે? ચામડાનું હોય ને. ચામડાનું હોય. હવે તો પતરાના થાય છે. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પતરાનું હવે તો થાય છે મોટા. દસ-દસ મણ, વીસ-વીસ મણ પાણી નીકળે. એકસાથે અઢાર કોષ. પાણી ખૂટે નહિ જનડાનું. .. પાસે છે ને. ..થી જતાં બોટાદ પાસે. એ કૂવો પાતાળિયો કહેવાય છે. અત્યારે છપ્પનિયો ગયો તો પણ ખૂટ્યું નહિ પાણી. છપ્પનીયો પડ્યો હતો ને જ્યારે?

આ તો અમૃતનો પ્યાઉ. સ્વભાવિક અકૃત્રિમ અનાદિઅનંત ચૈતન્યરસનો કૂવો આત્મા છે. એના અમૃતના સ્વાદ આગળ દૃષ્ટિમાં ધર્મીને અમૃતનો સ્વાદ આવ્યો છે. એની આગળ આ અમૃતથી વિરોધ ભાવ-અપચ્ચખાણભાવ થોડો અસ્થિરતાનો (છે), કહે છે કે એ મારો ભાવ નથી, એ મારા સ્વભાવમાં છે નહિ. એનું પરિણમન જ મારું નથી અને એનું વેદન પણ મારું નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**હું પ્રત્યાખ્યાનાવરણીય...**' પ્રત્યાખ્યાન એટલે પચ્ચખાણ. પચ્ચખાણને આવરણ. પૂર્ણ પચ્ચખાણ કરે એમાં નિમિત્તરૂપે આવરણ થનારું એવો જે ક્રોધ, એવો જે કષાય-વિકારીભાવ, એનું વેદવું, એવી પરમાં સાવધાની, એવું જે કર્મનું ફળ એ મારે છે નહિ. સમજાણું કાંઈ?

આ તો સમયસાર છે. ભરતનું સર્વોત્કૃષ્ટ અદ્વિતીય નેત્ર ભગવાન સમયસાર છે! સમજાય છે? સર્વજ્ઞના મુખથી નીકળેલું કુંદકુંદાચાર્યે મહાપર્વત ધારી મોટો જગતને ભેટ આપ્યું છે. ભવિને ભેટ આપ્યું છે. ભવિજનને ભેટ આપ્યું છે. લખે છે ને. કહો, સમજાણું કાંઈ? ઓહોહો..! કેવળજ્ઞાનમાંથી નીકળેલા શાસ્ત્રો-આગમો અને એ આગમમાં પણ આ સારમાં સાર પંચમઆરાને માટે આ સમયસાર તો કેવળી જેવી વાણીની દિવ્યધ્વનિનો અંશ છે. શબ્દનું આવે છે, શબ્દબ્રહ્મનો અવયવ છે. પાંચમી ગાથામાં. શબ્દબ્રહ્મનો અવયવ છે. ભગવાનની જે વાણી ત્રિલોકનાથ પરમાત્માનો ધોધ નીકળતા એના દિવ્યધ્વનિનો આ અંશ છે. શબ્દબ્રહ્મ. એવું સમયસાર જેની એક એક ગાથા, એક એક ન્યાય અલૌકિક! આત્માને સ્પર્શ કરે એવો ન્યાય. એ સમજીને અંદરમાં જાય તો. કહો, સમજાણું કાંઈ? એ.. ડોક્ટર! સાચી દવા આ છે. પછી જન્મ-મરણ ન કરવા પડે. હવે ઓલું શરીર આવે ને રોગ થાય ને પછી તમને ગોતવા પડે ડોક્ટરને. ડોક્ટર હોય ન હોય. ... કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નારણભાઈએ કહ્યું નહોતું એક ફેરી? ભાઈ! બહુ થયું હતું ને જોરાવરમાં. જોરાવરમાં મોટો નહોતો આવ્યો? એક ઓલો ડોક્ટર આવ્યો હતો મોટો, મથુરાદાસ. મથુરાદાસ ડોક્ટર હતા ને આંખના. મથુરાદાસ મોટો ડોક્ટર આંખનો. એ જોરાવરમાં બહુ .. ઓપરેશન આંખનું મફત કર્યું હતું. હજારો ઘણા માણસો આવ્યો. પછી બહુ વખાણ કરે મથુરાદાસના બહુ વખાણ કરે. ઓહોહો..! ગરીબોને અને આને આહાહા..! ન્યાલ કરી નાખ્યા. પછી નારણભાઈએ સાંભળ્યું. આપણા નારણભાઈ હતા ને. પણ ઈ કરતાં એક એવો ડોક્ટર બતાવું કે જે શરીર જ મળે નહિ. એના વખાણ કરને. આના શેના માંડ્યા? આ શેના માંડ્યા? સમજાણું? અમારા નારણભાઈ હતા ને? તમે જોયા હતા? અહીં બેસતા, તપસીને ઠેકાણે. કહો, સમજાણું કાંઈ? હું એવો ડોક્ટર બતાવું કે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કે તને શરીર મળે નહિ, શરીર મળે નહિ એટલે રોગ થાય નહિ, રોગ થાય નહિ તો ડોક્ટર ગોતવો મટે. હવે કેટલા વખાણ કરે મથુરાદાસના કે ઓહોહો..! હવે અત્યારે આંખ મટી અને પાછો મરીશ ત્યારે બીજે થાશે. ત્યાં ફૂટશે આંખ. ક્યાં ગોતવા જાશે? પણ અહીંથી મરીને ઢોર થયો ક્યાંક. અને પેલે ઠેકાણે કાંટા વાગે બિચારાને ક્યાંક. .. જતા, આ બકરા બકરા હોય છે ને. બકરા નહિ? શું કહે છે? ઘેટા. સમજાય છે? એમાં ક્યાંક પડિયા ખાવા જાય બાવળના. આ કાંટા ગરી જાય તો આંખ ફૂટી જાય. હવે ત્યાં ઓપરેશન કોણ કરવા જાતું હતું ઢોરને? અને એમાં સિંહ હોય જંગલમાં સિંહ. એને વાગી જાય. સિંહને વાગી જાય. પગમાં એવા કાંટા વાગે તો એને કાઢવા કોણ જાય ત્યાં? અને પોતે કાઢી શકે નહિ અંદર. મોઢેથી શી રીતે કાઢે? આવડો ખૂંટો ગરી ગયો હોય પગમાં, મરે છૂટકો છે. આહાહા..! સિંહની આંખ્યું ફૂટી જાય. ક્યાંક પથરામાં એવી લાગી જાય ને. ખાતો હોય કો'કને લ્યો હરણને. અને એમાં લાગ્યું શીંગડું. બહુ સ્વાદમાં ગયો અને શીંગડું વાગી જાય તો જાય આંખ. ત્યાં કયાં ગોતવો મથુરાદાસને? એય..! મૂકને હવે પડતું. આ શરીર વિનાની ચીજ એને જોને. કે જેમાં શરીર જ નહિ મળે અને જન્મ-મરણ થાશે નહિ. એવો વૈદ્ય છે ભગવાન સર્વજ્ઞદેવ. સમજાય છે કાંઈ? 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ સુજાણ' આવે છે ને? આવ્યું ને? આવે ત્યારે બોલે ને.

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ સુજાણ,<br>
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.

લ્યો, આ કહ્યું છે અહીં તો. કહો, સમજાણું? આ કહ્યું છે. આત્માનો વિચાર અને ધ્યાન એ તારું ઔષધ છે. વસ્તુ ભગવાન આત્મા છે એનો વિચાર કર. વિચાર એટલે વિકલ્પ નથી હોં અહીં. .. વિકલ્પ હોય. અહીં વિચાર એટલે અંદર જ્ઞાનની દશાથી એકાગ્ર થા. આ આ છે એમ ઓળખીને પછી એકાગ્ર થા. આ છે એમ જાણીને પછી એકાગ્ર થાવું. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્માને ભ્રાંતિનો મિથ્યાત્વનો રોગ મટવાનો ઉપાય છે. બાકી કોઈ ઉપાય બીજો છે નહિ. કહો, સમજાણું કાંઈ?

હું તો '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' એમ કહે છે, લ્યો. ૨૨-૨૨. ૨૩. '**હું સંજ્વલનક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' સંજ્વલન મુનિને છે, છતાં નથી. અહીં તો આખી વાત સમ્યગ્દર્શનથી માંડી છે. સંજ્વલન-સંજ્વલન. ચૈતન્યનો ઉપયોગ જરી બળે થોડો છે. સમજાય છે? લોઢાનો ગોળો હોય ને ઊનો ધગધગતો, તો એના ઉપર લાકડા મૂકો તો બળે. પણ જ્યારે ધગધગતું બંધ થઈ જાય અને ઊંડે ઊંડે થોડી અગ્નિ રહી જાય, બહુ ઊંડી તો એ લાકડું ન બાળે પણ રૂનો પોલ જરી કરીને આમ રૂનો પોલ જરી (મૂકે તો) .. થઈ જાય. એમ સંજ્વલન. ઉપયોગ અંદર સ્થૂળપણે અશુદ્ધતા નથી. સૂક્ષ્મપણે અંદર શાંતિને બાળે છે. યથાખ્યાત સ્થિરતાની શાંતિને બાળવાનું નિમિત્ત હોં. પોતે તો પોતે પરિણમે ત્યારે. એને અહીંયાં સંજ્વલન. સં-જ્વલન-સમ્યક્ પ્રકારે જ્વલન-બળવું. થોડો ક્રોધ એવો કે આત્માની શાંતિને બાળે. ત્રણ કષાયનો અભાવ હોય છતાં યથાખ્યાત ચારિત્ર કેવળજ્ઞાન લેનારી જે સ્થિરતા ન હોય એના નિમિત્તમાં સંજ્વલન-ક્રોધ, એવો જે કષાય, એનું જે વેદન, પરમાં સાવધાનીનું નિમિત્ત એવું જે કર્મ, તેના ફળને હું ભોગવતો નથી. લ્યો, મુનિ પોતાને સંજ્વલન તો હોય છે. આચાર્યને ત્રણ કષાયનો નાશ થયો હોય છે. એક કષાય હોય છે સંજ્વલનનો. ત્યારે વિકલ્પ ઉઠે છે ને. બોલવું, .. આમ કરું.. આમ કરું... શાસ્ત્ર લખવાનો વિકલ્પ સંજ્વલનનો લોભ છે ઈ. સમજાય છે? એ વખતે જરી ક્રોધ પણ (છે). આમ થયો ને અનાદર, એટલો આમ આદર થયો થોડો. એટલો જરી ક્રોધનો અંશ છે. કહે છે, પણ એ ક્રોધના અંશને હું વેદતો નથી. મારા શુદ્ધ ચૈતન્યમાં એ ક્રોધના અંશનું વેદન જ વર્તતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું સંજ્વલનક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, સમજાણું? ઘરમાં સાટા પડ્યા હોય, એ તે સૂકા રોટલા પંદર દિ'ના અને મહિનાના પડ્યા હોય એ ખાતો હશે? રોટલા પડ્યા હોય, રોટલા પડ્યા રહ્યા કો'કના. સાટા તાજા ઘીમાં તળેલા સોંસરીને કરે છે ને? શું કહેવાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ રહ્યા શેઠ. એ શેઠે કર્યા હતા એક ફેરી. નહિ? કાંઈક શું કર્યા હતા ઓલા? ઘેવર કર્યા હતા. એક ફેરી. એમાં ના પાડી. પંચ કલ્યાણકમાં ને? પંચકલ્યાણક વખતે કાંઈક કર્યું હતું નહિ? ધર્મશાળામાં જોવા ગયા હતા બ્રાહ્મણો આવડા મોટા આવડા કર્યા હતા. કહો, કહે છે કે એ આમ ઘીમાં સોંસરવા તળી આમ નીતર્યા હોય. સમજાય છે? કહે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કે એ પણ દુઃખરૂપ વેદન છે. આ તો આત્માના અંદર ખાજા ખાનાના આનંદ પ્રભુ છે ને એના વેદનમાં આ વેદન મને ગણતરીમાં છે નહિ. સૂકા રોટલાને કોણ ખાય? આત્માના આનંદના વેદન આગળ આ વેદન ગણતો નથી. તેનું નામ કર્મના ફળનો ત્યાગ અને સંન્યાસ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૫, ગુરુવાર તા. ૪-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૬**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૩ બોલ થયા ૨૩. શું અધિકાર ચાલે છે? સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. આત્મા એકલો જ્ઞાનનો પિંડ ચૈતન્ય છે એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ છે. શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાનમૂર્તિ આત્મા આનંદનો કંદ છે એવી અંતર્મુખ સ્વભાવમાં અંતર્મુખ એટલે વસ્તુની સન્મુખ દૃષ્ટિ થઈ છે. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિમાં નિમિત્ત, વિકાર અને એક સમયની પર્યાયનું લક્ષ છૂટી અને પૂર્ણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ છે. એવો જે ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ એને પુણ્ય-પાપના ભાવ કરવા, કરાવવા કે અનુમોદવા કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ પરિણામ હોતા નથી. કેમ કે શુદ્ધ સ્વરૂપના ધ્રુવના આનંદને પડખે ઊભો એને દુઃખરૂપ એવા પરિણામ કરવાના ભાવ હોતા નથી. એ ઉપરાંત કર્મ બાંધેલા એના ફળને ભોગવવાનું એને રહેતું નથી. એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આનંદની ખાણ છે. અતીન્દ્રિય આનંદનો સ્રોત છે. એવો ભગવાન આત્મા અંતરમાં દ્રવ્ય ઉપર વસ્તુદૃષ્ટિ આપતા જે સમ્યગ્દર્શન થાય તેમાં તો આત્માનું શાંતિનું પરિણમવું અને શાંતિનું વેદન એ જ મુખ્ય હોય છે. સમજાય છે કાંઈ? અશાંતિના પરિણામ જે પુણ્ય-પાપના કરવા કે હરખ-શોકને ભોગવવો એ જ્ઞાનીને દૃષ્ટિના વિષયમાં અને દૃષ્ટિમાં હોતું નથી. ઝીણું બહુ પણ ભાઈ! વસ્તુ આખી ભગવાન આત્મા પોતે પૂર્ણાનંદની જ્યાં દૃષ્ટિ થઈ છે, કહે છે કે હું કર્મના નિમિત્તના ફળમાં જે કંઈ પરિણમન હોય એ પરિણમન મારું નહિ અને એનો હું ભોક્તા નહિ. સમજાય છે કાંઈ?

બીજો ૨૪મો બોલ અહીંયાં આવ્યો. જુઓ! '**હું અનંતાનુબંધિમાનકષાય-વેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' કેમ કે વસ્તુ છે એ અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો જ્યાં આનંદ આવ્યો છે એવો જે ધર્મી જીવ એને અનંત સંસારના કારણનું માન હોતું જ નથી. સમજાય છે કાંઈ? અનંત એટલે મિથ્યાત્વ અને એને સંબંધ કરનારું માન. એટલે રાગનું અભિમાન સંયોગનો અહંકાર કે એક સમયની પર્યાય પૂરતો હું એવું માન મિથ્યાત્વ સહિત જ્ઞાનીને હોતું નથી. સમજાણું કાંઈ? તેથી કહે છે કે એના ફળને હું ભોગવતો નથી. અનંત અનુબંધી માન એવો જે કષાય, એનું જે વેદવું એવું જે પર તરફનું સાવધાનપણું કર્મના નિમિત્તથી થાય નિમિત્ત તરફના એવા ફળને હું ભોગવતો નથી. બહુ ઝીણું. ક્યાં આ તે કયા ગુણસ્થાનની વાત છે? ગુણસ્થાન જ આત્મામાં નથી અહીં તો એમ કહે છે, લ્યો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણસ્થાન તો પર્યાયભેદ છે. એ તો પહેલેથી નકાર કર્યો. છઠ્ઠી ગાથાથી શરૂ કર્યું છે. પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય હું નથી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' એકલો જ્ઞાયક ધ્રુવ સ્વભાવ નિત્યાનંદ દ્રવ્ય એવો જે સ્વભાવ તે જ હું છું. એમાં પર્યાય પણ આવી નહિ. રાગાદિ ક્યાં આવે છે? એવો જે ભગવાન આત્મા દૃષ્ટિમાં લેવા જેવો છે અને દૃષ્ટિમાં લીધો એથી એને અનંત સંસારના કારણનું માન હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? આ તો હોતું જ નથી.

પહેલો બોલ જે છે અનંતાનુબંધી માનકષાય એ તો હોતું જ નથી. એનું ફળ, પ્રકૃતિનું ફળ પર્યાયમાં પરિણમે એમ જ નથી ત્યાં તો. સમજાણું કાંઈ? શું કીધું? પર્યાયમાં જરી પરિણમે એનો હું કર્તા નહિ, એનો ભોક્તા નહિ, એ આ માટે તો નહિ. એને બહુમાન શુદ્ધ ચૈતન્યના આનંદનું જ્ઞાયકનું આવ્યું છે. એને બહુમાન પર્યાયનું અને રાગનું પણ બહુમાન નથી. સમજાય છે કાંઈ? એથી એને અનંતાનુબંધીનું માન, એનું જે પરિણમન એને હોતું જ નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? બીજો બોલ હોય છે ચોથે.

'**હું અપ્રત્યાખ્યાનાવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! હજી ચોથા ગુણસ્થાનમાં આત્મદૃષ્ટિ દ્રવ્ય વસ્તુદૃષ્ટિ થઈ, અનુભવ થયો છતાં પર્યાયમાં બીજા કષાયનું જે માન, એનું પરિણમન-અવસ્થા છે. પણ એ પરિણમનાર હું નહિ અને એનો અનુભવ એ મારો નહિ. સમજાણું કાંઈ? '**હું અપ્રત્યાખ્યાનાવરણીયમાનકષાય...**' જે આત્માની શાંતિના દૃષ્ટિપૂર્વક શાંતિની સ્થિરતાને જે નિમિત્તરૂપે રોકનાર એવું જે પરિણમન એ મારું નથી. સમજાય છે કાંઈ? અને તેનો ભોગવટો ભોગ્ય એ મારે માટે નથી. હું તો ભગવાન આત્મા સત્ શાશ્વત, સત્ શાશ્વત આનંદસ્વરૂપ છું. તેને અનુભવનાર આ પર્યાયને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? હું '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' એમ દરેકમાં લઈ લેવું. આ ભોગવતો નથી એ તો નાસ્તિથી લીધું. અસ્તિથી હું તો ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદ ધ્રુવ એવું મારું સ્વરૂપ, એના સન્મુખતાને એને વેદું છું. એવા સ્વભાવના સન્મુખતાને વેદું છું. પરસન્મુખતાની પરિણતિ મારી છે નહિ, એને ભોગવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ત્રીજું. '**હું પ્રત્યાખ્યાનાવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! ચોથે-પાંચમે આ ભાવ હોય છે. ચોથે હોય છે અને પાંચમે પણ આ ભાવ હોય છે. છતાં, હોવા છતાં દ્રવ્ય ઉપર જોર હોવાથી તેની દૃષ્ટિમાં તો દ્રવ્ય આખું અખંડ પરિપૂર્ણ જ છે. સમજાય છે કાંઈ? પર્યાયે આખા દ્રવ્યને, આખા દ્રવ્યને કબુલ્યો છે. સમ્યગ્દર્શનની પર્યાયે કે સમ્યગ્જ્ઞાનની પર્યાયે આખા દ્રવ્યને તાબે લીધો છે. કબજે કર્યો છે. કબજો લીધો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કે આ મારો કબજો છે. અહીં માણસમાં નથી કાંઈ કરતા? કે આ કબજો સોંપો. શું કાંઈક કહે છે ને? નોકરી ફરે ત્યારે. આ કબજો એણે સંભાળ્યો. કહે છે ને એવું કાંઈક?

મુમુક્ષુ :- ચાર્જ.

ઉત્તર :- ચાર્જ સંભાળ્યો. ચાર્જ એટલે શું હશે? એઈ..! કબજો વળી અમારે પંડિતજી એમ કહે છે. કબજો એમ કે ભાઈ આ સોંપું. ઓલો ડોક્ટર જાય અને નવો ડોક્ટર આવે તો ચાર્જ સંભાળ્યો. એમ કરે છે કે નહિ? એમ અહીંયાં પર્યાયે આખો આત્માનો ચાર્જ સંભાળ્યો છે. સમજાણું કાંઈ? એઈ..! દેવાનુપ્રિયા! પર્યાયમાં જે રાગનો કબજો હતો એનો ચાર્જ રાગ છે, હું નહિ. એ પર્યાયે દ્રવ્યનો કબજો લીધો. ચાર્જ સંભાળ્યો. આખો પરમાત્મા તે હું છું. એવી દૃષ્ટિએ એણે ચાર્જ લીધો. પરદ્રવ્યથી ભિન્ન, ભાઈ આવે છે ને? છ ઢાળામાં. 'પરદ્રવ્યસે ભિન્न આત્મરુચિ ભલા હૈ.' એમાં એ નાખ્યું છે. નાખ્યું છે તો એ પણ એનો અર્થ બહુ ટૂંકો કરી નાખે છે અને એમ કે જ્યાં હોય ત્યાં સ્વરૂપાચરણ હોય ઉપર. છ ઢાળામાંથી એમ કાઢે છે. ભગવાન! એ તો ઉત્કૃષ્ટ વાત લીધી છે. સમજાય છે કાંઈ? એથી કરીને, છ ઢાળામાં કીધું માટે ચોથે કે પાંચમે ન હોય (એમ નથી). અહીં તો શું કહે છે જુઓને. હું તો એનું આચરણ કરનારો નથી. ચોથે, પાંચમે અને છઠ્ઠે ક્યાંય પ્રત્યાખ્યાનાવરણીય, છઠ્ઠે તો પ્રત્યાખ્યાનાવરણીયમાં નિમિત્તપણે પરિણમન તો છે નહિ, પણ ચોથે-પાંચમે એ પ્રકૃતિના માનનો નિમિત્તપણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલું પરિણમન છે. છતાં એ પરિણમન મારું નહિ અને એનો હું ભોક્તા નહિ. એના વિનાની અહીં સ્થિરતા થઈ કે નહિ? સમજાણું કાંઈ? માર્ગ એવો છે કે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ન્યાયથી સમજવું જોઈએ ને આ. છ ઢાળામાં સ્વરૂપાચરણ ત્યાં કહ્યું, ફલાણું કહ્યું. આ શું કહે છે? શું કહે છે આ? સ્વરૂપાચરણ. સ્વરૂપનું અસ્વરૂપાચરણ હતું એ તો મિથ્યાત્વ હતું. લ્યો! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપનું આચરણ કરતો નહોતો ત્યારે મિથ્યાત્વ અને રાગદ્વેષનું આચરણ કરતો. હવે એ તો વાત સીધી છે કે નહિ? હવે જ્યારે મિથ્યાત્વ અને રાગદ્વેષની એકત્વબુદ્ધિ જે ગઈ ત્યારે સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ થઈ ત્યારે જે આચરણ અહીં રોકાણું એ આચરણ અહીં થયું. કહો, સમજાણું કાંઈ? અરે..! પણ એને વખત મળ્યો છે ને આ કરવું નથી બાપુ! તારે શું કરવું છે? કહો, સમજાણું કાંઈ? આવી ચીજ મોજૂદ પડી છે ચિદાનંદ પરમાત્મા સાક્ષાત્ ભંડાર. ખોલ કુંચી ખોલ. સમજાય છે કાંઈ? એ રાગના અને વિકલ્પના અને એક સમયની પર્યાયના માહાત્મ્યમાં તું ફસાઈ ગયો છો. હવે અહીં તો હજી પરનું કર્તૃત્વને કરે. અરે..! ભગવાન! શું કરે છો તું? આ વસ્તુમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી ભાઈ! એ વસ્તુ જ્ઞાનમૂર્તિ છે ને એ તો ચૈતન્યનો એકલો પિંડ ને પુંજ ને દળ છે. એ તો ઓલામાં નથી આવતું?

દ્રવ્ય એટલે ગુણનો.. શું કીધું? ગુણનો સમૂહ. આ પ્રશ્ન શું કહેવાય એ? સિદ્ધાંત પ્રવેશિકા. સિદ્ધાંત પ્રવેશિકા. સિદ્ધાંતમાં પ્રવેશ કરવાની રીત. એમાં આવે છે છોકરાઓને સમજાવવામાં. આવે છે કે નહિ? એય..! શૈલેષ! શીખ્યો છો? એવું આવે છે. એય.. પવન! નથી આવતું ઓલામાં? શાસ્ત્રમાં છે. જયસેનાચાર્યની ટીકામાં છે, બધું એમાંથી કાઢ્યું છે. ટીકામાં છે જયસેનાચાર્યમાં. સર્વ ગુણોનો પિંડ સમૂહ. સર્વ ગુણોનો સમૂહ. તો એક એક ગુણ અનંત અનંત શક્તિવાળા એવા ગુણોનો સમૂહ તે દ્રવ્ય. તો એ સમૂહમાં એકાકાર થયો, આચરણ થયું કે નહિ? શ્રદ્ધાનું આચરણ, સમ્યગ્દર્શનનું આચરણ છે કે નહિ? સમજાય છે? પાંચ આચારમાં અંશે આચરણ ચોથેથી શરૂ થયું. સમ્યગ્દર્શનનું આચરણ, સમ્યગ્જ્ઞાનનું આચરણ, ચારિત્રનું આચરણ એટલો અંશ અને ઈચ્છા રહિતનું પણ આચરણ અને.. સમજ્યાને? વીર્યની પણ સ્થિરતા છે એટલું આચરણ થયું છે. આહાહા..! ભગવાન! પોતાને માહાત્મ્યે આવ્યો નહિ અને બીજાના માહાત્મ્યે ચડી અને આત્માને લાભ માનવો છે. જીવે અનંત કાળથી એમ કર્યું છે ને. શું કર્યું છે બીજું? લાભના કાળે એણે અલાભ કર્યા છે. કહે છે કે ભગવાન! તું તારી પેઢીમાં જાને, જોને. તારી પેઢી ધીકતી ચાલે છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપના રાગની પેઢીએ જતાં ભગવાન તું તો લુંટાઈ જા છો. આહાહા..! લુંટાય છે અને હોંશ માને છે. એનું શું કરવું?

મુમુક્ષુ :- એનાથી આગળ વધાય છે.

ઉત્તર :- શેનાથી વધાય? લુંટાય છે.

અહીં તો કહે છે, શુભાશુભ પરિણમન તો હું નથી. આ માનમાં પણ આવે ને એ જાતનું શુભ-અશુભ માન. એ હું નથી. સમજાય છે ને? જેટલો કષાયનો રાગ છે તેટલું પરિણમન છે. ત્યાં શુભભાવમાં પણ એ જાતનો ભાવનો છે ભાવ. એ હું નથી. સમજાણું કાંઈ? જ્યાં હું છું ત્યાં એ નથી અને જ્યાં તે છે ત્યાં હું નથી. નાસ્તિથી વાત કરે છે. પ્રત્યાખ્યાનાવરણીય કે જે પચ્ચખાણ એટલે સ્વરૂપની શાંતિ વિશેષ થાય એમાં નિમિત્તરૂપે અટકાવનાર જે છે એના નિમિત્તમાં પરિણમન થવું થાય એ પણ સમ્યગ્દૃષ્ટિ કહે છે અને વેદનમાં એ આવતું નથી માટે એને વેદતો નથી. મુખ્ય વેદનમાં આ આવતા ગૌણ વેદન જે વેદન છે ગૌણ, ગૌણને વેદનને વ્યવહાર કરી, અભૂતાર્થ કરી અને કાઢી નાખ્યો છે. કહો, વજુભાઈ! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યના શુદ્ધ આનંદ, શુદ્ધ આનંદ એનો છે. એ આનંદની દૃષ્ટિમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જરી પરિણમન કહે છે કે અહીંયાં થાય છે ને? પ્રત્યાખ્યાન એટલે સ્થિરતાની દશા જ્યાં નથી ત્યાં એટલું અસ્થિરતાનું પરિણમન છે. પણ એ અસ્થિરતાના પરિણમનને ગૌણ કરી, વ્યવહાર કરી, અભૂતાર્થ કરી અને મારામાં એ નથી એમ અહીંયાં કહ્યું છે. સમજાણું કાંઈ? એ તો છઠ્ઠી ગાથાની શૈલીએ બધી શૈલી ચાલે છે આખી. આખા વસ્તુના તત્ત્વની મૂળ ગાંઠ ત્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથા. છઠ્ઠીના લેખ ફર્યા ફરે નહિ. લોકો કહે છે નહિ બહારમાં? કુંદકુંદાચાર્યના મુખમાં પણ છઠ્ઠી ગાથા આવી. જુઓ! એના ક્રમમાં એ આવી ગઈ. કુદરતે આવી છે ને ત્યાં કરે છે કોણ? **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** હું જ્ઞાયક છું એ કાંઈ જડ થયો છું? એમ હું વિકલ્પરૂપે થયો છું? એમ કહે છે. વિકલ્પરૂપે થયો નથી તો અવિકલ્પની પર્યાય પણ મારામાં છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનો જ વિસ્તાર છે.

ઉત્તર :- એનો જ વિસ્તાર છે આખો સમયસાર. મૂળ વસ્તુ પણ એવી છે ત્યાં, એમાં વસ્તુ જ એવી છે ત્યાં. એ કોઈએ કરી છે ક્યાં ને કોઈએ બનાવી છે ક્યાં? અને બનવી છે ક્યાં? વસ્તુ જે એવી છે વસ્તુ. સમજાણું? લોકો કહેતા હતા હમણાં બે જણા કે તમારો ધર્મ ક્યો? મેં કીધું, અમારો ધર્મ અહીં આત્મધર્મ છે. આત્મા છે એનો આ ધર્મ છે અહીં. છોકરાઓ જુવાન કહે, થોડામાં કહો ને. થોડામાં એ જ છે, ભાઈ! જુવાનિયા બે આવ્યા હતા પરમ દિ' સાંજે. થોડામાં.. વખત અમારે નથી.

આ આત્મા છે વસ્તુ, આ એનો ધર્મ છે તે આત્મધર્મ. એ તો વસ્તુ છે. આ ક્યાં ભગવાને (કરી છે). આ તો ભગવાને કીધી છે માટે છે? છે એમ જાણી છે, જાણી છે એમ આવી છે અને આવી છે એમ છે. એ કોઈ સંપ્રદાય નથી આ. સમજ્યાને? આ અમારા સંપ્રદાયની આમ વાત ને તમારા સંપ્રદાયની આમ વાત, એમ છે આ? આ તો વસ્તુ જ એવી છે ત્યાં. ભગવાન આત્મા 'ઢિંગ ધણી માથે કિયો, કુણ ગંજે નર ખેટ.' સમજાય છે? આવે છે ને આનંદઘનજીમાં? આનંદઘનજીમાં આવે છે. એ ઢીંગ આ આત્મા, હોં! .. ભગવાનના નામે નહિ.

મુમુક્ષુ :- ત્યાં તો ગુરુ કહ્યું.

ઉત્તર :- પણ એનો અર્થ આ છે મૂળ. કેવળીની સ્તુતિ કરવી એનો અર્થ કે આત્માની સ્તુતિ એમ લેવું. બધે ઠેકાણે એમ લેવું. સમજાણું કાંઈ? આપણે આમ લેવું. બીજાનો ગમે એનો અભિપ્રાય હોય. આવે છે ને? 'વિમલજિન દીઠા લોયણે આજ, મારા સિઝ્યા સર્વે કાજ વિમલજિન. ઢીંગ ધણી માથે કીયો કુણ ગંજે નરખેટ.' ભગવાન આત્મા ચિદાનંદ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધ્રુવ ભગવાન જેની ખાણમાં ખૂટે નહિ એટલો આનંદ અને ખૂટે નહિ એટલા સિદ્ધપદ પડ્યા છે. ખૂટે નહિ એટલા સિદ્ધપદ પડ્યા છે આત્મામાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક નહિ એવા અનંતા. એક નહિ. શું સમજ્યા? સિદ્ધપદ છે એ એક સમયની પર્યાય છે. અનંતા સિદ્ધપદ છે. કહો, ખેતશીભાઈ! બધું આ નક્કી કરવું પડશે. સમજાણું? ખેતશીભાઈ એમ કહેતા હતા, ભગવાનજીભાઈને નાખવા છે જામનગરમાં. થોડોક ફેરફાર છે. તમને મોઢા આગળ નાખીને ફેરફાર કરવો સરખો. અહીં સરખું કરવું પડશે પહેલું. એમ કહેતા હતા. કહો, સમજાણું આમાં?

આ ભગવાન આત્મા ઓહોહો..! કહે છે કે જેને પડખે ચડ્યો... સમજાય છે? ન્યાલ થવાનો રસ્તો છે. એવો ભગવાન આત્મા જ્યાં પડખે ચડીને પ્રભુ પરમાત્મા ભેટ્યા દૃષ્ટિમાં, કહે છે કે જરી નબળાઈને લઈને માનનું પરિણમન જો થઈ જાય, કષાય આદિનું હો, પણ એ પરિણમન ગૌણ છે અમારે. બધે શૈલી એક જ લીધી હતી. એ ગૌણ છે. આખું દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એટલે એનું જ વેદન જે નીકળે તે મારું છે. આ ગૌણ છે અને ગૌણ છે માટે વ્યવહાર છે અને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અભાવ કરીને એમ નહિ. એ પરિણમન છે અસ્તિરૂપે પણ મુખ્ય પ્રયોજન સિદ્ધ કરવાને પૂર્ણ આશ્રય, પૂરાનો આશ્રય લેવાથી લાભ છે અને ત્યાંથી પ્રયોજનની સિદ્ધિ થાય છે.

તેથી કહ્યું '**भूदत्थमस्सिदो खलु**'. એક જ શબ્દ ભૂતાર્થ... ભૂતાર્થ... ભૂતાર્થ. એક સમયનો છતો ભગવાન ત્રિકાળ વસ્તુ એ જ્યાં આશ્રય કર્યો અને દૃષ્ટિ કરી, કહે છે, પરિણમનમાં જરી મલિનતા માનની આવે એનો ભોક્તા નથી અને હું એનો કર્તા નથી. કહો, સમજાય છે કાંઈ? એ ક્ષણિકપણું ત્રિકાળને આશ્રયે ટકતું નથી લાંબું. અને ત્રિકાળને આશ્રયે થતી દશા લંબાય છે સ્થિરતા. એમ કહે છે. આ ક્ષણિક આવીને છૂટી જાય છે. એને કોઈ આધાર નથી. આના આધારથી મળી એ દશા રહેવાની છે આમ. સમજાણું કાંઈ? જુઓ! .. પહેલા ના પાડી કે કર્મ નથી, નોકર્મ નથી એમ કહ્યું. ૧૯માં. નહિ? કર્મ, નોકર્મ. એમ કરતાં આઠ કર્મ નહિ, પછી એમ કરતા કરતા પ્રકૃતિ નહિ. અહીં કાઢી નાખી વિસ્તાર કરતા કરતા. સમજાય છે કાંઈ? સમયસારભૂત કેવળજ્ઞાનનો કંદ બતાવ્યો છે. ઓહોહો..! ભગવાન આત્મા મોજૂદ છે ને ભાઈ, કહે છે.

જે વસ્તુની મોજૂદગી છે, મહાન મોજૂદગી છે, મહાન જેની હયાતી છે. એવી જ્યાં અંતર દૃષ્ટિમાં અનુભવ થયો, કહે છે કે હવે ક્ષણિક રહેનારી પરિણતિ કોઈ છે, અલ્પ કાળ રહેનારી છે એનું કરવું કે ભોગવવું મારે છે નહિ. હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માને અનુભવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું. કહો, સમજાણું? ધ્રુવ ચૈતન્ય ભગવાનને અનુભવવું એનો અર્થ કે અનુભવવું એ તો પર્યાયમાં છે, પણ એ આત્માને અનુભવવો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ૨૬ થઈ.

૨૭. '**હું સંજ્વલનમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' મુનિને આ હોય છે. મુનિને સંજ્વલનનો પર્યાય જરી પરિણમન હોય છે, અને ચોથે-પાંચમે તો હોય જ છે, સમજાય છે? પણ છઠ્ઠે પણ જરી મુનિ પોતે છે આ મુનિ. આચાર્ય છે, દિગંબર મુનિ છે, સંત છે, આનંદમાં ઝુલતા આવો વિકલ્પ છે પણ એ વિકલ્પનું વેદન મને નથી. એ વિકલ્પ સંજ્વલનનો છે, ભાઈ! સંજ્વલનનો બહારનો ભાવ જરી આવે છે. સમજ્યાને? આમ હોય, આ આમ ન હોય. સ્થાપે સત્યને, અસત્યને ઉથાપે. એવો જરી માનનો વિકલ્પ (હોય છે). પણ એ વિકલ્પનું પરિણમન કર્તૃત્વ પણ હું નથી અને તેનો હું ભોક્તા નથી. મારું પરિણમન તો શુદ્ધ દ્રવ્યને આશ્રયે જે શુદ્ધ થયું તે મારું પરિણમન. એને આશ્રયે જે ભોક્તાભાવ થયો નિર્મળ તે ભોગ્ય. મારું ભોગ્ય મલિન એ મારું ભોગ્ય નથી. કહો, સમજાણું કાંઈ? '**હું સંજ્વલનમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' લ્યો! એ ચાર બોલ થયા માનના.

હવે માયાના. '**હું અનંતાનુબંધિમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' અનંતના મિથ્યાત્વની સાથે કપટ-માયા. એ વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ છોડી આડ મારીને અર્થ ઊંધા કરવા અને ઊંધી દૃષ્ટિ બેસાડવી એવું જે અનંત સંસારનું કારણ એવો કપટ માયા આડ આડ આડોડાઈ... સમજાણું કાંઈ? એવી મારે છે નહિ હવે. એનું વેદન તો સમકિતીને (હોતું નથી). એને એનું તો પરિણમન પણ નથી. સમજાણું કાંઈ? પરિણમન પણ નથી અને પરિણમનમાં વેદન જે કરું ગૌણપણે એ આ તો નથી. અનંતાનુબંધી માયા એ કષાય છે એનું વેદન નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને વેદું છું. કહો, સમજાણું કાંઈ?

'**હું અપ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એ ચોથે ગુણસ્થાને હોય છે. ચોથા ગુણસ્થાનમાં આ હોય છે. અનંતાનુબંધી માયા તો ચોથે હોઈ શકતું નથી. ચોથામાં આ હોય છે. છતાં કહે છે પાંચમે હોતું નથી. અને છઠ્ઠે તો એ હોય જ નહિ. છઠ્ઠે ગુણસ્થાને. ગુણસ્થાનના ભેદ પાડતા. પર્યાયથી ભેદ પડે છે ને. વસ્તુ આત્મા એવી ચીજને હું અનુભવતા અપ્રત્યાખ્યાનાવરણીય જે કપટ-માયાનો અંશ એવા વેદનીયને ભોગવતો નથી. હું તો ચૈતન્યસ્વરૂપને ભોગવું છું. ઓહોહો..! લડાઈમાં ઊભો સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં. કહે છે કે મારા સ્વરૂપમાં એ ભાવ લડાઈની ક્રિયાનો અને રાગનો છે જ નહિ. સમજાણું કાંઈ? રાજમાં તો જરી માયા પણ હોય થોડી. એની હદવાળી. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ? માણસ કહે કે ભાઈ, રાજકામ છે. સમકિતી મોટા રાજા હોય, ચક્રવર્તી હોય. સાધારણ રાજા હોય, હજારો રાજા ચામર ઢાળતા હોય એવો રાજા હોય સમકિતી. રાજકુમાર હોય ૨૫ વર્ષનો જુવાન. અરે..! મારા સ્વભાવ આગળ એ ચીજ શું? મારા સ્વભાવની શુદ્ધતા આગળ આનો મેળ ખાતો નથી. એવી માયાને હું વેદતો નથી. હું પરિણમતો જ નથી ને. લ્યો! બે કાઢ્યું. હું એ રૂપે પરિણમ્યો જ નથી, હું એ રૂપે પરિણમું જ નહિ. મારામાં વિકારપણે માયાપણે પરિણમું એવું મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે, ભાઈ! એય..! એમ કહે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, દેવ-ગુરુની ભક્તિ કરો. કલ્યાણ થઈ જશે. અહીં તો ના પાડે છે જુઓ! એઈ..! આવે છે એવો રાગ. જુઓને! અહીં કહે છે. એ રાગનું પરિણમન છે. પણ એ પરિણમનનો એ કર્તા નથી અને એનો એ ભોક્તા નથી. આ એમ કહે છે અહીંયાં. આહાહા..!

મુમુક્ષુ :- માયા કરે અને પછી ...

ઉત્તર :- એ પણ આવે કઈ માયા? કઈ જાતની? માયાની મર્યાદા હોય છે. માયાની મર્યાદા હોય છે. તીવ્ર માયા હોય ત્યાં તો મિથ્યાદષ્ટિ છે. આ તો અલ્પ માયાનો ભાગ એની ભૂમિકા પ્રમાણે જરી આવે, હોય છે. છતાં સમ્યગ્દર્શન છે.. સમજ્યાને? પહેલા નાખ્યું ને અહીંયાં? અનંતાનુબંધી છે ને માયા? એટલે એ સમકિતદષ્ટિને તો હોતું નથી. આ અનંતાનુબંધી માયા તો હોતી નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વરૂપી સંસાર અનંત તેને મિથ્યાત્વ એ અનંત છે તેને અનુસંધાન કરનાર કપટ તો એને હોતું નથી. કારણ કે અનંતની સામે ભગવાન અનંત ગુણનો પિંડ એવી સમ્યગ્દર્શનમાં પણ અનંતતા આવી ગઈ છે. અનંતા ગુણને, અનંતા પર્યાયને પ્રતીત કરનારી જે અવસ્થા બધાને પ્રતીત કરે છે દ્રવ્યના લક્ષમાંથી. સમજાય છે? એવા ભરોસે માયા-અનંતાનુબંધીની માયા તો એને હોતી નથી. પરિણમન જ નથી. બીજાપણામાં હોય છે.

'**હું અપ્રત્યાખ્યાનાવરણીયમાયા...**' કષાય વેદનીયનું પરિણમન હોવા છતાં ચોથા ગુણસ્થાનમાં એ બીજા કષાયના નિમિત્તમાં જોડાણથી પરિણમન હોવા છતાં તે ક્ષણિક છે, ત્રિકાળી દ્રવ્યદષ્ટિના આનંદ આગળ એને ગણતો નથી. એ પરિણમનને ગણતો નથી અને ભોગવટો મારો નહિ. એમ હેયબુદ્ધિએ વર્તે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભૂમિકા પ્રમાણમાં ચારેય હોય છે ને? ચોથે ગુણસ્થાને બીજા કષાયના ચાર ભાગ હોય છે. પણ એ મર્યાદિત હોય છે. અમર્યાદિત જે છે માયા એ તો ટળી ગઈ છે. અમર્યાદિત કહો કે અનંત સંસારનું કારણ કહો. સમજાય છે કાંઈ? એવી વાત છે. જરી ઝીણી વાતું છે. ક્ષણિક આવી જાય ભાવ એવો પણ એ ક્ષણિક આગળ ત્રિકાળના આનંદના સ્વાદ આગળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ સ્વાદ જ મેલો છે, દુઃખદાયક છે માટે એનો આદર નથી. એનું વેદન ગણતો નથી. સમજાણું કાંઈ?

'**હું અપ્રત્યાખ્યાનાવરણીયમાયા...**' એ તો ચોથા ગુણસ્થાનમાં હોય છે આવી જરી. સમજાય છે? પાંચમે ન હોય એનું વેદન. આ બીજા કષાયની માયા. ચોથા ગુણસ્થાનમાં હોય જરી. છતાં સ્વભાવની પરિણતિના (વેદનથી), માયાની અંશ પરિણતિ આગળ અધિકપણે વસ્તુની દૃષ્ટિથી જે શાંતિ ને આનંદના વેદનમાં (છે તે) એને ગણતો નથી. અધિકપણે અહીં અનંતુ આવ્યું છે એની આગળ એને અલ્પતા ગણતો નથી. સમ્યગ્દર્શન પોતે અનંત છે. અનંતનો આનંદનો અંશ અનંતમાં અનંતગુણો જે આનંદ છે એનો અંશ લઈને આવ્યું છે એ. એક આનંદનો અંશ નહિ પણ જ્ઞાનનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, દર્શનનો આનંદ, અસ્તિત્વનો આનંદ એ રીતે અનંત ગુણનો આનંદ એવું લઈને આવ્યું છે એ. આહાહા..! આ લોકો નથી કહેતા કે મારે દસ દીકરા છે. આ દીકરાનું સુખ... આ દીકરાનું સુખ... આ દીકરાનું સુખ... વાતું કરે કરે ત્યારે. બધા છોકરાનું સુખ છે. એય..! જાધવજીભાઈ! એમ કહે ને? રળાઉ સરખા હોય એમ માન્યા હોય. માન્યા હોય. બધું છોકરા છે, દીકરીયું જમાઈનું અમારે તો સુખ છે. એમ અહીં અનંતા ગુણનું સુખ છે. ભગવાનજીભાઈ! લ્યો, સારા છોકરા થાય તો રાખે ને.

મુમુક્ષુ :- .. છોકરા અનંતા થાય નહિ.

ઉત્તર :- છોકરા અનંતા થાય નહિ, એ તો સંખ્યા. પણ અહીં તો અનંતા છે પ્રજા. ભગવાન અનંત ગુણવાળો એની પ્રજા અનંતી સુખવાળી થાય એમ કહે છે. પ્રજા કહો કે પર્યાય કહો.

અનંતા આનંદનો, અનંત આનંદ, અનંત ગુણનો અનંતના અનંત અનંતાઅનંત એને શું કહેવું? એવા ગુણનો અને સ્વભાવ છે... સ્વભાવ છે... સ્વભાવ છે એના સત્ત્વની સંખ્યાની અનંતતા અનંતમાં શું? એ પણ કહે છે બેહદ. એ વસ્તુનું સ્વરૂપ જ છે. એવા જ્યાં પ્રતીતમાં અનુભવમાં અનંતા ગુણો આવ્યા, એ દરેક ગુણનો સ્વાદ લેતી એ પર્યાય પ્રગટી. સમજાય છે કાંઈ? એમાં જરી ઓલી માયા આવે બીજા નંબરની એને વેદતો નથી. સમજાણું કાંઈ? લાડવો ખાતો હોય અને કાંકરી જરી આવે તો કાંકરી કાઢી નાખે છે. ખાય? કાઢી નાખે છે કે નહિ? કઠણ કાંકરો આવી ગયો રોટલીમાં. ઘઉંનો કણ રહી ગયો ક્યાંક સરખો લોટ કરતાં કરતાં એમાં રહી ગયો ઝીણો કણ ઘઉંનો રહી જાય છે ક્યાંક. લોટમાં ક્યાંક રહી ગયો હોય. આમ અંદર રોટલીમાં આવે તો કાઢી નાખે. ઘઉંના કણનો કટકો રહી ગયો હોય તો કાઢી નાખે. એમ આત્મા ભગવાન છે એની દૃષ્ટિના અનુભવમાં એ કણ જરી કઠણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈને જે પરિણમન થયું (એને) કાઢી નાખે છે. સમજાણું કાંઈ? આહાહા..!

પછી? '**હું પ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાય...**' સમજાય છે? છઠ્ઠા સુધી હોય છે ઈ. પ્રત્યાખ્યાનાવરણીય માયા છઠ્ઠા સુધી હોય છે. ચોથે, પાંચમે તો હોય જ. આ પાંચમા સુધી હોય છે. પ્રત્યાખ્યાનાવરણીય ચોથે, પાંચમે સુધી હોય છે. છઠ્ઠાને હોતું નથી. '**પ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' છઠ્ઠામાં તે હોતું જ નથી. સમજાણું? અપ્રત્યાખ્યાનાવરણીય છે એ હજી ચોથા સુધી હોય છે અને આ પ્રત્યાખ્યાનાવરણીય પાંચમે (છે) અને આ પ્રત્યાખ્યાનાવરણીય છઠ્ઠે નથી. સમજાણું? છઠ્ઠે છે જ નહિ. છે નહિ એને તો ભોગવતો નથી, પણ ચોથે-પાંચમે છે એને પણ ભોગવતો નથી. એમ કહે છે. આ હોય છે.

'**પ્રત્યાખ્યાનાવરણીય...**' સમજાય છે? '**સંજ્વલનમાયાકષાય...**' એ છઠ્ઠે હોય છે. ચોથે પણ હોય છે, પાંચમે પણ હોય છે અને છઠ્ઠે પણ હોય છે. ભૂમિકા પ્રમાણમાં પરિણતિ અશુદ્ધ અને એવું વેદન હોય છે પણ એ કર્તા ને ભોક્તાની ચેતનાને ગણતો નથી. એ કર્મચેતના અને કર્મફળચેતનાને ગણતો નથી એમ કહે છે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એના જ્ઞાનચેતનાના અધિકપણાના ભાવ આગળ એ સંજ્વલનનો જરી માયા હોય એનું પરિણમન અને એનું વેદન એ કર્મચેતના અને કર્મફળચેતના છે. એને ગણતો નથી. મારામાં છે નહિ હું તો જ્ઞાનચેતના છું. કહો, ચંદુભાઈ! ભારે ધર્મ ભાઈ! જૈનધર્મ એટલે? જૈનધર્મ એટલે આત્મધર્મ. આત્મધર્મ એટલે આત્માનો સ્વભાવ તે ધર્મ. સમજાણું કાંઈ?

'**હું સંજ્વલનમાયાકષાય...**' લ્યો, એટલો હોવા છતાં પરિણમન ચોથે હોય છે, પાંચમે હોય છે અને છઠ્ઠે હોય છે. મુનિને હોય છે આ મુનિને. પોતે મુનિ છે. આ ટાણે વિકલ્પ ઉઠ્યો છે કહે છે કે એ વિકલ્પ સંજ્વલનનો છે જરી એ હું વેદતો નથી. એ પરિણમન મારું નહિ. એ વ્યવહાર છે, અભૂતાર્થ છે. ભૂતાર્થ તો મારો સ્વભાવ ત્રિકાળ છે એને આશ્રયે પરિણતિ થાય એને પણ ભૂતાર્થ કહેવામાં આવે છે. વસ્તુને ભૂતાર્થ કહેવામાં આવે છે અને એને આશ્રયે પર્યાય પ્રગટી એને પણ ભૂતાર્થ ધર્મ (કહેવામાં આવે છે). ભાઈ! ભૂતાર્થ ધર્મ આવે છે ને? બંધ અધિકાર. બધે આવે છે ને. પર્યાય ભૂતાર્થ છે. આ પર્યાય અભૂતાર્થ છે. કહો, સમજાણું કાંઈ?

આ વસ્તુ છે ને વસ્તુ? એ તો ત્રિકાળ ભૂતાર્થ છે. ભૂત-છતો પદાર્થ આખો. એવી જ્યાં દૃષ્ટિ થઈને પરિણમન થયું તો એ શુદ્ધ પરિણમનપણે ભૂતાર્થ છે. અને એમાં અશુદ્ધ પરિણમન જરી છે. એક પર્યાયના બે ભાગ. ઝીણી વાત છે. એક ભૂતાર્થ છે અને બીજી અભૂતાર્થ છે. આહાહા..! એક ભૂતાર્થ છે એક અંશ. એમ. પર્યાયનો એક અંશ ભૂતાર્થ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને એક અંશ અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? એક પર્યાય છે ને? એ પર્યાય તો એક જ છે બે થઈને, પણ એના બે ભાવ છે. આહાહા..! જેટલો ભગવાન આત્મા પોતાને આશ્રયે પરિણમીને શુદ્ધતા છે એ યથાર્થ ભૂતાર્થ છે. એ ભૂતાર્થ ધર્મ છે સાચો અને જેટલી નિમિત્તને આશ્રયે પર્યાય ઉત્પન્ન થઈ એ બધો ખોટો ભાવ છે, ખોટો ભાવ છે. ખોટો એટલે કાયમ ટકે એવો નથી. કાયમ ટકવામાંથી આવેલો નથી. સમજાણું કાંઈ? એ માયા.

હવે આવ્યો લોભ. '**હું અનંતાનુબંધિલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! એ અનંતાનુબંધી લોભ. હાડમાં રંગાઈ ગયેલો હોય ને એવો લોભ એ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. મિથ્યાદૃષ્ટિને હોય છે એની અહીં વાત છે નહિ. અનંત સંસારનું કારણ એવો લોભ. જુઓને! હાડ સંધાઈ જાય છે ને કેટલાક લોભથી? મરી જાય, પ્રાણ જાય પણ એ લોભ છોડે નહિ. ઓહોહો..! હેરાન હેરાન થઈ જાય, દુઃખી થાય. ઓહોહો..! એ વાત કરતા હતા. વલ્લભભાઈ પટેલ છે ને. લોખંડી પુરુષ કહેવાતા ને. પછી મરવા ટાણે વલ્લભભાઈ... મણિબહેન કહેતા હતા. એની દીકરી. આહાહા..! બાપુજીનું શરીર છૂટી જાય તો સારું. એવું દુઃખ એવી વેદના. અસાધ્ય.. અસાધ્ય. વેદન... વેદન. શું થાય? વસ્તુની કાંઈ ખબર ન મળે. બહારના લોખંડી પુરુષો પણ અંદરમાં લોખંડી જાગ્યા વિના શું થાય? આજ કો'ક વાત કરતું હતું સવારમાં. નહિ? ચંદુભાઈ કહેતા હતા. આપણને તો કાંઈ ખબર ન હોય. જોયા હતા ખરા ક્યાંક (સંવત) ૧૯૯૫માં આવ્યા હતા. વલ્લભભાઈ, મણિબહેન બધા હતા. ૯૫માં, રાજકોટ. વિઠ્ઠલભાઈને આપણે જોયેલા. આહાહા..! મોટા રાજાઓને આમ રોવરાવ્યા. સહી કરાવતા. કેવા કહેવાય? બહાદુરસિંહજી. કહે છે કે આમ જ્યારે સહી કરતા રાજની. સહી કરી દ્યો. સહી કરતા આંખમાં (આંસુની) ધારા. જાધવજીભાઈ! આ બહાદુરસિંહ દસ લાખનો તાલુકો. એ તો સાધારણ પણ ઓલો મોટો તમારો, વાંકાનેર. પછી ગાંડો થઈ ગયો.

મુમુક્ષુ :- એ પછી ગાંડો થયો.

ઉત્તર :- એ પછી થઈ ગયો પણ એ વખતે સહી કરતા રોયો. સહી કરતા રોયો હતો. મોટો રાજ જેવો દેખાવ હોં! લાંબો રાજકુમાર. ક્ષત્રિયબીજ દેખાતા હતા એમાં. આવતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા ને. એ ને ઓલો .. બેય આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. (સંવત) ૧૯૯૧માં. એ પણ સહી કરવા આમ જ્યાં (જાય છે), હાય.. હાય..! અત્યારથી તે મારી કોઈપણ પ્રજાનો પરંપરામાં આનો હક્ક રહેતો નથી. .. રાજમાં સહી કરો. રોવા માંડ્યા. જેને ... રાજા રોવે એ મરતા પોતે રોયા. હાય.. હાય.. આ શું? જોડેવાળા એમ કહે, આ ઝટ મરી જાય તો ઠીક. સમજાય છે? બાપુ! આત્માને જાણ્યા વિના બધું ધૂળધાણી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને વાપાણી છે. એ કર્યું એ દુનિયામાં માન મળ્યા અને આ મળ્યા. ધૂળમાં પણ પોતાનું અપમાન થયું છે અંદર એનું શું કરવું? આહાહા..!

અનંતાનુબંધી લોભ અહીં તો આ રાજ મારું અને આ મારું.. એમ અંદરમાં એકત્વબુદ્ધિ કરે છે ને. (ઈ) અનંતાનુબંધી લોભ છે. રાગનો એક કણ પણ મારો એવી રીતે એકત્વબુદ્ધિ છે એ અનંતાનુબંધી લોભ છે. મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી લોભ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાજ કેના ને વૈભવ કેના ને વસ્તી કેની? પણ રંગાઈ જાયને પહેલેથી. જન્મથી એવું આવ્યું (હોય). જન્મ્યો હોય દસ લાખ, પચ્ચીસ લાખના તાલુકામાં. પહેલેથી જ એવા પોષણ મળ્યા હોય. અમે રાજા છીએ, અમે આ છીએ.. અમે આ છીએ. ધૂળમાંય નથી ક્યાંય. કહો, સમજાણું કાંઈ? એને આમ મરતા શું થાતું હશે? હાય.. હાય.. અરે..! આ વસ્તુ ગઈ. પરંપરા અમારી પ્રજાના વંશની ગઈ. પરંપરા, અમારા પરંપરાના વંશથી અમને હતી. ધૂળેય નહોતી. કહો, એ પછી અમુક ઠેકાણે રાજા થયો. અને છતાં કોઈને રાજ પહેલેથી હોય ઘણા વર્ષથી. પણ એ રાજ ક્યાં? એ રાજ છે? એ રાજથી આત્મા શોભે છે? .. છે? રાજ એનું નથી તો રાજ ક્યાંથી આવ્યું? એણે અંદરમાં આ દીકરો મારો અને આ રાજ મારા એવી માન્યતા છે એને અનંતાનુબંધીનો લોભ છે. કહો, હીરાભાઈ જેવા છોકરા પાક્યા હોય તો કહે, હીરો મારો તો અનંતાનુબંધીનો લોભ છે એમ કહે છે અહીં. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ મજીઠના રંગ કપડે લાગે ને. મજીઠના રંગ કપડે. એ કપડું બાળો તો એની ધૂળમાંય રંગ હોય એ. રાખમાં પણ રંગ એવો હોય. મજીઠનો રંગ હોય છે કે નહિ? કપડાને મજીઠથી રંગે. પછી એને બાળો તોપણ એ રાખ જ એવી રંગવાળી હોય છે. એમ આત્મામાં એક રાગનો કણનો અંશ પણ કે બીજી ચીજ મારી છે એવી જે એકત્વબુદ્ધિ અનંતાનુબંધીનો લોભ મરી જાય તોપણ એ સાથે લઈને જાશે. રંગ રંગ્યો છે ને? લઈને સાથે જશે. પછી ક્યાંય એને સંયોગથી છૂટશે નહિ. સમજાણું કાંઈ? મારા જેને માન્યા એ કેમ છોડે?

ભગવાન આત્મા...! જ્યાં અનંતાનુબંધી લોભ ગયો ત્યાં અનંતો સંતોષ આવ્યો એમ કહે છે. અનંતા ગુણોનો સંતોષ આવ્યો. અનંતા ગુણોનો લાભ મળ્યો. એ રાગને અને પરને પોતાનો માનતો ત્યાં અનંતા ગુણનો લાભનો અભાવ હતો. નુકસાન હતું નુકસાન. સમજાણું કાંઈ? એ શુભરાગ છે એ બહિર્મુખ વૃત્તિ છે. બહિર્મુખને અંતર આત્મામાં લાભદાયક માને છે એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો લોભ છે એમ કહે છે. મજીઠનો રંગ લાગ્યો છે એને. મરશે તોપણ રંગ લઈને ભવમાં ચાલ્યા જાશે. આહાહા..! મારું કોઈ નથી. અને જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારામાં છે તે બીજામાં ક્યાંય નથી. રાગમાં પણ નથી, પરમાં પણ નથી. હું તો ચૈતન્યમૂર્તિ છું. આહાહા..! સમજાય છે? સ્ત્રી હોય, સમકિતી હોય. આમ બહાર દેખાવમાં પતિ સાથે, રાજમાં રાણી હોય બધું દેખે. શ્રેણિકની સ્ત્રી હતી ચેલણા. સમકિતી. બહારમાં તો એમ કહે કે મહારાજા! આપ આમ છો, તેમ છો એમ કરે વાતું. અંદરમાં લેવા કે દેવા કાંઈ નહિ. સમજાણું કાંઈ? ધર્મ પામવામાં નિમિત્ત થયા લ્યો રાણી. રાજાને. અંદરમાં કાંઈ નથી. મારા પતિ છે માટે એવું કાંઈ નહિ. મારો પતિ કોણ? હું ચૈતન્યસ્વરૂપ છું એ મારું સ્વામીપણું અને એ મારું સ્વ છે. મારે પતિ ત્રણ કાળમાં ક્યાંય નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

પતિ-પત્ની કોના અને પત્ની કોની? વસ્તુ બધી સ્વતંત્ર છે. જ્યાં રાગનો કણ પણ એનો થઈને રહે નહિ ત્યાં સ્ત્રી તે એની થઈને કેમ રહે? એવો જે લોભ ટળ્યો છે જેને એને અનંતો સંતોષ આત્માનો છે. એને આ અનંતાનુબંધીના લોભનું પરિણમન છે જ નહિ. સમજાણું કાંઈ? ચક્રવર્તીના રાજમાં પડ્યો, છન્નું હજાર સ્ત્રીના (વૃંદમાં બેઠો હોય છતાં એને) અનંતાનુબંધીનો લોભ નહિ. ગજબ વાત છે ને! હીરાના સિંહાસને બેઠો હોય. આમ જુઓ તો ઈન્દ્ર જેવો. ઈન્દ્ર જોડે મિત્ર બેઠા હોય લ્યો! લોકોને એમ લાગે આહાહા..! કાંઈ અડવા દેતો નથી અંદરમાં. મારા અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આ ચીજનો ક્યાંય મેળ છે નહિ, ક્યાંય મેળ નથી. ઝેર જેવા બધા છે રાગ, એને પોતાના અંદર માનતો નથી. ત્યાં પરને માનવું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ?

હું... છે ને? '**અનંતાનુબંધિલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' પાંચમે ગુણસ્થાને તે હોતું નથી. સમજાય છે ને? આ અનંતાનુબંધી ચોથે હોતું નથી તો પાંચમે પણ હોય નહિ. છઠ્ઠે હોતું નથી. એ તો છે જ નહિ. એનું પરિણમન તો અહીંયાં હું છે ત્યાં તો એ છે નહિ. 'હું' જ્યાં છે આત્મા ત્યાં તો આ છે નહિ. પણ બીજો છે. '**હું અપ્રત્યાખ્યાનાવરણીયલોભકષાય...**' સમ્યગ્દષ્ટિ છે એને બીજા નંબરનો લોભનો અંશ જરી હોય છે. સમજાય છે? લોભનો પ્રકાર છે ચાર, એમાં બીજા નંબરનો લોભ હજી સમકિતીને હોય છે. પરિણમનમાં. છતાં એ પરિણમનનો કર્તા હું નહિ અને એનો હું ભોક્તા નહિ. હું કર્મચેતના અને કર્મફળચેતના મારામાં છે જ નહિ. આહાહા..! જુઓ! તો ખરા કેટલી વાત કરે છે!

આ દૃષ્ટિમાં દ્રવ્યમાં ઊભા ઊભા વાત ચાલે છે હોં આ. સમજાય છે કાંઈ? જ્યાં ધામ ભગવાન ચૈતન્ય ધામ છે ને આખું, ત્યાં અંદર પરિણમન છે દૃષ્ટિનું. એટલે કહે છે કે મને તો અનંતાનુબંધીનો લોભ છે જ નહિ પણ અપ્રત્યાખ્યાનાવરણીયનો લોભ પણ મારે છે જ નહિ. પરિણમન હોવા છતાં મારે છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અહો..! વીતરાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માર્ગ અંતર. વીતરાગ માર્ગ એટલે કાંઈ વીતરાગ કો'ક એમ નહિ. વીતરાગ માર્ગ એટલે આત્મ માર્ગ. એમ. ભગવાન આત્મા જ વીતરાગસ્વરૂપ છે. એનો માર્ગ. આત્મા જ અકષાયસ્વરૂપ છે. અકષાયસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. એની પર્યાય-માર્ગ એટલે વીતરાગી પર્યાય છે-એ વીતરાગ માર્ગ છે. વીતરાગી પર્યાયનો સ્વામી અને વીતરાગી પર્યાયનો અનુભવનાર, કહે છે કે જરી આ રાગાદિ ને એક લોભ છે એનું એ લોભનું પરિણમન, એ રાગનો ભાગ છે ને એ લોભ? ક્રોધ અને માન દ્વેષનો ભાગ છે, માયા અને લોભ રાગનો ભાગ છે. સમજાય છે? એનો હું ભોગવનાર નથી. પરિણમનાર જ નથી તો ભોગવનાર ક્યાંથી આવ્યો? ભોક્તામાંથી કર્તા કાઢી નાખ્યો અને કર્તામાંથી ભોક્તા કાઢી નાખ્યો. ભોક્તા જ્યાં નથી ત્યાં.. આવ્યું છે ને? સર્વવિશુદ્ધની ગાથામાં નહિ? ભોક્તા નથી ત્યાં ઓલું નથી. ત્યાં તો એમ લીધું છે. ભોક્તા નથી. તો પછી કર્તા ક્યાંથી આવ્યું? અને કર્તાકર્મમાં આવ્યું ને ઓલું ચૌદ ગુણસ્થાનનું? ત્યાં એમ આવ્યું છે. ભોક્તા નથી. ભોક્તા નથી તો કર્તા ક્યાંથી આવ્યો? ઓલો કહે, પણ ભોક્તા છે ને? કર્તાકર્મમાં નહિ? ૧૩-૧૩. ભોક્તા છે ને? ભ્રમ છે તને. કર્તા નથી તમે કહો પણ ભોક્તા છે માટે કર્તા છે ને. ભ્રમ છે તને, ભોક્તા છે જ નહિ. સાંભળને. સામાન્યપણે કહ્યું. આ વિશેષપણે સમજાવે છે. સમજાણું કાંઈ?

અહીં દૃષ્ટિ પલટાવાની વાત છે અને દૃષ્ટિ પલટ્યે આ બધું પરિણમન એને હોતું નથી. એમ કહે છે. હોવા છતાં હોતું નથી. નથી હોતું એ તો નથી જ ભલે. અનંતાનુબંધી આદિ. પણ આ અપ્રત્યાખ્યાનાદિ હોવા છતાં હોતું નથી. એમ ઉડાડે છે વાતને અંદરથી. સમજાણું કાંઈ?

'**પ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એ ચોથે હોય છે. એ પાંચમે હોતું નથી-બીજું. સમજાય છે? અને હું પ્રત્યખ્યાનાવરણીય લોભને વેદતો નથી. એ પાંચમે હોય છે. પાંચમે આ ત્રીજા કષાયનો લોભ હોય છે. સમજાય છે? છતાં હું વેદનારો નથી. આહાહા..! વેદનારો નથી એટલે? ભાષાથી? વિકલ્પથી? અંતર દૃષ્ટિથી. ભાષા ક્યાં એની હતી. ભાષા જડ છે. અડે છે જ ક્યાં ભાષા એને. અદ્ધરથી ઊભી થાય છે પરમાણુમાંથી. ભગવાન આત્મા..! એ રાગ પણ અદ્ધરથી ઊભો થાય. આત્મામાં ક્યાં હતો? સમજાણું કાંઈ?

કહે છે કે હું અપ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયને વેદતો નથી. પ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયને વેદતો નથી. લ્યો! સમજાણું? પાંચમે ગુણસ્થાને હોય છે પ્રત્યાખ્યાનવરણીય લોભ. છતાં એનું પરિણમન અને ભોક્તાપણું ગણતો નથી. વ્યવહાર કરીને તેને કાઢી નાખ્યો છે. અને ચૈતન્ય સ્વરૂપનો જે શુદ્ધ આનંદ છે તેનો જ હું ભોક્તા છું. એને ભૂતાર્થ તરીકે રાખ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. સમજાણું કાંઈ? આ વાત એવી લાગે ને. સમજવામાં ઝીણી પડે, પરિચય ન મળે. એટલે પછી માણસ બીજે રસ્તે ચડી જાય. આ એકાંત છે... એ એકાંત છે. રાડું પાડે પછી. પણ એ એકાંત છે એ જ સમ્યક્ સાચું છે. સાંભળને!

મુમુક્ષુ :- આ નથી અને આ છે.

ઉત્તર :- આ નથી આવ્યું પછી શું છે? સમ્યક્ એકાંત જ... અનેકાંત પણ સમ્યક્ એકાંતના નિજપદની પ્રાપ્તિ સિવાય કાંઈ હેતુ નથી. આ સમ્યક્ એકાંત આમ ઢળેલો છે. એમ કહે છે. ત્યારે અનેકાંતનું જ્ઞાન થાય છે. પરિણમન છે એનું જ્ઞાન છે. હું પરિણમનારો છું, પરિણમું છું અને ઠીક છે એમ નથી. જ્ઞાનમાં છે... જ્ઞાનમાં છે. એ તો કર્તામાં આવે છે ને. કર્તૃત્વ નય અને ભોક્તૃત્વ નય. ૪૭ નયમાં. જાણે છે. જ્ઞાનમાં છે એમ જાણે છે. અહીં તો દૃષ્ટિના અભેદની દૃષ્ટિની અપેક્ષાએ એ પરિણમન મારું નહિ અને એનો ભોક્તા પણ હું નહિ. એમ વાત છે. જ્યારે જ્ઞાનની વાત આવે ત્યારે જાણે કે આટલું પરિણમન મારું હજી છે. બાકી છે એમ જાણે. જાણે હોં! એટલું. આટલું હજી ભોક્તાપણું છે એમ જાણે. કરવાયોગ્ય છે અને ભોગવવાયોગ્ય છે એમ નહિ. પણ થાય છે તેને જાણે છે. ઓહોહો..! વીતરાગની કથન પદ્ધતિ તો જુઓ! એક કોર અહીં ના પાડે અને ત્યાં કહે કે એ જાણે કર્તૃત્વ પરિણમનને. ૪૭ નયમાં આવે છે કે નહિ? કર્તૃત્વનય અને ભોક્તૃત્વનય. નય છે. જાણે તો ખરો ને એનું અસ્તિત્વ. એટલું. પણ એ હું પરિણમું છું અને પરિણમવા લાયક છે અને ભોગવવા લાયક છે એમ માનતો નથી. આહાહા..! સમજાણું?

એટલે કે વસ્તુની જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે તે યોગ્યતાપણે પરિણમન છે તે મારું નથી. યોગ્યતા હતી. પણ એ યોગ્યતાનું પરિણમન અને ભોક્તાપણ હું નથી ત્યારે તેને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**પ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**'

૩૫. '**હું સંજ્વલનલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! સંજ્વલનનો લોભનો અંશ હોય છે દસમા ગુણસ્થાન સુધી. મુનિને તો હોય જ. ચોથે-પાંચમે પણ હોય જ. પરિણમન હો. હોવા છતાં તે જાણવા લાયક છે. વેદવા લાયક અને મારાપણે માનવા લાયક છે નહિ. કેટલી શૈલી! અહીં કાઢી નાખ્યું, ત્યાં નયમાં પ્રવચનસારમાં નય અધિકાર જ્ઞાનપ્રધાન અધિકાર છે ને? જાણવા માટે રાખ્યું. સમજાણું? પોતાની પર્યાયમાં થાય છે ને લોભનો ભાગ? છે. બસ છે. પણ મારું ત્રિકાળી (સ્વરૂપ) છે તેમાં એ નથી. માટે ત્રિકાળી દૃષ્ટિની અપેક્ષાએ એનું પરિણમન અને એનો અનુભવ હું કરતો નથી. હું તો ચૈતન્ય સ્વરૂપ આનંદ, જ્ઞાનના સ્વરૂપને અનુભવું છું. એ સમ્યગ્દૃષ્ટિનું પરિણમન અને તેનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે ભોગ્ય. રાગનો ભાગ તે લોભનો ભાગ એનું પરિણમન અને ભોગ્ય ભાવ, વિકારનો ભોગ્ય ભાવ જ્ઞાનીનો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? તો આ દુનિયાના બહાર પદાર્થ ભોગવીને ખુશી થાય એવું તો એનામાં છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ સુદ ૬, શુક્રવાર તા. ૫-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૭**

૩૬મી. '**હું હાસ્યનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' શું અધિકાર ચાલે છે? જેની દૃષ્ટિ ધર્મ દૃષ્ટિ થઈ છે એટલે કે જેની પુણ્ય-પાપના પરિણામ પ્રત્યેની રુચિ છૂટી અને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ધ્રુવ છે એની દૃષ્ટિ થઈ છે, તે જ્ઞાની એમ ભાવના વારંવાર ઉપયોગમાં ભાવના એમ ભાવે છે કે હું... પ્રકૃતિ ૩૫ સુધી થઈ છે, કર્મનું જે ફળ છે એ મારું સ્વરૂપ જ નથી. પુણ્ય-પાપના વિકલ્પો રાગ એ તો મારા સ્વરૂપમાં છે નહિ. એટલે એનું કરવું, કરાવવું, અનુમોદવું ત્રણે કાળમાં છે નહિ. ત્રિકાળી જ્ઞાનસ્વરૂપમાં એ છે નહિ. માટે ધર્મીની વારંવાર સ્વરૂપ તરફના ઉપયોગની ભાવના એ રહ્યા કરે છે કે હું વિકારને તો કરતો નથી પણ પૂર્વના કર્મના નિમિત્તથી કાંઈક થતાં ફળાદિ વિકલ્પ અસ્થિરતા એ પણ મારું પરિણમન નથી, મારું કર્તવ્ય નથી, મારું ઉપભોગ્ય-ભોગવવાની એ ચીજ નથી. સમજાણું કાંઈ? પણ હું.. હું એટલે આત્મા, આત્મા એટલે આનંદ અને જ્ઞાનની મૂર્તિ તે આત્મા.

એ હાસ્ય. હાસ્ય નામનું એક કર્મ છે. જે નોકષાય છે. નોકષાય એટલે? કાંઈક થોડો કષાય. જે સોળ કષાય કહ્યા એનાથી કાંઈક થોડો. નોકષાય એનું વેદવું, એવી પર તરફની સાવધાની, એવું જે કર્મનું ફળ, એને હું ભોગવતો નથી. કહો, સમજાણું કાંઈ? આ તો ધર્મદૃષ્ટિની વાત છે. પોતાનો આનંદ જેને અંતરમાં આનંદનો સ્વાદ આવ્યો છે. એ આત્મા. રાગ-દ્વેષ અને વિકારનો સ્વાદ એ તો અણાત્મા છે. એ કાંઈ આત્માનો સ્વાદ નથી. સમજાણું કાંઈ? જે કાંઈ હરખ-શોકનો સ્વાદ કે વિકારનો સ્વાદ એ તો દુઃખરૂપ સ્વાદ છે, આત્માની જાતથી વિપરીત જાતનો એ અનુભવ છે. એ અણાત્માનો અનુભવ એ આત્મા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અણાત્માનો અનુભવ એટલે ભોગવટો એ આત્મા નથી. સમજાણું કાંઈ? પર્યાયનયે ભલે એને આત્મા કહો, વસ્તુદૃષ્ટિએ એ આત્મા કહેવાતો નથી. ત્યારે આત્મા એને કહીએ અને એવો છે કે ચૈતન્યના શુદ્ધ આનંદના અનુભવની આગળ જેને હાસ્યનું, કાંઈક જરી હાસ્યભાવ થાય, એનું પરિણમન હું નથી અને એનું વેદન પણ મારે નથી.

મુમુક્ષુ :- જરી કેમ કહ્યું?

ઉત્તર :- જરી હાસ્ય થાય અસ્થિરતાએ. સમજાણું કાંઈ? એકતા હાસ્યની છે નહિ. અસ્થિરતાની હાસ્ય થોડી થાય. એમ. સમજાણું કાંઈ? એકતાની હાસ્ય તો તો પૂરી હાસ્ય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ ગઈ. શું કીધું સમજાણું? એકલો હાસ્યમાં જ ગયો-તણાઈ ગયો. આત્મા રહ્યો નહિ. એકલો હાસ્ય અને મશ્કરી અને ઠઠામાં ગયો, પરિણામમાં ઢળી ગયો એકલો. એ તો કાંઈ આત્મા રહ્યો જ નહિ. પણ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એવી દૃષ્ટિ અને આત્માને એ રીતે અનુભવમાં રાખીને જરી જે હાસ્યનું વેદન થાય, કહે છે કે એ વેદન મારું નથી. એને હું ભોગવતો નથી. કેમ કે વેદન નિમિત્તને આધીન થયું તે ખરેખર મારું સ્વરૂપ નથી તેથી વસ્તુની દૃષ્ટિએ તે ખોટું અભૂતાર્થ છે, વ્યવહાર છે, જૂઠો છે, મારામાં નથી એથી તેને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? આ ધર્મની દૃષ્ટિ અને આ ધર્મનું રૂપ છે.

હું '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' નાસ્તિથી વાત કરીને અસ્તિથી કરે છે. હું તો આત્મા છું, એકલો આનંદથી દૂર રહું એવો હું છું જ નહિ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ આત્મા છે. એને આત્મા કહીએ. હાસ્યના ભાવને કે દુઃખના ભાવને આત્મા ન કહીએ. એ તો આસ્રવભાવ છે. અથવા ભાવબંધ ભાવ છે. સમજાય છે કાંઈ? એ મારા ચૈતન્યસ્વભાવમાં તો અત્યંત અભાવ છે. કહો, સમજાણું આમાં? ધર્મીને પોતાનો મહાન ચૈતન્યપ્રભુ સ્વભાવ જે ભાળ્યો છે, અનુભવ્યો છે, જાણ્યો છે, વેદે છે એ આગળ આ રાગાદિને અભૂતાર્થ ગણીને મારું વેદન નથી. કહો, આનું નામ ધર્મ છે. કહો, સમજાણું? ૩૬ થઈ એ પ્રકૃતિ. પ્રકૃતિ મારામાં નથી અને પ્રકૃતિના નિમિત્તે થતી જરી અશુદ્ધતા હાસ્યની એ પણ મારામાં નથી. તો મારામાં નથી તેને હું વેદું શી રીતે? એમ. સમજાણું કાંઈ? અહીં તો વસ્તુદૃષ્ટિની મહિમા અને માહાત્મ્ય છે. એ માહાત્મ્ય આગળ હાસ્ય આદિના પરિણામની પણ જ્યાં ગણતરી નથી. ગણતરી જ નથી, મારામાં ગણતરી નથી. એનામાં હોય એ જાણે. સમજાણું કાંઈ?

૩૭. '**હું રતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' રતિ થાય છે ને ખુશી? કોઈ પુત્ર અનુકૂળ હોય, લક્ષ્મી અનુકૂળ હોય, દેશ અનુકૂળ રહેવાને મળે, સ્થાન રહેવાને મળે, વસ્ત્ર અનુકૂળ ઓઢવાને મળે, સૂવાનું સ્થાન મળે એમાં રતિ થાય, હું એ રતિ નથી. સમજાણું કાંઈ? બહારના સ્થાનની દશામાં હું નથી અને એ દશાના સ્થાનના પ્રકૃતિના નિમિત્તે જરી રતિ આદિ થઈ એ હું નથી. મારામાં નથી. કહો, સમજાણું કાંઈ? પરચીજના નિમિત્તમાં રતિ અને ખુશીપણું આવી અને એકલો ખુશીમાં અર્પાઈ જાય છે એ તો અણાત્મા મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પોતાનો આત્મા આનંદ સ્વરૂપ છે એને ભૂલીને કોઈ સંયોગની અનુકૂળતાની ચીજમાં હરખાઈ જાય છે... સમજાણું? ખુશી થાય છે, એ ખુશીપણું એ જ હું છું એમ માન્યું છે ત્યાં તો બીજો આત્મા રહેતો નથી. એ રતિનો પર્યાય જરી, જરી એટલે થોડો જે કાંઈ થાય છે એ મારી સ્થિતિમાં નથી. ખરેખર મારા દ્રવ્ય-ગુણમાં તો નથી પણ મારી પર્યાયમાં પણ એ નથી એમ અહીં તો છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં છે એટલે આત્મામાં. આત્માની પર્યાયમાં એ નથી. અહીં વેદનની અપેક્ષાએ. જાણવાની અપેક્ષાએ કહે ત્યારે હોય. એવું છે. સમજાય છે? જ્યારે જ્ઞાનની વાત આવે ત્યારે જ્ઞાની જાણે કે આટલું જરી છે. એમ જાણે. અહીં દૃષ્ટિની અપેક્ષામાં તો એ વસ્તુ વેદનમાં પણ નથી અને પરિણમનમાં પણ નથી. સમજાણું કાંઈ?

'**હું રતિનોકષાય...**' આત્માના આનંદ આગળ રતિપણું-પરમાં ખુશીપણું છે જ ક્યાં? અજ્ઞાનીને પરમાં ખુશીપણું આવે છે ત્યાં આત્માના આનંદનો એ ઘાત કરે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચિદ્‌ઘન આનંદની મૂર્તિ પ્રભુ છે. એવી જેને દૃષ્ટિ નથી અને એકલો પરવસ્તુ અનુકૂળ લક્ષ્મી, પુત્ર, મકાન, સ્થાન, એવું સૂવાનું, બેસવાનું સ્થાન સરખું મળે, સરખો પવન આદિ આમ આવતો હોય અને રતિ વેદે છે ને? બહુ ગભરાઈ ગયો હોય, બહુ પરસેવો આવ્યો હોય અને અહીંયાં બહાર બેસે ત્યારે હાશ (થાય), કહે છે કે એ રતિમાં એકલો તણાઈ ગયો છે એ તો આત્મા જ નથી. સમજાણું કાંઈ? આત્મા એવો નથી. રતિપણે થાય એવો આત્મા નથી.

આત્મા આત્માપણે રાખીને રતિની જરી પર્યાય થાય તો તેનું પરિણમન અને કર્તૃત્વ અને ભોક્તા હું નથી. એમ છે. કર્મચેતના અને કર્મફળચેતના કાઢી નાખે છે, વ્યવહારને ગૌણ કરે છે, અભૂતાર્થ કહીને મારી પર્યાયમાં નથી એમ દૃષ્ટિના સ્વભાવમાં દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર છે. સમજાય છે? અહીં દૃષ્ટિના જોરની વાત છે ને આ. વસ્તુ જે અખંડ જ્ઞાયકમૂર્તિ છે એના ઉપર દૃષ્ટિને લઈ એનું પરિણમન જે છે એ તો જેવું શુદ્ધ છે તેવું પરિણમન હોય છે. એને રતિનું પરિણમન જ્ઞાનીને થતું નથી. સમજાય છે કાંઈ? આ તો સાધારણ કાંઈક થાય ત્યાં હરખ (થઈ જાય). જાણપણાના બોલો બે-ચાર, પચાસ-સો, બસ્સો-પાંચસો આવડે ત્યાં હરખ (થઈ જાય). એ તો કહે છે કે ભાઈ, એ તો આત્મા જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈક માન-મરતબો થોડોક મળે, અનુકૂળ બોલે ત્યાં એને અંદર આખા હરખના અંકુરા રતિના વેદાઈ જાય એકલા, એ તો આત્મા નથી. એને આત્માનું ભેદજ્ઞાન નથી.

આત્મા એને કહીએ કે જે આત્મા આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એવી જ્યાં દૃષ્ટિ અને ધર્મ થયો છે, (તેને) રતિના ભાગનો ભાવ મારામાં નથી. કહો, સમજાય છે કાંઈ? અને એકલા રતિના વેદનમાં આત્મા નથી. સમજાણું કાંઈ? આત્મા નથી ને આ છે. અહીંયાં આત્માના દૃષ્ટિમાં આત્મા છે ને આ નથી એમ વાત છે. અનેકાંત તો આમ છે. સમજાણું કાંઈ? મનનો વિકલ્પ, વાણી અને શરીર ચેષ્ટા ત્રણેય ભિન્ન છે. એ ચૈતન્યમાં છે જ નહિ. ચૈતન્ય તો એને કહીએ કે જેમાં મનના વિકલ્પો, વાણી અને દેહ કોઈ ચેષ્ટા પર્યાય આદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે જ નહિ. એવો આત્મા જ્યાં અંતર દૃષ્ટિના અનુભવમાં ધર્મીને આવ્યો, એ રતિપણું કોણ એને ખેંચી જાય? એને કઈ ચીજ ખેંચી જાય કે આમાં ખુશીપણું છે? સમજાણું કાંઈ? આનંદના અંતર ખેંચાવને લઈને કોઈમાં રતિ આવતી નથી. સમજાણું?

એમ '**હું અરતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' અરતિ. પ્રતિકૂળ સ્થાન, પ્રતિકૂળ દીકરો, લક્ષ્મીનું જાવું, અનુકૂળ સ્થાનનું ન થવું એવા પ્રસંગ દેખીને પ્રકૃતિના ઉદયમાં જોડાઈને અરતિ થાય, અરતિ-આ ઠીક નથી, એવું એકલું અરતિનું વેદન, એકલું અરતિનું વેદન આત્માને નથી. એકલું અરતિનું વેદન એ આત્મા નથી. સમજાણું કાંઈ?

લ્યો, આ લોકો કહે છે ને કે જૈનધર્મ કર્મપ્રધાન હોય. એઈ..! જૈનધર્મ તો કર્મપ્રધાન છે. નવનીતભાઈ! અહીં તો કહે છે કે કર્મ તો જડ રહ્યા, પણ જડના નિમિત્તમાં જરી અસ્થિરતાની અરતિ આવે એ પણ જડમાં જાય છે, ચૈતન્યમાં નહિ. આ જૈનધર્મ છે. આહાહા..! કર્મ એ જૈનધર્મ છે, કર્મની ક્રિયા એ જૈનધર્મ છે કાં ક્રિયાકાંડ એ જૈનધર્મ છે. પરિણામ... લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન એકલો જ્ઞાનપિંડ છે. એને વિકલ્પ ક્યાં? વાણી ક્યાં? શરીર ક્યાં? કર્મ ક્યાં? અને કર્મના નિમિત્તે થતી દશા એ વસ્તુમાં ક્યાં? કારણ કે એ તો આસ્રવ અને ભાવબંધ છે. બીજી ભાષાએ કહીએ તો કર્મચેતના અને કર્મફળચેતના છે. ત્રીજી ભાષાએ કહીએ તો એ બધો વ્યવહાર અભૂતાર્થ છે. સમજાય છે? આહાહા..! કહો, હીરાભાઈ! ભારે માર્ગ ભાઈ!

'**અરતિનોકષાયવેદનીય...**' થોડો કષાય છે ને હવે. કષાયની સાથે થોડો છે નોકષાય. એનું વેદવું, એવો જે પર તરફનો મોહભાવ-સાવધાની. મારામાં સ્વરૂપની સાવધાનીની અપેક્ષાએ, શુદ્ધ સ્વરૂપના સાવધાનીના વેદનની અપેક્ષાએ એ અરતિનું વેદન અને સાવધાનીનો અંશ એ મારામાં નથી. એનો હું કર્તા નથી અને એનો હું ભોક્તા નથી. સમજાણું કાંઈ? અને એકલો અરતિ બહાર ઝુરે છે જે, એને આત્મા નથી, એને આનંદ નથી. સમજાય છે? એને નિશ્ચય તત્ત્વ નથી અને સ્વરૂપની શાંતિ નથી. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ સમય સમયનો વિવેક અને વસ્તુની સ્થિતિ. આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય વાસ્તવિક તત્ત્વ છે એ રીતે બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આઠ કર્મ અને એની પ્રકૃતિ ૧૪૮, એના પણ અનેક પ્રકાર, એના ભેદ ને... ઓહોહો..! ભગવાન આત્મા એ આઠ કર્મના નિમિત્તના સંગે... સમજાણું? વિકાર ને... લ્યો!

ઓલા કહે કે કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય તો એ સાચી વાત જૈનની કહેવાય. લ્યો, એમ કહે છે. અહીં તો કહે છે, કર્મને લઈને થાય નહિ પણ પોતાને પુરુષાર્થની નબળાઈથી નિમિત્તમાં જોડાણ થવાથી જે થાય, તે થાય તે તેટલો છે આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ માને એ પણ આત્મા નથી. એનાથી અધિક ભિન્ન '**णाणसहावाधियं मुणदि आदं**'. હું તો જ્ઞાન ને આનંદ સ્વભાવથી અધિક નામ તેનાથી ભિન્ન છું. એવો આત્મા જ્યાં સમ્યગ્દષ્ટિને હાથમાં-દૃષ્ટિમાં આવ્યો છે એથી તે અરતિના વર્તમાન ક્ષણિક વેદનના થોડા પરિણામને પરિણમનારો અને ભોગનારો હું નથી. કહો, સમજાણું કાંઈ?

ભગવાન મોક્ષ પધાર્યા. અષ્ટાપદ પર્વત ઉપર. ઋષભદેવ ભગવાન પહેલા તીર્થંકર. એમના પુત્ર ભરત ચક્રવર્તી ચરમશરીરી. એ ભવે મોક્ષ જનારા છે ઈ. આમ જ્યાં દેખે છે કે દેહ છૂટ્યો પરમાત્માનો, અરે..! ભરતનો સૂર્ય આજ અસ્ત થાય છે. કારણ કે પછી તો પચાસ લાખ કરોડ સાગરે બીજા તીર્થંકર થશે. સમજાય છે? ભરત પોતે પાંચસો ધનુષનો દેહ આમ ભગવાનનો જોવે છે. દેહ છૂટી ગયો. ભગવાન મોક્ષ પધાર્યા. એ અરતિ થઈ ગઈ થોડી. આંસુની ધારા ચાલી. ભગવાનના વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાં પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞ સૂર્ય આજે અસ્ત થયો. ઈન્દ્રો હોય છે જોડે, ઈન્દ્રો. શક્રેન્દ્ર ઉપરથી ઉતરેલા. અરે..! ભરત! શું છે? તમે પણ મોક્ષગામી છે. હજી તો અમે દેવલોકમાં છીએ. અમે તો હજી મનુષ્ય થાશું, હજી તો ત્યારે સાધુ થાશું અને ત્યારે હજી તો મોક્ષ જવાના. તમારે તો આ દેહ છેલ્લો છે. બધી ખબર છે. સમજાણું કાંઈ? જરી પોતાની કમજોરીને લઈને અરતિનો ભાવ આવી જાય છે. છતાં તેના ઉપર લક્ષ અને જોર નથી. દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર હોવાથી તેને ગણતરીમાં અંદરમાં આવતું નથી. એની બેની એકતા થતી નથી. અરતિના ભાવનો ભાવ અને ત્રિકાળી જ્ઞાયક આનંદનો ભાવ બેની એકતા થતી નથી. ભિન્ન રહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પહેલો દાખલો એટલે તો આપ્યો. આંસુની ધારા (ચાલે) છે. ઈન્દ્ર કહે છે. ઈન્દ્ર હોં! શક્રેન્દ્ર ૩૨ લાખનો વિમાનનો સ્વામી કહેવું એ પણ બધી વાતું છે વ્યવહારની. એ તો પોતે આત્માનો સ્વામી છે. એ પણ. કહો, સમજાણું? એ ક્ષાયિક સમકિતી છે. અરે..! ભરત! કેમ છે આ? ભગવાન પરમાત્માનો આજ દેહ છૂટ્યો, નિર્વાણપદને પામ્યા. અમારે તો વિરહ પડ્યોને ભગવાનનો. એમ (કહે છે). એને કારણે નહિ, હોં! પણ પોતાની પર્યાયમાં એટલી કમજોરીને લઈને થાય. તેની અધિકતા નથી દૃષ્ટિમાં. સમજાય છે કાંઈ? પોતાના આનંદને ભૂલીને, સ્વાદને ભૂલીને ત્યાં અરતિમાં આવી જાય છે એમ નથી. એટલે સ્વાદને સાથે રાખીને એનો અરતિનો ભાવ કેટલું જોર કરે? સમજાણું કાંઈ? માર્ગ એવો છે, બાપુ! સમજાણું કાંઈ? એ અંતરના ગજે મપાય એવો છે. બહારના માપથી મપાય એવો નથી.

'**હુ શોકનોકષાયવેદનીય...**' શોક-શોક. બહુ શોક થઈ જાય ને આમ. પુત્ર સારો મરી જાય, સારું મકાન પડી જાય, સારા ભેંસુ કે બળદ કે ઘોડા કે હાથી વ્હાલા હોય એ મરી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાય. સમજાય છે? આહાહા..! સર્પ કરડે આમ. શૂન્ય થઈ જાય. શોક લાગે. ઘરમાં સવારમાં હરખથી ઉઠ્યા હોય એમાં ૨૦ વર્ષનો જુવાન.. શું થયું? સર્પ કરડ્યો. આ ખાળમાં બેઠો હતો એક સર્પ આવ્યો ને કરડી ગયો. કરડ્યા ભેગો દેહ છૂટી ગયો ત્યાં ને ત્યાં. આખું શરીર લીલું લીલું થઈ ગયું. સર્પ કરડ્યો. સર્પ દેખાણો નહિ પણ વયો ગયો હશે. થાય છે કે નહિ આમ? સમજાણું કાંઈ? શોક છવાઈ જાય. રોટલા ભાવે નહિ, ઓલું ભાવે નહિ. એય..! ભેંસુમાં થાય છે ને? ભેંસુ એવી હોય સારી. અધમણ-અધમણ દૂધ આપતી હોય અને ભેંસને બાંધી હોય. હવે એમાંથી ખાળ હોય, બહારથી ઓલી ખાળ હોય, બહારથી સર્પ આવ્યો હોય લ્યો. ખાળમાં હેઠે. બહારથી આવીને (કરડ્યો). ન્યાં ક્યાં ઓલા તો અંદર સૂતા હોય અને ઓલો ભેંસને આવીને કરડ્યો. કરડ્યોને પાછો વયો ગયો હોય. સવારમાં જોવે ત્યાં મડદું પડ્યું હોય લીલું. અરે..! સર્પ કરડ્યો લાગે છે. હાય.. હાય..! અધમણ-અધમણ દૂધ જેના દહીં ને પેંડા ખાધા. નવનીતભાઈ! શોક છવાઈ જાય શોક. સમજાણું કાંઈ?

અહીં કહે છે, શોક શેના? આ તો આત્મા આનંદ છે ને. અમે તો આનંદના ધામમાં આત્મ સ્વરૂપમાં છીએ. એને એ શોક-બોક હોતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ શોકમાં રંગાઈ જાય તે આત્મા નહિ અને શોકનો થોડો ભાવ થાય છતાં આત્માના રંગે રંગાયેલો (છે) તેને શોક નહિ. સમજાણું કાંઈ? આ તો બધા જોયેલા ભાવ છે ને, બધી ખબર હોય ને બધી. શોક-શોક થઈ જાય. આમ રોટલા ભાવે નહિ. સવારમાં મરી ગયો, નવ વાગે રોટલા શી રીતે ભાવે? સારામાં સારી ભેંસ આમ. અધમણ-અધમણ દૂધ દેતી હોય. આમ પડ્યું હોય મડદું. ભેંસ હોં! છોકરો મરી જાય તો ઠીક. મગનભાઈ! એવું થાય. બકરી સારી હોય. ...કર્મનો ઉદય હોય. કેવા નામ? ભારે જેના સ્તન ભારે હોય અને વજન હોય ને આવે છે ને શાસ્ત્રમાં, અગુરુલઘુ. આ મોટી બકરી હતી તો આંચળ એવા મોટા ને દૂધ. દસ શેર આપતી બકરી. ઓહોહો..! શું છે પણ હવે?

અહીં કહે છે, ધર્મીને આત્માના આનંદના રંગ ચડ્યા છે. એ આત્માના રંગે રંગાયેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? એને આ શોકનો રંગ લાગતો નથી. શોકને હું વેદતો જ નથી એમ ધર્મી જાણે છે. પોતાની ભાવના વારંવાર ઉપયોગમાં આ જ રમે છે. સ્થિર થાય ત્યારે તો હોય પણ અમથી શ્રદ્ધા-જ્ઞાનમાં ભાવના આવી જ હોય છે. કહો, સમજાણું કાંઈ?

**'હું શોકનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્મા...'** ભગવાન આત્મા છે એના અંદર વેદનમાં હું છું. હું તો આત્માનો છું. હું એના શોકના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વેદનમાં આવ્યો નથી. અને એકલો શોકના વેદનમાં આવે એ આત્મા નથી. ઓહોહો..! જુઓને! મરે છે ને કેટલાક શોકમાં તો? (છાતી) કૂટે, માથા ફોડે. આ ઓલી બાઈ કહેતી હતી, ભાઈ! આ છોકરાને થયું હતું ને. એ કહેતી હતી બાઈ. ડોશી આવ્યા હતા ને કાલે. બાઈ કહે, આ છોકરાની અવસ્થા દેખીને માથા ફોડ થયું. કાનાતળાવવાળા. હાય.. હાય..! છોકરો ગયો. છોકરો ગયો. માથા ફોડતી હતી. મહારાજ! જ્યાં સાધ્ય આવી... દવાખાનામાં કહે, મહારાજ દવાખાનામાં કેમ આવ્યા? આ કોનો છોકરો છે? મારો છોકરો છે, બાઈ કહે. ખુશી થઈ ગઈ. મારો છોકરો છે. તારા છોકરા માટે મહારાજ આવ્યા અહીં? ક્યાંથી? સોનગઢથી? ધર્મનો પ્રેમી છે એ માટે વિનંતી કરવા ગયો હતો. લ્યો હવે એ ખુશી થઈ ગયા. એ ખુશીમાં આવીને ઓલું ભૂલી જાય. આહાહા..! એ ત્યાં પણ કહેતી હતી. અહીં પણ કહેતી હતી, બે-ત્રણ વાર કહ્યું. કીધું, મહારાજ સોનગઢથી અહીં આવ્યા! આ કોણ છે? આ છોકરો કોનો છે? ઓલો કહે મારો છોકરો છે. તારા છોકરા માટે આવ્યા? એને ધર્મનો પ્રેમ છે. એના માટે વિનંતી કરવા ગયા હતા. એમાં થયું હતું. એને ભાવ હતા કે હું અહીં મરી જાઉં ત્યારે દર્શન માટે આવે. ખુશી ખુશી થઈ ગયા આખા દવાખાનામાં બધા. એવી વાત. ભગવાનજીભાઈ! શેની ખુશી! કઈ વસ્તુ એમાં ... ડોક્ટર પણ કહેતા હતા. ડોક્ટર કહે, મહારાજ આવે તો મને બોલાવજો. સોનગઢથી આવે તો બોલાવજો. પણ એ બિચારા કામમાં ઘણા. મારે દસ મિનિટ બેસવું.

લોકોને બહારની અનુકૂળતા-પ્રતિકુળતા ઉપર એટલા અર્પાઈ ગયા હોય છે કે આખો આત્મા એમાં ક્યાં છે એ દૃષ્ટિ રહેતી નથી. સલવાઈ ગયો. સલવાઈ ગયો ક્યાં ક્યાં! આહાહા..! સમજાણું કાંઈ? એ ક્ષણિકની દશામાં તું ક્યાં છો અને સંયોગમાં તું ક્યાં છો? ક્ષણિક શોક-અશોકાદિના પરિણામમાં તું ક્યાં છો? અને સંયોગમાં તું ક્યાં છો? તું તો ક્ષણિકથી ભિન્ન ત્રિકાળી આનંદકંદ શુદ્ધ ચૈતન્યધાતુ છે. એવી જ્યાં દૃષ્ટિ છે ત્યાં ધર્મીને શોકનું વેદન છે નહિ. બહારમાં દેખાય હોં! એવી વાત.

મુમુક્ષુ :- બહારમાં...

ઉત્તર :- લોકો એમ ભાળે ને કે આ શું કરે છે? લ્યો! લોકો એમ ભાળે ને કે આ શોક કરે છે. અંદર શોક નથી. સમજાય છે કાંઈ? એ કહે છે. મારે વેદન નથી. લોકો ભલે ભાળે. આહાહા..!

મુમુક્ષુ :- ભેદ પાડવો જોઈએ.

ઉત્તર :- હા.

**'હું ભયનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** ભય-ભય. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મોટો સિંહ ને વાઘ આવે. આવડો મોટો સર્પ હોય બાર હાથનો લાંબો. સમજ્યાને? લાલચોળ કે કાળો ડિબાંગ આમ દેખે. ધર્મીને ભય હોતો નથી એમ કહે છે. સવારમાં ગાયું ને ભાઈએ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભય ના રે. નહિ સવારમાં ગાયું હતું? બુધજનનું. સવારમાં ગાયું નહોતું? આ ઈ છે ને આ? ૧૦૮ પદ છે. જુઓ એ. 'હમકો કછુ ભય ના રે, જાન લિયો સંસાર હમકો કછુ ભય ના રે.' અમે તો આત્મા છીએ, આનંદ છીએ. 'હમકો કછુ ભય ના રે, જાન લિયો સંસાર, હમકો કછુ ભય ના રે. જો નિગોદમેં સો હી મુજમેં સો હી મુક્તિ મજાર.' સો નિગોદમેં. બટાટામાં જીવ છે. અંદર વસ્તુ ભગવાન છે આત્મા. 'સો નિગોદમેં સો હી મુજમેં સો હી મુક્તિ મજાર, નિશ્ચય ભેદ કછુ ભી નાહિ. ભેદ ગિન્યો સંસાર હમકો કછુ ભય ના રે.' જુઓ! પંડિતો પહેલા થઈ ગયા તે આવા હતા. નવનીતભાઈ! નવનીતભાઈ કહેતા હતા સવારમાં. પંડિતો ભાઈ આવા હતા. સમજાણું? બાપુ! વસ્તુનું સ્વરૂપ આવું છે. ધર્મ સ્વરૂપ આવું છે. એ તું કાળફેરે ફેરવી નાખ એટલે કાંઈ ફરે એવું છે? આહાહા..! સમજાણું જુઓને! આ પંડિત પહેલાના પંડિત થઈ ગયા (ઈ) આવું કહે છે. ચંદુભાઈ! ભાઈ! સવારમાં બોલ્યા હતા.

'પરવશ વ્હૈ આપા વિસારકે રાગદ્વેષ કો ધાર' દેખો! એ રાગ શોક આદિમાં પરવશ થઈને આત્માને વિસારી દે એ તે આત્મા છે? 'પરવશ વ્હૈ આપા વિસારકે રાગદ્વેષકો ધાર, જીવત મરણ અનાદિ કાળ તે યું હી હૈ ઉરધાર.' જીવન-મરણ ચાલ્યું જાય છે. બાપુ! એમાં તું ક્યાં છો? આત્મા તો પરથી ભિન્ન છે. જીવન-મરણના ભાવથી અને વિકલ્પથી તો ભગવાન ચિદાનંદ સ્વરૂપ ભિન્ન છે. એવી આત્માની દૃષ્ટિમાં શોક-બોક હોતા નથી. કહો, સમજાણું? એ તો સવારે કીધું હતું ઈ.

'જા કરી જૈસે જા હી સમયમેં જો હો તબ ... સો બની હૈ ટરી હૈ કછુ નાહિ, કરી લીનો નિરધાર.' અહીં તો નિર્ધાર કરી લીધો છે. તમારે મોઢે છે કે નહિ? બોલતા હતા એક એક કડી સવારમાં. એક કડી પણ એટલું. બોલતા હતા ખરા. કહો, અહીં તો નિર્ધાર થઈ ગયો છે, નિર્ણય થઈ ગયો છે. 'જા કરી જૈસે જા હી સમયમેં જો હો તબ .. સો બની હૈ ટરી હૈ ન કછુ નાહિ, કરી લીનો નિરધાર હમકો કછુ ભય ના રે.' આત્મા ચિદાનંદ સ્વરૂપ નિત્ય ધ્રુવ (છે). ભય કેવો? ભય ક્યાં છે? ભય ભયને ઘરે રહ્યો. નિર્ભય વસ્તુમાં ભય છે નહિ. કહો, સમજાણું કાંઈ? કહો, ન્યાલચંદભાઈ! ગૃહસ્થાશ્રમમાં રહ્યા, બાયડી-છોકરામાં રહ્યા. પણ એમાં ક્યાં છે બાયડી-છોકરા? અમે તો આત્મામાં છીએ. સમજાણું કાંઈ?

સાધારણ પણ જુઓને, એવું હોય તો... આ હતા ને બિચારા સાધારણ પંડિત હતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગોપાળદાસ. ગોપાળદાસ ને? બરૈયા. પણ બૈરા એવા હતા એવા. સામે સામા માથા ફોડે એવા. એવી બાઈ મળેલી, એવી બાઈ મળેલી. આ ગોપાલદાસ પંડિતને. પછી ઓલા પંડિતો બેઠા હતા અને ચર્ચા ચાલતી હતી. કાંઈક વાર લાગી હશે ઉઠતા પંડિતને. આવી સરખાઈની. આવી ને નાગની જેમ બોલી ખૂબ સરખાઈની. એ... પંડિત થઈ ગયો છે મોટો પંડિત. નવરો થાતો નથી કાંઈ. ઘરમાં લેવું-કારવવું. ખુબ ભડકી. પછી ભડકી. પછી થોડી વાર હતી. પછી ત્યાંથી ઓલું એંઠાનું ઠામ હશે ને એંઠાનું. બધું એંઠાનું ભરી રાખે ને ઓલામાં? દોણામાં કે તપેલું રાખતા હશે હવે. એંઠવાડ. એંઠવાડનું દેણું હતું ને? ઓલા પંડિતો બધા બેઠા હતા તો નાખ્યું એની માથે. બાયડીએ ધણી ઉપર, હોં! એવી તીખી આકરી હતી. પછી પંડિત કહે છે, એ ગાજે એ વરસે. આ હમણાં ગાજી ગઈ હતી ને તો વરસે છે. શું છે પણ? એવી તો કેટલી.. ગાજે એ વરસે. પણ આ તારી બાયડી તને (આમ કરે)? હવે ચાલવા દે ને. એની પ્રકૃતિ એમ છે તો એમ કરે. પણ આ એંઠું નાખ્યું બધું માથે? એય..! ન્યાલભાઈ! તો પણ બિચારા પંડિત એ જાતનું સમાધાન કરતા, લ્યો! હોય, પહેલા બોલી છે ને એટલે વરસે. એનો સ્વભાવ છે. એનો સ્વભાવ આપણે ફેરવી શકીએ છીએ કોઈનો? કહો! એવી રીતે (સમાધાન કરતા). હજી તો દૃષ્ટિની ખબર નહોતી વસ્તુની, છતાં એ જાતના શ્રદ્ધાવાળા, સમાધાનવાળા હતા. અને આત્માનું જ્યાં ભાન છે, દુનિયા ફેરફાર આખી દુનિયા ફેરફાર થાઓ, મારે કાંઈ છે નહિ. મારા ધ્રુવમાં ક્યાંય ફેરફાર છે નહિ. કહો, સમજાણું કાંઈ?

ચૈતન્ય ધ્રુવ ભગવાન અનાદિઅનંત શાશ્વત આમ પડ્યો છે જ્યાં. અનાદિઅનંત આહાહા..! જાગતી જ્યોત. છે નહિ કાળની આદિ, છે નહિ કાળનો અંત. તેમાં તે છે, છે ને છે. એવો ભગવાન શુદ્ધ ધાતુ ચૈતન્ય ધ્રુવ તારો. એની જ્યાં અંતર અનુભવ દૃષ્ટિ થઈ, ભય કેવા, કહે છે અમારે? છતાં એ સર્પ હોય ને જરી ભાગે, હોં! એય..! એ પરણતિ જરી થઈ જાય એવી. પણ એ પરિણતિથી અધિકપણે ચૈતન્યને અનુભવ્યો છે તો એમાં એકપણું થતું નથી. ઘણાં એમ કહે લ્યો, પ્લેગ લાગ્યો હોય લ્યો પ્લેગ થયો હોય તો ઓલો બધા ભાગે તો સમકિતી પણ સાથે ચાલે. એ એકલો ત્યાં પડ્યો રહેતો હશે? વહેલો પણ વયો જાય. ભાઈ, આ છોકરા ઘણા ડરે છે. ઘણા છોકરા પછી ઘણા છે ને. એય..! નેમિદાસભાઈ! તમારે તો ક્યાં બે જણા છો. પણ ઓલા ઝાઝા હોય ને એમ થાય. ઘણાં છોકરાઓ ... છે તો એમાં એય..! બાપુ! અહીં ક્લેશ થયો, એ ઓલાને ગાંઠ નીકળી, એ ઓલાને આમ થયું. ગાંઠ નીકળી પછી સવારમાં નીકળી અને સાંજે ખલાસ થઈ ગયો. થાતું ને એવું? એ દિવસે બહુ થાતું. ગાંઠ અહીં નીકળે અહીં અંદર. એવી નીકળે પણ ખાડો પાંચ-સાત.. સવારે નીકળી અને તાવ આવ્યો આકરો અને સાંજે ખલાસ. ઓલા છોકરા કહે, ભાગો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બાપુ! અમારે અહીં નથી રહેવું. ભાઈ! ચાલો બાપા. કરો ગાડા. પહેલા પહોરે. લ્યો, આ ભાગ્યાને સમકિતી? ભય નથી? સાંભળને હવે. એ જ્ઞાનમાં છે. ભય-બય મારે નથી અને આત્માને હોઈ શકતો નથી. મફતના બીવે છે આ. ભય કેવો? કોઈ ભયમાં ભિંસાઈ જાય અને નાશ થાય એવો છે? ભયમાં ભિંસાઈને આત્મા નાશ થાય એવો છે? વિકલ્પથી નાશ એવો નથી તો વળી પરથી નાશ થાય એવી વસ્તુ ક્યાં છે? સમજાય છે કાંઈ? આહા..!

**'ભયનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.' 'હું જુગુપ્સાનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** હવે એનો બીજો અર્થ કર્યો છે આમાં, હોં! કહ્યું હતું ને, હમણા શું કીધું હતું જુગુપ્સાનો અર્થ? તે દિ' કહ્યું હતું ને હમણાં? જુગુપ્સાનો અર્થ. અપને દોષકો ઢકના ઔર દૂસરેકે દોષકો પ્રગટ કરના. એનું નામ જુગુપ્સા કર્યો છે અર્થ. અપને દોષકો ઢકના ઔર દૂસરેકે દોષકો પ્રગટ કરના. દુગંછા થઈ ને? બીજાના દોષને પ્રગટ કરે (એમાં) દુગંછા થઈ દુગંછા. સમજાણું કાંઈ? જુગુપ્સા આમ દુગંછા બહુ થાતી હોય. સડેલા બકરા હોય, સડેલા મીંદડા હોય, સડેલા ગધેડા હોય અને આમ ગંધ મારે. જુગુપ્સા થાય. માણસના સડેલા શરીર હોય. માણસને સડે છે ને આ બધું એવું સડે આ. આસપાસમાં ક્યાંય (ઊભા ન રહેવાય). સમજ્યાને? એને ભાવે નહિ ખાવું પણ એવું ગંધ મારે. આ બધું સડે. એ તો એનો સડવાનો સ્વભાવ છે. છિદ્ર પડ્યા અને ઈયળું પડી બધે. ગંધ (મારે). ધર્મીને જુગુપ્સા નથી આવતી. એ તો એની પર્યાયનો ધર્મ છે. એ પર્યાયનો ધર્મ છે કે જુગુપ્સા શરીરપણે એ જાતની બધી પર્યાય થાય છે. અથવા જુગુપ્સાની સહેજ પર્યાયમાં એવી આવી જાય તોપણ તેના પરિણમનની અધિકતા આત્માને નથી. અધિકતા તો દ્રવ્ય સ્વભાવની આનંદની દૃષ્ટિની છે. એવો અર્થ કર્યો છે, જોયું! ઉદયસે ગ્લાનિ. ગ્લાનિનો અર્થ કર્યો છે ભાઈએ. 'અપને દોષકો ઢકના ઔર દૂસરેકે દોષકો પ્રગટ કરના.' લ્યો! પોતાનો દોષ છે એ હોય. ઢાંકી દે. ગ્લાનિ. અરે..! આ છૂપાવી દે. એ જુગુપ્સા. એવો એકાકાર થઈ જાય જુગુપ્સામાં એ તો વસ્તુમાં રહેતો નથી. કહો, સમજાણું? સહેજ પર્યાય થઈ જાય થોડી.

આનંદ ભગવાન આનંદના ધામને પડખે ચડ્યો છે ને. જુગુપ્સાના પડખેથી ખસી ગયો છે. સમજાણું કાંઈ? શું કહ્યું? આત્મા આનંદ અતીન્દ્રિય આનંદનો રસ છે એને પડખે ચડ્યો છે અને આ જુગુપ્સાની પર્યાયથી ખસી ગયો છે. માટે તેનું વેદન ધર્મીને છે નહિ. કહો, સમજાણું કાંઈ? જુગુપ્સા. દુગંછા થાય. સાધુના શરીરને દેખીને થાય છે ને એવું? સાધુ હોય મહા દિગંબર મુનિ, જંગલમાં રહેતા હોય અને ઉનાળાના પરસેવા (થયા હોય), એમાં ઉડતી ધૂળ હોય. ધૂળના વંટોળિયા ઊડ્યા હોય, પરસેવા ચાલ્યા જતા હોય, એ ધૂળને ઓલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચોંટ્યા હોય-તણખલા. મુનિ કાઢે નહિ. આહાહા..! મોટો વંટોળિયો નથી થાતો? વંટોળિયો વંટોળિયો સમજ્યાને? હવે એમાં ધૂળ ને તરણા ઉડે. મુનિ નીકળ્યા હોય. પરસેવા ચાલ્યા જતા હોય કિરણ સૂર્યના લાગે. સમજાણું? એની દુગંછા આવે નહિ. ધર્મીને દુગંછા આવતી નથી. કહો, સમજાણું?

જિનકલ્પી સાધુની વાત આવે છે શાસ્ત્રમાં. આ શ્વેતાંબરમાં આવે છે. સાધુ હોય ને બહુ સહન કરે. જંગલમાં જાય. કાંટો વાગ્યો હોય તો કાંટો ન કાઢે. ચાલતા ચાલતા કાંટો વાગી ગયો હોય તો કાંટો ન કાઢે. એની મેળાએ નીકળવો હોય તો નીકળે. એવી દશા મુનિની. કાંટા ગરી જાય આવડા. સમજાણું? એક મુનિની તો વાત આવે છે. આમાં લખેલી આવે છે. ઓલી નથી? શ્વેતાંબરમાં આવે છે. એ સાધુ જંગલમાં જાતા હતા. એમાં કાંટા મોટા હોં કાંટા. બાવળના. .. કરતા કરતા ગયા. આંખમાં વાગી ગયો કાંટો. આંખમાં. અને તૂટી ગયો ઓલો કાંટો આંખમાં. કાઢે નહિ. સમજાણું કાંઈ? એટલી બધી વિદેહી દશા હોય છે એની તો. એટલી ઉદાસ... ઉદાસ... ઉદાસ... પગમાં કાંટો વાગે ત્યાં રાડ નાખે. આ તો આંખમાં. મોટા ગરજા આમ સૂકા હોય બાવળના. આમ બાવળના પવનને લઈને આમ થતા હોય નીકળ્યા હોય હેઠે બરાબર રસ્તે એ કાંટો અહીં આવ્યો હોય. ગરી જાય. ફૂટી જાય આંખ. કાંટો હોય ત્યાં. કાઢે નહિ.

એમ ધર્માત્મા એવા જીવને દેખીને પણ દુગંછા ન કરે. આહાહા..! ધન્ય અવતાર! ધન્ય અવતાર તારા! ધન્ય અવતાર ભાઈ! તેં તો સફળ કર્યો અવતાર. આહાહા..! જીવનને જીવી જાણ્યું. દેહની સ્થિતિ તો એવી થવાની હતી. એમાં કાંઈ છે નહિ. પણ આત્માને તેં જુદો રાખીને આવું જીવન ગાળ્યું, ભગવાન! ધન્ય છે તને! સમજાય છે? એને દુગંછા ન આવે. ત્યાં તો પછી એવી વાત જરી આવે છે. ભિક્ષા માટે ગયા ને. એવી વાત આવે છે. કથામાં આવે છે.

એક બાઈ હતી, સતી બાઈ. બાઈએ જોયું કે અરેરે.. મહારાજને આ આંખમાં કણું છે મોટો. હું પૂછીશ તો મહારાજ! જરી કાઢવા દ્યો તો. ના પાડશે અને ભાગી જશે. ઊભા નહિ રહે. પછી એમ કરીને વહોરાવે છે. વહોરાવતા વહોરાવતા એને ખબર ન પડે આંખ દ્વારા એકદમ કાંટો આમ ખેંચી લ્યે છે. આમ આંખનું કર્કશ હોય છે ને? એવી હુશિયાર હતી બાઈને. આમ કરીને ખેંચી લીધો. પણ એમાં ઓલો એનો ચાંદલો હતો ને બાઈનો એ જરી ડાઘ અડી ગયો સાધુને. અને લોકમાં અફવા થઈ. દુનિયા તે ગાંડી છે ને! આ તો મહાસતી હતી. આ તો મહામુનિ હતા. દુનિયાના દરકારને કરતા નથી. બેય સમકિતી. કોઈને ગણે જ નહિ. દુનિયામાં થાવું હશે એ થાશે. અમારે કોઈ દુનિયાનો ભય નથી. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ તો જીવન કહેવાય ને? એ જીવના જીવન કહેવાય. એ જીવી જાણ્યું નેમિનાથે જીવન. નથી આવતું? આપણે ગાયનમાં આવે છે. આહાહા..!

દેહથી પાર, રાગથી પાર જેણે ચૈતન્યના જીવન આવા ઉગ્ર ચારિત્ર આનંદપણે ગાળ્યા. શું થશે આ સડશે આંખ તો? પછી શું થાશે? અને ક્યાં જાશું? દવા-બવા કરાવે નહિ હોં એ. આહાહા..! સમજાય છે? ધર્માત્મા આમ દેખીને પણ એને આહલાદ.. આહલાદ... ધન્ય અવતાર તારા ભાઈ! એને પણ થાય ને. અરર..! આનું શું થશે? અરે..! મુનિ છે. અડવા નહિ દે. કાંઈ નહિ કરવા દે. પછી તો ભાવ થાય. સમજાય છે? એ ભયને વેદવા દેતા નથી. ઓલા જુગુપ્સાને થવા દેતા નથી. સમજાણું કાંઈ?

સાધુ હોય સાધુ આમ. આવ્યા હોય ભિક્ષા માટે. આહાર કર્યો જરી. ઉનાળાની ગરમી એવી હોય. અને દૂધ ને કાંઈક પીધું હોય. પીધા ભેગી એના ફળીમાં જ ઊલટી. એના ફળીમાં જ ઊલટી. ફળી શું ઓસરીમાં ઊભા હોય બહાર ઊભા હોય ને આમ. મહારાજ લ્યો. ઊલટી પાછી. તોપણ ધર્મીને દુગંછા થતી નથી. આહાહા..! શરીરનો ધર્મ છે. મુનિ છે ને? મુનિને અશાતાનો ઉદય ને થાય. મુનિ છે તો શું છે? સમજાય છે કાંઈ? જુઓને આ કેટલું થાય છે. આત્માના આનંદની ધૂનમાં, જેને આવી શરીરની સ્થિતિ છતાં દુગંછા છે નહિ અને પરને થતી હોય તોપણ ધર્મીને પોતાને દુગંછા હોતી નથી. કહો, સમજાણું કાંઈ? પેલા કહે, ક્યાં સુધી આટલી વેદના સહન કરવી? જુગુપ્સા આવે જુગુપ્સા. એ વેદના જ ક્યાં છે? અહીં કહે છે. અહીં તો ભગવાન આનંદના વેદનમાં પડ્યો હોય, અનુભવ થઈને જ્યાં આનંદના સ્વાદ લીધા છે. એને આ ક્યાં? થોડી અસ્થિરતાને એ ગણતો નથી. કહો, ૪૧ થઈ.

**'હું સ્ત્રીવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** કહો, ધર્મીને સ્ત્રીવેદનો ઉદય હોય. જુઓ! ભાવસ્ત્રી હોં અંદર. સમજાણું કાંઈ? સ્ત્રીવેદનું કર્મ પડ્યું હોય અને એના નિમિત્તે જરી પરિણમન હોય. દ્રવ્યે પુરુષ હોય, અંદરમાં સ્ત્રીવેદનો ઉદય હોય. જે સ્ત્રી હોય બહારમાં એને પણ કોઈને પુરુષવેદનો ઉદય અંદર હોય. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે? પણ કહે છે, એ જરી અંદરમાં ખ્યાલ આવી જાય વાસનાની વૃત્તિ. એ પુરુષને ઈચ્છે એવું હોય છે ને ઉદયમાં? એવી કોઈ વૃત્તિ હોય તે વૃત્તિને ગણતો નથી. હું તો આનંદને ઈચ્છાવાળો આવો, મારા આનંદની ભાવના ભાવવાવાળો, સ્વરૂપના ઉપયોગને સ્વરૂપમાં જોડવાવાળો એ આ મારામાં નથી. સ્ત્રીવેદના ફળને હું ભોગવતો નથી. સમજાય છે? માયાચારીપણું કે જરી કોમળતા કે જરી મૃદુતા કે એવા સ્વભાવ હોય છે ને સ્ત્રીનો? એ સ્ત્રીવેદનો ઉદયનો ભાવ છે એ જરી. એ ભાવ, ધર્મીને એનાથી અધિકપણે આનંદ ભાસ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે તેથી તે સ્ત્રીવેદના ફળને જ્ઞાની ભોગવતો નથી. કહો, છતે ઉદયે ભોગવતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એની જ વાત છે ને.

ઉત્તર :- એની જ વાત છે ને. ન હોય એને ક્યાં.. કેવળીની ક્યાં વાત છે આ? સમજાણું કાંઈ? આહાહા..! એ આઠ વર્ષની બાલિકા હોય સ્ત્રી અને પછી લગન કરે અને સમકિતી હોય, આત્માનું ભાન હોય (કે) આત્મા આનંદમૂર્તિ (છું). પણ જરી રાગ છે તો સંયોગ દેખાય. અંતરમાં એ વેદનો વાસનાનો અનુભવ જ્ઞાનીને નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જેને અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા છે અંતરમાં. આખો આનંદનો કંદ ડુંગરો મોટો પરમાત્મા. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ડુંગરો, અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે એવો આત્મા છે. આત્મા એટલે અતીન્દ્રિય આનંદનું ઝરણું. એવો જ્યાં અનુભવ થયો ત્યાં આ.. સમજાણું? સ્ત્રીવેદના ભાવ જરી થાય, છતાં તેને વેદતો નથી. આહાહા..! જુઓ તો ખરા! કેટલો પ્રકાર છે! છતાને અછતુ કરે છે અને અછતો જે વસ્તુ ભગવાન તો ખરો છતો છે એને છતો રાખે છે અને આ વાસનાને અછતી કરી નાખે છે કે ના, મારામાં નથી. હું છું ત્યાં એ નથી, એ છે ત્યાં હું નથી. વિકારની વાસનામાં હું નથી અને હું છું ત્યાં વાસના નથી. આહાહા..! એવા અંતરમાં જ્યાં ભેદજ્ઞાન કર્યા છે એને સ્ત્રીવેદની ભાવનાનો ભાવ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'**

**'હું પુરુષવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** લ્યો! પુરુષવેદનો ઉદય થતાં જરી ક્રિયા આદિની ઈચ્છા, વૃત્તિ, સંયોગ રમવાની હોય. એવી વૃત્તિથી અધિક ભગવાન આત્માને આનંદમાં ભાળ્યો છે. ભગવાનને આનંદમાં ભાળ્યો છે. આ તો આનંદમૂર્તિ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! નિર્વિકલ્પરસ પીજીએ. આવે છે ને? 'આશા ઔરનકી ક્યા કીજે. જ્ઞાનસુધા રસ પીજે. આશા ઔરનકી ક્યા કીજે?' ભગવાન આત્મા..! જ્યાં આત્માના આનંદની રમતું હાથ આવી ગઈ છે. આહાહા..! એ માર્ગ હાથ આવ્યો છે કે આમાં આમ રમાય અને આમાંથી આમ એકાગ્ર થવાય. સમજાણું કાંઈ? એમ કહે છે મૂળ તો. એકાગ્રનું કહે છે ને? સંચેતન. સં-એકાગ્રપણે, ચેતવું એટલે અનુભવવું, ભોગવવું, વેદવું. આત્મા સ્વભાવની સન્મુખમાં આત્માના આનંદને વેદતો આ પુરુષવેદના ભાવને સ્ત્રીથી વિરુદ્ધ ભાવ હોય એનો એ જાતનો. એને વેદતો નથી. એ વેદવાનું ફળ જ મારું નથી ને. એ કર્મફળ છે એ મારું ફળ નથી. મારી જાતમાંથી તો આનંદ ફાટે. મારી ખાણ તો આનંદના સાગરની છે. આનંદસાગર આનંદથી ઊછળે. ઝેરથી ઊછળે નહિ. પુરુષવેદની વાસના તો ઝેર છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચક્રવર્તી તીર્થંકર ત્રણ જ્ઞાન ક્ષાયિકસમકિત લઈને આવે. પછી છન્નું હજાર (સ્ત્રી) પરણે. દુનિયાની દૃષ્ટિએ તો આ શું કરે છે? સાંભળને. એ ક્રિયા દેહની થવાની હોય છે તે થાય છે. જરી વેદનો અંશ જે આવ્યો એ આવે છે. વસ્તુ એનાથી ભિન્ન રાખે છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મના જુઓ.. એ.. ધર્મના માર્ગ આવા છે. લોકો બહારથી માની બેઠા કે આ થઈ ગયો ધર્મ ને આ થઈ ગયો ધર્મ. કાંઈક દયા પાળી કે કાંઈક વ્રત પાળ્યા.. હવે એ તો બધી પુણ્યની ક્રિયા. ધર્મ ક્યાં હતો. સમજાણું કાંઈ?

'**પુરુષવેદનોકષાયવેદનીયમોહનીય..**' નથી પણ છે કે નહિ? તું કેવળી થઈ ગયો? સાંભળને હવે. કેવળ પણ નહિ. કેવળી થઈ ગયો, કેવળી પણ નહિ. હું તો અનંતી કેવળીની પર્યાયનો પિંડ આત્મા છું. અનંતો સિદ્ધ છું. એક સિદ્ધ નહિ. આહાહા..! વસ્તુ તે વસ્તુ સ્વભાવ છે. ચૈતન્ય આનંદ શુદ્ધ આનંદકંદ જ્યાં અંદર જામ્યો છે. દૃષ્ટિમાં જેની લીનતા થઈ છે એને, કહે છે પુરુષવેદના વાસને હું ભોગવતો નથી. ઓલો અજ્ઞાની તો પુરુષવેદનીય વાસનામાં લીનતા અને હરખ વેદે છે. એ મૂઢ છે, એ અણાત્મા છે, એ જડ છે, એ ઝેરને પીવે છે. ઝેરને પીવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પુરુષવેદનીયવાસનાનો અનુભવ એ ઝેરનો અનુભવ છે. એ આત્મા નહિ. આહાહા..! ધર્મીનો આત્મા તો આનંદમય થઈ ગયો છે. એ આનંદની પીપાસાની ભાવનામાં એ વાસનાની પીપાસાનું વેદન એને ગૌણ થઈ ગયું છે. એટલે ગૌણ કરીને નથી એમ કહેવામાં આવે છે. એમ કહે છે મૂળ તો. સમજાણું? એ પુરુષવેદનીયનોકષાય.

'**હું નપુંસકવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' નપુંસક હોય છે ને? સ્ત્રી-પુરુષ બેયની જેને ઈચ્છા થાય. એવું વેદન નપુંસક હોય છે. એ નારકીમાં જેટલા જીવો છે એ બધા નપુંસક છે. નરકમાં જીવો જાય છે ને આ મોટા મહારાજા, રાજાઓ મરીને ત્યાં નપુંસક થાય છે. ત્યાં સ્ત્રીવેદ-પુરુષવેદ હોતો નથી. નરકમાં સ્ત્રી અને પુરુષ હોતા નથી. દેવમાં નપુંસક હોતા નથી. દેવમાં સ્ત્રી ને પુરુષ હોય છે. સમજાણું? મનુષ્યમાં અને તિર્યંચમાં ત્રણેય હોય છે-સ્ત્રી, પુરુષ અને નપુંસક.

અહીં તો કહે છે, સાતમી નરકનો નારકી નપુંસકવેદે પડ્યો હોય છે રવરવ નરકમાં. પણ આત્માના આનંદના પડખે ચડી આનંદનો અનુભવ છે. પુરુષવેદનો વિકલ્પ જે આવ્યો છે વેદનમાં એ મારું વેદન નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આ તો નપુંસકની વાત આવી. સાતમી નરકનો નપુંસક હોય. અહીં આપણે મનુષ્યપણામાં નપુંસક બહુ થોડા હોય છે. આ હીજડા થાય છે ને હીજડા? એ બધા હીજડા નથી થતાં? નપુંસકના બે પ્રકાર છે. એક તો રાજા પાસે રાણી પાસે રાખવા હોય તો એ નપુંસક બીજા. હોય પુરુષ એ. સમજાય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ તો પહેલેથી જન્મ્યા જ નપુંસક હોય છે. નપુંસકને પણ સમકિત થવા સંભવ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? છતાં આત્માના આનંદના ભાનની ભૂમિકાને ભાળી છે અને એ માર્ગ જોયો છે, એ માર્ગે છે. એથી આ નપુંસકના વેદનનું વેદન તેને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

હું તો જ્ઞાનચેતના એટલે આનંદ ચેતનાને વેદનારો છું. એનું નામ ધર્મી કહેવાય છે. એને કર્મફળનો સંન્યાસ છે. કર્મફળનો ત્યાગ છે. એની ભાવના એટલે શુદ્ધઉપયોગની રમત છે. એને આત્મા કહેવામાં આવે છે. એને ધર્મ એ રીતે આત્માના આનંદના ફળમાં ધર્મ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com